## :: અનુક્રમણિકા ::

## તરંગવતીના જીવનનાં રસઝરણાં-૧


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૩૩ | ૩૨ | આચાર્યભગવાન પાદલિપ્તસૂરિજી મહારાજ | ૧ |
| ૨. | ૩૩ | ૩૨ | પાદલિપ્તસૂરિજીની 'તરંગવતી-તરંગલોલા' કથા | ૭ |
| ૩. | ૩૩ | ૩૨ | જગતમાં ચાર જાતના મનુષ્ય | ૮ |
| ૪. | ૩૩ | ૩૩ | નરસિંહનું દૃષ્ટાન્ત | ૧૦ |
| ૫. | ૩૩ | ૩૪/૩૫ | નરસિંહ માટે રાજાની માયા-રમત | ૨૨ |
| ૬. | ૩૩ | ૩૪/૩૫ | પુણ્યથી યક્ષની દરમિયાનગીરી | ૨૭ |
| ૭. | ૩૩ | ૩૪/૩૫ | નરસિંહને રાજકન્યા મળી | ૨૯ |
| ૮. | ૩૩ | ૩૬ | રાજાની નરસિંહ પર મારાઓની યોજના | ૩૨ |
| ૯. | ૩૩ | ૩૬ | રાજાનો કલ્પાંત | ૩૭ |
| ૧૦. | ૩૩ | ૩૭ | રાજાએ નરસિંહકુમારનો રાજ્યાભિષેક કર્યો | ૪૦ |
| ૧૧. | ૩૩ | ૩૭ | તરંગવતી સાધ્વીજી કૌશલનગરમાં | ૪૫ |
| ૧૨. | ૩૩ | ૩૮ | સાધ્વીજીનો ભવ્ય ઉપદેશ | ૫૦ |
| ૧૩. | ૩૩ | ૩૯/૪૦ | ઋષભસેન ગુણોનું કસોટીસ્થાન | ૫૯ |
| ૧૪. | ૩૩ | ૪૩ | સંતાનને કઈ કળા-વિદ્યા અપાવવી ? | ૮૭ |
| ૧૫. | ૩૩ | ૪૩ | તરંગવતીને શીલ માટે કેવા ઉપાય ? | ૮૯ |
| ૧૬. | ૩૩ | ૪૩ | તરંગવતીને ધર્મચર્યા | ૯૫ |
| ૧૭. | ૩૩ | ૪૪ | **તરંગવતીને જાતિસ્મરણ** | ૧૦૧ |
| ૧૮. | ૩૩ | ૪૫ | તરંગવતીનો અહેવાલ | ૧૧૧ |
| ૧૯. | ૩૩ | ૪૭ | તરંગવતીને સંસારની ઓળખ અને વૈરાગ્ય | ૧૨૬ |
| ૨૦. | ૩૪ | ૪ | તરંગવતીના ૧૦૮ આયંબિલ | ૧૩૮ |
| ૨૧. | ૩૪ | ૫ | તરંગવતીએ ચિત્રમાં શું શું આલેખ્યું ? | ૧૪૬ |
| ૨૨. | ૩૪ | ૫ | ૧૮ પાપસ્થાનકની દુર્ગતિગામીઓ | ૧૫૪ |
| ૨૩. | ૩૪ | ૬ | તરંગવતીનો ચિત્રપટ્ટ બજારમાં | ૧૫૭ |
| ૨૪. | ૩૪ | ૬ | તરંગવતીને સ્વપ્ન | ૧૬૩ |
| ૨૫. | ૩૪ | ૭ | તરંગવતીની ચિંતા | ૧૬૫ |
| ૨૬. | ૩૪ | ૮ | ચિત્રપટ્ટ ઓળખનાર મળ્યો | ૧૮૦ |
| ૨૭. | ૩૪ | ૯ | સારસિકાનો અહેવાલ | ૧૮૬ |
| ૨૮. | ૩૪ | ૧૧ | તરંગવતીની દશા ! | ૧૮૯ |
| ૨૯. | ૩૪ | ૧૧ | તરંગવતીનો પત્ર અને સંદેશ | ૨૦૩ |
| ૩૦. | ૩૪ | ૧૧ | સારસિકાએ વર્ણવેલ પદ્મદેવની મહાવ્યથા | ૨૧૨ |
| ૩૧. | ૩૪ | ૧૩ | પદ્મદેવની પત્ર વાંચતાં સ્થિતિ | ૨૧૮ |
| ૩૨. | ૩૪ | ૧૪ | પદ્મદેવનો સંદેશો | ૨૨૭ |
| ૩૩. | ૩૪ | ૧૫ | સારસિકાની ચતુરાઈ | ૨૩૬ |
| ૩૪. | ૩૪ | ૧૬ | **આશય ન સમજવાથી દુઃખ** | ૨૪૦ |
| ૩૫. | ૩૪ | ૧૭ | તરંગવતીનો ભારે નિર્ણય | ૨૪૪ |
| ૩૬. | ૩૪ | ૧૭ | તરંગવતીના પ્રિય-દર્શન અંગેના તરંગો | ૨૫૧ |
| ૩૭. | ૩૪ | ૧૯ | પદ્મદેવ-તરંગવતીનું ગુપ્ત પ્રયાણ | ૨૬૫ |
| ૩૮. | ૩૪ | ૧૯ | તરંગવતીની વિનંતી | ૨૭૧ |
| ૩૯. | ૩૪ | ૨૦ | તરંગવતીની શીલની ભાવના | ૨૭૯ |
| ૪૦. | ૩૪ | ૨૨ | ચોરોથી તરંગવતીને બેવડું દુઃખ | ૨૮૮ |
| ૪૧. | ૩૪ | ૨૨ | પદ્મદેવનું દિલદર્દ | ૨૯૫ |
| ૪૨. | ૩૪ | ૨૩ | તરંગવતીનો કરુણ વિલાપ | ૩૦૦ |
| ૪૩. | ૬ | ૩૬ | **ધર્મથી જ આત્મકલ્યાણ** | ૩૦૪ |
| ૪૪. | ૬ | ૩૬ | નિર્ગ્રંથ પ્રવચનની વિશેષતા | ૩૦૫ |
| - | - | - | **ગુણસમ્પન્ન સૂરિવરજી** | ૩૧૦ |

# તરંગવતીનાં જીવનનાં રસઝરણાં-૧

( પુના વિ.સં. ૨૦૪૦ ના ચાતુર્માસમાં પૂ. આચાર્યદેવશ્રીએ **'તરંગવતી તરંગલોલા'** કથા શાસ્ત્ર પર પ્રવચનો આપેલા. હવે દિવ્યદર્શનના વાચકોને કથાનેત્રી તરંગવતીના જીવનનાં રસઝરણાં પીરસવામાં આવે છે. -તંત્રી)

અનંત ઉપકારક શ્રી જિન શાસનના ભવ્ય ઈતિહાસમાં ઝળકી રહેલા અનેકાનેક નામી સૂરિસિતારાઓમાં આચાર્ય ભગવાન શ્રી પાદલિપ્તસૂરિજી મહારાજ પણ એક અનોખી વિભૂતિ થઈ ગયેલ છે, કે જેમને ૮ વર્ષની ઉંમરે દીક્ષા અને ૧૦ વર્ષની ઉંમરે આચાર્યપદ મળેલ છે.

એક વાત સમજી રાખો, જ્ઞાન આત્મામાં શાસ્ત્રમાંથી નથી આવતું પરંતુ અંતરાત્મામાંથી પ્રગટ થાય છે. જ્ઞાન આત્મામાં ભર્યું પડ્યું છે, માત્ર જ્ઞાનની ઉપર આવરણ છે ત્યાંસુધી એ જ્ઞાન આત્માનું છતાં આત્મામાં છૂપાયેલું રહે છે. આવરણ હટાવો એટલે જ્ઞાન પ્રગટ થાય. શાસ્ત્ર આ આવરણ હટાવવાનું કામ કરે છે.

ડબા નીચે ઢંકાયેલ દીવામાં પ્રકાશ તો છે જ, પરંતુ તે ઢંકાયેલ છે. ડબો હટાવો અગર ડબામાં કાણાં પાડો તો પ્રકાશ બહાર પ્રગટ થાય. શાસ્ત્રો આ કામ કરે છે, આત્મા પરના આવરણમાં કાણાં પાડી આપે છે, એટલે જ્ઞાનનો પ્રકાશ પ્રગટ થાય છે; ત્યાં ભલે કહેવાય ખરું કે શાસ્ત્રમાંથી આટલું જ્ઞાન મળ્યું, પરંતુ હકીકતમાં શાસ્ત્રના આધારે જ્ઞાન આત્મામાંથી જ પ્રગટ થયું, ઉપયોગરૂપ બન્યું...

આ હિસાબે આવરણ હટાવવા જોઈએ. પરંતુ તે માત્ર શાસ્ત્રાધ્યયનથી જ હટે એવું નહિ; કિન્તુ જ્ઞાનના આચારો કાળ વિનય બહુમાન તપ વગેરે પાળો, બજાવો, એમ અહિંસા-સંયમ આરાધો...આ બધાથી પણ ભારે જ્ઞાનાવરણ કર્મ તૂટે છે, ને એથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. ગણધર ભગવાન પૂર્વની એટલી બધી સાધના લઈ આવેલા અને અહીં તીર્થંકર ભગવાન પ્રત્યે એટલો બધો ઊંચો વિનયભાવ લાવ્યા, એવું ભગવાનનું શરણ ગ્રહણ કર્યું. ભગવાનની પ્રત્યે એવો ઉચ્ચ સમર્પણભાવ ઊભો કર્યો કે પછી પ્રભુ પાસેથી માત્ર ત્રણ પદ (ત્રિપદી) મળવાનું થયું એમાં જંગી શ્રુતજ્ઞાનાવરણનો ક્ષયોપશમ થયો, ને ત્યાં જ ઊભા ઊભા આખી દ્વાદશાંગી, ને એમાં ચૌદ 'પૂર્વ' નામના મહાઆગમ રચી કાઢ્યા !

સુનંદા સાધ્વી વગેરેને સંયમ અને તપની મહાન સાધના કરતાં અવધિજ્ઞાન પ્રગટ થઈ ગયું.



શય્યંભવ મુનિ જન્મે ચુસ્ત બ્રાહ્મણ છતાં દીક્ષા પછી માત્ર ૮ વરસની અંદરમાં ચૌદ પૂર્વના પારગામી બન્યા ! શું માત્ર ગોખ-ગોખ ને ભણ ભણ કરવાથી આટલું બધું આવડ્યું ? ના, પૂર્વે કહ્યું તેમ ગુરુ-વિનય-બહુમાનાદિ તથા સમ્યક્ત્વ-અહિંસા-સંયમ-તપ વગેરેની આરાધના જોરદાર કરી. એ પણ જ્ઞાનાવરણ તૂટી જ્ઞાન પામવામાં જબરદસ્ત કારણ બનેલા.

આચાર્ય ભગવાન **પાદલિપ્તસૂરિજી** મહારાજને પૂર્વની સાધના અને અહીં સમ્યક્ત્વ સહિત અહિંસા-સંયમ-તપની આરાધનાએ એમને નાની ઉંમરમાં જ્ઞાન ઝટપટ પ્રાપ્ત થઈ ગયું; ને માત્ર દસ વર્ષની ઉંમરે આચાર્યપદે આરૂઢ થયા !

એમના જીવનની ઘટનાઓ અલૌકિક છે. એક ઘટના જોઈએ એમના કાળમાં **નાગાર્જુન** નામનો એક યોગી હતો. એણે સુવર્ણસિદ્ધિ સાધી અને એ સુવર્ણસિદ્ધિ રસનો પ્યાલો ભરીને પોતાના શિષ્ય દ્વારા પાદલિપ્તાચાર્યને ભેટ કરવા મોકલ્યો. આચાર્ય ભગવાને ના પાડી કે 'અમે સાધુ છીએ અમારે એની જરૂર નથી.' શિષ્ય આગ્રહ કરીને પ્યાલો મૂકે છે, ત્યારે આચાર્યભગવાને પગેથી પ્યાલો હડશેલી મૂકતાં સુવર્ણરસ જમીન પર ઢળી ગયો...

નાગાર્જુનનો શિષ્ય આ સહન કરી શકે ? ગરજી ઊઠ્યો 'કેટલી મહેનતે આ મહાકિંમતી સુવર્ણરસ સિદ્ધ કર્યો છે તે આમ ઢોળી નાખવાનો ? એટલું બધું અભિમાન છે તો બતાવો તમે શું સિદ્ધિ કરી છે ?'

આચાર્ય ભગવાને પ્યાલો લઈ એમાં પેશાબ કરીને આપ્યો, કહે છે 'લે અમારી આ સિદ્ધિ.'

શિષ્યને આ જોઈ ભારે ગુસ્સો ચડી ગયો તે એ જ પ્યાલો ગુરુ નાગાર્જુન પાસે લઈ જઈ ગુરુને બનેલી હકીકત કહી કહે છે 'લો એ જૈનાચાર્ય એમની સિદ્ધિમાં આ એમનો પેશાબ તમને ભેટ મોકલ્યો છે !'

નાગાર્જુનને પણ ભારે ગુસ્સો ચડી ગયો તો ગુસ્સામાં 'જૈનાચાર્ય આવા અભિમાની ને મશ્કરા ?' એમ કહેતાક એણે પ્યાલો પાસેની શિલા તરફ ફેંક્યો પરંતુ આશ્ચર્ય કેવુંક થયું કે એના પર નાગાર્જુન ભારે પસ્તાવો કરતો દોડ્યો સીધો આચાર્ય ભગવાન પાસે, ને પગમાં પડી રોતી આંખે પોતાની ઉદ્ધતાઈ ને અભિમાનની માફી માગે છે.

નાગાર્જુન એક સિદ્ધપુરુષ, છતાં એની કલ્પનામાં નહિ એવો શો ચમત્કાર ત્યાં બન્યો હશે કે એનાં જીવનને અને હૃદયને ફેરવી નાખે ?

માણસ પોતાની થોડી ઘણી આવડતના એવા અહંત્વમાં ચડે છે કે જાણે દુનિયા પોતે જાણે છે એટલી જ છે. તેથી તો ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના

અતિશય એના મગજમાં ઊતરતાં નથી, ઝટ એના તુચ્છ અને સંકુચિત મનને થાય છે કે 'આવું તે વળી બની શકે ?' છતાં જુઓ,-

**ભગવાનના અતિશયોમાં :-**

(૧) ભગવાન માતાના ઉદરમાં છે, ૯-૯ મહિના થવા આવ્યા છે, છતાં માતાનું બીજી ગર્ભવતી સ્ત્રીઓની જેમ પેટ ઊંચું આવેલું ન દેખાય ! વળી

(૨) ભગવાનને માતાનું સ્તનપાન ન કરવું પડે. ભગવાનના અંગુઠામાં ઈંદ્ર-સંચારિત અમૃત બાળ પ્રભુ અંગુઠો ચૂસી લેવા દ્વારા ભૂખ શાન્ત કરી લે, ને શરીરના અંગોપાંગ વૃદ્ધિગત થતા જ રહે !

(૩) ભગવાનનો શ્વાસ કમળ જેવો સુગંધિત નીકળતો હોય. એમ

(૪) ભગવાન કેવળજ્ઞાન પામે પછી એમની સાથે ચોવીસે કલાક જઘન્યથી એક ક્રોડ દેવતા સાથે હોય.

(૫) પ્રભુને દેશના દેવા માટે દેવતાઓ એક પલકમાં જંગલમાં મંગલ ખડું કરી દે, ચાંદી-સુવર્ણ-રત્નના ત્રણ કિલ્લાનું એક જોજનનું સમવસરણ દેવતાઓ રચી કાઢે !

(૬) ભગવાન ચાલે ત્યારે એમના પગ નીચે માખણના પિંડા જેવા મુલાયમ સોનાના કમળ ગોઠવાઈ જાય !

(૭) પ્રભુ ચાલે ત્યારે રત્નસિંહાસન અને ત્રણ છત્ર આકાશમાં પ્રભુની સાથોસાથ ચાલ્યા કરે !

(૮) રસ્તાની બે બાજુના ઝાડ નમતા રહે, ને

(૯) ઉપર ગગનમાં પંખેરા ઘુમરી દેતા ચાલ્યા કરે...

પ્રભુના આવા અતિશયો ક્ષુદ્ર સંકુચિત અને અભિમાની મગજમાં શાના બેસે ? પરંતુ એવા અતિશયો અને ચમત્કારો પર શ્રદ્ધા કરવા માટે (૧) વિલક્ષણ કર્મવિપાકનો અને (૨) અદ્‌ભુત લબ્ધિનો પ્રભાવ વિચારવા જેવો છે.

**(૧) કર્મવિપાકનું અદ્‌ભુત સર્જન :-**

કર્મપરિણતિ-કર્મવિપાક વિચિત્ર છે. જુઓ માતાના ઉદરમાં સંતાનનું શરીર એના અંગોપાંગ, ઇંદ્રિયો, અને અતિ સૂક્ષ્મ સૂક્ષ્મ જ્ઞાનતંતુઓ નસો વગેરે કોણ ઘડવા બેસે છે ? વિલક્ષણ કર્મવિપાક જ એ કામ કરી રહેલ છે. એ પછી જન્મ બાદ પણ કેટલાક વખત સુધી બાળક માત્ર દૂધ પીતું હોય છે, એમાંથી શા એવા રૂપાંતર થાય છે કે દાંતને હાડકાને સફેદ કઠણ પદાર્થ, જીભને લાલ મુલાયમ પદાર્થ, વાળને કાળા પદાર્થ, લોહીને લાલઘુમ પદાર્થ, અને માંસ ચરબીને એવા સફેદ પદાર્થ મળ્યા કરે છે ! તે પણ તેવા તેવા વિવિધ પદાર્થ માત્ર દૂધમાંથી



સરજાય છે. માત્ર સરજાય એટલું જ નહિ, કિન્તુ તે તે વિવિધ પદાર્થ તે તે અવશ્ય અને ધાતુઓમાં વ્યવસ્થિત રીતે ગોઠવાઈ જાય છે. દૂધના પરિવર્તન પામેલા લાલ અણુ લોહી તથા જીભમાં જ જાય, સફેદ કઠણ પદાર્થ દાંત અને હાડકામાં જ ભળે ! લાલ પોચા અણુ હાડકામાં નહિ, ને સફેદ કઠણ કણ જીભ વગેરેમાં નહિ... આવું બધું વિલક્ષણ છતાં વ્યવસ્થિત સર્જન અને યોગ્ય ગોઠવણ કોણ કરે છે ? કહો, વિચિત્ર કર્મવિપાક કરે છે.

**ખેદ-હરખ અટકાવવા વિચારણા :-**

માણસને આપત્તિ આવે ત્યારે બેબાકળો થાય છે પણ જો ત્યાં વિચારે કે 'જે વિચિત્ર કર્મ-વિપાક શરીર-ગાત્ર-ઈંદ્રિયો ને ધાતુઓના ચમત્કારિક સર્જન- વ્યવસ્થાપન કરે છે, એ વિચિત્ર કર્મવિપાક મારા જીવનકાળમાં આપત્તિ-સંપત્તિની વિચિત્ર ઘટનાઓ સરજે એમાં નવાઈ શી છે ? ત્યાં શું આશ્ચર્ય પામવાનું ? કે શા ખેદ-હરખ કરવાના ? એ તો કર્મવિપાકની સહજ ઘટનાઓ છે. એમ કરી ગંભીર બની એમાં લહેવાઈ ન જવાય. 'અવધુ સદા મગનમેં રહેના,' કરીને ચાલવાનું. તીર્થંકર ભગવાન એવી ઉત્તમ આરાધના કરીને આવેલ છે કે એમને એવા સર્વોચ્ચ પુણ્યકર્મના જુથ ઊભા થઈ ગયેલા છે. એ કર્મના વિપાક પછી અતિશય સર્જન કરે એમાં શી નવાઈ ?

**(૨) આત્મ-લબ્ધિઓનું અદ્‌ભુત સર્જન :-**

બીજું વિચારવાનું આ છે કે આત્માના અંતરાયાદિ કર્મના તૂટવાથી જે લબ્ધિઓ ઊભી થાય છે તે અકલ્પ્ય અચિંત્ય સિદ્ધિઓ ઊભી કરે છે. દા.ત. જોઈએ છીએ કે

(૧) એક જ ક્લાસમાં ભણતા અનેક મહેનતુ વિદ્યાર્થીઓમાં કોઈક જ એક બે જણા અસાધારણ વિદ્યા હોશિયારી વિદ્વત્તા પામી જાય છે. કેમ ? કહો, પૂર્વભવેથી જ્ઞાનાવરણીય કર્મનો એવો ક્ષયોપશમ કરીને જ્ઞાનલબ્ધિ ઊભી કરીને આવ્યા, કે અહીં બીજા અનેકની અપેક્ષાએ અતિશયિત જ્ઞાન-વિદ્વત્તા પામી જાય ! જાણવા મળ્યું છે કે પૂ. આત્મારામજી મહારાજ એક દિવસમાં ૩૦૦ ગાથા મોંઢે કરી શકતા...

વજસ્વામીને બાળપણામાં ઘોડિયામાં રહીને આચારાંગ ભગવતી... વગેરે ૧૧ અંગ-આગમો સાધ્વીજીના મુખે બોલાતા સાંભળીને મોંઢે કંઠસ્થ થઈ ગયેલા !

ગણધર ભગવાનને પ્રભુના મુખેથી માત્ર ત્રણ પદ સાંભળીને ત્યાં જ ૧૪ 'પૂર્વ' શાસ્ત્રો અને દ્વાદશાંગી આગમનું જ્ઞાન સ્ફુરી જાય છે. ને ત્યાં જ ઊભા ઊભા અંતર્મુહૂર્તમાં એનાં સૂત્રોની રચના કરી દે છે. શું આ ? શ્રુતલબ્ધિ. એવી બીજી પણ લબ્ધિઓ હોય છે દા.ત.

**દેશનાલબ્ધિ :-** મરીચિ ચારિત્રથી પતિત હતા, અને સંન્યાસીના વેશમાં

પ્રભુની સાથે વિચરતા હતા, છતાં એમને જે લોક પૂછતા કે તમારે આવો વિચિત્ર વેશ કેમ ? તો પોતે સાધુતાથી ભ્રષ્ટ છે, એમ કહી એ નિમિત્ત પામીને મરીચિ કેટલાયને વૈરાગ્યનો ઉપદેશ આપી, વૈરાગ્ય પમાડી દેતા ! અને ઠેઠ સાધુ બનવા સુધી પહોંચાડી દેતા ! શું આ ? દેશનાલબ્ધિ.

નંદીષેણ મુનિ પતિત થઈ વેશ્યાને ત્યાં રહેનારા બનેલા, છતાં રોજ ને રોજ ઉપદેશથી ૧૦ જણને વૈરાગ્ય પમાડી પ્રભુ પાસે સાધુ થવા મોકલી દેતા ! વેશ્યાને પહેલેથી કહી દીધેલું કે 'રોજ દશને પ્રતિબોધ કરી સાધુ બનાવી પછી જ ભોજન કરીશ, એ શરત મંજૂર હોય તો હું અહીં રહું.'

હેં ? પોતે પતિત છતાં બીજાને પમાડી શકે ? હા, એનું જ નામ દેશનાલબ્ધિ. લબ્ધિ આશ્ચર્યજનક કામ કરે.

**લબ્ધિ કોને કહે છે ?**

તેવા પ્રકારના કર્મ તૂટીને આત્મશક્તિ પ્રગટ થાય એ લબ્ધિ છે.

દા.ત. આમોસહિલબ્ધિ વિપ્પોસહિલબ્ધિ, વગેરે લબ્ધિઓ. ઋષભદેવ ભગવાન પૂર્વના ત્રીજા ભવમાં ચક્રવર્તી મુનિ બનેલા, પછી એમના સંયમ સાથે તપસ્યા અને અગાધ જ્ઞાન-પરિશ્રમ એટલા જબરદસ્ત હતા કે પોતે ૧૪ 'પૂર્વ' શાસ્ત્રની લબ્ધિવાળા બનવા ઉપરાંત એવી આમોસહિ (આમોસ=સ્પર્શ, એજ ઓષધિ) લબ્ધિવાળા બનેલા કે એમના શરીરને સ્પર્શીને ચાલેલો પવન બાજુમાં બેઠેલા બિમારને સ્પર્શે, તો એની બિમારી મટી જાય !...

સનત્કુમાર ચક્રવર્તી મુનિને કઠોર તપસ્યાથી અને સ્વેચ્છાએ રોગો સહન કરવાથી, અનેક લબ્ધિઓ પૈકી એક વિપ્પોસહિલબ્ધિ પ્રગટ થઈ ગયેલી, તે દેવતા ધન્વંતરી વૈદ્યનું રૂપ કરી એમની પાસે આવી એમના રોગ મિટાવી દેવા તૈયારી બતાવે છે; ત્યારે મહામુનિ કહે છે, 'જો ભાઈ રોગ તો મારા મિત્ર છે. એ છે ત્યાં સુધી એ ભોગવી ભોગવીને મારા કર્મશત્રુઓનો નિકાલ થાય છે. એ રોગમિત્રોનો, તું વિયોગ કરાવવા આવ્યો છે ? રોગ તો જો મારે કાઢવા હોય તો ભગવાનની કૃપાથી ઊભી થયેલ તપની લબ્ધિના પ્રતાપે કાઢવાનું કાંઈ જ કઠિન નથી. લે જો.' એમ કરી પોતાના થૂંકની કણી લઈ કોઢ રોગવાળી એક આંગળી પર એ થૂંક લગાડ્યું, તો ત્યાં જ કોઢના સફેદ ધબ્બા મટી જઈ, એ આંગળી કંચનવર્ણી ગોરી ગુલાબી થઈ ગઈ !

આમ (૧) કર્મોના વિલક્ષણ વિપાક અને (૨) આત્મલબ્ધિઓ અદ્ભુત આશ્ચર્યજનક ભાવ ભજવે, એ સહજ છે. એથી જ ભગવાનને અદ્ભુત અતિશયો કામ કરી રહ્યા હોય છે. ત્યાં આ કેમ બને એવી શંકા કરવી અયુક્ત છે. આપણા



તરંગવતી કથાકાર પાદલિપ્તસૂરિજી મહારાજ એવી કોઈ વિશિષ્ટ જ્ઞાનલબ્ધિ વીર્યલબ્ધિ આદિવાળા, તે એની બિચારા યોગી નાગાર્જુનને શી ગમ ? તે એણે પોતે તો આચાર્ય મહારાજને સુવર્ણસિદ્ધિનો રસ મોકલેલો. પણ આચાર્યદેવ એ રસના ડબલાને લાત મારી રસને ધૂળ ભેગો કર્યો અને બદલામાં ડબલામાં પોતાનો પેશાબ ભરી મોકલ્યો, એને અજ્ઞાન નાગાર્જુન અપમાન અને એક ગંદો પદાર્થ સમજી જમીન પર ફેંકે છે ! ત્યાં જ એના છાંટા જે શિલા પર પડ્યા એ શિલા રત્નમય થઈ ગઈ !

**પાદલિપ્તાચાર્યની લબ્ધિ :-**

નાગાર્જુન ચોંકી ઊઠ્યો કે 'બાપ રે ! આની આગળ મારી રસાયણસિદ્ધિ શી વિસાતમાં ? હું સમજું કે બહુ મહેનત કરી મહાન વનસ્પતિઓના રસથી સુવર્ણ-સિદ્ધિ બનાવું, ને એ સુવર્ણરસ લોઢાને સોનું બનાવે ! ત્યારે આના તો શરીરનો અશુચિ પદાર્થ-પેશાબ પત્થરની શિલાને રત્ન બનાવે છે ! ત્યારે આમના ખુદ શરીરમાં કેટલાય રસાયણ ભર્યા પડ્યા હશે ?' બિચારા યોગીને આત્માની લબ્ધિઓની શી ગમ ?

નાગાર્જુન ઊઠીને દોડતો આવ્યો આચાર્ય પાદલિપ્તસૂરિજી મહારાજ પાસે, ને પગમાં પડી જઈ ક્ષમા માગે છે, 'પ્રભુ ! ક્ષમા કરો, ક્ષમા કરો મને, હું અજ્ઞાન મૂઢ છતાં અભિમાનથી યોગી નામ લઈને ફર્યો અને સાચા મહાન યોગી મહાજ્ઞાની એવા આપને મેં ઓળખ્યા નહિ...'

પાદલિપ્તાચાર્ય મહારાજ મહાજ્ઞાની મહાયોગી હતા છતાં એમને અભિમાન નહોતું. પોતે સમજતા કે 'ક્યાં તીર્થંકર ભગવાનની મહાન યોગસાધના ? ને ક્યાં અમારી કૂપમંડૂક જેવી દશા ? ક્યાં પ્રભુનું અનંતજ્ઞાન ? અને ક્યાં અમારી સમુદ્રમાં ખસખસ જેવી જ્ઞાનદશા ! અરે ! ક્યાં ગૌતમાદિ ગણધર ભગવંતોની અનંત લબ્ધિની શ્રીમંતાઈ ? ને ક્યાં અમારી એ બાબતમાં ય ગરીબી ?'

આચાર્ય મહારાજ નિરભિમાનતાથી પોતાની જાતને આવી સાવ નગણ્ય સમજતા, પણ જગત એમને મહાજ્ઞાની તરીકે નવાજતા; કેમકે એવી એવી એમણે જૈનેતર વિદ્વાનોમાં પણ જબરદસ્ત શાસનપ્રભાવના કરી છે. આમ છતાં કેટલાક પંડિત બ્રાહ્મણો એમની પર ઈર્ષ્યા કરતા, પરંતુ ખૂબી એ થઈ કે જ્યારે પાદલિપ્તાચાર્ય મહારાજ કાળધર્મ પામ્યા ત્યારે એજ વિદ્વાનો રડી ઊઠીને પોક મૂકે છે કે **'અરે ! એ જમરાજનું માથું કેમ ન ફૂટી ગયું કે જેના મગજમાં આવા અજોડ અદ્વિતીય વિદ્વાન પાદલિપ્તાચાર્યને ઉપાડી જવાનો ને જગતને રંડાપો દેવાનો વિચાર આવ્યો ?'** ત્યારે, વિચારો આચાર્ય મહારાજે ઇતર વિદ્વાનોના હૃદયમાં કેવુંક ઊંચું સ્થાન મેળવ્યું હશે ? એમણે અનેક શાસ્ત્રો પૈકી એક શાસ્ત્ર પ્રભુપ્રતિમાની પ્રતિષ્ઠાવિધિ ઉપર રચ્યું છે, એનું નામ છે **'નિર્વાણકલિકા.'**

**નિર્વાણકલિકામાં લૌકિક આશયથી ધર્મવિધાન :-**

નિર્વાણકલિકા એ આજે ઉપલબ્ધ પ્રતિષ્ઠાવિધિના શાસ્ત્રોમાં સૌથી પ્રાચીન પ્રતિષ્ઠાવિધિ શાસ્ત્ર છે. એ જુઓ તો ખબર પડે કે એમણે ધર્મ માત્ર મોક્ષ માટે જ કરવાનો કહ્યો છે ? કે ધર્મને ઠામઠામ મંગળરૂપ બનાવી જીવનવ્યાપી બનાવવાનો કહ્યો છે ? દાતણ કરતાં પહેલા ધર્મમંત્ર ભણો, સ્નાન કરતાં પહેલાં ધર્મમંત્ર ભણો, વસ્ત્ર પહેરતાં પહેલાં ધર્મમંત્ર ભણો... બહાર જતાં પહેલાં સ્તોત્રાદિ ભણો... કેમ આ બધું ? જીવનમાં ધર્મમંગળથી અપમંગળ ન આવે, વિઘ્ન આપદા ન આવે, મનનું ઇષ્ટ સિદ્ધ થાય. આવા મોટા સાચા ધુરંધર શાસનપ્રભાવક અગાધ જ્ઞાની અને યોગી સમ્રાટ આચાર્ય ભગવાન જ્યારે સંસારના કાર્યોમાં ધર્મ ઘાલવાના આવા વિધાન બતાવતા હશે, શું એ સમજણ વિનાનાં ? ને 'ધર્મ મોક્ષ માટે જ થાય' આમ જકાર સાથે કહી મોક્ષ સિવાયના બીજા કોઈ સાંસારિક પ્રયોજન માટે ધર્મનો નિષેધ કરે, એ સમજણવાળા ?

**પાદલિપ્તસૂરિજીની તરંગવતી કથા :-**

આ જ મહાન આચાર્ય ભગવાન પાદલિપ્તસૂરિજીનું બીજું એક શાસ્ત્ર તે પ્રાકૃત ભાષામાં કાવ્યમય તરંગવતી (તરંગલોલા)ની ધર્મકથા... પરંતુ એમાં દેશ્ય શબ્દો અને કાવ્ય વૃત્તોની જટિલતા બહુ, તેથી પછીના આચાર્ય નેમિચંદ્રસૂરિના શિષ્ય યશ(યશસેન) મુનિએ જોયું કે આ મહા રસમય ને બોધક અદ્‌ભુત કથાગ્રંથ ભાષાની જટિલતા હોવાથી પઠન-પાઠનમાં એવો વ્યાપક નથી. તેથી એ પડતા કાળમાં નષ્ટ થઈ જવા સંભવ છે. જૈનાગમ-સમુદ્રમાંની એવા મહાન આચાર્યની એક મહાન વાનગી નષ્ટ કેમ થવા દેવાય ? તેથી એમણે જ તરંગવતી શાસ્ત્રમાંથી એવા અપરિચિત દેશ્ય શબ્દો અને જટિલ વૃત્તો કાઢી નાખીને સળંગ કથા તૈયાર કરી, ને એ પછી પઠન-પાઠનમાં સારી ચાલી હશે, પરંતુ આપણી અલ્પ પુણ્યાઈએ એની હસ્તલિખિત પ્રતિઓ આજે બહુ અલ્પ ઉપલબ્ધ છે. એટલે લહિયાઓના લેખનદોષવાળી પ્રતિઓને શુદ્ધ કરવા માટે એવી પ્રતિઓની સુલભતા નથી. છતાં ભાગ્યું તો ય ભરૂચ, અશુદ્ધ લખાયેલ પણ અલ્પ પ્રતિઓમાંથી આપણને તરંગવતીની મનોરમ કથા અને તરંગવતીનાં જીવનના બોધક રસઝરણાં જાણવા મળે છે, તેથી એના પર વિચારણા કરી આત્મલાભ મેળવવો છે...

શાસ્ત્રકાર ભગવંતે તરંગવતીને ભગવાન મહાવીર પરમાત્માના મુખ્ય શિષ્યા સાધ્વી શ્રી ચંદનબાળાજીના શિષ્યા સાધ્વીજી શ્રી સુવ્રતાના શિષ્યા સાધ્વીજી તરીકે બતાવી, એમના પોતાના મુખે એમની જીવનકથની કહેવરાવી છે.

બન્યું છે એવું કે રાજા કોણિકના સમયમાં કોશલ દેશમાં કોશાંબી નગરીમાં



એક આગળ પડતા ધનાઢ્ય શેઠ ધનપાલની ધર્મપત્ની સોમા શેઠાણીની આજ્ઞાથી દાસીઓ ભોજનના સમયે સુપાત્ર દાનનાં લાભ માટે શેરીના રસ્તા પર સાધુ-સાધ્વીજી મહારાજની રાહ જોઈ રહી હોય છે. કેવોક સુંદર યોગ ! શેઠાણી પૂર્વનું પુણ્ય ભોગવી રહી છે અને અહીં પણ એને સુપાત્રદાનાદિ પુણ્યના માર્ગ સૂઝે છે. પરિણામે ભાવિ ભવ કેવો મળવાનો ? કહો, પુણ્યાઈભર્યો. એટલે કે છે છે ને છે.

જગતમાં ચાર જાતના મનુષ્ય,-

**(૧) છે છે ને છે,** **(૨) છે નથી ને નથી,**

**(૩) નથી છે ને છે,** **(૪) નથી નથી ને નથી...**

(૧) પહેલા પ્રકારમાં આવા કે પૂર્વે પુણ્ય કમાઈને અહીં આવ્યા, અહીં પણ પુણ્ય કમાય છે, તેથી ભવિષ્યમાં ય પુણ્યાઈ લઈને જવાના ને ભોગવવાના, આવા જીવો પુણ્યાનુબંધી પુણ્યવાળા કહેવાય.

આજે એવા કેટલાક શ્રીમંત કે મધ્યમ માણસો જોવા મળે છે કે જે પૂર્વભવેથી અહીં વિશેષ યા સામાન્ય પુણ્યાઈ લઈ આવેલા ભોગવે છે, અને સાથે એમને જીવનમાં ધર્મ મુખ્યપણે સૂઝે છે, એ ભાવિ ભવમાં પણ 'છે' ની સ્થિતિમાં મુકાવાના.

(૨) પરંતુ બીજા પ્રકારમાં એવા જીવો છે જેમને અહીં શ્રીમંતાઈ છે એટલે કે એ પૂર્વ ભવે પુણ્યાઈ ઊભી કરીને આવેલા; પરંતુ અહીં એમને પુણ્યમાર્ગ અર્થાત્ ધર્મ સૂઝતો નથી. આ 'નથી' ની સ્થિતિમાં છે. તો ભાવિ ભવ કેવો મળવાનો ? કહો 'નથી' ની સ્થિતિમાં આવા જીવો પાપાનુબંધી પુણ્યવાળો કહેવાય, પુણ્ય ખરું, પણ પાપના અનુબંધવાળું, એટલે પુણ્ય ભોગવતાં પાપ જ સૂઝે. દા.ત.

**મમ્મણને અઢળક પુણ્યોદય છતાં પાપાનુબંધો :-**

મમ્મણ શેઠ પૂર્વના મુનિદાનથી પુણ્ય લઈને આવેલો, પરંતુ અહીં જીવનમાં મુખ્યપણે એક જ કામ રાખેલું કે 'બસ, થાય એટલો પરિગ્રહ ભેગો કરો.' એમાં નકરાં પાપ જ ઉપાજર્યાં. કેમ આમ ? પૂર્વે દાનથી પુણ્ય તો ઊભું કર્યું હતું, પરંતુ પાછળથી દાનની નિંદા કરી કે 'હાય ! મેં સિંહ કેશરિયો લાડુ મહારાજને ક્યાં વહોરાવ્યો ?' એણે પહેલાં તો લહાણામાં આવેલો લાડુ જાતે ખાવાની લાલચ મૂકી સાધુમહારાજને વહોરાવેલો, તેથી અઢળક પુણ્યાઈ ઊભી કરેલી ! પરંતુ પાછળથી પાડોશીના કહેવાથી ખબર પડી કે આ તો સિંહ કેશરિયો લાડુ હતો અને વાસણમાં પડેલા એના કણિયા ચાખ્યા તે દાઢે લાગ્યા, તે હવે મુનિમહારાજ પાસેથી લાડવો પાછો લેવા ગયો, પણ મળ્યો નહિ તેથી હવે દાનની જોરદાર નિંદા સંતાપ કરે છે.

**કરેલા ધર્મના સંતાપથી પૂર્વે બાંધેલા પુણ્યમાં જોરદાર પાપના ઝેરના કણિયા યાને તીવ્ર પાપાનુબંધો-પાપસંસ્કારો નાખી દીધા.**

પહેલાં તો દાન કરતી વખતે અને પછી પણ જાતને ધન્ય માનતો એણે પુણ્ય સંસ્કારો પુણ્યાનુબંધો ઊભા કરેલા, પરંતુ પછીથી દાનનો સંતાપ પેલા પુણ્યાનુબંધો-પુણ્યસંસ્કારો બળીને સાફ થઈ ગયા, અને નવાં પાપાનુબંધો-પાપસંસ્કારો ઊભા કરી દીધા ! એ બંડલ અહીં લઈને આવ્યો, તેથી પૂર્વના પુણ્યે પૈસા મળવા છતાં સૂઝયું શું ? ધર્મ ? કે પાપ ? કહો, પરિગ્રહ મમતાનું ઘોર પાપ સૂઝ્યું.

- **પુણ્યાનુબંધથી ધર્મ સૂઝે.**
- **પાપાનુબંધથી પાપ સૂઝે.**

એટલે જ સાવધાન થવા જેવું છે કે

**અહીં જેટલા પાપ સૂઝે છે...એ પૂર્વના પાપાનુબંધનું ફળ છે.**

એટલે જ (૧) ધર્મ કરતી વખતે વિષયોની લાલચ, તથા કષાય વગેરેથી નવા પાપાનુબંધો ઊભા કરવાનું ન કરાય; તેમજ (૨) પૂર્વના ઢીલા પાપાનુબંધોને અહીં ચાર શરણ, દુષ્કૃતગર્હા, પ્રતિક્રમણ, સુકૃત-સેવન, જિનભક્તિ-ત્યાગ-તપસ્યા વગેરેથી તોડવાનું કરાય...બધા પાપાનુબંધો કોઈ એવા તીવ્ર ઉગ્ર નથી હોતા કે તેને તોડવાનું મન જ ન થાય. મંદ પાપાનુબંધો ય હોય છે, ને એને જિનવાણીશ્રવણ અને સત્ કરણીથી તોડી શકાય છે. ઘણાનો એવો અનુભવ છે કે સાધુ પાસે નહોતા જતા ત્યારે નકરાં દુન્યવી પાપ જ સૂઝતા; પરંતુ સાધુસમાગમ અને જિનવાણીશ્રવણ પછી પાપબુદ્ધિ ઓછી થવા માંડી ને પાપને બદલે ધર્મ સૂઝવા માંડ્યો શું આ ? મંદ પાપાનુબંધો તૂટતા ચાલ્યા.

મમ્મણને તીવ્ર પાપાનુબંધ હતા, એટલે આમ તો જ રાજગૃહીનો એ વાસી છતાં, અને જ્યાં અનેકાનેક મુનિઓનો યોગ યાવત્ કદાચ મહાવીર ભગવાનનો યોગ મળ્યો હોય, છતાં એને ધર્મ સૂઝ્યો જ નહિ.

**તીવ્ર પાપાનુબંધવાળાને કોઈ ઉપાયે ધર્મ ન સૂઝે.**

આ મમ્મણ બીજા પ્રકારનો જીવ,- **'છે નથી ને નથી'** વાળો ગણાય. પૂર્વે પુણ્યાઈ હતી, અહીં નથી, ને પરભવે સાતમી નરકે ગયો ત્યાં પણ એને ધર્મ નથી, ધર્મબુદ્ધિ જ નથી...એટલે જ અહીં સાવધ થવા જેવું છે કે પૂર્વના પુણ્યે અહીં પૈસા-કુટુંબ-પ્રતિષ્ઠા-સત્તા વગેરે તો મળ્યું. પણ એમાં પાપ નથી સૂઝતા ને ? દા.ત. કોઈ મંદિરના ટ્રસ્ટી બન્યા, તો લોકોએ ભંડારમાં પ્રભુભક્તિ માટે પૈસા નાખ્યા. એનાથી પ્રભુભક્તિ કરવાને બદલે એ પૈસા ફિક્સ ડિપોઝીટમાં ઘાલી મૂકવાનું નથી કરતા ને ? નહિતર એમાં વિશ્વાસઘાતનું પાપ થાય. વળી ટ્રસ્ટી બનીને પાપાનુબંધી પુણ્ય ભોગવવાનું થાય. એમ,

પ્રભુને પૂજારીને નથી સોંપી દીધા ને ? નહિતર એમાં પ્રભુને રોજ સવાર



પડ્યે પૂજારીના હાથે વાળાકૂંચી યાને કૂચડાના ગોદા ખવરાવવાનું પાપ થાય. આ પાપાનુબંધી પુણ્યના ઉદયે ટ્રસ્ટી બનવાનું થયું કહેવાય. રોજ પ્રભુને ગોદા મરાવીને આગળ ભાવિ કેવું ? ખરાબ ! આવા જીવો છે નથી ને નથી.

(૩) ત્રીજા પ્રકારના જીવોને 'નથી છે ને છે.' પૂર્વભવે પુણ્યાઈ નહિ, એટલે અહીં ગરીબાઈ વગેરે દુઃખભરી સ્થિતિ હોય. પરંતુ અહીં ધર્મ સૂઝે છે. એટલે 'છે'ની સ્થિતિ આવી. એનાથી એને ભવિષ્યમાં પુણ્યમાર્ગ સૂઝશે. એટલે એવા જીવો **'નથી, છે, ને છે'** કોટિના ગણાય. આજે એવા સામાન્ય સ્થિતિના ભાગ્યશાળી જૈનો છે જે અગવડ વેઠીને પણ ધર્મસાધના કરતા રહે છે. ત્યારે એવા મધ્યમ સ્થિતિનાં અને શ્રીમંતો કેટલાય છે જેમને પૂર્વભવે 'છે' ની સ્થિતિ; તેથી અહીં પુણ્ય લઈને આવ્યા સગવડ ઘણી મળી, પરંતુ અભાગિયા એવા કે જેમને અહીં ધર્મ સૂઝતો નથી.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૩,અંક-૩૩,તા.૧૮-૫-૧૯૮૫**

એટલે અહીં 'નથી'ની સ્થિતિમાં થયા. તેથી પછી એના પર આગળના ભવે 'નથી'ની સ્થિતિમાં દુખિયારા અને ધર્મહીન રહેવાના એ 'છે,' નથી ને નથી'ની સ્થિતિવાળા ગણાય. પરંતુ સામાન્ય સ્થિતિવાળા અહીં ધર્મ કરે છે, તેથી 'છે'ની સ્થિતિમાં, ને આગળ અહીં ધર્મ કર્યાના ફળમાં સારું પામવાના, એટલે ત્યાં 'છે'ની સ્થિતિ થવાની. એમ આ ત્રીજા પ્રકારવાળાને 'નથી, છે, ને છે.'

આ બતાવે છે કે 'કદાચ અહીં તમારે એવી આર્થિક સંગીન સ્થિતિ નથી, અથવા શરીર સારું રહેતું નથી, તો જો કે પૂર્વભવે 'ધર્મ નથી' ની સ્થિતિમાં હતા, પરંતુ અહીં જો ધર્મનું શરણું લો, જૂઠ-અનિતિ-વિશ્વાસઘાત, જીવોના બહુ આરંભ સભારંભ, ઈર્ષ્યા-મદ વગેરે કરો નહિ, ભગવદ્-ઉપાસના યાને જિનભક્તિ કરો, પ્રભુ પાસે માગો 'પ્રભુ ! મારે પાપો નથી કરવા, જીવનનિર્વાહની મુશ્કેલી છે, મારે તારો જ આધાર છે, તું જ મુશ્કેલી દૂર કરશે' એવી પ્રાર્થના સાથે સાધુસેવા, સદાચાર દયા, સર્વ સાથે મૈત્રીભાવ,... વગેરે રાખો, તો અહીં 'છે'ની સ્થિતિમાં છો, અને આગામી ભવે ય સારી સ્થિતિ બની આવે એટલે તમારે 'નથી, છે ને છે,'

## ● નરસિંહનું દૃષ્ટાન્ત ●

**પ્ર.**- પરંતુ અહીં પેટની મોટી ચિંતા હોય ત્યાં ધર્મ શું કરે ?

**ઉ.**- આ સમજવા નરસિંહનો દાખલો જુઓ, નરસિંહ પૂર્વભવે ભિખારી હતો, ભીખ માંગતાં ય પેટ પૂરાતું નહોતું, તેથી નગર છોડી બીજે ગામ જવા

નીકળ્યો, સાધુ મળ્યા.

સાધુને એ કહે, 'મહારાજ ! ભીખ માગવા ઘર ઘર ફરું છું છતાં મળતું નથી. મને કાંક બતાવો,'

સાધુ કહે 'તું ધર્મ કર, ધર્મ વિના સુખ ન મળે. આ પૂર્વભવે તેં ધર્મ નહિ કર્યો હોય એટલે તો અહીં મળતું નથી. હવે અહીં ધર્મ નહિ કરે તો આગળ શું જોવા મળશે ?'

ભિખારી કહે 'બાપજી ! વાત તો સાચી, પરંતુ મારી પાસે એક પૈસો ય નથી, એ વિના શો ધર્મ કરું ? બીજાને રાતો પૈસો ય ન દઈએ, તો ધર્મ શો ?'

સાધુ કહે, 'દાનથી જ ધર્મ થાય એવું થોડું છે ? દાનની શક્તિ નથી છતાં, જો, આ નગરમાં જિનમંદિરો ઘણા છે, તું એમાં ભગવાનનાં દર્શન કર. જિનદર્શન એ પણ મહાન ધર્મ છે. કેમ, એ તો બનશે ને ?'

ભિખારી કહે 'હા મહારાજ ! એ તો સારી રીતે બની શકશે. ઘર ઘર ભીખ માગવા ફરી શકું છું, તો મંદિર મંદિરે પ્રભુનાં દર્શન કરવા કેમ નહિ ફરી શકું ?'

બસ, ભિખારી પછી દર્શનમાં લાગી ગયો. મંદિરો ઘણા હતા. એટલે જેટલા બને એટલા ભગવાનનાં એ દર્શન કર્યે જાય છે.

જુઓ 'પેટમાં કૂવો ને વરઘોડો જુઓ' જેવો ખેલ છે. પરંતુ મુનિએ સમજાવી દીધેલ છે કે "પેટમાં કૂવો પણ પૂર્વે ધર્મ નહિ કર્યાને આભારી છે, ને અહીં ધર્મ નહિ કરે તો આગળ પર શું પામીશ ? એ વિચારી જો. એટલે પ્રભુદર્શનનો વગર પૈસાનો સરળ ધર્મ છે તે કરવા લાગ એમાં કાંઈ પેટમાં કૂવો આડે નથી આવતો. બાકી એકલું 'હાય ખાવાનું !' કરીશ, તો આ લોક પરલોક બંનેને સુધારનાર ધર્મ કરવાનું ચૂકી જઈશ."

પેલા ભિખારીને આ લાગી ગયું કે "હાય ખાવાનું ! હાય ખાવાનું !' કરતો રહીશ, ને ધર્મ નહિ કરું, તો માર્યો જઈશ. પૂર્વ જનમમાં ધર્મ નથી કર્યો તેથી તો અહીં કપાળમાં ભીખ માગવાનું આવ્યું છે, હવે અહીં પણ ધર્મ ન કરું તો પરભવે મારી કેવી વલે ? માટે ધર્મને મુખ્ય કરું" શું આવ્યું આ ? મોક્ષદૃષ્ટિ નહિ, પણ ધર્મદૃષ્ટિ આવી; ને ધર્મદૃષ્ટિ એને એવી જોરદાર જાગી કે ભીખ માગવા તો ફરવું પડતું, પરંતુ દેવદર્શન પર મુખ્ય ચોંટ રાખીને દર્શન કરતો રહ્યો, એ કરતાં કરતાં એની ધર્મશ્રદ્ધા વધતી ચાલી, તેથી બને તેટલાં વધુ દર્શન કરતો અભણ ભિખારી છે, એકમાત્ર જિનમંદિરોમાં દર્શન કરી રહ્યો છે, પરંતુ એને મહાન જીવન કર્તવ્ય માની રહ્યો છે એને લાગે છે કે 'પેટનો ખાડો પૂરવા ભીખ માગતા ફરવું એ કોઈ મોટું કલ્યાણ કર્તવ્ય નથી એ તો કૂતરા ને બિલાડા જેવા જનાવરેય કરે છે ને એથી



એનું કલ્યાણ થોડું જ થાય છે ? પણ પ્રભુના દર્શન અર્થે ફરતા રહેવું અને પેટ ભરી ભરીને દર્શન કર્યે જવા એ કલ્યાણ કર્તવ્ય છે. મહાત્માની કૃપા થઈ ને મને આ સૂઝાડ્યું, મારાં અહોભાગ્ય છે !' આમ હોંશે હોંશે પ્રભુદર્શન કર્યે જાય છે એમાં એ અઢળક પુણ્ય બાંધતો રહ્યો.

આપણે એકલા પ્રભુદર્શન નહિ, પણ બીજા ઘણા પ્રકારના ધર્મ કરીને સંતોષ માનતા હોઈએ કે હું ઘણો ધર્મ કરું છું ત્યાં આ તપાસવા જેવું છે કે દુન્યવી કાર્યોમાં જે હોંશ ઊલટ રાખતા હોઈએ છીએ એવી હોંશ ઉલટ લઈ ધર્મસાધનામાં રાખીએ છીએ ? આ ભિખારી જેમ જિનદર્શનને કલ્યાણ કર્તવ્ય સમજી એ પામ્યાને અહોભાગ્ય માનીને જે હોંશ ઊલટથી દર્શન કરતો રહ્યો છે, એવું આપણને કયા ધર્મસાધનામાં સતત ઉલટ ચાલ્યા કરે છે ? કઈ ધર્મસાધના આપણે ભલીવારવાળી કરીએ છીએ ?

જો જો ભિખારીને પરભવે માત્ર આ એક મહાન કલ્યાણ કર્તવ્ય માની એ બજાવવાના પ્રતાપે કેવી ઉત્તરોત્તર ચડિયાતી ઉન્નતિ મળતી રહે છે ! અને એમાં વિઘ્નો ભારે આવવા છતાં એ જ કેવા ચડિયાતા ઉદય માટે થાય છે ! જિનદર્શનના પ્રભાવ અજબ ! એ પણ જોવા જેવું છે કે ભિખારીપણે જે દર્શનનો ધર્મ કરી રહ્યો છે એમાં હજી કાંઈ 'સંસાર પાર કરી જવા માટે જ ધર્મ કરું' એવો કોઈ આશય નથી, આશય માત્ર આટલો જ કે 'પૂર્વે ધર્મ નથી કર્યો તેથી આ ભિખારીપણું આવ્યું ને એમાં ય ભીખ માગતા સરખું ન મળે એવી કમભાગિતા આવી છે, તો હવે ધર્મ કરું તો આ વિટંબણા ન આવે' એટલો જ છે. એટલે કે સરખી રીતે પેટ ભરવાનું થાય એવો દુન્યવી કાર્યનો આશય છે, છતાં એવા પણ આશયથી એ શું કરી રહ્યો છે, પાપ નહિ, પણ વીતરાગ પ્રભુનાં દર્શનનો ધર્મ કરી રહ્યો છે. **શાસ્ત્રકારો પાપપ્રવૃત્તિ છોડી ધર્મપ્રવૃત્તિ કરવાનું બહુ મહત્ત્વ આંકે છે.** અને એ મહત્ત્વ આપણને પૂર્વ પુરુષોનાં જીવનમાં દેખાય છે. જુઓ

ભિખારી દર્શનના ફળરૂપે એ જ જીવનમાં ભીખ સારી પામતો ગયો અને મરીને પરભવે એક બ્રાહ્મણના છોકરા તરીકે જનમ્યો. એ બે એક વરસનો થયો હશે ત્યાં બ્રાહ્મણ એને રાજાને પગે પડવા લઈ જાય છે. ત્યાં બન્યું એવું કે રાજાની પડખે રાજજોષી બેઠેલો, તે બોલી ઊઠ્યો 'વાહ કેવુંક ભાગ્યશાળી આ રૂપાળું બાળક !'

રાજા પૂછે 'કેમ ભાગ્યશાળી ?'

જોષી કહે 'મહારાજા ! આના મુખની રેખાઓ કહી રહી છે કે એ અહીં રાજા થાય,'

રાજાએ એ વખતે તો ઉદ્ગાર કાઢ્યા કે 'એમ છે ? તો તો ખરો ભાગ્યશાળી !' પરંતુ રાજાના પેટમાં સંતાપની આગ ઊઠી 'હાય ! આ દક્ષિણાની

ભીખ માગતા ફરનાર બ્રાહ્મણનો દીકરો મારો વારસદાર ? લાવ વારસદાર બને એ પહેલાં એનું કાટલું કઢાવી નાખું.'

જુઓ બાળકને કેવુંક વિઘ્ન આવે છે ! પણ જો જો પૂર્વનો દર્શનધર્મ જે હોંશે હોંશે કર્યે ગયો છે, એ એની કેવીક રક્ષા અને ઉન્નતિ કરે છે. રાજાએ એક માણસને તૈયાર કર્યો ને કહ્યું 'આ બ્રાહ્મણના બાળકને નગર બહાર કૂવામાં પધરાવી આવજે. ઈનામ મોટું લઈ જજે' આ માણસ પણ એવો હલકા કુળનો હતો એટલે રાજા સમજે છે કે આને આ કાર્ય કરવામાં કાંઈ સંકોચ ન હોય' પરંતુ બાળકનું જોરદાર પુણ્ય શું કામ કરે છે એ જુઓ. સંધ્યાકાળે એ માણસ બ્રાહ્મણના ઘરમાં એકલા બાળકને જોઈ એને ઉપાડીને ચાલતો થઈ ગયો. ગામ બહાર આવ્યો ત્યાં ચાંદનીના પ્રકાશમાં જુએ છે તો બાળક ખૂબ રૂપાળું ને હસતું ખીલતું છે. એને જોઈને એને દયા આવી ગઈ કે હાય ! આવા સૌભાગી બાળકને કૂવામાં કેમ નખાય ? પણ રાજાને જવાબ દેવો પડશે તેથી એણે બાળકને બગીચામાં એક ઝાડ નીચે મૂકી દીધું, અને પોતે પાછો ફરીને રાજાને કહ્યું 'સાહેબ ! કામ પતાવી દીધું' રાજાએ ખુશી થઈ એને ઈનામ આપ્યું.

અહીં બગીચામાં કોઈ જનાવર આવીને બાળકને નુકસાન ન કરે ? પણ કહે છે ને કે 'જેને રામ રાખે તેને કોણ ચાખે ?' બાળકના હોંશે હોંશે કરેલા પ્રભુદર્શનના ધર્મે પુણ્ય એવા ઊભા કર્યા છે કે અહીં જીવની પોતાની કોઈ હોશિયારી કે મહેનત વિના જ પુણ્ય એની રક્ષાનું સાધન ઊભું કરી દે છે. એના પુણ્યે બન્યું એવું કે બગીચાનો માળી ફરવા નીકળેલો, ને એણે આ બાળકને જોયું. રૂપાળા રમકડા જેવા બાળકને જોઈ ખુશી ખુશી થઈ ગયો. વહાલથી એને ઊઠાવી લઈ આવ્યો પત્ની માલણ પાસે, ને કહે છે,- લો આ તારે નવ નવ મહિના ગર્ભ સાચવવાની પીડા વિના ભગવાને આ તૈયાર બાળક આપી દીધું છે,' માલણ પણ રૂપાળા બાળકને જોઈ રાજીની રેડ થઈ ગઈ. ઝટ એને લઈને છાતી સરસો ચાંપી એને બચ્ચીઓ ભરી લે છે, છાતીએ લગાડીને પાસે સુવાડે છે. સવાર પડતાં રાજાને ત્યાં બ્રાહ્મણની રાડ આવી મહારાજા ! મારા બાળકનો પત્તો નથી.

રાજા ઢોંગ ધતુરાથી કહે છે હેં ? હેં ? શી વાત કરે છે ? આવું સારું બાળક ગુમ ? જા જરા આજુબાજુમાં તપાસ કર, અને હું પણ તપાસ કરાવું છું ! સિપાઈને બોલાવી કહે છે એય ! નગરમાં તપાસ કરો આનું બાળક ક્યાં છે ?'

બસ, નગરમાં તપાસ ચાલી, પણ બાળક મળ્યું નહિ ક્યાંથી મળે ? નગર બહાર દૂર બગીચામાં માળીના ઘરમાં હોય, તે નગરમાં ક્યાંથી મળે ? બાળકનું પુણ્ય ઉપરાંત માળીનું પુણ્ય એવું છે કે કોઈ સિપાઈને અહીં તપાસ કરવાનું સૂઝ્યું જ નહિ, વાત પતી ગઈ.



બાળક માલણના ભારે વહાલ સાથે ઊછેર પામી રહ્યું છે. પાંચેક વરસનો થયો હશે ત્યારે એક દિવસ માલણ એને સાથે લઈને રાજાને ફૂલનો કરંડિયો આપવા ગઈ, કર્મ અને ભવિતવ્યતા કેવીક અજબ-ગજબ ઘટનાઓ સરજે છે ! માલણ બાળકને રાજાને પગે લગાડે છે. ત્યાં રાજાની પાસે બેઠેલા પેલા રાજજોષીનું માથું હાલી ઊઠે છે. રાજા પૂછે છે,- 'કેમ જોષીજી ! માથું કેમ હાલી ઊઠ્યું ?' જોષી કહે 'મહારાજા ! શું કહું ? આ બાળકનાં મુખની રેખાઓ કહી રહી છે કે આ આપની પછી રાજા થાય ! વળી રાજાએ ત્યાં તો એ સાંભળી આનંદ દેખાડ્યો. સરસ ! ભાગ્યશાળી બાળક ! પરંતુ રાજાના મનને શંકા પડી કે આ પેલું બાળક તો ન હોય ? ત્યારે શું પેલા માણસે બાળકને આ માલણને સોંપી દીધું હશે ? યા બગીચામાં એમજ મૂકી દીધું હોય ને માલણે એને લઈને ઊછેર્યું હશે ? ખેર ! ગમે તે હોં, આના ઉંડાણમાં ઊતરવાની જરૂર નથી, નહિતર પૂર્વની વાત કદાચ બહાર પ્રગટ થઈ જાય. આપણે તો કામથી કામ. હવે બીજા વિશ્વાસુ માણસને જ કામ ભળાવી દઉં જેથી બાળક નામશેષ થઈ જાય.'

**મૂરખ માણસ સામાનું ભાગ્ય જોતો નથી તે સામાને ખત્મ કરવાના ભયંકર અપકૃત્ય કરવા દોડે છે.**

ધવલશેઠે શ્રીપાળને ખત્મ કરવા કેટલા વાનાં કર્યા ? પરંતુ તેથી શ્રીપાળનું શું બગડ્યું ? પહેલાં તો શ્રીપાળનો બત્રીસ લક્ષણા પુરુષ તરીકે પકડીને ભોગ આપવાની યોજના કરી, પરંતુ એમાં છેવટે શ્રીપાળને પગે પડવા આવવું પડ્યું ને કાલાવાલા કરવા પડ્યા કે કુમાર સાહેબ ! મારાં વહાણ ચલાવી આપો ને ? તમે લક્ષણવંતા અને ભાગ્યવાન મહાપુરુષ છો તેથી તમારા ચરણસ્પર્શથી વહાણ ચાલતા થઈ જશે એવો મને વિશ્વાસ છે !

વળી આગળ પર શ્રીપાળને દરિયામાં પટકી દેવા વહાણના ખીલા વિનાના ઝરુખામાં ચડાવ્યા ! ઝરુખો નીચો વળી ગયો. શ્રીપાળ દરિયામાં પડ્યા, પણ મગરમચ્છે તરાપાની જેમ પીઠ પર ઝીલી લઈ થાણા બંદરે ઉતાર્યા ને ત્યાં શ્રીપાળને રાજકુમારી પરણવા મળી. ક્યાં દરિયામાં પટકાઈ જવાની ઘટના ? ને ક્યાં એમાં રાજકુમારી પરણવા મળે ?

મૂરખ ધવળ શ્રીપાળને મારી નાખવા ઊંધા ને ઊંધા વેતરણ કરતો ચાલ્યો પણ એમાં શ્રીપાળને અધિક અધિક સંપત્તિ મળતી ચાલી.

એમ અહીં ભિખારીમાંથી બાળક બનેલાને બનતું આવે છે. રાજાએ વિશ્વાસુ માણસને કહ્યું પેલી માલણના બાળકને લઈ બહુ દૂર દૂર જંગલમાં જઈ કોઈ કૂવામાં પધરાવી દેજે. માણસ ઘોડા ઉપર બેસી નીકળ્યો. બગીચામાં જઈ જુએ છે તો

બાળક એકલું બેસી રહ્યું છે, તે એને ઉઠાવીને ઘોડા પર ચડી ઘોડો જંગલમાં મારી મૂક્યો. પરંતુ બાળક કાલી કાલી ભાષામાં પૂછે છે 'કાકા ! ક્યાં લઈ ચાલ્યા ? મને ભૂખ લાગી છે, લાડવો ખવરાવશો ? ઘોડેસવાર માણસનું આ સાંભળી અને બાળકનો નિર્દોષ પ્રસન્ન ચહેરો જોઈ, હૈયું પીગળી ગયું. મનને થયું કે 'હાય ! આવા ભગવાનના ઘરના રમકડા જેવા બાળકનો મૂર્ખ રાજા નાશ કરાવવા ઈચ્છે છે ? કિન્તુ રાજા મૂર્ખ થાય, પણ હું મૂર્ખ ન થાઉં કે આવું ગોઝારું કૃત્ય કરું' ! જુઓ બાળકનાં પૂર્વભવના બહુ હોંશે હોંશે કરેલા માત્ર પ્રભુદર્શનનું પુણ્ય શું કામ કરે છે ! માટે જ જ્ઞાની ભગવંતો કહે છે મનવાંછિત મેળવવા આડા-અવળા પાપધંધા કરવાનાં ફાંફા શું મારો ? ધર્મનું શરણું લો, જીવનમાં વીતરાગ ભગવાને કહેલા ધર્મની ખૂબ ખૂબ ભક્તિ કરો. પાપપ્રપંચો જે કામ નહિ કરે તે અરિહંત ભગવાનની ભક્તિ અને ધર્મસાધનાઓ કરશે, ત્યાગ તપસ્યા, વ્રત-નિયમ, બ્રહ્મચર્ય, વગેરેની આરાધના કરશે. પૂછો,

**પ્ર.**- તો શું ધર્મ આવી લાલચથી કરવાનો ?

**ઉ.**- આની સામે પ્રશ્ન છે કે એવી લાલચથી શું શું પાપપ્રપંચો કરવા સારા ? કે ધર્મ કરવો સારો ? પાપપ્રપંચો કરવાથી દુર્ગતિ થાય ? કે ધર્મ કરવા સારો ? પાપપ્રપંચો કરવાથી દુર્ગતિ થાય ? કે ધર્મ કરવાથી દુર્ગતિ થાય ? લાલચથી ધર્મ ન કર્યો અને પાપપ્રપંચો ધૂમ કર્યે ગયા, તો એથી સદ્ગતિ મળે ? લાલચથી પણ ધર્મ કરવાનું જીવના ભાગ્યમાં છે ક્યાં ?

આજે પૂજા સામાયિક-પોષધ-પ્રતિક્રમણ, વ્રત, નિયમ, શીલ, સદાચાર અને તપસ્યા કરનારા કેટલા ? અને સાંસારિક પાપપ્રપંચો કરનારા કેટલા ? તે શું આ પાપપ્રપંચો કરનારા વહેલા મોક્ષે જશે ? ને સુખની લાલચથી પણ ધર્મ કરનારા સંસારમાં ભટકતા રહેશે ? શાસ્ત્રોની અવગણના કરવી હોય એ એવા ઊંધા લેખા માંડે કે સુખ માટે ધર્મ કરાય જ નહિ. શાસ્ત્રો તો ઠામ ઠામ સુખના અર્થીને ધર્મ કરવાનું કહે છે.

પેલો ઘોડેસવાર બાળકને ચીમી ભરીને કહે છે કે બચ્ચા મોટો લાડવો આપીશ. ફિકર ન કર, એમ બાળકને ખિલાવતો ઘોડો ઊંડા જંગલમાં લઈ જઈ એક નરસિંહ યક્ષનું મંદિર આવ્યું ત્યાં ઘોડો ઊભો રાખી દે છે, બાળકને લઈને નીચે ઊતરી મંદિરમાં યક્ષની મોટી મૂર્તિના ખોળામાં બાળકને બેસાડી કહે છે, 'તું બેસજે અહીં હું લાડવો લઈને આવું છું અને યક્ષને પ્રાર્થના કરે છે 'પ્રભુ ! આને સાચવજો.' એમ કહીને બાળકને ત્યાં મૂકી ઘોડેસવાર ઉપડી ગયો. અહીં બાળક મૂર્તિની દાઢી પકડી કહે છે દાદા ! ભૂખ લાગી છે લાડવો દો' યક્ષ જાગતો છે. એ જુએ છે કે બાળક કેવું નિર્દોષ અને માબાપથી છુટું પડેલું છતાં હસતું ખીલતું છે ! અવધિજ્ઞાનથી



એણે બાળકની પરિસ્થિતિ જોઈ લીધી, વિચાર કરે છે હવે આવા મહાન પુણ્યવંતા જીવની રક્ષા અને ઉન્નતિ કેમ કરવી ? ત્યાં જોયું તો થોડે દૂર એક સાર્થવાહનો પડાવ પડ્યો છે, યક્ષે સાર્થવાહને સ્વપ્નું આપ્યું કે પાસે નરસિંહ યક્ષના મંદિરમાં દેવસુંદર જેવો બાળક છે તું ઝટ જઈને એને લઈ આવ ! સાર્થવાહ જાગ્યો વિચારે છે 'અહો ! કેટલું સરસ સ્વપ્નું ! કોઈ દિવસ નહિ, ને આજે આ સ્વપ્ન આવ્યું લાગે છે. સાચું હોય ને જો સાચું પડે તો તો મારું ભાગ્ય ખૂલી ગયું મને વાંઝિયાને છોકરો તૈયાર મળે ? વાહ ! કેવી પ્રભુની કૃપા !

સાર્થવાહ ઊઠ્યો, ચાલ્યો જંગલમાં યક્ષનું મંદિર દેખ્યું, ગયો અંદર, તો બાળક યક્ષની મૂર્તિના ખોળામાં ચડી બેઠું છે ને કાલી કાલી ભાષામાં બોલી રહ્યું છે દાદા ! હવે તો બહુ ભૂખ લાગી છે ઝટ લાડવો ખવરાવો ! સાર્થવાહ સ્વપ્નું સાચું પડ્યું એના આનંદમાં ગરકાવ થઈ ગયો ઝટ બાળકને ઊંચકી લઈ છાતી સરસો લગાડી ચીમીઓ ભરતો કહે છે 'ચાલ બચ્ચા ! લાડવો આપું' એમ કહી એને લઈને પહોંચ્યો પોતાના આવાસે.

પત્નીને બાળક આપતા કહે છે, 'લે લે તારું ભાગ્ય ખૂલી ગયું. ઘણા વખતથી તારી ઝંખના હતી કે ભગવાન બાબો ક્યારે આપે. લે આ તો તારે વગર ગર્ભ સંભાળવાની પીડાએ ભગવાને આ તને તૈયાર આઈતો માલ રૂપે બાબો આપ્યો. જો તો ખરી કેવો આ ફૂટડો રમકડા જેવો બાબો છે !

પત્ની રાજીની રેડ થઈ ભગવાનના ઓવારણાં લે છે 'પ્રભુ ! પ્રભુ તમારા ઓવારણા લઉં છું આ કેટલી બધી તમારી દયા ! પ્રભુ ! તમારા લાખ લાખ ઉપકાર માનું છું.'

શેઠ બાબાને લાડવો ખવરાવે છે, અને પત્નીને કહે છે 'આપણને નરસિંહ યક્ષે આ બાળકની બક્ષીસ કરવાનો ઉપકાર કર્યો તેથી કૃતજ્ઞતારૂપે આનું નામ નરસિંહ રાખીએ છીએ,'

વિચારવા જેવું છે કે માણસ અભિમાન રાખે કે હું બધું સારું કરી દઉં, હું ધાર્યું પાર પાડી દઉં, તો એ હું પદ અભિમાન કેટલું વાજબી છે ? રાજા સત્તાના જોરે બાળકનો નાશ કરાવવા મથતો હતો, ત્યારે બાળકનું પુણ્ય મોટા રાજાની ય ધારણાને નિષ્ફળ કરતી હતી. તો પછી રાજાના ફૂટેલા નસીબમાં શું મળ્યું ? ધારણા તો સફળ થઈ નહિ, પણ પાપી વિચાર અને પાપી પ્રવૃત્તિનાં પાપ લમણે લખાયાં !

ડહાપણનું કામ એ હતું કે જોવું જોઈતું હતું કે 'જોષીના કહેલા હિસાબે બાળક મારી પછી રાજા થવાનો છે ? તો થવા દો. જેમ બનનાર હશે તે બનશે. મારું કામ પ્રભુને વિશેષ ભજવાનું, જેથી મારા માટે એનું ખરાબ પરિણામ ન આવે. આમ

**વિકટ સંયોગમાં ખોટી ધારણાઓ કરી અભિમાનથી અપકૃત્ય કરવાને બદલે અરિહંત પ્રભુની ભક્તિ તથા તપસ્યા વધારવી એમાં ડહાપણ છે.**

**જુઓ સુભદ્રા સતીનો પ્રસંગ :-**

સુભદ્રા શ્રાવક શેઠની કન્યા, એને પરણવા માટે પરદેશી બૌદ્ધ યુવાન શ્રાવક બન્યો. પહેલાં તો કપટથી શ્રાવક પણ પછી શ્રાવકના આચારો પાળતાં પાળતાં એ દિલથી જૈન શ્રાવક બન્યો. સુભદ્રાના બાપે એને યોગ્ય ધારી કન્યા આપી. પણ પછીથી જ્યારે સાસરે જવાનું થયું ત્યારે ત્યાં જોયું તો આખું કુટુંબ બૌદ્ધ છે, હવે શું કરવું ? એણે યથાશક્તિ તપ તથા અરિહંતભક્તિ અને સાધુભક્તિ સારી રીતે કરવાનું રાખ્યું. પરંતુ સાસુને આ ખટકવા લાગ્યું, તે એણે કકળાટ માંડ્યો. સુભદ્રાને ટોણાં મારે, કહી દે 'મૂકી દે જૈન સાધુની સરભરા, આ ઘરમાં નહિ ચાલે એ,' છતાં સુભદ્રા તો સાધુભક્તિમાં સદા સાવધાન રહેતી. છેવટે સાસુએ એને જુદી મેડા પર રહેવા કાઢી.

**સુભદ્રાને** મન જીવનમાં ધર્મ મુખ્ય છે, એટલે એણે મનમાં જરાય વિખવાદ ન રાખ્યો, ઊલટું એણે આપત્ કાળ સમજી ધર્મ વધાર્યો. દિલમાં ધર્મની સગાઈ આનું જ નામ છે કે આપત્તિમાં આર્તધ્યાનમાં રોદણાં અને પાપસ્થાનકનાં સેવનને બદલે ધર્મનો જ વધુ આશ્રય લેવાય. કાકા અજિતસેન રાજાએ શ્રીપાળ-કુમારના બાપને મરાવી રાજ્યગાદી બથાવી પાડેલી. પરંતુ શ્રીપાળકુમારને મોટો થતાં લડાઈ કરી કાકાને હરાવ્યા, તો કાકા અજિતસેન આ આપત્ કાળ જોયો અને યુદ્ધભૂમિ પર જ ચારિત્ર ધર્મ સ્વીકારી લીધો.

**મદનરેખા** મહાસતીના પતિનું જેઠે ખૂન કરી નાખ્યું. સતીએ એને અંતિમ નિર્યામણા કરાવી સમાધિ આપી. મદનરેખાએ આ આપત્તિકાળ દેખી શીલના રક્ષાર્થે રાતોરાત જંગલના રસ્તે ભાગી. ક્રમશઃ નંદીશ્વર દ્વીપમાં પહોંચતાં પતિ દેવ થયેલો ત્યાં આવ્યો કહે છે 'તારા ઉપકારની અવધિ નથી કે અંતિમકાળે ભયંકર કષાયમાં નરક તરફ દોડી રહેલ મને તેં અટકાવ્યો નિઝામણા કરાવી ઉપશમ રસ પાયો તો હું નરકના બદલે પાંચમાં સ્વર્ગમાં જન્મ પામ્યો. બોલ તારું શું પ્રિય કરું ?' તો ત્યાં મહાસતીએ આપત્કાળ બરાબર ધ્યાનમાં રાખી અધિક ધર્મ કરવા માટે ચારિત્ર લેવા સારા સાધ્વી પાસે મૂકી દેવાની માગણી કરી.

સુભદ્રા મહાસતીએ પણ સાસુએ એને જુદી રહેવા કાઢી આ આપત્કાળ સમજી ધર્મ વધાર્યો. એનો પ્રભાવ કેવો પડ્યો કે એક વાર અભિગ્રહધારી મુનિ વહોરવા પધારેલા. એમની આંખમાં તણખલું ચોંટેલું હતું, તે મુનિ અભિગ્રહવશ પોતે હટાવે નહિ તેથી સુભદ્રાએ પોતાની જીભના અણિયારાથી તણખલું ખેંચી



લીધું. પરંતુ એમાં પોતાના કપાળ પરના કોરા કંકુના ચાંદલાનું કંકુ મુનિના કપાળ પર લાગી ગયું. મુનિ મેડા ઉપરથી ઉતરી ગયા નીચે, ને સાસુએ મુનિના કપાળમાં કંકુ જોઈ હોબાળો માંડ્યો કે આ વહુ સુભદ્રા બદ આચારની છે.

માણસ સુકૃત કરવા જાય છે પણ કેટલીક વાર ધારણા બહાર એવુ કાંક બની જાય છે કે જે બદનામી ઊભી કરે છે. એક માણસ રસ્તામાં હાંફળો હાંફળો ચાલતો હતો એમાં એના ગળામાંથી મોતીની કંઠી નીકળી ગઈ, એને ખબર ન પડી આગળ ચાલ્યો એમાં ખીસામાંથી રૂમાલ કાઢતાં સો રૂપિયાની નોટ પડી ગઈ. પાછળથી એક ભાઈએ નોટ પડેલી જોઈ તે લઈ પેલા ભાઈની પાછળ જલ્દી જઈ કહે છે લ્યો આ તમારી નોટ રસ્તામાં પડી ગઈ હતી. દરમિયાન પેલા ભાઈને પોતાના ગળામાં કંઠી ન દેખાતાં કહે છે 'કેમ એકલી નોટ ? કંઠી લાવો' પેલો કહે, ભાઈ ! મને કંઠીની ખબર નથી' પેલો કહે 'શાની ખબર નથી ? લુચ્ચાઈ કરો છો ? કંઠી છુપાવી નોટથી શાહુકારી બતાવો છો ? ચાલો પોલિસ પાસે'

જુઓ સુકૃત કરવા જતાં કેવી અણધારી આફત ? સતી સુભદ્રા પર આળ ચડ્યું આપત્તિ આવી એણે ધર્મનું શરણું લીધું કાયોત્સર્ગ ધ્યાનમાં રહી. શાસનદેવતા હાજર થઈ પરિસ્થિતિ જાણી લીધી કહ્યું ''ફિકર કરીશ નહિ. કાલે વહેલી સવારથી નગરના ચારે દરવાજા બંધ રહેશે કોઈ ખોલી શકશે નહિ તું જઈને ખોલજે''

બસ, વહેલી સવારથી દરવાજા બંધ ! કોટવાળથી ખોલ્યા ખૂલતા નથી. લોકો લોટે ક્યાં જાય ? હાથમાં લોટા લઈને ટોળેટોળા દરવાજે દરવાજે ખૂલવાની રાહ જોતા ઊભા છે. આખા ગામમાં હો-હા. રાજા આવ્યો લુહાર વડે ઘણના ઘા મરાવી તોડાવવા પ્રયત્ન કરે છે પરંતુ વ્યર્થ. બારણા નથી તૂટતા નથી ખૂલતા. હવે શું થાય ? સૌ મુંઝવણમાં ત્યાં આકાશવાણી થઈ કે

''જો કોઈ સતી સ્ત્રી ચાળણીને કાચા સૂતરે બાંધી કૂવામાં નાખી કૂવામાંથી એમાં પાણી બહાર કાઢી એ પાણી દરવાજા પર છાંટશે તો દરવાજા ખૂલશે.''

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૩,અંક-૩૪/૩૫,તા.૧-૬-૧૯૮૫**

બસ, કેટલીક બાઈઓ આગળ આવી પ્રયત્ન કરવા ગઈ ત્યાં કાચા સૂતરે બાંધી ચાળણી જ્યાં કૂવા પર ધરી કે તાર તૂટીને ચાળણી જાય નીચે કૂવાની અંદર ! બે ચાર બાઈઓના પ્રયત્ન બાદ હવે કોઈ બાઈ આગળ આવતી નથી. સૌ વિમાસણમાં બેઠા છે ચોરે ને ચૌટે એક જ ચર્ચા છે,- આ કેવો ઉત્પાત ? એવી તે કોણ સતી મળે કે કાચા સૂતરે ચાળણી બાંધી કૂવામાંથી એમાં પાણી કાઢી

શકે ? બધું જ્યારે સૂમસામ છે ત્યારે સુભદ્રા સતી સાસુને કહે છે

"આપની આજ્ઞા હોય તો હું આ પ્રયત્ન કરું મને વિશ્વાસ છે 'હું કાચા સૂતરે ચાળણી બાંધી કૂવામાંથી એમાં પાણી ખેંચી કાઢીશ.'

સાસુ તડૂકી 'જોઈ જોઈ મોટી સતી ? ઘરની આબરૂ કાઢીશ આબરૂ. બેસ, તને ઓળખું છું હું ઘરની કુલાંગાર !'

આ કહે, "અત્યારસુધી નગરમાંથી કોઈ આ કામ કરી શક્યું નથી, ને હવે કોઈ આગળ આવતું નથી. એમાં પરિસ્થિતિ આવી ને આવી ઊભી રહે છે તો મને પ્રયત્ન કરવા દો, તમારા ઘરની પ્રતિષ્ઠા વધારીશ એવો મને મારા દેવગુરુ ધર્મ પર વિશ્વાસ છે." છેવટે સાસુ મંજૂર થઈ સુભદ્રા ઉપડી કૂવે. લોકો પાછળ ટોળેટોળા ભેગા થઈ ગયા છે. કૂવે પહોંચીને સુભદ્રા ! જાહેર કરે છે "હે અરિહંત ભગવાન ! જો મારું શીલ સતીત્વ અખંડ સુરક્ષિત હોય તો કૂવામાંથી ચાળણીમાં પાણી આવજો અને એ પાણીથી નગરના દરવાજા ખૂલજો" એમ કહી કાચા સૂતરે ચાળણી બાંધી કૂવામાં ઉતારી કાચું સૂતર તૂટી ન ગયું. ચાળણી પાણીમાં ડૂબી ચાળણીમાં પાણી ભરાઈને ચાળણી ખેંચતાં પાણી ભરેલી ચાળણી બહાર આવી. લોકમાં જય હો જય હો મહાસતીનો' નો જયનાદ ઊઠ્યો. સતી સુભદ્રા ચાળણીમાં પાણી લઈને ગઈ દરવાજે દરવાજે ને પાણી છાંટે છે. પાણી છાંટતાં જ ત્રણ દરવાજા ખુલી ગયા પણ ચોથે દરવાજે પાણી છાંટવા ગઈ ત્યાં આકાશવાણી થઈ હવે આ ચોથો દરવાજો ખોલવો રહેવા દે ભવિષ્યમાં કોઈ સતી ખોલશે.'

આકાશમાંથી પુષ્પ વૃષ્ટિ થઈ 'મહાસતી સુભદ્રાનો જય હો' આકાશવાણી થઈ, સાસુ નમી પડી માફી માગે છે. શી રીતે આ જયજયકાર ? કહો સુભદ્રા સતી પર આફત આવી ત્યારે એણે ધર્મ વધારી દીધો, ધર્મનો અચિંત્ય પ્રભાવ છે.

પેલા ભિખારીએ સાધુના કહેવાથી ભિક્ષાની દુર્લભતાના કષ્ટમાં દેવદર્શનના ધર્મનો આશરો લીધો તો ત્યાંથી મરીને ગરીબ બ્રાહ્મણનો છોકરો થયો બે વર્ષનો થતાં બગીચામાં ત્યજાયો, તો માલણનો છોકરો બન્યો. એ પાછો પાંચ વરસનો થતાં જંગલમાં નરસિંહ યક્ષના મંદિરે મૂકાયો, ત્યાંથી નરસિંહ નામથી સાર્થવાહના પુત્ર તરીકે બન્યો. નરસિંહ એવો લાડમાં ઊછરી રહ્યો છે કે હવે એને માલણ માતા યાદ નથી આવતી. વેપારી પણ અમુક સમય દેશાવરે જ રહી પછીથી દેશમાં જાય છે, અને ત્યાં જાહેર કરે છે કે પ્રવાસમાં દેશાવરમાં પુત્રનો જન્મ થયેલો અને પછીથી દેશાવરમાં જ એ ઊછર્યો ને મોટો થયો. આમ નરસિંહને વેપારીના પુત્ર તરીકે ઊછરવાનું મળ્યું. જુઓ,-

નરસિંહ પૂર્વનું પુણ્ય લઈને આવ્યો છે એ એને એક ગરીબ બ્રાહ્મણના પુત્રમાંથી



મોટા શેઠિયાના પુત્ર તરીકે મોટો થવાનું મેળવી આપે છે. ગરીબ બ્રાહ્મણમાંથી ઠીક ઠીક માળીનો પુત્ર આવી આવી ફેરફારીમાં માણસના અહીંના કયા પુરુષાર્થે કામ કર્યું ? કશાય નહિ, આ જ પુણ્ય-શુભકર્મની સાબિતી છે, અને એ પુણ્યના કર્તા તથા આધારભૂત જીવની સાબિતી છે, તેમ આ ભવમાં એવું પુણ્ય ઉપાર્જવાનો પ્રસંગ નથી બન્યો માટે પૂર્વભવે એ પુણ્ય ઉપાર્જ્યું હોય એટલે પૂર્વભવની સાબિતી છે.

**આમ આત્મા છે, પૂર્વ ભવ છે, પુણ્ય પાપ છે, એ બરાબર નજર સામે રાખી પાપત્યાગની અને પુણ્ય કમાઈના પુરુષાર્થ મુખ્યપણે આદરવા જેવા છે.**

જીવન તો પાણીના રેલાની જેમ વહેતું ચાલ્યું છે. દિવસ પર દિવસ પસાર થયે જાય છે. ગયો એક પણ દિવસ પાછો ફરતો નથી, ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે.

**"घोरा मुहूत्ता अबलं शरीरं, णो हु विणिमंति राइओ"**

અર્થાત્ કાળ ઘોર છે, શરીર દુર્બળ છે. રાત્રિઓ પાછી ફરતી નથી. આમાં કાળ ઘોર ભયાનક છે એમ કહ્યું. કેમકે કાળ જીવને ભુલાવામાં નાખી જાણે સ્થિર છે એમ મનાવી સદુપયોગ કરવા દીધા વિના સરકતો જ જાય છે, સરકતો જ જાય છે. વીતેલો એક પણ દિવસ પાછો ફરતો નથી. દિવસ ગયો તે ગયો, હવે દુનિયાભરની સંપત્તિ જેટલી સંપત્તિ આપી દેવા તૈયાર હો, છતાં એ વીતેલો દિવસ પાછો ન આવે. માટે

**જે દિવસ હાથમાં આવે છે, એનો સદુપયોગ કરી લો.**

તન-મન-ધનની, શરીર-વાણી, ઇન્દ્રિયો અને મનની જે શક્તિઓ મળી છે, એને ધર્મની આરાધનામાં અર્થાત્ વિચાર ઉચ્ચાર-વર્તાવથી ધર્મસાધનામાં કામે લગાડી દો.

મનમાં ધારતા હશો કે 'હમણા તો સશક્ત શરીર છે, પાસે ખાન-પાન વગેરેનો સરંજામ છે, તો હમણાં દુનિયાનાં કામો અને દુનિયાની લહેર કરી લઉં,' પરંતુ શાસ્ત્રકાર કહે છે કે **'અબલં શરીરં'** શરીર પર ઉપક્રમ આવે તો એનો સામનો કરવા માટે શરીર અશક્ત છે. કેઈ સશક્ત માણસો અચાનક હાર્ટએટેક યા અકસ્માતમાં મરી ગયા ! કેઈ અક્ષમ અપંગ થઈ ગયા. ક્યાં ધારેલું બન્યું રહ્યું ? અને દિવસ પર દિવસ આવે છે તેમ તેમ જીવન ઓછું થતું જાય છે. વધતું નથી તો પછી માનવજન્મના મહાકિંમતી દિવસોમાંનો એક પણ દિવસ શા માટે ધર્મસાધના વિનાનો વહી જવા દેવો ? અને ભૂલવાનું નથી કે પુરુષાર્થ ધર્મસાધનામાં જ કામ લાગે છે. સંસારની સાધનામાં તો મોટા ભાગે પુણ્ય જ કામ કરે છે. નરસિંહ ભરપુર દેવદર્શનના પ્રતાપે પુણ્ય લઈને આવેલો છે તેથી ગેબી રીતે નીચેથી ઊંચે ઊંચે ચડે છે. યાવત્ જીવલેણ આક્રમણોમાં આબાદ બચી જાય છે. હવે એ સોળેક વરસનો થયો છે, એટલે બાપ એને લઈને દેશાવરે નીકળે છે એમાં પેલા રાજાની રાજધાનીમાં આવે છે. ત્યાં

શેઠ રાજાને મળવા જાય છે. સાથે નરસિંહકુમાર પણ છે, રાજાને ભેટણું ધરી નમસ્કાર કરે છે. રાજા પૂછે છે 'કયો દેશ તમારો ? શેઠ પોતાના રાજ્ય અને નગરની વિગત કહે છે, રાજા પૂછે 'અહીં કેમ પધારવું થયું ?'

શેઠ કહે વેપાર અર્થે આવ્યો છું. એમાં પહેલા આપના મંગળ દર્શન કરવા અહીં આવ્યો છું. રાજા પૂછે 'આ કુમાર સાથે કોણ છે ?' શેઠ કહે 'એ મારો દીકરો છે. એટલામાં રાજજોષીની નજર કુમાર પર પડી અને એની આંખો ચમકી ! માથું હલી ઊઠ્યું !

રાજા પૂછે કેમ જોષીજી ! કેમ કાંઈ વિસ્મય ?

જોષી કહે 'હા મહારાજા ! આ નવયુવાનની મુખ પરની રેખાઓ એવી છે કે એ રાજા થવાનો.'

રાજા કહે 'શી વાત કરો છો ?'

જોષી કહે 'સાહેબ ! માનો ન માનો, આપનો જ વારસદાર થાય એમ લાગે છે.

રાજા ચોંક્યો મનને થયું કે આ ત્યારે પેલો માલણનો છોકરો જ ન હોય ? ખેર ! ગમે તે હો, પણ આને જીવતો ન રખાય. છતાં આને એમ નહિ ખત્મ કરાય, કોઈ યુક્તિ દ્વારા એવા સંયોગમાં મૂકવો જોઈએ કે જેમાં સહજ રીતે એ ખત્મ થઈ જાય. કોઈ યુદ્ધનો મામલો ઊભો કરીને એમાં આને ધક્કે ચડાવી દેવો એ માટે પહેલાં એને તાલિમ અપાવવાના બહાને બહુ અંગત સંબંધમાં લેવો.' આ બધો મગજમાં ઘાટ ગોઠવીને રાજા વેપારીને કહે,-

'તમારો દીકરો બહુ ભાગ્યશાળી લાગે છે. સારું સારું, હવે તમે એમ કરો તમને આવાસની ગોઠવણ કરાવી દઉં છું અને તમે રાજસભામાં રોજ આવ્યા કરજો. અવરનવર આપણા મહેલ પર પણ મળતા રહેજો. અવસરે તમારા જેવા બુદ્ધિશાળીની સલાહ ઉપયોગી થાય, અને કુમારને પણ સાથે લાવતા રહેજો આપણા રાજકુમારને એનો સંપર્ક ગમશે !'

બસ, દિવાનને કહીને શેઠના આવાસની સગવડ કરાવી દીધી. બીજી પણ સગવડો કરાવી દીધી. અહેસાન ચડ્યું શેઠ પર. શેઠને બિચારાને ખબર નથી કે આ સગવડો પૂરી પાડવા પાછળ રાજાની કેવી મેલી મુરાદ છે. માથે અહેસાન ચડ્યું એ શરમમાં નાખી કેટલાય પ્રપંચની જાળમાં એને તાણ્યા કરશે.

**અહેસાન અવસરે ખતરનાક નીવડે છે.**

માટે તો શાણો માણસ બને ત્યાંસુધી કોઈના અહેસાનમાં આવતો નથી. માલ લેવા બજારમાં જાય ત્યાં વેપારી ચાહ પીવડાવવા માગે તો નહિ પીએ, ભય છે કે 'રખેને ચાહ પીવાના અહેસાન નીચે શરમમાં આવી વેપારીને ભાવમાં ઓછું



કરવાનું ન બોલી શકાય તો ? યા ન પસંદ સોદો વહોરી લેવો પડે તો ?'

આવા અહેસાનમાં આવવાનું કોણ કરાવે છે ? લોભ લાલચ. જો લોભ-લાલચમાં ન પડાય, તો મફતિયું લેવાથી દૂર રહેવાય. શેઠને મફતમાં આવાસ, મફતમાં રાચરચિલું મળે છે. એ મેળવવાના લોભમાં શેઠ તણાયો. પછી તો રાજમહેલે જવા આવવાનું ચાલ્યું. સાથે નરસિંહકુમાર પણ છે, એને રાજકુમાર સાથે દોસ્તી જામી. રાજા શેઠ સાથે મીઠી મીઠી વાતો કરે છે. ને એમાં અવસર પામીને એક દિવસ રાજા શેઠને કહે,-

'શેઠ ! જુઓને રાજકુમારને ઘોડેસવારી, તલવારકળા, લક્ષ્યવેધ વગેરેની તાલિમ તો અપાય જ છે, તો તમારા કુંવરને પણ ભેગાભેગી તાલિમ લેવા દો. હોશિયાર થઈ જશે.'

શેઠે જોયું કે આમાં કાંઈ ખર્ચ છે નહિ, ને મફતમાં સારી કળા-વિદ્યા શીખવા મળે છે તો ખોટું નથી. રાજાને ખુશી ખુશાલીથી હા પાડી દીધી અને નરસિંહને રાજકુમાર સાથે જોડી દીધો.

**જીવને અનુકૂળતા મળતાં ખુશી ખુશી, અને પ્રતિકૂળતા મળતાં ખેદનો પાર નહિ; પણ પૂર્વાપરનો વિચાર નથી !**

**નરસિંહ માટે રાજાની માયારમત :-**

પેલો નરસિંહ સુખના પૂરમાં વહી રહ્યો છે. હવે શેઠનો પુત્ર બની એને રાજકુમારની દોસ્તી મલી છે, ને વધારામાં એને શસ્ત્રો ચલાવવા, ઘોડેસવારી કરવી, વગેરેની તાલિમ મળી રહી છે. પૂર્વનું પુણ્ય લઈને આવ્યો છે એટલે હોશિયારી અલ્પ સમયમાં ઘણી આવતી જાય છે. શેઠને આનંદનો પાર નથી. એના મનને થાય છે કે 'વાહ રાજાની આપણા પર કેટલી બધી મહેરબાની !' બિચારાને ક્યાં ખબર છે કે રાજાએ નરસિંહને આમાં કેમ હોશિયાર કરવા માંડ્યો છે ! આગળ જઈને નરસિંહને યુદ્ધમાં ધકેલી ટાઢે પાણીએ ખસ કાઢવી છે. એમ નરસિંહ મરે એમાં રાજાએ એને મારી નખાવ્યો એવું રાજા પર દોષારોપણ થાય નહિ.

કર્મસત્તા જીવને ઘણી વાતની સુખ-સગવડ પૂરી પાડે છે. એ ય કર્મની માયારમત છે. એની અંદર પણ જીવનું આગળ જઈને કાટલું નીકળી જાય છે. પરંતુ મૂરખ જીવને સુખસગવડમાં કર્મરમતની ગમ જ નથી પડતી. મ્લેચ્છના ઘરમાં બોકડાને સારા સારાં ખાનપાન ને લાડ મળે છે. એ રુષ્ટપુષ્ટ થઈ છેવટે કપાઈ મરવા માટે બને છે. પરંતુ મૂઢ બોકડાને એ ખાનપાન લાડમાં પરિણામે આ ક્રૂર કત્લ થશે એ શાનું દેખાય ? એમ નાદાન અક્કલહીન જીવને વિષય સુખ-સગવડમાં દુર્ગતિઓમાં ક્રૂરપણે દુઃખોમાં રેંસાઈ મરવાનું પરિણામ શાનું દેખાય ?

નરસિંહના બાપને પણ, રાજાએ નરસિંહને પૂરી પાડેલી યુદ્ધકળા-તાલિમની સગવડમાં 'રાજાની દાનત નરસિંહને પરિણામે ખત્મ કરવાની છે,' એ દેખાતું નથી. શેઠને નરસિંહ હોશિયાર થઈ ગયો દેખાય છે એટલે હવે એને લઈને દેશમાં જવા રાજાની રજા માગે છે.

રાજા કહે 'શેઠ ! અહીં ધંધો વેપાર કેમ ચાલે છે ?'

શેઠ કહે આપની કૃપા છે સારું ચાલે છે. 'તો પછી અહીં જ રોકાઓને. દેશમાં જવાનું શું કામ છે ?'

શેઠ કહે 'પણ સાહેબ ! દેશમાં જઈને રહીએ તો લોકો નરસિંહની હોશિયારી જુએ તો નરસિંહને સારા સારા ઘરની કન્યાઓ માટે માગા આવે ને ? એટલે મારે જવું તો પડશે જ !

**રાજાની શેહમાં શેઠ :-**

રાજા કહે 'એની ચિંતા ન કરો મોકો આવશે તો રાજકન્યા પરણાવીશ પણ શેઠ ! તમે એકદમ જ જાઓ, નરસિંહ પણ જાય, તો મારો કુમાર તો સોસાઈ જ જાય. જુઓ છો ને બંનેને કેટલી બધી ગાઢ દોસ્તી છે ? માટે તમારે જવું હોય તો ભલે, પણ નરસિંહને થોડો વખત અહીં રાખવો પડશે,'

રાજાએ લાલચ કેવી આપી ? 'રાજકુમારી પરણાવીશ.' જે નરસિંહનું કાટલું કાઢી નાખવા ધારે છે એ શું પોતાની કન્યા પરણાવે ? પરંતુ નરસિંહનું પૂર્વભવનું બહુવાર વીતરાગના કરેલાં દર્શનોથી ઊભું થયેલ પુણ્ય-સંચય શું કામ કરે છે, કોઈ ગેબી સંયોગમાં નરસિંહને એ જ રાજાની કન્યા કેમ પરણવા મળે છે એ આગળ જણાશે. એ જોતાં લાગે કે દુનિયાની ગમતી વસ્તુ મેળવવા માણસ મફતના ફાંફા મારે છે. વીતરાગની ભક્તિ જ ભરચક કરતા રહેવું જોઈએ.

રાજાએ શેઠને શરમમાં નાખ્યા. શેઠના મગજ પર પણ રાજાનું અહેસાન હતું એટલે શેઠ ના કહી શક્યો નહિ.

શેઠ કહે 'મહારાજા સાહેબ ! આ નરસિંહ તો મારા આંખની કીકી છે મારા કલેજાની કોર છે. વળી એની માતાને પણ પ્રાણથી અધિક પ્રિય છે. એટલે અમારે નરસિંહનો વિયોગ એક દિવસ માટે પણ અસહ્ય છે. પરંતુ આપનો બહુ આગ્રહ છે તેથી થોડા દિવસ મૂકી જાઉં છું. પરંતુ એને ખૂબ સાચવજો સાહેબ ! મારે વધારે શું કહેવું ?'

રાજા કહે 'શેઠ તમે જાણો છો ને કે અત્યારસુધી એના પર મારી કેટલી બધી લાગણી રહી છે ! એને મેં કેવોક મહલાવ્યો છે એનામાં કેટલી બધી હોશિયારી લાવી દીધી છે ! તો તમને શું શંકા છે કે તમારા ગયા પછી એને હું બરાબર



સાચવીશ નહિ ?'

શેઠ કહે 'ના, ના સાહેબ ! જરાય શંકા નહિ. આ તો સહેજ પુત્ર પરનો અથાગ પ્રેમ છે તેથી ભલામણ કરાઈ જાય છે. કાંઈ ખોટું લગાડશો મા.'

પત્યું, નરસિંહને મૂકી શેઠ ગયો. રાજાએ નરસિંહને અત્યારસુધી કેમ લાગણીથી સાચવ્યો અને કળાવિદ્યામાં કેમ આગળ વધાર્યો એની પાછળ રાજાના દિલમાં રહેલ પાપની શેઠને બિચારાને શી ખબર પડે ? માયાવીનું દિલ બ્રહ્મા પણ ન જાણી શકે. માટે તો કહેવાય છે ને કે સ્ત્રીચરિત્રના ભેદ બ્રહ્માય ન કળી શકે.

રાજા પ્રપંચ ખેલી રહ્યો છે, પણ પામર જીવને ખબર નથી પડતી કે 'એક વાર ને બીજીવાર પ્રપંચમાં પાછો પડ્યો છું, તો હવે પ્રપંચ ન ખેલું' એને મનમાં એક ગાંઠ બંધાઈ ગઈ છે કે 'આ નરસિંહ મારો વારસદાર ન બનવો જોઈએ. મારું રાજ્ય તો મારા દીકરાને જ મળે ? કે આવા પરાયાને ને ? ને તે પણ નીચા કુળવાળાને મળે ?' મનની આ ગાંઠ બે વાર પ્રપંચમાં નાસીપાસ થવા છતાં હજી નવા પ્રપંચની પેરવી કરાવી રહી છે. પણ નરસિંહના પ્રબળ પુણ્ય આગળ એ શું ફાવવાનો ? છતાં,

**અભાગિયાના નસીબમાં મરે ત્યાંસુધી નિષ્ફળ પાપપ્રપંચો જ કરવાના રહે છે.**

શેઠના ગયા પછી ચારેક દિવસ બાદ રાજાએ રાજ્યસભામાં વાત મૂકી કે 'સીમાડાની બહાર અમુક રાજા બહુ અભિમાની થઈ ગયો છે, એને યુદ્ધ આપી એનું અભિમાન ઉતારવાનું છે. કેમ સેનાપતિજી ! કેમ કરશું ?

સેનાપતિ કહે 'મહારાજા સાહેબ ! એમાં શી માટી વાત છે ? જેવી આપની આજ્ઞા. જાઉં આપણું લશ્કર લઈને, ને જીતી લાવું એને !'

રાજા કહે 'એમાં તો શંકા જ નથી, છતાં એમ કરજો કે આ વખતે આ નરસિંહકુમારને આગેવાની આપજો, વિજયનો જશ એમને મળવો જોઈએ. કેમ નરસિંહકુમાર ! બરાબર છે ને ?'

નરસિંહ કહે, 'જશ-બશ તો ઠીક સાહેબ ! પરંતુ આપે મને કળાઓનું જ્ઞાન અપાવ્યું છે, તો એને અમલી કરવાનો આ ખરેખરો મોકો મળ્યો માનું છું. મને આગેવાની આપો છો એ આપનો ઉપકાર માનું છું.'

નરસિંહ કેમ યુદ્ધથી ગભરાતો નથી ? કહો, પૂર્વભવે એણે પરમ સાત્વિક શ્રી વીતરાગ ભગવાનની દર્શન-ભક્તિ બહુ કરી છે. એના બદલામાં અહીં એને મહાન સત્ત્વની ભેટ મળી છે. આ પરથી ચાવી લેવા જેવી છે કે આપણે કેટલીય બાબતોમાં નિઃસત્ત્વ બનતા હોઈએ અને એનું આપણને ભરપૂર દુઃખ થતું હોય તો શું કરવું ? આ કર્તવ્ય છે કે

**સત્ત્વ-આદેયતા-સૌભાગ્ય જોઈએ તો પ્રભુને ભજો :-**

પરમ સાત્ત્વિક પરમાત્માની પરમ સાત્ત્વિક તરીકે ખૂબ ભક્તિ કરીએ, તો સામાન્ય સત્ત્વ નહિ, મહાસત્ત્વ મળે.

પ્રભુની ભક્તિ કરતાં મનને એમ થાય કે 'વાહ ! મારા વીતરાગ પ્રભુ ! તમે કેવા પરમ સાત્ત્વિક કે મહા દુષ્ટ અનાડીઓએ ભયંકર ઉપસર્ગ વરસાવ્યા, પરંતુ પ્રભુ લેશમાત્ર ડગ્યા નહિ ! દીન ન બન્યા ! યા અનંતબળી છતાં સામનો ન કર્યો !' આવું મનમાં લાવીને પ્રભુની ભક્તિ કરવાની.

એમ આપણું વચન બીજા ઝીલતા ન હોય, અને આપણી એ અનાદેયતા-અનાદરણીયતા આપણા મનને કઠતી હોય, તો પરમ આદેય પરમ આદરણીય પરમાત્માની એ તરીકે ખૂબ ભક્તિ કરવી. ભક્તિ કરવા જતાં મનને એમ થાય,-

**'પ્રભુ ! ધન્ય તમારી પરમ આદેયતાને કે માણસ અને દેવ તો શું, પરંતુ તિર્યંચો પણ આપના વચનને ગદ્ગદ દિલે ને આનંદભર્યા હૃદયે ઝીલે છે ! કેવીક આદેયતા !'**

એમ દૌર્ભાગ્ય નડતું હોય, બીજાને આપણા પગલાં ન ગમે, આપણી હાજરી ન ગમતી હોય, તો આપણે વીતરાગની ખૂબ ભક્તિ કરવાની; તે એમ સમજીને કે 'મારા પ્રભુ પરમ સૌભાગી છે.'

નરસિંહ લશ્કર લઈને જવા તૈયાર થાય છે ત્યારે રાજકુમાર એની સાથેની ગાઢ દોસ્તીના કારણે સાથે જવા તૈયાર થાય છે. બાપ એને ખાનગીમાં કહે છે 'જોજે જાય છે તો ખરો, પરંતુ યુદ્ધમાં મોખરે થઈશ ના. એ કામ તો હોશિયાર અને જંગેબહાદુરનું છે, એ માટે નરસિંહ જ યોગ્ય છે'

રાજકુમારને પિતાના પાપી દિલની શી ખબર ? એ તો સીધે સીધો માણસ, તે માની લે છે કે પિતાજીની વાત બરાબર છે. હું જો યુદ્ધમાં આગળ થાઉં ને હાર થાય તો ? એટલે એ રીતની સમજ રાખી રાજકુમાર જવા તૈયાર થયો. રાજકુમારની સાથે યુદ્ધની મજા જોવા એની બેન પણ તૈયાર થઈ ગઈ. રાજા બધાને આનંદથી વિદાય આપે છે. બોલો, 'રાજાની આ ભેદી ચાલમાં નરસિંહને ફસાવાનું થાય કે નહિ ? એમાં વળી નરસિંહ નવો છે, એને યુદ્ધનો અનુભવ નથી, તેમ સામો રાજા બળવાન છે, તો નરસિંહને શું નિશ્ચિત્તપણે વિજય મળશે ? અને મળે તો કોના પ્રતાપે ?' આના પર જે તે વિચાર કરવા પહેલાં જરાક આગળ હકીકત જુઓ અલબત અહીં એક વસ્તુ વિચારણીય છે કે 'નરસિંહ મૂળ બ્રાહ્મણનો દીકરો અને પછીથી વાણિયાના દીકરા તરીકે ઉછેર પામેલો, એ ખૂનખાર યુદ્ધમાં શસ્ત્ર ચલાવવા, સામેથી આવેલા શસ્ત્રોને નિષ્ફળ કરવા,... વગેરેની હિંમત અને હોશિયારી દાખવવા શી રીતે તૈયાર થયો હશે ? પરંતુ આમાં બહુ વિચાર કરવા જેવું રહેતું



નથી, કેમકે,

**સામાન્ય રીતે પૂર્વ ભવની જીવની ઉપર પછીના ભવમાં વિકાસ પ્રાપ્ત થાય છે, સારા પર સારો, નરસા પર નરસો.**

જંબુકુમારનો જીવ પૂર્વ ભવે ભવદેવમુનિ, પહેલાં ચળવિચળ થયેલા, પણ પછીથી સાંસારિક નવી પરણેલી પત્ની શ્રાવિકાએ એમને ચારિત્રમાં સારા સ્થિર કર્યા, તો પછી એમણે સાધુપણામાં જ રહી એવી જોરદાર ત્યાગ-તપોમય જીવની બનાવી કે એના વિકાસમાં પછીના જન્મે રાજપુત્ર-શિવકુમારના ભવમાં ઉત્કટ વૈરાગ્ય જાગ્યો ! ને પિતા રાજા ચારિત્રની રજા નથી આપતા તો એ માટે ૧૨-૧૨ વરસ સુધી છઠ્ઠને પારણે આંબેલ કરતા રહ્યા ! વળી એવી જીવની પર પછીના જંબુકુમારના ભવમાં વિકાસ એવો પામ્યા કે ૧૬ વરસની ઉંમરમાં જ ૯૯ ક્રોડ સોનૈયાની સંપત્તિ, અને અપ્સરા સમી નવી પરણેલી આઠ પત્નીઓ, તથા વહાલસોયા માતા પિતાનો ત્યાગ કરી સુધર્મા ગણધર ભગવાન પાસે ચારિત્ર લઈ લીધું ! આ સારી જીવની પર પરભવે વિકાસનો દાખલો.

ત્યારે નરસી જીવની પર વિકાસના દાખલામાં મરીચિ મહા વૈરાગ્યથી ચારિત્ર પામ્યા છતાં ભ્રષ્ટ થઈ એણે સંન્યાસીની જીવની સ્વીકારી, અને એમાં વળી ઉત્સૂત્રભાષણ કર્યું, તો પછી નરસાપણામાં વિકાસ કેવો થયો કે ભવે ભવે એને મિથ્યાકુળમાં જન્મ તથા સંન્યાસીપણું મળતા ગયા.

અહીં રાજાને ક્યાં આ જોવું છે કે 'હું જે આ ક્રૂર માયાની જીવની જીવી રહ્યો છું એના પરભવે વિકાસ કેવા થશે ? અને અજ્ઞાનતાના અનાર્ય યા તિર્યંચ જેવા અવતારોમાં એ માયા ક્રૂરતાના વિકાસ થવા પર કેવા ભયંકર પાપાચરણ ? ને ત્યાં એનાથી પાછું કોણ વાળવાનું ?'

**નરસિંહ યુદ્ધમાં જીતે છે :-**

રાજાએ તો નરસિંહ યુદ્ધમાં મરે એ હેતુથી એને યુદ્ધ કરવા મોકલેલો, પરંતુ આ નરસિંહ કોણ છે ? પૂર્વ ભવે જિનેશ્વર ભગવાનોનાં ખૂબ હોંશથી ખૂબ જ ખૂબ દર્શનો કરનારો, ને એને એવા અથાગ પુણ્ય ઊભા થયા છે કે યુદ્ધમાં મરવાની વાત શી ? નરસિંહે ઊલટું, દુશ્મન રાજાને પરાસ્ત કરી દીધો ! અને પોતે વિજય મેળવ્યો. રાજકુમાર અને એની બેન નરસિંહનું પરાક્રમ અને વિજય જોઈને બહુ ચકિત અને રાજી રાજી થઈ ગયા. દુશ્મન રાજા પગમાં પડી ગયો, અને માફી માગીને એમને પોતાની રાજધાનીમાં સત્કાર-સન્માન સાથે લઈ જાય છે.

**રાજાના પેટમાં તેલ રેડાય છે :-**

પરંતુ જે આ વિજયના પ્રસંગથી રાજકુમાર અને બીજાઓ રાજી રાજી થઈ

ગયા છે, એ જ વિજયના સમાચાર રાજકુમારના બાપ રાજાને પહોંચે છે, ત્યારે એના પેટમાં તેલ રેડાય છે. એને એમ થાય છે કે 'હાય ! આ હું નરસિંહનું કાટલું કાઢવા માગતો હતો ત્યાં ઊલટું એ યુદ્ધ જીતી ગયો ? અને એનો યશ વધી ગયો ! હવે તો મારે એને સીધો ઉપાય લઈ ઝટપટ ખત્મ કરવો જોઈએ, નહિતર કોને ખબર કાલે એ મારું યા રાજકુમારનું શું ય કરી નાખે ? એટલે હવે રાજકુમાર દ્વારા સીધું એને ઝેર જ અપાવી દઉં,' એમ કરી એણે રાજકુમાર પર ખાનગી ચિઠ્ઠી લખી લખ્યું કે 'નરસિંહને તરત જ વિષ આપી દે જે.' પોતાના ખાસ વિશ્વાસુ માણસને ચિઠ્ઠી પેક કવરમાં આપી ભલામણ કરી કે 'આ કવર લઈ જા, અને રાજકુમારને ખાનગીમાં આપજે, અને કાનમાં કહેજે પિતાજીએ આ કામ તાબડતોબ પતાવવા કહ્યું છે.' જુઓ નરસિંહ જીત્યો, રાજાની ધારણા ધૂળમાં મળી, છતાં રાજાને સદ્‌બુદ્ધિ ન આવી. કહેવત તો કહે છે **'વાર્યો ન રહે, પણ હાર્યો રહે,'** કિન્તુ અહીં તો 'હાર્યો જુગારી બમણું રમે' જેવો ઘાટ થાય છે. શ્રીપાળકુમાર સામે પ્રપંચ ખેલનારા ધવળશેઠને આવું જ થતું હતું ને ? આવા અનાડી પ્રપંચી માણસો શું સમજતા હશે ? આ જ કે જાણે 'સામા પાસે કોઈ અદૃશ્ય પુણ્ય સત્તા જ નથી, તેથી મારા પાસા પોબાર પડશે.'

**પરંતુ એમ જો જગતમાં અનાડીઓનું ધાર્યું થતું હોત તો આ જગતમાં સજ્જનોને ઊભવા જગા જ ન રહેત.**

આ પરથી સમજી રાખવા જેવું કે ક્યારેક કોઈક અનાડી ધમકી આપતો હોય તો ત્યાં ગભરાવવાની ને આર્તધ્યાન કે દ્વેષના સંકલેશ કરવાની જરૂર નહિ. 'આપણને અરિહંતનો અચિંત્ય પ્રભાવ અને આપણું પુણ્ય બચાવનાર છે. તેથી જ આજ સુધી સુખે સમાધે જીવંત રહી શક્યા છીએ,' આ પક્કી શ્રદ્ધા રાખવાની, નરસિંહના પૂર્વભવે દેવાધિદેવના બહુ ભાવપૂર્વક કરેલાં દર્શનથી ઊભાં થયેલ પુણ્ય, જુઓ, કેવી ગેબી સહાય કરે છે ! રાજાએ માણસ સાથે ચિઠ્ઠીમાં પોતાના પુત્ર ઉપર લખી મોકલ્યું કે 'નરસિંહને ઝેર આપી દેવાનો,'

રાજકુમારની આજ્ઞાંકિતતા એવી હતી એ વાત સાચી, ને એમાં નરસિંહના બચાવવાની આશા ઓછી; પરંતુ નરસિંહનું પુણ્ય કેટલું જબરદસ્ત કામ કરે છે એ જુઓ,-

**નરસિંહના પુણ્યથી યક્ષની દરમિયાનગીરી :-**

ચિઠ્ઠી લઈને જનારો માણસ રસ્તામાં રાત પડી તેથી રાત વીસામા માટે સ્થાન શોધે છે. એમાં નરસિંહના પુણ્યથી સહજ રીતે પાસેમાં પેલા નરસિંહયક્ષનું મંદિર દેખ્યું, તેથી એ ત્યાં જઈ સૂઈ ગયો. યક્ષને નરસિંહનું પુણ્ય કેવુંક પ્રેરે છે કે



એ જ વખતે યક્ષને મંદિરમાં શું ચાલે છે એ જોવા તરફ ખ્યાલ ગયો. અવધિજ્ઞાનથી યક્ષ જુએ છે તો રાજાનો માણસ ચિઠ્ઠી સાથે દેખાયો, ને ચિઠ્ઠીમાં પોતાના પુત્ર જેવા નરસિંહકુમારને વિષ આપવાનું લખેલું જોવા મળ્યું.

યક્ષ ચોંકી ઊઠ્યો, 'રાજાની આ દુષ્ટ બુદ્ધિ ? તો હવે રાજાને એની બરાબર સજા કરું' એમ વિચારી ચિઠ્ઠીમાં 'વિષ' શબ્દમાં કાનો ઉમેરી 'વિષા' કર્યું, અને ચિઠ્ઠી પેક પછી ઊંઘતા માણસના કબજામાં મૂકી દીધી.

જુઓ અહીં યક્ષે આમ કેમ કર્યું ? યક્ષ જુએ છે કે "રાજાની કન્યાનું નામ 'વિષા' છે, જે એના ભાઈ સાથે યુદ્ધ જોવા ગઈ છે તો ભલે સૌભાગી નરસિંહને આ કન્યા એનો ભાઈ વરાવી દે" બસ, માણસે પ્રભાતે જાગીને ચાલતી પકડી, પહોંચ્યો રાજકુમાર પાસે. એને ખાનગીમાં લઈ જઈ રાજાની ચિઠ્ઠી-કવર આપી રાજાએ સૂચવ્યા પ્રમાણે કાનમાં કહ્યું કે 'કામ તાબડતોબ પતાવી દેવાનું છે, એમ પિતાજીએ કહેવરાવ્યું છે.'

રાજકુમારે 'સારું' એમ કહી માણસને રવાના કર્યો, પોતે કવર ખોલીને ચિઠ્ઠીમાંથી વાંચતાં જ એવો હરખી ઊઠ્યો અને બોલી પડ્યો કે 'વાહવાહ ! બાપુજી કેવા કદરદાન કે નરસિંહકુમારે આ વિજયનું મહાપરાક્રમ કર્યું તે બદલ નરસિંહને બેન 'વિષા' તાબડતોબ આપી દેવાનું (પરણાવી દેવાનું) લખે છે ! વાહ ધન્યવાદ બાપુ તમને !' જુઓ આમાં

**એક કાનાથી કેટલો ફરક ?**

કેટલાક કહે છે ને કે સૂત્રમાં જરાક અશુદ્ધ બોલ્યા એમાં શું બગડી ગયું ? પણ કહો 'સવ્વ'માંથી અડધો 'વ' કાઢી નાખી 'સવ' બોલાય, દા.ત. 'નમો લોએ સવ્વ સાહૂણં' ને બદલે 'નમો લોએ સવ સાહૂણં' 'સવ્વ પાવપ્પણાસણો' ને બદલે 'સવપાવપ્પણાસણો' બોલાય તો કેટલો ફરક પડે ? 'સવ્વ સાહૂણં' એટલે સર્વ સાધુઓને, પણ 'સવ સાહૂણં' એટલે 'મડદા સાધુઓને નમસ્કાર કરું છું' એવો અર્થ નીકળે, એમ 'સવપાવપણાસણોનો અર્થ 'મડદાના પાપનો નાશ કરનાર નમસ્કાર મંત્ર' એવો થાય તો શું આ નમસ્કારની સ્તુતિ કરી ? ગુણ ગાયા ? કે હલકાઈ કરી ? સાધુની ય કેવી હલકાઈ ? આ કોનું પરિણામ ? ઉચ્ચારની અશુદ્ધિનું. અહીં પ્રસ્તુતમાં તરત વિષ દઈ દેજે' ને બદલે 'તરત વિષા દઈ દેજે,' માત્ર એક કાનો વધ્યો, તો કેટલો બધો ફરક પડ્યો ?

મહારાજા સંપ્રતિના પિતા કુણાલને આવું જ બનેલું. કુણાલ ઉજ્જેનીમાં હતો. ત્યાંના અધિકારી સુબા પર કુણાલના પિતા અશોકે ચિઠ્ઠી લખી 'કુમારો અધીયતામ્' અર્થાત્ કુમારને હવે 'અધ્યયન કરાવો.' પરંતુ ચિઠ્ઠી રાજા લખી ગાદી પર મૂકી બહાર

ગયા. શોક્ય રાણી આવી ચિઠ્ઠી જોઈ એમાં 'અ'ના માથે પોતાની આંખના કાજળથી બિંદુ લખી દીધું 'કુમારો અંધીયતામ્' ચિઠ્ઠી વાળી મૂકી દીધી. રાજાએ જોયા વિના માણસ દ્વારા ચિઠિ મોકલી ત્યાં તો નિરીક્ષક માણસ ચિઠિ વાંચી ચમક્યો !

કુણાલ પૂછે છે 'કેમ ચમક્યા ?'

'આવી ચિઠિ આવી છે, પણ તેથી તમને અંધ કરાય ? જરાય નહિ.'

કુણાલ કહે, 'પિતાજીનો આદેશ હું ન માનું તો પછી બીજો કોણ માનશે ?' પોતાની જાતે તપાવેલા સળિયાથી પોતાની આંખ ખત્મ કરી. કેટલામાં ? 'અ' ને બદલે 'અં' થવામાં ! આ સૂચવે છે,-

**(૧) સૂત્ર બોલવામાં જરાય અશુદ્ધ ન કરો.' એમ,**

**(૨) બીજા સાથે બોલવામાં હલકા તુચ્છ શબ્દ ન બોલો,**

**(૩) કઠોર નહિ પણ મૃદુ મધુર પ્રિય શબ્દ બોલો,**

**(૪) કોઈને કાંઈ લખવામાં પણ આ ખ્યાલ રાખો.** વળી આવેશનું કે ખોટા બંધાઈ જવાય એવું ન બોલો, ન લખો.

**જરાકમાં નરસિંહને રાજકન્યા મળી :-**

રાજાની ચિઠ્ઠીમાં 'વિષ' પર કાનો ચડી ગયો એટલા માત્રમાં નરસિંહને ઝેરથી મોત મળવાને બદલે રાજકન્યા પરણવા મળે છે ! રાજકુમારે નરસિંહને રાજાની ચિઠ્ઠી બતાવી આગ્રહ કરીને તરત જ એની સાથે બેન પરણાવી દીધી.

આ બધું જોઈને ખુશી ખુશી થતો પેલો ચિઠ્ઠી લાવનારો માણસ જલ્દીથી રાજા પાસે પહોંચી ગયો. બધી વાત કરી. રાજાના દિલમાં ભારે આઘાત લાગ્યો કે 'અરરર ! આ શું થયું ? નરસિંહ મોતભેગો થવાને બદલે માળો મારી જ કન્યાભેગો થઈ ગયો ? કેમ આમ થયું ?' શું ચિઠ્ઠીમાં વિષનું કોઈએ વિષા કરી નાખ્યું ? માણસને પૂછે છે 'તું અહીંથી સીધો જ પહોંચી ગયેલો ? કે વચમાં ક્યાંક રોકાયેલો ?'

માણસ કહે 'મહારાજા વચમાં રાત પડી ગઈ, એટલે એક મંદિરમાં સૂતેલો સવારે વહેલો ઊઠીને તરત ચાલ્યો, ને સીધો કુમાર સાહેબ પાસે પહોંચી ગયેલો. ત્યાં તો વિજયનાં વાજાં વાગતા હતાં, મેં તરત જ કુમાર સાહેબને એકાંતમાં લઈ જઈ ચિઠ્ઠી આપી આપની ભલામણ કાનમાં કહી. એ વાંચી એ તો ખુશ ખુશ થઈ બોલી ઊઠ્યા,- વાહ વાહ ! નરસિંહકુમારે વિજય મેળવ્યો એની બાપુજીએ સારી કદર કરી ! ને વિષાબેનને ધન્યવાદ કે એમને નરસિંહકુમારને દેવાનો બાપુએ આદેશ મોકલ્યો !'

રાજા સમજી ગયો કે બફાઈ ગયું, વિષનું વિષા વંચાયું ! 'હાય ! હાય !



મેં વિષ શબ્દને બદલે સીધો ઝેર શબ્દ જ કેમ ન લખ્યો !'

રાજા હૈયું બાળે છે વળવાનું કાંઈ ? કશું જ નહિ, એ જોતો નથી કે 'મેં તો નરસિંહને મારી નાખવાનો પેંતરો રચેલો, પરંતુ નરસિંહ એના પુણ્યે બચી ગયો. એ સૂચવે છે કે એનું પુણ્ય જોરદાર છે તો તો હવે વલોપાત રહેવા દે.' ના, વલોપાતમાં મનમાં ઘાટ ગોઠવી લે છે અને ચાર મારાઓ તૈયાર કરે છે. રાજા કેટલા બધા રૌદ્રધ્યાન કરી નરકનાં પાપ બાંધી રહ્યો છે ! શાસ્ત્ર કહે છે,

**મન બગાડ્યાની સજા કેટલી ?**

**'अट्टेण तिरिय गईय, रुद्दज्झाणेण गम्मइ नरयं ॥'**

અર્થાત્ આર્તધ્યાનથી તિર્યંચગતિના પાપ બંધાય, અને રૌદ્રધ્યાનથી નરકગતિનાં પાપ બંધાય. આવા દુર્ધ્યાનમાં વળવાનું કાંઈ નહિ, ને પાપ ઘોર બંધાય ! ત્યારે વિચારવા જેવું છે કે જીવ જગતની વચ્ચે બેઠો છે એટલે પ્રસંગો તો કોઈ ને કોઈ બન્યા જ કરવાના, પરંતુ જીવ કેટલો બધો મૂર્ખ કે એના પર મન બગાડી આર્ત-રૌદ્રધ્યાન કરી કેટલીય રકમના ભયંકર પાપ બાંધે છે !

**તંદુલિયો** મચ્છ રૌદ્રધ્યાન કરી મરીને નરકે જાય છે. **પ્રસન્નચંદ્ર રાજર્ષિ** રૌદ્રધ્યાનમાં ચડેલા તે એમણે નીચે નીચે સાતમી નરક સુધીનાં પાપ બાંધેલ ! એ તો સારું થયું કે પોતાના સાધુપણાનો ખ્યાલ આવી ગયો, દુષ્કૃતગર્હા અને પશ્ચાત્તાપમાં ચડ્યા, જોરદાર ધર્મધ્યાન લગાવ્યું, એમાં એ બધાં પાપો ધોઈ ચારેય ઘાતી કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી ગયા. નહિતર મહાવીર ભગવાને શ્રેણિકને કહેલું કે 'હમણાં મરે તો સાતમી નરકે જાય !'

આ બતાવે છે કે જીવનમાં ગમે તેવાં ને ગમે તેટલાં પાપ આચર્યા હોય, પરંતુ આ જ જીવનમાં જો પાપથી પાછા વળી જવાની તૈયારી હોય, અને પાપનાં પ્રાયશ્ચિત્ત કરો તો બચાવ મોટો મળી જાય છે.

**પાર્શ્વનાથ** ભગવાનનો જીવ પહેલા ભવે મરુભૂતિ મહાન શ્રાવક, તે ભાઈ કમઠતાપસને ખમાવવા ગયેલ, પણ પેલાએ માથા પર શિલા ઠોકી ! મરુભૂતિને માથું ફાટતાં આર્તધ્યાન થયું, તો મરીને હાથી તરીકે તિર્યંચનો અવતાર પામ્યા ! જો ભાઈની હિંસાના રૌદ્રધ્યાનમાં ચડ્યા હોત તો નરકમાં જાત.

**મદનરેખા** મહાસતીના પતિની નરકમાં પડવાની તૈયારી હતી. મોટાભાઈએ મદનરેખાને મહારાણી બનાવવાના લોભમાં નાના ભાઈ પર તલવારનો ઘા ઝીકેલો ! ત્યાં એને મોટાભાઈને મારવાના કાંઈ ને કાંઈ વિચારમાં રૌદ્રધ્યાન થયેલ, આંખ લાલચોળ બનેલી તે પરથી મદનરેખાએ રૌદ્રધ્યાન અને દ્વેષનો સંકલેશ પરખી લીધો અને એણે ઉપદેશ દીધો કે, 'અત્યારે આ જવાના સમયે આ ભાઈ પર દ્વેષ

અને એની હિંસાના વિચાર કરો છો ? વળશે કાંઈ નહિ, પણ બે મિનિટના રૌદ્રધ્યાનમાં નરકે જશો. મૂકો, એ ભાઈને ક્ષમા આપી દો. નવકાર મંત્ર યાદ કરો...' વગેરે કહી ઉપશાંત કર્યા, તો ધર્મધ્યાન લાગ્યું, ને ત્યાં જ મરીને પાંચમા દેવલોકે ગયા !

પેલો રાજા નરસિંહને મારી નાખવાના રૌદ્રધ્યાનમાં ચડ્યો છે. દાવ નિષ્ફળ ગયો તો ય નરસિંહનું મોત ન થયું એનો પસ્તાવો કરે છે.

**આ સંસારની લીલા છે કે પાપ ન કરી શકાયું એનો ય સંતાપ કરાવે !**

હવે જ્યારે નરસિંહકુમાર વગેરે પાછા આવે છે ત્યારે રાજા એમનું સ્વાગત કરાવે છે. મહેલમાં આવી નરસિંહ અને વિષા રાજાના પગમાં પડે છે, ત્યારે રાજા માથે હાથ મૂકી 'દીર્ઘાયુર્ભવ !' આશીર્વાદ આપે છે, અને નરસિંહના પરાક્રમના ભારોભાર વખાણ કરે છે, કહે છે.

"જો તારા પિતાજી તારા માટે કન્યાની ચિંતા કરતા હતા ત્યારે મેં એમને આશ્વાસન આપેલું કે ચિંતા ન કરશો મોકો આવશે તો રાજકન્યા પરણાવીશ," એ બરાબર સાચું થયું ને ? પણ એમાં પ્રભાવ તારી લાયકી અને તારા પરાક્રમનો છે'

નરસિંહ શું બોલે ? કહે છે 'માફ કરો, આ બધો પ્રભાવ આપનો છે.'

રાજા કહે 'એ તો ઉત્તમ માણસો એમ જ બોલે.'

છે ને રાજાનું માયાવીપણું ? મનમાં નરસિંહનો તરત ફેંસલો કરી નાખવાની ગણતરી છે. તેથી હવે નવો દાવ અજમાવે છે. એમાં એને પોતાની છોકરીને રંડાપો આવે એની ય એને પરવા નથી, અને બોલ કેવા સફાઈના બોલે છે ! આવા પ્રપંચી માણસોને સામાના પુણ્યબળની ખબર નથી હોતી કે 'પુણ્ય શું કામ કરે છે ?' ને ખોટા સાહસ કરે છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"     વર્ષ-૩૩,અંક-૩૬,તા.૮-૬-૧૯૮૫**

આજે તમારો જ દાખલો વિચારોને કે તમારા પોતાના પુણ્યના બળનો વિચાર કર્યા વિના તમે ય કેટલા ખોટા સાહસ કરો છો ? કેટલા અનુચિત બોલ બોલો છો ? ને એમ કેટલીય બાબતમાં પુણ્યબળ વિના ધારી સફળતા નહિ, ધારી કાર્યસિદ્ધિ નહિ, એટલે કેટલીય વાતમાં સંતાપ-પશ્ચાત્તાપમાં બળવાનું ઊભું થાય છે ! વિચારવું એ જોઈએ છે કે બીજાના દેખાદેખી રોફ મારવા જાઉં, શોખ મારવા દઉં, પરંતુ જો પુણ્ય દૂબળું હશે તો કુદરતની તમાચ પડવાની, ને એ ભારે પડી જશે !' તો શા માટે એવા પુણ્યના ખોટા ભરોસે સાહસ કરું ? રોફ મારું ? શોખ લગાવું ? એમ બીજાના પ્રસંગ અંગે પણ સામાનું પુણ્ય તપતું હશે અને હું એની



નિંદા કરવા જઈશ, એના વિરુદ્ધમાં વર્તીશ, તો એમાં સરવાળે સામાનું તો પુણ્યબળે કશું બગડશે નહિ, ને હું હલકો પડીશ'

**પુણ્યના ભરોસા ખોટા : દૂબળા પુણ્યે સાહસ ખોટા :-**

રાવણ રાજાએ (૧) વાલિરાજાને એક નાનો રાજા સમજી એના પુણ્યબળનો વિચાર ન કર્યો કે આનું પુણ્ય કેટલું તપે છે ! તેમજ (૨) પોતાનું પુણ્યબળ એની સામે કાચું છતાં પુણ્ય બળવાન સમજી એના ભરોસે ચાલ્યો. તો પરિણામ કેટલું ખતરનાક આવ્યું કે વાલિએ યુદ્ધભૂમિ પર તલવારનો ઘા મારવા તૈયાર રાવણ રાજાને આખો ઊંચકી છત્રીના ડાંડાની જેમ બગલમાં દબાવીને આકાશગામિની વિદ્યાથી જંબૂદ્વીપને રોન લગાવી ! રાવણનું શું માન રહ્યું ? સંતાપનો પાર નહિ. કેમ વારું એમ ? કહો સ્વ-પરના પુણ્ય બળનો સાચો વિચાર જ ન રાખ્યો, ને 'બસ, વાલિને યુદ્ધમાં આમ કચડી નાખું' એવા એક આવેશમાં આંધળિયા સાહસ કર્યા.

અહીં રાજા પણ નરસિંહના પુણ્યબળનો વિચાર નથી કરતો અને આંધળિયા સાહસ કરે છે. ખૂબી એ થાય છે કે એમાં નરસિંહનું કશું લેશ પણ બગડવાની તો વાત નહિ, ઊલટાનું સુધરતું જાય છે, વિશેષ સારું થતું જાય છે ! રાજાએ એને યુદ્ધમાં મરે એ માટે મોકલેલો પણ ઊલટું વિજય એવો મળ્યો કે ચારેકોર નરસિંહનો યશ ફેલાઈ ગયો ! વળી રાજાએ વિષ આપવાની ચિઠ્ઠી મોકલેલી તો એમાંય મરવાની વાત તો દુર, ઊલટું એ જ ચિઠ્ઠી પર રાજકન્યા પરણવા મળી ! આમ છતાં રાજાના મનમાં આવેશ-અભિનિવેશ એવો જબરો છે કે હજી એને એ બોધપાઠ લઈ પ્રપંચથી દુર્બુદ્ધિથી પાછો ન ફરવા દે. તે હવે એમ વિચારે છે કે 'નરસિંહનું મારાઓ પાસે અંધારી રાતે કાટલું કઢાવી નાખું.'

**રાજાની નરસિંહ પર મારાઓની યોજના :-**

રાજા એક બાજુ ખાનગીમાં ચાર મારાઓને બોલાવી કહે છે, આજ રાતે નગરના એક દરવાજા બહાર દેવીનું એક મંદિર છે ત્યાં રાતના ૯-૧૦ વાગે એક માણસ પૂજા કરવા આવશે. એના હાથમાં પૂજાપાનો થાળ હશે એ એની ઓળખ. તો જેવો એ નગરની બહાર નીકળી જરાક આગળ ચાલે કે એને ધારિયાથી પૂરો કરી નાખજો. એ આવે એ પહેલાંથી તમે લોકો ઝાડીમાં ગુપચુપ સંતાઈ રહેજો.'

એક બાજુ તો આમ મારાઓની ગોઠવણ કરી, ને બીજી બાજુ નરસિંહને કહે છે, "જુઓ આપણે ત્યાં રિવાજ છે કે લગ્ન કરીને તરત રાતના પૂજાપો ધરી આવવાનો; કેમકે એ દેવીમાતા આપણા કુળના રખેવાળ છે. તેથી તમો આજે રાત્રે ૯ વાગ્યા પછી પૂજાપો લઈને જજો, ને દેવીમાતાને પૂજાપો ધરી, એ રખેવાળીના આશીર્વાદ માગી લેજો. જો જો સાથે કોઈને લઈ જતા નહિ. રાતના એટલી હિંમત

તો રાખવી જ પડે, તો જ દેવીમાતાને વિશ્વાસ પડે કે 'આ સાત્ત્વિક છે તો મારે એનું રક્ષણ કરતા જ રહેવું જોઈએ.' અમે પણ એ રીતે એકલા જઈને પૂજા કરી આવેલા."

જુઓ રાજાનો પ્રપંચ ! બંને બાજુ એવી ગોઠવી દીધી કે એને હવે હાશ થાય છે કે 'હાશ ! હવે કામ પતી જશે.'

નરસિંહ કહે 'મહારાજા ! એની ફિકર ન કરો જેવો આપનો આદેશ. મોટી લડાઈ લડ્યા પછી આમાં શી મોટી હિંમત જોઈએ છે ? દેવી માતાની આશીષ તો મેળવવી જ જોઈએ; તેમ કુળના રિવાજનું પાલન પણ કરવું જ જોઈએ. બસ, રાતના નવ વાગ્યા પછી દેવી માતાને પૂજાપો ધરી આશીષ માગી આવીશ.'

નરસિંહ આમેય જનમથી હસમુખો છે, ગમે તેવા ફરતા સંયોગમાં ય રોતડ નથી, તો અહીં પણ શાનો રોતડ બને ? એનું મન ફોરું ફૂલ છે. મનને કશી ચિંતા નથી. આ બક્ષીસ છે પૂર્વ જન્મના વીતરાગ દર્શનનો ધર્મ બહુ કર્યાની. ત્યારે જોવા જેવું છે કે

**એક વીતરાગદર્શનના ધર્મમાં કેટકેટલા સારા બનાવોનાં બીજ પડ્યા હશે ? અંશ પડ્યા હશે ?**

**એક સુકૃતમાં કેટકેટલા સુખનાં બીજ ?**

બીજ વિના તો સુખનો પાક આવે નહિ. દા.ત. જીવદયા પાળી તો પરભવે મહાન શાતા મળે છે, તો એ શાતાનાં બીજ વર્તમાન જીવદયાના સુકૃતમાં પડેલું સમજવાનું. એમ એકલી શાતા જ નહિ, બીજા પણ યશ કીર્તિ વગેરે લાભ થાય એનાં પણ બીજ એમાં સમજવાનાં. પૂછો,-

**પ્ર.**- વર્તમાન સુકૃતમાં ભાવિ સુખનાં બીજ શી રીતે ?

**ઉ.**- જેમ ઘઉં વાવવાથી પાકમાં ઘઉં આવે છે, એમ વર્તમાન સુકૃતથી કર્મવિપાકમાં ભાવિ સુખ અને સુકૃત આવે છે. એ જ પુરવાર કરે છે કે વર્તમાન સુકૃતમાં ભાવિ સુખોનાં અને સુકૃતનાં બીજ પડેલાં છે, પછી જેવું સુકૃત, જેવા ભાવવાળું સુકૃત તે પ્રમાણે એનાં સુખોનાં ને સુકૃતનાં બીજ હોય. અલબત અહીં સુકૃતસેવન સાથે મલિન ભાવ ન જોઈએ.

નરસિંહે જિનદર્શનનાં પવિત્ર ભાવે સુકૃત એવા અદ્‌ભુત કરેલાં છે કે એમાં કેઈ જાતના સુખના બીજ પડેલા હશે કે અહીં એનામાં વિપરીત સંયોગોમાં અથાગ સુખના પ્રકાર ઊભા થાય છે. આવા એકમાત્ર જિનદર્શનનાં જબરદસ્ત સુકૃતની સામે રાજા ફાંફા મારે એનું શું વળે ? એણે તાકડો તો એવો ગોઠવ્યો કે નરસિંહ પાસે જો પુણ્યબળ ન હોય, પૂર્વભવની જિનદર્શનની પ્રચંડ સાધનાનું બળ ન હોય, તો તો એનો ઘડો લાડવો જ થઈ જાય. પરંતુ જુઓ એને કેવી રીતે બચાવ મળે છે.



નરસિંહ પોતે રાજાને માનનીય વડિલ તરીકે માને છે, ને હવે પાછા પોતાના સસરા બન્યા છે, તેથી રાજાના હુકમ પ્રમાણે કરવામાં એને કશો બીજો વિચાર કરવો નથી. એટલે રાતના નવ વાગતાં પૂજાપાની થાળી લઈને નીકળે છે.

બોલો, હવે એમાં નરસિંહને બચવાની આશા છે ? ના, કેમકે હવે એ નગરની બહાર નીકળે એટલી જ વાર છે, ઝાડીઓમાં છુપાઈ બેઠેલા ચાર મારા અંધારી રાતે એના પર તૂટી પડવાના છે, તેમજ નરસિંહ નિશ્ચિતપણે દેવી પૂજાર્થે મુકામેથી નીકળી પડ્યો છે. મારાઓ નિર્દય છે, ને ચિઠ્ઠીના ચાકર છે, ને એમને રાજાનો હુકમ છે કે 'આ સમયે જે પૂજાપો લઈને મંદિર તરફ જતો હોય એને ઠોકી પાડજો,' એટલે એમને એ જોવાનું રહેતું નથી કે આ કોણ વ્યક્તિ છે. આમ મારા તરફથી દયા મળે એવી નથી, તેમજ રાજા તરફથી પણ દયા નહિ કે એને પાછળથી વિચાર ફરે ને મારાઓને પાછા બોલાવી લે, અગર નરસિંહ પર દયા આવવાથી એને પૂજાપો લઈ ધરવા જવાની ના પાડે. આમ રાજા તરફથી દયા મળે એવી નથી, ત્યાં નરસિંહને બચાવનાર કોણ ?

**આપણી સામે બે ચીજ છે,- એક, સંયોગો; બીજું આપણાં શુભાશુભ કર્મ.**

**આપણે માત્ર સંયોગો પર મદાર રાખીએ છીએ, ને એમાં ધાર્યું થતું નથી એટલે કષાયો ને દુર્ધ્યાન કરીએ છીએ;**

પરંતુ આપણા શુભાશુભ કર્મ તરફ નજર જ લઈ જતા નથી, એના પર વિશ્વાસ નથી કરતા. દા.ત. આજે કારમી મોંઘવારી આવી, તો સંયોગો જોઈશું કે 'આજ સરકાર કેવી થઈ ગઈ છે ? પ્રધાનો અમલદારો કેવા લાંચિયા થઈ ગયા છે ? લાંચ ખાઈ ખાઈને માલના ભાવ વધારાને સરજે છે.' આ જોઈને કષાયો અને દુર્ધ્યાનમાં દૂબળા પડીએ છીએ. પણ આ શું જોયું ? માત્ર સંયોગો જોયા. ખરી રીતે ત્યાં જો આપણા અશુભ કર્મ પર નજર નાખીએ તો દેખાય કે 'આપણા પુણ્ય જ દૂબળા, અને પાપના એવા ઉદય કે એનું આ જ પરિણામ હોય. પૂર્વ ભવે ઊંધું ચીતર્યું હોય, ઊંધા વેતરણ કર્યા હોય, એટલે અહીં સારું ક્યાંથી પામવાનું મળે ? માટે કર્મને દોષ આપી સંયોગોને દોષ આપવાની જરૂર નથી. એમાં એથી પણ આગળ વિચારી શકાય કે "પૂર્વ ભવે ભગવાનની ભક્તિમાં ને ત્યાગ-તપસ્યાદિ ધર્મમાં ખામી રાખેલી, તેથી પુણ્યોપાર્જનમાં ખામી રહી, એટલે અહીં કાળઝાળ મોંઘવારી ને વસ્તુની અછત વગેરે કેટલીય આપદાઓ આવી પડે છે. માટે હવે અહીં ભગવાનની ભક્તિ વધારું, ત્યાગ તપસ્યા આદિ ધર્મ વધારું" આમ સંયોગો પર મદાર રાખવાને બદલે શુભાશુભ કર્મ પર મદાર રાખીએ, તો ખોટા દ્વેષ ન થાય, આર્તધ્યાન ન થાય, કર્મસત્તાને આગળ કરવાથી આશ્વાસન મળે, તેમજ હવે

માટે અરિહંત-ભક્તિ અને ધર્મ સૂઝે.

**આર્યમાનવ-જીવન જીવવાની આ જ ખૂબી છે કે સંયોગોને બદલે શુભાશુભ કર્મનો વિચાર મુખ્ય રહે, તેમજ ધર્મપ્રવૃત્તિ વધારવા પર નજર રહે.**

**નરસિંહની પૂર્વ જન્મની દર્શનધર્મ પ્રવૃત્તિ ગંભીરતાથી વિચારી એવા દર્શનધર્મમાં લાગો.**

નરસિંહે પૂર્વભવે જિનદર્શનનો ધર્મ એવો શુદ્ધ રીતે અને ખૂબજ હોંશ સાથે કર્યો છે, કે અહીં એને સંયોગ ગમે તેવા પ્રતિકૂળ આવે પણ એને પૂર્વધર્મના સરજેલા પુણ્ય અર્થાત્ શુભકર્મ આબાદ રક્ષણ આપી દે છે; ને ઉપરાંત ઉચ્ચ ઉચ્ચતર સ્થાન સામગ્રી આપી દે છે. જુઓ, નરસિંહ અંધારી રાતે સહજ રીતે કેવા જબ્બર રક્ષણને પામે છે. એ જ્યાં રસ્તેથી ચાલ્યો જાય છે, ત્યારે રાજકુમાર પોતાના આવાસના ઝરુખે બેઠો છે. એ નરસિંહકુમારને જતો જોઈ તરત ઊભો રાખી પોતાના આવાસમાં બોલાવી લઈ પૂછે છે,

'અત્યારે અંધારી રાતે ક્યાં ચાલ્યા ?

નરસિંહ કહે 'બાપુજીનો આદેશ છે કે લગ્ન પછી તરત દેવી માતાને રાતના દસ વાગે પૂજાપો ધરી આવવો જોઈએ. આપણા કુળમાં રિવાજ છે.'

રાજકુમાર વિસ્મય સાથે વિચારે છે કે 'આ વળી રિવાજ ક્યાંથી આવ્યો ? ખેર, પિતાજીનો હુકમ છે તો પાળવો જોઈએ પરંતુ એ માટે આવા નબીરા મહાન સૌભાગ્યવંતા નરસિંહકુમારને ધક્કો ખાવાની શી જરૂર ? એ તો હું પણ પૂજાપો ધરી આવું તો ચાલે.'

રાજકુમારને નરસિંહ સાથે દોસ્તી તો ગાઢ થયેલી જ હતી, એમાં એણે નરસિંહનો જે મુલામય ઉમદા સ્વભાવ જોયો છે, યુદ્ધમાં જે પરાક્રમ જોયું છે... એ બધાથી એને નરસિંહ તરફ એટલું બધું આકર્ષણ છે, નરસિંહકુમાર ઉપર એટલું ભારોભાર બહુમાન છે, કે એ વગર કહ્યે પોતે સામેથી પૂજાપો લઈ જવાની માગણી કરે છે. નરસિંહ આવી મામૂલી વાતનું કષ્ટ ઉઠાવે એ એને પસંદ નથી.

**ગુરુ પર ને મહાન ઉપકારી પર આપણને એવું ઊછળતું બહુમાન હોય તો અવસરે અવસરે એમનાં કષ્ટ આપણે ઉપાડી લઈએ.**

જો એ મન નથી થતું તો એનો અર્થ જ એ છે કે એમના પર એવું ભારોભાર બહુમાન જ નથી. રાજકુમારને નરસિંહ પર ભારોભાર બહુમાન હોવાથી એટલું બધું આકર્ષણ છે કે એ નરસિંહને આમ એકલો પૂજાપો ધરવા જવા દેવા તૈયાર નથી, તેથી નરસિંહને કહે,-

'ભલે બાપુજીનો આદેશ છે, ને કુળનો રિવાજ છે તો આપણે દેવીમાતાને



પૂજાપો ધરવો જોઈએ, પણ તેથી કાંઈ તમારે જ જવું પડે એવો કાયદો નથી. તમારી વતી, લાવો પૂજાપો, હું જ ધરી આવું છું. તમે તમારે જાઓ આવાસ પર, આરામ કરો.'

નરસિંહે કહ્યું તો ખરું કે 'ના, ના, એમ હોય ? લગ્ન મારા થયેલાં છે તેથી મારે જ જવું જોઈએ ને ?'

પણ રાજકુમાર કહે 'અરે ! કુમાર સાહેબ ! લગ્ન થાય તો દેવીને માત્ર પૂજાપો ધરવાનો હિસાબ હોય. પછી એ ગમે તેના હાથે ધરાય તો ચાલે. તો તમારી વતી જ હું પૂજાપો લઈ જાઉં છું ને ? તેથી તમારે પોતાને જવાની જરૂર નથી. હું તમને નહિ જવા દઉં.' આમ રાજકુમારના આગ્રહ પર નરસિંહને મંજૂર કરવું પડ્યું. પૂજાપાની થાળી રાજકુમારે લઈ લીધી. નરસિંહ પોતે પોતાના આવાસ તરફ ચાલ્યો ગયો.

જુઓ હવે રાજકુમાર અંધારી રાતે પૂજાપાની થાળી લઈને ચાલ્યો છે દેવીના મંદિર તરફ ! કેમ જઈ રહ્યો છે ? ભલાઈનું કામ કરવા. ભલાઈનું કામ કરવા જાય એને આફત આવે ? જુઓ,

**ભલાઈનું કામ કરવા જવું એ સત્ પુરુષાર્થ-શક્તિનું ફળ છે; ને આફત આવવી એ પૂર્વ ભવનાં કર્મનું ફળ છે.**

પુરુષાર્થ અને કર્મ એ બે સ્વતંત્ર છે; એટલે વાંકાં કર્મની વસ્તુનો દોષ કર્મને અપાય, પણ પુરુષાર્થને નહિ તેથી એમ ન બોલાય કે 'લો જુઓ આ ભલાઈ કરવા ગયા એટલે માર પડ્યો,' કેમ ન બોલાય ? કહો માર એ પૂર્વકર્મની વસ્તુ છે, અહીંની ભલાઈના પુરુષાર્થની વસ્તુ નહિ. માટે મારનો દોષ કર્મને અપાય, પુરુષાર્થને નહિ.

**રાજપુત્ર પર મારાઓ :-**

રાજકુમારને બિચારાને પોતાના કોઈ એવા પૂર્વના કર્મ ઉદયમાં આવ્યા કે પોતાના સગા બાપે કરેલી કરપીણ માયા-યોજનાનો ભોગ પોતે જ બની જાય છે ! જો જો કર્મની વિચિત્રતા જેવો એ રાજપુત્ર બિચારો નગરની બહાર નીકળી જંગલમાં ઊતર્યો કે ઝાડીમાં છુપાઈ બેઠેલા ચાર મારાઓ ઝાડીમાંથી બહાર નીકળી ધારિયાઓથી રાજકુમાર પર તૂટી પડ્યા. ચીસો પાડવાનો સમય જ નહિ એવો એક ક્ષણમાં એને ખત્મ કરી મારાઓ ભાગી ગયા.

હવે રાતના કોણ તપાસ કરે કે રાજકુમાર ક્યાં છે ? એ તો સવારે લોકો જંગલ જતાં જુએ તો રાજકુમાર કપાઈ મરેલો પડ્યો છે ! ત્યાં હાહાકાર થઈ ગયો. રાજાની પાસે વાત પહોંચી. પરિવાર સાથે એ દોડતો આવ્યો. નગરમાં વાત ફેલાઈ

ગઈ. લોકો ય ખૂબ ઉદ્વેગ્ન થઈ ગયા. લોકમાં વાત ચાલી, 'અરે ! કોણ દુષ્ટે આવા ઉમદા રાજકુમાર બિચારાને આવી કરપીણ રીતે મારી નાખ્યો ? મારનારનું સત્યાનાશ જજો...'

નરસિંહ પણ ત્યાં આવ્યો. એ તો પોકેપોક રુએ છે,- 'ઓ મારા પ્રાણપ્યારા દોસ્ત ! આ તને કયા હરામીએ મારી નાખ્યો ? ઓ મારા ભગવાન ! આ બિચારા નિર્દોષ જીવની તેં રક્ષા ન કરી ? હાય રે હૈયા ! આ જીગરજાન મિત્રને મરેલો જોઈ તું કેમ ફૂટી જતું નથી ?...' અંદરમાં સમસમી ગયો કે 'આ શું ? પૂજાપો લઈને હું જ જતો હતો, તો હું ત્યાં ગયો હોત તો શું મારી આ જ દશા થાત ? મિત્ર મર્યાનો ભારે ખેદ કલ્પાંત કરે છે.

**રાજાનો કલ્પાંત :-**

ત્યારે રાજા તો અવાક્ જેવો જ થઈ ગયો. એણે જોયું કે

'જે નરસિંહને મારે ખત્મ કરાયેલ જોવો હતો, એ પૂર્વની જેમ અહીં તે પણ સુરક્ષિત છે, ને મારો અતિપ્રિય પુત્ર જ ખત્મ થયો ? હાય ! હાય ! આ શું થયું ? મારાં જ કર્યા મારા જ લમણે વાગ્યાં ? ખરેખર ! જેનું પુણ્ય જોર કરે છે એને કોણ કશું કરી શકે ? આ મારો હવસ જ ખોટો હતો. એમાં નરસિંહ પર વારંવાર આક્રમણ લઈ ગયો છતાં એને ઊની આંચ ન આવી, ને મેં વ્યર્થ પાપનાં પોટલા બાંધ્યા ! અને અંતે મારા પોતાના જ દીકરાની બિચારાની કરપીણ હત્યા થઈ.

હાય ! હાય !' રાજાને પસ્તાવાનો પાર નથી. એના મનને એમ થાય છે કે, 'મારાં આ ગોઝારા છૂપા પાપ મને કેવી નરકમાં લઈ જશે ? હજી પણ જગત મને સારા રાજા તરીકે ઓળખશે ! મારા જેવા ભયંકર પાપીના સન્માન કરશે ! અને હું માયાવી કપટી બન્યો રહી શું એવા ખોટાં માનપાન લઈ હજી પણ ઘોર પાપ બાંધતો રહેવાનો ? આ મનુષ્ય જનમ શા માટે મળ્યો છે ? શું પુણ્ય ભોગવી ભોગવીને ખલાસ કરવા માટે ? અને ભરચક નવા ભયંકર પાપોના પોટલાં કમાવા માટે મળ્યો છે ? કે નવા પાપ બંધ કરી પૂર્વનાં જનમ-જનમનાં પાપોનો નિકાલ કરવા અને ભગવાનની ભક્તિમાં જ લાગી જવા માટે ? પરંતુ આ ભગવદ્ ભજન સાચું ક્યારે થાય ? પાપી છતાં દુનિયાની આગળ સારા દેખાવાની માયા મૂકી દઉં તો જ સાચું ભજન વાસ્તવિક ભજન થાય.

**કોઈ પણ નાની ય ધર્મસાધના માયા-કપટ-દંભ રાખીને નિર્મળ થઈ શકે જ નહિ.**

માટે હું દુનિયા આગળ ખુલ્લો થઈ જાઉં પછી ભલે કદાચ દુનિયા મારી નીચતા જાણી ગુસ્સે થઈને મને કૂટી મારે ! તો પણ મેં જે ઘોર પાપ કર્યા છે, તેનાં નરકનાં ફળ આગળ અહીંનું કૂટાવાનું કાંઈ વિસાતમાં નથી. મારું આ મહાપાપી



નાલાયક શરીર કૂટાવા લાયક જ છે.

રાજા સંતાપ-પશ્ચાત્તાપમાં એવો ચડ્યો, એવો ચડ્યો, કે સ્વમાન યાને જાતની વડાઈ અને અહંત્વ પર ચોકડી મારે છે. નહિતર જાતના આવા પાપોના લોકો આગળ ઈકરાર કરવો સહેલો છે ? પરંતુ પોતાના પાપોનો પશ્ચાત્તાપ એટલો બધો તીવ્ર છે કે પોતાની જાત અધમાધમ લાગે છે, જાતનું કશું માન જ લાગતું નથી, એટલે પાપોના ઈકરારમાં માનહાનિ શી માનવી ? એને જાતે જ વડાઈ-અહંત્વ તોડી નાખવા છે, અને પોતાના દાખલાથી જગતના જીવો પાપ કરતાં અટકે એવું કરવું છે, એ માટે ત્યાં લોકોની આગળ ઈકરાર કરે છે,-

**રાજાનો પાપોનો ઈકરાર**

''હે મંત્રીઓ ! અમલદારો ! અને પ્રજાજનો ! તમે સાંભળો આ નિર્દોષ રાજકુમાર બિચારો શી રીતે આ કરપીણ હત્યાનો ભોગ બન્યો એની તમને ખબર નથી, પરંતુ જાણી લો, એની હત્યામાં હું મહાપાપી જ કારણ છું. તમને લાગશે કે 'શું આ દીકરો મને ગમતો નહોતો તે મેં એની હત્યા કરાવી નાખી ?' ના, ના, એવું કશું નથી. કુમાર તો મને બહુ જ વહાલો હતો, પરંતુ મેં પાપાત્માએ આ મહામાનવ નરસિંહકુમારને મરાવી નાખવા પેંતરો રચેલો, એમાં એ તો એના પુણ્યે બચી ગયો, ને નિર્દોષ બિચારો રાજકુમાર એ પેંતરામાં ફસાઈ ગયો !

''ત્યારે તમને આશ્ચર્ય થશે કે આવા મહાલાયક મહામાનવ નરસિંહકુમારને મારી નાખવાનો પેંતરો ? હા, એનું કારણ, મૂળ આ નરસિંહ ગરીબ બ્રાહ્મણનો દીકરો, બાળપણે એને એનો બાપ મારા પગે પાડવા લાવેલો, ને રાજજ્યોતિષીએ એની મુદ્રા-રેખા જોઈ મને કહ્યું કે 'આ તમારી ગાદીએ રાજા થશે,' ત્યારે મેં બહારથી તો આનંદ દેખાડ્યો પરંતુ અંતરથી દુભાયો કે 'હેં શું આવો માગણિયાનો છોકરો મારો વારસદાર ? એને અત્યારથી જ ઠેકાણે પાડી દઉં.'- એમ વિચારી એને ખાનગીમાં મારાને ભળાવ્યો. મારો મારા જેમ અધમ પાપી નહિ તે એને વળી દયા આવી હશે તે એને ઉદ્યાનમાં મૂકી આવેલો,

''એટલે આ નરસિંહ હવે માલણનો છોકરો થઈ ઉછરવા લાગ્યો. પાંચેક વરસનો થયો ત્યારે એને લઈને માલણ ફૂલ આપવા આવી, ત્યાં પણ પાસે બેઠેલા રાજજોષીએ આ જ ભવિષ્યવાણી ઉચ્ચારી કે આ છોકરો ભાગ્યશાળી છે તમારી રાજ્યગાદીએ આવશે. એટલે મને વહેમ પડ્યો કે 'આ પેલું બાળક તો નહિ હોય ? ગમે તે હો પણ આને ખત્મ કરાવી નાખવા બીજા મારાને ખાનગીમાં કામ સોંપતાં કહ્યું 'જો આને દૂર દૂર જંગલમાં લઈ જઈ કોઈ કૂવામાં પધરાવી દેજે.'

''પરંતુ હે નગરજનો ! જુઓ કે જેને રામ રાખે તેને કોણ ચાખે ?''

**માણસ બીજાનો દ્રોહ કરવા ફોગટનાં પાપો કરે છે.**

**સામો પુણ્યવંતો હોય તો એથી એનું કશું બગડતું નથી.**

આ નરસિંહકુમાર મહાપુણ્યવાન તે જંગલમાં ગમે તે બન્યું હશે, મારાએ કૂવામાં નાખી દેવાને બદલે કોઈ મોટા શેઠને સોંપ્યો હશે, તે આજે મોટા શેઠનો દીકરો બની અહીં આવ્યો, ને ફરીથી રાજજોષીએ એને જોતાં પાછી એ જ આગાહી કરી ! ત્યારે મારું દુષ્ટ હૃદય એ વસ્તુ સહન કરી શક્યું નહિ, ને મેં આને વહાલ દેખાડી મારા પુત્રની સાથે યુદ્ધની કળા શીખવી, અને અવસર આવતાં દુશ્મનની સામે એને લડવા મોકલ્યો. 'એક જ મારી ધારણા હતી કે આ યુદ્ધમાં મરશે ને કાંટો નીકળી જશે.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૩,અંક-૩૭,તા.૧૫-૬-૧૯૮૫**

મારા જેવા અધમ માણસોને ઉચ્ચ માનવજનમની કદર નથી, તે એવો પરોપકારાદિ સદ્‌ગુણ સાધી લેવાને બદલે પરદ્રોહ-વિશ્વાસઘાત જેવા ભયંકર કુકૃત્ય કરે છે. એને ખબર નથી કે જેની ખાતર આ દુષ્ટ કૃત્યો કરે છે એ પદાર્થો તો અહીં મૂકીને છૂટી જવાના છે, પછી શા સારું એવા નાશવંત પદાર્થ ખાતર દુષ્કૃત્યો કરી તારા અવિનાશી આત્માનું બગાડે ? વળી દ્રોહ કરી સામાનું બગાડવા ઈચ્છે છે, પરંતુ

**જેનું પ્રબળ પુણ્ય તપે છે, એને ઊંધા પાસા સવળા થઈ જાય; તે** નરસિંહકુમાર યુદ્ધમાં મરવાને બદલે વિજેતા બન્યો ! એટલે મેં વળી પાછો પેંતરો કર્યો. યુદ્ધ જોવા સાથે ગયેલા પુત્ર પર ચિઠ્ઠી મોકલી કે 'આને વિષ આપી દેજો.' ત્યાં ય નરસિંહકુમારનું પુણ્ય જબરું, તે ગમે તે રીતે ચિઠ્ઠીમાં 'વિષ' ને બદલે 'વિષા' થઈ ગયું ! અને ત્યાં ગયેલી બેન વિષાને ભાઈએ આની સાથે પરણાવી દીધી ! નરસિંહકુમાર જમાઈ થઈને પાછો આવ્યો ત્યારે મને આશ્ચર્ય સાથે દુઃખ થયું કે 'અરર ! આ ક્યાંથી મારો જમાઈ બની ગયો ?'

માણસનું ધાર્યું શું થાય છે, જ્યાં બળવાન કર્મસત્તાનું સામ્રાજ્ય ચાલી રહ્યું હોય છે ? છતાં મૂઢ માણસ પાપપ્રપંચો કરવામાં બાકી રાખતો નથી; એટલે કેટલા હજારો લાખો દુઃખભર્યા દુર્ગતિના અવતારોની પરંપરાના આંધણ ચડે એમાં નવાઈ શી ? પાપપ્રપંચો કરી અહીં કશું વળવાનું તો નહિ, તે અંતે બધું મૂકીને મરવાનું અને પાપનાં પોટલા માથે લઈ દુર્ગતિના પ્રવાસે નીકળી પડવાનું ! છતાં આશ્ચર્ય છે કે અહીં પાપપ્રપંચો છોડવા નથી ! પણ એનું કારણ પરલોક નજરમાં લેવો જ નથી આવી જ મારી પાપિષ્ઠતા જુઓ કે 'દીકરી રાંડે તો ભલે રાંડે પણ આ



નરસિંહને ખત્મ કરું' એવા દુષ્ટ વિચારથી એક બાજુ મેં ચાર મારાઓને ખાનગીમાં તૈયાર કર્યા, અને રાતના પૂજાપો લઈને દેવીમંદિરે જતો હોય એને ખત્મ કરવાનું ભળાવ્યું, અને બીજી બાજુ નરસિંહને કહ્યું 'આપણે ત્યાં લગ્ન પછી દેવીમાતાને રાતના પૂજાપો ધરી આવવાનો રિવાજ છે તો તમારે ધરી આવવાનો.'

નરસિંહકુમાર પૂજાપો લઈ નીકળ્યા હશે, પણ મારા પુત્રે જ પૂજાપો લઈ જવાનું કર્યું હશે, એમાં એ બિચારો મારાઓથી મારી નખાયો !

"આ મારા જીવનની કાળી કથની છે. હું મહાપાપી છું અધમાધમ છું. મારા જેવો જગતમાં કોઈ દુષ્ટ માણસ નહિ હોય. લાખ વાનાં કર્યા પરંતુ નરસિંહકુમારના પ્રબળ પુણ્ય આગળ મારા પાસા અવળા પડ્યા.

"હવે હું નરસિંહકુમારની ક્ષમા માગું છું, ને રાજ્યગાદી એમને સુપરત કરું છું. મારી તેમાં સૌને સલાહ છે કે ભગવદ્-ભજન માટે મળેલા આ કિંમતી માનવદેહને પાપિષ્ઠ કાર્યો, પાપિષ્ઠ વાણી-વિચારો અને પાપિષ્ઠ વર્તાવોથી અભડાવશો નહિ."

**રાજાએ નરસિંહકુમારનો રાજ્યાભિષેક કર્યો.**

એટલામાં જાણવા મળ્યું કે જ્ઞાની મહાત્મા પધાર્યા છે, એટલે રાજા અને બીજાઓ મહાત્મા પાસે ગયા. ત્યાં રાજાએ પૂછ્યું કે 'નરસિંહકુમારનું એટલું બધું પુણ્ય શાથી ?' મહાત્માએ જ્ઞાનથી જોઈને કહ્યું કે પૂર્વભવે એણે ભિખારીપણે વીતરાગ પ્રભુનાં દર્શન ખૂબ કરેલાં એથી પ્રબળ પુણ્ય ઊભાં થયાં, તે અહીં આ જનમમાં એના રુડાં ફળ પામી રહ્યો છે.

**જ્ઞાનીનો ઉપદેશ :- 'જીવનમાં ધર્મ જ સાર છે.** બાકી બધું અસાર છે, માલ વિનાનું છે. અસારને છોડી સારભૂત ધર્મને સેવે એ સુખી થાય છે. અહીં આ ઉત્તમ જનમમાં સુખ-સગવડો મળી એ પૂર્વે સારભૂત ધર્મ આરાધ્યાનું ફળ છે; માટે અહીં પણ સારભૂત ધર્મને સારી રીતે આરાધી લો. સારભૂત ધર્મ પણ જો સર્વ પાપત્યાગ સાથે થાય, અર્થાત્

**સર્વ વિરતિમય અહિંસા-સંયમ-તપ ધર્મની આરાધના કરાય તો, એની એટલી બધી પ્રચંડ તાકાત છે કે એ માત્ર આ જનમના જ શું, જનમ-જનમનાં પાપ તોડી નાખે !**

અરે ! એમાં ય સામાન્ય પાપો તો શું, પણ ભયંકર પાપોને ય નષ્ટ કરી દે ! એટલે તો એક વખતના ભયંકર પાપી પણ આત્માઓ અહિંસા-સંયમ-તપથી કર્મ માત્રનો ક્ષય કરી મોક્ષ પામી ગયા છે. નરસિંહને આ જનમમાં ભારે આફતો અને એમાંથી ગજબના બચાવ તેમજ સરવાળે રાજ્યગાદીના વૈભવ મળે છે, એ બધાના મૂળમાં શું છે ? કહો, પૂર્વભવમાં ભિખારી અવસ્થામાં પણ જિનમંદિરોમાં કરેલ પ્રભુદર્શનનો ધર્મ.

**નાનકડો પણ મહાન પ્રભાવવંતો જિનદર્શન-ધર્મ.**

જોજો, આમ જોઈએ તો દર્શનનો ધર્મ નાનકડો સામાન્ય ધર્મ ગણાય, છતાં એની તાકાત કેટલી બધી મોટી ? નરસિંહના અવતારમાં એનાં જ ફળ નીપજ્યાં, એ પરથી દર્શન-ધર્મની તાકાત સમજાય ને ?

**જિનદર્શનની આ પ્રચંડ તાકાતનું કારણ આ જગતમાં વીતરાગ દેવાધિદેવ એ સર્વશ્રેષ્ઠ કલ્યાણ-વિભૂતિ છે,**

એમને સહેજ મન પર લાવો એટલામાં ય મોહરાજાને ત્યાં ઉથલપથાલ થઈ જાય. વીતરાગમાં મન ગયું, અને વીતરાગ પર આંખ ગઈ, એ વીતરાગ તરફ ખેંચાણ રાગ-દ્વેષના શત્રુ તરફ થયું, અને એમાં ય મન એટલે આખા શરીરતંત્ર અને આત્મતંત્રનો સંચાલક; એ મનને રાગ અને મોહનાં પાત્રો પરથી ઉઠાડી વીતરાગમાં જોડ્યું, સાથે આંખ જોડી દર્શન કર્યા, એથી એવા શુભ અધ્યવસાય થાય કે મનમાંથી રાગ-મોહ આદિના કચરાનાં અધ્યવસાય મોળા પડી જાય. એની તાકાત આ- જનમ જનમનાં પાપ તોડી નાખે, મહાન સ્વર્ગ સુધીનાં પુણ્ય ઊભા કરી આપે, તથા શુભ સંસ્કારો અને એના દ્વારા સદ્‌બુદ્ધિ-ધર્મબુદ્ધિની પરંપરા સરજી આપે. ત્યારે આવા લાભ કરાવનાર પ્રભુદર્શન કરવામાં કષ્ટ કેટલું ? ખર્ચ કેટલો ? જે પ્રભુદર્શન ભિખારી કરતો ગયો, એવાં પ્રભુદર્શન આપણને આવડે ? પૂછો,- 'એમાં શું આવડવું છે ? પ્રભુ આગળ હાથ જોડી માથું નમાવીએ એટલે દર્શન થયાં. પેલો ભિખારી તો કદાચ સ્તુતિ નહિ બોલતો હોય, અમે તો સ્તુતિ ય બોલીએ, પછી અમારાં દર્શનમાં શું બાકી રહ્યું ?' પરંતુ કહે છે ને કે **'નમન નમન મેં ફેર હૈ,'** એમ દર્શન દર્શનમાં ફરક છે. દા.ત.

**● દર્શન પરાણે થાય, ● દર્શન ઉમળકાથી થાય.**

**● દર્શન રેઢિયાળ રીતે થાય, ● દર્શન ઢંગથી થાય.**

**● દર્શન ભોજન ખુલ્લું કરવા થાય, ● દર્શન ભોજનનાં ઝેર ન ચડે માટે થાય.**

**● દર્શન રોતડ ચહેરે થાય, ● દર્શન ઉછળતા ઉલ્લાસ-ઊછરંગથી થાય.**

**● દર્શન રાબેતા મુજબ રોજનો રિવાજ સમજીને થાય; ● દર્શન નવનવી હોંશ ને હરખથી થાય.**

આ દરેક જોડકામાં એક કરતાં બીજામાં કેટલો ફરક ? કહો, બહુ મોટો ફરક. દર્શન દેવપાલે જંગલમાં મળેલી મૂર્તિનાં કર્યાં. એ દર્શનમાં એવો ઘેલો ઘેલો થઈ ગયો કે પહેલાં તો આ નિયમ કર્યો કે 'રોજ આ પ્રભુનાં દર્શન વિના મોંમા પાણી ય નહિ નાખું.' એ કર્યું કે સાત દિનની વરસાદની હેલીમાં પાણીના ચડેલા



મોટા પૂરમાં દર્શને જઈ ન શક્યો, તો ભૂખ્યો રહ્યો ! ને આઠમે દિન પૂર ઊતરી જતાં પ્રભુ પાસે જઈ ભક્તિથી ખૂબ રોયો,- "પ્રભુ ! તારા દર્શન વિના મારા ૭-૭ દિન વાંઝિયા ગયા ! ઓ પ્રભુ ! મને ભલે ભૂખ્યો રાખજે, પરંતુ આવી દર્શનબંધની સજા કદી ન કરીશ" વિચારો.

દેવપાલને દર્શનની કિંમત કેવી ? ૭-૭ દિવસના ઉપવાસ થવા છતાં આઠમે દિન દર્શન કરી હાશ નથી માનતો કે 'ચાલો આજે ખાવાનું ખુલ્લું થશે' પરંતુ દર્શન વિનાના સાત દિવસ વાંઝિયા ગયા એનું રુદન કરે છે. પ્રભુનાં દર્શનને એ કેવા કિંમતી સમજ્યો હશે. આઠમે દિવસે એનાં ભક્તિરુદનથી આકર્ષાઈ ચક્રેશ્વરી દેવી આવીને કહે છે,- 'દેવપાલ ! દેવપાલ ! તારાં આ ઋષભદેવ ભગવાનની હું અધિષ્ઠાયીક દેવી છું. તારી પ્રભુભક્તિથી તુષ્ટમાન થઈ ગઈ છું, તો તું આ ભક્તિના બદલામાં માગી લે, હું તારું શું પ્રિય કરું ? હું તને શું આપું ?'

ત્યાં દેવપાલ કહે છે, 'મને ભક્તિ આપ.'

દેવી આગ્રહ કરે છે કે 'ભક્તિ તો તારી પાસે છે જ. બીજું કાંઈ માગી લે !'

ત્યાં દેવપાલ કહે છે 'તું આપે એ ગધેડા તુલ્ય છે, મારી પ્રભુભક્તિ ઐરાવણ હાથી જેવી છે. તું કહે છે ભક્તિના બદલામાં કાંઈક માગ, એનો અર્થ એ કે તું તારો ઐરાવણ હાથી વેચી દે, ને બદલામાં ગધેડો ખરીદી લે. એમ કરવા જેટલો હું મૂર્ખ નથી.'

દેવપાલનાં પ્રભુદર્શન અને બીજી ભક્તિ કેવાક હશે એ જોવા જેવું છે એની સામે આપણાં પ્રભુદર્શન સરખાવો.

દર્શનનું ફળ દેવતા સામે ચાલીને આવી આગ્રહપૂર્વક આપવા માગે તો આપણે એ નથી જોઈતું ને ? અરે ! પ્રભુનાં દર્શન કરતાં કોઈ દેવતા દર્શન દે, તો ખીલી ન ઊઠીએ ને ? **દર્શન-ધર્મને એટલું બધું ઊંચું અને મહાકિંમતી માનીએ ખરા કે એની આગળ ક્રોડો અબજો રૂપિયા તુચ્છ લાગે ?**

**આર્દ્રકુમારનાં દર્શન :-**

આર્દ્રકુમારને અભયકુમારે જિનપ્રતિમા ભેટ મોકલી. **'તમે જાજો વિદેહમાં, કહેજો ચાંદલિયા ! સીમંધર તેડાં મોકલે.'** આ આપણે ગાઈએ ત્યારે સીમંધર ભગવાનનાં દર્શન કેવાક ઝંખીએ છીએ ? જુઓ આર્દ્રકુમારની ઝંખના;-

આર્દ્રકુમારને પૂર્વ ભવ અને ત્યાં પાળેલું સંયમ ખ્યાલમાં આવી ગયું. અનાર્યદેશમાં જન્મેલાને વીતરાગ પ્રભુદર્શન અને સંયમસાધના એવા કિંમતી લાગ્યા કે બીજું બધું તુચ્છ લાગ્યું, તે દેશ મૂક્યો, કુટુંબ મૂક્યું, રાજ્યવૈભવ મૂકી અનાર્યદેશમાંથી અહીં આર્યદેશમાં આવી, ચારિત્ર સંયમ લઈ લીધું. અનાર્યદેશમાં

જન્મેલો પ્રભુદર્શનમાંથી કેટલો આગળ વધી ગયો ! **આર્યદેશમાં જન્મેલા આપણે પ્રભુદર્શન કેટલી હોંશથી કરીએ છીએ ?**

**સુદર્શનની દર્શનઝંખના :-**

મહાવીર ભગવાન વિચરતા વિચરતા એક નગર બહાર પધાર્યા છે. એમના દર્શને સુદર્શન શ્રાવકને જવું છે, પરંતુ માતાપિતા કહે 'ભાઈ ! હજી અર્જુન-માલીએ સાત હત્યા પૂરી કર્યાનો ઘંટ નથી વાગ્યો, તેથી ઘરની બહાર નીકળવામાં ભય છે કે એ આકાશમાંથી નીચે ઊતરીને મોગરના ઘાથી મારી નાખે !'

ત્યારે સુદર્શન કહે 'બાપુ ! ફિકર ન કરો, પ્રભુની દયાથી કશો વાંધો નહિ આવે, મારે તો પ્રભુ પધાર્યાનું સાંભળ્યા પછી પ્રભુનાં દર્શન વિના બેસી રહેવાય નહિ. કે બીજું કશું કામ થાય નહિ. આપ મારા માથે હાથ મૂકો, આશીર્વાદ આપો જેથી મારે હેમખેમ દર્શન થાય.'

સુદર્શન કહીને ચાલ્યો, અધરસ્તે સામે ઉપર આકાશમાંથી અર્જુનમાલી મોઘર ઉલાળતો આવતો દેખાયો. સુદર્શનને કોઈ પસ્તાવો નથી કે 'હાય ! ક્યાં આ જોખમમાં આવ્યો ?' એ તો વિચારે છે 'મારે પ્રભુદર્શનની તીવ્ર ભાવના છે, એમાં કદાચ અહીં મૃત્યુ ય થઈ જાય તો ધન્ય મૃત્યુ ! ધન્ય અવતાર !

**આ જગતમાં મોત તો ઘણા દેખ્યા, પરંતુ આવું પ્રભુદર્શનની ભાવનામાં મૃત્યુ ક્યારેય નહિ મળ્યું હોય !**

નહિતર તો મારા આત્માનો ઉદ્ધાર થઈ ગયો હોત...' આમ વિચારી સુદર્શન ત્યાં સાગાર અનશન કરી કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભો રહી જાય છે; અને ત્યાં ચમત્કાર એવો થયો કે સુદર્શનના ધર્મતેજથી અર્જુનમાળીના શરીરમાં રહેલો દેવ અંજાઈ ગયો, તે ત્યાંથી ભાગી જ ગયો ! ને અર્જુનમાળી ઊંચેથી નીચે જમીન પર પડ્યો. ઊઠીને સુદર્શન પાસે આવ્યો મહાન શ્રાવક સુદર્શન એને સમજાવીને મહાવીર પરમાત્મા પાસે લઈ ગયો, ત્યાં અર્જુનમાળીએ પ્રભુ પાસે શરણું માગ્યું, ચારિત્ર માગ્યું, ને પ્રભુએ એને ચારિત્ર-દીક્ષા આપી.

સુદર્શનની પ્રભુદર્શનાર્થે આ ઝંખના હતી કે આવા ઘોર હત્યારા અર્જુનમાળીથી પોતાની હત્યા થવાનો ભય ભલે હોય, પણ પ્રભુ પધાર્યા છે તો પહેલું કામ પ્રભુનાં દર્શનનું કરવાનું તે કરવાનું. **સુદર્શનની જેમ આપણને કોઈ આફત ન દેખાતી હોય છતાં પહેલું કામ પ્રભુદર્શનનું એમ હૈયામાં નિર્ધાર ખરો ?**

**શય્યંભવને પ્રભુદર્શન :-**

શય્યંભવ બ્રાહ્મણ યજ્ઞના સ્તંભ નીચેથી નીકળેલ ભગવાનની પ્રતિમાનું દર્શન કરતાં સ્તબ્ધ થઈ ગયા ! મનને થયું કે 'અહો વીતરાગ ભગવાનની આ શાંત



પ્રશાન્ત મુદ્રા ! આમના પ્રભાવે યજ્ઞસમારંભની ચારેકોર કીર્તિ ફેલાયેલ ? તો આ પ્રભુનાં સ્વરૂપને જાણવું જ જોઈએ.' **આપણે હજારો પ્રભુદર્શન કર્યા, કયે દિવસે 'આ પ્રભુનું સ્વરૂપ ગુરુ પાસેથી મારે જાણવું જ જોઈએ' એવું થયેલું ?**

વાત આ છે કે દર્શન હોંશથી, અને ભયને બાજુએ મૂકીને પ્રભુમાં એકમેક-તન્મયતા ઊભી કરીને કરવા જોઈએ. એનાં સુખદ ફળનું પૂછવું જ શું ? તે તે દૃષ્ટાન્તોમાં આપણને ફળ જાણવા મળે છે. દા.ત. શય્યંભવને તરત જ ચારિત્ર મળ્યું, અને આઠેક વરસમાં ચૌદ પૂર્વધર યુગપ્રધાન બની ગયા !

અહીં નરસિંહમાં જોવા મળ્યું ને ? પૂર્વભવનાં માત્ર દર્શનધર્મની સાધનાના પ્રતાપે અહીં કેવો એનો ઉત્તરોત્તર વિકાસ થતો ગયો. પરંતુ એના દર્શન ઢંગસર, હોંશભર્યા અને પ્રભુ પર પરમ ઝુકાવવાળા હતા. આપણે 'પ્રભુદર્શન એ તો એક સામાન્ય ધર્મ' એમ માની એમાં એવા ઢંગ અને એવા ભાવ ભેળવતા નથી, એનું એટલું મહત્ત્વ-મૂલ્યાંકન કરતા નથી, તેથી દર્શનધર્મ લાખ રૂપિયાનો માલ પાંચ રૂપિયામાં લીલામ કરી રહ્યા છીએ ! મૂર્ખતાની હદ ?

નરસિંહનું દૃષ્ટાન્ત બતાવે છે કે એની પાસે પૂર્વભવમાં ધન નહોતું, આ ભવે છે, અને અહીં ધર્મમાં લાગ્યો છે, એટલે આવતા ભવે ધન મળવાનું. આમ **'નથી, છે, ને છે'**નો પ્રકાર બની આવ્યો. અથવા ધર્મની દૃષ્ટિ એ પૂર્વભવે ધર્મ છે, અહીં નરસિંહના ભવે છે, અને પછીના ભવે ધર્મ મળવાનો, એટલે 'છે, છે, ને છે'નો પ્રકાર બન્યો.

(૪) **'નથી, નથી, ને નથી' વાળા જીવો :-**

ચોથા પ્રકારના જીવોની તો વાત જ કરવા જેવી નથી, કેમકે એ 'નથી, નથી, ને નથી'ની સ્થિતિમાં છે. એટલે કે એમને પૂર્વ જનમમાં પણ ધર્મ નહિ, અહીં પણ ધર્મ નહિ, ને પછી આગળના ભવે ય ધર્મ નહિ. ગત ભવ, આ ભવ, અને આવતો ભવ, ત્રણેય પાપભર્યા ભવ. **સંસારના મોટા ભાગના જીવો જુઓ તો આ સ્થિતિમાં છે.** અનંતાનંત જીવો અનંતકાળથી નિગોદમાં પડેલા છે, એમના અતીત-વર્તમાન અનાગત, ત્રણેય ભાવો ધર્મહીન, એની શી વાત કરવી ?

## ● તરંગવતી સાધ્વીજી કોશલનગરમાં ●

તરંગવતી સાધ્વીજી એવા કુળમાં જન્મેલા કે જ્યાં 'છે, છે, ને છે'નો પ્રકાર હતો. એના પિતા કોશલનગરીના ધનપાલ શેઠની સ્થિતિ પહેલા નંબરની છે, 'છે છે ને છે.' ! તેથી પૂર્વે ધર્મ કર્યો છે તેથી અહીં શ્રીમંતાઈ, અહીં પણ એના આંગણે દાસીઓ ભોજન સમયે સુપાત્રદાનના લાભ માટે ફાંફા મારે છે કે કોઈ સાધુ સાધ્વીજી મહારાજ મળે ? એમ અહીં ધનપાલ શેઠના જીવનમાં ધર્મ છે. પછી આગળના ભવે ધર્મ મળવાનો એમાં શી નવાઈ ? 'છે, છે, ને છે.'

આ ધનપાલ શેઠની હવેલીની નજીકમાં ગણિની સાધ્વીજી સુવ્રતાશ્રીજી પોતાના શિષ્યાઓના પરિવાર સાથે ઊતરેલા છે. ભગવાન શ્રી મહાવીર સ્વામીના સમયની આ વાત છે એટલે પ્રભુના મુખ્ય શિષ્યા ચંદનબાળા સાધ્વીજીના આ સુવ્રતાશ્રીજી સાધ્વી શિષ્યા છે. એમના એક શિષ્યા તે તરંગવતી સાધ્વીજી છે. એ જ્ઞાન-ધ્યાનમાં રક્ત રહેવાથી ભણેલા છે. એમણે વ્રત નિયમ તપસ્યામાં પણ રક્ત રહીને પોતાનું રૂપાળું લષ્ટ પુષ્ટ શરીર કૃશ કરી નાખ્યું છે. કારણ ? એમને **પૂર્વભવ અને વર્તમાનભવના દુઃખદ અનુભવથી દિલમાં જિનવચન ખૂબ પરિણામ પામી ગયા છે.** એટલે ભગવાનના વચનથી દેખી રહ્યા છે કે,

**તરંગવતીની ધર્મજોમ-પ્રેરક વિચારણા :-** 'જેટલી વ્રત-નિયમ-તપસ્યાની આરાધના કરતી રહું એટલે મારા આત્મા પરનાં કર્મ નષ્ટ થઈ રહ્યા છે, આ અતિ દુર્લભ મનુષ્ય અવતાર અને એમાંય સંયમજીવન મળ્યું, તે વ્રત-નિયમ-તપસ્યાદિ કર્મોનો ખોડો કાઢવા માટે જ મળ્યું છે. આહાર-વિષયાદિની સંજ્ઞાઓ પોષવાના અને તેથી પોતાના જ આત્મા પર કર્મોના ભાર વધારવાના ભવ જગતમાં ઘણા; પરંતુ એ કુટિલ સંજ્ઞાઓનાં પોષણ કર્યે ગયા એ કરવાનું હોય ? જગતમાં મનુષ્ય અવતાર દુર્લભ છે, તેમજ જીવનમાં ધર્મ-આરાધના દુર્લભ છે. દુર્લભ અવતારમાં તો દુર્લભ આરાધના જ કરવાની હોય.

યથેચ્છ ખાનપાન રંગવિલાસની આરાધના દુર્લભ નથી. જગતના અસંખ્ય નાના મોટા જીવોમાં દેખાય છે કે એ બધા ય એ તો કરી જ રહ્યા છે. માટે એ સુલભ છે. દુર્લભ છે ત્યાગ-તપ-વ્રત-નિયમાદિની આરાધના, તો આ દુર્લભ મનુષ્યભવે એ દુર્લભ આરાધના જ કરવાની હોય. મનને એમ થાય કે 'આવો સુંદર જનમ વારે વારે કે સહેલાઈથી નથી મળતો અત્યારે મળ્યો છે, પણ પછી કોને ખબર પાછો આવો અવતાર કેટલાય ભવો પછી મળશે ? કેમકે આવો સારો આર્યદેશ-આર્યકુળમાં અવતાર, વ્રત-નિયમ-તપસ્યા વગેરે ધર્મની આરાધના વિના ન મળે; એટલે જો અહીં આ ન કરી લઉં તો ફરીથી મનુષ્યભવ ન મળે, માટે અહીં આ જ કરી લઉં' એમ સમજ હતી, એટલે તરંગવતી સાધ્વી જોરદાર ત્યાગ-તપ ને જ્ઞાન-ધ્યાનમાં મસ્ત હતા. કહેતા નહિ,

**પ્ર.**- પણ અમને ધર્મ કષ્ટરૂપ કેમ લાગે છે ?

**ઉ.**- કદાચ ધર્મ મનને કષ્ટરૂપ લાગે, પરંતુ એનું કારણ મન સુખશીલતામાં ખોટું ટેવાઈ ગયું છે તેથી કષ્ટરૂપતા લાગે છે. કિન્તુ જો થોડો વખત ધીરજ રાખીને પોતાના આત્માના કલ્યાણ માટે મન મારીને સુખશીલતા દૂર ફગાવી દઈ જરાક ખડતલ બની જવાય, અને મન મારીને પણ વ્રત-નિયમ-તપસ્યામાં શરીરને જોડી દેવાય, તો પછી મન એમાં ટેવાઈ જવાથી એને આમાં કશું કષ્ટ જ લાગતું નથી. જીવનમાં જોશો તો દેખાશે કે પહેલાં કષ્ટમય લાગતી એવી કેટલીય બાબતો, મન એમાં ધીરજ રાખી એની પૂંઠે પડી જાઓ, તો એ સરળ બની જશે, અને એવા એમાં ટેવાઈ જશો, કે પછી એ મૂકવા નહિ ગમે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૩,અંક-૩૮,તા.૨૨-૬-૧૯૮૫**

**તરંગવતી સાધ્વીજી ગોચરીએ :-**

તરંગવતી સાધ્વીને એવું બન્યું છે, એટલે એક વાર છઠ્ઠના પારણે બીજી સાધ્વી સાથે ગોચરી નીકળ્યા છે, ને આ ધનપાલ શેઠના આંગણા આગળના રસ્તે પસાર થાય છે. ત્યાં પેલી શેઠની દાસીઓ ફાંફા તો મારતી જ હતી, ને આમને જોઈને પાસે જઈ વહોરવા પધારવા વિનંતી કરે છે. પરંતુ પહેલી ખૂબી તો એ થાય છે કે દાસીઓ એમનું અલૌકિક રૂપ-સૌંદર્ય જોઈને સ્તબ્ધ થઈ જાય છે અને ઘરમાંથી શેઠાણીને બહાર બોલાવી લાવે છે.

**સાધ્વીના અદ્ભુત રૂપ પર શેઠાણીની વિચારધારા :-**

શેઠાણી પણ સાધ્વીજીનું રૂપ લાવણ્ય જોઈને અચરિજ પામી જાય છે, એના મનને એમ થાય છે કે 'અહો ! આ તે કોઈ સ્વપ્ન સુંદરી છે ? કે રૂપની પૂતળી છે ? યા કોઈ અનુપમ રૂપ ભરી અપ્સરાનું ચિત્ર જ છે ? ત્રણેમાંથી એકેય નથી. કેમકે હું જાગતી ઊભી છું તેથી કાંઈ સુંદરીનું સ્વપ્ન નથી જોઈ રહી, તેમજ સાધ્વીજી હાલતા ચાલતા છે એટલે કાંઈ જડ પૂતળી ય નથી, ને ચિત્ર પણ નથી. ત્યારે શું આ સાક્ષાત્ લક્ષ્મીદેવી, રંભા ઉર્વશી જ આવી ગયા છે ? કેમકે રૂપ સૌંદર્ય અને લાવણ્ય એટલું બધું છે કે આમના મુખની આગળ બિચારો પૂર્ણિમાનો ચંદ્ર પણ ફિક્કો લાગે. એટલે આમનું મુખ પૂર્ણિમાના ચંદ્ર જેવું છે એમ કહેવામાં ઊલટું આમની લઘુતા કરવા જેવું થાય.

ત્યારે આમને લક્ષ્મીદેવી કે રંભા યા ઉર્વશી પણ કેમ કહેવાય ? કારણ કે એ દેવતા તો જમીનને અડીને નહિ પણ અદ્ધર ઊભા રહે, તેમજ એમની આંખો પલકારા ન લે અને એમના શરીર પરના ફૂલહાર કરમાય નહિ, ત્યારે આ સાધ્વીજી તો જમીનને અડીને ઊભા છે, ને આમની આંખો પલકારા લે છે. તેથી આ સ્વર્ગની દેવી નથી.

ત્યારે, આ છે કોણ ? કોઈ માનવી સ્ત્રી આવી દેખાતી નથી. પરંતુ લાગે છે કે જે કથાઓમાં સંભળાય છે કે અનાદિની કોઈ એવી સુંદર સ્ત્રી તે આજે

બહાર નીકળી પડી લાગે છે. અથવા માનીએ કે કોઈ અનાદિની ન હોઈ શકે, જન્મ પામેલી જ હોય. તો પણ લાગે છે કે પ્રજાપતિ બ્રહ્માએ જગતની સ્ત્રીઓના રૂપમાંથી સાર સાર ખેંચીને આમને બનાવી દીધા લાગે છે. જાણે આ એક સૌભાગ્ય-મંજરી જોઈ લ્યો. આખા જગતને એમ થાય કે આપણી પાસે બેસી રહે ને આપણે આમને જોયા જ કરીએ, જોયા જ કરીએ, ને એમની સાથે વાતો કર્યા જ કરીએ.

જો સાધ્વીપણામાં ત્યાગ-તપસ્યાથી શરીર સુકાવી નાખ્યા છતાં અને શરીરે કોઈ રેશમી વસ્ત્રો તથા અલંકાર નહિ ને શરીર પસીના વગેરેથી મલિન છતાં આટલું બધું અપ્રતિમ રૂપ અને લાવણ્ય છે તો આમને ગૃહસ્થપણે તો વળી કેટલું બધું ય સૌંદર્ય હશે ? આમનું એકેક અંગ એટલું બધું સુંદર છે કે એના પર દૃષ્ટિ નાખો દૃષ્ટિ ખસે જ નહિ. ખરેખર આમની કાન્તિ સૌંદર્ય અને લાવણ્યતા એટલા બધા અદ્‌ભુત છે કે આ મેળવવાના તો અપ્સરાઓ પણ મનોરથ સેવતી હશે ! શી રીતે આમને આટલું બધું સૌંદર્ય મળ્યું હશે ! અને આ મળવા સાથે વૈભવ પણ કેવાક મળ્યા હશે ! છતાં એમણે એ બધું છોડી ઘર-સંસાર કેવી રીતે છોડ્યો હશે ? કેટલો બધો ઉત્કટ વૈરાગ્ય જાગ્યો હશે ? ને એવું તે શું બન્યું હશે કે એટલો બધો વૈરાગ્ય જાગી ગયો ?...

'પણ મારે એમ વિચારો કરીને શું કામ છે ? લાવને એમને હું ઘરમાં લઈ જઈ ગોચરી વહોરાવીને પૂછી જ ન લઉં ?'

તરંગવતી સાધ્વીનું અલૌકિક સૌંદર્ય જોજો, આ મગધદેશના કોશલનગરના ધનપાલ શેઠની પત્નીનું તારણહાર બને છે. સૌંદર્યે શેઠાણી પર કામણ કર્યું.

**પ્ર.-** રૂપ એ મારક નહિ ?

**ઉ.-** હા, પણ પાપાત્માનું રૂપ મારક, ધર્માત્માનું રૂપ તારણહાર. ભગવાનનું રૂપ જોઈને પાપી પાવન બને છે. શાસ્ત્ર એટલા જ માટે રૂપને પણ ધર્મ-પ્રભાવનાનું કારણ કહે છે. ધર્માત્મા હોય અને રૂપવાન હોય એટલે જોનારને સહેજે થાય કે 'અહો ! આવા રૂપાળા તો સંસારના ભોગમાં ખૂચેલા હોય એના બદલે હેં ? આ ધર્મસાધનામાં રક્ત રહે છે !' ધર્માત્માની લક્ષ્મી પણ તારણહાર, એ જાતના ઠઠારામાં નહિ, પણ લોકોનાં ઉદ્ધારમાં જાય, ભગવાનની ભક્તિમાં જાય. આ પરથી શીખવાનું છે કે આપણે ધર્માત્મા બનીને આપણા રૂપ વૈભવ વગેરેને બીજાના તારણહાર બનાવવાના છે. વસ્તુપાલ મહામંત્રી ધર્માત્મા હતા. એમણે વૈભવને એવા બનાવેલા. એમના ઘરઆંગણે રોજ ૫૦૦ સાધુ સાધ્વીને સુપાત્રદાન અને ૧૫૦૦ યોગી સંન્યાસી ભિક્ષુક વગેરેને અનુકંપાદાન દેવાતું.

આજના શ્રીમંતને આવી કોઈ વાત આવે એટલે ભડક લાગે છે કે 'હાય



બાપ ! આમ પૈસા ઉડાડી દઈએ તો તો તિજોરી સાફ જ થઈ જાય !' આમ ભડકના વિચારમાં અક્કલની ઈજારદારી ? કે અક્કલનું દેવાળું ? અક્કલનું દેવાળું એટલા માટે કે આટલું સમજવાની અક્કલ નથી કે 'પૈસા આવે છે, સચવાય છે તે પૂર્વના પુણ્યે; પરંતુ મારે તો સુકૃતોના ભરચક પુરુષાર્થ કર્યે જવાના. તો જ હું સાચો પુણ્યશાળી.' એમાં વળી અહીં ઉત્કૃષ્ટભાવથી ધર્મ કરાય, એ તત્કાળ ફળે. એવા પુણ્યની ભરતી થતી આવે તો આ ઉભય લોકના પુણ્યની હયાતી છે તો ભલેને તું ધર્મમાં પૈસા ખરચે જા, પુણ્ય પાછલા બારણેથી પૈસાની ભરતી કરતું જ રહેશે. આજે એવા મારવાડના ભાગ્યશાળીઓ છે કે જે માત્ર ધર્મભાવનાથી ધર્મમાં લાખો રૂપિયા ખરચે છે છતાં એમને આવક પણ એવી ઘણી રીતે થાય છે.

**સુકૃતોની જ વૃત્તિનો પ્રભાવ :-**

હમણાં એક દાનપ્રેમી ભાઈ વાત કરતા હતા કે "સાહેબ ! ધર્મનો ગજબનો પ્રભાવ મને જોવા મળ્યા જ કરે છે. દા.ત. એક વાર મેં પરદેશથી હીરા મંગાવેલા અને બીજા વેપારીઓએ પણ મંગાવેલા. મને દહેશત હતી કે આ લોકોની કોમ્પીટેશનમાં એટલો લાભ નહિ થાય. પરંતુ બન્યું એવું કે કસ્ટમમાં બીજા વેપારીઓનો માલ અટક્યો ને મારો માલ સરળતાથી છૂટો થયો. તે બજારમાં માલની અછતથી મારા માલના ભાવમાં ૩૦૦નો વધારો થઈને ન કલ્પેલો લાભ મળ્યો ! એવો અણધાર્યો લાભ તો બીજા પ્રસંગે પણ જોવા મળે છે" આ લાભનું કારણ શું ? આ જ કે એ ભાઈની સુકૃતો કર્યે જવાની જ વૃત્તિ. સુકૃતો મોટા, તે પાંચ લાખ ખરચવાના ધાર્યા હોય ને દસ લાખેય લાગી જાય, છતાં જરાય મન બગડવાની વાત નહિ. ઊલટું બીજા સુકૃતની તક આવી હોય તો એમાં ય બે ચાર લાખ લગાડી દે. સમાજમાં આગળ આવવાની કે નામના કરવાની લેશ પણ ઈચ્છા જ નહિ. ઈચ્છા માત્ર 'પુણ્યોદયે કમાયેલી લક્ષ્મી કેમ સારા માર્ગે વધુ ને વધુ જાય.' માનવ જનમનો આ મોટો લહાવો લઈ લેવાનો છે. બાકી તો સંસાર, કર્મ, અને મૃત્યુ લક્ષ્મીને તાણી જવાના છે. અસ્તુ-

તરંગવતી સાધ્વી ધર્માત્મા છે, એમ એ શરીર પર પરસેવાના મેલ અને મેલા વસ્ત્ર છતાં એવા રૂપવાન છે કે પેલી શેઠાણીને આકર્ષે છે. સાધ્વીજી કોઈ જીવજંતુ ન મરે એ માટે નીચી દૃષ્ટિએ ગજગામિની ગતિએ આવી રહ્યા છે. એમને શેઠાણી સામે જઈ વંદના કરી લાભ આપવા વિનંતિ કરીને હવેલીમાં લઈ આવે છે, મેવા મિઠાઈ વગેરેના થાળ આગળ કરે છે, પરંતુ સાધ્વીજીએ પોતાના જીવનમાં જે દુઃખદ અનુભવ કર્યા છે એનાથી પોતાનું જીવનલક્ષ્ય પાકું કરીને એ એવા ત્યાગ અને સંયમના કડક પાલનમાં હોંશભેર ચડી ગયેલા છે કે એ કાંઈ અહીં લલચાતા

નથી. એ તો પોતાના ત્યાગ સંયમમય જીવનને યોગ્ય અને જરૂરી તદ્દન સાદો આહાર વહોરી લે છે.

શેઠાણીને સાધ્વીજીના રૂપ-લાવણ્ય પરથી આશ્ચર્ય તો થયેલું કે આ કોઈ લક્ષ્મીદેવી છે ? પણ ના, દેવતા ધરતીને અડીને ન ઊભા રહે, એમની આંખ પલકારા ન મારે, એમના ગળામાં વણકરમાયેલ માળા હોય. આમાંનું આમને કશું નથી એટલે મન વાળેલું કે આ દેવી નથી પણ માનવી સ્ત્રી છે, ખરેખર સાધ્વીજી છે. તેથી હાથ જોડી વિનંતી કરે છે,-

**શેઠાણીની માગણી :-**

'ભગવતી ! આપના નિયમને બાધ ન પહોંચતો હોય તો કૃપા કરીને અમને કાંઈક ધર્મોપદેશ આપો !'

પુણ્યાનુબંધી પુણ્યની વડાઈ જુઓ. પુણ્યથી પૈસાટકા સારું મળ્યું છે, પણ એમાં અંતરમાં રંગ-રાગ કે રોફ-મદ વગેરે કષાયો નથી રમતા, પરંતુ ધર્મ સદ્‌બુદ્ધિ સ્ફુરે છે. પુણ્ય જો પાપાનુબંધી હોત તો એ નર્યા રંગરાગ અને કષાયોની કુબુદ્ધિ સ્ફુર્યા કરતી હોત. અહીં તો પુણ્ય પુણ્યાનુબંધી છે એટલે વૈરાગ્ય, ધર્મ અને સદ્‌બુદ્ધિ સ્ફુરે છે.

**સૌ સાંભળવા બેસી જાય છે :-**

સાધ્વીજી કહે છે, 'આમ તો અમારે ગોચરી વખતે ધર્મનો ઉપદેશ દેવા બેસવાનું ન હોય; પરંતુ ધર્મના બે અક્ષર કહેવામાં બાધ ન હોય, ને તમારી ખાસ જિજ્ઞાસા છે, તો સાંભળો. જુઓ આ જગતમાં સર્વ જીવોને હિતકારી એકમાત્ર અહિંસાસ્વરૂપ ધર્મ જ છે. અહિંસાસ્વરૂપ ધર્મ એવો કલ્યાણકારી છે કે જે ધર્મ સાંભળે એનું ય કલ્યાણ થાય, અને જે ધર્મ કહે એનું ય કલ્યાણ થાય. ધર્મનું છોડીને બીજું સાંભળે, બીજું બોલે, એ જીવને માટે અહિતકર છે. તમે આવા વક્તા-શ્રોતા બંનેને કલ્યાણકારી ધર્મની વાત સાંભળવા ઇચ્છો છો, તો હું તમને એ ધર્મના બે અક્ષર કહું છું.' આમ જ્યાં સાધ્વીજીએ ધર્મ કહેવાની તૈયારી બતાવી એટલે શેઠાણી કહે છે 'બહુ ઉપકાર ! ધન્ય ભાગ્ય અમારાં કે આપે અમારી વિનંતિ માન્ય કરી, ને અમને સાંભળનાર સંભળાવનાર બંનેને પાવન કરે એવો કલ્યાણકારી અહિંસાસ્વરૂપ ધર્મ સંભળાવશો. પધારો આ આસન પર બિરાજો, અને અમને ધર્મ શ્રવણ આપી અમારા કાન અને હૈયું પાવન કરવા કૃપા કરો.'

સાધ્વીજીને બેસાડ્યા, અને શેઠાણી પોતે સામે હાથ જોડી બેસી ગઈ. આ જોતાં ઘરની બીજી સ્ત્રીઓ પણ પોતાનાં કામ પડતા મૂકી આવીને ત્યાં બેસી ગઈ. હવે સાધ્વી શ્રી તરંગવતી કહે છે,-



**સાધ્વીજીનો ભવ્ય ઉપદેશ : અહિંસાસ્વરૂપ ધર્મ :-**

જુઓ, આ અહિંસાસ્વરૂપ ધર્મમાં પરજીવોની હિંસાનો ય ત્યાગ કરવાનો આવે, અને પોતાના સ્વાત્માની હિંસાનો પણ ત્યાગ કરવાનો આવે. બીજા જીવોની હિંસા બાહ્ય શસ્ત્રોથી થાય છે, દા.ત. ઠંડા પાણીમાં ગરમ પાણી નાખ્યું, તો એ ઠંડા પાણીના અસંખ્ય જીવોનો નાશ કરે છે, માટે એ ગરમ પાણી શસ્ત્રરૂપ બન્યું. આપણે કપડું ઝાટકિએ તો એનાથી વાયુકાયના અસંખ્ય જીવો મરે છે, તેથી એ જીવો માટે કપડું શસ્ત્રરૂપ બન્યું. જેનાથી જીવો મરે એ શસ્ત્ર કહેવાય. મરે નહિ પણ જીવને પીડા કિલામણા થાય તો ય એ શસ્ત્રરૂપ બને છે. બીજા જીવોને પીડા-કિલામણા એ પણ હિંસા છે.

**પરજીવોની હિંસા બાહ્ય શસ્ત્રથી થાય છે.**

**આપણા આત્માની હિંસા આભ્યન્તર રાગ-દ્વેષાદિ કષાયોથી થાય છે.**

માટે એ રાગ-દ્વેષાદિ આંતરશસ્ત્ર છે. તેથી એ રાગદ્વેષાદિ કરાવનાર ઇંદ્રિયો અને એના શબ્દાદિ વિષયો એ પણ શસ્ત્રરૂપ ગણાય. બાહ્ય શસ્ત્રથી પરજીવના એક જનમનું મોત થાય છે, ત્યારે આ કષાયો અને વિષયોથી આપણા આત્માને અનેક જન્મોનાં મોત થાય છે, જનમ જનમ મોત સુધીની પીડાઓ ભોગવવી પડે છે. માટે જ જ્ઞાનીઓ કહે છે આ રાગદ્વેષાદિ કષાયો અને ઇન્દ્રિય વિષયો એ મહાશસ્ત્રો છે, સ્વાત્માની મહાહિંસા કરે છે.

હિંસા એ પાપ છે, અહિંસા એ ધર્મ છે. એવો અહિંસાસ્વરૂપ ધર્મ સાચા અને પૂર્ણસ્વરૂપમાં એકમાત્ર વીતરાગસર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાને જ બતાવેલો છે; કેમકે અહિંસામાં સર્વ જીવોની એટલે કે જગતના તમામ સૂક્ષ્મ-સ્થૂલ જીવોની હિંસા ટાળવી છે. એ સર્વ જીવોનું એમને પ્રત્યક્ષ જ્ઞાન છે તેથી એની ઓળખ એમણે આપી છે. અ-સર્વજ્ઞ સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ જીવોને જોઈ જ શકતા નથી જીવ તરીકે જાણી જ શકતા નથી પછી પોતે ય એની અહિંસા શી રીતે પાળી શકે ? અને બીજાને ય શી રીતે એ જીવોની ઓળખ કરાવી શકે ? કે એ જીવોની ઓળખ જ નહિ તો એમની શી અહિંસા બતાવી શકે ? એ તો સર્વજ્ઞ ભગવાન જ સૂક્ષ્મ એકેન્દ્રિય સુધીના જીવોને સાક્ષાત્ જોઈ શકે છે, અને જગતને એની ઓળખ આપી અને એની અહિંસા કેમ પાળવી એનું માર્ગદર્શન આપી શકે. એટલે કહો, જગતમાં એકમાત્ર સર્વજ્ઞ તીર્થંકર ભગવાન જ પૂર્ણ જીવવિજ્ઞાન અને સંપૂર્ણ અહિંસાધર્મ આપી શકે. માટે એ જ જગતના સાચા ત્રિભુવન ગુરુ છે, એ જ જગતના સાચા તારણહાર છે;

જગતના જીવોને જે પૂર્ણ અહિંસામાં ન લઈ જઈ શકે એ એમને ક્યાંથી ભવસાગરમાંથી તારી મોક્ષ અપાવી શકે ? શી રીતે તારણહાર બની શકે ?

તાત્પર્ય, વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાન સાચા તારણહાર છે, સર્વ દેવોના અધિપતિ દેવાધિદેવ છે. એમના ઉપદેશાનુસારે સૂક્ષ્મ જીવોની ય અહિંસા પાળે એનું ય હિત થાય, અને જે જીવોની અહિંસા પાળે એ અહિંસા દ્વારા એ જીવોની અહિંસા પાળે એ અહિંસા દ્વારા એ જીવોને ય દુઃખ ન પહોંચવા રૂપે એ જીવોનું ય હિત થાય. આમ સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાન સર્વ જીવોનું હિત કરનારા છે.

આવા સર્વ હિતકર દેવાધિદેવ તીર્થંકર ભગવાનને પામ્યા પછી પણ જો આપણે એમણે બતાવેલ હિતમાર્ગે આપણા આત્માનું હિત ન સાધી લઈએ તો આપણા જેવા મૂર્ખ અને મૂઢ બીજા કોણ ?

એવા જગતદયાળુ જગત્પિતા તીર્થંકર ભગવાને ધર્મ ત્રણ પ્રકારે બતાવ્યો છે,- અહિંસા, સંયમ, અને તપ; ને એ ઉત્કૃષ્ટ મંગળ છે.

**''धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो ।''**

આમાં સંયમ અને તપ અહિંસાને પુષ્ટ કરનારા છે.

**જીવનમાં જો સંયમ અને તપ ન હોય, તો સ્વ-પરની અહિંસાય ય પાળવી અશક્ય છે.**

માટે જ્યારે ધર્મનું સ્વરૂપ અહિંસા કહેવાય, ત્યારે એમાં સંયમ અને તપ સમાવિષ્ટ સમજવાના છે. તેમજ જાત માટે 'ના, મારાથી સંયમ-તપ નહિ બને, હું એકલી અહિંસા પાળીશ,'- એવો ખ્યાલ હોય તો તે ખોટો ખ્યાલ છે, એમ સમજી રાખવાનું છે. સંયમ અને તપ વિના અહિંસા પાળી રહ્યા.

આ અહિંસા-સંયમ-તપનો ધર્મ સાધવા માટે સર્વજ્ઞ ભગવાન સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રની આરાધના જરૂરી બતાવે છે. સમ્યગ્દર્શનની આરાધનામાં સુદેવ-સુગુરુ સુધર્મ પર અનન્ય અને અપરંપાર શ્રદ્ધા બહુમાન તથા સર્વજ્ઞકથિત જીવ-અજીવાદિ તત્ત્વની અને અહિંસા-સંયમ-તપરૂપી ધર્મની સચોટ શ્રદ્ધા કરવાની આવે. સમ્યગ્જ્ઞાનમાં એ બધાનાં જ્ઞાન માટે સર્વજ્ઞકથિત શાસ્ત્રોનો સ્વાધ્યાય કરવાનો આવે. સમ્યક્ ચારિત્રમાં અહિંસા-સંયમ-તપ-ધર્મની આરાધના આવે. આના માટે પાંચ મહાવ્રતનો સ્વીકાર અને પાલન કરવું જોઈએ. આ બધા ધર્મના મૂળમાં વિનયની જોરદાર આરાધના જોઈએ. **'વિણય મૂલો ધમ્મો'** ધર્મનું મૂળ વિનય છે.

**અહંત્વ બાજુએ મૂકાય તો જ આ વિનય ધર્મ સધાય.**

સર્વજ્ઞ શ્રી જિનેશ્વર ભગવંતો સ્વયં અહિંસા સંયમ તપની સાધના કરી વીતરાગ સર્વજ્ઞ બને છે. પછી ધર્મશાસનની સ્થાપના કરે છે એમાં ધર્મની તથા તત્ત્વો અને મોક્ષમાર્ગની ઓળખ કરાવે છે. એવા જિનેશ્વર ભગવાને કહેલો વિનયમૂલક સમ્યગ્દર્શનાદિરૂપ અહિંસા-સંયમ-તપ પ્રતિપૂર્ણ ધર્મ સર્વ જગતને સુખકારી



છે, જન્મ-જરા-મૃત્યુ રાગ-શોક વગેરેનો નાશ કરનારો છે ને અપરિચિત અનંત સુખને આપનારો છે...''

**સ્વાધ્યાયકરણ-લઘુતાની શક્તિ :-**

સાધ્વીજીની એવી વાગ્ધારા ચાલી કે જાણે પર્વત પરથી ખળખળ ધોધ વહી રહ્યો, ને ટૂંકા સમયમાં ઘણું કહી નાખ્યું. શી રીતે એમ કહી શક્યા ? કહો, એના એ જ વૈરાગ્યના, તત્ત્વના અને મોક્ષમાર્ગના સૂત્રોના રોજ ને રોજ પાઠ-પુનરાવર્તન-સ્વાધ્યાય ચિંતન કરવાથી વાણીમાં લઘુ-લાઘવી કળા આવી ગયેલી. સ્વાધ્યાયકરણ-લઘુતાની શક્તિ ઊભી થઈ ગયેલી. હૈયામાં જ્ઞાનનો માલ તત્ત્વનો માલ તૈયાર હોય અને વક્તૃત્વ કળા હોય પછી કેમ ? તો કે ફોનોગ્રાફની રેકાર્ડ ચાલી ! જીવનમાં આ શી રીતે બને ?

**ફજુલ વિચારો, ફજુલ ડાફોળિયાં, અને ફજુલ વાતો કરી કરી અમૂલ્ય માનવસમય વેડફી નખાય છે.**

એની જગાએ આ શાસ્ત્રપદાર્થો જ મગજમાં મમરાવ્યા કરાય, વાણીમાં એની રટણા ચાલે, એટલે વાણીમાં લઘુ-લાઘવી કળા આવી જાય. અણમોલ જિનવાણી મળ્યાની કદર જોઈએ કે 'મારે અતિ ઉચ્ચ જિનવાણીનો જેટલો બને તેટલો અનુવાદ અર્થાત્ પુનઃ પુનઃ ઉચ્ચારણ કરી કરી વાણીનો વધુ ને વધુ ઉપયોગ થાય એટલો કરી લેવો છે;' તો જિનવાણીનું બોલવાનો રસ એવો ઊભો થાય કે મનને એમ થાય કે 'શાસ્ત્રના વચનો બોલ્યા જ કરું બોલ્યા જ કરું,' આ ધગશ સાથે જિનવાણીનું પારાયણ જો ચાલ્યા કરે તો મફતિયા બોલવાની વિચારવાની કે જોવાની લેશ્યા જ ન રહે. તરંગવતી સાધ્વીજીએ આ કર્યું છે. જીવનના કપરા અનુભવો પછી જે ચારિત્ર લીધું છે તે લઈ જાણ્યું છે, એટલે

**દુન્યવી વિકલ્પમાત્રથી બચવા તીર્થંકર ભગવાનનાં શાસ્ત્રોના સ્વાધ્યાયમાં એકાકાર મનથી લાગી ગયેલા.**

એટલે એ શાસ્ત્રો એવા સ્વહસ્ત થઈ ગયા, શાસ્ત્ર પદાર્થ એવા સિદ્ધ થઈ ગયા, કે મન સહેજ કોઈ શાસ્ત્ર પદાર્થમાં લઈ ગયા એટલે એની આગળના પાછળના પદાર્થો સાથેનું ચિત્ર નજર સામે આવી જાય. હવે એ પદાર્થ બોલવા હોય તો વિના અટકણ ફટોફટ બોલતા જ જાય કેમ જાણે પછી પછીનાં પદાર્થ હરિફાઈમાં હમણાં જ બોલાવા માટે આગળ આવતા હોય ! પદાર્થોની આ સિદ્ધિમાં ઝટપટ એ બોલાયે જવાનું જે શબ્દોથી થાય તે સ્વાધ્યાયકરણ-લઘુતા સ્વાધ્યાયકરણથી શીઘ્રતાવાળા શબ્દો બન્યા ગણાય.

**આ કેવા ઢંગના સ્વાધ્યાયથી થાય ?**

સંસારની માયા મનમાંથી સરાસર કાઢી નાખી હોય એટલું જ નહિ પણ પુદ્ગલમાત્રના પરિચયને ઝેર સમજી, એની જિજ્ઞાસા-આતુરતાઓ મારી નાખી હોય, એટલે જ હવે એવી જિજ્ઞાસાના માર્યા ઊભા થતાં કોઈ ડાફોળિયાં નહિ, કોઈ વિચાર નહિ, કોઈ વાતચીત નહિ; એ સ્વાધ્યાય થાય એ શીઘ્ર અને સહજ ઉચ્ચારણવાળો બને. ચારિત્રજીવનમાં આ કરવાનું છે, જેથી મન શાસ્ત્રીય પદાર્થોમાં ને પદાર્થોમાં જ રહે, એટલે કોઈ જ પાપ-વિકલ્પ, પુદ્ગલ-વિકલ્પ, વિષય-વિકલ્પ, કે કષાય-વિકલ્પ મનને અડે જ નહિ, મનમાં આવે જ નહિ.

સાધ્વીજીએ એવી રીતના સ્વાધ્યાયકરણથી શીઘ્રપારાયણની કળા-લબ્ધિ ઊભી કરી છે એટલે શેઠાણી આગળ ધર્મ, તત્ત્વ, મોક્ષમાર્ગના સંબંધમાં ઝટોપટ એવો સુંદર પરિચય આપી દીધો, ધર્મની એવી સુંદર ઓળખ કરાવી કે શેઠાણી ખૂબ ખુશ થઈ હાથ જોડી કહે છે.

**કયા દુઃખથી દીક્ષા લીધી ? :-**

''ભગવતી ! આપે ખૂબ ઉપકાર કર્યો કેવો સરસ ધર્મનો બોધ આપ્યો ! ઉપદેશ કરતા આપને જોઈને અને આપનો ઉપદેશ સાંભળીને તો અમારા નેત્ર ને કાન પાવન થઈ ગયા. હવે વાંધો ન હોય તો જરાક પૂછું આપ મૂળ કયા દેશના રહેવાસી ? આપના પિતા કોણ ? માતા કોણ ? ઘરની કેવી સુખ સમૃદ્ધિ ? અથવા એવું કયું દુઃખ આવેલું કે જેથી આપે આ મોહક સંસારનો ત્યાગ કરી અતિ દુષ્કર દીક્ષા લઈ લીધી ?''

તરંગવતી સાધ્વી એટલા બધા રૂપાળા અને કાંતિ-લાવણ્યવાળા છે કે એ રૂપ-લાવણ્ય એમની પૂર્વની સમૃદ્ધ સ્થિતિની ચાડી ખાય છે, તેથી સહેજે પૂર્વની સમૃદ્ધિનું અનુમાન થાય. 'એવી સમૃદ્ધિ છોડી ચારિત્ર ગ્રહણ ?' એ સંસારીને મન એક કોયડો બની જાય છે, પછી સમજી લે છે કે કોઈક એવો દુઃખનો હલ્લો આવ્યો હશે કે એનાથી સંસાર ખારો ઝેર લાગી ગયો હોય, ને એનો ત્યાગ કરી ચારિત્રમાર્ગ લઈ લીધો હોય. એ હિસાબે શેઠાણીએ સાધ્વીજીને પૂછ્યું. પરંતુ જુઓ, અહીં સાધ્વીજી કેટલો બધો વિવેક અને તત્ત્વભર્યો ઉત્તર દે છે !

સાધ્વીજી કહે છે, 'ભાગ્યવતી ! આવું બધું પૂર્વનું પૂછવાનું શું કામ છે ?' તમને શું ખબર નથી કે

**''महिला-नई-साहूणो नो जुत्ता लहिउ पभवो ।''**

અર્થાત્ સ્ત્રી નદી અને સાધુના મૂળ-ઉત્પત્તિ જાણવા જવું એ યોગ્ય નથી. એવી લોકની કહેતી છે ! એમાં ભાવ બગડવા સંભવ છે. તેથી અમારા મૂળ વતન વગેરે જાણવામાં પડવા જેવું નથી.



આનું કારણ સ્પષ્ટ છે. સ્ત્રી અંગે પુરુષને સહેજે આકર્ષણ રહે છે. એમાં જાણવા મળે કે 'આ બેન અમુક ઉચ્ચ ખાનદાનના,' તો એ બેન તરફ રાગ-આકર્ષણ વધી જાય; અગર જો જાણવા મળે કે 'ખાનદાની બરાબર નથી' તો એના માટે કાંઈ ને કાંઈ અસત્ કલ્પના આવે. એમ નદીનું મૂળ જોવા જાય તો પર્વત પરથી ઝરણાં લીલ પરથી ઉતરી ઉતરી નદી શરૂ થતી હોય. એ જોતાં મનને નદીનું આકર્ષણ ઊતરી જાય. જેવી વહેતી નદી સુંદર દેખાય, એવાં એ મૂળનાં ઝરણાં સુંદર નહિ દેખાય. એમ સાધુના મૂળ નિવાસ, ધંધો, કાર્યવાહી વગેરે જાણવા જોવા જતાં, સંભવ છે એ ખાનદાની તદ્દન સામાન્ય હોય યા ધંધામાં મહાપાપની કાર્યવાહી હોય, તેથી એ જાણીને સાધુ પ્રત્યેનો ભાવ મોળો પડી જાય. મનને એમ થાય કે આવાને કેમ દીક્ષા આપી હશે ?

**પ્ર.-** પણ એવા અયોગ્યને દીક્ષા ન આપે એ સારું ને ?

ઉ.- અહીં સવાલ તમારા શુભભાવની રક્ષા કરવાનો છે. એમાં જો તમે મૂળમાં ઊતરવા જાઓ તો મનમાં આવો પ્રશ્ન ઊઠતાં તમારા જ ભાવ બગડવા સંભવ.

જીવનમાં એવી કેટલીય નકામી જિજ્ઞાસાઓ અને સવાલો ઊઠી ઊઠીને જ મન બગડે છે.

સારા સંયમી સાધુને જોયા, તેથી મનમાં સારા ભાવ જાગ્યા, હવે મૂળ જાણીને ભાવ બગાડવાની જરૂર શી ?

**જીવન જીવવાની આ એક કળા હસ્તગત રાખવા જેવી છે કે આપણા હૈયાના ભાવ બગાડે, નકામા રાગદ્વેષ કરાવે, એવી જિજ્ઞાસા આતુરતા કરવી જ નહિ.**

તરંગવતી સાધ્વી કહે છે 'સ્ત્રી-નદી-સાધુના મૂળ જાણવામાં પડવા જેવું નહિ' આવું લોકમાં કહેવાય છે તે જાણતા નથી ?

શેઠાણી કહે 'જાણું છું, છતાં તમારા રૂપથી મારું મન એટલું બધું વિસ્મિત થઈ ગયું છે કે મને તમારામાં રસ ઊભો થઈ ગયો છે, તેથી પૂછું છું !'

સાધ્વીજી કહે 'તમને રસ ઊભો થઈ ગયો છે તે વાત સાચી, પરંતુ મારે પૂર્વની હકીકત કહેવામાં મુશ્કેલ છે. કેમકે એમાં પૂર્વ ક્રીડિત સુખ યાદ કરવું પડે ને એમાં અનર્થદંડ લાગે. બ્રહ્મચારીએ મનથી પણ પૂર્વના ક્રીડાસુખો ચાહીને યાદ કરવા ઉચિત નથી. એમાં આત્મા નિષ્પ્રયોજન દંડાય, વાસનાની ઉદીરણા થાય, ને કર્મ બંધાય.'

સાધ્વીજી આ કહી રહ્યા છે, ત્યારે દેખાય છે કે એ સંયમપાલનમાં કેટલા બધા સાવધાન છે. સામે પૂછનારી મોટી શેઠાણી છે, પરંતુ એની શરમમાં પડતા નથી, એની શેહમાં તણાતા નથી, કે પોતાના પૂર્વના પરાક્રમ કહીને જશ લેવો નથી.

એ સમજે છે કે 'શેહમાં તણાયા કે યશની લાલસાના માર્યા અજુગતી વાતો કરી તો નાખીએ, પરંતુ એમાં પોતાના આત્મા પર પ્રત્યાઘાત કેવા ખરાબ પડે ?' પૂછોને,-

**પ્ર.**- પૂર્વના ક્રીડાસુખો સહેજ હકીકતરૂપે કહી નાખ્યા એટલામાં શું બગડી ગયું ?

ઉ.- જ્ઞાની ભગવંત કહે છે 'પૂર્વ ક્રીડાસુખોથી પુષ્ટ થયેલી વાસનાના સંસ્કાર આમ તો આત્માની અંદર ભારેલા અગ્નિ જેવા કે સૂતેલા સાપ જેવા પડ્યા છે. પણ હવે તમે પૂર્વ ક્રીડાસુખો યાદ કરો એટલે એ વાસનારૂપી ભારેલા અગ્નિ ઉપરની રાખ ઊડી જાય છે, એટલે વાસનાનો અગ્નિ ભભૂકી ઊઠે છે. અથવા કહો, વાસનારૂપી સૂતેલો સાપ પૂર્વક્રીડાના સ્મરણરૂપી મોરલીના નાદે જાગતો થઈ જાય છે. પછી વાસનાની આગ કે વાસનારૂપી ફણીધર શું બાકી રાખે ?'

પૂર્વક્રીડાના સ્મરણની જેમ વિષયક્રીડાની વાતો તેમજ આજની નોવેલ-નવલિકાઓ અને બિભત્સ ચિત્રો, પિક્ચર, ટી.વી. વગેરે પણ ભયંકર છે, વાસનાને બહેકાવનારા છે. એમાં આજની મૂઢ પ્રજા મરી રહી છે. આખી વિચારસરણી વાસનાભરી અને વિજાતીય તરફ દૃષ્ટિદોષમાં બાકી રહી નથી. એટલેથી અટકતું નથી પણ પછી દુરાચારના માર્ગો ખુલ્લા થઈ જાય છે. રાતના ઘરે ટી.વી આવે ત્યાં અંધારું હોય આડોશી પાડોશી જોવા ભેગા થાય પછી ટી.વી.ના બિભત્સ દૃશ્યો જોઈ અંતરમાં સહેજે વાસના જાગે, ગિલગિલિયાં થાય, તેથી ઉંમરમાં આવેલા સખણા રહે ? અંધારે કોણ કોની સાથે કેવી અજુગતી ચેષ્ટા કરે એનો શો પત્તો ?

વળી આજની કેળવણીમાં શીલ-સદાચારના પાઠ નથી એટલે અને ટી.વી., પિક્ચર તથા રવિવારિયાં ચોપાનિયાં, બિભત્સ દૃશ્યો પૂરા પાડે, નવલિકાઓમાં કામોત્તેજક લખાણો પીરસે, પછી ઉંમરમાં આવેલા છોકરા-છોકરીને વાસનાની આગો કેમ ન સળગે ? અશ્લીલ ચેષ્ટાઓથી શે બચે ? શીલ-સદાચારમાં ચુસ્ત રહેવું હોય એણે તો પ્રતિજ્ઞાપૂર્વક આ બધાનો પડછાયો ય નહિ લેવો જોઈએ. સમજી રાખવું જોઈએ કે 'કેટલા ય જન્મોની તપસ્યા પછી માંડ આ પવિત્ર આર્ય જન્મ મળ્યો છે, ત્યાં વર્તમાન યુગના વિકારોત્તેજક સાધનોમાં પડ્યા, તો પવિત્રતા નષ્ટ થઈ જશે !' અનાર્ય જેવાં જીવન બની જશે, અને એમાં હૈયાના રસ સાથેના અજુગતાં પાપસેવન ભારે પાપકર્મો બંધાવશે ! તેમજ અધમ વાસનાઓને દૃઢ કરશે ! બંનેનાં પરિણામ દુઃખદ,- દીર્ઘકાળ દુર્ગતિના અવતારોમાં ભટકવાનું થાય.

**અનુચિત ચેષ્ટાનો આનંદ ક્ષણિક; પણ ભવાંતરે દીર્ઘકાળ દુઃખોની ફોજ ઉતરી પડે !** અસ્તુ. સાધ્વીજી કહે છે પૂર્વક્રીડાસુખોને યાદ કરવા એ મહાન અનર્થદંડ



બને છે. માટે અમારે પૂર્વાવસ્થાની વિગત કહેવી ઉચિત નથી.

અહીં જોવાની ખૂબી છે કે સાધ્વીજી તરંગવતીશ્રીજી પોતાના સંયમમાર્ગમાં કેટલા બધા સાવધાન છે ! એ સમજે છે કે જુનું યાદ કરવામાં રાગદ્વેષ થાય, આર્તધ્યાન થાય, ને એથી અનર્થદંડ લાગે. સામાન્ય માણસને એમ લાગે છે કે 'સહેજ વાત કરીએ એમાં શું બગડી જાય ?' પરંતુ આત્માર્થી જીવ એ જુએ છે કે 'જરાક સાંભળી લઈએ એમાં કાનનું ને શરીરનું તો કશું બગડતું જ નથી, પરંતુ અંતરાત્માનું ભારે બગડી જાય છે. કેમકે સહેજ જોવા સાંભળવાનું કાંઈ બેભાન સ્થિતિમાં નથી બનતું, કિન્તુ ઇરાદાપૂર્વક થાય છે; એટલે કે મન એમાં રસ લે છે; તેથી જ સારા-નરસા વિષયોમાં રાગ-દ્વેષ આર્તધ્યાન થયા વિના રહેતા નહિ.

**આર્તધ્યાન ૪ પ્રકારે :-**

(૧) જડ વસ્તુ આઘી પાછી થાય ત્યાં 'એ કેમ મળે ? મળેલી કેમ ટકે ?' (૨) 'અનિષ્ટ અર્થાત્ મનને ન ગમતું કેમ ન આવે ? આવીને માથે પડ્યું હોય તો એ કેમ ટળે ?'... એવી બધી ચિંતા એ આર્તધ્યાન છે. (૩) એમ ગમતી વસ્તુની આસક્તિ આશંસા રહ્યા કરે, તે એવી કે ભગવાનમાં યા ધર્મસાધનામાં ચિત્તને ઠરવા જ ન દે. વચમાં વચમાં એ જડનો વિચાર દખલ કર્યા કરે, એવી આસક્તિ આશંસા એ આર્તધ્યાન છે. (૪) એમ, રોગ વગેરેની વેદનાની હાયવોય અને મટવાની ચિંતા એ આર્તધ્યાન છે. સાધ્વી તરંગવતી આ બધું જાણનારા છે એટલે સમજે છે કે પૂર્વનું સંસારી અવસ્થાનું જીવન યાદ કરવા જતાં એના પ્રસંગો મન પર આવીને ભૂતકાળનું આર્તધ્યાન કરાવે.

**'ધ્યાન શતક'** શાસ્ત્ર બતાવે છે કે,

**જેમ વર્તમાનકાલીન ઘટનાઓનું આર્તધ્યાન થાય એમ ભૂતકાલીન અને ભવિષ્યકાળની ઘટનાઓ મન પર આવીને આર્તધ્યાન કરાવે.**

દા.ત. મનમાં એવું આવે કે 'પહેલાં આ વસ્તુ જ્યાં ત્યાં મુકાઈ ગયેલી, એ શોધતાં દમ નીકળી ગયેલ' આ મનની અર્તિ-પીડા એ આર્તધ્યાન છે. એ ભૂતકાળની ઘટનાનું થયું. એમ 'મોંઘવારી વધી જશે તો શું થશે ?' એવું એવું મનને આવે એ ભવિષ્યની ઘટનાનું આર્તધ્યાન છે.

જીવનમાં જોવા જેવું છે કે આવા બધાં આર્તધ્યાન કેટલા ચાલે છે ? એ જીવના માટે અનર્થદંડ છે. 'અનર્થ' એટલે અર્થ વિનાના યાને પ્રયોજન વિનાના ચિંતન કે જેનાથી આત્મા દંડાય, કર્મના બંધનથી બંધાય એ અનર્થદંડ કહેવાય. ભૂતકાળનું એવું ચિંતન કરવાથી કાંઈ બાહ્ય પ્રયોજન સરતું નથી. મગજને નકામો ક્લેશ આપવાનું થાય છે. તેથી અહીં આવા ભૂતકાલીન વસ્તુ કે ઘટનાના ચિંતનમાં

આત્મા કર્મથી દંડાય એ અનર્થદંડ સેવ્યો ગણાય. બીજાને પાપના ઉપદેશ કરે, પાપની સલાહો આપે, જૂઠની સલાહ આપે, હિંસક સાધનો છરી ચાકુ ઘંટી વગેરે બીજાને વાપરવા આપવામાં પહોળો પહોળો થાય, જુગાર-સિનેમા-તમાશા જુએ, એ બધું અનર્થદંડ છે.

પૂર્વનો કથલો કહેવામાં બે મોટાં પાપ,- **(૧) અનર્થદંડ-આર્તધ્યાન, અને (૨) વાસનાજાગૃતિ :-**

સાધ્વીજી આ સમજે છે એટલે પેલી શેઠાણીને કહે (૧) 'તમને મારો પૂર્વનો કથલો કહેવામાં અનર્થદંડ છે, તેથી મારે સંભારવું ને કહેવું એ ઉચિત નથી.

(૨) એવો બીજો પણ મહત્ત્વનો વાંધો એ છે કે પૂર્વજીવન કહેવામાં પ્રિયની સાથેના પ્રસંગો કહેવા પડે એ કામવાસનાની ઉદીરણા કરે. જ્યાંસુધી એવું કશું યાદ નથી કરતા ત્યાં સુધી આપણું ચિત્ત સ્વસ્થ રહે છે, નિર્દોષ રહે છે, પણ એવું યાદ કરવા જતાં સૂતેલી વાસના જાગતી થઈ જાય છે માટે પણ એવું યાદ ન કરવામાં જ આપણે ભલા ભલા. કોઈ મહાન પુણ્યના ઉદયે મહારુડો ચારિત્ર મારા હાથમાં આવ્યો તો હવે શા માટે એવા અનર્થદંડો અને વાસનાઓથી ભલામાંથી બૂરા થવું ?

સાધ્વીશ્રી તરંગવતીએ પોતાની પૂર્વની રામાયણ કહેવાની માંડવાળ કરી, કહેવાની ના પાડી, એટલે શેઠાણી હાથ જોડી કહે,

'ભગવતી ! તમારી વાત સાચી છે કે પૂર્વનું યાદ ન કરવું જોઈએ, પરંતુ જ્યારે તમે આટલું અઢળક સૌંદર્ય છતાં આટલો ઊંચો વૈરાગ્ય અને સંયમ પામ્યા છો ત્યારે એની પાછળ કારણભૂત તમારા જીવનમાં એવો કોઈ પ્રસંગ તો હશે જ ને ? એ સાંભળતાં અમને પણ વૈરાગ્ય જાગવાની પ્રેરણા મળે ને ? અલબત તમારે પોતાને માટે પૂર્વના સુખ યાદ કરવામાં અનર્થદંડ છે, કિન્તુ તમે તો સારા શાસ્ત્રજ્ઞ છો સંયમી છો એટલે સામે પ્રબળ વૈરાગ્ય ભાવનાઓ જાગતી રાખીને પેલાની ખરાબ અસરથી બચી શકો છો, બાકી અમને સંવેગ-વૈરાગ્યના ઉત્તમ શુભભાવનો લાભ થવા સંભવ છે. માટે તમો કેવા સુખસમૃદ્ધિમાં હતા અને કેવું દુઃખ ઊભું થયું કે એના પ્રતાપે તમને વૈરાગ્ય થયો ને દીક્ષા લઈ લીધી ? એ જરૂર કહો.'

અહીં તરંગવતી સાધ્વીજીએ જોયું કે "અહીં પણ આટલા બધા સુખમાં મહાલતા ભાવિકો જ્યારે વૈરાગ્યની રુચિ અને જિજ્ઞાસા બતાવે છે, ને અને જ્યારે કહે છે કે 'આપનું જીવન સાંભળતાં અમને સૌને સંવેગ વૈરાગ્ય વધવા સંભવ છે, તેમજ આપ મહાન સંયમી અને ઉપયોગવંતા છો તેથી આપ આપના દિલને સાવધાન રાખીને બધી વિગત કહેશો એમાં આપને કાંઈ અનર્થદંડ લાગવાનો કે વાસના જાગવાનો સંભવ નથી, તો અમારા મહાન લાભને લક્ષમાં લઈ આપ જરૂર



અમને આપનું અલૌકિક જીવન સંભળાવો,' આમ જ્યારે કહે છે, તો સંભવ છે મારી વિગત સાંભળીને આ જીવો પામી જાય.' એટલે કહે છે,-

'જુઓ ભાગ્યવતી ! તમે સંવેગ-વૈરાગ્યની રુચિ બતાવો છો એટલે, જો કે મને કહેવાનો હરખ નથી, કિન્તુ મારું સાંભળીને સંસાર પર ભારે દુર્ગંછા થાય એવું છે, તેથી કહું છું તે સાંભળો.

શેઠાણી ખુશી થઈ ગઈ, બીજી પણ બાઈઓ રાજી રાજી થઈ ગઈ. સૌએ ઊઠીને સાધ્વીને વંદના કરી અને સામે વિનયપૂર્વક સૌ બેસી ગયા. શેઠાણી બરાબર સાધ્વીજીની સામે જ હાથ જોડીને બેસી ગઈ.

**સહેજ અભિમાનમાં મહાન લાભહાનિ :-**

વાચના-વ્યાખ્યાન સાંભળવાની રીત આ છે કે ગુરુની બરાબર સામે બેસી જવું. એમાં ય અજ્ઞાન માણસોને માનહાનિ લાગે છે, તેથી સામે જગા છતાં બાજુમાં બેસી જાય છે, પણ એમાં અભિમાનવશ વિનય નથી જળવાતો; તો વિનય વિના જ્ઞાન કેવું મળે ? વિનય વિના વિદ્યા નહિ. વળી જેમને મહાન જ્ઞાની ગુરુની આગળ પણ 'માનહાનિ ન થાય એટલે કે માન જળવાઈ રહે' એ જોવું છે, એ બહાર દુનિયામાં માનની ભુખ કેટલી બધી રાખવાના ? ત્યારે ગુરુની સામે હાથ જોડીને બેસવામાં વાચના-બોધનો લાભ તો પછી, પણ પહેલાં મહાન વિનય-નમ્રતા ગુણની કમાઈ કરતા રહેવાનો મફતમાં લાભ મળે ! કરવાનું વિશેષ કાંઈ નહિ. ચાહ્ય સામે બેસો, કે બાજુમાં બેસો, કષ્ટમાં શો ફરક પડે છે ? કશો જ નહિ. પણ સામે બેસવામાં ગુરુ પ્રત્યે અને વાચના પ્રત્યે વિનય બહુમાનભાવ આદરભાવ કમાવવા મળે એ સસ્તામાં કે મફતમાં ખરેખરો મહાન લાભ મળ્યો ગણાય.

અજ્ઞાન માણસ આવા અમૂલ્ય લાભોનો વિચાર જ નથી રાખતો એટલે સામાન્ય વિનય જેવી બાબતો તરફ દુર્લક્ષ કરે છે અને મહાન લાભો ગુમાવે છે. દા.ત. સવારે ઊઠીને માતાપિતા કે વડીલને પગે પડે એમાં શું કષ્ટ પડે છે ? પણ એ નહિ કરીને કેટલું ગુમાવે ? વહેલી પ્રભાતે જ માતાપિતા કે વડીલની આશીષ અને કૃપા મેળવવાનું ગુમાવે. એ ગુમાવે એટલે પૂજ્યોની આશીષ-કૃપાથી કાર્યોની સિદ્ધિ થવાનો લાભ ગુમાવે. કેટલા મામૂલી કષ્ટના દુર્લક્ષમાં કેવા કેવા મહાન લાભ ગુમાવવાનું થાય ?

**વિહારમાં કેટલી વાર વિનય ગુમાવે ? :-**

સાધુ મહારાજ ગુરુસાથેના વિહારમાં ગુરુથી જો ૩૦-૪૦ ડગલાના અંતરે ચાલે, તે ઠેઠ ૧૦ કિલોમિટર સુધી એમ જ ચાલે, એમાં વિનય-ધર્મ ગુમાવ્યો. હવે ગુમાવવાનું આખા ૧૦ કિલોમિટરના વિહારમાં ઠેઠ સુધી થાય, એમાં ૪૦-૪૦

ડગલાના ટૂકડા કેટલા બધા થાય ? એ દરેકમાં વિનય ગુમાવ્યો, તો કુલ કેટલી વાર વિનય ગુમાવવાનું થાય ? આ કેવી મૂર્ખાઈ ? જો ગુરુની સાથે એટલે કે સહેજ પાછળમાં ચાલે ને સમજે કે 'આમ તો કાંઈ બહુ ગુરુસેવા થતી નથી, પણ આટલો ગુરુ સાથે વિનયભાવે ચાલવાનો લાભ મળે છે. એ મારું અહોભાગ્ય છે !' આ ભાવનામાં ઠેઠ ૧૦ કિ.મિ. સુધી લાભ કમાયા જ કરશે. પેલાને ગુરુ સાથે વિહાર તો કરવાનો જ છે, પણ ૪૦ ડગલાના અંતરે રહી આ બધો લાભ ગુમાવશે ! કેવી અજ્ઞાન દશા !

શેઠાણી વિનયભાવથી સાધ્વીજીના બરાબર સામે બેસી હાથ જોડી સાંભળે છે. સાધ્વીજી કહે છે.-

**સાધ્વીજી પોતાની જીવની કથા કહે છે,-**

જુઓ સૌભાગ્યવતી ! જે મેં અનુભવ્યું, જે મેં સાંભળ્યું, અને જે મને યાદ આવશે, તે કહું છું. એ ધ્યાન દઈને સાંભળજો.

**વત્સ દેશ** છે. એમાં મોટી **કૌશાંબી નગરી** છે. ત્યાં **ઉદાયન રાજા** છે. એને વાસવદત્તા નામે રાણી છે. ત્યાં **ઋષભસેન** નામે **નગરશેઠ** છે, એ એક નમુનેદાર શ્રાવક છે. તત્ત્વના અને જીવનના પરમાર્થને જાણનારા, એટલે નગરના વેપારીઓમાં પહેલું આસન પામનારા છે, તેમજ સર્વ કાર્યોમાં વેપારીઓ એમના સામે જુએ છે કે 'એ શી સલાહ આપે છે,' ને તે સૌ માન્ય કરે છે. વળી એ શ્રાવકધર્મને યોગ્ય શાસ્ત્રોના રહસ્યના સારા જાણકાર છે, એટલે એમને શાસ્ત્રનિષ્ણાત કહી શકાય.

**ઋષભસેન ગુણોનું કસોટીસ્થાન :-**

વળી એ એકલી વિદ્વતા જ ધરાવનારા, પણ એમનામાં ગુણોનું દેવાળું, એવું નથી, કિન્તુ મનુષ્યના ઉત્તમ ગુણોનું કસોટીસ્થાન છે. અર્થાત્ ઔદાર્ય ગાંભીર્ય વગેરે ગુણો કોઈના તપાસવા હોય કે એ કેટલા પ્રમાણમાં અને કેવા છે તો મહાન શ્રાવક ઋષભસેનના ઉચ્ચ ગુણોની તુલનામાં જોવાય કે એમના ગુણો કરતાં બીજા મનુષ્યના ગુણ કેટલા ટકામાં આવે ? એવા જ એમના બીજાઓ સાથેના ઊંચા વ્યવહાર પણ કસોટીતુલ્ય છે. એટલે જ જુઓ કે એ સૌ સાથે મધુર અને શોભિતી તથા અવસરયોગ્ય વાણીનો વ્યવહાર રાખે છે.

શેઠના આ ગુણોનું વર્ણન એટલા માટે કર્યું છે કે ગુણના અર્થી જીવોને પોતાના જીવનમાં કેવા કેવા ગુણો લાવવા જેવા છે એની ખબર પડે. એટલે તરંગવતીની કથા સાંભળતાં આમાં વર્ણન આવે ત્યાં કંટાળો લાવશો નહિ. કેમકે આમાંથી જ આપણું ઉત્તમ જીવન બનાવવાને ઉપયોગી વાતો જાણવા મળશે.

ઋષભસેન નગરશેઠ સૌમ્ય-શાંત-પ્રકૃતિના છે, અને શાંત મુખાકૃતિવાળા



છે, કહો ગુણગણના ભંડાર છે. વળી એ સ્થિર મર્યાદા અને સ્થિર ચારિત્ર્યવાળા છે. કદી પોતાની કુળમર્યાદા અને ધર્મી તરીકેની મર્યાદાનો ભંગ ન કરે. એમ કદી પોતાના સત્ ચારિત્ર્યનું ઉલ્લંઘન ન કરે. શેઠ માત્ર સંસાર-વ્યવહારમાં જ ગુણિયલ એમ નહિ, પણ ધાર્મિક-વ્યવહારમાં પણ નિષ્ણાત છે. એ સમ્યગ્દર્શનની સુંદર આરાધના કરનારા છે, એટલે સમ્યગ્દર્શનથી ઘડાયેલી શુદ્ધ બુદ્ધિવાળા છે. જિન-પ્રવચનમાં નિશ્શંક છે, શાસ્ત્રવચનમાં લેશ પણ શંકા નહિ કરનારા, તેમજ જિનવચનને સાંભળનારા સારા શ્રાવક છે, મોક્ષની વાત સાંભળવામાં તો ખૂબ રુચિવાળા. એમાં કોઈ વંચના-ઠગાઈ કરવા આવે, તો એનાં વચનનો સચોટ રદિયો આપી એનું ખંડન કરનારા છે.

એમણે જીવ-અજીવ તત્ત્વમાં સારો પ્રવેશ કર્યો છે. શ્રાવક યોગ્ય ગુણોનો તો આકર છે, ખાણ છે; એટલે જ શ્રાવકના મુખ્ય ગુણ સમ્યક્ શાસ્ત્રબોધ અને સમ્યક્ શ્રદ્ધા તથા વ્રતો, એના પોતે આધાર છે; એટલે જ કોઈને સમ્યગ્જ્ઞાન-દર્શન તથા વ્રતો જોવા હોય તો શેઠને જુએ એટલે એ દેખાઈ જાય. વિનયના રત્નકરંડક જેવા છે. નિર્જરા યાને બાહ્ય-આભ્યન્તર તપ, તથા હેય-ઉપાદેય ને હિતાહિતનો વિવેક, અને પાપાશ્રવો આડે દિવાલરૂપ સંવર,-આમ નિર્જરા-વિવેક-સંવર એ ત્રણ તત્ત્વની મોટી સ્તુતિ કરનારા છે તેમજ એનો પરિચય રાખનારા છે. આનાં ગાણાં બહુ ગાય. વળી શેઠ શીલવ્રતના કિલ્લા જેવા છે.

ઋષભસેન નગરશેઠના ગુણો જોઈએ તો એમ લાગે કે આ ગુણો તો આપણા જીવનમાં લાવવા જ જોઈએ; કેમકે એ ગુણ પર પૂર્વ પુરુષો અવસરે મહાન કામ કરી ગયા છે, ને વર્તમાનના પણ પુરુષો અદ્ભુત કામ કરતા દેખાય છે,

દા.ત.'પરમાર્થના જ્ઞાતા' એ ગુણ છે, પરમાર્થ એટલે (૧) વસ્તુ કે પ્રસંગને ઉપલકથી નહિ જોનાર પણ એને ઉંડાણથી જોનાર, એનો મર્મ જોનાર, તાત્પર્ય, ને પરિણામ જોનાર. દા.ત. કોઈ નગરમાં ચોરીઓ થતી પણ ચોર પકડાતો નહોતો રાજાએ જાહેર કર્યું કે આ ચોરને પકડી લાવશે અગર એની સચોટ માહિતિ આપશે એનું રાજ્ય તરફથી સારું સન્માન કરવામાં આવશે; તેમજ ઈનામ આપવામાં આવશે. એમાં બન્યું એવું કે એક વાર એક લુવાણા વણિકને રાતે ભીંતમાં બહારથી કોચાતાનો અવાજ સંભળાવા લાગ્યો. તેથી લાગ્યું કે ચોર હશે; તેથી એ ભીંત પાછળ ધારિયું લઈને ઊભો. ચોરે બોકારું પાડી જેવું ડોકું અંદર ઘાલ્યું કે તરત વણિકે ધારિયાના ઘાથી ડોકું કાપી નાખ્યું. બસ, ડોકું અંદર ને ધડ બહાર. પછી વણિક પત્નીને કહે

'તું બેસ, હું જમાદારને બોલાવી લાવું,'

પેલી પૂછે 'કેમ ?'

આ કહે 'આપણે ચોર માર્યાનો જશ એને આપવો છે.'

પેલી કહે 'પણ મહેનત તમારી, ને જશ એ લઈ જાય એ તો અજુગતું છે.'

વણિક કહે 'ના, આપણે જશ લઈએ એ અજુગતું છે. એના પરમાર્થની તને ખબર પછી પડશે.'

વણીકે જમાદારને બોલાવી લાવી બતાવીને હકીકત કહી કહ્યું,- 'અમારે જશ લઈને શું કામ છે ? તમારી તલવાર આના લોહીથી ખરડી લો, ને રાજાસાહેબ આગળ જઈ તલવાર બતાવીને તમે જ ચોરને માર્યાનો જશ લો.'

જમાદાર આ સાંભળી ખુશ ખુશ થઈ ગયો, કેમકે વણિકની જેમ પરમાર્થનો વિચારનાર નહિ. વણિકનો ઉપકાર માની તેમ કરે છે. સવારે રાજાએ રાજસભામાં જમાદારને બોલાવી શાબાશી આપીને ધોતલી ભેટ આપી. ચારે કોર જમાદારની વાહવાહ ગવાઈ.

વાણિયણ પતિને કહે 'જુઓ, આ તમે જમાદારને જશ આપ્યો તો શાબાશી અને ધોતલીનું ઇનામ એને મળ્યું.'

વાણિયો કહે, **'તને પરમાર્થની ખબર નથી ધોતલીના ધોળ આગળ ગવાશે.'**

બસ, ચાર દિવસ પછી મરેલા ચોરના સાગ્રીતે અંધારી રાતે ગલીમાં જમાદારને પૂરો કર્યો. સવારે સમાચાર બહાર આવતાં વાણિયે ઘરવાળીને કહ્યું 'સાંભળ્યું ને ? ચોર માર્યાનો જશ લેવામાં આ પરમાર્થ હતો, આ રહસ્ય હતું, કે પછી એ ચોરનો સગો સ્નેહી જશ લેનારને છોડે નહિ. મેં જશ લીધો હોત તો તારે ચૂડો ફોડવાનો વખત આવત ને ? પરમાર્થના જાણકાર એટલે પરિણામ જોનાર, રહસ્ય જોનાર, તાત્પર્ય વિચારનાર.

ઋષભસેન નગરશેઠનો એક ગુણ કહ્યો,- 'વેપારીઓમાં પહેલું આસન પામનાર,' અર્થાત્ બધાનો અગ્રેસર શી રીતે ? ઉદારતા ગંભીરતા વિવેક આદિ ગુણોથી સૌ એમને આગળ કરે. હતા પૂર્વના શેઠિયાઓ આવા, અમદાવાદના મનસુખભાઈ ભગુભાઈ શેઠ મીલમાંથી પાછા વળતી વખતે રસ્તામાંથી ચાર-પાંચ સામાન્ય સ્થિતિના સાધર્મિકને એમ કહીને ગાડીમાં બેસાડી લાવે 'ચાલોને સાથે જમીશું, બહારની હવાની વાતો કરશું !'

એક નગરમાં નગરશેઠ કોઈના તરફથી ગામની વિધવાઓને સહાયક થયા. નાતમાં લાણા વહેંચવાના હોય ત્યારે ઘરદીઠ એક લાણું પણ વિધવા બેનોને ત્યાંના છોકરાદીઠ એક લાણું મોકલે. આમ વારંવારના લાણાથી વિધવાઓને રાહત મળતી. એમાં એક વિધવા બેનને ત્યાં ત્રણ છોકરાના ત્રણ લાણાંને બદલે ચાર મોકલ્યા.



પેલી વિધવા બાઈએ એક લાણું પાછું મોકલ્યું. શેઠ એને ત્યાં ગયા, કારણ પૂછ્યું. પેલા બેન કહે 'માફ કરજો શેઠ ! એક વધારે લાણું આવ્યું એમાં મને શંકા પડી કે હું વિધવા છું, એટલે તમારી દાનત બગડી હશે.' શેઠે એને શાબાશી આપી કે 'ધન્ય છે તમારી શીલરક્ષાની ભાવના અને તકેદારીને ! બાકી મારા માટે શંકા રાખશો નહિ. તમને હું મારી ધર્મની બેન સમજું છું.'

નગરશેઠનો એક ગુણ એ હતો કે લોક સર્વ સમૂહકાર્યમાં એમની સામે જોતા. એટલે કે શેઠ હા ભણે તો કાર્ય થાય, ના ભણે તો ન થાય. એનું કારણ શેઠનો વિવેક નિષ્પક્ષપાતિતા અને પ્રામાણિક્તા જબરી હતી, ઉપરાંત શેઠ સારામાં બહુ રાજી, પણ ખોટું સહન કરી શકનાર નહિ.

**શાંતિનાથ** ભગવાનનો જીવ પહેલા ભવમાં રાજા શ્રીષેણ, એના બે દીકરા બહારથી આવેલી એક સુંદર વેશ્યાને 'હું મારી કરું' એ દુરાગ્રહમાં પરસ્પર લડતા હતા. રાજાએ વેશ્યાની પૂંઠે ન પડવા અને ન લડવા ઘણું સમજાવ્યા છતાં પાછા ન વળ્યા. ત્યારે રાજાને લાગ્યું કે 'જો મારા જ છોકરા આડા માર્ગે જાય તો બીજાઓને હું શી રીતે વારી શકું !' રાજાથી આ ખોટું સહન ન થયું. એથી એમણે ઝેર પાયેલું ફૂલ સુંઘી આપઘાત કર્યો. અલબત આપઘાત કરવા કરતાં સંસારત્યાગ કરી ચારિત્ર લેવું સારું હતું, પરંતુ છોકરાના ઉન્માર્ગગમન પર દિલ એટલું બધું ઉદ્વિગ્ન થયેલું કે 'પોતે જીવતા રહીને એ ખોટું જોઈ શકે' એવી સહિષ્ણુતા એમનામાં રહી નહિ; એટલે આપઘાત વહોર્યો,' ચારિત્ર નહિ.

અહીં ખોટું સહન ન થાય એટલો જ ગુણ જોવાનો છે. બાકી,

**સહન ન થાય માટે જિંદગી ખોઈ નાખવાની નહિ; કેમકે માનવજિંદગી મહામોંઘેરી અને અનેક સુકૃતોનું અનન્ય ભાજન છે.**

એમાં જીવતા હોઈએ ત્યાંસુધીમાં અનેકાનેક સુકૃતો કમાઈ શકીએ એવી સોનેરી તક છે. આત્મહત્યા કરી લેવાથી તો આ તક ખત્મ ! અહીં એ ખૂબી થઈ કે રાજા મર્યા પછી એક વિદ્યાધરે આવી બે ભાઈને વેશ્યા સાથે એમનો પૂર્વભવમાં બેનનો સંબંધ સમજાવ્યો તો બંનેને એના પરનો મોહ ખરો લાગ્યો, ને બાપના મોતમાં પોતે નિમિત્ત બન્યા એ ય ખોટું લાગ્યું; ને એ સહન ન થવાથી રાજ્યપાટ છોડી સાધુ થયા, ને ક્રમશઃ તપ-સંયમથી કર્મક્ષય કરી મોક્ષ પામ્યા.

ઋષભસેન નગરશેઠનો એક મહાનગુણ સૌમ્યતા; સ્વભાવ-વિચારણા-મુખાકૃતિ અને વાણીમાં સૌમ્યતાનો ગુણ હતો.

**સોક્રેટિસની સૌમ્યતા :-**

અહીં આપણને પ્રસિદ્ધ ચિંતક-ફિલોસોફર સોક્રેટિસ યાદ આવે છે. એની પત્ની

કર્કશા હતી. એક વાર કોઈ નિમિત્તે પત્નીએ બહુ ગુસ્સે થઈ એમના મોં પર ગરમાગરમ પાણી નાખ્યું, ને તેથી એક બાજુનું અડધું મોં દાઝી ગયું. પરંતુ સોક્રેટિસે જરાય ગરમ થયા વિના સૌમ્યતા રાખી. ઈસ્પિતાલમાં જવું પડ્યું, પરંતુ ત્યાં દિલમાં સૌમ્યતા કેવી કે એક યુવાન એક ગરમ સ્વભાવની છોકરીના પ્રેમમાં પડ્યો. બાપે બીજી અનેક કન્યા બતાવી. એમાંની કોઈ સાથે લગ્ન કરી લેવા આગ્રહ કર્યો, ત્યારે એણે પોતાને પસંદ સાથે જ લગ્ન કરવા આગ્રહ રાખ્યો. બાપે જોયું કે 'આમ છોકરો એને નહિ છોડે, તેથી એને સોક્રેટિસની સલાહ મૂજબ કરવાનું કહેવા દે; અને સોક્રેટિસ કુભારજાથી કંટાળેલો ના જ કહેશે એટલે એ આગ્રહ મૂકી દેશે. એ વિચારથી છોકરાને કહે 'જા સોક્રેટિસ કહે તેમ કર. હું સંમત છું.' છોકરો ઈસ્પિતાલમાં જઈ હકીકત કહી સોક્રેટિસની સલાહ પૂછે છે 'મારે આવી કન્યા સાથે લગ્ન કરવા કે નહિ ?'

સોક્રેટિસ કહે 'જરૂર કરવા. આપણો સૌમ્ય સ્વભાવ છોડવો નહિ.'

'પરંતુ એ સ્વભાવની ઉગ્ર હોવાથી આ તમારા જેવું થાય તો ?'

સોક્રેટિસ કહે,- 'એમાં શો વાંધો છે ? જગતને બીજો સોક્રેટિસ જોવા મળશે !'

સૌમ્ય સ્વભાવ પર સોક્રેટિસનો બીજો એક પ્રસંગ એવો બને છે કે ઘરે મહેમાન આવેલા એમના માટે પત્નીને ચાહ બનાવવા કહ્યું. ત્યારે પત્ની વાસણ માંજતી હતી તે ગુસ્સે થઈ ગઈ ને આવેશમાં ધોવણનું ગંદું પાણી પતિના માથે ઢોળ્યું. સોક્રેટિસે કશો ગુસ્સો ન કર્યો, અને પોતે ઘરની બહાર નીકળી ગયો. બહારમાં કોઈએ પૂછ્યું 'આમ કેમ ?' એણે હકીકત કહી કહ્યું 'આ તો પત્નીના પ્રેમની પ્રસાદી છે.' પેલા કહે 'અરે ! પણ તમે એને ધમકાવી કેમ નહિ ?'

સોક્રેટિસ કહે 'તમારા જેવાને તમાસો જોવા ન મળે એટલા માટે ધમકાવી નહિ.' ધમકાવવા જતાં બંને વચ્ચે ઝગડો થાય ને લોકોને તમાસો જોવા મળે.

સૌમ્યતા આ શીખવે છે કે એવા પ્રસંગો તમે મન પર કાબૂ રાખી ખમી ખાઓ, પણ કાબૂ ગુમાવી ઉગ્રતા ન દેખાડો. એમાં સરવાળે લાભ છે.

**વિભીષણે** મોટાભાઈ રાવણને સીતાજીને પાછા સોંપી દેવા સમજાવ્યો ત્યારે રાવણ ગુસ્સે થઈ ગયો, છતાં વિભીષણ સૌમ્યતાથી કહે છે. 'મોટાભાઈ ! આમાં આપણા કુળને કલંક લાગે છે.' ત્યારે રાવણ ગુસ્સે થઈ કહે છે 'નિમકહરામ ! ચાલી જા અહીંથી' તો વિભીષણનું શું બગડ્યું ? એ ચાલી જઈને રામના ભેગો થઈ ગયો, એને સારો પક્ષ મળ્યો.

નગરશેઠનો એક ગુણ હતો મધુરભાષી, પ્રશસ્ત-ભાષી, અને કાલોચિત-ભાષી. આમાં મધુરભાષીતા કેવુંક કામ કરે છે કે

**મધુરભાષી કુંભારણ :-**



એક કુંભારણ ગધેડા હાંકી જતી હતી, એમાં એક ગધેડી વાંકી હઠિલી થઈ બરાબર ચાલતી નહોતી. તેથી કુંભારણ એને કહે 'ચાલને બેન ! ચાલ મોડું થાય છે !' ત્યાં એક બાઈ એને પૂછે 'આવી વાંકી ગધેડીને ન ધમકાવતાં બેન કહીને કેમ વાત કરે છે ? કુંભારણ કહે 'મધુર વચનનો અભ્યાસ પાડવા આમ બેન કહીને વાત કરું છું. જેથી મધુરવાણીની પ્રેક્ટિસ રહે તો તમારા જેવી બેનો મટકા ખરીદવા આવે ને ગમે તેમ બોલે તો ય એમાં મારાથી ભારે શબ્દ ન કહેવાઈ જાય, ને મીઠાં જ વચન કહી શકું.' બસ, આવા મધુર વચને લોકોમાં એટલી બધી પ્રિય થઈ પડી કે લોકો એને ત્યાંથી જ મટકા ખરીદતા.

**'પ્રશસ્ત વચન-ભાષિતા'** એટલે શોભિતા વચન જ બોલવા. સામો ગમે તેવા 'લુચ્ચા છો બદમાશ છો'... વગેરે હલકા શબ્દ બોલે, પણ આપણે એવા શબ્દ ન કઢાય.

દશવૈકાલિક સૂત્ર કહે છે કે 'અલ્યા !' 'એ ય' એવા શબ્દ ન બોલાય 'મહાનુભાવ ! ભાગ્યશાળી ! પુણ્યવાન !' એવા જ શબ્દ બોલવા. કાણાને માટે 'આ કાણો છે' એમ ન કહેતાં 'ભાઈ એક આંખે અખમ છે' એમ બોલાય.

પ્રશસ્ત ભાષા નાગરોમાં પારસીઓમાં સારી જોવા મળે. ઘરે આગંતુક આવ્યો તો 'આવો' કરતાં પધારો એ પ્રશસ્ત ભાષા છે. 'તમે જૂઠું બોલો છો' એમ કહેવા કરતાં 'તમારું કહેલું માનવામાં નથી આવતું' એ પ્રશસ્ત ભાષા છે.

**વિધવાની કાલોચિત ભાષા :-**

'ભાષા પ્રશસ્ત અને કાલોચિત' જોઈએ. યુદ્ધમાં એક સૈનિક મરાયો એની વિધવા બનેલી પત્નીએ રાજા પાસેથી વર્ષાસન મળે એ માટે કહેવરાવ્યું, પણ રાજાએ દાદ ન દીધી. થોડા વખત પછી બીજીવાર કહેવરાવ્યું ત્યારે રાજાએ જવાબ દીધો 'કહેજો, બીજો પતિ કરી લે.' રાજાના આ કાળને અનુચિત શબ્દ હતા.

વિધવા ગઈ રાજા પાસે, અને કહે છે,- 'આપના યુદ્ધમાં મારા પતિ મર્યા છે, તો આપે મારો નિભાવ કરવો જોઈએ.'

રાજા કહે 'એ કાંઈ હું બંધાયેલો નથી.'

વિધવા કહે, 'એમ ? તો તો મારા પતિને મેં તો સ્વામી કરવામાં થાપ નથી ખાધી કેમકે માલીકને વફાદાર એવા જ મેં સ્વામી કર્યા; પરંતુ મારા પતિએ આપને સ્વામી કરવામાં તો થાપ જ ખાધી.'

આ કાલોચિત શબ્દ હતા, રાજા પર એની અસર થઈ, અને તરત વર્ષાસન બાંધી આપ્યું.

'કાલોચિત શબ્દ'નો વળી કેવોક પ્રભાવ પડે છે એ રામાયણના પ્રસંગથી જુઓ.

**સીતાજીની કાલોચિત ભાષા :-**

સીતાજીને રામચંદ્રજી લોકવાયકાથી દોરાઈ જંગલમાં મુકાવી દે છે. મૂકવા જનારો સેનાપતિ રુએ છે, કહે છે 'મારું પેટ કેવું પાપી કે એની ખાતર તમને મહાસતીને જંગલમાં તરછોડવાનું ગોઝારું કૃત્ય કરવાની આ નોકરી બજાવવાની આવી.' ત્યારે સીતાજી કહે છે 'તારો કોઈ દોષ નથી, સ્વામીનો ય દોષ નથી, લોકનો ય દોષ નથી. દોષ મારા પૂર્વના અપયશકર્મનો છે. તું રોઈશ નહિ' કેવા સુંદર કાલોચિત શબ્દ ! હજી આગળ જુઓ સેનાપતિ કહે છે 'સ્વામીને કાંઈ સંદેશો આપવો છે ?'

સીતાજી કહે છે, 'હા, કહેજે કે લોકના વચનથી મને ભલે છોડી, પરંતુ લોક કદાચ તમારા જૈનધર્મની નિંદા કરે, તો તમારો જૈનધર્મ છોડશો નહીં; કેમકે મને છોડ્યા પછી તો તમને મારા કરતાં સવાઈ ગુણિયલ પત્ની મળવા સંભવ છે, ને તેથી કાંઈ તમારો મોક્ષ નહિ અટકે. પરંતુ જો જૈનધર્મ છોડ્યો છે, તો તેથી સવાયો શું, એની હરોળનો ધર્મ નહિ મળે, અને તેથી તમારો મોક્ષ અચૂક અટકી જશે !

સીતાજીના આ કાલોચિત શબ્દોએ કેવો ચમત્કાર સર્જ્યો કે સેનાપતિએ જ્યારે એ શબ્દો જઈને રામને કહ્યા ત્યારે રામચંદ્રજી પોતાની નાલાયકતા અને સીતાજીની મહાલાયકાત વિચારતાં મૂર્છિત થઈ ગયા ! અને ભાનમાં આવતાં સીતાજીને પોતે જ પાછા લઈ આવવા ઊપડ્યા !

તરંગવતી સાધ્વીજીના પિતાનો આ એક ગુણ હતો કે એ 'સ્થિર મર્યાદાવાળા' અને 'સ્થિર ચારિત્ર્યવાળા' હતા. પોતાના કુળને યોગ્ય, પોતાની સ્થિતિને યોગ્ય, તેમજ પોતાના ધર્મસ્થાનને યોગ્ય મર્યાદા પાળવામાં સ્થિર રહેવું જોઈએ.

**કુળમર્યાદામાં સ્થિર દશરથ :-**

રાજા દશરથે દીક્ષાનો નિર્ણય જાહેર કર્યો ત્યારે કૈકેયીએ કહ્યું "આપે લગ્ન વખતે મને વરદાન આપેલું કે તને ગમે, તે માગી લે' ત્યારે મે કહેલું 'અવસરે માગીશ' તે તમે વધાવી લીધેલું. તો અત્યારે વરદાન પ્રમાણે હું ભરતને માટે રાજ્યગાદી માગી લઉં છું." અહીં તો દશરથે સૌથી મોટા અને વહાલા પુત્ર રામને રાજ્યાભિષેક કરવાની તૈયારી રાખેલી છતાં કહી દીધું "ભલે ભરતને રાજ્યગાદી આપું છું." કેમ ? ઈક્ષ્વાકુ કુળની મર્યાદા કે વચન આપેલું ફોક ન કરાય. તુલસી કહે છે, **"પ્રાણ જાઈ અરુ વચન ન જાઈ, રઘુકુલરીતિ સદા ચલી આઈ."**

**ધર્મસ્થાનને યોગ્ય મર્યાદાના પાલક કુમારપાળ :-**

કલિકાળ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનો પાટણમાં પ્રવેશ છે. કુમારપાળ રાજા સામે લેવા આવ્યા છે, આચાર્ય મહારાજના શરીર પર તાપડા જેવો કપડો ઓઢેલો જોઈ કહે છે 'ભગવન્ ! મારા ગુરુના અંગ પર આવો કપડો જોઈ મને શરમ આવે છે.'

આચાર્ય મહારાજ કહે છે 'તને આ શરમ આવે છે, પરંતુ જે તારા સાધર્મિક શ્રાવકને આવા કપડા વાપરવા ઓઢવા પડતા હશે, એમની ગરીબી અને સીદામણ પર તને શરમ નથી આવતી ?' તરત રાજા વિચારે છે કે 'અરે ! મારું ધર્મસ્થાન કયું ? હું કલિકાળ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી મહારાજનો ભક્ત, અઢાર દેશનો રાજા, મારા ધર્મસ્થાનની મર્યાદાનો મારા સાધર્મિક સીદાય એમાં ભંગ થાય છે,' તરત જાહેર કર્યું કોઈ પણ પરદેશી સાધર્મિક આવે એને રૂા. ૧૦૦૦, પહેરામણી કરવી. બહુ સસ્તીવારીના એ કાળના હજાર આજે બે લાખ જેવા. દર વર્ષે એમાં એક ક્રોડ ખરચતા.

ઋષભસેન નગરશેઠ મર્યાદા અને ચારિત્ર્યપાલનમાં સ્થિર હતા, એનો ભંગ ન થવા દે.

**ચારિત્ર્યપાલનમાં સ્થિર સુબાજી રવચંદ :-**

અમદાવાદ વિદ્યાશાળાના સ્થાપક સુબાજી રવચંદને એક વાર કોઈ માસી ફોઈનો ૫૦૦૦, રૂા. નો વારસો મળ્યો. એ સામે ચડીને ઈન્કમટેક્ષખાતાની કચેરીએ ગયા, અને ઓફિસરને કહે 'મારે આ વારસો આવ્યો છે, એનો જે ઈન્કમટેક્ષ લાગે તે લઈ લો.' કેમ જાતે ગયા ? ન્યાય નીતિ પ્રામાણિક્તાનું ચારિત્ર્ય પાળવામાં, લોભામણા અવસર આવ્યે, ભંગ નહિ થવા દેવાનો. એ જોઈ ઓફિસર તાજુબ થઈ ગયો.

**ચારિત્ર-સંકલ્પમાં સ્થિર શિવકુમાર :-**

જંબુકુમાર પૂર્વભવે દેવતા, એની પૂર્વના ભવે શિવકુમાર રાજપુત્ર, એ જાતિસ્મરણજ્ઞાન પામી વૈરાગ્ય પામ્યા; પણ પિતા રાજા ચારિત્રની સંમતિ નથી આપતા તેથી એમણે સંકલ્પ કર્યો કે ચારિત્ર ન મળે ત્યાંસુધી છઠ્ઠ છઠ્ઠના પારણે આયંબિલ ચાલુ રાખવા. એમના આ વ્રત-સંકલ્પમાં સ્થિર કેવા રહ્યા કે ૧૨ વરસ સુધી એ પ્રમાણે ચલાવ્યું, એમાં શરીર સાવ ખલાસ થયું, છતાં વ્રત છોડ્યું નહિ તે એમાં જ મૃત્યુ પામી પાંચમા સ્વર્ગે ગયા.

ઋષભસેન નગરશેઠ સમ્યગ્ દર્શનથી વિશુદ્ધ બનેલી બુદ્ધિવાળા હતા. એટલે અવસર આવ્યે કોઈની શેહ કે ભયમાં ન તણાતાં એ બુદ્ધિ પ્રમાણે જ બોલવાનું રાખેલું.

**સમ્યગ્દર્શનની બુદ્ધિમાં સ્થિર કાલિકસૂરિજી :-**

કાલિકસૂરિજી મહારાજ ને અનાડી ભાણેજ રાજા દત્ત જે હિંસક યજ્ઞ કરાવતો હતો એને હિંસા મૂકી દેવાનું સમજાવવા માટે આવેલા.

- રાજા પૂછે 'યજ્ઞનુ ફળ શું ?' આચાર્ય ભગવંત કહે 'હિંસા.'
- રાજા પૂછે 'હિંસાનું ફળ શું ?' સૂરિજી કહે 'હિંસાનું ફળ નરકગમન.'
- રાજા પૂછે 'તો શું હું નરકમાં જઈશ ? તો તમે ક્યાં જશો ?'
- સૂરિજી કહે 'સ્વર્ગમાં'

● રાજા પૂછે 'હું નરકમાં જઈશ એની ખાતરી શું ?'

આચાર્ય ભગવંત કહે,- 'આજથી સાતમે દિવસે તારી ઘોડેસવારીમાં તારા મોંમાં વિષ્ઠાનો કણ પડશે, અને તું મરશે.'

રાજા ગુસ્સે થઈ કહે 'જો એમ નહિ બને તો તમારો ઘાત કરવામાં આવશે' એમ કહી સૂરિજીને મહેલમાં સાત દિવસ માટે નજરકેદ રાખ્યા.

અહીં રાજા દિવસો ગણવામાં ભૂલ્યો, સાતમાં દિવસને આઠમો દિવસ માની ખુશી થતો થતો ઘોડેસવારીએ નીકળ્યો. પણ બન્યું એવું કે એક માળી વહેલી પરોઢે ફૂલો લઈને આવતો હતો, એને રસ્તામાં જ જોરદાર હાજત લાગી, તેથી અંધારે રસ્તા પર જ સંડાસ કરેલો, ને ઉપર ફૂલો નાખી એને ઢાંકી દીધેલો ! હવે રાજાનો ઘોડો દોડતો આવી રહ્યો છે, તે ઘોડાનો પગ એ ફૂલો પર પડ્યો ને અંદર ઢંકાયેલી વિષ્ઠાનો કણ ઊડીને રાજાના મોંમાં પડ્યો.

રાજા વહેમાયો કે 'આજે સાતમો દિવસ તો ન હોય ?' એટલે મોતના ભયથી તરત પાછો ફર્યો, પણ અહીં તો એના જુલ્મથી ત્રાસેલા અમલદારોએ એને જીવતો પકડી મોટી કુંભીમાં પૂર્યો.

આમ, કાલિકસૂરિજી મહારાજ સમ્યગ્દર્શનથી વિશુદ્ધ બુદ્ધિવાળા હતા એટલે રાજાની શરમમાં તણાયા વિના એ બુદ્ધિ પ્રમાણે ચોક્ખી વાત એમણે રાજાને સંભળાવી દીધેલી.

નગરશેઠનો એક ગુણ 'કુગુરુની હંમેશ માટે ત્યાગ રાખી જિનપ્રવચન-જિનાગમમાં નિશ્શંકપણા'નો હતો, છતાં એ પાછું જિનવચનને સાંભળ્યા કરનારા હતા, જેથી જિનપ્રવચન પરની શ્રદ્ધા અધિકાધિક નિર્મળ થાય, અને મોક્ષમાર્ગનો નવનવો બોધ મળ્યા કરે.

**કુગુરુત્યાગ પર અંગારમર્દક આચાર્યના શિષ્યો :-**

આ ગુણ ઉપર જ અંગારમર્દક આચાર્યના ૫૦૦ શિષ્યોએ જ્યાં જાણ્યું કે ગુરુ આચાર્ય અભવ્ય છે, તો તરત જ છોડી દીધા; કેમકે જિનપ્રવચન કહે છે કે 'સમ્યગ્દર્શન સાચવવું હોય તો કુગુરુનો મિથ્યાત્વી ગુરુનો સંગ ન કરવો. જો સંગ રાખીએ તો સમ્યક્ત્વ ઘવાય, ને સમ્યક્ત્વ ઘવાયે ચારિત્ર ઘવાય.' એમાં એ સુગુરુ આચાર્યની નિશ્રા પકડી આરાધના કરી ગયા. ને પછીના ભવે ૫૦૦ રાજકુમાર થયા. ત્યાંજ અંગારમર્દક આચાર્ય ઊંટ થયેલ.

**જમાલિ કુગુરુ બનતાં એના ૫૦૦ શિષ્યો એને છોડી ગયા :-**

જમાલિએ ઉત્સૂત્ર ભાષણ કર્યું તો એના ૫૦૦, શિષ્યો એને છોડી ગયા એમણે ખોટો સવાસલો ન કર્યો કે **"ભગવાને 'ક્રિયમાણં કૃતં'** કહ્યું છે, પણ ગુરુ **'કૃતમ્ કૃતમ્'** કહે છે, તે અપેક્ષાએ નિશ્ચયનયની દૃષ્ટિએ સાચું છે." કેમકે સમજતા



હતા કે જ્ઞાનીનાં વચનનું ઉલ્લંઘન ન થાય, પોતાની મતિ-કલ્પનાથી શાસ્ત્ર-વચનને મરોડાય નહિ. સમ્યગ્દર્શનથી વિશુદ્ધ બુદ્ધિવાળો તો શાસ્ત્રોક્ત જ અર્થ લે.

ઋષભસેન નગરશેઠ સમ્યગ્દર્શનથી વિશુદ્ધ બુદ્ધિવાળા હતા, એટલે ગુરુમુખે જિનવચનને સાંભળનારા હતા; પરંતુ 'ચાલો જિનોક્ત તત્ત્વ-શ્રદ્ધા આવી ગઈ, હવે વ્યાખ્યાન સાંભળવાનું શું કામ છે ? એમ જિનવાણી-શ્રવણની ઉપેક્ષા નહિ. મહાન શ્રાવક જિનાગમ વાણીને એટલા માટે સાંભળનારા હોય છે કે સમ્યક્ત્વનું એ લિંગ જ છે કે

**સમકિતીને જિનવચન સાંભળવાનો અતિશય રસ હોય.**

કારણ, એ શ્રવણથી શ્રદ્ધા દૃઢ અને નિર્મળ થતી જાય છે, તેમજ એમાંથી આરાધનાના નહિ જાણેલા માર્ગ જાણવા મળે છે, ને ધર્મ-આરાધનાનું પ્રોત્સાહન મળે છે.

**અકબરનું જિનવાણીશ્રવણ :-**

ક્રૂર ઘાતકી અને નિર્દય મોગલ બાદશાહ અકબર શી રીતે દયાળુ અને દયાધર્મનો હિમાયતી બન્યો ? અકબર બાદશાહે જગદ્ગુરુ આચાર્ય ભગવાન હીરસૂરિજી મહારાજ પાસે જિનવચન ઉપરાઉપર સાંભળ્યા કરવાથી એને એનો રસ એવો લાગી ગયો કે ચોમાસા બાદ આચાર્ય મહારાજનો વિહાર થતો હોવાથી એમને વિનંતી કરીને શાંતિચંદ્ર ઉપાધ્યાયને રોકાવરાવ્યા, અને એમની પાસે જિનવાણી સાંભળતો રહ્યો. જિનવાણીના શ્રવણથી કેઈકના જીવન ફરી ગયા, આસ્તિક ધાર્મિક જીવન બની ગયા !

**નાસ્તિક પ્રદેશી જિનવાણી સાંભળી આસ્તિક થયો :-**

મહાનાસ્તિક પ્રદેશી રાજા શી રીતે મહાઆસ્તિક બન્યો ? કહો, કેશીગણી મહારાજ પાસે જિનવાણીનું શ્રવણ કરવાથી.

**આજના ભયંકર યુગમાં તો જિનવાણી સાંભળવાની અતિશય આવશ્યકતા છે.**

નગરશેઠ શ્રદ્ધાપૂર્વક જિનાગમવાણી સાંભળવાથી પાકી મોક્ષરુચિવાળા બનેલા હતા, ઉપરાંત પ્રતિપક્ષી અર્થાત્ જિનમતના વિરોધીથી ફેલાવાતા અજ્ઞાનના અંધકારનો નાશ કરનારા હતા. અલબત એ કાંઈ ગામેગામ વિચરનારા સાધુ નહોતા કે ગામેગામ લોકોના અજ્ઞાન અંધકારને દૂર કરે, પરંતુ પોતાના નગરમાં પોતાના સંપર્કમાં આવનારના અજ્ઞાનને દૂર કરતા, તેમજ કોઈ વાદવિવાદનો મોકો આવે, તો સામાના અંધકારને હટાવનારા હતા.

થાવચ્ચાપુત્ર આચાર્યથી પ્રતિબોધ પામેલા **સુદર્શન** શ્રાવકે પોતાના પહેલાના ગુરુ શુક્ર પરિવ્રાજકને પોતાના સમ્યક્ત્વની દૃઢતાથી આચાર્ય મહારાજ પાસે તાણેલા ! અને આચાર્ય મહારાજે પરિવ્રાજકને એક જ બોલથી વિચાર કરતો કરી

દીધો. બોલ આ હતો,- જેમ લોહીથી ખરડાયેલું કપડું લોહીએ ધોવાથી ચોક્ખું ન થાય, એમ હિંસાથી ખરડાયેલો આત્મા બાહ્યસ્નાન-શૌચમાં અપકાયાદિ જીવોની હિંસા કર્યે જવાથી શુદ્ધ નિર્મળ ન થાય. પરિવ્રાજક આના પર વિચાર કરતાં પરિવર્તન પામી ગયો, દીક્ષા લઈ સાધુ જ થઈ ગયો.

ઋષભસેન નગરશેઠ મોટા શ્રીમંત છતાં જિનાગમની વાણી સાંભળતાં સાંભળતાં જીવ-અજીવ તત્ત્વના એવા જ્ઞાતા બનેલા કે જીવન વ્યવહારમાં ઠામ ઠામ જિનોક્ત જડ-ચેતનનો ભેદ લક્ષમાં લેનારા હતા. એટલે જ જ્યાં મિથ્યા ધર્મવાળા પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુને જડ પંચભૂતમાંના ભૂત તરીકે દેખે માને છે, ત્યાં નગરશેઠ પૃથ્વીકાયિક જીવ, અપ્કાયિક જીવ,... વગેરે તરીકે ઓળખનારા હતા. ઓળખનારા એટલે અમલ વિનાની ઓળખ નહિ, પણ અમલવાળી ઓળખવાળા. તરંગવતી શાસ્ત્રકારે અહીં 'અભિગમ' શબ્દ વાપર્યો છે, એને અંગ્રેજીમાં Approach કહેવાય. શેઠનો જીવો પ્રત્યે એપ્રોચ યાને યોગ્ય અભિગમ જીવ તરીકે હતો. એટલે

**જીવ પ્રત્યે યોગ્ય અભિગમ એટલે**

(૧) જીવોની હિંસા આરંભ-સમારંભનો પ્રસંગ આવે તો સમજતા કે 'સવ્વે પાણા પરમાહમ્મિયા' અર્થાત્ સર્વજીવો પરમધાર્મિક છે, અહીં 'પરમધર્મ' તરીકે સર્વજીવ વ્યાપી **'સુખેચ્છા'** ધર્મ સમજવાનો છે. શેઠ સમજતા કે 'જ્યારે સર્વે જીવોને સુખની ઈચ્છા છે દુઃખ કોઈને ગમતું નથી, તો મારા કમનસીબ છે કે મારે આ જીવોની હિંસામય આરંભ-સમારંભ કરાવવા પડે છે.' આમ એ જીવો પ્રત્યે શેઠનો સંતાપભર્યો અભિગમ હતો; એટલે જ ટાળી શકાય એવા આરંભ-સમારંભમાં એ પડતા જ નહિ.

(૨) બીજી રીતે જીવ તરીકે અભિગમ એ રીતે કે એમના સંબંધમાં કોઈ અપરાધી યાને કોઈ ભૂલ કરનાર જીવ આવે ત્યાં સમજતા કે 'સવ્વે જીવા કમ્મવસ' અર્થ સર્વજીવો કર્મવશ છે કર્મપીડિત છે, તેથી એ બિચારા ભૂલ કરી નાખે; તો કર્મથી પીડાતા પ્રત્યે દ્વેષ શો કરવો ? દ્વેષના બદલે એમની દયા જ ચિંતવવાની.

(૩) ત્રીજી રીતે જીવ તરીકે અભિગમ એટલે સર્વજીવો પ્રત્યે મૈત્રી-સ્નેહભાવ, દુઃખિત પ્રત્યે કરુણાભાવ, ગુણાધિક સુખાધિક પ્રત્યે ઈર્ષ્યા નહિ પણ પ્રમોદભાવ, અને અસાધ્ય દોષવાળા પ્રત્યે ઉપેક્ષાભાવ યાવત્ પરદોષ માત્ર પ્રત્યે ઉપેક્ષાભાવ રાખનારા. પરચિંતા-પરતપ્તિ-પરનિંદા નહિ. આનું કારણ શેઠ સમજતા કે

**'સંસારમાં જીવોના સંબંધમાં રહીએ છીએ તો આપણને એમના પ્રત્યે માત્ર મૈત્રી-કરુણાદિ ચાર શુભભાવ કરવાનો જ અધિકાર છે.**

**નહિતર એથી વિરુદ્ધ અ-મૈત્રી વગેરે અશુભભાવો કરાય તો એ આપણને**



**સંસારભ્રમણના અધિકારી બનાવે છે.** માટે

**(૧) જીવમાત્ર સુખાર્થી હોઈ અહિંસ્ય છે.**

**(૨) અપરાધી કર્મપીડિત હોઈ દયાપાત્ર છે.**

**(૩) જીવો યથાયોગ્ય મૈત્રી આદિના વિષય છે.**

જીવો પ્રત્યેનો આ ત્રણ પ્રકારનો અભિગમ કેટલો બધો ઉમદા છે કે એથી જીવન સાંસારિક છતાં અલ્પ આરંભ-સમારંભથી પતાવવાની લેશ્યા રહે છે, અને કરવા જ પડતા આરંભ-સમારંભોમાં દિલ કોમળ-કૂણું અને જીવ-હિંસા પ્રત્યે સંતાપભર્યું રાખે છે. આ અભિગમની ઉત્કૃષ્ટતા થાય ત્યારે તો પોતે સ્વયં તો હિંસા કરે નહિ, પરંતુ પર-પ્રયોગથી પોતાને આ હિંસામાં નિમિત્ત બનવું પડતું હોય, તો ય દિલમાં સંતાપ થાય. જુઓ,

**અર્ણિકાપુત્ર આચાર્યનો જીવો પ્રત્યે અભિગમ :-**

અર્ણિકાપુત્ર આચાર્યને નાવડામાં ગંગા પાર કરતાં વૈરી દેવતાએ નાવડું ડોલંડોલ કરી પ્રવાસીઓના મગજમાં 'આ અપશુકનિયા મુનિના લીધે નાવડું ડોલંડોલ છે' એવું ઊંધું સૂઝાડ્યું.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૩,અંક-૪૧/૪૨,તા.૨૦-૭-૧૯૮૫**

એથી એ લોકોએ મુનિને ઊંચકીને પોટલાની જેમ ઊંચે ગંગા પર ઉછાળ્યા. ત્યાં લોકો પ્રત્યે મુનિનો અભિગમ 'અરરર ! આ બિચારા જીવોને મારું શરીર દ્વેષનું અને ઊછાળવાના પાપનું નિમિત્ત બની રહ્યું છે !' એવો દયાભર્યો, ને પાણીના જીવો પ્રત્યે મુનિએ અભિગમ,- 'અરેરે ! આ બિચારા અસંખ્ય જીવો મારું શરીર પાણી પર પછડાવાથી મોતનું દુઃખ પામશે !'- એવો દયાભર્યો ઊભો કર્યો.

એમાં દેવતાએ આકાશમાં ઊછળી નીચે પડતા મુનિને ભાલે વીંધ્યા ! તો ત્યાં પણ દેવજીવ પ્રત્યે મુનિનો અભિગમ 'અરરર ! આ મારું પાપિષ્ઠ શરીર કોઈ બિચારાને હિંસાના પાપમાં નિમિત્ત થઈ રહ્યું છે ! એ પાપથી નરકાદિ ગતિમાં એને બિચારાને કેવાં દુઃખ વેઠવા પડશે !' એમ ભાવ દયાભર્યો આવ્યો; અને નીચે પાણીના જીવો પ્રત્યે અભિગમ,- 'અરરર ! આ મારા પાપી શરીરના લોહીના ટીંપા નીચે પડી પડી કેટલા બધા અસંખ્ય જીવોને મોત સુધીનાં દુઃખ આપી રહેલ છે !' એવો દયાભર્યો જ રાખ્યો !

ત્યારે પોતાના શરીર પ્રત્યે મુનિના અભિગમમાં ઘૃણાનો ભાવ રાખી, સિદ્ધના જીવો પ્રત્યે અભિગમ 'અહો ! ધન્ય છે તે સિદ્ધ ભગવંતોને કે જેમણે શરીર જ ન

રહેવા દીધું, તો કોઈના પાપમાં કે દુઃખમાં નિમિત્ત જ થતા નથી !', એવો અનુમોદનાભર્યો રાખ્યો. એમાં પોતાના જડ શરીર પ્રત્યે રાગનો ને દુઃખની 'હાય'નો અભિગમ નહિ, કિન્તુ બીજાનાં પાપ અને દુઃખમાં નિમિત્ત બનનાર તરીકે ઘૃણાનો અભિગમ રાખ્યો, તો એમાં અંતે અનાસક્ત બનતાં જીવ અજીવ પ્રત્યેના આવા અભિગમથી શુકલધ્યાન અને ક્ષપકશ્રેણિ પર ચડી આચાર્ય વીતરાગ બની કેવળજ્ઞાન પામ્યા ! અને હજી ભાલે વીંધાયા આકાશમાં છે, ત્યાં મૃત્યુ પામતાં મોક્ષે પધાર્યા !

આ બહુ ઊંચા પ્રકારનો અભિગમ ઋષભસેન નગરશેઠમાં નહિ, છતાં એ એથી નીચેના પ્રકારનો યોગ્ય અભિગમ રાખતા. વળી એ શ્રાવકના ગુણોના ભંડાર હતા. શ્રાવકના ગુણો એટલે એમાં ધર્મની યોગ્યતાના ૨૧ ગુણ આવે, તેમજ ભાવશ્રાવકના ક્રિયાગત મૂળ ૬ અને અવાંતર ગુણો, તથા ભાવગત ૧૭ ગુણો, તથા એમાં સમકિત-૧૨ વ્રત ૧૧ પ્રતિમાના ગુણ સમાય. અને એ ધરનારા હતા

શ્રાવકના ગુણોની વાત આવે ત્યાં આપણને કાર્તિકશેઠ વગેરે યાદ આવે, કે જે મહા શ્રીમંત શ્રાવક છતાં, જેમણે શ્રાવકની ૧૧ પ્રતિમા યાને સમ્યગ્દર્શન-વ્રત-સામાયિક-પોષધ આદિના કડક અભિગ્રહ સો વાર વહન કરેલા ! શ્રીમંત કેવા કે જ્યાં એમને રાજાના બળાત્કારથી સમકિતથી વિરુદ્ધપણે મિથ્યાદૃષ્ટિ ગૈરિક તાપસને પારણું પીરસવાનો અવસર આવ્યો, તો વૈરાગ્ય વધી જવાથી દીક્ષા લેવા તૈયાર થઈ ગયા ! ત્યારે એમની પાછળ એક હજાર વણિક્પુત્રો 'આવા શ્રીમંત જો દીક્ષા લે છે તો આપણે સંસારમાં શા ઠીકરા ચાટતા બેસી રહેવું ?' એમ વૈરાગ્ય પામી સાથે દીક્ષા લેવા તૈયાર થઈ ગયેલા !

**જ્ઞાનગુણ વજ્રકુમારનો :-**

ઋષભસેન નગરશેઠનો એક ગુણ એ જ્ઞાન-દર્શન અને વ્રતોના આધાર હતા. અહીં 'આધાર' શબ્દ મૂકીને સૂચવ્યું કે જ્ઞાન-દર્શન-વ્રતોએ જાણે વિચાર કર્યો કે 'આપણે ક્યાં રહેવું ?' તો આવીને આ મહાન શ્રાવક નગરશેઠને પસંદ કર્યા ! અર્થાત્ આ ગુણો લાવવા માટે શેઠને બહુ પરિશ્રમ ન કરવો પડ્યો, પરંતુ સહેજે સહેજે આ ગુણો એમનામાં પ્રગટ થઈ ગયા ! એટલે કે કોઈ દુન્યવી માનપાનાદિ લાલચથી નહિ, યા શાસ્ત્ર ફરમાનના બળાત્કારથી નહિ પણ નિરાશંસ ભાવે અને ગુણના સહજ પ્રેમથી આ ગુણોને ધરનારા બનેલા. અહીં જ્ઞાનગુણની ઊંચી કક્ષા કેવી હોય એ જોવા માટે બાળ વજ્રકુમાર યાદ આવે છે કે જે ૧-૨-૩ વર્ષની ઉંમરમાં પારણામાં ઝુલતા ઝુલતા ત્યાં રહેલી સાધ્વીઓના ૧૧ અંગ-આગમના સ્વાધ્યાયના ઘોષ સાંભળી સાંભળતાં એના પર એવા એકાગ્ર ધ્યાનવાળા બનેલા કે એમને એ વખતે ૧૧ અંગ મુખપાઠ થઈ ગયા !



**જ્ઞાનગુણ : બીજો દાખલો, પુષ્યમિત્ર :-**

એમ આર્ય દુર્બલિકા પુષ્યમિત્ર મુનિ યાદ આવે છે કે જે સૂત્ર-અર્થના સ્વાધ્યાયની રટણામાં એવા લીન કે રોજ એકાશન-આહાર વાપરે છતાં દુર્બલ જેવા રહેતા હતા. એમાં વિહાર કરતાં કરતાં એમના ગામમાં આવ્યા ત્યાં એમના સંબંધીઓ એમને દૂબળા જોઈ આચાર્ય મહારાજને ઠપકો આપવા લાગ્યા કે 'તમે અમારા મહારાજને કેમ બહુ તપસ્યા કરાવી કરાવી દૂબળા બનાવી દીધા ?'

આચાર્ય મહારાજ કહે 'તપસ્યા કશી કરાવી નથી, પરંતુ એમની જ્ઞાન ભણવાની મહેનત આહારને ફુટ્ફુટ્ સ્વાહા કરી નાખે છે. તેથી જાડિયા-પાડિયા નથી બની શકતા. છતાં તમને વિશ્વાસ ન બેસતો હોય તો એમને લઈ જાઓ તમારે ત્યાં એકાન્તમાં થોડા દિવસ એ રહેશે અને તમે વહોરાવશો તે વાપરશે' બસ, સાધુને મોકલ્યા, અને સગાઓએ ઘી-દૂધ-મલાઈના ભોજન વહોરાવવા મંડ્યા. મુનિએ ગુરુના હુકમથી એ વાપરવાનું રાખ્યું. બે દહાડા ચાર દહાડા આઠ દહાડા થયા છતાં શરીર વળ્યું નહિ. સગાઓએ જઈને આચાર્ય મહારાજને વાત કરી પૂછ્યું 'શરીર કેમ વળતું નથી ?'

**સ્વાધ્યાયની મહેનતમાં ઘી-દૂધ ફુટ્ફુટ્ સ્વાહા :-**

આચાર્ય મહારાજ કહે ''આ તમારા ઘી દૂધ ને મલાઈ એમની જ્ઞાન-સ્વાધ્યાયની મહેનતમાં ૐ ફૂટ્ફૂટ્ સ્વાહા થઈ જાય છે. હવે તમારે જોવું હોય તો જાઓ મહારાજને કહેજો હમણાં ૮ દિન સૂત્ર સ્વાધ્યાય બંધ રાખજો; અને તમે એમને આંબેલના લુખ્ખા આહાર વહોરાવી એજ વાપરવા કહેજો'' બસ, સગાઓએ એ કર્યું. મહારાજને સૂત્ર-અર્થમાં ઓતપ્રોતતાની ચિંતા ન રહી. Tension માનસિક શ્રમ ન રહ્યો તેથી લુખ્ખા ખાવા છતાં આઠ દહાડામાં સુકલકડી શરીર ફૂલીને દડા જેવું થઈ ગયું. સગાઓ આ જોઈ સમજી ગયા, મુનિને પાછા ગુરુ પાસે મૂકી જઈ ગુરુની ક્ષમા માગે છે કે 'માફ કરજો, અમે જ્ઞાનનો પરિશ્રમ શું કામ કરે છે એના અજાણ; તેથી પહેલાં આપને ઠપકો દેવાની અમે ભૂલ કરી !'

**દર્શનગુણ : સુલસા**

સમ્યગ્દર્શનગુણની ઉચ્ચતામાં આપણને સુલસા શ્રાવિકા અને ચંદનબાળા યાદ આવે છે. અંબડ પરિવ્રાજકને વીરપ્રભુનું સમ્યગ્દર્શન સ્વીકાર્યાના અભિમાનનો આફરો ચડ્યો હતો કે 'હું એક હજાર શિષ્યોનો અને હજારો ભક્તોનો સંન્યાસી ગુરુ છતાં મેં સ્વમાન મૂકી દઈ કેવો મહાવીર ભગવાનનો જૈનધર્મ અને સમ્યગ્દર્શન સ્વીકારી લીધા !' જ્યારે અંબડ મહાવીર પ્રભુ પાસે આવ્યો, ને માગણી કરે છે કે પ્રભુ ! હું રાજગૃહી જાઉં છું ત્યાં મારા યોગ્ય કાંઈ સેવા ?'

ત્યારે ભગવાને એનો આફરો ઉતારવા અને સમ્યગ્દર્શન કેવું હોય એનાં આબેહુબ દર્શન કરાવવા કહ્યું 'હા, ત્યાં શ્રેણિક રાજાના અંગત અમલદાર નાગરથિકની પત્ની સુલસા રહે છે, એને અમારા ધર્મલાભ કહેજો અને એની ધર્મપ્રવૃત્તિની અમારા વતી ખબર પૂછજો.' અંબડ તહત્તિ કરી સ્વીકારી લે છે, પણ મનમાં સમસમી ગયો કે 'એ સુલસા તે કેવી હશે કે આ ત્રણ જગતના નાથને આખી રાજગૃહીમાં બીજો કોઈ એવો સારો જીવ ન જડ્યો તે સુલસા એક સ્ત્રી જ સંદેશો સંભળાવવા જડી ? ખેર ! જઈને એનું પારખું કરું છું.'

અબંડ પરિવ્રાજક વેશે આવી સુલસાના ઘરના પગથિયા ચડે છે, ત્યાં સુલસાએ જોઈ મોં બગાડી મોં ફેરવી નાખ્યું 'રખેને મિથ્યા ગુરુ સાથે આંખ મિલાવવાનો પણ સત્કાર મારું સમકિત મેલું કરે તો ?' આ ભાવ સુલસાના દિલમાં હતો. પછી અંબડે વિદ્યાના બળે નગરના ચાર દરવાજા બહાર આકાશમાંથી નીચે ક્રમસર જીવંત જેવા બ્રહ્મા શંકર વિષ્ણુ-લક્ષ્મીદેવી અને ૨૫ મા તીર્થંકરના રૂપ ઉતાર્યા ! લોક જોવા ઉમટ્યું પણ સુલસા જોવા તો ન ગઈ, પણ 'મારે મારા મહાવીર ભગવાનનું જોવાનું ક્યાં ઓછું છે ?' **એમ પ્રભુનાં જીવન-પરાક્રમ જોતી-વિચારતી સુલસાને બ્રહ્માદિનાં એ રૂપ જોવાની આતુરતા સરખી પણ શાની થાય ? કે 'લાવ જોઉં તો ખરી કે એ કેવાક રૂપ હશે ?'**

અંતે અંબડ પરિવ્રાજક શ્રાવકનો વેશ કરી સુલસાને ઘરે આવે છે. ઘરમાં એ પેસતાં જ સુલસા ઊભી થઈ સામે લેવા આવી હાથ જોડી પ્રણામ કરી 'પધારો' કહી આવકારે છે. સાધર્મિક મળે એને પ્રણામ કરવો જોઈએ. એને લાવીને ગાદી પર બેસાડી થાળ ને પાણીનો લોટો લાવી કહે છે,- 'પરદેશથી આવ્યા લાગો છો, મારાં ભગવાનના શ્રાવક મારે ઘેર ક્યાંથી ? મારા ધન્ય ભાગ્ય કે મારું આંગણું આપે પાવન કીધું ! થાળામાં પગ મૂકો, હું ધોઈને પાવન થાઉં.'

અબંડ સુલસામાં સમ્યગ્દર્શનની ઊંચી કરણી જોતો ચકિત થઈ ગયો છે, મનને એમ થાય છે કે 'આની સામે મારામાં ક્યાં આવું સમ્યગ્દર્શન છે ?' એ તરત કહે છે,-

'ઓ ભલી બાઈ સુલસા ! તું મારા પગ શું ધુએ ? હું તારા પગ ધોવાને લાયક છું, જેથી મારામાં તારા જેવું સાચું, સમ્યગ્દર્શન આવે.'

સુલસા કહે 'આવું કાં બોલો ? મારામાં કશું નથી.'

**અંબડ કહે 'તારામાં છે એ આખી વિશાળ રાજગૃહી નગરીમાં કોઈની પાસે નથી.'**

માટે તો ત્રિભુવનગુરુ મહાવીર પરમાત્માએ તને એકલીને કહેવા મારા દ્વારા



સંદેશો મોકલ્યો છે, ને તે કહેવા હું અહીં આવ્યો છું;' એમ કહી પહેલેથી બધી હકીકત કહે છે.

એમાં જ્યાં અંબડે કહ્યું 'પ્રભુને કાંઈ સેવા પૂછતાં પ્રભુએ રાજગૃહીમાં નાગરથિકના પત્ની સુલસાને સંદેશા કહેવાની સેવા આપી,' એ વાત કરી ત્યાં એ સાંભળતાં જ સુલસાનું દિલ ધડકવા લાગ્યું કે 'અહો ! ત્રણ જગતના નાથ મારા જેવી રાંકડીને સંદેશો મોકલે છે ? કેટલા ઊંચા મારાં અહોભાગ્ય ?'

સુલસા કહે 'હા, હા, તો જલ્દી કહો પ્રભુએ મને પામરીને શો સંદેશો મોકલ્યો છે ?'

અંબડ કહે 'પ્રભુએ તમને ધર્મલાભ કહેવડાવ્યા છે, ને કહ્યું છે કે અમારી વતી સુલસાની ધર્મપ્રવૃત્તિના ખબર પૂછજો !'

**પ્રભુના સંદેશા પર સુલસાને ગદ્ગદતા :**

આ સાંભળીને સુલસા ક્યાં ઊભી રહે ? હરખનો પાર નથી, સાથે પ્રભુના અનંત અનંત ઉપકારને માનતી હૈયામાં એને પ્રભુ પ્રત્યેનો અપાર કૃતજ્ઞભાવ ઊછળી રહ્યો છે. આંખમાંથી દડ દડ આંસુ પડી રહ્યા છે. ઊભી થઈને જે દિશામાં પ્રભુ વિચરે છે એ દિશામાં ખમાસમણાં દેતી બોલી રહી છે, 'ઓ મારા નાથ ! આ તમે મને યાદ કરી એ તમારી કેટલી બધી આ રાંકડી પર દયા ! ક્યાં તમે ત્રિલોકના નાથ ! ઇંદ્રોના પૂજ્ય ? અને ક્યાં હું વિષયકષાય અને હિંસાદિ પાપોમાં ડૂબેલી ? મારા પર ઓ કરુણાસિંધુ ! આ શી રીતે આટલી બધી કરુણા ? પ્રભુ ! પ્રભુ !...' મોં લાલચોળ થઈ ગયું છે, આંખમાંથી પાણી ટપકી રહ્યું છે. અંબડ તો આ જોતાં આભો જ બની જાય છે. એને લાગે છે,- 'ખરેખર પ્રભુએ આને પારખીને જ સંદેશો મોકલ્યો છે. સંદેશાના નિમિત્તે મને સૂઝાડ્યું કે "તું શાનો સમ્યગ્દર્શનનો ફાંકો રાખે ? સાચા સમ્યગ્દર્શનનાં દર્શન કરવા હોય તો જા સુલસા શ્રાવિકાને જો, એનામાં તને સમ્યગ્દર્શન શી ચીજ છે એ આબેહુબ જોવા મળશે."

**નગરશેઠનો વ્રતગુણ : આનંદ-કામદેવ**

ઋષભસેન નગરશેઠ દર્શનગુણના આધાર હતા, એવા વ્રતોના આધાર હતા; એય સહજભાવે હોંશથી સ્વીકારી લીધેલા. આનંદ-કામદેવાદિ શ્રાવકોએ મહાવીર પ્રભુની પહેલીવાર દેશના સાંભળતાં સમ્યક્ત્વ સહિત બાર વ્રતો હોંશથી સ્વીકારી લીધેલા. એ હોંશ એવી હતી કે આનંદ શ્રાવકે જ્યારે વ્રત લઈને ઘરે પહોંચી પત્નીને વાત કરી કે 'આવી રીતે આજ તો પ્રભુ પાસેથી વ્રતોનું મહાનિધાન મળ્યું !' ત્યારે પત્ની કહે 'વાહ ! તે તમે એકલા એકલા જ કમાણી કરી આવ્યા ?'

આનંદ શ્રાવક કહે 'તો નીચે રથ તૈયાર છે, તમે પણ પહોંચી જાઓ પ્રભુ

પાસે, ને લઈ આવો વ્રતો.' વાર કેટલી ? પત્ની ઉપડ્યા પ્રભુ પાસે પહોંચી પ્રભુને વંદના કરી કહે 'પ્રભુ ! તમારા શ્રાવકને વ્રતો આપવાની મહાન દયા કરી, તો હે કરુણાસિંધુ ! મારા પર પણ દયા કરો મને પણ વ્રતો આપો. પ્રભુએ વ્રતો આપ્યા, ખુશીનો પાર નથી.

**સૂર્યયશા રાજાની વ્રત-મક્કમતા.**

ભરત ચક્રવર્તીના પુત્ર અને હવે રાજા સૂર્યયશાને અષ્ટમી કરવાનું વ્રત, ને રંભા ઉર્વશી પરીક્ષા કરવા રૂપરૂપનો અંબાર વિદ્યાધરીઓનું રૂપ કરીને આવી. રાજાને એ શરતે પરણી કે 'અમે ક્યારેક કાંઈક કહીએ તો તે તમારે કરવું પડે,' પરંતુ પછીથી અષ્ટમીએ રાજાએ પોતે ધર્મધ્યાનમાં રહેવાનો નિર્ધાર કહ્યો, ત્યારે પેલીઓ લગ્ન વખતનું આપેલું વચન યાદ કરાવી અષ્ટમી ન પાળવાનું માગે છે. રાજા કહે, 'બીજું કાંઈ માગો,' ત્યારે પહેલાં 'ગામ બહારનું જિનમંદિર તોડાવી નાખવાનું', ને પછીથી 'પુત્રનું ડોકું ઉડાવી નાખવાનું' માગે છે ! રાજા અંતે પોતાનું મસ્તક છેદી આપવા તૈયારી બતાવીને પોતાના ગળા પર પોતે જ તલવાર ચલાવે છે. દેવીઓ અદશ્યપણે ગળાની અધવચ્ચે તલવાર અટકાવી દે છે, ત્યારે રાજા તલવાર કાઢી લઈ ફરીથી બીજો ઘા લગાવે છે ! એમાં પણ વચ્ચે જ અટકણ થાય છે ! એમ નવ નવ ઘા લગાવવા છતાં ડોકું પૂરું છેદાતું નથી, ત્યારે રાજા અફસોસી એ કરે છે કે 'અરેરેરે ! જો આ ડોકું છેદીને નહિ અપાય, તો મારી અષ્ટમીનું શું થશે ?' દેવીઓએ રાજાને વ્રત-પાલનમાં અણનમતાથી દઢ રહેલો દેખી બાજી સંકેલી દીધી, રાજાને સ્વસ્થ કરી દઈ દેવીરૂપે પ્રગટ થઈ, ક્ષમા માગી ધન્યવાદ આપે છે.

**વિનયગુણ : ગૌતમસ્વામી**

**નગરશેઠ વિનયના રત્નાકર છે,** વિનયનું આબેહૂબ દૃષ્ટાન્ત ગૌતમસ્વામી મહારાજનું જોવા મળે છે. ગુરુ મહાવીર પ્રભુએ ક્યારે પણ કોઈ આદેશ કર્યો, વિચારવા નથી ઊભા કે 'આ બરાબર છે કે નહિ ?' ભગવાને ગમાર ખેડૂતને પ્રતિબોધ કરી આવવા કહ્યું તો તૈયાર ! 'આનંદ શ્રાવકને મોટી મર્યાદાનું થયેલું અવધિજ્ઞાન સાચું, ને ગૌતમ એટલું ન થઈ શકવાનું કહેલું તે બરાબર નહિ,' એમ પ્રભુએ કહ્યું તો તરત તહત્તિ કરી આનંદ શ્રાવકની પાસે જઈને એ કહેવા અને મિચ્છામિ દુક્કડં દેવા તૈયાર ! અંત સમયે પ્રભુએ ગૌતમસ્વામીને દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ કરવા જવાનું કહ્યું તો તૈયાર ! ક્યાંય પ્રશ્ન નહિ, કે બીજું કશું વિચારવાનું નહિ.

**સંવરમાર્ગનો પરિચય :-**

ઋષભસેન નગરશેઠ **નિર્જરા વિવેક સંવરના મહાન સ્તવી** હતા. મહાન 'સ્તવી' અર્થાત્ (૧) સારો પરિચય કરનારા અને (૨) બહારમાં એની સારી સ્તુતિ



કરનારા હતા. સંવર વિવેક નિર્જરાનો પરિચય એટલે જ્યાં જ્યાં મોકો મળે ત્યાં ત્યાં એને અજમાવનારા. દા.ત. 'સંવર' એટલે જેનાથી પાપ ન બંધાય એવી શુભ વૃત્તિ-પ્રવૃત્તિ. તો ચાલવાનું આવે ત્યાં નીચે જોઈ કરીને જીવ ન મરે એની કાળજીથી ચાલવાનું. બારણું બંધ કરવું છે તો ફળાંતરમાં કોઈ ગિરોલી વંદો વગેરે જીવ ન મરે એની ય કાળજી રાખીને પૂંજી પ્રમાર્જીને બંધ કરવું. એમ કાંઈ બોલવાનું આવે તો અસત્ય અપ્રિય કે પાપનું બોલવાનું ન થાય એની કાળજી રાખીને બોલવાનું. એટલા જ માટે બને તેટલું મૌન રાખવું, ને ખાસ જરૂરી હોય એટલું જ અસત્યાદિ ન આવે એની કાળજી રાખીને બોલવાનું. એમ મન નવરું પડ્યું ખોટા ભાવમાં યા નરસા વિકલ્પોમાં ન ચડે એ માટે અનિત્યતાદિ ભાવના વિચારતું રાખવાનું. આવી બધી કાળજી-જયણાવાળી પ્રવૃત્તિ કરાતી રહે એ સંવર માર્ગનો પરિચય રાખ્યો કહેવાય.

**પરિષહનો પરિચય :-**

એમ ભૂખ તરસ લાગી, યા બહુ ઠંડી ગરમી પડી, તો મન ન બગાડતાં 'ચાલો, આ સહીએ એમ કર્મ તૂટે' એમ વિચારી સહર્ષ સહી લેવાય એ પરિષહનો પરિચય કર્યો કહેવાય. એવા બીજા પરિષહમાં શુભ વિચારણાથી મન ન બગડવા દઈએ એ સંવર માર્ગનો પરિચય કર્યો.

સંવરના પરિચયની બલિહારી કેવી છે એ આપણને એક બાળ મુનિના તરસ-પરિષહ પર વિજયના દૃષ્ટાન્તમાં જોવા મળે છે.

**બાળમુનિનો તૃષાપરિષહવિજય.**

બાળમુનિ પિતામુનિ સાથે વિહારમાં જઈ રહ્યા હતા. ઉનાળો અને તડકો, તેથી બાળમુનિને ભારે તરસ લાગી, ચાલવામાં ધીમા પડી ગયા. પિતામુનિએ પૂછવાથી કહ્યું 'બહુ તરસ લાગી છે' આગળ જતાં બાજુમાં તળાવ આવતું જોઈ પિતામુનિ કહે 'જો પેલું તળાવ છે, હું આગળ ઊભો રહું છું' પિતા ચોકખું ન બોલ્યા પરંતુ બાળમુનિ પિતામુનિનો કહેવાનો ભાવ સમજી ગયા કે 'તું તળાવે પાણી પીને આવી જા.' બહુ તરસ તો લાગી જ હતી, ને પિતામુનિએ ૨-૩ વાર એજ કહ્યું, એટલે ગયા તળાવ પાસે. મન આવું કાચું પાણી પીવા ના પડતું હતું, પરંતુ તરસની ઉત્કટતા વધી જવાથી ખોબામાં પાણી લીધું, ને મોં સુધી લાવ્યા, પણ પાછો વિચાર આવ્યો કે 'અરેરે ! આ હું શું કરી રહ્યો છું ? પાણીના એકેક ટીપામાં ભગવાને અસંખ્ય જીવ કહ્યા છે, તે મારી તરસ મિટાડવા આ અસંખ્ય જીવોનો સંહાર કરું ? ના, ભલે તરસે મરીશ, પણ આ હિંસા ન કરું.' એમ કરી ખોબો સાચવીને ઠેઠ તળાવના પાણી નજીક લઈ જઈ પાણી મૂકી દીધું. બહુ નજીક લઈ જવાનું એટલા માટે કે પાણી પર પાણી પછડાય નહિ, નહિતર બંને પાણીના

કેટલાય જીવ મરે.

બાળમુનિ પાછા વળ્યા, પણ અસહ્ય તૃષામાં ત્યાંજ મર્યા ને પડ્યા. શુભભાવમાં મર્યા છે તેથી દેવતા થયા ! દેવ થઈને અવધિજ્ઞાનથી જોયું, પરિસ્થિતિ સમજી ગયા, ખૂબ ખુશી થયા કે 'હાશ ! પીવા લીધેલ પણ પાછું મૂકેલ, તો પાણીના અસંખ્ય જીવ બચી ગયા ! ને મારે દુર્ગતિ અટકી.' પણ 'નિર્યામણાનું સંભળાવવાને બદલે ખોટી સલાહ આપનાર બાપમુનિને શિખામણ આપું' એમ વિચારી તરતમાં પડેલા પોતાના મૃત શરીરમાં પ્રવેશ કરીને ચાલતા ચાલતા પિતામુનિને ભેગા થઈ ગયા. એમણે સંતોષ દેખાડ્યો,- 'ચાલો સારું થયું પાણી પી લીધું, તરસ મટી.' બાળમુનિદેવતા વિચારે છે,- **'અહો ! મોહસ્ય માહાત્મ્યં !'** રસ્તામાં તરસ્યા મુનિઓની ભક્તિ કરવા દેવતાએ ભરવાડોની ઝુંપડીઓ વિકૂર્વી. મુનિઓ સ્વાભાવિક સમજી પૂછે છે 'અહીં દહીં છાશ મળશે ?' ભરવાડો કહે 'આવા કપરા જંગલમાં અમારા અહોભાગ્ય ક્યાંથી કે આપ મહાત્માઓનો લાભ મળે ? લો ખુશીથી, દહીં છે, દૂધ છે, છાશ છે.' મુનિઓએ વહોરી વાપરીને ચાલ્યા એમાં એક મુનિનું કપડાનું વીંટોલું દેવતાએ ભુલાવી દીધું, તે મુનિ ઠેઠ મકાને પહોંચ્યા પછી યાદ આવ્યું. આચાર્ય મહારાજને પૂછી પાછા લેવા ગયા, પરંતુ એકલું વીંટોળું પડેલું દેખ્યું, ઝુંપડા કોઈ જ દેખ્યા નહિ. આવીને ખબર આપી આચાર્ય મહારાજ કહે 'મુનિને દેવપિંડ ન ખપે એટલે નક્કી કોઈ દેવતા દ્વારા આ ઝુંપડા, ભરવાડો, વગેરે માયાજાળ મુનિઓની ભક્તિ અર્થે કરાયેલી લાગે છે !' દરમિયાન પેલા બાળમુનિદેવ બધાને વંદન કરતાં પિતામુનિને વંદન ટાળે છે. આચાર્ય મહારાજે પૂછતાં કહે છે,- 'એ વંદનને યોગ્ય ક્યાં છે ? પૂછો એમને, રસ્તામાં મને તરસ લાગેલી તો એમણે શી સલાહ આપેલી ? તળાવનું કાચું પાણી પીવા ૨-૩ વાર ઈસારો કરેલોને ? આ તો મેં ઠેઠ મોં સુધી લાવેલ ખોબો કાચું પાણી, સારું થયું કે આપશ્રીની હિતશિક્ષા યાદ આવી કે 'કાચા પાણીના ટીંપે ટીંપે અસંખ્ય જીવો, તેની રક્ષા કરવી જોઈએ,' તેથી પાણી જયણાથી પાછું મૂકી ચાલવા માંડ્યું, એમાં અસહ્ય તરસથી મૃત્યુ થયું, અપ્કાય રક્ષાથી હું દેવ થયો, પિતામુનિને શિખામણ આપવા મેં એજ મડદામાં પ્રવેશ કરી અહીં સુધી હું આવ્યો. રસ્તામાં મુનિઓની ભક્તિ કરવા ઝુંપડા વગેરેની માયા મેં જ વિકુર્વેલી. ક્ષમા કરજો, આપ સૌને મેં ઠગ્યા. બાકી પિતામુનિની સલાહ માની કાચું પાણી પી મર્યો હોત તો કેવી દુર્ગતિમાં જાત !' પીપાસા પરિષહ એ સંવર છે, એની બલિહારી છે, સદ્ગતિ અપાવે.

ત્યારે સંવર ન રાખવામાં અને યથેચ્છ બોલવામાં કેવા મહાનુકસાન ! એ આપણને **સમરાઈચ્ચ કહાના મજુરણ અને એના છોકરાના** દૃષ્ટાન્તમાં જોવા મળે છે. મા લોકોના પાણીનાં બેડાં કૂવેથી ભરી લાવે; અને છોકરો લોકોના ઢોરા ચરાવી



લાવે. એક વાર છોકરો ઘરે મા કરતા વહેલો આવ્યો. ખાવા રોટલો શોધે છે પણ મળ્યો નહિ, ધૂંઆ પૂંઆ થઈ ઘયો. ભાષા પર કાબુ ગુમાવ્યો, મા આવી કે તરત ગરજ્યો "ક્યાં શૂળિએ ચડવા ગઈ હતી ? તારો સગલો ભૂખ્યો થશે એની ખબર નહિ રાખવાની ? તે રોટલો કરી મૂકતા શું થયું ?"

માતા પણ વાણી પર કાબૂ ભૂલીને તરત સંભળાવી દે છે "તારા કાંડા કપાઈ ગયા હતા ? આ શીકા પરથી રોટલો લેતાં શું થયું ?"

માતા પણ વાણી પર કાબૂ ભૂલીને તરત સંભળાવી દે છે "તારા કાંડા કપાઈ ગયા હતા ? આ શીકા પરથી રોટલો લેતાં શું થયું ?"

બસ, બંનેએ ભાષાનો સંવર ગુમાવ્યો તો એવા કર્મ બંધાયા કે પછીના ભવે માતા છોકરી થઈ, એના કાંડા કપાયા ! અને છોકરો છોકરો થયો એને શૂળિએ ચડવા વખત આવ્યો ! કર્મ અને ભવિતવ્યતાની વિચિત્રતા કેવી કે આ છોકરાની સગાઈ બીજા ગામમાં જન્મેલી એજ માતાછોકરી સાથે થયેલી, અને એ પરગામ જતાં અંધારું પડવાથી વચમાં સાસરાના ગામ બહાર મંદિરમાં સૂતેલો. ત્યાં પેલી છોકરી સંધ્યાકાળે મકાનની પાછળના બગીચામાં ફરતી હતી, ત્યાં ચોરે આવી એના હાથ પરનાં મોતીનાં બંગડિયા આપી દેવા કહ્યું, ન આપ્યા, તો ચોરે બે હાથ પકડી છરાથી કાંડા કાપી નાખી, બંગડિયા લઈ ભાગ્યો. છોકરીએ બુમરાડ-રોકકળ કરી, બાપે ચોરની પાછળ સિપાઈઓ દોડાવ્યા. ચોર ભાગતાં ભાગતાં ગામ બહાર મંદિરમાં પેઠો, સિપાઈઓ દોડતા આવવાનો અવાજ સાંભળી ચોરે દાગીના પેલા સૂતેલા છોકરાની પછેડી નીચે મૂકી દઈ, પોતે જંગલમાં છુપાયો. સિપાઈઓ મંદિરમાં એ સૂતેલા છોકરાની જડતી લે છે, બંગડિયો મળી આવવાથી છોકરાને રાજા પાસે લઈ જઈ હકીકત કહે છે. રાજા એને શૂળિએ ચડાવે છે. જુઓ કર્મની શિરજોરી ! છોકરાને કહેવાનો અવસર નથી રહેતો કે 'હું તો ચોર નહિ. પણ આ ગામનો જમાઈ છું. તમે તપાસ કરો,' ત્યારે કર્મની ને ભવિતવ્યતાની વિચિત્રતા કેવી, કે પોતાની પત્નીના જ બંગડિયાના નિમિત્તે પોતાને શૂળિની સજા મળે ! ગુના વિના સજા ? ના, ગુનો પાછલા ભવનો હતો. ભવિતવ્યતા કેવી કે કન્યાના કાંડા એજ વખતે કપાય કે જ્યારે પતિ ગામ બહાર મંદિરમાં સૂતો છે, ને ચોર એની પાસે બંગડિયા મૂકવાનો છે ! જગતના કેટલાય ભાવો આમ ભવિતવ્યતાના બળે ધારણા બહાર ગોઠવાઈ જાય છે.

**ભવિતવ્યતા ક્યાં કામ કરે ? :-**

યુવાનનો અહીં કોઈ ગુનો નથી, છતાં કેમ એમ ગોઠવાયું ? અહીં એકલા યુવાનના એવા કર્મથી સમાધાન નથી મળતું; કેમકે કર્મ શૂલિની પીડા આપે, પરંતુ

તે તો ગમે તે કારણે પીડા આવી શકતે. પોતાની પત્નીના જ બંગડિયા અને એના જ કાંડા કપાવા નિમિત્તે અને ચોરે ઊંઘતા એવા એની પાસે બંગડિયા મૂકી દીધા, એ બધી ગોઠવણ ભવિતવ્યતાએ કરી એમ માનવું પડે.

સવારે ત્યાં જ્ઞાની ગુરુ પધારે છે, અને બંને અંગે ખુલાસો કરતાં પૂર્વભવ કહે છે. ત્યારે કન્યાને ને કન્યાના બાપને ખબર પડે છે, બધાય પસ્તાય, પણ હવે કરે શું ? રાજા પસ્તાય કે 'હાય ! મેં કાં નિર્દોષને સજા ફરમાવી ?' કન્યા પસ્તાય કે 'હાય ! મારા જ બંગડિયાના નિમિત્તે મારા પતિને ખોટી રીતે સજા ?' બાપે પસ્તાય કે 'હાય ! મેં સારો જમાઈ ખોયો ?'

જ્ઞાની ત્યાં કહે છે 'માટે પ્રમાદ ન કરો. પૂર્વ જન્મે આવેશમાં આવી એવા ભારે બોલ બોલી નાખવાનો પ્રમાદ બંનેએ કર્યો તો આ પરિણામ આવીને ઊભું ! આવેશ આવે એ ય પ્રમાદ છે, અને ભારે બોલ બોલાય એ પણ પ્રમાદ છે. એ રોકવા સંવર કરવો જોઈએ.

**ભાષાસમિતિ એ સંવર, એનાથી ભારે બોલ અટકે.**

**મનોગુપ્તિ એ સંવર, એનાથી આવેશ અટકી જાય.**

**વિવેક એ મોટો ગુણ**

ઋષભસેન નગરશેઠ સંવરનો બહુ પરિચય રાખતા અભ્યાસ રાખતા એવો **વિવેકનો અભ્યાસ રાખતા.**

વિવેક એટલે સારભૂત શું ને અસાર શું ? હિતકર શું, ને અહિતકર શું ? એની ચોક્કસ પ્રકારની સમજ. એમ સારભૂતમાં ય શેમાં વધુ લાભ, શેમાં ઓછો ? કેવા પાત્રને કેવું કહેવું, કેવું ન કહેવું ? દા.ત. તોફાની બાળકને આંખ કાઢીને ધમકાવવો; પણ મોટાને એમ ન ધમકાવાય.

વિવેક માણસાઈ લાવે છે. વિવેક વિનાનો નર એ પશુ જેવો છે. વિવેક બોલવાની હોશિયારી આપે છે.

**રાજા શિકાર કેમ છોડે છે ? :-**

રાજા શિકારે ચડેલો, સાથે દિવાનને લીધેલો. જંગલમાં એક હરણીયાના પૂંઠે ઘોડો દોડાવ્યો. હરણિયું નજીકમાં આવવા થાય અને રાજા બાણ મૂકવાની તૈયારી કરે ત્યાં હરણિયું જોરથી ભાગે. પણ દોડતા ભાગતાં પૂંઠે જોતું જાય. ને પાછું દોડે.

ત્યારે રાજા દિવાનને પૂછે 'આ કેમ વારે વારે પાછું જુએ છે ?'

દિવાનને રાજા શિકાર કરે એ ગમતું નહોતું એટલે શિકાર છોડાવવો હતો એમાં અહીં મોકો દેખ્યો તે એવી વિવેકવાળી ભાષા વાપરી કે રાજા શિકારનો ત્યાગ કરે છે. દિવાને એવું શું કહ્યું હશે ?



દિવાને કહ્યું 'મહારાજા ! હરણિયું એ જોતું જાય છે કે મારી પાછળ ક્ષત્રિય દોડે છે કે નમાલો ? કેમકે ક્ષત્રિય બચ્ચો પીઠ પાછળથી ઘા ન કરે.' દિવાનના આ એવા વિવેકભર્યા બોલ હતા કે રાજાને હૈયે ચોંટી ગયા અને લાગ્યું કે 'ખરેખર હું હરણિયાને પીઠ પાછળથી બાણ મારવા જાઉં છું, તેથી હું ક્ષત્રિય ન ગણાઉં. રાજા કહે 'દિવાન ! દિવાન ! તમે કમાલ વાત કરી ! બસ, આજથી જીવનભર માટે મારે શિકાર બંધ.'

**નિર્જરાના અભ્યાસી**

નગરશેઠ વિવેકના અભ્યાસી હતા. એવા **નિર્જરાના અભ્યાસી** હતા.

કર્મની નિર્જરા શી રીતે થાય ? કહો, બાહ્ય-આભ્યન્તર તપથી અનશનથી નિર્જરા. એક ટંક માટે પણ ભોજનના ત્યાગનો અભિગ્રહ કર્યો એ અનશન થયું. એનાથી કર્મ નિર્જરા, કર્મોનો ક્ષય થાય. તપ તરીકે સમજીને ખાવામાં ૨-૪ કોળિયા જતા કર્યા, ઊનોદરી રાખી એ તપ થયો. એનાથી કર્મોનો ક્ષય થાય. એમ ખાવાના દ્રવ્યોનો સંક્ષેપ-સંકોચ કર્યો, રસનો ત્યાગ કર્યો એ તપ થયો. એનાથી કર્મોની નિર્જરા થાય. એમ ધર્મ તરીકે કાયકષ્ટ ઉપાડો એ તપ. એમ ધર્મ તરીકે કાયાને અંગોપાંગ ઓછા હલાવો, વાણીથી મૌન રાખો, એ તપ એનાથી કર્મોનો ક્ષય થાય.

જીવનમાં ગોઠવો તો આ બધું કેટલું ગોઠવાય એમ છે ? નગરશેઠ ગૃહસ્થપણામાં શક્યતા અનુસારે આ બાહ્ય તપના તેમજ પ્રાયશ્ચિત્ત-વિનય-વૈયાવચ્ચ-સ્વાધ્યાય વગેરે આભ્યન્તર તપના અભ્યાસી હતા, પરિચયવાળા હતા. એક 'સ્તવ' આ પરિચય, અભ્યાસ, બીજો 'સ્તવ' સ્તુતિ-પ્રશંસા.

ઋષભસેન નગરશેઠ સંવર વિવેક અને નિર્જરાની પ્રશંસા ગુણગાન કરનારા હતા, એટલે સ્વાભાવિક છે કે એના પ્રતિપક્ષી અસંવર યાને પાપાશ્રવ, અવિવેક, અને અનશનાદિ તપના વિરોધી ખાનપાન રંગરાગ એશ આરામી... વગેરેના ગુણગાન કરનારા નહિ. એમ વિનય વૈયાવચ્ચ સ્વાધ્યાયાદિના જે વિરોધી દોષો અવિનય, સ્વાર્થવૃત્તિ, હરામહાડકા, તથા બાહ્યભાવની વાતોના ગુણગાન કરનારા નહિ; એટલે નિંદા કૂથલી કરનારા નહિ એટલે નિંદા કૂથલી પાપકથા તો કરે જ શાના ?

**સાધુ : લૂંટારાની જાણ છતાં મૌન !**

એક સાધુ હતા, ગુરુ સાથે વિહાર કરતાં પોતાના મૂળ વતનની નજીકના ગામમાં આવ્યા ત્યારે ગુરુની રજા લઈ સગા સંબંધીને દર્શન આપવા અને ધર્મબોધ આપવા પોતાના ગામ તરફ ચાલ્યા. રસ્તામાં જંગલ, તે એમાં લૂંટારા મંત્રણા કરતા હતા. એમણે મુનિને જોઈ કહ્યું,

'જુઓ ગામ તરફ જાઓ છો, પણ ખબરદાર ! ત્યાં કોઈને અમો અત્રે હોવાની બાતમી આપી છે તો ? બોલો, ગામમાં જઈ વાત કરવાના છો ? તો

તમને અહીં જ પકડી રાખશું.'

મુનિ કહે "અમારે અધિકરણ અર્થાત્ ઝગડો થાય કે પાપાચરણ થાય, એવું બોલાય નહિ, સાધુનો એ ધર્મ નહિ."

લૂંટારાઓએ મુનિની કબૂલાત જોઈ મુનિને જવા દીધા.

હવે મુનિ ગામમાં ગયા, સગાઓને દર્શન આપ્યા, ત્યાં સગાઓને ય ખબર પડેલી કે 'આપણા મહારાજ આવી રહ્યા છે ને બાજુના ગામમાં છે,' તે ગાલ્લી તૈયાર કરી નીકળવાની તૈયારીમાં હતા. પોતાના મહારાજને જોઈ ખુશી થયા, અને એમને મૂકવા જવા તથા ગુરુ તથા બીજા મુનિઓના દર્શન વંદન અર્થે ચાલ્યા. મુનિ પણ સાથે હતા પરંતુ એમણે કહ્યું નહિ કે જંગલમાં લૂંટારા છે કેમકે તો ચોકિયાતો સાથે લે અને એમાં લૂંટારા સાથે મારામારી થાય એ અધિકરણ થયું કહેવાય. એમાં મુનિથી નિમિત્ત ન થવાય. પૂછો,-

**પ્ર.**- તો પછી લૂંટાય એ સારું ?

**ઉ.**- ના, પરંતુ અહીં લૂંટાય જ એવો નિશ્ચય નથી, ને કદાચ લૂંટાય તો એમાં પોતે નિમિત્ત થયા ન કહેવાય; કેમકે સગાઓ આપમેળે ચાલવાના જ હતા.

મુનિપણાનો માર્ગ સૂક્ષ્મ છે, નિપુણ બુદ્ધિથી સમજાય એવો છે. સ્થૂલ બુદ્ધિથી ન સમજાય. મુનિપણાનો માર્ગ આ, કે- **"કોઈના પાપમાં કે દુઃખમાં નિમિત્ત નહિ થવાનું."** જીવો પોતે પાપ કરે, પોતાની પ્રવૃત્તિથી દુઃખ પામે, એમાં મુનિ જવાબદાર નહિ. મુનિના વચન વગેરેનું નિમિત્ત પામીને બીજાઓ પાપ કરે, દુઃખ પામે, એમાં મુનિ જવાબદાર.

માટે તો મેતારજ મુનિએ 'સોનીના સોનાના જવલા પક્ષી ચણી જઈ ઝાડ પર બેઠું' એ જોયેલું છતાં સોનીએ પૂછ્યું કે 'બોલો જવલા ક્યાં ?' તો મેતારજ મુનિ બોલ્યા નહિ; કેમકે જો કહેત કે પેલું પક્ષી ચણી ગયું છે, તો સોની કદાચ ગોફણ નાખી પક્ષીનો ઘાત કરત. એમાં પક્ષી પર દુઃખ આવ્યું, એમાં મુનિ નિમિત્ત થાત. પૂછો,-

**પ્ર.**- સોનીના કિંમતી જવલા જાય એની મુનિને દયા ન આવે ?

**ઉ.**- મુનિ એવી સંસારીઓની દયા કરતા ન બેસે, એમાં તો એમના અહિંસા, અપરિગ્રહ, બ્રહ્મચર્ય વગેરે મહાવ્રત ઘવાય.

**મુનિ બન્યા, સંયમ લીધું, એટલે પોતાના મહાવ્રત પહેલા સાચવવાના, દુનિયાની દયા ખાતર એને ગુમાવાય નહિ.**

મેતારજ મુનિએ પોતાને સોની તરફથી ઠેઠ જીવલેણ ઉપસર્ગ આવ્યો ત્યાં સુધી મુનિએ પક્ષીનું નામ પાડ્યું નહિ. તો શું બગડ્યું ? પોતે કર્મ ખપાવી મોક્ષે



ગયા ! અને પાછળથી સોનીનો પણ ઉદ્ધાર થયો. મુનિમાર્ગ સૂક્ષ્મ છે, સ્થૂલ બુદ્ધિવાળા એ ન સમજી શકે.

સાધુના સગાઓ જંગલમાં ચાલતાં લૂંટારાઓએ છાપો માર્યો. એમને લૂંટ્યા. બેઠા ખાલી ખમ થઈને. ત્યાં એક લૂંટારો સાધુને જોઈ બીજા લૂંટારાને કહે 'આ સાધુ સાચા, કબૂલાત પ્રમાણે એમણે ગામમાં આપણી વાત ન કરી. મુનિની સંસારીપણાની માતા આ સાંભળી ગઈ, તે પુત્રમુનિને કહે

'તમે જાણતા હતા કે અહીં લૂંટારા છે, છતાં અમને તમે કહ્યું નહિ ? કહ્યું હોત તો સાથે ચોકિયાતો લઈ લેત ને ? અમને લૂંટાવા દેનાર તમે કુપુત્ર છો, આવા કુપુત્રને મેં કાં દૂધ પાઈને ઊછેર્યો ? લાવો છરી, લાવો મારા સ્તન કાપી નાખું'

ત્યાં લૂંટારાનો આગેવાન કહે "મા ! આ શું બોલી ? આ તો તારો કુપુત્ર નહિ, પણ સુપુત્ર, રતન છે રતન ! એણે સાધુપણું લીધું, તમે એને સાધુપણું અપાવ્યું, એ એણે બરાબર પાળ્યું, તમારી ને તમારા કુળની શાન વધારી. સાધુથી અધિકરણ થાય એવું બોલાય નહિ, પછી ભલે સગાઓ કષ્ટમાં મુકાય. ચોકિયાતો આવતે તો મારામારી થાત. એ અધિકરણ થાય એમાં નિમિત્ત સાધુથી થવાય નહિ. તમારા પુત્રરત્ને તો સાધુપણું અજવાળ્યું, ને સાથે તમારું કુળ અજવાળ્યું. આવા સાધુ-પુરુષને અમારી લાખો વંદના છે, ને આવા સાધુના જનેતા તમે, તમને ય અમારી વંદના છે, એટલે તમારું લૂંટ્યું એ ભૂલમાં તમને ઓળખ્યા નહિ તેથી લૂંટ્યું. તમારા જેવાનું લૂંટાય નહિ. જાઓ લઈ લો બધો તમારો માલ." એમ કહી બધો માલ આપી દીધો. માતા સમસમી ગઈ કે **'વાહ કેવો મારો પુત્ર સાધુ સાધુપણામાં ચુસ્ત !'**

ઋષભસેન નગરશેઠ સંવર-વિવેક-નિર્જરાની જ સ્તવના પ્રશંસા કરતા, એટલે આવું અધિકરણ થાય એવું કે નિંદા-વિકથા-કૂથલીનું કશું બોલનારા નહિ.

એમ, નગરશેઠ **શીલવ્રતના ઊંચા કિલ્લા સમાન હતા.** કિલ્લામાં રહેલાં બધાનું રક્ષણ થાય. એમ આ નગરશેઠના આશ્રયમાં રહેલાના શીલનું રક્ષણ થાય, એવા એ ખબરદાર શ્રાવક હતા.

### કુટુંબનું શીલ સાચવનાર શેઠ

પેલા શ્રાવક શેઠની વાત આવે છે ને ? એમની હવેલી પાસેના મકાનમાં રાજાએ પરદેશી સંગીતકારોને ઉતારો આપ્યો બસ, સંગીતકારોને બીજું કામ શું ? રાજાના ટાઇમે જઈને સંગીત સંભળાવે, બાકીના સમયે મુકામ પર ગીતસંગીતનો અભ્યાસ કરે, એમાં મોહનાં ગીતડા ગવાય. શેઠ ચોંક્યા કે 'હાય ! આવું બધું સાંભળીને તો ઘરની દીકરીઓ-વહુરો છકી જ જાય ! કામના ઉન્માદમાં ચડી

બેસે ! ને તો તો અનર્થ કરી બેસે !'

પૂર્વના શ્રાવક વડિલોને આ વિચાર હતો, એટલે સાવધાની તકેદારી રાખતા. એટલે જ નાનડિયા શીલવાન તૈયાર થતા. મને ખબર છે અમે નાનપણમાં મામીની સાથે પાલીતાણા ગયેલા ત્યારે મામીએ દીકરી કરીને રાખેલી ભત્રીજી ધર્મશાળામાં બીજાની રૂમમાં ગયેલી પાછી આવી, ત્યારે મામીએ ઉધડી લીધી, ને જવાબમાં ગલ્લા તલ્લા જોયા, એટલે મામીએ એને વેલણે વેલણે ફટકારેલી ત્યારે એ એકલી બીજાના ઘરમાં જવાની ખો ભૂલી ગઈ. પૂર્વના શ્રાવક-શ્રાવિકાઓની દીકરા દીકરી-વહુરો માટે આ કાળજી હતી કે એના શીલને વાંધો ન આવે.

ત્યારે આજે સાસુ-સસરા-વહુ-દીકરીઓ બધા સાથે પિક્ચર જોવા જાય, સાથે ટી.વી. જોવા બેસે, એમાં નાનડિયાની શીલની ભાવના ક્યાં ટકે ? ત્યારે જીવનમાંથી શીલ ગયું તો શું રહે ? કવિ કહે છે.

**"સાધુ અને શ્રાવકતણાં વ્રત છે સુખદાયી રે**
**શીલ વિના વ્રત જાણજો કુસકા સમ ભાઈ રે, શીલ સમોવ્રત કો નહિ,**
**નવ વાડે કરી નિર્મલું, પહેલું શીલ જ ધરજો રે**
**ઉદયરત્ન કહે તે પછી, વ્રતતણો ખપ કરજો રે, શીલ૦"**

પેલા શ્રાવક શેઠે જોયું 'આ સંગીતકારો પાસે રહ્યા, એ પાપ છે. એમનાં મોહનાં ગીતડાં નાનડિયાની શીલની ભાવના બગાડે. માટે એ પાપ કાઢવું જોઈએ.'

**શેઠની સંગીતકારોને હટાવવા કુનેહ :-**

પણ રાજાને કહેવાથી રાજા થોડો જ માને ? એટલે શેઠ યુક્તિ કરી મોટો નજરાણાનો થાળ લઈ રાજાને મળવા ગયા. રાજા પાસે જઈ નજરાણું ધરી કુશળ પૂછે છે.

રાજા કહે- 'કાંઈ કામકાજ હોય તો કહેજો.'

શેઠ કહે કામ તો કાંઈ મોટું નથી. મારે કુટુંબ હવે મોટું થયું એમાં ઘરમાં પરમાત્માનું મંદિર કરવું છે. તેથી આપની રજા લેવા આવ્યો છું.' રાજા કહે 'ઓહો ! પરમાત્માનું મંદિર કરવું, એ તો ઉત્તમ કાર્ય છે. એમાં રજા શાની લેવાની હોય ?'

શેઠ કહે "સાહેબ ! વાત એમ છે કે મંદિર થાય એટલે નગારા ઢોલ વગેરે વાજિંત્ર વાગે, એમાં જો કોઈ આપની પાસે ફરીયાદ લઈને આવે કે આથી ઘોંઘાટ થાય છે, તો આપ મને કહોને કે 'કોને પૂછીને મંદિર કર્યું ?' તેથી પહેલેથી જ આપની રજા લઈને મંદિર કર્યું હોય તો વાંધો ન આવે."

રાજા કહે 'જાઓ જાઓ કરો ભગવાનનું મંદિર, હું એવી કોઈની ફરિયાદ સાંભળવાનો નથી.' બસ, શેઠે ઘેર આવી ઘરમંદિર બનાવી ટકોરખાનું બેસાડી



દીધું, ચાલ્યું આખો દિવસ નગારા વગાડવાનું' તડિતુમ્ તડિતુમ્, ધડિતુમ્, ધડિતુમ્... હવે પેલા સંગીતકારો ઝીણા સ્વરે શું ગાઈ શકે ? જઈ દિવાનને ફરિયાદ કરી. દિવાને રાજાને વાત કરી. રાજાએ કહ્યું 'આપણે શેઠને રજા આપેલી છે. સંગીતકારોને બીજા લત્તામાં મકાન અપાવી દ્યો.'

પત્યું. સંગીતકારો ત્યાંથી બીજે ખસેડાઈ ગયા, અને શેઠને નિરાંત થઈ કે 'હાશ ! કુટુંબના શીલના ભાવને ધક્કો લગાડે એવું પાપ ટળ્યું !'

શ્રાવકોની આ કાળજી; આશ્રિતોના શીલની રક્ષા થાય એ ખાસ જોવાનું. ૠષભસેન નગરશેઠ એ માટે શીલના કિલ્લા સમાન હતા. અનેક સુંદર ગુણોના ભંડાર આ નગરશેઠ કુળમાં દીવા જેવા હતા.

સારાંશ, તરંગવતી સાધ્વીજી કહી રહ્યા છે કે ૠષભસેન શેઠ પોતાના કુળવંશમાં દીવો છે. એમનાથી એમનું કુળ એમનો વંશ દીપી રહ્યો છે, પ્રકાશમાન બની ગયો છે. શેઠનું આટલું વર્ણન ગૃહિણી ! એટલા માટે કર્યું કે એ મારા સંસારીપણે પિતા છે; એમની હું કુળબાલિકા, તે પણ શેઠને આઠ પુત્રો પછી જન્મેલી. નાનામાં નાનું સંતાન, સિંહના સ્વપ્નથી માતાના ઉદરમાં આવેલી, એટલે રૂપ-લાવણ્ય-કાંતિ-સૌંદર્ય અનુપમ કોટિનું સરજાયેલું.

મારા જન્મ વખતે ધાવમાતાઓ સેવામાં તૈયાર હતી. એમણે પિતાજીને મારા જન્મની વધાઈ આપી. પિતાજીએ મોટું વધામણી દાન આપ્યું અને નગરમાં વધામણી ઉજવી. દાનથી કેઈ ગરીબોના દુઃખ ફેડ્યાં, સ્નેહી સ્વજનોને ઊંચા જમણ આપ્યા. જિનમંદિરોમાં ભવ્ય ઉત્સવ ઉજવ્યા.

એક બાળકીના જન્મમાં આટલો બધો ઠાઠ ? હા, આઠ આઠ દીકરા પર ખોટની દીકરી હતી. વળી રૂપકાન્તિ અલૌકિક હતી, એટલે હરખનો પાર નહોતો; ને પોતે શ્રીમંત માણસ છે શું કામ લાડકી પુત્રીનો જન્મ ન ઊજવે ? એમાં પોતે ચુસ્ત અરિહંત-ભક્ત, એટલે સહજ છે કે આવી દુર્લભ પ્રાપ્તિ બદલ અરિહંતદેવનો મહાન ઉપકાર માની પ્રભુભક્તિ-ઉત્સવ ઊજવે જ, અરિહંત-ભક્તને કોઈ ને કોઈ નિમિત્ત મળવું જોઈએ; એટલે એ નિમિત્ત પામી અરિહંત પ્રભુની ભક્તિમાં લાગ્યો જ સમજો. પૂછો,-

**પ્ર.**- પુત્રીજન્મ તો એક સાંસારિક બાબત છે, એમાં અરિહંતને લવાય ?

ઉ.- જરૂર લવાય.

**સાંસારિક બાબતમાં ઉપકારી તરીકે અરિહંતને મન પર લાવે તો સાંસારિક બાબતમાં રાગના ઝેર ઓછા ચડે છે.**

**ધર્મ અરિહંત પ્રત્યે કૃતજ્ઞતા બજાવવા માટે કરો :-**

શું ભગવાનનો ધર્મની બાબતમાં જ ઉપકાર છે ? સાંસારિક સુખ-સગવડો મળે એમાં ભગવાનનો ઉપકાર નથી ? જો ઉપકાર હોય તો ઉપકારીને કેમ ભુલાય ? અરિહંતના ઉપકારની કૃતજ્ઞતાની રૂએ અરિહંત ભગવાનને ભજવા જ જોઈએ. ભગવાનને એવા ભજીએ કે એ જોતાં બીજાઓ પણ અરિહંતદેવ પ્રત્યે આકર્ષાય. ઋષભસેન એ કરી રહ્યા છે. પુત્રીનું જન્મ-નિમિત્ત પામીને અરિહંત પ્રત્યેની કૃતજ્ઞતારૂપે ઓચ્છવ મહોત્સવ કરાવી રહ્યા છે. હવે નામ પાડવું છે તો જમના નદીમાં વ્યાપી રહેલા અનેક જાતના સુંદર તરંગો સ્વપ્નમાં જોવામાં આવેલા તેથી બાળકીનું નામ તરંગવતી તરંગલોલા પાડવામાં આવ્યું. સાધ્વીજી કહે છે કે આ નામનો કોણ જાણે શો પ્રભાવ પડ્યો કે જેમ જેમ ઉંમર વધતાં જ્ઞાન-પ્રાપ્તિ વધવા માંડી, તેમ તેમ અનેક પ્રકારના સુખદ તરંગો મને સ્ફુરવા લાગ્યા.

કેટલીકવાર નામ પણ સૌન્દર્ય બની જાય છે. નામ પ્રમાણે માણસ જો ધ્યાન પર લે તો ગુણ પ્રગટતા જ જાય છે. બાળિકા તરંગવતી બહુ લાડકોડમાં ઊછરે છે, અને આઠ વરસની ઉંમર થતાં એને ભણાવવા ખાસ ધીરગંભીર એવા કળા-ગુણ-વિદ્યાના વિશારદ નિષ્ણાત પંડિત રાખવામાં આવે છે. એવી પુણ્યાઈ લઈને આવી છે કે પંડિતને ભણાવવામાં ઝાઝી મહેનત નથી કરવી પડતી. કેમ જાણે વિદ્યાઓ એને સામે ઊઠીને સ્વયં વરવા આવી હોય ! એમ ટૂંકા સમયમાં ઝટપટ કળાવિદ્યાઓમાં પારંગત થાય છે. લેખન, ગણિત, ચિત્રકામ, પૂતળા-પત્રછેદ્ય બનાવવાની કળા, ગીત, નૃત્ય, સંગીત-વાજિંત્ર, પ્રશ્ન-પ્રહેલિકા,... વગેરે કળા વિદ્યાઓ સિદ્ધ કરી.

**પ્ર.**- ટૂંકા સમયમાં આટલી બધી વિદ્યાઓ શે સિદ્ધ થાય ?

**ઉ.**- આમાં મુખ્યપણે જીવના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ્ કામ કરે છે. જીવમાં જ્ઞાન બહારથી નથી આવતું, પરંતુ જીવનો પોતાનો અંદરમાં જ્ઞાનગુણ છે, એના પર કર્મનાં આવરણ ચડેલા છે, એ વિનય-બહુમાન જિનભક્તિ, તપ-સંયમ આદિ ધર્મસાધનાઓ, અને બાહ્ય ગોખવા ભણવાની મહેનત, એ આવરણોને તોડે છે. કહો જાણે આવરણના પડદામાં બાકાં પડે છે, એમાંથી અંદરનો જ્ઞાન પ્રકાશ બહાર પ્રગટ થાય છે. મતલબ આત્મામાં જ્ઞાન બહારના પુસ્તક કે ગુરુવાણીમાંથી નથી આવતું, કિન્તુ અંદરમાંનું જ્ઞાન પ્રગટ થાય છે. આ પ્રગટ થવામાં બરાબર સમજી રાખજો કે

**એકલું પુસ્તક ભણવાનું કામ નહિ લાગે, પણ સાથે મુખ્યપણે ગુરુ વિનય-ભક્તિ, ગુરુ-બહુમાન, શાસ્ત્ર-વિનય-ભક્તિ, બહુમાન ખાસ જોઈશે;**

અને ઉપરાંત શક્ય ત્યાગ તપસ્યા પણ જોઈશે. આ જે કામ કરશે, એ એકલા પુસ્તક કામ નહિ કરે.



ઇંદ્રભૂતિ ગૌતમ મહાવીર પ્રભુ સાથે લડવા શાસ્ત્રાર્થવાદ કરવા આવ્યા હતા. ભગવાને એમનો દિલની અંદરનો સંશય કહી બતાવ્યો એનાથી એ પ્રભુ પ્રત્યે આકર્ષાયા, જૈન ધર્મનો સંયમ માર્ગ સમજ્યા. પ્રભુ પાસે સંયમમાર્ગ સ્વીકારી પ્રભુના શિષ્ય બન્યા. અહીં સુધી પ્રભુ પાસે ક્યાં એવા શાસ્ત્રો ભણ્યા છે ? છતાં સંયમ લીધા પછી હવે પ્રભુને ત્રણ વાત પૂછે છે. પ્રભુ તત્ત્વ શું ? અને ભગવાન એમને ઉત્તરમાં **'ઉત્પન્ન થાય છે' 'નષ્ટ થાય છે' 'ધ્રુવ (સ્થિર) છે.'** એમ ત્રણ પદ (ત્રિપદી) કહે છે એટલામાં શી રીતે ગૌતમસ્વામીને સમસ્ત દ્વાદશાંગી-ચૌદપૂર્વનો બોધ થઈ જાય છે ? ભણ્યા વગર આટલું બધું આવડી ગયું ? આવડ્યું તે કેટલું બધું આવડ્યું ? કે સમસ્ત દ્વાદશાંગી અને ચૌદ પૂર્વોના ત્યાં ને ત્યાં સૂત્રો રચી કાઢ્યા ! આટલું બધું જ્ઞાન શી રીતે પામી ગયા ? કહો, પોતાની ગુપ્ત આંતરિક સંશય પ્રભુ દ્વારા પ્રગટ થયાથી પ્રભુ-ગુરુ પ્રત્યે આકર્ષિત થયા કે 'આ સાચા સર્વજ્ઞ છે, જો જગત પર આવા સર્વજ્ઞ જીવંત મળે છે, તો પછી એમને જ ગુરુ કરી એમને સમર્પિત કાં ન થઈ જવું ?'

**ગૌતમના ગુરુ પ્રત્યે આકર્ષણે જ્ઞાનાવરણ તૂટવા માંડ્યા.**

પછી સંશયનું સ્યાદ્વાદ-શૈલીએ નિરાકરણ થવાથી અને પ્રભુ પાસેથી સંયમસ્વરૂપ સાચો મોક્ષમાર્ગ જાણવા મળ્યાથી પ્રભુનું શરણું લીધું. આ શરણગ્રહણે અને સંયમ-સ્વીકારે વળી જ્ઞાનાવરણો તોડ્યા ! બાદ, ખૂબ જ વિનય અને બહુમાનભાવે તત્ત્વ પૂછે છે અને અત્યંત શ્રદ્ધાથી ઉત્તર શ્રવણ અને ઉત્તર સ્વીકાર સાથે ઉત્કૃષ્ટ કોટિના વિનય બહુમાન સમર્પણે, વળી જ્ઞાનાવરણ એવા તોડ્યા એવા તોડ્યાં કે ત્યાં દ્વાદશાંગી અને ચૌદ પૂર્વોનો જ્ઞાન-પ્રકાશ જળહળી ઊઠ્યો. સાધુ કે શ્રાવક જો આ ગુઢ વિનય ભક્તિ-બહુમાન અને સમર્પણનું મહત્ત્વ ન સમજે, એનો વિશેષ પ્રયત્ન ન કરે અને એકલું ભણ ભણ કરે તો એ ભૂલો પડેલો છે.

**ગુરુની મહાતારણહાર સેવા વિનય ભક્તિ-બહુમાન અને સમર્પણની અહીં મળેલી અનુપમ તક મૂર્ખ ગુમાવી રહ્યો છે.**

માનવદેહથી જ આ શક્ય છે એ ભૂલતા નહિ; અને એ ગુરુસેવા-સમર્પણ એકલા જ્ઞાનાવરણ કર્મને જ નહિ, પણ મોહનીય અને મોટમોટા અંતરાય કર્મને તોડવામાં અનન્ય ને અદ્ભુત સાધન છે, એ પણ ખૂબ લક્ષમાં રાખવા જેવું છે.

તરંગવતી સાધ્વી કહે છે, 'સંસારી અવસ્થામાં મને ધીર ગંભીર યાને કળા વિદ્યાના વિશારદ વિદ્યાગુરુ પાસેથી કળા-વિદ્યા-વિજ્ઞાનનું સુંદર જ્ઞાન મળ્યું; ઉપરાંત મારા પિતાજી પોતે જિનવચનને મોકો મળે ત્યારે ત્યારે સંભળાવનારા, મારા માટે પણ શું કામ બાકી રાખે ? અને,-

એમાં ય વળી મને સાંસારિક કળા-વિદ્યાઓ મળ્યાથી એમને સંતોષ નહોતો; કેમકે ગમે તેમ તોય એ કાંઈ આત્મવિદ્યાઓ નહોતી. નરી ભૌતિકવિદ્યાઓ હતી, જે માત્ર આ જનમમાં ઉપયોગી થાય, પણ પછી પરલોકે એ કાંઈ કામ ન લાગે.

**સંતાનને કઈ કળા-વિદ્યા અપાવવી ? :-**

**પરલોકમાં તો અહીં મેળવેલી આત્મ-અધ્યાત્મ વિદ્યાઓના સંસ્કાર જ કામ લાગે.** તેથી એ પ્રાપ્ત કરવા માટે 'પ્રાવચનિક વાચકો' અર્થાત્ 'જિનપ્રવચન-જિનઆગમ'માં કુશળ પાઠકો મને મેળવી આપતા, એમજ જિનપ્રવચનસાર ગર્ભિત ઉપદેશ આપનાર મુનિઓ ઉપાધ્યાય આચાર્યોનો અવર નવર યોગ મેળવી આપતા. તેથી મને જૈન મોક્ષમાર્ગ, નવ તત્ત્વો, જૈન આચાર-અનુષ્ઠાનો તથા શ્રાવક યોગ્ય બારવ્રતો, પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો, તથા ૧૧ પ્રતિમા વગેરેનો સુંદર બોધ પ્રાપ્ત થયો.'

આ પરથી માબાપો આજે જે સ્કૂલ કોલેજની ભૌતિક કેળવણી અપાવી સંતોષ માને છે અને મોક્ષમાર્ગ વગેરે અધ્યાત્મ કેળવણી આત્મવિદ્યાઓ નથી અપાવતા, એમણે બોધપાઠ લેવા જેવો છે, કે કોરી ભૌતિકવિદ્યાઓ સંતાનોને અહીં કશી કલ્યાણ ધર્મસાધનાઓ નહિ સૂઝાડે, ને એથી પરલોકમાં એનું કશું ભલું નહિ થાય. એ તો આધ્યાત્મિક કેળવણી જ પરલોકમાં ભલું કરે. તેથી કમમાં કમ ભૌતિકવિદ્યાઓની સાથે સાથે રવિવારની રજાઓ તથા વેકેશન જેવામાં આધ્યાત્મિક ધાર્મિક વિદ્યાઓ અપાવવા જેવી છે. આજની ભૌતિક કેળવણીના અંજામણમાં છોકરાઓ કદાચ આધ્યાત્મિક વિદ્યા લેવા ના પાડે, તો પણ એમને સાધુ પાસે લઈ જઈ એનું મહત્ત્વ સમજાવવાની અને ધાર્મિક જ્ઞાન લેવા ઉત્સાહિત કરવાની આજે ખાસ જરૂર છે.

તરંગવતી સાધ્વીજી આગળ કહે છે. 'ગૃહિણી ! કળા વિદ્યા અને ધાર્મિકમાં હું કુશળ થઈ એટલું જ નહિ, પણ ધાર્મિક આચારો પાળવામાં અને અનુષ્ઠાનો આચરવામાં પણ મને સારો રસ રહેવા લાગ્યો; પરંતુ આ બધું જોઈને પિતાજીને ભારે ચિંતા રહેવા લાગી કે આના ઉત્તમ ગુણો અને હોશિયારી તથા સૌંદર્ય લાવણ્ય જોતાં આને યોગ્ય એવો ગુણિયલ કળા વિદ્યા અને ધર્મમાં હોશિયાર તથા સૌંદર્યવાળો પતિ મળશે કે કેમ ? એનું પરિણામ એ આવ્યું કે હું ઉંમરમાં આવતા, ઘણા શેઠિયાઓ તરફથી પોતાના પુત્ર માટે મારા માંગા આવવા માંડ્યા, પરંતુ એ મૂરતિયાઓ જોતાં પિતાજીને કશો સંતોષ થતો નહિ.

સમાજમાં આજે દેખાય છે કે પહેલું તો વિદ્યાભ્યાસ કરવામાં સામાન્ય રીતે



છોકરીઓની જે ખંત અને મહેનત દેખાય છે એવી છોકરાઓમાં ઓછી દેખાય. અલબત વિશેષતાએ છોકરા પણ કોઈ કોઈ સારા ખંતી અને મહેનતું દેખાય છે, પણ છોકરાઓનો જે સમૂહ એવો ખંતી નહિ દેખાય એવો છોકરીઓનો સમૂહ ખંતી ને મહેનતુ દેખાશે. કેમ આમ દેખાય છે ?

**છોકરીઓમાં ખંત અને શ્રમ વધારે કેમ ? :-**

એનું કારણ એ કહી શકાય કે સામાન્યથી છોકરીઓ નરમ મૃદુ પ્રકૃતિની એટલે છોકરા કરતાં એ માબાપને વિશેષ આજ્ઞાંકિત અને સમર્પિત રહે છે; અને બીજું કારણ એ, કે છોકરીઓના મન પર ભાર રહે છે કે મારે પારકે ઘેર જવાનું છે ને ત્યાં પતિને આધીન રહેવાનું છે તેથી હું જો રોબ્બડ રહીશ તો મારે ગુલામીના દુઃખનો પાર નહિ રહે. એટલે છોકરીઓમાં વિદ્યાભ્યાસમાં વિશેષ ખંત ને મહેનત જોવા મળે એ સહજ છે, તેમજ છોકરીઓમાં ધાર્મિક અભ્યાસ અને ધાર્મિક પ્રવૃત્તિ વિશેષ જોવા મળે છે. એનું કારણ એ પોતાની જાતને પાપના ઉદયે પોતાને સ્ત્રીપણું મળ્યાનું સમજે છે, તેથી અહીં એની સામે એને સહેજે ધર્મરુચિ થાય છે ને ધર્મપ્રવૃત્તિ કરે છે.

**છોકરાઓને ૩ વાત સમજાવો :-**

આ જોતાં છોકરાના અવતારે તો માબાપ એના બાળપણાથી એને સમજાવે કે

(૧) મૃદુતા, નરમ સ્વભાવ અને આજ્ઞાંકિતતા તથા સમર્પિતતામાં ખાસ લાભ છે, એનાથી મહાન બનાય છે, દુનિયામાં જશ મળે છે, બધાના પ્રિય બનાય છે, તો એ પણ વિદ્યાભ્યાસમાં સારી ખંત-મહેનત રાખે.

(૨) બીજું છોકરાને સમજાવે કે તમે જો દેવગુરુના સેવક થઈને રહેશો તો તમારું પુણ્ય વધશે; તેથી અહીં પણ સુખ પામશો અને ભવાંતરે દુર્ગતિ નહિ થાય, પાડા ગધેડા કૂતરા-બિલાડીના અવતારમાં નહિ પૂરાઓ," તો છોકરા દેવગુરુ પ્રત્યે સેવકપણાનું માનસ રાખશે અને તેથી પણ વિદ્યાભ્યાસ વગેરેમાં સારી મહેનત લેશે.

(૩) ત્યારે એનામાં ધાર્મિક રુચિ અને ધાર્મિક પ્રવૃત્તિ લાવવા એને એ સમજાવવું જોઈએ કે 'આપણા પુણ્ય દૂબળાં છે, ને કેટલાય પાપના ઉદય ભોગવીએ છીએ. તેથી જ આપણને ન ધાર્યું ન ઇચ્છ્યું કેટલું ય દુઃખ કષ્ટ આવી પડે છે, તેમજ સુખ-સગવડ મળે છે એ તકલાદી અને બહુ બહુ અધુરી; એનું મૂળ કારણ આ જ કે પૂર્વે ધર્મ સાધવામા ભારે કચાશ રાખીને કાચી ધર્મસાધનાઓ કાચાં પુણ્ય ઊભાં થયાં, તેથી ઉચ્ચ કોટિના સુખ ને સગવડ ન મળે. માટે અહીં એની સામે ધર્મસાધના ખૂબ કરતા રહો. **'પુણ્ય પાપને ઠેલે'** 'પુણ્યથી વિઘ્નો દૂર થાય, પુણ્યના માર્ગો અપનાવતાં એટલું એટલું પાપોથી બચાય, તો જીવન સુંદર અને પ્રશંસનીય પસાર થાય'... આમ છોકરીઓના ખંત અને શ્રમનાં નિદાન પરથી છોકરાઓને

સમજાવતાં એનામાં સુધારા સારા થાય.

**તરંગવતીને શીલ માટે કેવા ઉપાય ? :-**

'તરંગવતી સાધ્વી શેઠાણીને કહી રહી છે,' 'ગૃહિણી ! સંસારિપણે આવા મારા પિતાજીએ મને કળા-વિજ્ઞાનના શિક્ષણ ઉપરાંત જૈનધર્મ અને ગુણોનું એવું શિક્ષણ અપાવી મને હોશિયાર કરેલી કે જ્યારે હું ઉંમરમાં આવી ત્યારે સામેથી અનેક શેઠિયા પોતાના પુત્ર માટે મારી માગણી કરતા આવ્યા; પરંતુ પિતાજીને એક પણ ઉમેદવાર ધાર્મિક્તા અને ગુણિયલતાની દૃષ્ટિએ નજરમાં ઠરતો નથી. બીજી બાજુ મારા અંગે જેમ પૂર્વે કહ્યું તેમ પિતાજી આશ્રિતો માટે શીલના કિલ્લા સમા હતા, એટલે એમને મારા શીલની પણ ચિંતા રહેતી, તેથી એમણે મને વિશેષ ધર્મપ્રવૃત્તિમાં રહેવાની પ્રેરણા કરવાનું રાખ્યું. આમે ય મને ધર્મનો પ્રેમ હતો, એમાં પિતાજીની પ્રેરણા, તેથી સાધ્વીજી મહારાજોનો સંપર્ક, સામાયિક પોષધ, શાસ્ત્ર-અધ્યયન વગેરે વધારી દીધું. એમાં વિશેષમાં પિતાજી પોતે જિનવચન-શ્રવણના રસિયા, તે મને પણ જિનમતના સારા જ્ઞાનવાળી બનાવવાના અભિલાષી, તેથી જિનાગમના જાણકાર આચાર્ય મહારાજ મુનિ મહારાજોને વિનંતી કરીને લઈ આવતા, તેમજ મોટા નગરમાં કોઈ જૈન શાસ્ત્રોના સારા જાણકાર અધ્યાપક જાણવા મળે તો એમને લઈ આવતા, ને એમની પાસેથી મને જિનપ્રવચનનો સાર જાણવા મળતો. એમાં ક્રમસર શ્રાવકના ૧૨ વ્રતોનું જાણવા મળતું. એથી ધર્મ પર મારી મમતા ખૂબ વધતી ચાલી. આનો એવો પ્રભાવ પડ્યો કે અવારનવાર બાપુજી નવનવા ઉમેદવારના પિતાજીને જુદી જુદી દલીલથી કન્યા આપવા ના પાડતા તે જાણવા મળતું, છતાં મને નિરાશા થતી નહોતી; કેમકે એમનો મુખ્ય સૂર એક જ કે "મારા આશ્રિતનાં જીવન ધર્મ અને શીલ સદ્‌ગુણોથી મઘમઘાયમાન રહેવા જોઈએ. એની અનુકૂળતા તમારા સંયોગોમાં મને દેખાતી નથી" આ એમની મારા માટેની કાળજી જોઈ મનમાં એમને હું દુવા દેતી કે આવી કાળજીવાળા તમે જુગજુગ જીવો. તમો ઈચ્છો એવું મારું જીવન ઠેઠ સુધી અખંડ શીલવંતુ અને ધર્મમય બન્યું રહે એવી પ્રભુને પ્રાર્થના કરતી...

હું ઉંમરમાં આવી ચુકેલી ને પૂર્વકર્મની પ્રબળતાએ સંસાર ત્યાગનો તેવો વીર્યોલ્લાસ નહિ. તેથી પિતાજી ઉંમરના હિસાબે સમજે તો ખરા કે આ વય વિકારોની રાજધાની છે, હજી યોગ્ય ઉમેદવાર મળતો નથી તો મારું મન નિરાશા નીસાસામાં ન પડે એ માટે પિતાજી વગેરે વડીલજનો મને 'સાધુ પુરુષોને દાન દેવું'.... વગેરેમાં પ્રવર્તમાન રાખી મારા મનને આનંદમાં રાખવા પ્રયત્ન કરે છે. કેવો બુદ્ધિભર્યો પ્રયત્ન !



કહે છે ને **'નવરો પડ્યો નખ્ખોદ વાળે !'**

**બાળ વિધવાનું પતન-ઉત્થાન**

એક શેઠની છોકરી પરણીને તરતમાં રાંડી. શેઠે દીકરીને આશ્વાસન આપ્યું 'જો બેન ! આ બધું પૂર્વ કર્માનુસાર બને છે, ને હવે એમાં કશો ફેરફાર થાય નહિ. મરેલા પાછા આવતા નથી. પણ તું ચિંતા કરીશ નહિ આપણા ઘરે જ રહેજે, ધર્મધ્યાનમાં લાગી જજે. આ નિમિત્તે તને પરભવની ભારે પુણ્યકમાઈ કરવાનું મળશે.' એમ કહી વિધવા પુત્રીને પોતાના ઘરે રાખેલી. એની માતા દીકરીના દુઃખે બહુ દુઃખી થઈ, એને આરામમાં ને આનંદમાં રાખે છે. ત્યારે માતાને પિતા કહેતા, 'તમે દીકરીની ખોટી દયા ન ખાઓ. એને કામમાં ને કામમાં રાખો નહિતર 'નવરું મન નખ્ખોદ વાળે.' પરંતુ માતા એટલે બૈરાનો જીવ, 'હાય ! મારી દીકરીને બિચારીને કેવુંક આ જિંદગીભરનું મહાદુઃખ ! વધારામાં એને બિચારીને કામોના કષ્ટ ક્યાં આપું ?' એમ કરી એને કામોમાં રોકતી નહિ. પરિણામ એ આવ્યું કે છોકરી કામ વિનાની, તે બારીએ ઊભી ઊભી રસ્તા પર જોયા કરે. ત્યાં યુગલો દેખાય. દહેરે ઉપાશ્રયે જાય ત્યારે પણ એ જ દેખાય. એટલે એના મનમાં વિકલ્પો ઊઠે કે 'આ કેવા સુખી !...' વગેરે. એમાં મન બગડતું ચાલ્યું ને એક દિવસ દાસીને કહે,

'તું કોઈ રૂપાળા યુવાનને અહીં લઈ આવ. હવે મારાથી રહેવાતું નથી !'

દાસી સાંભળી ચોકી ઊઠી કે 'અરે ! આ સારા ખાનદાન ઘરની છોકરીમાં આ શું ?' એ વખતે તો એણે એને શાંત પાડવા કહ્યું 'સારું, તપાસ કરીશ,'

પણ પછીથી એની માતાને આ વાત કરી, તો મા પણ ચોકી ઊઠી ! 'હાય મારા પેટની દીકરીમાં આ શું ?' એણે પતિને વાત કરી.

પતિ કહે 'આનું કારણ તમે જ છો. મેં તમને પહેલેથી કહ્યું હતું કે એને કામમાં રોકો... તમે એની દયા ખાવા ગયા ને બગડ્યું. ખેર ! હવે ચિંતા કરશો નહિ, હું રસ્તો કાઢી લઈશ.'

**છોકરીને વાળવા બાપની કુનેહ :-**

બે દિવસ પછી શેઠ સાંજના દુકાનેથી આવી ગાદી પર નિરાશ જેવા થઈને બેઠા છે, રોજ છોકરીને સાથે લઈને જમવા બેસનારા, તે આજે છોકરી બોલાવવા આવી 'બાપુ ! ચાલો જમવા,'

બાપ કહે 'શું જમે ? આ સંસારની લોથ કેવી છે ?'

છોકરી પૂછે 'બાપુ ! શું થયું છે ?'

બાપ કહે 'શું થયું શું પૂછે છે ? આજે નોકરો ચોરાટિયા થઈ ગયા છે,

આપણી દુકાન મોટી એટલે નોકરો ઘણા; તેમ ઘર મોટું પરગામથી વેપારીઓ આવે આડતિયા આવે, એટલે એ માટે પણ નોકર વધારે રાખવા પડે. હવે મારે ક્યાં ધ્યાન રાખવું ? જો દુકાનના નોકરો પર ધ્યાન રાખવા જાઉં તો ઘરના નોકર ઘાલમેલ કરે; અને ઘરના નોકરો પર ધ્યાન રાખતો બેસું તો દુકાનના નોકરો ઘાલમેલ કરે. મારું આ દુઃખ મારે કોને કહેવું ?' બાપે આ બધું એવું રડમસ ચહેરે કહ્યું કે છોકરી ગળગળી થઈ ગઈ બાપને કહે, 'બાપુ ! એમાં દુઃખ શું કામ કરો ? લાવો ઘરના નોકરો પર હું દેખરેખ રાખીશ,'

બાપ કહે 'અરે બાઈ ! તારે માથે કેટલું બધું દુઃખ ? એમાં વળી આ લોથ તારા માથે ક્યાં નાખું ?'

**છોકરીના લાયકીભર્યા બોલ :-**

છોકરી કહે 'બાપુ ! એમાં શું છે ? જુઓ મારે તો સાસરે જ રહેવું જોઈએ, અહીં રહેવાનો હવે મારો હક નહિ, છતાં તમે મને નભાવો છો, રાખો છો પાળો છો, તમારા રોટલા ખાઉં છું, તો એના બદલામાં મારે આટલી સેવા તો આપવી જ જોઈએ ને ? ખુશીથી નોકરોને બોલાવી તાકીદ આપી દો. હમણાં જમી લો. પછી એ કરો.'

પત્યું, બાપે જમીને નોકરોને બોલાવી ચાવીનો ઝુડો દીકરીને આપતાં નોકરોને કહ્યું 'જુઓ આજથી ઘરનો કારભાર બેનને સોપું છું. રસોઈયાએ જે ઘી ગોળ સાકર જોઈએ તે, કપડા ધોનારે જે ખાર સાબુ જોઈએ તે, બેન પાસે માગી લેવાના, અને કેટલા માણસમાં કેટલું વપરાયું તેનો સાંજ પડ્યે બેનને હિસાબ આપી દેવાનો. એમાં જો જરા પણ ગરબડ થશે તો હું ખબર લઈ નાખીશ.'

બસ, બેનનો દરજ્જો વધી ગયો. કમ્મરે ચાવીનો ઝુડો લગાડી ઘરમાં ઠમક ઠમક ફરે. વહેલી સવારના પાંચ વાગ્યાથી નોકરોને ચીજ વસ્તુ આપવામાં ને ડાયરીમાં બધો હિસાબ રાખવામાં કામે લાગે, તે રાતના ઠેઠ ૧૦-૧૧ વાગ્યે સૂવા પામે. પછી ઊંઘ કેવીક આવે ? ઘસઘસાટ. પછી સવારે પાંચ વાગ્યા ને બેનના નામની બૂમ પડે, તે ઊઠીને કામે લાગે. આમ દિવસભર કામ, અને રાતના ઘોર નિદ્રા, એમાં વાસનાનો વિચાર સરખો આવવા જગા ન રહી.

આઠ દહાડા પછી શેઠે દાસીને ઇસારો કર્યો કે 'બેનને પૂછી લેજે' દાસી પૂછવા ગઈ કહે છે 'બેન ! તે દહાડે તમે કહેતા હતા તે જુવાનિયો લઈ આવું ?' બેને શો જવાબ આપ્યો જાણો છો ?

બેને દાસીને તમાચ ઠોકતાં કહ્યું 'હરામજાદિની ! આપણા ઘરમાં આવી ગલીચ વાત કરતાં તને શરમ નથી આવતી ?' પાપ ટળ્યું.



**શીલની રક્ષા માટે વ્યવસાય જોઈએ.** ઝષભસેન નગરશેઠે આ રાખેલું.

સાધ્વીજી કહે છે, અહીં તો માતાપિતા સમજદાર હતા એટલે મને પહેલેથી જ ધર્મનો રાહ પકડાવેલો. મારા મનને જિનવચનથી ખૂબ જ ભાવિત કરવા માટે સારા વિદ્વાન સાધ્વીજી મહારાજો તથા જૈન પંડિતોનો સમાગમ આપતા, તેથી હું સામાયિકો-સ્વાધ્યાય-અધ્યયનમાં બહુવાર પ્રવર્તમાન રહેતી. બા બાપુજી-વડિલો પણ મારા મનને પ્રસન્ન રાખવા એની જ પ્રેરણા કરતા, પ્રોત્સાહન આપતા.

આ બધાથી મારું મન એવું જિનવચનથી ભાવિત થતું ગયું કે

**જિનવચનથી ભાવિત એટલે જીવનના પ્રસંગોને હું જિનવચને કહેલા તત્ત્વની દૃષ્ટિએ મૂલવતી;**

એટલે મારા માટે મોટા શેઠિયાઓની પોતાના પુત્ર માટે સામેથી આવેલી માગણીને મારા પિતાશ્રી સ્વીકારતા નહિ, તેથી કાંઈ મને ખેદ નહિ થતો કે 'અરે ! હજી મારું ઠેકાણું નથી પડતું ? કેવી હું કમનસીબ !' કેમકે જિનવચનની ભાવનાથી હું સમજતી કે 'જેટલું મોડું થાય છે એટલું પાપમાં પડવાનું મોડું છે, શું ખોટું છે ? એમાં તો મારે ધર્મપ્રવૃત્તિ નિરાંતે અને ભરપૂર પ્રમાણમાં થાય છે, એ મહાન લાભ છે.'

તરંગવતીની પવિત્ર વિચારસરણી અને એની પાછળ કામ કરતી એની સત્સંગ ધર્મક્રિયાઓ વગેરેની પવિત્ર કરણી ખૂબ લક્ષમાં લેવા જેવી છે. 'અનાદિથી મલિન ભાવોમાં મેલું દાટ રહેલ હૈયું સુધારવું હોય, તો આવું ઘડતર કરવું પડે. અલબત એની સંસાર-વાસના હજી મરી નથી ગઈ, છતાં વાસનાના જોર કરતાં જિનવચનની મન પર ઘેરી છાયા વધુ જોરદાર છે; તેથી સંજોગવશાત્ વાસના સફળ ન થાય એમાં એને એવો શોક ઉદ્વેગ નથી. જિનવચનથી એ સમજે છે કે

**બાહ્ય સંયોગો શુભાશુભ કર્મને આધીન છે, પરંતુ ત્યાં આપણું હૃદય જિનવચનને આધીન બનાવી શકાય છે,**

દા.ત. અશુભ કર્મને લીધે કોઈ રોગ વગેરે આપદા આવી એ કર્માધીન; પરંતુ ત્યાં કર્મવિપાકનો વિચાર, આત્મસ્વરૂપનો વિચાર, વૈરાગ્યબુદ્ધિ, વગેરે કરીએ એ આપણા હૃદયને જિનવચનને આધીન બનાવ્યું ગણાય. આમ, હૃદયને જિનવચનના આશ્રવ-સંવર-નિર્જરાના તત્ત્વની સુયોગ્ય વિચારણાથી પવિત્ર રાખવાનું કરી શકાય છે.

તરંગવતીના વડીલ કેટલા શાણા કે વર્તમાન સ્થિતિમાં એનું મન ન બગડે એ માટે એને ધર્મના સંયોગો અને ધર્મની પ્રવૃત્તિની સગવડ કરી એમાં પરોવાયેલી રાખે છે. જૈનકુળોની આ બલિહારી આ વિશેષતા કે ઘરમાં ધર્મનું વાતાવરણ એવું રાખે કે કુળના માણસોના દિલ ધર્મસુવાસથી મઘમઘતા રહે. કુળનો માણસ અનુચિત

કે આડાઅવળા વિચારોમાં ન ચડે. મનનાં ઘડતર જ એવા થઈ ગયા હોય.

**સપ્તપર્ણી પુષ્પ કમળવર્ણી કેમ ? :-**

તરંગવતી સાધ્વીજી શેઠાણીને કહી રહ્યા છે કે મારે આનંદમંગળમાં દિવસો પસાર થતા હતા, એમાં એક દિવસ એવું બન્યું કે હું સવારનું પ્રતિક્રમણ અરિહંત ભક્તિ આદિ કાર્ય પતાવી રહી છું એમાં મારા પિતાજીની આગળ માળી ફૂલ લઈને આવ્યો, ફૂલો સુંદર હતા એટલે પિતાજીએ કુટુંબીઓને એકેકને ફૂલો આપ્યા, તો મને પણ બોલાવી ફૂલ આપ્યા તે મારે ક્યાં જાતનો ઠઠારો કરવો હતો ? મારા દિલમાં અરિહંત પ્રભુ રમતા હતા એટલે મેં જઈને ઘરમંદિરમાં ભગવાનને એ ફૂલ અર્પિત કર્યા.

ત્યાં પિતાજી મને બોલાવીને કહે, જો તરંગવતી ! આ એક ફૂલ સપ્તપર્ણીનું છે. એ આમ તો સફેદ હોય, પરંતુ આ કમળવર્ણનું કેમ દેખાય છે ?' મેં કહ્યું,-

**તરંગવતીનો અક્કલભર્યો ખુલાસો :-**

'બાપુ ! પુષ્પના છોડની પાસેમાં કમળ ઊગ્યું હોય તો એની પરાગ પવનથી ઊડી ઊડીને આવી આ પુષ્પ પર પથરાઈ જાય તેથી કમળવર્ણનું કરી નાખે...'

શેઠ કહે 'પરંતુ ત્યાં પાસેમાં કમળને ઉગવાની શક્યતા જ નથી. કમળ તો તળાવમાં ઊગે.'

તો મેં કહ્યું 'પાસેમાં કોઈ સરોવર હોવું જોઈએ. ભમરાઓ એના કમળોના રસને ચૂસી આ બાજુ ઊડતા હોય, ને આ સપ્તવર્ણીના સુંદર પુષ્પને જોઈ એના પર બેસતા હોય એટલે એના પગે લાગેલી ઝીણી ઝીણી પરાગ પુષ્પ પર ચોંટતી જાય. ભમરાઓના બહુવારના ભ્રમણથી આમ પુષ્પ પર પરાગ સારા પ્રમાણમાં છવાઈ જતી હોય, એટલે સ્વાભાવિક છે કે સપ્તવર્ણી પુષ્પ કમળવર્ણનું થઈ જાય.'

તરંગવતીએ બુદ્ધિ કેવી લડાવી ! એનું કારણ એણે આ કળા વિદ્યા વિજ્ઞાનના સારા પરિશ્રમથી બુદ્ધિને કેળવી હતી.

**વિશિષ્ટ બુદ્ધિશક્તિના આ માનવ અવતારમાં એને જો સારામાં કામે ન લગાડાય, એ માટે કળા વિદ્યા તથા શાસ્ત્રોમાં પરિશ્રમ ન થાય અને માત્ર આહારાદિ સંજ્ઞાઓનાં પોષણમાં જ બુદ્ધિશક્તિ વપરાય એ સોના જેવા ખાતરને રસાળ ભૂમિને બદલે ઉકરડામાં હોમવા જેવું થાય.** એમાં બુદ્ધિશક્તિ વેડફાઈ જાય !

સાધુ પણ જો આ ન સમજે કે 'મને બુદ્ધિશક્તિ મળી છે, અને શાસ્ત્રો મળ્યા છે, તો બુદ્ધિશક્તિને એ શાસ્ત્રોનાં ખૂબ અવગાહનમાં વાપર્યે રાખું,'- જો આ ન સમજે તો એને પણ બુદ્ધિશક્તિ ગોચરી-પાણી આડુંઅવળું અને ભગતોમાં વેડફાઈ જાય ! જો સદ્ઉપયોગ થાય તો એથી કેળવાયેલી બુદ્ધિનો યોગ્ય સ્થાન પર વિશિષ્ટ



અને હિતકર ઉપયોગ થાય. તરંગવતીએ કેળવેલી બુદ્ધિનો અહીં ઉપયોગ થઈ રહ્યો છે, એમાં 'સપ્તવર્ણિયું સફેદ ફૂલ કેમ કમળ-વર્ણનું ?' એનો ખુલાસો કરે છે.

**વિશિષ્ટ બુદ્ધિનો દાખલો**

પેલા વિમળ મહામંત્રીની બુદ્ધિની વાત આવે છે ને ? શાંતિનાથ ભગવાનના પ્રથમ ગણધર ચક્રાયુધ એક ભવમાં પોતનપુરના રાજા શ્રીવિજય છે. ત્યાં બહારથી આવેલ નિમિત્તિયાએ રાજાના અને સભાના અતિશય આગ્રહથી ભવિષ્યવાણી ભાખી છે કે 'આજથી સાતમે દિવસે પોતનપુરના રાજાના માથે વિજળી પડશે.' ત્યારે મંત્રીખંડમાંથી કોઈક કહે 'મહારાજાને સમુદ્ર વચ્ચે વહાણમાં રાખો,' બીજો કહે 'પર્વતની ગુફામાં બેસાડી દો,' ત્રીજો વળી કાંઈક ત્રીજી જ જગા બતાવે છે. ત્યાં મોટો મંત્રી કહે,-

"આ તમને ખબર છે નિમિત્તિયાની વાણી એટલે સર્વજ્ઞ ભગવાનના નિમિત્તશાસ્ત્રનાં વચન ? એ જૂઠાં પડે નહિ. મહારાજાને ગમે ત્યાં મૂકી આવો, નિમિત્તિઆએ ભાખેલી આફતમાંથી એ બચી શકે નહિ.

"જુઓ એક દૃષ્ટાન્ત,- એક ડોશીના છોકરાને માટે કોક જ્યોતિષીએ કહ્યું 'આને અમુક સમયે સાપ કરડવાથી મોત થશે.' ડોશી ગભરાઈ ગઈ, કોઈકે કહ્યું 'પર્વતની ગુફામાં ઊંડે એને રાખી લે, ત્યાં સાપનો ભય નહિ એની બહાર પણ કોઈ સાપ ફરતો ન હોય એ જોજે.' ડોશી ગઈ જંગલમાં આસપાસ જોતી હતી કોઈ સાપ ન દેખાયો ને ગુફામાં જઈ ઊંડે લઈ જઈ છોકરાને સુવાડી દીધો. બસ, શું છોકરો બચી જવાનો ? છઠ્ઠીના લેખ મિથ્યા થાય નહિ. બનેલું એવું કે ડોશીના જવા પૂર્વે ત્યાં એક મદારી સાપને ત્યાં છોડી આવેલો. ડોશી છોકરાને સુવાડી છુટકારાનો દમ ખેંચીને ઘરે ગઈ છે, અને અહીં પછીથી સાપ નીકળીને છોકરાને ડસી ગયો. છોકરો મોતને શરણ !"

મુખ્યમંત્રી કહે "વિધાતાના લેખ મિથ્યા ન થાય." ત્યારે બીજા મંત્રીઓ કહે 'તો શું મહારાજાને આપણે ગુમાવવાના ?' 'ના, ગુમાવવાના નહિ. મહારાજને બચાવી લેવાનો રસ્તો છે. જુઓ નિમિત્તિયાએ મહારાજાનું નામ લઈ નથી કહ્યું કે શ્રીવિજય રાજાના માથે વિજળી પડશે, માત્ર પોતનપુરના રાજાના માથે વિજળી પડશે એટલું જ કહ્યું છે, તેથી જો મહારાજા આ સાત દિવસ માટે ગાદીનો ત્યાગ કરે અને આપણે બીજાને રાજ્યગાદીએ બેસાડીએ, તો મહારાજ ભયમુક્ત બની જાય.'

મંત્રીઓ આ સાંભળી મુગ્ધ થઈ ગયા કે વડામંત્રીની કેવી કુશાગ્રબુદ્ધિ ! એમાં ય જ્યારે રાજાએ ના પાડી કે 'કોઈ બીજાના પ્રાણના ભોગે મારે મારા પ્રાણ નથી બચાવવા,' ત્યારે બીજા મંત્રીઓ વિમાસણમાં પડ્યા કે 'આમ તો રાજા ગાદી

ન છોડે તો સાતમા દિવસનો ભય ઊભો જ રહ્યો. તો હવે શું કરવું ?' તો આનો પણ ઉકેલ મંત્રીએ પોતાની વિશિષ્ટ બુદ્ધિથી કાઢી આપ્યો કે 'નગર બહારના અધિષ્ઠાયક યક્ષની મૂર્તિને રાજા તરીકે ગાદીનશીન કરવી, પછી વિજળીથી મૂર્તિ નષ્ટ થાય તો રત્નની મૂર્તિ ભરાવી ત્યાં મંદિરમાં સ્થાપવી.' વિશિષ્ટ બુદ્ધિના આવા અનેક દાખલા છે.

તરંગવતીએ વિશિષ્ટ બુદ્ધિથી સપ્તવર્ણી પુષ્પની સફેદાઈ ઉપર રક્તાશ કેવી રીતે આવી એનો ઉકેલ આપ્યો. આ ઉકેલથી પિતાજીના મનને સંતોષ થયો, મને કહે 'દિકરી ! તેં મારા દિલમાં હતું એ જ કહ્યું. આ તો મેં તારી પરીક્ષા કરવા પૂછેલું કે તેં વિદ્યા-વિજ્ઞાન કેટલું પ્રાપ્ત કર્યું છે ને કેટલું પરિણત કર્યું છે. ખરેખર ! તારી વિદ્યાથી મને સંતોષ થયો છે. ને મારા તને આશીર્વાદ છે કે તને આવા જ વિદ્યા-વિજ્ઞાનવાળા તથા વિનય-રૂપ-લાવણ્ય-શીલ આદિ ગુણોથી સંપન્ન અને ધર્મનિષ્ઠ પતિ પ્રાપ્ત થાઓ.'

સાધ્વીજી કહે 'પિતાજીના એ વચનથી મને શરમ લાગી. મેં મુખ નીચું કરી દીધું. પછી મેં વિનતિ કરી કે 'મારે એ સપ્તવર્ણી પુષ્પની સ્થિતિ જોવી છે કે કલ્પના પ્રમાણે બરાબર સરોવરમાંથી ભમરાઓ ઊડીને આવી એના પર બેસે છે કે કેમ ?'

પોતાનું કલ્પેલું બરાબર છે કે નહિ એ જિજ્ઞાસા પણ તત્ત્વશ્રદ્ધા દઢ કરવામાં કારણભૂત છે; નહિતર સંભવ છે કે પોતે કલ્પેલું બરાબર હોય નહિ, ને શાસ્ત્ર જોવા ન હોય, તો માણસ એ કલ્પિત અસત્ તત્ત્વમાં જ તણાયો જાય તે સંભવિત છે. બિચારો જિંદગીભર મિથ્યાત્વની શ્રદ્ધાની પકડ રાખીને બેસે. એમાં વળી આગળ જતાં કોઈ એની માન્યતાને શાસ્ત્રપાઠથી વિરુદ્ધ હોવાનું બતાવે, તો તે ન સ્વીકારવાનો અભિનિવેશ આવી જાય.

**તરંગવતીની ધર્મચર્યા :-**

તરંગવતીને 'સપ્તપર્ણીની કલ્પના યથાર્થ છે કે કેમ ?' એની તપાસ કરવાની આતુરતા થઈ એ પિતાને કહી. પિતાએ મુખ્ય માણસને હુકમ કર્યો કે કાલે ઉદ્યાનમાં ઉજાણી જમણ ગોઠવવાનું છે. ઘરમાં બધાને કહી દીધું.

સાધ્વીજી શેઠાણીને કહે છે 'સવારે વહેલી ઊઠીને અરિહંત વંદના અને સંક્ષિપ્ત પ્રતિક્રમણ કરી લઈ વડીલોને પગે પડી આવી. બધાએ 'તું સુખી થા' એવી આશીષ આપી. પછી સ્નાન કરી ગૃહમંદિરમાં પરમાત્માની પૂજા ભક્તિ કરી. પ્રભુભક્તિમાં મને ખૂબ ઉલ્લાસ રહેતો. અંતે પ્રાર્થના કરી કે 'હોઉ મમં તુહપભાવઓ ભયવં ! ભવનિવ્વેઓ... ઈટ્ઠફલ સિદ્ધિ' 'હે ભગવત્ ! તમારા (અચિંત્ય) પ્રભાવે મને ભવનિર્વેદ...ઇચ્છિત (ઇહલૌકિક) કાર્ય સિદ્ધ થાઓ.'





આ પ્રાર્થનાથી હું 'ઇચ્છિત પતિ ક્યારે મળશે...' વગેરે ચિંતાથી મુક્ત રહેતી. ચિંતા શું કામ કરું ? મારા નાથ અચિંત્ય પ્રભાવવંતા છે. કલ્પના બહારના એમના પ્રભાવથી અચિંત્ય સિદ્ધિઓ થાય છે. ઠેઠ નિગોદમાંથી અહીં સુધી આપણે શી રીતે આવ્યા ? એ નાથના જ પ્રભાવે. હજી આગળ પણ ઠેઠ મોક્ષ સુધી પહોચશું એ કોના પ્રભાવે ? આ જ જગતદયાળુ અરિહંત દેવના જ પ્રભાવે. આમ

**અરિહંતના અચિંત્ય પ્રભાવ પર શ્રદ્ધા રાખી પ્રભુને આપણો કેસ સોંપી દેવાથી ચિંતાઓ વિકલ્પો અને આર્તધ્યાનથી બચી જવાનું.**

પછીથી બધાની સાથે અલ્પાહાર પતાવી અમારી ઉદ્યાન તરફ સવારી નીકળી. એમાં બા બાપુજી સાત ભાઈઓ ને ભોજાઈઓ બધાની હું લાડકી, તે મારા માટે દેવ વિમાન જેવી પાલખીમાં મને બેસાડેલી ને નગરના મોટા રસ્તા પરથી જ્યારે અમારી સવારી પસાર થતી હતી, ત્યારે નગરની સ્ત્રીઓ મને જોઈને મુગ્ધ થઈ જતી હતી કે કેમ જાણે આ સાક્ષાત્ લક્ષ્મીદેવી શૃંગાર સજીને જઈ રહ્યા લાગે છે ! નાગરિક સ્ત્રીઓ ઓવારણાં ઉતારતી, બોલતી,- 'શું વિધાતાએ આને રૂપ સૌંદર્ય અને સમૃદ્ધિ આપી છે !'

પિતાજી અવસરે અવસરે અનુકંપાદાન ઔચિત્યદાન વગેરે કરતા રહેવાથી નગરમાં મહા દાનવીર તરીકે પ્રસિદ્ધ હતા, એટલે લોકો મને આશીર્વાદ આપતા. "બેન ! જુગજુગ જીવજે ! વિધાતા તને અખંડ સૌભાગ્યવંતી બનાવે !"

**દાન ધર્મની બલિહારી છે. તબલાના મોંઢા પર એક કણેકનો લૂંદો આપો, તબલું તડિંગ અવાજ કાઢે છે. એમ અનુકંપાદાન ઔચિત્યદાન લેનારા છુટા મોંઢે દાતારના ગુણ ગાય છે.**

**ઔચિત્યદાનનો પ્રભાવ : કુમારપાળ :-**

રાજા કુમારપાળની સભામાં બહારથી આવેલ સોમદેવ બારોટે કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજના સુંદર શ્લોકથી ગુણ ગાયા. રાજાએ પ્રસન્ન થઈ ઔચિત્યદાન તરીકે એને ૫૦ હજાર રૂપિયાનું ઇનામ અપાવ્યું. ચારણ ઉપકાર માની નમસ્કાર કરી ચાલતો થયો.

મંત્રીને આશ્ચર્ય થયું કે 'કુમારપાળ મહારાજા સ્વભાવે જરાક કૃપણ, તે માત્ર એક શ્લોકમાં આવડું મોટું ઇનામ શી રીતે આપી શક્યા ? રાજાને પૂછે છે,-

'મહારાજાધિરાજ ! એક શ્લોકમાં આવડું મોટું ઇનામ ?'

રાજા કહે 'તમને ખબર નથી, આટલી મોટી રકમે શું કામ કર્યું ? ભાટનું

મોઢું એવું ભરી દીધું, કે હવે એ જ્યાં જ્યાં રાજાઓની સભા વગેરેમાં જશે ત્યાં ત્યાં આપણા ગુરુના ગુણ ગાવામાં થાકશે નહિ. ગામેગામ જો આ થાય, તો આ ઈનામના પૈસા શું વસૂલ નથી ? દાનની બલિહારી છે.

**તરંગવતીને જોઈ નગર ઘેલું :-**

સાધ્વીજી કહે, 'ગૃહિણી ! એ સવારીમાં મને જોઈને નગરની માત્ર સ્ત્રીઓ જ આકર્ષાતી નહોતી, પરંતુ યુવાન પુરુષો ય મને જોઈને એવા મુગ્ધ થતા કે જાણે છે ખરા કે આ કન્યા કાંઈ આપણને પરણવા મળવાની નથી, છતાં બિચારા લહારા કરતા હશે કે 'શું સ્વર્ગમાંથી અપ્સરા ઉતરી પડી છે ? શું આપણને આ પરણવા મળે ?' તાત્પર્ય, કામના બાણથી બિચારા ઘવાઈ જતા હતા.

**નિમિત્ત બળવાન છે 'સારું નિમિત્ત સારા પુરુષાર્થને જગાવી દે, નરસું નિમિત્ત નરસા પુરુષાર્થને.**

વીતરાગ ભગવાન યા ત્યાગી મુનિઓ જોવા મળે, એ સારા વૈરાગ્યાદિની વિચારણાના પુરુષાર્થ જગાવી દે છે. એના બદલે રૂપાળી સ્ત્રી નજરમાં આવે એ નરસા કામરાગ આદિની વિચારણાના પુરુષાર્થ જગાવી દે છે. આમ નિમિત્તથી સત્પુરુષાર્થ-અસત્પુરુષાર્થ જન્મે છે માટે જ આત્મહિતાર્થી જીવે નરસા નિમિત્તોથી દૂર રહેવા જેવું છે, અને સત્સંગ વગેરે સારાં નિમિત્ત ખૂબ સેવવા જોઈએ.

**મહાપુરુષાર્થી સિંહ ગુફાવાસી મુનિ કેમ પડ્યા ?**

**નરસું નિમિત્ત સેવ્યું માટે.** વેશ્યાનું રમણીય રૂપ નજરમાં લીધું તો ઝટ એમના મનને થયું કે 'ઓહો ! આવું રૂપ સૌંદર્ય જગતમાં હોય છે ?' બસ, પછી એક વાર ગાડી સ્ટાર્ટ કરી કે ચાલી આગળ. એ વિચારમાં આગળ વધ્યા કે 'ત્યારે એના શરીરનો સ્પર્શ કેવો સુંવાળો મુલાયમ હશે !' હવે ગાડી અટકે ? મનમાં વાસના વિકારોની જોરદાર ગડમથલ ચાલી, ને વેશ્યા પાસે ભોગની નફટ માગણી કરતાં એ અચકાયા નહિ. કોણ આ માગણી કરે છે ? ૪-૪ મહિનાસુધી સિંહની ગુફા આગળ કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા રહેવાનો મહાન પુરુષાર્થ ખેડનારા મહામુનિ ! એમને ભોગની માગણી કરતાં શરમ ન લાગી ! અને વેશ્યાએ નેપાલ દેશના રાજા પાસેથી રત્નકાંબલ ભેટ લઈ આવવા કહ્યું તો ચોમાસામાં વરસતા વરસાદે ઊપડ્યા પાટલીપુત્રથી જંગલો વટાવતા નેપાલ દેશમાં પહોંચ્યા !

**જરાક સેવેલું નરસું નિમિત્ત સત્યાનાશ કાઢી નાખે.**

**નંદીષેણ કેમ પડ્યા ? :-**

આજના ટી.વી.-વિડિયો બિભત્સ ચિત્રો-લખાણો કેટલા અનર્થ સરજે છે એ જાણો છો ? ટી.વી. અંધારે જોવાનું, તે સાથે જોવા બેઠેલા ભાઈ બેનના ય



અડપલા સુધી પહોચી જવાનું સાંભળવા મળે છે.

નંદીષેણ મહાતપસ્વી મહાવૈરાગી મુનિ અજાણતા વેશ્યાના ઘરે ગોચરી લેવા જઈ ઊભા ને ધર્મલાભ કહે છે, ત્યાં પેલી મશ્કરીમાં કહે 'અહીં તો અર્થલાભનું કામ છે, ધર્મલાભને શું કરે ?' આ વચન એ અસત્ નિમિત્ત હતું. મુનિએ એનો જવાબ આપવા ઊભા રહેવા જેવું નહોતું, પણ સક્રિય જવાબ આપવા ઊભા, વેશ્યાને બતાવી આપવા ૧૨ા ક્રોડ સોનૈયા લબ્ધિથી વરસાવ્યા, અને પછી ય ઊભા રહી સમજુતી કરવા લાગ્યા, તો વેશ્યાએ હાવભાવ સાથે મુનિને કહ્યું, 'અમે વેશ્યા ખરી, પરંતુ આર્યદેશની, તે એવી અપ્રામાણિક નહિ કે માલ આપ્યા વિના નાણાં લઈ લઈએ. બેસો, અહીં પહેલાં માલ લો,' એમ કહી પગ પકડ્યા, હવે મુનિની મજાલ છે કે સંયમના ભાવમાં ટકી રહે ? ના તે પડ્યા ! મૂળ કારણ ? નિમિત્ત ખોટું સેવ્યું.

કૂળવાળક મુનિ મહાતપસ્વી એવા કે એમના તપના પ્રભાવે નદીએ કૂળ અર્થાત્ કાંઠો બદલ્યો તેથી પૂરમાં બૌદ્ધોનો આશ્રમ તણાતો બચી ગયો. તેથી નામ કૂળવાળક પડ્યું. આવા મહાન તપસ્વી પણ જંગલમાં એકલા કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા રહેવા ગયા, તો ત્યાં કોણિકે મોકલેલી કપટ શ્રાવિકા-વેશ્યાએ આવી લાભ આપવા કહ્યું. મુનિએ પોતાને ઉપવાસ હોવાનું જણાવ્યું તો પેલી કહે તો પછી હું રાત અહીં રહી કાલે પારણાનો લાભ લઈને જઈશ' તે રહી ત્યાં છતાં મુનિ ત્યાંથી પોતાના મુકામે ન ચાલ્યા ગયા, મને વૈરાગીને આ શું કરવાની હતી ! એમ અભિમાનમાં તણાયા તો અંતે પડ્યા. નરસા નિમિત્ત સેવ્યાં. ખોટાં અનાડી માણસ હલકો બોલ બોલી જાય, પણ જો એને ધ્યાન પર લઈ જીભાજોડી કરવા જાઓ તો પરિણામ સારું ન આવે.

**સારા-નરસા નિમિત્તની અસર :-**

**રોહગુપ્તને** આચાર્યે ના પાડી કે માયાવી વાદી સાથે વાદ કરવા જવા જરૂર નથી, છતાં એ વાદ કરવા ગયો, તો અંતે ત્રૈરાશિક મત કાઢનારો નિન્હવ થયો.

જેવું નરસા નિમિત્તના સેવનમાં નરસું પરિણામ, એવું સારા નિમિત્તના સેવનમાં સારું પરિણામ.

**અકબર** બાદશાહને ચંપાશ્રાવિકા છ મહિનાના ઉપવાસ કરતી જોવા મળી તો એ શુભ નિમિત્તના પ્રારંભથી આગળ વધતાં આચાર્ય ભગવાન હીરસૂરિજી મહારાજ તરફ ખેંચાયો ! અને પરિણામે હિંસક મટી દયાળુ બન્યો !

અહીં રૂપાળી તરંગવતીને જોઈને નગરની યુવતીઓ રૂપની ઈર્ષ્યા કરે છે અને યુવાનો વાસના વાસિત બને છે. દુનિયાનું સારું સારું જોઈએ એમાં શું બગડી જાય ? એમ કહી જે ઝેરનો અખતરો કરવા ગયા એ મર્યા. **જેમ ન બોલ્યામાં નવ ગુણ,**

**એમ દુનિયાનું ન જોયામાં નવસો ગુણ.** એટલા માટે તો સમકિતી આત્માને દુનિયાનું એવું એવું જોવાનો અભખરો ય નહિ ને આતુરતા ય ન હોય. અંબડ પરિવ્રાજકે આકાશમાંથી બ્રહ્મા શંકર વિષ્ણુના જીવતા જાગતા રૂપ આકાશમાંથી ઉતાર્યા. નગર જોવા ઊલટ્યું, પણ સુલસા ન ગઈ. એને જોવાની આતુરતા ય ન થઈ.

તરંગવતી સાધ્વીજી શેઠાણીને કહે છે 'અમે ઉદ્યાનમાં પહોંચ્યા ત્યાં સપ્તવર્ણીના છોડને જોવાની મને તત્પરતા હતી એટલે હું એના વનમાં પહોંચી. બીજી મહિલાઓ બીજા બીજા પુષ્પો જોવામાં પડી હતી પણ હું જ્યાં ભમરાઓથી વિંટળાયેલ સપ્તવર્ણીના પુષ્પો જોવા નજીક ગઈ અને સફેદ પુષ્પોને પદ્મ પરાગથી રંગીન થયેલા જોઈ રહી છું ત્યાં, ઉદાર માણસને જોઈને યાચકો કેમ દોડી આવે ? એમ મારા મુખકમળને જોતાં ખરેખર કમળ સમજી ભમરાઓ ઉડીને મારા મુખ પર દોડી આવ્યા. પણ અહીં તો એને મળવાના રસની વાત તો દૂર, પણ મને તો ચટકા લાગતાં ભય લાગ્યો કે કાંક ચોટી ન પડે ? એટલે હું હાથેથી ઉરાડવા માંડી, કિન્તુ આ તો બેને ઉરાડ્યા કે બીજા ચાર આવી લાગ્યા, અને ભમરા સરોવર પરથી ઊડી ઊડીને અહીં આવી રહ્યા હતા, તે હું ગભરાઈ ગઈ કે કેટલાને ઉરાડવા ? તે ત્યાંથી ભાગીને કેળના ઘરમાં જઈ બેસી ગઈ.

આ સંસારમાં ય શું છે ? આવી ચિંતાઓ આવ્યા જ કરે છે, બેને મિટાવી ત્યાં બીજી બે ચાર ઊભી થઈ જ સમજો. કારણ ? સંસારના સંયોગો જ એવા છે કે એને મન પર લીધા એટલે એના અંગેની ચિંતાઓ ઊભી થઈ જ જાય.

બાવાને કફનીમાં ઉંદરે કાતરવાની કાણું પડવાનો સંયોગ ઊભો થયો. બાવાએ મન પર લીધો એટલે ચિંતા ઊભી થઈ. બસ પછી ચિંતાની લંગર લાગી. 'ઉંદર કાતરી ગયો આ કેમ ચલાવી લેવાય ?' એ ચિંતા થઈ પછી 'બિલાડી પાળું તો ઉંદર નહિ આવે.' એમ મનને સમાધાન કરી ચિંતા મિટાવી, પરંતુ વળી પાછી ચિંતા, બિલાડી એમ શાની અહીં ટકે ? પછી સમાધાન કર્યું 'પણ હા, રોજ દૂધ પાઉં તો બિલાડી ટકી જાય.' વળી પાછી ચિંતા થઈ 'ભિક્ષામાં દૂધ ભેગું કરતાં કેટલો બધો વખત લાગે ?' પછી સમાધાન કર્યું 'રાજા પાસેથી ગાય માગી લઉં એટલે દૂધની ચિંતા નહિ' વળી પાછી ચિંતા 'પણ ગાયને ચરાવવી ક્યાં ? એ માટે ખેતર માગી લાવું એટલે પછી ચિંતા જ નહિ' પાછી ચિંતા 'પણ ગાયને સમયસર ચરાવવી દોહવી, છાણ-મૂત્ર સાફ કરવાનું આ બધું કોણ કરે ?' પાછું સમાધાન 'મજુર માણસ માગી લઉં,' ત્યાં ચોંક્યો 'હાય ! ક્યાં પહોંચ્યો ?'

સંસારમાં આમ ચિંતા પર ચિંતાઓ ઊઠ્યા જ કરે છે માટે તો જ્ઞાનીઓ સંસારને અસાર કહે છે. પૂછો,-



**દેવોને દુઃખ : સંસારમાં ચિંતાઓ :-**

**પ્ર.-** દેવતાઓ દિવ્ય સુખ-સાધન પામ્યા હોય છે, એમને ક્યાં ચિંતાઓ હોય છે ?

ઉ.- દેવો પણ પોતાનાથી અધિક રૂપ-સૌદર્ય તથા અધિક સુખસામગ્રી દેખીને સહન નથી કરી શકતા, એટલે મનમાં બળે છે. અથવા (૨) કોઈ કામ કરવાની હોંશ ન હોય અને ઉપરી અધિકારી દેવતાની આજ્ઞા આવે તો અંતરને ઉદ્વેગ થાય છે. પ્રિય દેવી રીસાઈ જાય તો ય ચિંતા થાય છે કે આ કેમ રીસાઈ હશે ? મનને ખેદ થાય છે અને દેવીને મનામણાં કરવા જાય છે. પેલો કાઉસ્સગ્ગમાં મુનિ હસ્યાની વાત આવે છે ને ? કાઉસ્સગ્ગની ઉચ્ચ ભાવનામાં અવધિજ્ઞાન થયું અને એથી પહેલા દેવલોકમાં જોયું તો શું દેખાયું ? ઇંદ્ર ઇંદ્રાણીને મનાવતો હતો ઇંદ્ર જેવાની આ દશા, તો બીજા દેવોની શી વાત ? અરે ! એનાથી મોટી ચિંતા તો જ્યારે અંત સમય બહુ નજીક આવે છે ત્યારે થાય છે કે 'હાય ! આ ગળાની ફૂલમાળા રોજ તાજી ને તાજી રહેનારી તે કરમાવા માંડી ? શું હવે મારે મરવાનું ? હાય ! ક્યાં જવાનું ?'... દેવગતિમાં આ ચિંતાઓ, તો બીજી ગતિઓમાં ચિંતાઓનું શું પૂછવાનું ?

સંસાર આવી ચિંતાઓથી ભરેલો છે, છતાં તમને એના પર નફરત નથી છૂટતી એ આશ્ચર્ય છે. મનને એમ નથી થતું કે 'આ ચિંતા-શોક-ઉદ્વેગભર્યા સંસાર કરતાં સંયમજીવન સારું કે એમાં ચિંતાઓની આ લોથ નહિ. સંતાનોને કદી આ શિખવાડતા નથી કે 'ચિંતાઓની ને ખેદ-ઉદ્વેગની હોળીભર્યા સંસારમાં કાંઈ માલ નથી. **ચિંતામુક્ત સુખી જીવન જીવવું હોય તો સંયમજીવન છે.**' તમારા મનને દુઃખ હોય તો તમે કહો ને ? હૈયું ધિટ્ઠું બનાવી દીધું છે, એટલે મનને માંડવાળ કરો છો કે 'સંસારમાં ચિંતાઓ તો હોય, પણ સુખ કેવાંક મળે છે ! માટે કાંઈ સંસાર છોડી બાવા ન બનાય !'

આમ ધર્મની માંડવાળ હોય, અને એમાં ધર્મને કષ્ટમય-દુઃખમય દેખવાનો હોય, એટલે પછી ધર્મ કરવાનો આવે ત્યાં 'ચાલો, ચિંતા વિનાનો ધર્મ કરવા મળે છે, તો હાશ, ધર્મમાં લાગી જાઉં !' એવું શાનું થાય ?

પેલી તરંગવતીને મોઢા પર ભમરા આવીને બેસવા માંડ્યા, ચિંતા થાય છે 'હાય ! આ તો બે ઉરાડ્યા, ત્યાં બીજા ચાર આવી લાગ્યા !...' ચિંતાથી ગભરાઈ ત્યાંથી દોડીને એ કેળના ઘરમાં પેસી ગઈ. જરા સ્વસ્થ થતાં ત્યાં રહી પાસેના સરોવરની મજા જુએ છે.

**તરંગવતીને બીજી વિમાસણ :-**

તરંગવતી સાધ્વી કહી રહી છે કે 'ભમરાઓની ચિંતાથી છૂટવા ત્યાં કેળના

ઘરમાં ગઈ, તો ત્યાં મોટી વિમાસણ આવી પડી. કહે છે ને,- **'ઘરની બળી વનમાં ગઈ, તો વનમાં ઊઠી આગ !'**

ત્યાં શું એવું બન્યું કે તરંગવતીને બીજી જ ચિંતા વધી પડી ? એ પદ્મસરોવરને જોઈ રહી છે. એમાં જુએ છે તો કમળો શોભી રહ્યા છે. હંસો ચક્રવાકો વગેરે પક્ષીઓ ખેલી રહ્યા છે,... એ બધું જોતાં જોતાં ને એમાં મનને ખૂબ આલ્હાદ થતાં, એમાં એક કમળપત્રની નીચે એક ચક્રવાક અને ચકોરી ખેલી રહ્યા હતા, એકબીજાના રાગમાં સામસામા ચંચુપાત કરી ખૂબ આનંદમાં ગરકાવ બનેલા હતા, એ જોવામાં આવ્યું અને તરંગવતી ઊંડા ચિંતનમાં પડી ગઈ.

**તરંગવતીને જાતિસ્મરણ :-**

સાધ્વીજી કહે છે 'ગૃહિણી ! મારા માટે જીવનનો આ એક અદ્‌ભુત પ્રસંગ હતો. ઉંમરમાં આવેલી હું, મને ચક્રવાક ચકોરીને ક્રીડા જોતાં મનને જરાક રાગની વિહ્‌વળતા ઊભી થઈ અને મનને થયું કે 'આવું તો ક્યાંક મેં જોયું છે. ક્યાં જોયું ?... ક્યાં જોયું ?... એ ઊહાપોહમાં ઊંડી ઊતરી ગઈ, અને મને ત્યાં જ પૂર્વ જન્મનું સ્મરણ થઈ આવ્યું. પૂર્વ જન્મનો એ વૃતાન્ત એવો હતો કે એ હૂબહૂ નજર સામે તરવરતાં મન પારાવાર ખેદમાં અતિશય મગ્ન બની ગયું, ને ભાન ગુમાવી બેઠું, મૂર્ચ્છા ખાઈને નીચે પડી.

મારી સખી આ જોઈને ગભરાઈ ગઈ કે હમણાં તો આ પદ્મસરોવર જોઈ રહી હતી એટલામાં આ શું થઈ ગયું ? એણે તરત મારા મોં પર ઠંડા પાણીની છાલકો મારી મગજને ઠંડક પહોંચતાં ચિંતાની ગરમી ઓછી થઈ, બેભાન મન ભાનમાં આવ્યું અને મેં રોવા માંડ્યું, સખીને બિચારીને આ કશી ખબર નહિ, એ તો ગભરાઈ જ ગઈ, મારા આંસુ લૂછતી લૂછતી કહે ''બેન ! આ શું થઈ ગયું તને ? એકાએક જ રોવા લાગી છે ? શું કોઈ ખાધેલું પચ્યું નહિ, ને પેટમાં દુઃખે છે ? અથવા તને પરિશ્રમ પડી ગયો તેથી મૂર્ચ્છા આવી ગઈ ? કે તને કોઈએ નજરથી વીંધી તેથી આમ બન્યું ? મને ખુલાસો કર.''

સખી આમ પૂછે છે, પરંતુ તરંગવતી બોલતી નથી અને રોવાનું ચાલુ છે. ત્યારે સખી કહે 'તારું આ રુદન જોઈને મારા તો દિલના ટૂકડા થઈ જાય છે. તને મારા સોગન છે જો તું મને ન કહે તો ? માટે જરૂરથી મને તું મૂર્ચ્છિત થવાનું અને રોવાનું કારણ કહે, જેથી એના પ્રતિકાર રૂપે તારા દુઃખને નિવારવાનો ઉપાય લેવાય. જો તારે શારીરિક તકલીફ હોય તો એને સુધારવામાં વિલંબ કરવા જેવો નથી. કેમ,'

**રોગ અને ઋણ બેની સ્થિતિ એવી છે કે જો અંકુશમાં ન લેવામાં આવે તો એ વધી જતાં એ સર્વ નાશને લાવી મૂકે.**

એમ દુનિયામાં કહેવાય છે કે

**મહિલા કુશીલના માર્ગે જતી હોય ને એની જો ઉપેક્ષા સેવાય તો ભયંકર પરિણામ આવે છે.**

માટે સમયસર એની ચિકિત્સા કરાવી લેવી જોઈએ જેથી શરીર ક્ષીણ થતું ન ચાલે. માટે સુંદરી ! સર્વત્ર યોગ્ય કાળે પ્રયત્ન કરી લેવો એ શુભોદય માટે થાય, ને અનર્થના ભોગ ન બનવું પડે તો આમાં જરાય પ્રમાદ નહિ કરવો.'

દાસીને બિચારીને શી ખબર કે 'આને શાનું દુઃખ છે ? એમજ શારીરિક બિમારી કલ્પીને એણે શરીરશાસ્ત્ર ખોલ્યું, પણ તરંગવતીને એના તરફ લક્ષ જ નહોતું. જગતમાં આમ જ ચાલે છે. બીજાનાં દિલનું દુઃખ જાણ્યા વિના પોતાની કલ્પનાનું દુઃખ ગણી એના નિવારવાના ઉપાયનું લેક્ચર કરે, એ શું કામ લાગે ? પછી ખુલાસો કરે ત્યારે ભોંઠા પડવા જેવું થાય. અહીં દાસીને એવું જ થાય છે.

તરંગવતી કહે છે,- 'મને કશી અજીર્ણ વગેરે શારીરિક પીડા નથી, કોઈ પરિશ્રમ લાગ્યો નથી, કે કોઈના જોવામાં આવી નથી.'

દાસી પૂછે 'તો પછી કેમ તું એકાએક પડી ગઈ ?'

**તરંગવતીની મૂર્ચ્છાનું કારણ :-**

હા, તે હું કહું. જો સારસિકા ! તું મારી સાથે જનમથી સુખદુઃખમાં સાથે છે. એટલે મારા સર્વ રહસ્ય તું જાણે છે, માટે જ તને કહેવાય; પરંતુ એટલું ધ્યાન રાખજે કે એ રહસ્ય તારી પાસેથી બહાર ન નીકળે અને મને વિશ્વાસ છે કે તું કોઈને એ નહિ કહે, તેથી તને કહું છું. જે કહું છું તે પણ એમાં કશું છુપાવ્યા વિના કહીશ, એટલે પૂર્વે અનુભવેલું દુઃખ કહું તો ભવિષ્યમાં કદાચ દુઃખ આવે એવો ભય રાખ્યા વિના બધું જ રહસ્ય તારી આગળ પ્રગટ કરવામાં મને સંકોચ નહિ રહે. માટે સાંભળ, પ્રિયના વિયોગના મહાદુઃખથી કરુણ એવી મારા સુખદુઃખની પરંપરાની કહાણી શોકભર્યા દિલે તને કહું છું.

આમ તરંગવતીએ સખીને પોતાની આત્મકથા કહેવાની ભૂમિકા કરી લીધી, જેથી એ કહાનીની વિગત બહાર ન જાય; કેમકે રહસ્ય બહાર ફેલાઈ જવામાં એને મોટો ભય દેખાતો હતો. અલબત સખી વિશ્વાસપાત્ર હતી, છતાં વસ્તુનું મહત્ત્વ ન સમજીને અણજાણમાં બહાર કોઈને ન કહી બેસે એટલા જ માટે તરંગવતી ભૂમિકામાં રહસ્ય ગુપ્ત રાખવા પર ભાર મૂકે છે.

**રહસ્ય અકાળે બહાર પડવામાં કેટલું બધું જોખમ છે !**

એ જગતના બનાવો જોઈએ તો દેખાય છે.

**પેલો વિજયકુમાર** બહુ ગંભીર અને ઉદાર દિલનો, તે પત્નીને પહેલીવાર સાસરે તેડવા ગયો, કન્યાના માબાપે કન્યાને સાથે મોકલી, પણ એને જવું નહોતું ગમતું, તેથી એણે ગામની નજીકમાં જ પ્રપંચથી પતિને કૂવામાં ધકેલી દીધો ! અને પોતે પછી જઈ ઘરે કહે છે 'અપશુકન થયા એટલે મને પાછી મોકલી.'

વિજયનો પુણ્યોદય કે એ ઊભો ને ઊભો પડ્યો તેથી કૂવામાં ઊંધા માથે કૂટાતો મરતો બચ્યો; નહિતર ઊંધો પડત તો ખોપરી ફૂટીને ખલાસ થઈ ગયો હોત !

વિજયને આ આફત આવી છતાં એની મહાનતા કેવી કે પત્ની પર અંતરમાં દ્વેષ ન સળગાવ્યો કે 'આ બાઈ કેવી હરામખોર કે મને આ રીતે મારી નાખવાનો પ્રયત્ન કર્યો ?' ના, એણે તો મનમાં એટલું જ વિચાર્યું કે 'એને બિચારીને માબાપના મોહમાં સાસરે નહિ આવવું હોય તેથી એણે બિચારીએ આ સાહસ કરી નાખ્યું ! વાત સાચી છે કે 'પરાણે પ્રીત ખોટી.' ખેર, 'જીવની કર્માનુસાર ગતિ છે' જ્ઞાનીઓ આ જ કહે છે કે

**'સવ્વે જીવા કમ્મવસ' જીવો બિચારા કર્મથી પીડાઈ રહેલા કર્મવશ અપકૃત્ય કરે એમાં આપણે એ કર્મપીડિત જીવ પર દ્વેષ શા કરવાના ?''** આ એના મહાન દિલની વિચારણા.

ત્યારે આ પરથી આપણે ધડો આ લેવાનો છે કે આવા મોત લાવે એવા પ્રસંગમાં પણ,

**એ મોતનો પ્રસંગ ઊભો કરનાર પર પણ જો દ્વેષ નહિ કરનારા નરવીર આ જગતમાં છે, તો આપણે નાના નાના અનિષ્ટ પ્રસંગમાં એવા દ્વેષ ઉકળાટ કરવાનું ન માંડી વાળીએ ?**

આપણે વારે વારે ખ્યાલ કરવાનો છે કે આપણે મોક્ષના અર્થી છીએ. સંસારમાં ભટક્યા કરવાના અર્થી નહિ; અને મોક્ષ તો તમામ રાગદ્વેષને હટાવવાથી જ થાય, ને એ હટાવવા માટે ઉત્તમ સ્થાન, ઉત્તમ અવસર, ઉત્તમ સંયોગ માનવભવ જ છે. રાગદ્વેષ દબાવવા માનવકાળ જેવો કાળ નહિ તો અહીં મારા માનવકાળમાં મહારાગ-આસક્તિ ને મહાદ્વેષ-ઉકળાટ દબાવવાનું કેમ ચૂકું ? સમજું વિદ્યાર્થી શિક્ષણકાળમાં વિદ્યાભ્યાસ કરી લેવાનું અને રમવા રખડવાની વૃત્તિઓને દબાવવાનું ઉચિત સમજી વિદ્યાભ્યાસ ચૂકતો નથી, તો આપણે મોકે મોકે વૈરાગ્ય, શાંતિ, શુભ ચિંતન, શુભ અધ્યવસાય કરવાનું કેમ ચૂકીએ ?

વિજય કૂવામાં પડ્યો છે, પુણ્યોદય જાગતો છે, **અને અરિહંત પ્રભાવે ઈષ્ટફલસિદ્ધ થવાનો વિશ્વાસ ધરાવતો 'નમો અરિહંતાણં' રટે છે.**

નમસ્કાર તે પણ એક અરિહંતને નહિ કિંતુ અનંત અરિહંત નજર સામે



લાવીને 'નમો નમો' કરતો રહે છે. એનો પ્રભાવ એવો પડ્યો કે ત્યાં કોઈ માણસો કૂવા પર પાણી લેવા આવ્યા.

વિજય નીચેથી કહે છે. 'ભાઈ ! જરા બહાર કાઢજો.' માણસોથી માંચી કે દોરડું ઉતારી વિજયને બહાર કાઢ્યો.

**પ્ર.-** અરિહંત-નમસ્કારનો આ પ્રભાવ ?

ઉ.- આ જ શું ?

**અરિહંત-નમસ્કારનો આનાથી કેઈ ગુણો પ્રભાવ છે ! જેમકે સાપ ધરણેંદ્ર થયો !**

કમઠ તાપસના બળતા લાકડામાંથી બહાર કાઢેલા સાપને 'નમો અરિહંતાણં' મળ્યું તો મરીને એ ધરણેંદ્ર થયો છે ને ?

**દરેક કાર્ય પૂર્વે 'નમો અરિહંતાણં'નો આજે પ્રભાવ :-**

**'આપણને અરિહંત સાથે કેટલો સંબંધ ?** શું દરેક કામ કરતા પહેલાં 'અરિહંત' યા 'નમો અરિહંતાણં' યાદ આવે છે ? ના, એ તો જ્યારે માળા ગણીએ ત્યારે કેમ જાણે આખા દિવસનું સામટું અરિહંત સ્મરણ કરી લેવાનું ! એમ ને ? દુનિયાદારીમાં જે મહત્ત્વનું લાગ્યું હોય એને વારે વારે યાદ કરવાનું ! ને અરિહંત ક્યાં મહત્ત્વના છે તે એમને વારંવાર યાદ કરવાના હોય ?

નક્કી કરો, દરેક કાર્યના પ્રારંભે 'નમો અરિહંતાણં' યાદ કરવાનું. સવારે જાગ્યા કે 'નમો અરિહંતાણં' પથારી બહાર નીકળી શાંતિથી બેસી ૫-૭ નવકાર ગણ્યા પછી દેરાસર જવા નીકળતાં 'નમો અરિહંતાણં' દાતણ કરતા પહેલાં 'નમો અરિહંતાણં' નાસ્તો કરતા પહેલાં એજ. સ્નાન કરતા પહેલા એજ. ઘર બહાર નીકળતાં 'નમો અરિહંતાણં' આમ વ્યાખ્યાનમાં કહેતાં ઘણાઓએ નિયમ કર્યા. એમાં એક લખેસરી યુવાને પણ નિયમ કર્યો. એ પછીથી રાતના આવ્યો, કહે છે,- 'સાહેબ ! આજે નિયમ લીધો અમલ કર્યો અને આજે જ એનો ચમત્કાર જોવા મળ્યો'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૩,અંક-૪૫,તા.૩-૮-૧૯૮૫**

શો ચમત્કાર જોયો ?

એ કહે 'સાહેબ ! આજે મારી મોટરગાડી લઈને નીકળતો હતો ત્યાં નિયમ યાદ આવ્યો, 'નમો અરિહંતાણં' યાદ કરી નીકળ્યો. રસ્તા પર ગાડી ફુલ સ્પીડથી જતી હતી, આગળ એક ગાડી ધીમા વેગથી ચાલતી હતી એની ને મારી ગાડીની વચમાં હવે થોડું અંતર હતું, એમાંથી એક સ્કૂટરવાળો પાછળથી આવી નીકળવા ગયો. સારું થયું કે નમો અરિહંતાણંના પ્રભાવે સ્કુટર નીકળવા વખતે કોઈ ધ્યાન

બહાર મારું સ્ટિયરીંગ જમણી બાજુ વળી ગયું નહિતર આગળની ગાડી અને મારી સ્પીડબંધ જતી ગાડીની વચ્ચે સ્કૂટરવાળો બિચારો ભરડાઈ ગયો હોત, ને મારી ગાડી અને મને પણ નુકશાન થાત. સ્કૂટરવાળો વચમાંથી નીકળવા માગતો હશે એ મેં જોયેલું નહિ, છતાં મારી ગાડીનો વળાંક જમણી બાજુ થઈ ગયો એ 'નમો અરિહંતાણં'નો જ પ્રભાવ, નહિ તો બીજું શું ?'

**અરિહંતપ્રભાવે વિજય કૂવામાંથી બહાર :-**

પેલો વિજય અરિહંતને યાદ કરે છે, ત્યાં એને કાઢનાર આવી ગયા કૂવામાંથી ખેમકુશળ બહાર નીકળી પોતાના ઘરે પહોંચ્યો. પૂછો,-

**પ્ર.**- વિજય કેમ પાછો સાસરે સસરાને એની દીકરીની ઓળખ કરાવવા ન ગયો ?

ઉ.- કહો, **કોઈનું એવું રહસ્ય બીજા આગળ ન કહેવાય** એ સજ્જનતા છે. તરંગવતીને પોતાનો પૂર્વભવ કહેવો છે એમાં અવનવી ઘટના છે, તેથી દાસીને કહી રહી છે, 'રહસ્ય બહાર ન જાય એનું ધ્યાન રાખજે.'

રહસ્ય બહાર પ્રગટ કરવા જાય તો કેટલું મોટું નુકશાન થાય, એ આ જ વિજયના દાખલામાં આગળ જોવા મળશે.

અત્યારે તો વિજય ગંભીર બની સાસરે ન ગયો, તેમજ પોતાના ઘરે જઈને પણ એ રહસ્ય પ્રગટ ન કરતાં અર્થાત્ 'મને તો લુચ્ચી પત્નીએ વિશ્વાસમાં લઈ કૂવામાં પાણી જોવા મોકલ્યો,...' પણ પાછળથી ધીરે પગલે આવી મને એણે કૂવામાં ધકેલી દીધો. સારું થયું કે પુણ્યના ઉદયે અંદરમાં પડતાં હું બચી ગયો, ને અહીં તમને જીવતો જોવા મળું છું,'- આવું કશું રહસ્ય એણે ખુલ્લું ન કરતાં માત્ર એટલું જ કહ્યું કે "ગામમાંથી નીકળતાં અપશુકન થયું, એટલે મેં એને પાછી મોકલી."

વિજયની ગંભીરતા જોવા જેવી છે કે કેટલી મોટી આપત્તિમાં મૂકાયેલો, તે પણ તરતની પરણેલી સ્ત્રી વડે ! છતાં એ ગુપ્ત રાખે છે ! કેમ આટલો બધો કડવો ઘુંટડો ગળી જાય છે ? એક જ કારણ કે

**આ ઉચ્ચ કોટિના માનવ અવતારે જ સત્ત્વ કેળવી બીજાના ભયંકર અપરાધરૂપી કડવા ઘૂંટડાને ગળી જવાનો સોનેરી અવસર છે, ક્ષમા સત્ત્વ વગેરે ગુણોના મહાલાભ છે.**

ભારે રોગમાં કડવી દવાના ઘૂંટડા પી જવા પડે છે ને ? એમ, જીવ સંસારમાં અનેક મલિન ભાવોના રોગોનો દરદી છે, એ રોગો કાઢવા માટે આવા સામાના અપરાધ કડવી દવાનું કામ કરે છે એને ગળી જાઓ, અર્થાત્ મનથી સહી લઈ સામા પર દ્વેષ ન કરો, એ દવાપ્રયોગ કર્યા બરાબર છે.

એનાથી આપણા જુગજુના ક્રોધ કષાયના રોગ મોળા પડે છે, નિઃસત્ત્વતાનો



રોગ મોળો પડે છે, ને સત્ત્વનું આરોગ્ય ખીલે છે.

**ક્ષમા અને સત્ત્વ એ પરભવની મૂડી છે.**

**પરભવે એના સુખદ ફળમાં શાંત સ્વભાવ અને સાત્ત્વિક પ્રકૃતિનાં જીવન મળે છે.**

**જિનવચન અમૃતરસ :-**

રોજિંદા જીવનમાં તપાસજો. બીજાની નાની મોટી ભૂલના કેટલાય પ્રસંગ આવે છે. ત્યાં દિલ ઉમદા રાખી ક્ષમા સહિષ્ણુતા રાખવાનું સત્ત્વ ફોરવવાનો અવસર મળે છે. **સમરાદિત્યનો** જીવ રાજા ગુણસેન પાછલી વયે ધર્મ પામ્યો અને એણે એ જ કર્યું. અગ્નિશર્મા તાપસ દેવ થઈને દુશ્મન રૂપે ધ્યાનમાં રહેલ ગુણસેન પર અગ્નિ ઝરતી રેતીનો વરસાદ કરે છે. એ રાજાના શ્વાસમાં અને શરીરના છિદ્રમાં ચીપકવાથી લહાયો ઊઠે છે; પરંતુ

**ધર્મ પામ્યાની વડાઈ શી ?**

રાજા ગુણસેન વિચારે છે,- "જીવ ! કોઈ અનંતકાળે તું જિનવચન પામ્યો છે, ને જિનવચન એ મોતની પરંપરા મિટાવવા અમૃતરસ છે, તો એ પામ્યાને સફળ કરજે. જિનવચન કહે છે,-

**'ઉવસમ-વિવેગ-સંવર.'**

**ઉપશમ વિવેક અને સંવર એ ભવરોગ કાઢવાની દવા છે.**

અહીં જિનવચન અમૃત પામ્યો છે, માટે જ આ ઔષધપ્રયોગ કરી શકાશે. જિનવચન નહોતો પામ્યો ત્યારે આ ઉપશમ વગેરેની કશી ગમ જ ક્યાં હતી ? જિનવચન પામ્યાનું જ આ ફળ છે કે ઉપશમ કેળવી શકે."

બસ, ગુણસેન રાજાએ આ વિચાર કરીને રેતી વરસાવનાર ઉપર જરાય દ્વેષ ન કર્યો. મનમાં દ્વેષના વિચારો ન આવી જાય, કાયાના રાગના વિચાર ન આવી જાય, એટલા માટે મનમાં જિનવચનોને મમરાવતા રહ્યા, તો ભવાંતરના શાંત સૌમ્ય ઉમદા દિલનો અહીં પાયો પડ્યો, વારસો ઊભો કર્યો !

પેલો વિજય કૂવામાં ધકેલનારી પત્ની પર દ્વેષ ન લાવ્યો. ઘરે એ કશી વાત જ ન કરી. માત્ર અપશુકન થવાથી એને પાછી મોકલી એટલું જ કહ્યું. એટલે થોડો વખત પછી ઘરવાળા કહે છે 'જા, પત્નીને તેડી આવ,'

આનું મન જાણે છે કે કેવીને તેડવા જવાનું ? એટલે વાત ઠેલે છે 'હજી શી ઉતાવળ છે ?' ઘરવાળા કહે 'પણ પરણેલી કન્યાને એના બાપને ઘેર ક્યાંસુધી રાખી મૂકાય ?'

દુનિયા કેમ આમ સમજે છે ? કહો, એટલા જ માટે કે ઉંમરમાં આવી ગયેલી કન્યા બાપને ઘેર સાપનો ભારો છે. 'એ વાસનાવિવશ બનેલી કાંક આડુઅવળું

કરી નાખે તો ?' એવા માબાપને ભય રહે છે.

વિજયે બે ચાર વાર વાત ટાળી, પરંતુ ઘરનાઓના બહુ આગ્રહ પર પત્નીને તેડવા જવું પડ્યું. વિજય જ્યાં સાસરે જઈને ઊભો રહ્યો, ત્યાં પત્ની દેખીને ચોંકી ઊઠી 'અહો ! આ જીવતા છે ?' વિશેષ વિસ્મય તો એ થયો કે વિજય પૂર્વની કૂવામાં ધકેલાયાની વાત નથી બોલતો ! અરે ! ખાનગીમાંય એને ઠપકો ય નહિ, ને યાદગીરી સુદ્ધાં નથી કરાવતો.

વિજય સમજે છે કે સામાની ભૂલ યાદ કરાવ્યાથી શો ફાયદો ? સામાને ભોંઠા પડવાનું થાય, લાચાર બનવાનું થાય, ને એમાં એને કાંઈ આપણા પર પ્રેમ ન વધે, સદ્ભાવ ન વધે. એના બદલે સામાના આશ્ચર્ય વચ્ચે આપણે જાણે કશી એની ભૂલ જાણતા જ નથી યાદ જ નથી કરતા એવું એને લગાડીએ એમાં એનો પ્રેમ-સદ્ભાવ ખૂબ જ વધી જાય.

**સામાનો પ્રેમ સદ્ભાવ જોઈએ છે ? તો એની ભૂલો જોવાનું ને કહી બતાવવાનું માંડી વાળો.**

**સામાની ભૂલો સુધરાવવાનો માર્ગ :-**

**પ્ર.**- તો તો પછી એ ભૂલો કર્યા જ કરે ને ?

ઉ.- તો શું અત્યારસુધી સામાની ભૂલો જોતા રહ્યા ને એને ઠપકા આપતા રહ્યા, એટલે એને હવે ભૂલો વિનાના ગુણિયલ હરિશ્ચંદ્ર જેવા બનાવી દીધા ને ? ના, માટે સમજો કે ભૂલો સુધરાવવાનો તમારો માર્ગ જ ખોટો છે. માર્ગ તો એ છે, કે રોજ રાતે કુટુંબને બેસાડી સમરાદિત્ય ચરિત્ર, તીર્થંકરોના ચરિત્ર, ઉપદેશમાળા, જેવાની વાતો સંભળાવો. એમાં પ્રસંગ પામી ગદ્ગદ દિલે પ્રેરણા-પ્રોત્સાહન કરો. બાકી વ્યવહાર ઉમદા, ગંભીર અને સૌમ્ય રાખો.

વિજય ઉમદા, ઉદાર અને ગંભીર વ્યવહારથી પત્નીના હૃદયમાં જડાઈ ગયો. પત્ની છક્કડ ખાઈ ગઈ કે 'આ શું ? મારો આટલો ભયંકર અપરાધ આમના મનમાં ય નથી ? આ પતિ તો દેવના દૂત જેવા છે, તો મેં અધમાધમે એમને કૂવામાં ધકેલવાનું કેવું ઘોર પાપ કર્યું ?' અને પતિ પર ખૂબ જ પ્રેમ અને સદ્ભાવ વધી ગયા. એકની ગુણિયલતા બીજા પાપી જીવો પર કેવીક ગજબ અસર કરે છે !

**ગુણિયલ પોતે તરે, ને બીજાને તારે.**

**અવગુણી પોતે મરે, ને બીજાને ય મારે.**

મહાવીર પ્રભુ ગુણિયલ હતા તો મહાદુષ્ટ એવા ચંડકોશિયા સાપને તાર્યો !

બાહુબળજી ગુણિયલ હતા, તો અન્યાયનું યુદ્ધ કરનાર ભરત ચક્રવર્તીને પશ્ચાત્તાપના લોહીના આંસુ સારતો કર્યો !



એમ અહીં વિજય ગુણિયલ છે, તો એને એક વાર કૂવામાં ધકેલનારી પત્નીને ય મહાસદ્ભાવવાળી કરી દીધી !

બસ, હવે વિજય સાથે પત્ની ઘરે આવે છે, અને પતિને દેવની જેમ સાચવે છે. સમય જતાં એ પુત્રવાળી થઈ. પુત્ર મોટો થયો. એક વાર વિજય જમવા બેઠો છે, ને પત્ની કોઈ સારી વસ્તુ પીરસવાનો બહુ આગ્રહ કરે છે, એ વખતે ભવિતવ્યતાએ વિજયના મનમાં પૂર્વનું યાદ આવી જાય છે. મનને થાય છે કે 'અહો ! ક્યાં એ કૂવામાં ધકેલવાનો પ્રસંગ ? ને ક્યાં આ આગ્રહ કરીને આટલા બધા પ્રેમપૂર્વક જમાડવાનું ?' આ વિચારતાં એને જરાક હસવું આવી ગયું.

છોકરો બાપને પૂછે છે 'બાપુજી ! કેમ હસવું આવ્યું ?'

બાપ કહે છે 'કાંઈ ખાસ નહિ. ચાલો, જમવાનું પતાવી લઈએ.' છોકરો એ વખતે તો કાંઈ બોલ્યો નહિ, પરંતુ જમ્યા પછીથી અંદરના ઓરડામાં ગયા, ને ત્યાં છોકરો ફરીથી બાપને હસવાનું કારણ પૂછે છે.

**હસવામાંથી ખસવું થાય :-**

જુઓ, હસવામાંથી ખસવાનું કેવુંક થાય છે; કેવોક મહાન અનર્થ સરજાય છે ! કેટલીકવાર મોટા અનર્થ નીપજે છે, એની પાછળ નિમિત્ત નાનું દેખાતું હોય છે, ત્યાં મનને એમ લાગે છે કે 'આટલામાં શું ?' પરંતુ ખરેખર જોતાં એમાં મોટા અનર્થનું બીજ પડ્યું હોય છે.

દુર્યોધન વગેરે કૌરવો પાંડવોને ત્યાં આવેલા. એમાં રાજદરબારની અંદર જતાં કાચની સપાટીનો હોજ આવ્યો. દુર્યોધન સમજ્યો કે આ 'આ પાણી છે,' તેથી કપડા ઊંચા કરી એના પર પગ મૂક્યો તો પગ કાચ સાથે અથડાયો. આગળ ચાલ્યો, બીજો હોજ ઓળંઘવાનો આવ્યો, પરંતુ તે ખરેખર છીછરા પાણીએ ભરેલો હતો, એને કાચનો જાણી દુર્યોધન એના પર કપડા ઊંચા લીધા વિના ચાલ્યો, ને કપડાં ભીંજાયા, તેથી ભોંઠો પડ્યો ! આ વખતે ત્યાં બાજુમાં ઊભેલી દ્રૌપદીને હસવું આવ્યું, ને એ બોલી પડી 'આંધળાના દીકરા આંધળા જ હોય !'

બસ, આ નિમિત્ત નાનું દેખાય, પણ એમાં મોટા અનર્થનું બીજ હતું ! કેમકે દુર્યોધન એના પર ગાંઠ વાળી કે 'તું અમારી મશ્કરી કરે છે ? અમે આંધળાના દીકરા આંધળા એટલે અહીં પાણીને ઓળખી ન શક્યા ને કાચ માની એના પર ચાલ્યા ! પણ 'પાંડવો દેખતાના દીકરા દેખતા છે ને ? એ દેખતાં છતાં કેવાક આંધળા થઈ ભૂલે છે !' એ બતાવી આપીશ. વનવાસ ભેગા ન કરું તો મારું નામ દુર્યોધન નહિ. પછીથી દુર્યોધને અવસર પામી યુધિષ્ઠિરને જુગારના દાવ રમવામાં ખેચ્યા, પ્રપંચ કરી યુધિષ્ઠિરને હરાવતો ગયો, તે યાવત્ બધું રાજ્યપાટ ગુમાવરાવ્યું,

સાથે દ્રૌપદીનેય હોડમાં મુકાવી હરાવરાવી ! ભરી સભામાં દ્રોપદીના ચીર ખેંચ્યા ! અંતે બાર વરસનો પાંડવોને વનવાસ આવ્યો ! અને તે પછી કુરુક્ષેત્ર પર મહાભારતનું ભયંકર યુદ્ધ થયું ! લાખો માણસો મર્યા, કેટલાય મહાન અગ્રણી વિભૂતિઓ મરી !

**મહાભારતમાંનો આટલો બધો મહાઅનર્થ શેના પર ?**

કહો, દ્રૌપદીના હસવા પર, હસવા સાથેના 'આંધળાના દીકરા તો આંધળા જ હોય ને ?' એટલા બોલના નાના નિમિત્ત પર !

**સિંહગુફાવાસી મુનિ કેમ પડ્યા ?** કહો એ સ્થૂલભદ્રજીનો ચાળો કરવા કોશાની બેન ઉપકોશા વેશ્યાને ત્યાં ચોમાસું રહેવા ગયા ત્યાંસુધી એમના મનને પાકો દૃઢ નિર્ધાર હતો કે 'વેશ્યા ગમે તેવા હાવભાવ દેખાડે તો પણ બ્રહ્મચર્યમાંથી ચલિત ન થાઉં.' પરંતુ વેશ્યાના મુકામે જઈ જ્યાં રૂપરૂપના અંબારસમી વેશ્યા સહેજ નજરે ચડી ત્યાં ગાત્ર ઢીલા પડી ગયા ! મનને થયું 'હે ? જગતમાં આવું રૂપસૌંદર્ય હોય છે ?' પછી તો જાણો છો ને કે કેટલી હદ સુધીના પતનના માર્ગે ઘસડાયા ? વેશ્યા પાસે દીનહીન બની ભોગની ભીખ માગતાં કહે છે, 'તે હેં કોશા ! તું કાંઈ હસીને બોલતી ય નથી ? ને હેં સુંદરી ! ને અમને તારા ભોગ ન મળે ?'

વેશ્યા મુનિને સજાગ રાખવા હસતી ખીલતી નહોતી, એમને આદર નહોતી આપતી, પણ એણે મામલો આટલે પહોંચ્યો જોયો, તેથી હજી મુનિને સજાગ કરવા વાત ટાળતી કહે છે, 'મહારાજ ! અમે તો વેશ્યા જાત, પૈસાની સગી, જે પૈસા આપે એને અમે આનંદ આપીએ' અર્થાત્ કહેવાનો ભાવ આ, કે 'તમે મુનિ છો પૈસા વિનાના છો, તો આવા કોડ રહેવા દો. ગુરુ ભેગા થઈ જાઓ.' આમ સાવધાની ચીંધી.

પરંતુ લપસેલા મુનિ હજી ય સમજતા નથી,

**કામરાગ ભૂંડી ચીજ છે. બુદ્ધિ બહેર મારી નાખે, સાવ ભાન ભુલાવી દે.**

માટે જ ઉંમરમાં આવેલાએ વિજાતીયનાં દર્શન ટાળવા જોઈએ, નહિતર એ દર્શનમાંથી કામરાગ સળવળે છે, ને એમાં ન ચિંતવવાના ચિંતવાય છે. વ્યવહારથી નહિ, તો માનસિક રીતે દુરાચાર સેવાય છે. પછી એ વિજાતીયને ફરીથી મળવા કાયાથી આડાઅવળા ઉપાય યોજાય છે !

વેશ્યાએ તો મુનિને ગુરુ પાસે પાછા વાળવા કહ્યું કે 'તમે આનંદ માગો છો, પરંતુ અમે તો પૈસાની સગી.' પરંતુ કામરાગની આંધીમાં ભોગ બનેલા મુનિ એના કહેવાનો ભાવ ન સમજ્યા, ને વેશ્યાને દીન બની કહે છે,

'પણ તે હું પૈસા ક્યાંથી લાવું ?'



**દિલને જોરદાર ધક્કો લાગ્યા વિના કામના તરંગો ન મીટે :-**

હવે વેશ્યા જુએ છે કે આમ કાંઈ આ કામરાગથી મુક્ત નહિ થાય. ભલે હું અત્યારે એમને 'તો પછી જાઓ પાછા સીધે સીધા ગુરુ પાસે,' એમ કહી રવાના કરું, છતાં એમના હૈયામાં જે મારી છબી જડાઈ ગઈ તે ઊખડશે નહિ, ને અંતરમાં કામરાગના તરંગો કર્યા વિના એ રહેશે નહિ. એ તો એવો કોઈ એમના હૃદયને જોરદાર ધક્કો લાગે, તો જ એ મલિન ભાવનામાંથી મુક્ત થાય. એટલે એ કહે છે,-

'તમે પૈસા ક્યાંથી લાવો ? જાઓ નેપાલ દેશમાં; ત્યાંનો રાજા નવા સંન્યાસીને રત્નકાંબળ ભેટ આપે છે, તે લઈ આવો.'

મુનિ હજી પાછા વળવા તૈયાર નથી, કામનો વિચાર ભૂંડો ! વેશ્યાને કહે 'તો પછીથી તો તારો આનંદ અમને મળશે ને ?'

વેશ્યા કહે 'પહેલાં રત્નકાંબળ લાવો તો ખરા.'

મુનિને આશા બંધાણી તે ઉપડ્યા નેપાલ દેશમાં વરસતા વરસાદે ! કેટલી મુશીબતે લઈ આવ્યા, ને કાંબળ આપી વેશ્યાને. વેશ્યાને મુનિના હૈયાને ધક્કો લગાડવો હતો, જબ્બર આંચકો આપવો હતો, શી રીતે અપાય ? જેમ કોઈ માણસે ભારે મહેનત કરી લાખ રૂપિયા ભેગા કર્યા હોય, અને એને સવારે જાણવા મળે કે 'રાતના ચોર આવેલા ને બધા રૂપિયા ઉપાડી ગયા,' તો એ જાણવા મળતાં એને કેવો આંચકો લાગે ?

બસ, વેશ્યાએ આ કર્યું, મુનિએ હરખમાં ને હરખમાં 'લે બસ, આ જ સવા લાખ સોનૈયાની રત્નકંબલ તારે જોઈએ ને ? લે આ,' એમ કહેતાં વેશ્યાને કાંબળ આપી, ને વેશ્યાએ એ હાથમાં લેતાં જ સીધી ગંદવાડભરી ખાળમાં નાખી દીધી ! કાંબળ ખરડાઈ ગઈ.

મુનિ આ સહન કરી શકે ? કેટકેટલી જહેમતથી સવા લાખ સોનૈયાની કિંમતની રત્નકાંબળ લઈ આવેલા, એવી મહાકિંમતી રત્નકાંબળ એક જ પળમાં સીધે સીધી જાણી બૂઝીને ગંદી ખાળમાં નખાય, એ શે જોયું જાય ? હૈયાને ભારે આંચકો લાગ્યો, એ બોલી ઉઠે છે,

'અરે ! અરે ! આ તેં શું કર્યું ? કેટલી જહેમતથી લાવેલી આવી મહાકિંમતી રત્નકાંબળ ગટરમાં નખાય ?'

ત્યાં જ વેશ્યા કહે છે,- અરે ! અરે ! તો પછી તમે આ શું કરો છો ? કેટલી જહેમતે ગુરુ પાસેથી જેની કિંમત ન આંકી શકાય એવું આ સંયમરત્ન પામ્યા, એ મારા શરીરરૂપી ગટરમાં હોમવા તૈયાર થયા છો ?'

મુનિ તરત સમજી ગયા, ક્ષમા માગી, અને ગુરુ પાસે પાછા આવી ગયા.

વેશ્યાના એક જ વારનાં દર્શન જેવા નાના નિમિત્તમાંથી કેટલો મોટો અનર્થ સરજાયો ? સિંહની ગુફા આગળ ૪-૪ મહિના ધ્યાનમાં રહેનારા મુનિ વેશ્યાગમનના વિચાર સુધી પહોંચી ગયા ! એટલે તો જ્ઞાની ભગવંતો બ્રહ્મચર્યની નવ વાડમાં એક વાડ તરીકે સ્ત્રીના એક અંગોપાંગને પણ જોવાની મનાઈ કરે છે, તે ઠીક જ છે.

**વિજય ગંભીરતા ભૂલે છે :-**

પેલા વિજયકુમારે અત્યાર સુધી ભારે ગંભીરતા જાળવી પત્નીનું પોતાને કૂવામાં ધકેલી દેવાનું અપકૃત્ય એના એક રહસ્ય તરીકે કોઈને ય કહ્યું નહોતું, અરે ! ખુદ પત્નીને ય યાદ દેવરાવ્યું નહોતું, છતાં આજે પત્ની પ્રેમથી જમાડી રહી છે એ એક સામાન્ય નિમિત્તને પામી હસી પડ્યો. ખેર ! હસ્યો તો હસ્યો, પણ હવે છોકરો હસવાનું કારણ પૂછે છે તો જમતાં તો વાત ટાળી, પણ પછીથી ઓરડાની અંદર જઈ પુત્રે હસવાનું કારણ ફરીથી પૂછતાં એનાથી સહેજમાં બોલાઈ ગયું.

'ભાઈ દિવસ દિવસને માન છે, એક દિવસ એવો હતો કે તારી માતાએ મને કૂવામાં ધકેલ્યો હતો ! ત્યારે આજે દિવસ એવો છે કે એ મને આગ્રહથી જમાડે છે !' બસ, આ બોલ બહાર સંભળાઈ જતાં પત્નીના હૃદયને આઘાત લાગ્યો, તે ત્યાં જ મૃત્યુ પામી !

વિજય સમજદાર ને ગંભીર છતાં એક જ વાર ચૂકીને રહસ્ય બોલી પડ્યો તો મહાઅનર્થ સરજાઈ ગયો.

તરંગવતી એટલે જ દાસીને કહી રહી છે જો તને મારા એકાએક બેભાન થઈ જવાનું રહસ્ય તો કહું છું, પરંતુ તારે આ કોઈનેય કહેવાનું નહિ.

**તરંગવતીનો અહેવાલ :-**

દાસી કબૂલ થાય છે એટલે તરંગવતી એને કહે છે, 'જો સારસિકા ! આપણે કેળના ઘરમાં બેઠા ત્યારથી હું પદ્મસરોવરની શોભા જોઈ રહી હતી. એમાં મેં કમળપત્રની નીચે ચક્રવાક ને ચકોરી પરસ્પર બહુ પ્રેમથી ક્રીડા કરી રહેલા જોયા. આમેય મનમાં લગ્નના તરંગ તો આવી જતા, એમાં આ પક્ષીયુગલની પ્રેમચેષ્ટા જોતાં મન એના પર લાગી ગયું, ને મનને એમ થવા માંડ્યું કે આવું તો મેં ક્યાંક જોયું છે. ક્યાં જોયું ? ક્યાં એમ મનમાં ઉહાપોહ કરતાં કરતાં મને પૂર્વ જન્મનું સ્મરણ થઈ આવ્યું. એમાં અહાહા ! એમાં જે પ્રિયના વિયોગની કરુણ કહાણી છે, એ આજે યાદ આવતાં શરીર કંપી ઊઠે છે. તને એ જીવનની કશી વસ્તુ છૂપાવ્યા વિના શોકભર્યા દિલથી કહીશ. પહેલાં પ્રિયના સંયોગનું મહાસુખ અને પછીથી પ્રિયના વિયોગનું મહાદુઃખ સાંભળતાં તું દુખિત થઈ જશે. પરંતુ તારે



જાણવું જ છે તો જાણે વર્તમાનમાં એ બની રહ્યું હોય એવી રીતે કહું છું.

**ચકોર-ચકોરીનો અનોખો પ્રેમ :-**

જો, **અંગ દેશ** છે એમાં **ચંપા** નામની **મહાનગરી** છે. એની પાસેથી નદી વહે છે. એમાં અનેક પ્રકારના પક્ષીઓ હંસ-સારસ-ચક્રવાક વગેરે પક્ષીઓ ખેલી રહ્યા છે. એમાં યુગલો સ્વેચ્છા મુજબ પૂર્ણ વિશ્વાસથી એકબીજા પર પ્રેમ દાખવી રહ્યા છે. ત્યાં હું પૂર્વભવે ચકોરી હતી, અને આવી રીતે મારા પ્રિય ચકોર સાથે પ્રેમલીલા કરતી હતી, એવું મને આબેહુબ દેખાયું. પ્રિય તરફથી ખૂબ જ સદ્ભાવ, સુખ; અને સરોવર-નદી-તટ વગેરે ખેલવા માટે મળેલી સંપત્તિમાં એવી અત્યંત રક્ત હતી કે મને લાગે છે સંસારમાં સર્વયોનિઓમાં જીવો જન્મીને સુખ-સંપત્તિમાં લીન થાય છે, પરંતુ જે રાગ ચક્રવાક ચક્રવાકીને હોય છે એવો જગતમાં ભાગ્યે જ કોઈ યુગલને હોતો હશે. કેમકે સાંજ પડ્યે યુગલના મોંઢા એકબીજાથી તદ્દન ઊલટી દિશા તરફ થઈ જાય, તેથી એમ જ લાગે કે જાણે પ્રિયનો વિયોગ જ થઈ ગયો, તે રાતભર એમ ચાલે, તેથી રાતભર ઝૂરી મરે ! તે સૂરજ ઊગે પાછા ભેગા થાય ત્યારે આનંદનો પાર ન રહે. દુનિયામાં કોને આવા રાગ રહેતા હશે ? મારા પ્રિય ચકોરનું માથું ભારે નહિ, હળવું, ને એનું શરીર કાંઈક-ગોળાકાર એટલે ખૂબ રમણીય એની સાથે નદી સરોવર ને એના કાંઠા ઉપરની રેતીમાં અમે એવા એકરૂપ થઈ ખેલતા કે એકબીજાથી જરાય જુદા થવું ગમતું નહિ."

ચકોર ચકોરીના આ પ્રેમ પર ભગવાનની સ્તવના કરી શકાય. 'પ્રભુ ! અમને તમારા પર ચકોરીને ચકોર પર પ્રેમ હોય છે તેવો પ્રેમ છે, તો પ્રભુ તમે અમારા અંતરમાંથી જરાય દૂર ન રહેશો...' પરંતુ જોવાનું આ છે કે ખરેખર આપણને પ્રભુ પર એવો પ્રેમ છે ? ચકોરી રાતના ચકોર વિના ઝૂરી મરે છે.

**કયો દિવસ એવો યાદ આવે છે કે એ દિવસ પ્રભુ વિના આપણે ઝૂરી મર્યા હોઈએ ?**

કમાઉ દીકરો દેશાવરથી આવવાની તારીખ પછી પાંચ દિવસ મોડો પડે, તો એ પાંચ દિવસ કેવા જાય ? દહાડામાં કેટલીવાર છોકરો યાદ આવે ?

તરંગવતી સખીને કહી રહી છે 'સારસિકા ! આજે મને એ વખતે એમ ચકોર ચકોરી નદી સરોવર વગેરેમાં કેવા અકલ્પનીય આનંદમાં પરસ્પર ખેલી રહ્યા હતા, એ યાદ આવતાં શરીરે રોમાંચ ખડા થાય છે. પરંતુ આ દુનિયાના આનંદ કેટલા ટકે છે ? છતાં જીવની ગમારિતા છે કે એવા નાશવંત આનંદ ખાતર અઢળક પાપો કર્યે જાય છે. ક્યારેય પૂર્ણવિરામ નથી.

**દુનિયાના ક્ષણિક આનંદ ખાતર અઢળક પાપ આચરાય, એ ગમારિતા છે.**

તરંગવતી આગળ ચલાવે છે,- ત્યારે જો બેન ! આ દુનિયાના વિષયોની રમતમાં અણધાર્યા આક્રમણ કેવા આવે છે ! ત્યાં સરોવરમાં એક જંગલી હાથી ખેલવા માટે આવ્યો અને સૂંઢમાં પાણી ભરીને ચારેબાજુ ઉરાડવા માંડ્યો. નાના પંખેરાના શા ભાર કે આ પાણીની ઝાપટામાં સરખી રીતે ખેલી શકે ? ટપોટપ દૂર ઊડવા લાગ્યા એમાં મારો પ્રિય ચકોર કમનસીબ, તે ઊડતાં બાણથી વીંધાયો ! બન્યું એવું કે ત્યાં એક વનચર પારધિ જુવાને દૂર ઝાડ પર ચડી હાથીનો શિકાર કરવા બાણ છોડેલું. બાણ બરાબર એ વખતે જ છુટ્યું કે જ્યારે મારો પ્રિય ચકોર હાથીના જલ છંટકાવના ત્રાસથી ઊડીને દૂર જવા જતો હતો, તે બાણ હાથી સુધી પહોંચે એ પહેલાં એણે મારા પ્રિયને લઈ નાખ્યો ! તીક્ષ્ણ બાણ મારા પ્રિયના શરીરમાં ઘૂસ્યું, એના પ્રહારથી મારો પ્રિય ચકોર ભારે વેદનાથી બાણ સાથે પડ્યો નીચે પાણી પર.

સારસિકા ! પેલા પારધિએ જ્યાં મોટા હાથીનો વિનાશ કરવા છોડેલું તીક્ષ્ણ બાણે વચમાં ઊડતા મારા પ્રિય ચકોરને કમ્મરના ભાગમાં વીંધી નાખ્યું, ત્યાંથી મારા દુઃખની કહાણી શરૂ થાય છે. નદી સરોવરમાં અને એના તટ પર અમે અન્યોન્ય એકમેક થઈને ખેલી રહ્યા હતા ને એટલા બધા સુખમગ્ન હતા કે એકબીજા વિના અમે રહી શકતા નહોતા, એ સ્વર્ગીય આનંદનો અહીં અંત આવ્યો.

**સંસારની ૮૪ લાખ યોનિઓમાં જીવો ઝાંઝવાના નીર જેવી સંસારની ક્ષણિક સુખ-સગવડમાં મોહિત થઈ શું જોઈને આનંદ માણતા હશે ? મોતનો વિકરાળ પંજો જોતજોતામાં આવી પડે છે, ત્યાં બધું ય સુખ અને બધો ય આનંદ પાણીના પરપોટાની જેમ ફૂટી જાય છે, ને જીવ પારાવાર દુઃખમાં ખૂંચી જાય છે.**

**ચકોરીનો કલ્પાંત :-**

મારો પ્રિય ચકોર બાણે વીંધાયો. ગાઢ પ્રહારથી વેદના વિહ્વળ થઈ તરફડતો બાણ સાથે પડ્યો પાણી પર; એ દૃશ્ય મારે જોવું અસહ્ય હતું, તેથી હું વિના બાણ-પ્રહારે અતિશય પ્રેમની મારી બેભાન થઈ પડી પાણી પર. થોડી જ વારમાં ભાનમાં આવતાં મારા પ્રિયની દશા જોતાં શોકથી આંસુભીની આંખે 'હાય ! હાય !' એમ વિલાપ કરવા લાગી ! મારા મોંથી બાણ કાઢવા ખેંચવા લાગી, પણ મારું શું ગજું કે એમ બાણ નીકળે ? છતાં બાણ ખેંચાવા સાથે મારો પ્રિય પણ ખેંચાવા લાગ્યો તે તટ પર આવી ગયો.



ત્યાં હું પાંખોથી પ્રિયને પવન નાખતી કરુણ કલ્પાંત કરવા લાગી 'હા ! હા ! કંત ! આ તમને શું થયું ? આ કોણ દુષ્ટે તમને બાણ માર્યું ?' જોઉં છું. તો થોડી જ વારમાં એના સર્વ અંગ નિશ્ચેષ્ટ થઈ ગયા છતાં મારા સ્વાર્થની મોહ-મૂઢતામાં અને અતિશય પ્રેમના કારણે એને મરી ગયેલાને પણ જીવતા માની રહી હતી; તેથી એના શરીર પર ને મોં પર મારું મોં મિલાવીને 'નાથ ! મારી સાથે હસીને બોલો. આ તમારા કોમળ શરીરને કયા રાક્ષસે બાણે વીંધ્યા ? તમને વીંધવાને બદલે મને કેમ ન વીંધી નાખી ?'

'સારસિકા ! પ્રિયને બોલાવવા ચલાવવા કરુણ વિલાપથી ઘણી મથું છું, પરંતુ જ્યાં જોયું કે એ જરાય સળવળતા નથી, એટલે મને નિર્ણય થતાં શોકનો ઉછાળો વધી ગયો. એ એવો દુસ્સહ શોક હતો કે એના આઘાતથી મારું ત્યાં ને ત્યાં મોત જ થઈ જાત. પરંતુ મોત ન પામતાં હું મૂર્છિત થઈ ગઈ. મૂર્છાએ ક્ષણવાર મારું દુઃખ દબાવ્યું, પરંતુ ભાન આવતાં હૈયા પર દુઃખનો ભાર એટલો બધો હતો કે મને થયું કે 'હાય ! આ હું જીવતી કેમ રહી ગઈ ! એ દુઃખના સંતાપમાં મારી ચાંચથી મારી પાંખના અગ્રભાગને ટોંચી રહી છું, જરાક ઊડી ઊડીને ધૂળમાં આળોટી રહી છું, અને હૃદયના કરુણ વિલાપ કરી રહી છું કે,- 'બીજાની સંપત્તિનો વિનાશ સર્જનારા કોણ નિર્દય આ મારા પ્રિયનો સર્વનાશ કરી નાખ્યો ? મહિલાના પ્રાણસમા પ્રિયને મારી નાખતાં એને કશી અરેરાટી ન થઈ ? પ્રિય જીવંત હોય તો મહિલાને બધી વાતે સુખ છે, ને એ મરી જતાં બધા સુખનો અંત આવી જાય છે,'

'હે મારા નાથ ! તમે આ મારું દુઃખ તો જુઓ. તમારો વિરહ પડતાં તો હું એવા ચિંતા-સંતાપમાં સળગી રહી છું કે મને પદ્મસરોવરની ઠંડી રેતીમાં પણ ઠંડક નથી મળતી. હે પ્રિય ! તો શું હવે તમે મને પ્રેમથી નહિ જુઓ ? મારા પ્રાણ ! એક વાર તો મને તમારી પ્રેમાળ ચક્ષુથી નિહાળો ? શું મારે હવે પ્રિયના વિયોગમાં હંમેશાં બળ્યા કરવાનું રહેશે ?'... આમ કરુણ કલ્પાંત કરતી મારા પ્રિયના શરીર પર દુઃખની મારી ચંચુપાત કરી રહી હતી, હાય હાય કરતી માથા પછાડી રહી હતી.

વિચારવા જેવું છે,-

**દુન્યવી રાગના અંજામ કેવા કરુણ આવે છે !**

શું તમને નથી લાગતું કે જો રાગના અંતે આવા કરુણ કલ્પાંત કરવાના હોય, તો બહેતર છે કે એવા રાગ એવા મમત્વ નહિ કરવા ? એ પણ જોવા જેવું છે કે શું રાગ માણસને જ કરતા આવડે છે ? કે અબૂઝ પંખેરાને પણ આવડે ? એ

સૂચવે છે કે આ સંસારમાં જીવને અનંત અનંત કાળના રાગના અભ્યાસ છે. બધી જ ગતિઓમાં પૂર્વરાગના સંસ્કારોથી નવી નવી રાગની પ્રવૃત્તિ થયે જાય છે, અને એથી રાગ-સંસ્કારો દૃઢ દૃઢતર થતા રહે છે. હવે અહીં જો અજ્ઞાન અબૂઝ તિર્યંચો કે અનાર્ય મનુષ્યોની જેમ પૂર્વ સંસ્કારવશ રાગની પ્રવૃત્તિઓ વિનાસંકોચ કર્યે જ જઈએ, કર્યે જ જઈએ, તો રાગમાં કદીય ઓછપ થવાની ? ના, નહિ થવાની. એ તો તો જ થાય કે રાગની પ્રવૃત્તિઓ પર કાપ મૂકતા જઈએ, ને વિવિધ ત્યાગના નિયમો કરતા જઈએ. બાકી રાગ-સંસ્કારોના કેવા કેવા અનર્થ નીપજે છે કે અહીંથી સાથે લીધેલ રાગસંસ્કાર ભવિષ્યમાં પણ તેવા પ્રસંગ આવ્યે જુનું પુરાણું યાદ આવીને ય દુઃખ કરાવે છે. બેનોમાં આ દેખાય છે. સગામાં કોઈનું મૃત્યુ થાય ત્યારે લોકોચારમાં જશે ત્યાં વર્તમાનના મૃત્યુપ્રસંગ પર જુનો પ્રિય સ્વજનનો મૃત્યુપ્રસંગ મનમાં યાદ લાવી રોશે. આમાં કેવુંક ઊંધું વેતરણ છે ? વાત બનવાકાળ બની ગઈ, હવે એ જાતે યાદ કરી જાતે જ દુઃખી થવાનું ને ? શું એવું ભૂતકાળનું યાદ કરીને મરનારનું ભલું કરાય છે ? શું એથી મનનું શુદ્ધિકરણ થાય છે ? મનનું શું સત્ત્વ વધે છે ? આમાંનું કશું જ નહિ. પછી શી જરૂર યાદ કરવાની ?

ચકોરી ચકોરના અકાળ મૃત્યુ પર રડી રહી છે. શું એથી ચકોર પાછો આવવાનો ? ના, તો પોતાના મનને શાંતિ રહેવાની ? ના; તો પછી રુદન શું કામ કરશે ? ખરું તો આ વિચારવા જેવું છે,-

જીવનું ધાર્યું શું થાય છે ? ને નહિ ધારેલું શું નથી આવી પડતું ? સુખના કરેલા પુરુષાર્થ જ દુઃખ માટે થાય છે. ચકોર સુખ માટે ઊડી જતો હતો, એમાં જ આ બાણના પ્રહારનો ભોગ બન્યો ! માટે તો જ્ઞાની ભગવંતો કહે છે.

**'मोहान्धत्वात् अदृष्ट-गुणदोषः ।**
**यां यां करोति चेष्टां तया तया दुःखमादत्ते ॥'**

અર્થાત્, જીવ મોહથી અંધ બનેલો હોવાથી, 'પ્રવૃત્તિના શા લાભ થશે ? કે નુકશાન ?' એ એને ધ્યાનમાં જ નથી હોતું. તેથી જે જે પ્રવૃત્તિ સુખના માટે કરે છે એનાથી જ એ દુઃખ પામે છે. ચકોરની સુખ માટે ઊડવાની પ્રવૃત્તિએ જ બાણે વીંધાવાનું દુઃખ આણ્યું. આમાં ખૂબી પાછી એ કે પારધિએ પક્ષીને વીંધવાનું મુદ્દલે ય ધાર્યું નહોતું, છતાં સુખ માટે ઊડતું પંખી જ વીંધાયું. માણસ અભિમાનથી સુખના ફાંફા મારે એ નકામા છે.

**મીઠાઈથી શક્તિ મળે ? :-**

માણસ મીઠાઈ ખાવા જાય સુખ માટે, પણ એનાથી જ પેટ દુઃખવા આવી જાય છે. કદાચ આરોગ્ય સારું હોય, પેટ ન દુઃખવા આવે, પરંતુ હોજરી બહુ



સાકર ખાવાથી દૂબળી તો પડતી જ જાય છે; તેથી જતે દહાડે પાચન મંદ પડી જાય છે, અશક્તિ આવી જાય છે. એમાં ય જીવની મૂઢતા કેવી કે આ ગુણ-દોષની ગમ નહિ, તેથી માને છે કે 'લાવ, થોડી મીઠાઈ લઉં, શક્તિ આવે.' પરિણામ ? પાચન મંદ પડતાં પડતાં જિંદગી ટુંકાવી નાખે છે, ને જિંદગીના પાછલા વરસો રોઈ રોઈને પૂરા કરે છે.

**મોહ-મૂઢતાથી સુખના માટે કરેલા પુરુષાર્થ દુઃખ માટે થાય છે.**

**રાવણ ઠગાય છે :-**

રાવણ જબ્બર શરીરબળ અને મોટા લાવલશ્કરના ભરોસે ચંદ્રહાસ ખડગ ઉગામી વાલિ રાજા પર ત્રાટક્યો ! પરંતુ વાલિ રાજાએ ડાબે હાથે એનો ખડગવાળો હાથ પકડી ઊંચકીને છત્રીના ડાંડાની જેમ પોતાની બગલમાં દાબી લીધો ! ને આકાશગામિની વિદ્યાથી આખા જંબૂદ્વીપને રોન લગાવી, લાવીને યુદ્ધભૂમિ પર પાછો એને ખડો કરી દીધો ! શું માન રહ્યું રાવણનું ? અહીં મજાલ હતી કે મોં ઊંચું કરી શકે ? વાલિના પગમાં પડી જવું પડ્યું; કેમકે એ જુએ છે કે 'આમ તો વાલિ એને અહીં જ શા માટે છોડી દે ? સીધો લોખંડી જેલના સળિયા પાછળ જ જિંદગીભર સડવા મૂકી દે ! પણ એ સમય નથી આવ્યો ત્યાંસુધીમાં પગે પડી જવા દે.'' રાવણ વાલિના પગે પડીને માફી માગે છે. રાવણની મદદે આવેલા સેંકડો રાજાઓ અને લાખોના લશ્કરના દેખતાં જ આ બને, ત્યાં માંધાતા રાવણનું માન શું રહ્યું ?

**વિજય માટેના કરેલા પુરુષાર્થથી જ રાવણની નાલેશી થઈ.** મોહની અંધતાથી અદૃષ્ટ ગુણદોષ-પ્રવૃત્તિમાં લાભ થશે કે નુકશાન ? એ ધ્યાનમાં જ ન લે. નહિતર અહીં રાવણ પહેલેથી જ વિચારી શકત કે 'એ સંભવિત છે કે જ્યારે વાલિ આજ્ઞામાં આવવાની ના પાડે છે, અને મિત્રાચારીનો સંબંધ રાખવા ખુશી બતાવે છે, તો એની પાછળ જરૂર વાલિ પાસે કોઈ બળ હોવું જોઈએ. એ હોય તો મારી આ એની પર ચઢાઈ કરવાની પ્રવૃત્તિ સફળ ન થાય'- આ પ્રવૃત્તિનો દોષ રાવણના ખ્યાલમાં જ ન આવ્યો, નાલેશી થઈ, હવે શું કરે ? રાંડ્યા પછી ડહાપણ આવે એ શું કરે ?

રાવણ વાલિની ક્ષમા માગતાં કહે છે, 'પ્રભુ ! મેં પહેલાં તમારા બળને જાણ્યું નહિ ને આ સાહસ કર્યું. મને ક્ષમા આપો.'

વાલિ કહે છે, 'ભલા આદમી ! આ તું ચંદ્રહાસ ખડગ મળ્યાના પુણ્યના ભરોસે ચાલ્યો એમાં ઠગાયો.

**પુણ્યના ભરોસા ખોટા.** પરંતુ હું તને શું શિખામણ આપું ? હું પણ હજી આયુષ્ય, બળ, ને રાજ્યસંપત્તિના પુણ્યના ભરોસે જ બેઠો રહ્યો છું. હું પણ એક

દિ' ઠગાવાનો. એવું ઠગાવાનું આવે એ પહેલાં ચેતી જવું સારું. તેથી હું સંસારત્યાગ કરું છું. નાના ભાઈ સુગ્રીવને રાજ્ય સોંપું છું, ને એને તારી આજ્ઞામાં રહેવા હુકમ કરું છું.'-

વાત આ હતી, કર્મસત્તા અને ભવિતવ્યતા કેવી કેવી અણધારી ઘટનાઓ સરજે છે ! રાવણને અણધારી ભારે નાલેશીભરી હાર મળી. ચકોર પર અણધારી જીવલેણ આફત આવી. ભવિતવ્યતા કેવી કે પેલાનું બાણનું છોડવું, ને એ જ વખતે ઊડતા જવું ને વીંધાઈ જવું. પૂછો, 'બીજા કોઈ પંખીને નહિ, ને આને ?'

હા, આનાં કર્મ પાક્યા.

પણ આ રીતે ?

હા, એનું જ નામ ભવિતવ્યતા.

ત્યારે પારધિના હાથી તરફ તકાયેલા બાણથી હાથી બચી ગયો એ પણ ભવિતવ્યતાએ બચી ગયો, અને શુભકર્મના ઉદયે બચી ગયો. બાકી હાથીનો બચવાનો પુરુષાર્થ ક્યાં હતો ? એ તો નિશાનબાજ પારધિના બાણના નિશાન તરીકે તકાઈ જ ગયો હતો, જેની હાથીને કશી ખબર જ નહોતી. છતાં એ બચી ગયો, અને પારધિના જે લક્ષ્ય તરીકે જ નહિ, એ ચક્રવાક બાણથી ઝડપાઈ ગયું !

આ પરથી એમ લાગે કે કેમ જાણે આ બધું ગોઠવાઈ ગયું હતું. પરંતુ કોઈ ગોઠવવા આવતું નથી, કર્મસત્તા, ભવિતવ્યતા, વગેરે તત્ત્વો જ કામ કરે છે.

**કરંડિયાના સાપને ભક્ષ્ય પ્રાપ્તિ ભવિતવ્યતાથી :-**

ફળના કરંડિયામાં સાપ પૂરેલો હતો. સાપ ભૂખ્યોડાંસ; પણ ત્યાં શું ખાવા મળે ? એને લાગતું હતું કે આમ જ અંદર પૂરાયા ભૂખ્યા ભૂખ્યા મરી જવું પડશે. એમાં બહારમાં એક ભૂખ્યો ઉંદર ફળની ગંધથી ખાવા આવ્યો. એને લાગ્યું કે 'આજ તો ઘી કેળા થશે કેમકે કરંડિયો કોચીને અંદર પેસી નિરાંતે ફળ ખાઉં તો કોઈ રોકનાર દેખાતું નથી.' બંનેમાં કોનું ધાર્યું થાય એવું છે ? ઊંદરડો કરંડિયો કોચવા મંડ્યો. પછી ખૂબી એ થઈ કે ઉંદરડે કરંડિયાની બહારમાં એ જ જગાએ કોચવા માંડ્યું કે જ્યાં અંદરમાં સાપનું મોઢું હતું. આ કોણે ગોઠવી મૂક્યું ? ભવિતવ્યતા જ એવી કે એ આ બધું અમુક ચોક્કસ પ્રકારનું ગોઠવી દે; અલબત એમાં સાપ અને ઉંદરના શુભ-અશુભ કર્મ કામ કરી જાય.

**શુભાશુભ કર્મે સાપને ભક્ષ્ય મળી જાય, અને ઉંદરને કરપીણ મોત મળે; પરંતુ એ શુભાશુભ કર્મ આ જ રીતે કામ કરી જાય એમાં ભવિતવ્યતાનું નિયોજન છે.**

એણે ઊંદરને અહીં લાવી મૂક્યો, જ્યાં એને ભયંકર મોતની વેદનાના અશુભ કર્મ ઉદય પામી જવાના ! ઉંદરે કરંડિયો કોચીને કાણું પાડ્યું, તે એવી જગાએ કે જ્યાં



સાપનું મોઢું છે. ઉંદરને ફળની સરસ સોડમ અને ખાવાના લોભમાં જોવા ફુરસદ ન રહી કે અંદર કોણ છે ? તે એ તો કાણામાંથી સીધો સાપના ફાડેલા મોંમાં જ દાખલ થઈ ગયો. કેમ જાણે સાપની ઉપર વહાલ ઊભરાયું,- 'લે ભાઈલા ! તું ભૂખ્યો છે ને ? હું આ તારા મોંઢામાં જ સીધો આવું છું !' વહાલ કાંઈ નહિ કવિકલ્પના છે. કલ્પના એટલા માટે કે જેમ વહાલ-વાત્સલ્યથી કોઈનું કામ કરીએ એ બીજા ત્રીજા વિચાર વિના સહેજે. અને ઝટપટ થાય છે, એ રીતે આ ઉંદર આફતના કશા વિચાર વિના સહજભાવે અને ઝટપટ સાપના મોંમાં પેસી ગયો.

ઉંદર ત્રાસથી મર્યો ! અને સાપ પેટ ભરીને એજ કાણામાંથી બહાર નીકળી ચાલી ગયો ! સાપને ભક્ષ્ય અને મુક્તિ, બેવડો લાભ !

તરંગવતી કહી રહી છે 'સારસિકા ! તને શું કહું મારા દુઃખની વાત ? મારો પ્રિય ચકોર બિચારો બાણે વીંધાયો બાણ સાથે પાણી પર પડ્યો ને કારમી વેદનાથી એ જોતાં હું પણ બેભાન થઈ પડી પાણી પર, પાણીની ઠંડકથી જરાક વારમાં ભાન આવતાં ભારે કંપવા લાગી, પ્રિયને બચાવી લેવા ફાંફા મારતી મેં ચાંચ વડે બાણને ખેંચવા માંડ્યું પણ બાણ એમ શરીરમાં ખૂંચેલું શાનું નીકળે ? પરંતુ બાણને ખેંચવામાં બાણ સાથે મારો પ્રિય પાણીને કિનારે ખેંચાઈ આવ્યો. ત્યાં હું વલખા મારતી માથાપછાડ કરી રહી હતી એ જોતાં લાગે કે,

જીવ શા સારું પ્રેમમાં પાગલ થતો હશે જેના અંતે જીવને આવા માથાપછાડ દુઃખ કરવાના આવે ? ખૂબી તો એ કે સામા પ્રેમપાત્ર પર ગમે તેટલો પ્રેમ-રાગ-લાગણી આમ માથાપછાડ કષ્ટથી વ્યક્ત કરે, પરંતુ એનું કશું ઊપજતું તો છે નહિ. સામાને કશી શાતા નથી આપી શકતો, ને નથી એને બચાવી શકતો.

**પ્રિય પર આફત અંગે લાગણી-પ્રદર્શન પણ ક્યાં સુધી ? પોતાના પર બીજી આફત ન આવે ત્યાં સુધી !**

મારે એવું જ બન્યું. મારો પ્રિય વીંધાયો એ જોઈ પેલો પારધિ યુવાન ત્યાં દોડતો આવ્યો. પારધિની કાયા જોઈ હોય તો જાણે મોટા રાક્ષસની કાયા ! કાળા શીશમ જેવી અને મોં વાઘના જેવું વિકરાળ ! એમાં આંખો ભારે ભયાનક એવી કે એ જોતાં જ મારા તો હોંશકોશ ઊડી ગયા. હું ગભરાઈ, મને થયું કે હાય ! આ નિર્દય શું કરશે ? મને હાથમાં પકડી મસળી તો નહિ નાખે ?' સ્વાર્થની માયા કેવી છે ! પોતાના પર આફતના ભયની લાગણીએ હું આકાશમાં ઊડી ત્યાં જ ગોળ ગોળ ભમવા લાગી; જોઉં છું પારધી યુવાન શું કરે છે... તો સારસિકા ! શું એ યુવાન ત્યાં નિર્દયતાથી આવ્યો હતો ? ના,

**કઠોર માણસના ય દિલના ખૂણામાં ક્યાંક કોમળતા હોય છે.** એ મને ત્યાં

જોવા મળ્યું. આમે ય એમ તો બીજા પ્રાણીઓ પ્રત્યે ભયંકર ક્રૂર વાઘ-વાઘણમાં ય પોતાના બચ્ચા તરફ ક્યાં કોમળતા નથી હોતી ? પરંતુ પારકા પર કોમળતા આવે એ નવાઈ છે. પારધીમાં ચકોર પ્રત્યે એ કોમળતા આવી કે 'હાય ! મેં તો હાથીનો શિકાર ધારેલો, એમાં આ બિચારા પંખેરાનો ક્યાં શિકાર થઈ ગયો ! એમાં વળી એણે જ મારો (ચકોરીનો) કલ્પાંત અને માથાપછાડ દૂરથી જોયો હશે, તેથી એની લાગણી વધારે ઉત્તેજિત થઈ ગઈ...

**શિકારી પારધીની ચકોર પ્રત્યે કૂણી લાગણી :-**

આ રીતે એણે મારા પ્રિય ચકોરનું શરીર હાથમાં લઈ બહુ સાચવીને એમાંથી બાણ ખેંચી કાઢ્યું. પછી જુએ છે તો ચકોરમાં પ્રાણ રહ્યા નથી, તેથી એ પારધીએ કેમ જાણે 'પોતાના અપરાધના પ્રાયશ્ચિત્તરૂપે કમમાં કમ કાંઈક કરવું' એમ વિચારી ચકોરના મૃત શરીરનો અગ્નિસંસ્કાર કરવા એ લાકડા લેવા ઉપડ્યો.

તરંગવતી કહે છે 'હે સારસિકા ! હું મારા પ્રિયના દેહ પર ભારે કલ્પાંત કરી રહી હતી. આ કલ્પાંતનો પાર નહોતો એટલામાં પેલો પારધી કાષ્ઠ લઈને આવ્યો. કાષ્ઠની ચિતા ગોઠવી, અને એના પર મારા પ્રિયનું શરીર ગોઠવ્યું એના પર બીજા કાષ્ઠ મૂક્યા, અને કાષ્ઠની પાસે એના બાણને પત્થર પર ઘસીને અગ્નિ-તણખા પ્રગટાવી કાષ્ઠ સળગાવ્યા. હું જે મારા પ્રિયના શરીર પર ચાંચો લગાડી એને બોલાવવા મથતી હતી, એ પારધીના ત્યાં આવતાં જ ઊડી આકાશમાં ચારે બાજુ ઘુમવા લાગેલી. ઘુમતી જોતી હતી કે આ શું કરે છે એમાં જ્યાં ભડભડતો અગ્નિ અને એની અંદર મારા પ્રિય ચકોરનું શરીર બળતું દેખવા લાગી ત્યાં મારા મનને ભારે દુઃખ-ઉદ્વેગભર્યો કલ્પાંત શરૂ થઈ ગયો, મને થયું,-

'અરેરે પ્રિય ! આ હું શું જોઈ રહી છું ? તમે બળો છો એ મારે જોવાનું આવ્યું, એ પહેલાં મને કેમ બાળી ન મૂકી ? તમારા ગાત્ર બળતા જોઈને તો મારા ગાત્ર બળવા લાગ્યા છે. અમારે સ્ત્રીઓને તો એકમાત્ર પ્રિયનો આધાર હોય છે, તે તમે બળી મરો પછી શું મારે આધાર વિના જીવવાનું ? અને તમારા વિયોગે જીવનભર એક સંતાપની આગમાં સદા બળતા રહેવાની કારમી પીડા જીવનભર સહવાની ? એના કરતાં તો આ આગમાં બળી મરવાની પીડા વિસાતમાં નથી; ક્ષણભરની પીડા છે. તો લાવ તમારી હારોહાર બળી જ જવા દે. મારા પ્રિયના બળવાની સાથે મારે બળવામાં તો કલેજે ઠંડક રહેશે કે હાશ ! મને પ્રિયની સાથે બળવાનું મળ્યું.' એમ કરી મેં ભડભડતી આગમાં ઝુકાવ્યું.

સારસિકા ! મારા અંગેઅંગ ભડકે બળતા હતા, પણ મારી સાથે બળતા પ્રિયની હુંફ એવી હતી કે મને કલેજે બળતરા નહિ, પણ ઠંડક હતી.'



**રાગના લીધે બળવામાં પણ ઠંડક :-**

જગતમાં મોહ રાગ શું કામ કરે છે, એ અહીં દેખાય છે. અગ્નિની ભડભડતી જ્વાળાઓમાં બળવાનું પણ હૈયાને બાળતું નથી, ઠંડક આપે છે ! કારણ પ્રિય પર ભારે રાગ. ત્યારે આ પરથી સમજી શકાય છે કે કમઠના કાષ્ઠમાંથી અડધોપડધો બળેલો સાપ પાર્શ્વકુમારે બહાર કઢાવી સેવકના મુખે એને નવકાર આપ્યો, ત્યારે એ સાપે અગ્નિએ બળ્યાની વેદના શી રીતે ભૂલીને કલેજે ઠંડક અનુભવી હશે ? શી રીતે ઠંડકથી નવકારપદના શ્રવણમાં અને પાર્શ્વકુમારની મુખમુદ્રાનાં દર્શનમાં લીન થઈ ગયો હશે ? એવી ઠંડકથી શ્રવણ-દર્શન કર્યા હશે તો જ ત્યાંથી મરીને ધરણેન્દ્ર થયો હશે ને ? ઠંડકને બદલે જો હૈયે બળ્યાની લાયનો સંતાપ હોત કે 'હાય ! કેટલી બધી બળતરા ! કેટલી બધી વેદના !' તો તો એ આર્તધ્યાનમાં હોત; ને આર્તધ્યાનમાં કાંઈ ઈંદ્રપણાનું દેવગતિનું આયુષ્ય ન બંધાય. **આર્તધ્યાનમાં તો તિર્યંચગતિના પાપ બંધાય.**

એ તો ઊંચું શુભધ્યાન આવેલું તો જ ઈંદ્રપણાનું પુણ્ય ઊભું થયું, અને ભવનપતિ-નાગલોકના ઈંદ્ર ધરણેન્દ્ર બન્યા ! એ ઊંચું શુભધ્યાન શાના પ્રભાવે ? કહો, અગ્નિદાહની બળતરા ભૂલી નવકારશ્રવણ અને પ્રભુમુખ-દર્શનની ઠંડક એવી અનુભવી કે આ ઠંડકમાં પેલી બળતરા સદંતર ભૂલાઈ ગઈ ! ભૂલાઈ તે એવી કે એનો કશો સંતાપ-હાયકારો રહ્યો નહિ. બસ આપણે જોવાનું આ છે કે જેમ કમઠને સાપ શરીર 'બળુ બળુની સ્થિતિમાં નવકારના અક્ષરો પર અને પ્રેમ કરુણાભર્યા પ્રભુમુખ પર ઠર્યો, એમ **આપણે બિમારીમાં તો નહિ, કિન્તુ સારી સ્થિતિમાં ય નવકાર અને પ્રભુમુખ-દર્શનમાં ઠરીએ છીએ ?**

**નવકારમાં ઠરવાનો ઉપાય :-**

સાપને તો નવકારના અર્થ કે નવકારના મહિમાની કશી ખબર નહિ, છતાં એમાં ભારે ઠર્યો ! ત્યારે આપણે તો નવકારની અને પ્રભુની ઓળખનો દાવો રાખીએ છીએ તો પછી કેમ ઠરતા નથી ?

કહો, સાપને બળતી સ્થિતિમાં આશ્વાસન લાગ્યું કે 'અહો ! મને કોઈક પ્રેમથી દયાથી કાંઈક સંભળાવે છે ! મારા પર કોઈક પ્રેમ અને દયાભરી દૃષ્ટિથી જુએ છે !' એ આશ્વાસનથી એનું ચિત્ત નવકારશ્રવણ ને પ્રભુમુખ-દર્શનમાં ઠર્યું. એમ આપણને આ આશ્વાસન લાગે કે 'અહો ! આ નવકારના અક્ષર જ્ઞાનીઓએ કેટલા બધા પ્રેમથી અને કેટલી બધી દયાથી સંભળાવેલા છે ! જ્ઞાનીઓએ જ્યારે એટલી બધી દયા અને પ્રેમથી આ અક્ષરો સંભળાવ્યા ત્યારે આ નવકારના અક્ષરો કેટલા બધા પ્રભાવવંતા હશે !' એમ આપણને અદ્ભુતતા લાગે.

કમઠનો સાપ અગ્નિની શેકામણથી બળતો હતો એમ આપણે કેટલીય વાતોથી ચિંતા અને સંતાપોથી બળી રહ્યા છીએ, એ ભાવ મન પર લાવીએ, તો એમાં પ્રભુની આ દયા અને પ્રેમથી ઉચ્ચારાયેલા અને પ્રભાવવંતા નવકારના અક્ષરો પર આપણે ઓવારી જઈએ ! એમાં ઠંડકથી ઠરીએ. આવું માત્ર નવકારમાં જ નહિ, પણ શાસ્ત્રના વાંચન-શ્રવણમાં ઠંડકથી ઠરવાનો અનુભવ કરવાનો.

ગૌતમ મહારાજ સ્વયં દ્વાદશાંગી આગમોના રચયિતા હતા, એટલા બધા એ મહાજ્ઞાની હતા ! છતાં મહાવીરસ્વામી ભગવાનના વચન વિસ્મિત હૃદયે લય-લીનતાથી સાંભળતા હતા. શું પ્રભુના કથનના પદાર્થને જાણતા નહોતા ? જાણતા જ હતા; છતાં કેમ આશ્ચર્ય ? ને કેમ ઓવારી જવાનું ? એટલા માટે કે એમને આ લાગતું કે 'અહો ! પ્રભુ કેટલી બધી દયા અને કેટલા બધા પ્રેમથી આ કહી રહ્યા છે !'

ભારે બિમારીની અસ્વસ્થતામાં કોઈ બહુ પ્રેમ લાગણી અને ગદ્ગદતાથી નવકાર સંભળાવે, જાણીતા સ્તવન-સજ્ઝાય સંભળાવે, ત્યાં આપણને ક્યાં એમ લાગે છે કે 'આ તો મેં સાંભળેલું છે ?' ત્યાં તો ભાવથી સંભળાય છે. એમ,

**આપણને આપણી કર્મ-પીડિતતાની ભારે અસ્વસ્થતા થાય, તો બહુ પ્રેમ-લાગણીથી સંભળાવાતા એના એ શાસ્ત્ર-અક્ષર ને શાસ્ત્ર-વાતો વિસ્મયથી સાંભળીએ.**

'ભવપાર કરી ગયેલા પરમપુરુષ પણ જ્યારે અમારા જેવા કર્મ-પીડિત જીવો પર દયા અને પ્રેમથી કહે છે, તો એમાં અમારું મહાન હિત સમાયેલું છે,'- આમ જો જ્ઞાનીઓની દયા અને પ્રેમની આપણે કદર કરીએ તો આપણને એ વચનોમાં ચમત્કાર દેખાય, પછી ભલે એ વારંવાર બોલવા-સાંભળવામાં આવે...

મોટા મોટા મેઘકુમાર મુનિ, શાલિભદ્ર મુનિ, જંબૂકુમાર મુનિ જિનાગમોનાં શ્રવણ અને પારાયણમાં એ પ્રમાણે પ્રભુની અપરંપાર દયા અને પ્રેમ દેખીને એ પારાયણમાં એ સ્વાધ્યાયમાં ભાવતરબોળ રહેતા; તેથી એવો ભરચક આનંદ એ અનુભવતા કે એ આનંદના લીધે સ્વાધ્યાયની સાથે સાથે કરતા ત્યાગ અને તપસ્યામાં એમને કશું કષ્ટરૂપ લાગતું નહોતું; અને આ સ્વાધ્યાય-સંયમ-ત્યાગ તપસ્યામાં આડાઅવળા કોઈ પણ વિચારો વિના દિવસ ક્યાં પસાર થઈ રહ્યા છે, એની એમને ખબર પડતી નહોતી.

**શાસ્ત્ર સ્વાધ્યાય આશ્વાસન માટે :-**

આ પરથી સમજાશે કે જ્ઞાની ભગવંતો શાસ્ત્ર-સ્વાધ્યાય પર કેમ એટલો બધો ભાર આપે છે ? એટલા જ માટે કે એમાં આપણને આશ્વાસન મળે છે. આપણને એમ થાય કે 'જ્ઞાનીઓ વડે આ શાસ્ત્ર-અક્ષરો શાસ્ત્રવચનો આપણા



જેવા કર્મ-પીડિત પામર જીવો પરની કેટલી બધી અથાગ દયા અને પ્રેમથી ઉચ્ચારેલા છે !' માટે એમની એ દયા અને પ્રેમ જોઈ આશ્વાસન લઈએ કે 'વાહ ! જ્ઞાની પોતે તો તરી ગયેલા અને કૃતકૃત્ય બનેલા; છતાં હેં ? અમારા પર આટલી બધી દયા અમારા પર આટલો બધો પ્રેમ !'

સાપને શું હતું ? આમ તો એને પોતાને નવકારની કશી ગતાગમ નહોતી; તેમજ એને નવકાર સંભળાવતા પહેલાં નવકારનો કશો મહિમા ય સંભળાવ્યો નહોતો; છતાં એણે જોયું કે 'અહો ! મને આ બળેલી સ્થિતિમાં આ બહુ પ્રેમ અને લાગણીથી કાંઈક સંભળાવે છે ? તો લાવ, ધ્યાનથી સાંભળવા દે.' એમ કરી શરીરમાંની ભારે બળતરા ભૂલી જઈ નવકારના બોલાતા પદ પર ઠરી જઈને સાંભળવા લાગ્યો !...

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૩,અંક-૪૭,તા.૨૪-૮-૧૯૮૫**

વળી સાથે પ્રભુ પાર્શ્વકુમારનું દયા અને પ્રેમભર્યું મુખદર્શન થયું તો એમાં ય એ પ્રેમ અને દયા પર આકર્ષાયો,- 'અહો ! આ મને કેટલા બધા પ્રેમ અને દયાથી જોઈ રહ્યા છે !...' એમ કરી પ્રભુમુખનાં દર્શનમાં ઠર્યો. બસ એ રીતે આપણે રોજ પ્રભુદર્શન કરીએ ત્યાં પણ પહેલું આ દેખાય કે 'અહો આ પ્રભુ મને કેટલા બધા પ્રેમથી અને કેટલી બધી કૃપાથી જોઈ રહ્યા છે !' એમ કરી પ્રભુ પ્રત્યે આકર્ષાઈને દર્શન કરીએ.

**દર્શન એટલે શું ?**

**પ્રભુને માત્ર જોવાનું એટલું જ નહિ, કિન્તુ પ્રભુ આપણને ખૂબ પ્રેમ અને દયાથી કેવા જોઈ રહ્યા છે એ જોવાનું.**

**કહો, પ્રભુદર્શન એટલે પ્રભુ વડે કરાતા દર્શનનું દર્શન.**

એટલે હવે મંદિર જાઓ ત્યાં એકેક પ્રભુને એવી રીતે જોજો, કે 'આ પ્રભુ મને પ્રેમ ને કરુણાથી જોઈ રહ્યા છે.' એ જોઈ આ પ્રાર્થના કરજો કે 'પ્રભુ ! તમે અગણિત જીવોને પ્રેમ અને દયાથી જોઈને તાર્યા છે, તો આ એક સેવકને પણ દયા અને પ્રેમથી જુઓ, આમ જરાક ઠરીને જોઈએ એટલે એવો ભાસ થાય કે પ્રભુ હવે આપણા પર પ્રેમ-દૃષ્ટિ અને કરુણા-દૃષ્ટિ નાખી રહ્યા છે. આનું નામ 'દર્શન.'

વાત આ હતી કે પેલી ચકોરી જાતે ચાહીને ચકોરની ભડભડતી આગવાળી ચિંતામાં પડી સળગી રહી છે, પણ એને હાયકારો નથી ! કેમકે એને પ્રિયની સાથોસાથ બળવાનું મળે છે એનું હૈયે આશ્વાસન છે.

**જગતની આફતોમાં ચિત્તને આમ સ્વસ્થ રાખી શકાય છે, માત્ર સામે પ્રબળ આશ્વાસન જોઈએ.**

ખંધકમુનિ વગેરેને આ આશ્વાસન હતું કે 'આ ચામડી ઉખેડનારા-ઉખેડાવનારા મારા કર્મોને કેવા ખલાસ કરી રહ્યા છે ! મારા પરમ ઉપકારી છે.'

તરંગવતી સાધ્વીજી પેલી શેઠાણીને કહી રહ્યા છે 'ગૃહીણી ! આ પ્રમાણે મારી સાથી સારસિકાને પૂર્વભવનું ચકોરીપણે મારા પ્રિય ચકોરની પાછળ અગ્નિમાં પડી મારું બળી મરવાનું કહેતાં કહેતાં હું મૂર્છિત થઈ ગઈ ! સંસાર દુઃખદ છે. કેમ ? ભૂતકાળનાં દુઃખ અને પ્રસંગ તો વીતી ગયા, છતાં અત્યારે ય એ યાદ કરતાં ભારે દુઃખ કરાવે છે ! ત્યારે તો તરંગવતી એમાં મૂર્ચ્છિત થઈ ગઈ. એટલાં જ માટે ધ્યાનશતક શાસ્ત્રમાં અતીતનાં પણ આર્તધ્યાનની ઓળખ કરાવી એથી બચવાનું કહ્યું. પૂછો,-

**પ્ર.- ભૂતકાળ સંબંધી આર્તધ્યાનથી શી રીતે બચાય ?**

ઉ.- ભૂતકાળને સરાસર ભૂલી જવાથી અર્થાત્ એને બિલકુલ યાદ જ નહિ કરવાથી બચાય. તે એમ વિચારીને કે વર્તમાનમાં એ વીતેલા પ્રસંગ કશા ઉપયોગી નથી, તો શા માટે એને મનમાં ઘાલું ?

ઊલટું મનમાં વર્તમાન સુખસાધન રહેવાથી જે સુખાનુભવ થતો હોય તેનો એ લોપ કરી નાખે છે. પણ જીવનું આ ગાંડપણ છે કે મનમાં બિનજરૂરી સત્તર પંદર ઘાલવા જોઈએ છે. આ ગાંડપણ અટકાવવા એક ઉપાય આ કે અરિહંત યા તત્ત્વ અંગેની ૧૭-૧૫ વસ્તુ મનમાં મમરાવવી જોઈએ દા.ત. અરિહંતના ૧૦૦૮ નામ છે એક વાર એને મોંઢે કરી લો, પછી ક્રમસર એકેક નામ લઈ એને વિચારતા ચાલો અથવા અરિહંતના સમવસરણની યા શિબિરની એકેક વસ્તુ પર મન લગાવતા જાઓ એ મનની સામે લાવતા જાઓ. આ કરવામાં મન એમાં રોકાયેલું રહે ને તેથી ફજુલ વિચારો છૂટી જાય...

ઇંદ્રભૂતિ ગૌતમે સમવસરણ અને પ્રભુને જોયા પછી એમાં મન એવું બનાવ્યું કે પૂર્વનો યજ્ઞ-બજ્ઞ બધું ભૂલાઈ ગયું.

ભરત ચક્રવર્તીએ સંયોગોની અનિત્યતામાં મન ઘાલ્યું, ત્યાં પોતાની ચક્રવર્તીપણાની સત્તા ઠકરાઈ વગેરે બધું ભૂલી ગયા, અને તો જ અનિત્યતાની ભાવનામાં ઊંડા ઊતરી ગયા ! તે ત્યાંસુધી કે જો આ નાશવંત શરીર અને નાશવંત સામગ્રીના સંયોગ પર જ અહંત્વ મમત્વ થાય છે, તો એ અહંત્વ-મમત્વનો સંયોગ પણ અનિત્ય છે તો મારે એવા અહંત્વ મમત્વ રાખવાનું શું કામ ? એમ અહંત્વ-મમત્વ મૂકી દે તો અનાસક્ત યોગમાં ચડી વીતરાગ સર્વજ્ઞ બની ગયા...



તરંગવતી મૂર્છિત થઈ ગઈ એટલે દાસી સમજી ગઈ કે આના દિલમાં પ્રિયના વિયોગનું દુઃખ વધી જવાથી આ મૂર્ચ્છા આવી ગઈ છે એટલે તરત તો એણે ઠંડો પવન ને પાણીના છાંટણાં નાખ્યા એટલે તરંગવતી ભાનમાં આવી હૃદય પ્રિયના રાગ અને વિયોગવશ ક્ષુબ્ધ થઈ ગયું છે તેથી એ રુદન કરવા લાગી.

દાસી કહે 'સ્વામિની ! રુએ શા માટે ? બનવાની વસ્તુ બની ગઈ, હવે તો આખો જનમ પલટાઈ ગયો. પછી પૂર્વનું યાદ કરી કરી રોવાનું હોય ?'

તરંગવતી કહે 'ભલે જનમ પલટાઈ ગયો, પણ મારો આત્મા તો એનો એ ઊભો જ છે ને ? એ પોતાના પ્રિયને શી રીતે વીસારી શકે ? અને પ્રિય હવે છે નહિ, તેથી શોક સિવાય બીજું શું કરવાનું હોય ?'

સખી કહે 'સ્વામિની ! ધીરજ રાખો, કદાચ એ તમારો પ્રિય અહીં જન્મી ગયો હશે, તો સંભવ છે એનો તમને યોગ મળશે.'

તરંગવતી આ સાંભળી ખુશી થઈ. એને આશા બંધાણી કે 'સંભવિત છે એ મનુષ્યરૂપે મને અહીં મળે.' એ આશા-આશ્વાસનમાં દુઃખ-શોક મંદ પડી ગયા.

એ સખીને કહે છે,-

'તો જો સારસિકા ! જો એ પ્રિય મને આ જનમમાં મળશે તો જ મારે આ સંસારના ભોગોની ઇચ્છા છે, ને તે પ્રિય માટે હું સાત વરસ રાહ જોઈશ. નહિતર પછી મોક્ષના સાર્થવાહ શ્રી જિનેશ્વર ભગવાને જે મોક્ષમાર્ગ બતાવ્યો છે, તે ચારિત્રમાર્ગે હું ચડી જઈશ, અને એ એવી રીતે પાળીશ કે જેથી મારા આત્માપરથી સંસારના સંબંધનો અંત જ આવી જાય ! કેમકે,

**સંસારના ફાંસલામાં તો પ્રિયના સંયોગ સહેજે થાય; અને એ થાય એટલે પાછળ પ્રિયના વિયોગ નિશ્ચિત છે,** જે ફરીથી પાછા દુઃખના ડુંગર ઊભા કરે છે માટે હું શ્રમણપણું જ આદરીશ.

**શ્રમણપણું યાને ચારિત્ર પાળવું એટલે તો અવ્યાબાધ સુખના પર્વત પર ચડવા જેવું છે.**

જેના અંતે અક્ષય અવ્યાબાધ સુખ નિશ્ચિત છે; અને એથી જન્મ-મરણાદિ સમસ્ત દુઃખોનું વિરેચન થઈ જાય છે. દુઃખો જાય તે હંમેશ માટે જાય...

તરંગવતી સાધ્વીજીના આ બોલ સાંભળતાં શેઠાણી સ્તબ્ધ થઈ જાય છે. એના મનને થાય છે કે સાધ્વીજીનો કેવો જબરદસ્ત વિવેક ! ૭ વર્ષ રાહ જોયા પછી નિષ્ફળતામાં બીજો પતિ કરવાનો નહિ, પણ આખો સંસારત્યાગ અલબત્ત હજી પ્રિયના રાગવશ સંસારવાસના બેઠી છે, છતાં જો પૂર્વ પ્રિય ન મળે, તો બીજા કોઈને પ્રિય કરવાની અને સંસારમાં મહાલવાની લેશ પણ ઇચ્છા નથી !

અહીં પ્રશ્ન થાય,-

**પ્ર.**- તરંગવતી જો સંસારવાસને દુઃખદ માને છે, અને પૂર્વપ્રિય સિવાય બીજા કોઈને પોતાના પ્રિય બનાવી સંસારમાં મહાલવા ઇચ્છતી નથી, તો પછી પૂર્વ જન્મના પ્રિય ચકોરને પણ અહીં કેમ પ્રિય કરવા ઇચ્છે છે ?

**ઉ.**- એજ મોહનીય કર્મની પ્રબળતા સૂચવે છે. તીર્થંકર ભગવાન જેવા જનમથી મહાવિરાગી ! એમનું આખું ય ગૃહસ્થજીવન મહાવૈરાગ્યથી ઝળકતું ચમકતું, તે રાજાશાહી ખાનપાન વસ્ત્રાલંકાર અને સુખની ઉચ્ચ સામગ્રી છતાં બીજા પામર પ્રાણીની જેમ એમાં, તળાવડામાં ભેંસની જેમ, ઠરીને નિરાંતે બેસતા નથી. વિષયના કીચડમાં લીન-લંપટ બનતા નથી, પરંતુ જળકમળવત્ નિર્લેપ અલિપ્ત રહે છે. કુટુંબીઓએ એમને સારું સારું ખવડાવવા-પીવડાવવા-પહેરાવવા મનામણાં કરવા પડે છે. આવા મહાન વિરાગી ભગવાન પણ લગ્ન કેમ કરે છે ? કહો, મોહનીય કર્મની બળવત્તાને લીધે. અલબત આ મોહનીય તે નિકાચિત રાગમોહનીય કર્મ, એનાં દળિયા એવા ખંધા કે એ મહાવૈરાગ્યથી પણ તુટે નહિ ! એ તો ઉદયમાં આવી પોતાનો ભાવ ભજવે જ. જીવ પાસે જડ વિષયોના રાગની પ્રવૃત્તિ કરાવે જ; પરંતુ સાથે દર્શનમોહનીય કર્મ એવું નબળું પડી ગયેલું છે કે એ જીવને વિષયોમાં અંધ-મોહિત-ભાનભૂલો ન કરે, હેયતાનું ભાન ન વીસરાવે; રાગમોહનીય કર્મ જડ વિષયો પર રાગ અને રાગની પ્રવૃત્તિ કરાવે કિન્તુ સાથે દર્શનમોહનીયનો ક્ષયોપશમ એમાં ત્યાજ્યતાનું ભાન જાગ્રત રખાવે; અર્થાત્ અંતરમાં મનને લાગ્યા કરે કે 'આ વિષયો વિષ સરખા છે, એનાથી જીવને કશો જ્ઞાનાદિનો લાભ નહિ, ઊલટું પાપોનો લાભ કરાવે ! માટે એ વિષયો અત્યંત ત્યાજ્ય છે.' પૂછો-

**પ્ર.**- સારું સારું ખાવાનું ખરું, ને અંતરમાં એ અતિ ત્યાજ્ય તિરસ્કરણીય લાગે એ કેમ બને ?

**ઉ.- રાગની પ્રવૃત્તિ છતાં જ્વલંત વૈરાગ્યના દાખલા જુઓ,-**

(૧) ખૂબ સારો ધંધો ચલાવનારો અને સેવા વિનયાદિ ગુણવાળો પુત્ર એકાએક અકસ્માતમાં મરી ગયો હોય તો માતા પિતાને કેવો શોક લાગે છે ? પછી એમને સંયોગવશાત્ મીઠાઈ ખાવાનો અવસર આવે, તો શું એ એમને ગમે છે ?

(૨) મોટું દેવું થઈ ગયું હોય, તો દિવાળીમાં મીઠાઈ ખાવી ગમે છે ?

(૩) ત્યારે દુશ્મનને ત્યાં ન છુટકે ભાણું માંડવાનો પ્રસંગ આવ્યો હોય તો શું એની મીઠાઈ ખાવી ગમે છે ?

(૪) નજરકેદી બનેલા રાજાને પક્વાન્ન ખાવા મળે, તો શું એમાં એ ખુશી થાય ? કે એને એના પર સૂગ તિરસ્કાર થાય ?



**એમ અહીં મેવા-મીઠાઈ આદિ સારા સારા વિષયોના ભોગવટાનું પરિણામ ભારે કર્મબંધ અને દુર્ગતિના કારમા દુઃખ આવવાનું નજર સામે તરવરે, એટલે એ મેવા મીઠાઈ આદિ પર પ્રેમ નહિ. સૂગ જ થાય;** એ સ્વાભાવિક છે. તેથી તીર્થંકર ભગવાનને ચારિત્ર-મોહનીય કર્મના જોરે લગ્ન કરવું પડે છે, છતાં અંતરમાં જ્વલંત વૈરાગ્ય હોવાથી એ અલિપ્ત જેવા રહે છે. વૈરાગ્ય એમને એવા જાગ્રત્ રાખે છે કે વિષયપ્રવૃત્તિને જરાય ઉપાદેય ન માનવા દે, એટલે જ કર્મવશ કરવી પડતી મોહપ્રવૃત્તિમાં દિલને રસ ન હોય.

**તરંગવતીની સંસારની ઓળખ અને વૈરાગ્યભાવના :-**

તરંગવતીની એ સ્થિતિ હતી, પૂર્વના પ્રિય પર ભારે મમતા હતી છતાં સંસારના વિષયોના સંગને વિટંબણા લેખે છે, તેથી નક્કી કરે છે કે

''પૂર્વના પ્રિય ન મળે તો જિન સાર્થવાહે પ્રરૂપેલ મોક્ષમાર્ગે પ્રયાણ કરીશ.' ત્રિભુવન ઉપકારી ભગવાન શ્રી જિનેશ્વર દેવોએ સર્વ દુઃખનો અંત કરનાર મોક્ષમાર્ગને અપનાવીશ, જેમાં સર્વ સંગનો ત્યાગ હોવાથી પ્રિયના સંગ-સમાગમ કરવાના રહે જ નહિ. પ્રિયના સંગ હોય તો વિયોગનો સંભવ રહેને ? પણ મોક્ષ થયા પછી જ્યાં જનમ જ નહિ, ત્યાં સંગ પણ નહિ, તો વિયોગ પણ નહિ. જન્મમરણની પીડા કેમ ઊભી થાય છે ? સંયમમાર્ગમાં એક માત્ર પોતાના આત્માના હિત-અહિત સામે જ જોવાનું રાખ્યું, અહિતનો ત્યાગ અને હિતનો આદર કરવાનું રાખ્યું, એટલે ઇંદ્રિયોના વિષયોને ઇષ્ટ અનિષ્ટ કરવાનું છુટી ગયું; પછી એના અંગે રાગદ્વેષ કરવાના રહે જ શાના ? સીધું મોક્ષ તરફ પ્રયાણ ચાલુ રહે, જેથી અંતે મોક્ષ આવીને ઊભો રહે.''

સારસિકાને કહે- 'આ મારી અંતિમ ભાવના છે, પરંતુ અત્યારે પૂર્વના પ્રિયના પ્રેમ અને સંગ યાદ આવી આવી મારા દિલને ભારે વ્યથિત કરી રહ્યો છે,...' એમ કહેતાં કહેતાં તરંગવતીની આંખમાં આંસુ આવી જાય છે. એની સખી પણ આ જોઈ રડી પડે છે. સખી કહે છે,-

**સખીનો વિવેકી ઉત્તર :-**

''બેન ! આજે તમને પ્રિયનો વિયોગ થવાથી દુઃખ થાય છે, પરંતુ હવે તમે જાણો છો કે કર્મના વિપાક અકાટ્ય હોય છે. જીવને એ અવશ્ય ભોગવી લેવાના હોય છે. આ વિયોગનું દુઃખ પણ કર્મજનિત જ છે તેથી અંતે બાંધેલા કર્મ અવશ્ય ભોગવવા પડે છે. ત્યાં જીવનું કશું ઉપજતું નથી, કર્મ કરે તે થાય, પછી શા માટે દુઃખી થવું ? કર્મના ઉદય આવ્યા તે સમભાવે વેઠી લેવાના. ડાહ્યા માણસનું આ કામ છે. માટે બેન ! ધીરજ ધર. વળી તારે શુભકર્મનો ઉદય થશે, તો તારા

પ્રિયનો સંપર્ક પણ બની આવશે...'

સખીએ તરંગવતીને આશ્વાસન આપ્યું, એના આંસુ પાલવથી લુછ્યાં,

તરંગવતી કહે છે 'સખી ! તારી વાત સાચી છે, પણ હવે આ મારા પૂર્વ પ્રિયની વાત કોઈને કહીશ નહિ. તને સોગન છે. ચાલ હવે માતા પાસે જઈએ. બંને ઊઠીને ત્યાંથી માતા પાસે ગયા.

અહીં તરંગવતીએ બીજો પ્રિય ન કરવા નક્કી કર્યું એમાં તરંગવતીનો વિવેક ધ્યાનમાં રાખવા જેવો છે, સંસારમાં માણસને કર્મપરવશતાથી અનિષ્ટ સંયોગો આવી મળે છે, ને અનિષ્ટ પ્રવૃત્તિ કરવી પડે છે, પરંતુ એમાં આ વિચારવું જોઈએ કે-

'આ કર્મજનિત અનિષ્ટમાં હું વિચારસરણી મલિન કરવા બંધાયેલો નથી, પાપ વિચારો કરવા બંધાયેલો નથી. મારા વિચાર ને વિચારસરણી નિર્મળ રાખી શકું છું, જિનવચનને અનુસારી રાખી શકું છું. મૈત્રી-કરુણા-પ્રમોદભાવના વિચાર રાખી શકું છું. જોવા જાઉં તો દેખાય છે કે

**મલિન વિચારો અને જિનવચનથી વિરુદ્ધ વિચારો સેવીને દુન્યવી કશું સુધરતું નથી; ત્યારે પવિત્ર વિચારો ને જિનાજ્ઞા-અનુસારી વિચારસરણી રાખવા જતાં કશું બગડતું નથી.**

પછી શા સારુ જિનવચનાનુસારી વિચારો ન રાખું ? શા સારુ પવિત્ર વિચારો ન રાખું ?'

દા.ત. મીઠાઈનો રસ છે ને મીઠાઈ ખાઓ છો ત્યાં 'વાહ ! કેવી સરસ મીઠાઈ ! બસ, અવરનવર આવી મીઠાઈ ખાવી જોઈએ. ખર્ચની શી ચિંતા ? મહેનત કરી પૈસા કમાઈએ છીએ તે આવા સુખ ભોગવવા માટે...' આવા આવા મુફલીસ વિચાર એ કાંઈ પવિત્ર વિચારણા નથી; મલિન વિચારણા છે. આવું આવું તુચ્છ ન વિચારીએ તો શું ફરીથી મીઠાઈ ખાવા ન મળે ? ના, એવું કાંઈ નથી, આ મીઠાઈ ખાતી વખતે જીભને ને મનને જે આનંદ આવ્યો, એવો જ આનંદ મીઠાઈ ખાવાનું પત્યા પછી શું અત્યારે એના ગુણ ગાતાં ફરીથી ઊભો થાય છે ? ના, એ તો ખા ગયા સો ખો ગયા ! વિષય (મીઠાઈ) સંયોગ ગયો, ત્યાં જીભને આનંદ પણ ગયો. ત્યારે જો એમ એના બદલે એમ વિચારીએ કે 'આવા મેવા મીઠાઈ જેવા વિષયોના સંપર્ક ભૂંડા છે; કેમકે એ અનંતકાળના એ સંયોગોની, અને એના સુખ-સંસ્કારોની વાસનાઓમાં ઉમેરો કરે છે.

**કેવા કેવા વિચારોથી વિષયરંગથી બચાય ? :-**

**(૧) માનવકાળ વાસનાઓને વિસારે પાડવા માટે છે. ઉત્તમ માનવજન્મનું આ ઉત્તમ કામ મનગમતા વિષયોના આનંદ સાથે સંપર્ક કરવાથી ગુમાવવાનું થાય છે; ક્યારે આ મેવા મીઠાઈના રસની ગોઝારી લપ છૂટે !'**

આવો વિચાર કરીએ તો વિષયરાગના સંસ્કારોને કાંઈક ઘા પડે.

(૨) અથવા જુદા જુદા મંદિરો અને તીર્થોના ભગવાનના ક્રમસર સ્મરણ કરીએ, માનસિક દર્શન કરતા ચાલીએ, તો મનને મીઠા વિષયોમાં મહાલતું બચાવી શકીએ; અથવા

(૩) સકલાર્હત્ સ્તોત્રની ગાથાઓથી અરિહંત-વિશેષણો ક્રમસર કડીબદ્ધ વિચારતા રહીએ; દા.ત.

(i) સકલ અરિહંતમાં વ્યાપેલું અરિહંતપણું મોક્ષ-લક્ષ્મીનું સ્થાન છે; અને એ અરિહંતપણું ત્રિભુવનના ભક્ત જીવો અને સુખ પર વર્ચસ્વ ધરાવે છે. (ii) એવા ઋષભદેવ પ્રમુખ અરિહંતો નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવથી જગતને પવિત્ર કરે છે. (iii) એમાં ઋષભદેવપ્રભુ રાજાઓ મુનિઓ તથા તીર્થંકરોની પરંપરામાં સૌથી મથાળે એટલે કે પહેલા છે. (iv) એ પ્રભુ તીર્થંકર શી રીતે કહેવાયા ? તો કે વિશ્વના ભવ્ય જીવોરૂપ કમળોને વિકસ્વર કરનાર સૂર્યસમા પ્રગટ થવાથી. એ પણ શી રીતે વિકસ્વર કરે છે ? તો કે એમણે જગત જેમાં પ્રતિબિંબિત થયું છે એવું અરિસા જેવું કેવળજ્ઞાન ધરવાથી. (v) એ કેવળજ્ઞાન તો ભગવાનની પોતાની પાસે રહ્યું, એથી ભવી જીવો કેમ બૂઝે ? કેમ વિકસ્વર થાય ? તો કે એ કેવળજ્ઞાનમાં જે તત્ત્વ-પદાર્થ અને મોક્ષમાર્ગ ભાસે છે, એની વાણી રેલાવે છે. આ વાણી જાણે ભવીજીવોરૂપી છોડવાના બગીચાની નીક છે, ને એમાંથી વાણીરૂપી પાણી વહેતું બની એ ભવી જીવોરૂપી છોડવાઓને સિંચે છે...

આમ 'સકલાર્હત્' સ્તોત્રની ચોવીસ ભગવાનની સ્તુતિઓમાંનાં વિશેષણની કડી જોડીને વિચારાય, તો એ વિચારમાં મેવા મીઠાઈ વગેરે વિષયોના વિચારો ભૂલી જવાય. ધ્યાન રાખો,-

**બાહ્ય વિષયોની સૃષ્ટિ કર્મોને આધીન છે, પણ અધમ કે ઉત્તમ વિચારોની માનસિક સૃષ્ટિ આપણને આધીન છે.**

અગ્નિશર્માના ત્રણ ત્રણ માસખમણનું પારણું ગુણસેન રાજાની ગફલતના કારણે બગડ્યું, એ અગ્નિશર્માના કર્મની પરતંત્રતાના કારણે; પરંતુ અગ્નિશર્માએ રાજા પર ગુસ્સો, ને રાજાને જનમજનમ મારવાનું નિયાણું કરવાની વિચારણા કરી, એવી માનસિક સૃષ્ટિ ઘડી, એ તો પોતાની સ્વતંત્રતાથી. જો અધમ-ઉત્તમ વિચારોની માનસિક સૃષ્ટિ આત્માને આધીન યાને આત્માના પુરુષાર્થને આધીન ન હોત, તો અગ્નિશર્માને બે પારણા ચૂકાયા તે વખતે એણે જે ઉત્તમ ક્ષમા-સમતાના વિચાર રાખેલા તે વિચાર શી રીતે કરી શકત ? છેલ્લા પારણા વખતે પોતે જ પોતાની માનસિક

સૃષ્ટિ અધમ ખડી કરી. એના ગુરુ કુલપતિએ એને ઘણું સમજાવ્યો કે 'આપણે તાપસ વ્રતવાળા છીએ, આપણાથી રાજા ઉપર ગુસ્સો ન કરાય,' છતાં એ પોતાની માનસિક અધમ સૃષ્ટિને ઉત્તમમાં ફેરવવા તૈયાર ન થયો. ધારત તો છેવટ ગુરુના વચનનો માથે ભાર રાખીને ફેરવી શકતે. ફરીથી યાદ રાખો, બાહ્ય સંયોગો-નિમિત્તો અર્થાત્ બાહ્ય સૃષ્ટિ આપણા કર્મોને આધીન છે, આપણી આંતરિક માનસિક વિચારોની સૃષ્ટિ આપણા પુરુષાર્થને આધીન છે, આપણે રચવી હોય તેવી રચાય.

એજ અગ્નિશર્માએ દેવ થઈને પારણું ચૂકાવનાર રાજા ગુણસેન ઉપર અગ્નિમય રેતીનો વરસાદ કર્યો, રાજાને ભારે દાહ-શેકામણની પીડા ઊભી થઈ, એ રાજાના અશુભ કર્મને આધીન હતી, પરંતુ રાજાએ ક્ષમા-સમતાના વિચાર કર્યા એ ઉત્તમ માનસિક સૃષ્ટિ રાજાના પોતાના પુરુષાર્થને આધીન હતી.

**આપણે ધારીએ તેવી ઉત્તમ કે અધમ માનસિક સૃષ્ટિ ઊભી કરવામાં આપણે સ્વતંત્ર છીએ. આપણને આ સ્વાતંત્ર્યની જો કિંમત હોય તો શું કામ અધમ વિચારોની માનસિક સૃષ્ટિને મચક આપીએ ?**

દુન્યવી વિષયોના ગમે તેવા સારા નરસા સંયોગ ઊભા થાય. પરંતુ એ વખતે ઉત્તમ વિચારોની માનસિક સૃષ્ટિ આપણે ચલાવી શકીએ છીએ. એટલે જ જુઓ તરંગવતીએ પૂર્વજન્મના પ્રિયના વિયોગના દુઃખમાં કેવી ઉત્તમ માનસિક સૃષ્ટિ ખડી કરી,-

**'अण्णहा जिणसत्थवाहपणयं मुक्खपहं अंगीकरिस्सामि,**
**तहा काहं जहा संसारवाससुलहं पियवियओग-दुक्खं पुणो न पावेमि...**
**समणत्तणं जम्मणमरणाइसव्वदुक्खविरेयणं ।'**

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૩,અંક-૪૮,તા.૩૧-૮-૧૯૮૫**

અન્યથા અર્થાત્ સાત વરસમાં પ્રિયનો સમાગમ જો નહિ મળે, તો જિનેશ્વર ભગવંતે સાર્થવાહ બનીને સ્વયં ખૂંદેલો (અને પછી જગતને બતાવેલો) મોક્ષમાર્ગ અંગીકાર કરીશ, અને એમાં એવું કરીશ (એવું શ્રમણપણું પાળીશ) કે જેથી સંસારવાસમાં સુલભ એવા પ્રિયના વિયોગના દુઃખ મારે ફરીથી દેખવાના રહે નહિ. શ્રમણપણું એ જનમવું-મરવું વગેરે દુઃખોનું વિરેચન છે.

એટલે જેમ નેપાળો એ પેટમાં આંતરડામાં ભરાયેલી સમસ્ત બાદી-મળને કાઢનારું વિરેચન-જુલાબ છે, એમ સંયમ-ચારિત્ર એ સર્વ દુઃખોના મળને કાઢનારો જુલાબ છે.



તરંગવતીની જૈનધર્મ પરની જિનવચન પરની, અને જિનેશ્વર ભગવંત ઉપરની શ્રદ્ધા જોવા જેવી અને અનુસરવા જેવી છે. કેટલી બધી સમૃદ્ધિવાળા શેઠની લાડકી દીકરી છે ! એના અપ્રતિમ લાવણ્ય અને સૌંદર્ય પર ઓવારી જઈને કેટલાય મોટા શેઠિયાઓ પોતાના દીકરા માટે એના માંગા કરી રહ્યા છે ! બહાર નીકળે ત્યારે યુવાનો કેવા આકર્ષાઈ રહ્યા છે ! આવા વૈભવ-સૌંદર્યવાળી તરંગવતીની આ ધાર્મિક વિચારધારા એ શું સૂચવે છે ? એ જ કે એવી માનસિક સૃષ્ટિ રચવામાં એ સ્વતંત્ર છે.

તરંગવતી માતા પાસે જઈ પગમાં પડે છે. એનો ઉદાસ ચહેરો જોઈ માતા પૂછે છે, 'કેમ બેટી ! ઉદાસ ?'

આ શું કહે ? એટલું જ કહે છે, 'માથું દુખે છે.' કેમકે એને પૂર્વ જન્મની કશી વાત માતાને કહેવી નથી.

માતા કહે 'તો તમે જલ્દી ઘરે પહોંચી જાઓ; હું પણ પાછળ આવું છું.' સખી સાથે તરંગવતી ઘરે પહોંચી માતા પણ બીજી બાઈઓને 'મારે જરૂરી કામ છે તેથી હમણાં જ હું ઘરે જાઉં છું' કહીને ઘરે આવે છે. ઘરે આવી શેઠને વાત કરે છે.

**ઉદ્યાનમાંથી તરંગવતી ઘરે :-**

મા-બાપને લાડકી દીકરી છે, એટલે બાપ માને છે કે 'એના થોડા પણ રોગની ઉપેક્ષા ન થાય, નહિતર શત્રુનો વૈભવ વધવાની ઉપેક્ષા જેવું થાય !' તેથી એમણે તરત કુશળ વૈદ્યને બોલાવ્યો. વૈદ્ય મુદ્રા અને નાડી પરથી પરખી લે છે, છતાં પૂછે છે, તને ક્યાં પીડા છે ? કાલે આહાર શો લીધેલો ? રાત કેવી ગયેલી ? તરંગવતીએ જાતિસ્મરણની બીના સિવાયની હકીકત કહી. વૈદ્યે શેઠને કહ્યું 'કશી ચિંતા કરવાને કારણ નથી કેમકે વાત-પિત્ત-કફ એકેયનો પ્રકોપ નથી સમનાડી છે.'

શેઠ કહે 'તો વૈદ્યરાજ ! અને તાવ જેવું અને અસ્વસ્થતા કેમ છે ?

વૈદ્ય કહે 'શેઠ સાહેબ ! તમે આટલું ફરી આવ્યા, કાં તો એના પરિશ્રમના લીધે છે, અથવા કોઈ શોક-ઉદ્વેગ-જનિત ચિત્ત-વિકારની અસ્વસ્થતા હોઈ શકે.' વૈદની અડધી વાત સાચી છે, પૂર્વભવના પ્રિયના વિયોગના કારણે ઊભા થયેલ શોક-ઉદ્વેગ ચિત્ત વિહ્વલ વ્યાકુળ કરેલું, પણ એ વૈદ્યને કહ્યા વિના વૈદ્ય શી રીતે જાણી શકે ? તો એનો ય ઉપચાર શી રીતે બતાવી શકે ?

**ગુપ્ત પાપરોગ ગુરુને કહ્યા વિના ઉપચાર ન મળે.** આત્માના ગુપ્ત પાપો ને દોષોનું પણ આવું જ છે. ગુરુને કહ્યા વિના ગુરુ શી રીતે જાણી શકે ? ને શું પ્રાયશ્ચિત્ત આપી શકે ? ત્યારે શરીરના ગુપ્ત રોગ ઔષધ વિના વધી જઈ શરીરને ખલાસ કરે, એમ આત્માના ગુપ્ત પાપોનું ગુરુ આગળ પ્રકાશન અને પ્રાયશ્ચિત્ત ગ્રહણ-વહન કર્યા વિના આત્મામાં એના શલ્ય રહી જઈ, એ આત્માને ખલાસ કરે,

જનમોજનમ ત્રાસ આપ્યા કરે ! માણસને ત્યાં આલોચના ન કરવામાં સ્વમાન નડે છે; માટે સ્વમાન બાજુએ મૂકી ગુરુ આગળ આલોચના-પ્રાયશ્ચિત્ત કરી લઈ પોતાના આત્માને દુર્ગતિઓના ત્રાસથી બચાવી લેવો જોઈએ.

**આલોચના પ્રાયશ્ચિત્તમાં કામ ટૂંકે પતે. આ ભવમાં પાપનો હિસાબ ચૂકતે થઈ જાય. એ જો ન કરે, તો એના અશુભ ખંધા અનુબંધોને લીધે અનેક ભવો સુધી પાપબુદ્ધિ, પાપો અને દુઃખોની પરંપરા ચાલે.**

અહીં વૈદની વાત સાચી કે હૃદય પર શોકના કારે અસ્વસ્થતા છે. પરંતુ વૈદ્યને બિચારાને ખબર નથી કે આમાં બીજા કોઈ કારણે અસ્વસ્થતા નથી પણ પૂર્વના પ્રિયના વિયોગના ને એના શોક-સંભારણાને કારણે અસ્વસ્થતા છે એમાં તમારી કોઈ દવા કામ નહી લાગે.

**શારીરિક રોગમાં ભૌતિક દવા કામ કરે, પણ માનસિક રોગમાં આધ્યાત્મિક દવા ઉપયોગી થાય.**

**ક્રોધરોગ દાબવા તાત્ત્વિક વિચારસરણી :-**

દા.ત. કોઈના પર મનમાં ક્રોધ ઊભો થઈને એના ધમધમાટમાં અસ્વસ્થતા થઈ છે, તો ત્યાં કોઈ તાત્ત્વિક આધ્યાત્મિક ક્ષમા-સમતાની વિચારસરણી કામ કરે; એ ક્રોધરોગને શમાવે. ત્યાં ભૌતિક દવા શું કામ કરે ? તાત્ત્વિક વિચારસરણી આ, કે હું ક્રોધમા તણાઈશ તો મને શો લાભ ? અને સામાને ય શો લાભ ? (૧) મારું મન વધુ ને વધુ અસ્વસ્થ થવાથી મારાથી કાંક અજુગતું બોલાઈ ચલાઈ જશે, જેમાં સંભવ છે પાછળથી પસ્તાવાનો અવસર આવે. વળી (૨) આ અસ્વસ્થતામાં મારાં બીજા કામ પણ બગડે. (૩) સામાની દૃષ્ટિએ ગેરલાભ આ, કે એ મારો ગુસ્સો જોઈ એના દિલમાં અસ્વસ્થતા થાય. તેમજ (૪) મારા પર એનો સ્નેહ-સદ્‌ભાવ તૂટે. વળી (૫) મારે ક્રોધના સ્વભાવની પુષ્ટિ થાય તો આગળ પર પણ ક્રોધ સુલભ થવાનો. ને (૬) આમ જિંદગીના છેડા સુધી જો હું ક્રોધનો જ અભ્યાસ રાખીશ, તો તારણહાર ઉપશમનો અભ્યાસ ક્યારે કરીશ ? તો શું આવા ઉત્તમ મનુષ્ય-જન્મથી પણ ક્રોધનો જ સ્વભાવ દૃઢ કરીને જવાનું ? **ઉપશમનો અભ્યાસ કરવા માટે આવા ઉચ્ચ આર્યમાનવ જન્મ જેવો બીજો કોઈ સમર્થ જન્મ નથી.**

આવી બધી તાત્ત્વિક આધ્યાત્મિક વિચારસરણી અપનાવે, દિલને એનાથી ભાવિત કરે, તો તો ક્રોધ-રોગનું વૈદું થાય. એના બદલે અનાર્ય મ્લેચ્છના જેવો ક્ષુદ્ર સ્વભાવ અને ક્ષુદ્ર વિચારણા કરે એમાં ક્રોધના રોગને મટવાનું ક્યાંથી થાય ? કે કોઈ ભૌતિક ઔષધ એમાં શું કામ કરે ?

તરંગવતીને વૈદે કાંઈક દવા આપી હશે અને એણે લીધી પણ હશે, કિન્તુ



એથી શું વળે ? પ્રિયના વિયોગનું દુઃખ એના મનને બાળી રહ્યું છે. એનું પરિણામ એ આવ્યું કે એને ભૂખ અને ઊંઘ બેય હરામ થઈ ગયા. છતાં સ્વજનોનું મન સાચવવા કાંઈક ખાવું પડતું, બાકી મનને વિખવાદ ભારે છે.

**'સંસારનું એક દુઃખ સો સુખને રદ કરી શકે' આ સ્વરૂપ** બહુ વિચારવા જેવું છે. તરંગવતીને સમૃદ્ધિ સગવડ ઉચ્ચ કોટિના મળ્યા છે ! છતાં એ સુખી નથી. કારણ ? એકમાત્ર પૂર્વપ્રિયના સંભારણા પર વિયોગનાં દુઃખે કારણ, પછી એનો અર્થ તો એજ ને કે સુખના ઢગલો સાધન હાજર છતાં સંસારની એક ચીજ પણ જીવને દુઃખી દુઃખી કરી શકે છે !

ઋષભદેવ ભગવાન જેવાનો પણ જીવ પાંચમા ભવે લલિતાંગદેવ, એની દેવી સ્વયંપ્રભા ગુજરી ગઈ એની પાછળ ૧૦-૧૨ વરસ એના વિયોગના શોકથી દુઃખિત થતા રહ્યા, દેવ વિમાનમાં દેવતાઈ સુખસાધનમાં શી કમીના હતી ? એવા મોટા તીર્થંકરના જીવ દેવતાને દિવ્ય ભોગસાધનો વચ્ચે એક પ્રિય દેવીના વિયોગનાં કારણે બાર બાર વરસ મહાદુખભર્યા કલ્પાંત રહ્યા ! કલ્પાંત એટલે બીજા બધા સુખસાધનને રદ બાતલ કર્યા, નાકામિયાબ બનાવી દીધા, એ સુખ ન આપી શકે. એ સંસારના કેવા સ્વરૂપને પ્રગટ કરી રહ્યા છે ? સુશોભિત ? કે કદ્રુપા સ્વરૂપને ? સોહામણા કે બિહામણા સ્વરૂપને ?

આપણને વિશ્વ શ્રેષ્ઠ શ્રી વીતરાગ અરિહંત પરમાત્મા દેવાધિદેવ તરીકે મળ્યા ! છતાં એમની ભક્તિ કરવામાં મુફલીસ કેમ રહીએ છીએ ? કહો, સંસારના કદ્રુપા અને બિહામણાં સ્વરૂપને ધ્યાન પર લેતા નથી, અને સંસાર હજી દિલથી વહાલો લાગે છે, પણ એનાથી ઉભગી જવાતું નથી માટે વિચાર નથી કે **સંસારની એકેક આઈટેમ એવી છે કે જે વક્ર વાંકી થતાં બાકીની સારી લાગેલી આઈટેમોને પણ બગાડી નાખે.**

**સુકોશળ** નાની ઉંમરમાં રાજા હતો. એને આવું જ બન્યું. એણે વિચાર્યું, 'હેં ? મારી માતા મારા પિતામુનિને સિપાઈઓ પાસે ધક્કા મરાવી નગરની બહાર કાઢી મૂકાવે છે ?' બસ, આટલી વાત પર એને રાજ્યપાટ-રાણી-ખજાનો; બધી સારી સુખ-સામગ્રીવાળો આખો સંસાર બિહામણો લાગ્યો ! તે ઝટ નીચે ઉતરી પિતામુનિ પાસે ચારિત્ર લેવા નીકળી પડ્યો.

તરંગવતીને પૂર્વ પ્રિયના વિયોગના દુઃખ પર એને માટે બાકીના બધા સુખ નકામા થઈ ગયા ! સંસારનાં સુખ આવા જ ને ? એનાથી હવે કશો આનંદ એને લાગતો નથી. એટલે પોતાની સખી સારસિકાને કહે છે,- 'જો સખી ! મને જીવનના સેંકડો મનોરથો ને આશાઓની ઓથ ન હોત તો મેં પૂર્વના તીવ્ર વિયોગ

દુઃખમાં મારું જીવન નષ્ટ કરી દીધું હોત.'

તરંગવતીને આ દુઃખમાં નહાવા ધોવા ખાવાપીવામાં વગેરેમાં કશું મન નહિ, પણ પરિજનને મન રાખવા બધા કામ પરાણે પતાવે છે. પૂછો

**પ્ર.**- તો શું એમ પણ કામ પતાવતાં ઊંચા સુખ સાધનોથી સુખનો અનુભવ તો થાય ને ?

**ઉ.**- આનો જવાબ પોતે જ કહી રહી છે, કે અંતરમાં વાસનાની વિહ્વળતા એટલી બધી હતી કે રાતના શીતલ પણ ચાંદની ઉષ્ણ લાગતી હતી. એકલી ચાંદની જ શું, જીવને સ્વસ્થતામાં સારી સારી અનુકૂળ લાગતી એકએક ચીજ વિરહ-વેદના વખતે મને બાળતી હતી !' આ પરથી સમજાશે કે જ્ઞાનીઓ જે કહે છે કે 'સંસારમાં સુખ નથી,' એ તદ્દન સાચું છે. તરંગવતીને અત્યારે ક્યાં સુખ રહ્યું ?

એક બાજુ તરંગવતીને આ વિટંબણા હતી, ત્યારે બીજી બાજુ શ્રીમંત જુવાનિયા એનું અપ્સરા જેવું રૂપ જોઈ બિચારા કામથી પીડાઈ રહ્યા હતા ! એમાં કેટલાકના બાપ ઋષભસેન શેઠ પાસે આવી આવીને પોતાના દીકરા માટે તરંગવતીની માગણી કરતા ત્યારે,

**શેઠ ઉમેદવારોનો શીલ-વ્રત-નિયમ-પોષધાદિમાં કેટલો પ્રયાસ છે...ઈત્યાદિ પૂછતા.**

પણ યુવાનિયાઓમાં એ લાવવું ક્યાંથી ? એનો સંતોષકારક જવાબ એકે ય જણ પાસેથી મળતો નહિ તેથી એને દીકરી આપવાની ના કહી દેતા. માગનારા મોટા શેઠિયા છતાં આ બાબતમાં જરાય શરમમાં તણાયા વિના હાથ જોડી કહી દેતા કે 'માફ કરજો, દીકરી આપવાનો મારો વિચાર નથી.' પૂછશો,-

**દીકરી મોટી થતાં સાવધાની :-**

**પ્ર.**- તો શું શેઠને દીકરી મોટી થઈ ગયાનો વિચાર નહિ હોય ? કુંવારી કન્યા તો સાપનો ભારો કહેવાય; તો શા સારુ વિલંબ કરતા હશે ?

**ઉ.**- કન્યાને જલદી વરાવી દેવી એનો એ અર્થ નથી કે 'કન્યાને જયાં ત્યાં વરાવી એને કૂવામાં ઉતારવી;' કેમકે જેવો તેવો પતિ જો શીલવાન ન હોય, સંયમી ન હોય, તો એમાં તો દીકરીનો માત્ર આ જનમ નહિ, પણ જનમ જનમ બગડી જાય. અલબત દીકરીને ન પરણાવાય ત્યાંસુધી એને સારા સંયોગ સત્સંગ ને ધાર્મિક ક્રિયાઓમાં ઓતપ્રોત રાખવી જોઈએ, તેમજ સામાન્યથી એના જીવન અને બોલચાલ ઉપર અંકુશ, હિતશિક્ષા વગેરે આપતા રહેવું, તેથી એના મનને કોઈ ખોટા વિચાર આવે નહિ.

ઋષભસેન શેઠે આ રાખ્યું હતું તેથી એમને તરંગવતી મોટી થતી જાય છે



એમાં ભય જેવું નથી લાગતું; કેમકે એ કન્યા સુંદર ધાર્મિક જીવન જીવી રહી હતી છતાં એટલું ખરું કે તરંગવતીના પૂર્વના પ્રિયના વિરહના શોકમાં એને ચાંદની જેવી શીતલ પણ વસ્તુ હૃદયને સંતાપી રહી હતી. અતિ પ્રિય વસ્તુના વિયોગમાં બીજા સારા સુખસાધનો પણ અકારા લાગે છે.

**તરંગવતી કહે છે,-**

**પ્રિયતમના વિયોગમાં ઈષ્ટ વિષયો પણ શોક જગાવે છે.**

જો અરિહંત પરમાત્મા સાથે સંબંધ બાંધવો હોય, વધારવો હોય તો આ વચન કેટલું સુંદર છે ! આપણને પ્રિયતમ મહાવીર ભગવાનનો વિયોગ પડ્યો છે, તો એમાં તપાસવા જેવું છે કે

(૧) એક, તો શું એથી ચિત્તને ભારે વિહ્વળતા છે ? અને

(૨) બીજું એ, કે અતિપ્રિય પરમાત્માના વિયોગમાં મનગમતા વિષયો શોક જગાવે છે ખરા ? પૂછો,-

**પ્ર.**- વહાલાના વિયોગમાં રુડા રૂપ રસ શબ્દનો શો ગુનો કે એ શોક વધારે ? દુઃખ વધારે ?

**ઉ.**- કારણ આ, કે શોક આનંદનું મુખ્ય સ્થાન મન છે. બધાય વિષયો આનંદ તો જ આપે છે કે જો મન એમાં પરોવાયેલું હોય. હવે મન જો કોઈ ભારે શોકમાં પરોવાઈ ગયું, તો સહજ છે કે એ વખતે એ શોકવાળું મન બીજા વિષયોના આનંદમાં ન પરોવાઈ શકે. એટલે કહો કે બીજા અનેક મનગમતા વિષયો હાજર છતાં શોકથી નષ્ટ આનંદવાળું મન એનો આનંદ નહિ માણી શકે; ઊલટું ઈષ્ટ વિષય મન પર આવતાં પેલા શોકમાં વૃદ્ધિ થશે ! મનને એમ થશે કે પેલી વસ્તુ છતે આ બીજી સુખસામગ્રીમાં મને આનંદ હતો. પેલી વસ્તુ જતાં, આ મને ખાવા ધાય છે.

દા.ત. સુશીલ સ્ત્રીને પરણીને બે વરસમાં પતિ ગુજરી જતાં, હવે સ્ત્રીને પાસે સમૃદ્ધિ હોય તેનો પેલા શોકની આગળ આનંદ રહેતો નથી. સમૃદ્ધિ જાણે ખાવા ધાય છે ! શોકના વિચાર વખતે મનને બંગલો મોટર બધું મળ્યું લાગે છે; કેમકે આ બધા ઓછી કિંમતના તે ઊભા રહ્યા, ને મહાકિંમતી પ્રિયતમ ચાલી ગયા ! તેથી અલ્પ કિંમતવાળા પદાર્થ જોતાં દિલને ખેદ વધે છે. પ્રિયતમના વિરહના શોકમાં બંગલો વગેરે મન પર આવતાં શોક વધે છે.

**સંસાર કેવો વિલક્ષણ છે !**

સંસારમાં સંયોગ ફરતાં સુખનાં સાધન દુઃખરૂપ બને છે. મતિમાનને મનુષ્ય જન્મ આવા બધા વિચાર કરીને વૈરાગ્ય વધારવા માટે થાય છે; પરંતુ મોહમૂઢ જીવોને આ કાંઈ વિચાર કરવો જ નથી એટલે સંસારના નાશવંત પદાર્થ ઉપર

વૈરાગ્ય શાનો થાય ? જો એ નહિ, તો પછી વૈરાગ્યના પાયા ઉપર સુકૃતો કરવાનું મન પણ શાનું થાય ? એમ, જેવી રીતે જો વિધવા બનેલી પત્ની ધિક્કી હોય, તો એને બંગલો મોટર પૈસા કશું અકારું લાગતું નથી, એવી રીતે પરમાત્માના વિરહમાં બંગલો મોટર વગેરે કશું અકારું લાગતું નથી. આપણે શું આવા ધિક્કા છીએ ? જો ધિક્કા હોઈએ તો એનું કારણ **પરમાત્મા આપણને એવા ગમતા નથી કે એમના વિયોગનું પારાવાર દુઃખ હોય.**

**ભગવાન પર અથાગ રાગ અને શ્રદ્ધાની આ ચાવી કે આપણને પ્રભુના વિરહમાં બીજા બધા સુખ અકારા લાગે; જેમ પતિના વિરહમાં સુશીલ પત્નીને.**

હવે અંતરમાં તપાસ કરો,- 'ભગવાનના વિરહનું દુઃખ છે ?' હજી સ્નેહીના વિરહનું દુઃખ હશે, મનને થતું હશે કે 'મારી પત્ની, મારો ભાઈ, બહુ સારા હતા પણ હું કમનસીબ કે આજે એ મારી પાસે નથી, હોત તો દિલને કેટલી બધી હુંફ રહેત !' ભગવાન આપણી પાસે નથી, પાસે હોત તો કેટલી બધી મને હુંફ રહેત ? એવું

**પ્રભુવિરહનું દુઃખ નથી ! કારણ, ભગવાન જવામાં આપણો કોઈ સ્વાર્થ ભંગાયો લાગતો નથી.**

સંસારના વિષયો પર વૈરાગ્યનું આ એક સાધન કે મનને એમ થાય કે ભગવાનથી આઘા રહ્યા પછી વિષયોમાં શી મજા ? પ્રભુથી આઘા રાખે એવા વિષયોને શું કરવાના ? એવા વિષયોને શા આવકારવા ? એના શા ગૌરવ કરવા ? ને શા એવા એના મહત્ત્વ માનવા કે પ્રભુને ભૂલીને એ મન પર આવ્યા કરે ?

વિષય વૈરાગ્ય આ છે કે

(૧) હૈયું વિષયોને આવકારે નહિ.

(૨) વિષયોનું ગૌરવ ન કરે, મમત્વ ન કરે.

(૩) વિષયોનું એવું મહત્ત્વ ન આંકે;

કે જેથી પ્રભુને ભૂલીને વિષયો યાદ આવ્યા કરે. હૈયે જો આવો વૈરાગ્ય ઝળહળતો હોય તો જ્યાં કષ્ટ આવ્યા આપત્તિ આવી કે વિષયો વાંકા થયા, ત્યાં દિલ ખિન્ન ન થાય; કેમકે હૈયાથી જેને આવકાર્યા, જેના ગૌરવ કર્યા, એ પ્રભુ સલામત છે. વિષયોને હૈયાથી એને આવકાર્યા-વધાવ્યા નથી, એમ વિષયોનું એવું ગૌરવ નથી કર્યું, તેથી મનને એમ લાગે કે

**'વિષયો બગડતાં મારું કશું બગડ્યું નથી. મહત્ત્વ વિષયોનું નથી, મહત્ત્વ મારા ચિત્તના શુભ અધ્યવસાયોનું છે.**

'વિષયો પ્રતિકૂળ થતાં હું તો માનું કે કર્મના તંત્ર મુજબ ચાલનારા વિષયો જો મારા કહ્યામાં નથી મારા કબજામાં નથી તો એની ખાતર મારા અણમોલ ચિત્ત-



રત્નને વિષયો ખાતર બગાડવાની જરૂર નથી. ઊલટું,

**એવા કષ્ટ પ્રતિકૂળતા વખતે શુભભાવોને ટકાવવા સત્સંગ, શાસ્ત્રવાંચન, ત્યાગ, તપસ્યા.... વગેરેને આરાધવામાં મન લગાડી દેવું જોઈએ;** તેથી બાહ્ય ભાવો કે અંદરના દિલના ભાવ બગડે નહિ. જુઓ,-

ચંદનબાળા માથે મુંડાઈ, પગે બેડીએ જકડાઈ, ને ભોંયરામાં કેદ પૂરાઈ, તો એણે શું કર્યું ? પ્યારા મહાવીર ભગવાનનું દિલથી નામ રટતી અને પ્રભુનાં જીવનને દિલથી સંભારતી બેઠી. મનના અધ્યવસાય બગડ્યા નહિ, પ્રશસ્ત ચાલ્યા.

**શૂક રાજાનું** રાજ્ય ગયું, પત્ની ય ગઈ, તો એ શત્રુંજય તીર્થાધિરાજની ગુફામાં જઈ શત્રુંજયનું ધ્યાન ધરતા બેઠા, શુભ અધ્યવસાયમાં ઝીલવા લાગ્યા. સતી દમયંતીને પતિ નળ રાજા જંગલમાં રાતના ઊંઘતી મૂકીને જતો રહ્યો, તો એ ય પર્વતની ગુફામાં શાંતિનાથ ભગવાનની માટીની મૂર્તિ બનાવી દર્શન-પૂજા-ધ્યાન કરતી સાત વરસ રહી ! આપણે દુઃખની બૂમ તો પાડીએ છીએ પરંતુ આવું કાંઈક આવડે ? ત્યારે ખૂબી પાછી એ છે કે ધર્મનું આલંબન લેવાનું સારું કાંઈક નથી કરતા, તો તેથી કાંઈ દુઃખ ટળતું કે ઓછું નથી થતું. વધારામાં શુભભાવ કમાઈ લેવાના ગુમાવી દિલમાં તીવ્ર અશુભ ભાવોની હોળી સળગાવીએ છીએ, અને સંતાપના તાપમાં શેકાઈએ છીએ.

બ્રાહ્મીની જેમ સુંદરીને દીક્ષા ન મળી તો ૬૦ હજાર વર્ષ આયંબિલ કરતી બેઠી અંતે પાપ ટળ્યાં, પુણ્ય વધી ગયાં, તરત જ ભરત ચક્રીએ દીક્ષાની રજા આપી દીધી અને એણે તરત જ દીક્ષા લઈ લીધી. સુલસાને પતિની અસમાધિનું દુઃખ આવ્યું. અસમાધિનું કારણ પુત્ર નહોતો એ, સુલસાએ ધર્મ વધારી દીધો અધિક ત્યાગ, અધિક તપ, અધિક જિનમાયા. ઈંદ્રે એનાં ધર્મસત્ત્વના વખાણ કર્યા.

દુઃખમાં કષ્ટમાં આપત્તિમાં દિલ ન બગડે, ભાવ ન બગડે માટે ધર્મનું આલંબન લેવું અર્થાત્ ત્યાગ-તપ-જિનોભક્તિ વગેરેની આરાધના ચાલુ કરવી, ચાલુ હોય એમાં વધારો કરવો. જેથી શુભ અધ્યવસાય બન્યા રહે.

**તરંગવતી એકલા સંતાપમાં બળવું એમાં ભાવ બગડવાનું સમજે છે. એના કરતાં કોઈ યોગ્ય ઉપાયથી મનને શાંત સ્વસ્થ રાખવું એમાં ડહાપણ સમજે છે.**

આ હિસાબ પર તરંગવતી હવે શો માર્ગ લે છે, એ જુઓ. એના મનને એમ થાય છે કે "આમ શોકમાં ડૂબી મરવું અને દિલ બગડેલું રાખવું એના કરતાં મને ધર્મનો આશ્રય લેવા દે. ધર્મથી સૌ સારા વાનાં થાય. અરિહંત પ્રભુ અને ધર્મનો અચિંત્ય પ્રભાવ છે. સર્વ સંયોગોમાં એજ શરણ કરવા લાયક છે. **મનના મનોરથ અરિહંત કૃપા અને ધર્મથી જ સિદ્ધ થાય છે.** તો આડા અવળા ફાંફા શું

કામ મારું ? લાવ, **પ્રિયતમના સમાગમ માટે ૧૦૮ આયંબિલ જ કરું;** કેમકે

**"આયંબિલ તપ એ સર્વ દુઃખનો વિનાશક અને સર્વ સુખનો સંપાદક છે, એમ શાસ્ત્ર કહે છે."**

**આયંબિલે દ્વૈપાયનને આકાશમાં લટકતો રાખ્યો; એને દ્વારિકાનો દાહ કરતો અટકાવ્યો.**

નેમનાથ ભગવાનના વચનથી લોકોને શ્રદ્ધા થઈ ગઈ કે આયંબિલ આદિ તપ, બ્રહ્મચર્ય અને અરિહંત ભગવાનની ભક્તિ કરવાથી બચાવ મળશે, તો લોકોએ એ શરૂ કર્યું; ને બાર વરસ ચલાવ્યું; ત્યાંસુધી દ્વૈપાયન દેવે આકાશમાં ઊંચે ફાંફા મારતાં આંટા લગાવ્યે રાખ્યા, પરંતુ તપસ્યા અને અર્હદ્ ભક્તિરૂપી ધર્મના તેજથી એવો અંજાઈ ગયો, એવો પ્રભાવિત થઈ ગયો, કે ન નીચે ઊતરી શક્યો કે ન કાંઈ કરી શક્યો. અરિહંત-ભક્તિ અને ધર્મ-પ્રવૃત્તિનો અચિંત્ય પ્રભાવ છે.

**તરંગવતીનું શ્રદ્ધાબળ : સાંસારિક વસ્તુ માટે ધર્મ કરાય ? :-**

તરંગવતીને અરિહંત પરમાત્મા અને ધર્મ પર કેટલી બધી શ્રદ્ધા છે ! એ મોક્ષાર્થી જીવ તો એવી શ્રદ્ધા ધરાવે છે કે 'જ્યાં સર્વ દુઃખનો નાશ અને અનંત સુખની પ્રાપ્તિ થયેલી છે, ત્યાં એ દુઃખનાશ કરનાર અને સુખ અપાવનાર કોઈ હોય તો તે એકમાત્ર અરિહંતદેવ અને એમનો ધર્મ છે. ધર્મથી એ મોક્ષ મળે નહિ ત્યાંસુધી અરિહંત ભક્તિ અને ધર્મસાધનાની અનુકૂળતા માટે ચિત્તની સ્વસ્થતા જોઈએ; અને એ

**ચિત્તની સ્વસ્થતામાં જરૂરી વચગાળાના દુઃખના નિવારણ તથા જરૂરી સુખસાધનાની પ્રાપ્તિ માટે કોનો સહારો લેવો ? પાપનો ? પાપ ઉપાયોનો ? કે ધર્મનો ને અરિહંત શરણનો ?**

કહેવું પડે કે અરિહંત પ્રભુ અને ધર્મનો જ સહારો લે; કેમકે એ સમજે છે કે જેનામાં સર્વદુઃખનાશ અને સર્વસુખ પ્રાપ્તિ કરાવવાની તાકાત છે એનામાં અલ્પ દુઃખનાશ અને અલ્પ સુખસાધન-પ્રાપ્તિ કરાવવાની જે તાકાત હોય એ બીજા કશામાં ય ન હોય. એટલે જ મોક્ષ નથી થયો ત્યાંસુધી સહારો લેવાનો હોય તો અરિહંતદેવ અને જૈનધર્મની સાધનાનો જ સહારો લેવાનો હોય; પણ નહિ કે કોઈ મિથ્યાદેવ દેવીનો યા ન કોઈ પાપ પ્રપંચોનો સહારો લેવાનો.

**શોક-મુંઝવણ ટાળવા શાસ્ત્ર શો ઉપાય કહે છે ?**

**'આત્મ-પ્રબોધ' નામના શાસ્ત્રમાં** સુલસા શ્રાવિકાનો અધિકાર મૂક્યો છે. એમાં એના પતિના મનને પુત્ર ન હોવાનું ભારે દુઃખ છે, એટલે એ સુલસાને કહે છે. 'પુત્ર માટે તમે કોઈ દેવી દેવતાની ઉપાસના કરો ને ?' ત્યારે સુલસા કહે છે,



સુખ-સુખસાધન દેવા માટે અરિહંત પરમાત્મા જેવા કોઈ સમર્થ દેવ દેવી નથી; તો હું અરિહંત પ્રભુને છોડીને શા માટે બીજાને ભજું ? પુત્ર માટે હું તો અરિહંત ભગવાનને જ ભજીશ.' પૂછો,-

પ્ર.- સાંસારિક વસ્તુ માટે અરિહંતને ભજાય ?

ઉ.- જો એ પ્રભુને ન ભજાય, તો શું મિથ્યા દેવ દેવીને ભજાય ? અથવા પાપ પ્રપંચો કરાય ? જીવનમાં જ્યારે ને ત્યારે અરિહંતદેવ અને એમના ધર્મને જ આગળ કરતા રહેવાનું છે; તો જ એ દેવાધિદેવ અને એમના ધર્મની એવી મમતા અને બહુમાન પક્ષપાત ઊભા થાય કે જે જગતની કોઈ ચીજ પર ન હોય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૪,તા.૨૮-૯-૧૯૮૫**

**આયંબિલની કુનેહથી માગણી :-**

તરંગવીત એજ કરી રહી છે, 'પૂર્વનો પ્રિય મળવાના નકામા વલોપાત કરવા એના કરતાં ૧૦૮ આયંબિલ કરવા દે.' પરંતુ એમાં વડિલની સંમતિ જોઈએ, અને તે કાંઈ પૂર્વ ભવની વાત કહ્યા વગર મેળવવી છે, એટલે માતા પિતાને પગે પડીને તરંગવતી કહે છે,

'કેટલાય વખતથી મનને શાંતિ નથી, તો શાંતિ માટે આયંબિલ કરું. એમ મનને થાય છે કે તો આપની અનુજ્ઞા અને આશીર્વાદ જોઈએ.

માતા પિતા એને પૂછતા નથી કે કેમ અશાંતિ રહે છે ? કારણ, સમજે છે કે દીકરી ઉંમરમાં આવેલી છે, અને અમે એના માટે યોગ્ય પતિ હજી સુધી શોધી શક્યા નથી, તેથી એને સહેજ મનોદુઃખ રહે, એ આપણે સમજી લેવાનું. એટલે અશાંતિનું કારણ પૂછાય નહિ. પૂછીએ તો જવાબ દેવામાં એ શરમાઈ જાય, નાનડિયાને એવું પૂછાય પણ નહિ. એ આયંબિલ કરવા માગે છે તો ભલે કરે એમ જ એના અંતરાય કર્મ તૂટશે તો સુયોગ્ય પતિ મળી આવશે.

**એક જ કાર્ય પાછળ ભિન્ન ભિન્ન ઉદ્દેશ :-**

**તરંગવતીના ૧૦૮ આયંબિલ :-**

૧૦૮ આયંબિલ કરવા પાછળ તરંગવતીનો હેતુ કયો ? અને માબાપનો હેતુ કયો ? આમ, સંસારમાં કાર્ય એકજ પ્રકારનું પરંતુ માણસોના ઉદ્દેશ જુદા જુદા, એવું બને છે. દા.ત. છોકરો ફરવા જવા માટે પૈસા માગે છે. અને બાપ એ આપે છે, પણ છોકરાનો ઉદ્દેશ મોજમજાહ ઉડાવવાનો હોય છે, ત્યારે બાપનો ઉદ્દેશ છોકરાને પૈસા આપી એના મન પર અહેસાન ચઢાવવાનો છે, તે એટલા માટે કે

એથી છોકરાનો બાપ પર સદ્‌ભાવ વધે તો આગળ પર બાપ છોકરાને હિતનું કહી શકે. આમ બાપનો ઉદ્દેશ જુદો, ને છોકરાનો જુદો હોય એવું બને છે. એમાં છોકરાને બાપના ઉત્તમ ઉદ્દેશની ખબર નથી હોતી એવું અહીં તરંગવતીના પ્રસંગમાં બને છે. માતા પિતાને તરંવગતીના આયંબિલ કરવા પાછળના આંતરિક ઉદ્દેશની ખબર નથી. એ તો સમજે છે કે તરંગવતીને મનની શાંતિ માટે આયંબિલ કરવા છે, અને પોતે ધાર્મિકવૃત્તિ છે તેથી કરવાની સંમતિ આપી દે છે. તરંગવતીનો ઉદ્દેશ પૂર્વ પ્રિયનો સમાગમ મેળવવાનો છે, અને એ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે આયંબિલ તપ ધર્મ અને એ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે આયંબિલતપ-ધર્મ અને અરિહંત ભક્તિને સમર્થ માને છે, તેથી માતા પિતાની સંમતિ મેળવી આયંબિલ શરૂ કર્યા.

આમાં એ જોવાનું છે કે અલબત સંસારી પ્રિયતમને મેળવવાની ઇચ્છા પૌદ્‌ગલિક રાગદશાની છે, પરંતુ એ મળવાની શ્રદ્ધા અરિહંતપ્રભુ અને ધર્મ ઉપર છે એ મહત્ત્વનું છે. ભગવાન મોક્ષ તો આપે જ છે; પરંતુ સાંસારિક સુખ સગવડ આપનાર પણ એ જ છે. આમ શ્રદ્ધા કરી અરિહંતદેવ અને ધર્મને દિલમાં ઊંચુ સ્થાન અપાય એ તો અનંતકાળથી અરિહંત અને અરિહંતના ધર્મથી વિમુખ રહેલા જીવને માટે ઉદ્ધારની નિશાની છે. શાસ્ત્રો મોક્ષ પ્રત્યે દ્વેષ ન હોય એવા જીવને માટે આ ઉદ્ધારક તત્ત્વ કહ્યું છે.

**લૌકિક આશંસા દ્વિવિધ : બાધ્ય અને અબાધ્ય**

'બત્રીશ બત્રીશી' શાસ્ત્રમાં ઉપાધ્યાયજી મહારાજ કહે છે.

**अपि बाध्यफलापेक्षा सदनुष्ठानरागकृत् ।**

**सा च प्रज्ञापनाधीना, मुक्त्यद्वेषमपेक्षते ॥**

અર્થાત્ - (ધર્મસાધનામાં રખાતી લૌકિક ફળની અપેક્ષા આશંસા જો અબાધ્ય નહિ, પણ) બાધ્ય કોટિની ફલાપેક્ષા હોય તો તે સત્ (નિરાશંસભાવના) અનુષ્ઠાનનો રાગ કરાવનારી બને છે, કેમકે તે ગુરુના ઉપદેશથી સાધ્ય છે અર્થાત્ આશંસા નીકળી જાય એવી છે, (માત્ર) ત્યાં મોક્ષનો દ્વેષ ન જોઈએ (તાત્પર્ય મુક્તિનો અદ્વેષ હોય તો લૌકિક આશંસા 'બાધ્ય' યાને ગુરુ-ઉપદેશથી ટળી જાય એવી હોય છે.)

અહીં જુઓ માણસ ધર્મસાધના કરે એમાં એને પૌદ્‌ગલિક ફળની આશંસા અપેક્ષા હોઈ શકે છે. પરંતુ એ આશંસા અપેક્ષા બે પ્રકારની હોય છે,

૧. એક અબાધ્ય અને ૨ બીજી બાધ્ય.

**(૧) બ્રહ્મદત્તને અબાધ્ય આશંસા :-**

**(૧) અબાધ્ય ફળ અપેક્ષા** એટલે જે અપેક્ષા આશંસા આગળ પર સુધરે જ નહિ, પણ એવી ને એવી મલિન પૌદ્‌ગલિક આશંસા ઊભી જ રહે. દા.ત.



બ્રહ્મદત્ત ચક્રવર્તીનો જીવ પૂર્વ ભવે સંભૂતિ મુનિ, એને પાછળથી સનત્કુમાર ચક્રવર્તી પોતાની પટ્ટારાણી સાથે વંદનાર્થે આવ્યો, એમાં પટ્ટરાણી વંદન કરતાં એની કેશવાળીની લટ આગળ ઊછળી પડતાં, મુનિના ચરણે સ્પર્શી ગઈ; એથી મુનિનું મન વિહ્‌વળ થયું વિકૃત થયું, અને મનથી નક્કી કર્યું (નિયાણ કર્યું) કે મારા તપ સંયમના પ્રભાવે પરભવે આવા ભોગ સુખો મળો.

ચક્રવર્તીના ગયા પછી સાથેના ચિત્ર-મુનિએ સંભૂતિ મુનિના ચહેરા પર ફેરફાર જોતાં પૂછ્યું, તો સંભૂતિ મુનિએ પોતાનો અભિપ્રાય કહ્યો; એટલે ચિત્રમુનિએ એમને ઘણું સમજાવ્યા કે આવું શું કામ ઇચ્છો છો ? આ પૌદ્‌ગલિક સુખો તો પાછા અંતે નાશ પામનારા છે, અને પછી પરભવે ભવચક્રમાં ભમાવનારા છે. એના બદલે આવી આશંસા કર્યા વિના આ તપ-સંયમમાં જ જીવન પસાર થવા દો, એથી અંતે મોક્ષના એવં અનંતા શાશ્વત સુખ મળશે કે જે પછી કદી જાય જ નહિ, પરંતુ સંભૂતિ મુનિએ તો માન્યું જ નહીં આશંસા મૂકી જ નહિ. એ ચક્રવર્તીના ભોગ સુખોની આશંસા અપેક્ષા એ અબાધ્ય કહેવાય, ત્યારે,

**(૨) સંપ્રતિની બાધ્ય ફલાપેક્ષા :-**

(૨) **બાધ્ય ફલાપેક્ષા** એટલે કે જે અપેક્ષા પાછળથી ઉપદેશ મળતાં સુધરી જાય, અર્થાત લૌકિક સુખાદિની અપેક્ષા આશંસા સુધરીને માત્ર કર્મનિર્જરારૂપ ફળી અપેક્ષા આશંસા બની જાય. મોક્ષની જ આશંસા બની જાય. તાત્પર્ય, નિરાશંસભાવ આવી જાય. દા.ત. સંપ્રતિના જીવ ભિખારીએ ચારિત્ર લેતાં ખાવાની આશંસા રાખી હું મુનિ બનું તો મને ખાવા મળશે ને ? ગુરુ આર્યસુહસ્તિમહારાજે એને એમ પણ દીક્ષા આપી. પરંતુ પાછળથી એને એજ રાતે અજીર્ણની વેદના ઊપડી ત્યાં ગુરુએ નિર્યામણા કરાવી એનો આશંસાભાવ મુકાવી દીધો. આ બાધ્ય કોટિની ફલાપેક્ષા કહેવાય. એમ,

**ગોવિંદ બ્રાહ્મણે** વાદકળા શીખવા માટે ચારિત્ર લીધું. પરંતુ પાછળથી પછી શાસ્ત્રો ભણતાં ને ગુરુની હિતશિક્ષા સાંભળતાં એમની એ આશંસા ટળી ગઈ, અને ગુરુની આગળ ફરીથી નિરાશંસ ભાવે ચારિત્ર લેવા ઇચ્છા બતાવી. આ 'બાધ્ય' ફળાપેક્ષા કહેવાય.

સંઘમાં કેટલાય જીવો પહેલાં પ્રભાવની લાલચે પૂજામાં, વ્યાખ્યાનમાં ને ઉપધાનાદિ ધર્માનુષ્ઠાનમાં જોડાય છે, પોસહ-ઉપધાનાદિ અનુષ્ઠાનમાં જોડાય છે. સારા જમણની લાલચે પણ પાછળથી ઉપદેશાદિ સાંભળતાં સાંભળતાં એવી લાલચ આશંસા અપેક્ષા છોડી દે છે, એ બાધ્ય ફલાપેક્ષા કહેવાય.

અહીં ઉપાધ્યાયજી મહારાજ કહે છે, આવી બાધ્ય ફલાપેક્ષા...બાધ્ય કોટિની

ફલાપેક્ષા પ્રજ્ઞાપનાધીન છે, અર્થાત્ ઉપદેશથી સુધરી જવાને યોગ્ય છે. અલબત આવી લૌકિક ફળની યાને સાંસારિક ફળની અપેક્ષા આશંસાવાળું અનુષ્ઠાન એ સદ્ અનુષ્ઠાનનો રાગ કરાવનારું બને છે. શરત આ, કે એમાં મુક્તિ પ્રત્યે દ્વેષ ન હોવો જોઈએ, કેમકે એ લૌકિક આશંસા ઉપદેશાધીન, અર્થાત્ ઉપદેશને ગ્રહણ કરનારી હોય છે, ઉપદેશથી સુધરવા યોગ્ય હોય છે. એમાં આવશ્યકતા આ બતાવી કે સાંસારિક વસ્તુની આશંસા હોવા સાથે મોક્ષ પ્રત્યે દ્વેષ અરુચિ અણગમો ન જોઈએ. જો મુક્તિ દ્વેષ હોય તો એ આશંસા અપેક્ષા સુધરે જ નહિ. એટલે જ પૂર્વે કહ્યું તેમ સંભૂતિમુનિને ચક્રવર્તીના ભોગસુખોની આશંસા અપેક્ષા થઈ, તે સુધરી જ નહિ કેમકે એમાં સાથે મુક્તિ પ્રત્યે અણગમો દ્વેષ થયેલો. એટલે તો ભાઈ મુનિએ જ્યાં એમને એવું નિયાણું ન કરવાનું સમજાવતાં કહ્યું કે આ તપ સંયમથી મોક્ષ મળી શકે એમ છે, ત્યારે એ સંભૂતિમુનિ કહે છે,-

**'ભાઈ ! હમણાં મોક્ષની વાત રહેવા દો.**

હમણાં તો મારે...આ શબ્દોની પાછળ હૈયામાં શું છે ? કહો, મોક્ષ પ્રત્યે અરુચિ અણગમો દ્વેષ છે, આમ મોક્ષ પ્રત્યે અ-દ્વેષ નહિ હોવાથી એની સાધનામાં ફળની અપેક્ષા બાધ્ય ફળાપેક્ષા નહિ. અ-બાધ્ય ફલાપેક્ષ બની. લૌકિક ફળની અપેક્ષા મોક્ષ તરફ અરુચિ ઉપેક્ષાવાળી હોય તો એમાં આગળ પર ઉપદેશ મળવા પર પણ સુધારો થવાનો નહિ. એ અપેક્ષા મટીને નિરાશંસ ભાવ નહિ આવવાનો. ત્યારે જેને મોક્ષ પ્રત્યે દ્વેષ અરુચિ અણગમો નથી ને એને ધર્મ કરતાં સાંસારિક ફળની આશંસાવાળું અસદ્ અનુષ્ઠાન હોવા છતાં એ; એ સદ્ અનુષ્ઠાનનો રાગ કરાવનારું બને છે કેમકે ધર્મ પ્રવૃત્તિમાં ગુરુના ઉપદેશનું શ્રવણ કરે છે, ને એમાં સમજવા મળે છે કે સંસારના કોઈ પણ પદાર્થની આશંસા અપેક્ષા કરવા જેવી નથી, તેથી હવે આશંસા મૂકી દઈ નિરાશંસભાવમાં આવે છે. તેથી એનું અનુષ્ઠાન નિરાશંસભાવવાળું સદ્ અનુષ્ઠાન બને છે.

અહીં જો એવી સમજ રાખે કે મારા દિલમાં સાંસારિક ધન આદિની આશંસાઓ અપેક્ષાઓ ભરી પડી છે, એ પૂરી કરવા દુન્યવી વેપાર આદિની પ્રવૃત્તિ તો કરું છું. પરંતુ એ સાંસારિક આશંસાથી જો ધર્મની પ્રવૃત્તિ કરું તો મારી ભારે દુર્ગતિ થાય, એમ કરી ધર્મથી આઘો રહે, તો ગુરુનો ઉપદેશ સાંભળવા સુધી પહોંચે જ શાનો ?

આ શું બતાવે છે ? આ જ, કે જીવ પહેલાં કોઈ લાલચથી ધર્મ કરવા આવે, અગર ધર્મ કરીને પોતાની સાંસારિક આપદા ટાળવાનું માગે, યા આજીવિકાદિ અર્થે પૈસા ટકા માગે, તો એને એમ ન કહેવાય કે તું સાંસારિક વસ્તુની લાલચથી



ધર્મ કરે છે ? યા ધર્મ કરીને સંસારના સુખ માગે છે ? તો જા, તારો ધર્મ અધર્મ કરતાં ભૂંડો છે, તું દુર્ગતિમાં ભટકીશ. તારો એ ધર્મ તને દુર્ગતિમાં રીબાવી રીબાવીને મારશે !...સાંસારિક ઇચ્છા પૂરવા ધર્મનું શરણું લે એ મહામૂર્ખ ને પાપપ્રવૃત્તિનું શરણું લે, એ શાણો.- આવું બધું એને કેમ ન કહેવાય ? કારણ એ છે કે જો એને મોક્ષ પ્રત્યે દ્વેષ નથી, તો બત્રીશ બત્રીશી શાસ્ત્ર વચનના હિસાબે આ એની ધર્મ પાસેથી સાંસારિક ફળની અપેક્ષા **'બાધ્ય'** કોટિની છે, એટલે કે એ પ્રજ્ઞાપનાધીન છે, અર્થાત ગુરુની સમજુતીને આધીન છે, એમ પણ ધર્મ કરતાં કરતાં એ સદ્ગુરુના ઉપદેશને પામશે, અને એથી એમ સમજશે કે,

**'દુન્યવી વિષયો વિષ સરખા છે માટે એની તૃષ્ણા આશંસા નહિ રાખવી જોઈએ.** તૃષ્ણા આશંસા ઓછી ઓછી કરતા ચાલવું જોઈએ. એને દબાવતા ચાલવું જોઈએ જેથી અંતે એ નામશેષ થઈ જાય.' આવી સમજ આવ્યા પછીથી સહેજે એ આશંસા વિનાનો નિરાશંસ ધર્મ કરતો રહેશે ત્યારે અહીં પૂછશો,-

**પ્ર.**- તો પછી તરંગવતી તો સમજુ તત્ત્વ ભણેલી શ્રાવિકા હતી, તો એણે પૂર્વ જન્મનો પતિ મેળવવાની આશંસાથી કેમ ૧૦૮ આયંબિલનો ધર્મ કરવા ધાર્યું ? એ ધર્મ તો આશંસાવાળો ધર્મ થયો સમજી એણે તો નિરાશંસ આયંબિલ તપ કરવો જોઈએ ને ?

ઉ.- એ તપધર્મ કરવા જે એણે ધાર્યું અને આયંબિલ તપ શરૂ પણ કર્યો, તે પૂર્વ પ્રિયને મેળવીને ચિત્તની વ્યાકુળતા વિહ્વળતા મિટાવવા માટે કર્યો હતો, એ મિટાવીને અવ્યાકુળ યાને શાંત ચિત્તે ધર્મસાધનાઓ કરવાના ઉદ્દેશથી કર્યો હતો.

**ધર્મપ્રવૃત્તિ માટે જેમ શરીર-સ્વસ્થતા આદિ બીજાં બીજાં સાધનની જરૂર છે, એમ માનસિક સ્વસ્થતાની પણ જરૂર છે,** જેથી ધર્મસાધનામાં વ્યાકુળતા-આર્તધ્યાનની દખલ ન રહે, અને ધર્મ ઉછળતા હરખથી ને જોમ ઉત્સાહથી થાય, દિવસોના ભૂખ્યાને કહો તું ભૂખ સહન કરી લે, ચિત્તની વિહ્વળતા કાઢી નાખ, અને ધર્મ કર, તો આ પેટમાં કૂવો ને વરઘોડો જુઓ કહેવા જેવું છે, ચિત્તની વિહ્વળતામાં ધર્મનું પ્રણિધાન જ ન થાય, પછી પ્રણિધાનપૂર્વકની ધર્મ-પ્રવૃત્તિ ક્યાંથી થવાની હતી ? જો એ નહિ, તો તો પછી ધર્મની સિદ્ધિ ય ક્યાંથી થાય ? માટે કહો, કોઈ **પણ ધર્મ-પ્રવૃત્તિમાં પ્રણિધાન જોઈએ જ, ને એ પ્રણિધાન માટે ચિત્તની સ્વસ્થતા જોઈએ જ.**

એવી ચિત્ત-સ્વસ્થતા માટે જ તરંગવતીએ પતિ વિયોગથી થતી અસ્વસ્થતા ટાળવા સારુ અને સ્વસ્થતાપૂર્વકની ધર્મપ્રવૃત્તિ કરવા સારુ એણે પતિ વિરહને તોડનાર અર્થાત્ પતિસંયોગકારી ૧૦૮ આયંબિલ તપની સાધના માંડી. શ્રદ્ધા છે કે જે તપ સર્વ દુઃખ ટાળવા સમર્થ છે, એ તપ મારા પતિ વિરહના નાના દુઃખને

જરૂર ટાળશે.. એમ જે તપ સર્વ ઈષ્ટ મેળવી આપવા સમર્થ છે, એ ઈષ્ટ પતિને જરૂર મેળવી આપશે. એ શ્રદ્ધાથી એ આયંબિલ ધપાવ્યે જાય છે.

શ્રીમતીએ પણ પૂર્વ જન્મના પતિ અહીં આર્દ્રકુમારને મેળવવા ૧૦૮ આયંબિલ કરેલા. તરંગવતી અને શ્રીમતી બંનેના પ્રસંગમાં શાસ્ત્રકાર ભગવંતોએ આવું કાંઈ કહ્યું નથી કે એણે વિષક્રિયા કરી. અધર્મ કરતાં ભૂંડો ધર્મ કર્યો એ એનાથી સંસારમાં રખડી પડી એવું કાંઈ લખ્યું નથી ઊલટું તરંગવતીની જે ભાવના લખી છે કે 'આયંબિલ તપથી સમસ્ત દુઃખો જાય' એ ભાવનાથી સૂચવ્યું છે કે 'તમારે દુઃખ ટાળવું હોય તો ભગવાન જિનેશ્વરદેવ અને એમના તપની આરાધના કરો,' દુઃખનાશ અને સુખપ્રાપ્તિ માટે એકમાત્ર ધર્મ જ ઉપાદેય છે.

અહીં સવાલ આ છે કે,

**"સંસારની કોઈ આપદા ટાળવી છે, યા કોઈ વસ્તુ જોઈએ છે, તો એ માટે પાપ કરવા સારા ? કે ધર્મ કરવો સારો ?"**

અહીં કેટલાક આશ્ચર્ય કરે છે, 'હેં ! સંસાર માટે ધર્મ કરવાનો ? એની સામે આ આશ્ચર્ય છે કે 'હેં ! સંસાર માટે ધર્મને બદલે પાપ કરવાના ? પૂછો

**પ્ર.**- પરંતુ સંસાર માટે ધર્મ કરે તો પાપ લાગે ને ?

ઉ.- એટલું વિચારો કે, દા.ત. કોઈનો પુત્ર કોઈ ભૂત વળગાડ વગેરે ગમે તે કારણે ગાંડો થઈ ગયો છે, તો હવે બાપ વળગાડ અને ગાંડપણ કાઢવા માટે મિયાના પીર પાસે જાય તો વધારે પાપ લાગે ? કે શંખેશ્વર ભગવાન પાસે જાય તો વધારે પાપ લાગે ? વધારે પાપ ક્યાં લાગે ? અહીં સંસાર માટે ધર્મ કરવામાં મોટું પાપ લાગે એમ કહેનારે તો આ જ ઉત્તર કરવો પડે કે, "પુત્રાદિ માટે અરિહંતભક્તિ કરનાર તો મહાપાપ બાંધે; એના બદલે મિથ્યાદષ્ટિદેવી-દેવતાની પૂજા માન્યતા કરે તો ઓછું પાપ બાંધે !" આ શું વાજબી છે ?

માનો, જંગલમાં બે માણસ ભૂલા પડી ગયા. રસ્તો જડતો નથી, એમાં કોઈ ઝુંપડું દેખ્યું. ત્યાં જઈ જુએ છે, તો એક માણસ બેઠો છે, એને રસ્તો પૂછે છે.

પેલો કહે છે, અહીં મારા શંકરભગવાનને પગે પડી નમસ્કાર કરો તો રસ્તો બતાવું.

ત્યારે બેમાંથી એક જણ બીજાને કહે છે આપણે મિથ્યાદેવને કાંઈ નમસ્કાર કરવો નથી, આપણે તો શંખેશ્વરભગવાનનું નામ લઈ ચાલો, રસ્તો મળી જશે.

ત્યારે બીજા કહે છે,- અરે ! રસ્તો જડવો એ તો સંસારનું કામ, સંસારના કામ માટે ભગવાનનું નામ લેવારૂપ ધર્મ થાય ? ધર્મ તો મોક્ષ માટે જ થાય એટલે આપણે તો અહીં શંકરદેવને નમસ્કાર કરી લેવાનો. એવું કહેનારે ત્યાં નમસ્કાર કરી લીધો. બીજાએ મક્કમ રહી શંખેશ્વર ભગવાનું નામ લઈ ચાલવા માંડ્યું, હવે



બોલો બે જણે જો પાપ બાંધ્યું હોય તો બેમાંથી કોણે વધારે પાપ બાંધ્યું ?

જીવનમાં એવા ઘણા પ્રસંગ આવે છે. હમણાં સુરત બનેલો પ્રસંગ છે. એક ભાઈએ બીજાને રૂા. બે લાખ ધીરેલા, લેનાર ભાઈએ બે મહિનામાં રૂપિયા પાછા આપી દેવાની કબૂલાત આપેલી, પરંતુ બે મહિનાના બે વરસ થઈ ગયેલા છતાં રૂપિયા પાછા વાળ્યાં નહિ, એમાં ગુંડા જેવા માણસોએ આ ધીરનારને કહ્યું શેઠ ! તમારા રૂપિયા લાવી આપીએ તમારે અમને ૧૦ ટકા એટલે કે રૂા. ૨૦/- હજાર આપવાના. આ પૂછે, શી રીતે લાવી આપશો ? ગુંડા કહે શેઠ ! નાક દબાવીએ તો મોં ઊઘડે અમે જાસાચિઠ્ઠી આપી દઈશું. એટલે એની મેળે પગે પડતો રૂપિયા હાજર કરશે.

ધીરનારે જોયું કે આમાં કદાચ આ લોકો દેવાદારને કશી મોટી હાનિ પહોંચાડી દે તો ? આપણે કાંઈ આવો પાપપ્રપંચ કરવો કરાવવો નથી. આપણે તો ભગવાનની ભક્તિ કરી અરજી કરશું પ્રભુ ! પેલાને સદ્બુદ્ધિ આપજો, જેથી મારા કેશ બે લાખ રૂપિયા લઈ ગયેલો તરત પાછા વાળે,' આ બનેલી હકીકત છે.

અહીં બોલો, આવી રીતે પૈસાના સંસાર સુખ માટે ગુંડાને કામ સોંપ્યું હોત તો વધારે પાપ બાંધત ? કે પૈસા માટે ભગવાનની પૂજા ભક્તિ કરી એમાં વધારે પાપ બાંધ્યું ? "સંસાર માટે ધર્મ કરાતો હશે ? ધર્મ કરીને ધર્મ પાસે સંસાર સુખ મંગાતું હશે ? એવો ધર્મ તો અધર્મ કરતાં મહાભૂંડો" એમ કહેનારના હિસાબે આ દાખલામાં એમ જ કહેવું પડે કે, પૈસા માટે ગુંડાને કામ સોંપવામાં ઓછું પાપ, અને ભગવાનની ભક્તિ અને પ્રાર્થના કરવામાં ભયંકર પાપ !'

**પ્ર.**- પતિ-સંયોગ એ તો સંસારની ચીજ છે, એ મેળવવા માટે ધર્મ થાય ? ધર્મ તો મોક્ષ માટે જ કરવાનો ને ? કે સંસાર સુખ માટે ?

ઉ.- અહીં સામે સવાલ ઊઠે છે કે, **સંસારની ચીજ માટે ધર્મ ન થાય તો પાપ થાય ?**

તરંગવતીને ઈષ્ટ પતિ જોઈએ છે, તો એ માટે શું એણે ચંડીભવાનીને પૂજવા ? શું મિથ્યા દેવદેવીની માન્યતા રાખવી ?

'આત્મ-પ્રબોધ'-શાસ્ત્રમાં સુલસાના અધિકારમાં લખ્યું છે કે શ્રેણિક મહારાજના અમલદાર પતિ નાગરથિકને પુત્ર જોઈતો હતો એ માટે સુલસાએ જ્યારે એને કહ્યું કે, 'મારા ભાગ્યમાં પુત્ર નથી, તો તમે બીજી પત્ની કરી લો, ત્યારે પતિ કહે છે, 'આ જનમમાં તારા સિવાય બીજી સ્ત્રી મારે કરવાની નથી એ નિશ્ચિત છે. મારે તો તારા થકી જ પુત્ર જોઈએ છે. એ માટે તું કોઈ દેવી દેવતાની માન્યતા કર'

ત્યારે સુલસા કહે છે, હું શા માટે મારા અરિહંતદેવને મૂકી બીજા પાસે

જાઉં ? હું તો અરિહંતની જ પાસે માગીશ. એ માટે અરિહંતની વિશેષ પૂજા ભક્તિ અને અરિહંતે કહેલ ત્યાગ તપસ્યા આચરીશ ! એમ કરી એણે અરિહંતની પૂજા ભક્તિ વગેરે વધારી દીધું. આમાં સ્પષ્ટ થશે કે સુલસાએ સંસારની વસ્તુ માટે ધર્મ કર્યો.

એમ તરંગવતીએ પૂર્વના પ્રિયને મેળવવા ૧૦૮ આયંબિલ આદર્યા તો શું સુલસા તરંગવતી વગેરેએ જે ધર્મ કર્યો તે અધર્મથી ય ભૂંડો ? શું એથી દુર્ગતિમાં રીબાવી રીબાવીને મારે એવા પાપ બાંધ્યા ?

તરંગવતીને ૧૦૮ આયંબિલ ચાલવા માંડ્યા. એ સુકોમળ શરીરની છે, તેથી શરીર દૂબળું પડે છે, પરંતુ એનું એને દુઃખ નથી. એનો આત્મ દૂબળો નથી પડતો; અલબત પ્રિય-વિરહનો શોક હજી ઊભો છે તેથી એની એના મનને દૂબળાશ છે. ખૂબી કેવી થઈ ! કુટુંબીઓ એને દૂબળી પડતી જુએ છે એટલે એમ સમજે છે કે એ તપને લીધે દૂબળી છે. ત્યારે વાસ્તવમાં એ પ્રિયવિરહના શોકથી દૂબળી પડેલી છે. કહે છે ને કે સ્નેહના કામના બાણ જેને વાગ્યા હોય તે એનું દુઃખ જાણે, બીજાને એને ખબર ન પડે; એમ તરંગવતીના શોકનું કષ્ટ તરંગવતી જાણે છે. બીજાઓ એના આયંબિલને કષ્ટમય દેખે છે.

**સમકિતીને અંતરમાં કેટલાં દુઃખ ? :-**

શાસ્ત્રો સમ્યક્ત્વવાળાની આ સ્થિતિ બતાવે છે કે એ બહારથી સુખી પરંતુ અંતરથી દુઃખી, કેમકે બહારથી એ સંસારના વૈભવ પરિવારવાળો હોઈ શકે, તેથી લોક એને સુખી તરીકે દેખે છે, પરંતુ અંદરથી એનું મન જાણે છે, એને

(૧) સંસારમાં ફસામણ, (૨) પાપોની પરાધીનતા,

(૩) આત્મ સમૃદ્ધિનો વિયોગ, (૪) ગુણોની દરિદ્રતા,

(૫) જન્મ મરણની વિટંબણા, (૬) કર્મ-પીડિતતા...

વગેરે વગેરે ઘણી વાતનું એના હૈયે ભારે દુઃખ છે.

ભરત ચક્રવર્તી લોકોને સુખી દેખાતા હતા પરંતુ 'મનહી મેં વૈરાગી ભરતજી' મનમાં પોતાના આત્માની ભાવશત્રુ રાગાદિથી થઈ રહેલ કત્લથી એ ભારે દુઃખી હતા.

તરંગવતીએ આયંબિલની તપસ્યા તો કરી, છતાં અંતરમાં શોક સતાવતો હતો, એમાં એણે જોયું કે આમ પ્રિયના સંગ માટે ખાલી ખાલી ઝુરતા બેસી રહેવાનો કંઈ અર્થ નથી. કોઈ રચનાત્મક ઉપાય કરવો જોઈએ. ઉપાય, આ કે જેમ મને જાતિસ્મરણજ્ઞાન થયું, એમ જો પ્રિય અહીં મનુષ્ય તરીકે જન્મી પડ્યો હોય, અને એ કોઈ રીતે જાતિસ્મરણજ્ઞાન થાય, તો એ પૂર્વ ભવના મારી સાથેના સંબંધની વાત કરે, અને એ પરથી ઓળખાઈ જાય કે આ જ મારો પૂર્વના પ્રિય !' પ્રશ્ન આ,-



**પ્રિય જાતિસ્મરણ થવાનો ઉપાય શો ? :-**

તરંગવતી ગૃહિણીને કહે છે,- અહીં ઉપાય આ સૂઝયો કે 'હું પૂર્વ ભવનું ચિત્ર બનાવું અને કોઈ તહેવારના દિવસે જાહેરમાં ચિત્ર ખુલ્લું મૂકાવું હજારો માણસ એ જોતા જાય, એમાં નથી ને કદાચ મારા પ્રિયનો જીવ આવી જાય, અને એ ચિત્ર જુએ તો મને ખાતરી છે કે એને પણ જાતિસ્મરણજ્ઞાન થઈ જાય. તો તો પછી એ જ મને શોધતો આવે.' એમાં વળી કૌમુદીમહોત્સવ આવવાનો છે, એ વખતે શહેર આખું એ જોવા નીકળશે, ત્યાં એ દાસી પાસે ખડું કરી શકાશે, અને એ જોનારાઓમાં સંભવ છે મારો પૂર્વ પ્રિય આવી ગયો, તો કાર્યસિદ્ધિ થવા સંભવ છે.'

પ્રિયનો પત્તો મેળવવાની કેટલી બધી લગન છે.

**પ્રિય પરમાત્માનો પત્તો મેળવવા શું કરવું ? :-**

મહર્ષિઓ કહે છે આપણા અંતરમાં પ્રિય પરમાત્માનો વાસ છે, હવે જો એ શોધી કાઢવામાં આવે, અને પહેલાં સંભેદધ્યાન અને પછી અભેદધ્યાન ધરવામાં આવે, તો પોતાના આત્મા પરમાત્માના પ્રભાવવાળો બને છે. જુઓ, કલ્યાણમંદિરની ગાથામાં

**'आत्मा मनीषिभिरयं त्वदभेदबुध्द्या ।**

**ध्यातो जिनेन्द्र ! भवतीह भवत्प्रभावः ॥**

અર્થાત્ બુદ્ધિમાનો વડે હે જિનેન્દ્રદેવ ! આ આત્માનું તમારી સાથે અભેદ-બુદ્ધિથી ધ્યાન કરવામાં આવે તો તે તમારા જેવા પ્રભાવવાળો બને છે.

મહર્ષિઓનું આ ટંકશાળી વચન ધ્યાન પર લઈને આપણા પ્રિય પરમાત્માનું ક્યારે ધ્યાન કરીએ છીએ ? અતંરમાં પ્રભુનો કાંઈક પણ પત્તો લાગે એ માટે શી યોજના કરીએ છીએ ? પ્રભુના જીવનપ્રસંગના ચિત્રપટ્ટ એ એક યોજના છે. એના આધારે ચિંતન ધ્યાન કરતા રહેવાય, તો પ્રભુની લેશ પણ ઝાંખી મળે એમ છે. ત્યારે સંસારના પ્રિય ખાતર એવી યોજના કરાય, પ્રિયનો પત્તો મેળવવા જહેમત ઉઠાવાય, એ બધું ખપે, માત્ર પરમાત્મા માટે એ નથી ખપતું ! કેવો પ્રભુ-પ્રેમ !

તરંગવતી સાધ્વીજી શેઠાણીને કહી રહી છે કે મને પૂર્વ પ્રિયના વિરહનો શોક શમતો નહોતો, તેમજ મારે એનો સંયોગ મેળવવો હતો, એટલે મેં મારા પૂર્વ ભવનું ચિત્ર તૈયાર કર્યું.

**તરંગવતીએ ચિત્રમાં શું શું આલેખ્યું ? :-**

ચિત્રમાં એક બાજુ નદી વહી રહી છે, એમાં અનેક પંખેરા ખેલી રહ્યા છે. એમાં હું પણ ચકોરી તરીકે મારા પ્રિય ચકોર સાથે ઘડીમાં નદીમાં ઘડીમાં નદીના કાંઠાની રેતીમાં ખેલી રહી હતી. એમાં એક વિશાળ હાથી આવ્યો છે, એય નદીમાં સૂંઢમાં પાણી ભરીને ઊંચે ફૂંકારી રહ્યો છે. ત્યાં એક ઝાડ પરથી યુવાન શિકારી

હાથીનો શિકાર કરવા બાણ હાથી સુધી પહોંચે એ પહેલાં વચમાં જ ઊડતા મારા પ્રિય ચકોરને વીંધે છે એ દેખાડ્યું છે. ચકોર ઘવાઈને બાણ સાથે નીચે પાણીમાં પડે છે. હું અતિ ખિન્ન થઈ બાણ સાથે એને ખેંચી જઈ કિનારે લાવું છું, ને માથું પછાડી કલ્પાંત કરું છું. ત્યાં પેલો શિકારી ખિન્ન થઈ, આવીને મારા પ્રિયના શરીરને મૂકી અગ્નિસંસ્કાર કરે છે. ત્યારે ઉપરમાં ભમતી હું ચિતામાં પડી બળી મરું છું. ચિત્રમાં ગંગા નદીની આસપાસ ઘણા વૃક્ષો છે, કમળોનું સરોવર છે, વગેરે વગેરે પ્રસંગો ચિતરીને મેં ચિત્રપટ્ટ તૈયાર કર્યો.

ચિત્રપટ્ટ તૈયાર કરીને જ્યારે હું એ જોઉં છું ત્યારે એમાં મારા જીવન પ્રસંગો બધા આબેહુબ દેખાવા લાગ્યા, અને મારો શોક ઓર વધી ગયો ! આખે આંસુ છલકાયા, ને હું રોવા માંડી તે હાય ! હે મારા પ્રિય ! તમે આમ વીંધાયા ? ને મર્યા ! તમે ક્યાં ગયા ? એમ કલ્પાંત કરતી રોવા મંડી.

**ચિત્ર કેવુંક કામ કરે છે !** માણસ સ્વસ્થ બેઠો હોય પણ એવું કાંઈક ચિત્ર જો નજર સામે આવે, તો દિલમાં એને અનુરૂપ ભાવ ઊછળે છે, દા.ત. સિદ્ધગિરીનું ચિત્ર, તે પણ અક્ષયતૃતીયાના દશ્યોવાળું નજર સામે આવે, તો દિલમાં એકદમ હર્ષોલ્લાસ અને તીર્થભક્તિના ભાવ ઊભરાય છે. એના બદલે મસાણનું ચિત્ર નજર સામે આવે કે જેમાં મડદાં બળતા દેખાડયા હોય, તો એ જોઈને દિલમાં જીવન અને વૈભવ-પરિવારની અસારતા પર વૈરાગ્ય ભાવ ઊછળે છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"      વર્ષ-૩૪,અંક-૫,તા.૫-૧૦-૧૯૮૫**

સમરાદિત્ય કેવળીનો જીવ પહેલા ભવે રાજા ગુણસેન તાજો ધર્મ પામેલો છે. તે એકવાર ઝરુખામાં બેઠા કોઈની સ્મશાન-યાત્રા જુએ છે, ને એ જોતાં એમનો વૈરાગ્ય વધી જાય છે, તે તરત દીકરાને રાજ્યગાદીએ બેસાડી બીજા દિવસે ગુરુ પાસે જઈ દીક્ષા લેવાના નિર્ણયથી મહેલના એકાન્ત ભાગમાં ધ્યાનમાં બેસી જાય છે. આ દશ્યની અસર આજે સિનેમા-ટી.વી.-વીડિયો પેપરોમાંનાં બિભત્સ ચિત્રો વગેરે જોતા રહેનારની કઈ દશા ? એની મન પર કેવીક અસરો ? એના ઢગલા બંધ પડેલા ઊંડા સંસ્કારો પરભવે લઈ ગયે ત્યાં કેવા ભયંકર પરિણામ ?

**ઠાઠડી ને ડાઘુનું ચિત્ર :-**

મેસાણા 'સુધારા-ખાતાની પેઢી' એટલે કે જૈન સંઘની પેઢી, એમાં કેટલાક વરસો પૂર્વે સાધારણ ખાતાના માથે દેવદ્રવ્યનું ૪૦૦૦૦ રૂપિયાનું દેવું ખેંચાયા કરતું હતું; તેથી મેસાણાના એક મુંબઈવાસી ભાઈને લાગી આવ્યું. પોતાની તેવી સ્થિતિ



નહિ, તેથી એકવાર એક સામયિકમાં છપાવેલ કાર્ટુન ખીસામાં ઘાલી ટીપ કરવા નીકળી પડ્યા. પહેલ પહેલાં એક મેસાણાના શ્રીમંતને ત્યાં જઈને એમણે વાત કરી કે,

આપણા સંઘની કેવી કમનસીબી છે કે સાધારણ ખાતાને આટલું દેવદ્રવ્યનું દેવું વર્ષોથી ખેંચાતું રહે છે. આ દેવું એટલે ? આપણે દેવદ્રવ્યનું ખાઈએ છીએ. તમારા જેવા સુખી આગેવાન શેઠ છે ને આમ ?

પેલા ભાઈ કહે 'ચમનભાઈ ! શું થાય ? એકલેથી થોડું પહોંચાય એવું છે ? લો તમે ટીપ કરતા હો, તો મારા લખી લો ૫૦૦/- રૂપિયા !'

ચમનભાઈ કહે શેઠ મારા ! તમારા જેવાના ૫૦૦ રૂા.ના મથાળિયાથી ૪૦ હજારની રકમ થવાની છે ?'

શ્રીમંત કહે જુઓ ભાગ્યશાળી ! અમારે પણ બીજી ટીપો વગેરે ભરવાનું જોવાનું હોય છે ને ? ત્યાં ચમનભાઈએ ખીસામાંથી કાર્ટુન કાઢી બતાવ્યું.

**કાર્ટુનમાં શું ચિતરેલું હતું ? :-**

ચાર માણસો નિર્જન વેરાન ભૂમિ પર ખાંધે એક મડદાની ઠાઠડી ઉપાડીને ચાલતા હતા, આગળ એક દોણીવાળો, ને પાછળ ત્રણ ડાઘુ મોંઢે કપડું દઈ રોતા રોતા ચાલતા હતા. બસ, આટલી જ આકૃતિઓ, બાકી વિશાળ પ્લેઈન જમીન અને ઉપર આકાશ દેખાતું હતું.

ચમનભાઈ આ કાર્ટુન બતાવીને કહે,- જુઓ, શેઠ ! અંતકાળે આપણી આ દશા થવાની છે. આજે પાસે ભલે લાખો રૂપિયા હોય, પણ અહીંથી વિદાય લેતાં એક તાંબિયો પૈસો સાથે નહિ લઈ જઈ શકાય, ને લાકો રૂપિયા મૂકીને મર્યા તે રૂપિયા પાછળવાળા ભોગવશે, પારાવાર ષટ્કાય જીવોની હિંસામય આરંભ સમારંભ કરશે ! અને વિષય વિલાસોમાં ખરચશે ! એના કરતાં શેઠ અહીં આપણે જીવતા છીએ ત્યાં સુધી ભરચક સુકૃત કરી લેવા સારા.'

**ઠાઠડીના ચિત્ર પર હૈયે ધક્કો : મૂર્તિપૂજા :-**

પેલા શ્રીમંતની આ ભાઈની વાગ્ધારા સાંભળવા સાથે ઠાઠડીનું ચિત્ર કાર્ટુન જોતાં આંતરના ચક્ષુ ખૂલી ગયા ! કહે છે લ્યો ! ચમનભાઈ ! મારા અગિયાર હજાર એકસો અગિયાર રૂપિયા લખી લો, અને બીજે ફરી વળી આ કાર્ટુન દેખાડી મારી જેમ બીજાની આંખ ખોલી નાખો. ચિત્ર કેવું ક ગજબનું કામ કરે છે. મૂર્તિનો વિરોધ કરનારને ગમ નથી કે (૧) એ કરીને અમે ભગવાનની મૂર્તિ અને ચિત્ર વગેરેની દર્શન-પૂજાથી હજારો ભવ્ય જીવોને વંચિત રાખી કેવાક અંતરાય મહાપાપ બાંધીએ છીએ ? (૨) ભવ્યાત્માઓને વીતરાગની મૂર્તિ અને ચિત્રથી ઉત્પન્ન થવા શક્ય શુભ અધ્યવસાયોથી કેવા વંચિત રાખીએ છીએ ? સંસારી જીવનમાં જ્યારે અશુભ

અધ્યવસાએ ઠમઠોક ચાલે છે, ત્યાં વીતરાગની મૂર્તિ ને ચિત્ર મનને ખેંચી એમાંથી બચાવી લે છે, ને શુભ અધ્યવસાયોની ભેટ કરે છે ! કેવો મહાલાભ ! ત્યારે

**આ જીવનમાં ખાસ કરવા કમાવા જેવું શું છે ? કહો, મનના શુભ અધ્યવસાયો.**

**શુભ ભાવો માટે જ ધર્મ ક્રિયાઓ છે, ધર્મ-યોગો છે, ધર્મની સાધનાઓ છે.**

જિનાગમની જેન જિનપ્રતિમા યાને વીતરાગની મૂર્તિ શુભ અધ્યવસાયનું પ્રબળ સાધન છે, કહ્યું છે ને,

**'વિષમકાળે જિનબિંબ-જિનાગમ ભવિયણકું આધારા'**

ચિત્રની વાત હતી, તરંગવતી પૂર્વ જન્મનું પોતાના પ્રિય સાથેનાં જીવન પ્રસંગોના આલેખતું ચિત્ર બનાવી, પછી એને ગંભીરતાથી જોતાં એના દિલમાં શોક ઉછળે છે. જાતિસ્મરણ જ્ઞાનથી જે શોક થયેલો એમાં આ ચિત્ર વધારો કરે છે. માટે બિભત્સ ચિત્રો શૃંગારી ચિત્રો સ્ત્રીનાં ચિત્ર વગેરે જોવાની ખાસ મનાઈ છે. તરંગવતી રોતી હતી એને સખી સારસિકા કહે છે,- 'બેન ! શું કામ રડે ? હું જાણું છું તને પ્રિયના વિરહનું દુઃખ છે, પરંતુ આમ રોવાથી એનો સમાગમ થોડો જ મળવાનો ?'' પૂછશો

**જ્ઞાની કેમ મોહવશ ? :-**

**પ્ર.**- તરંગવતી તો સારું ધર્મનું ભણેલી અને સમજુ છે, તો એ કેમ આમ રોતી હશે ?

**ઉ.**- જ્ઞાનીઓ કહે છે મોહનીયકર્મની એવી પ્રબળતા છે કે એ ઉદયમાં આવતાં જીવને શુનમુન બનાવી દે, સાન-ભાન ભુલાવી દે. આપણને ખબર નથી કે આપણા આત્માના કોથળામાં કેવાં કેવાં ને કેટલાં કર્મ સંગૃહીત પડેલા છે ? માટે જ એ ઉદયમાં આવે એ પહેલાં જ એનો ક્ષય કરનારી શક્ય એટલી જિનભક્તિ જિનવાણી, ત્યાગ અને દાનાદિ ચાર પ્રકારનો ધર્મ સેવતા રહેવાનું છે, જેથી એવા મોહનીય કર્મ નષ્ટ થઈ જાય, તો એના દુઃખદ વિપાક ભોગવવા ન પડે.

**જાહેરમાં ચિત્રપટ્ટ-પ્રદર્શનની ભલામણ :-**

તરંગવતી કહે છે, 'સારસિકા ! હું જાણું છું કે રોવાથી કાંઈ નહિ, વળે; પણ સામે ચિત્ર એટલે જાણે આબેહુબ પ્રસંગો છે ! એ જોતાં રોવાઈ જાય છે. પરંતુ તું એક કામ કર, કૌમુદીમહોત્સવ નજીકમાં છે, એ વખતે લોકોનો મોટો મેળો ભરાશે. ત્યાં તું આ ચિત્ર લઈને જજે ત્યાં હજારો લોકોની દૃષ્ટિ પડે એવા ભાગમાં આ ચિત્રપટ્ટ લઈને ઊભી રહેજે, અને જોયા કરજે કે કોઈ પ્રેક્ષકને આ ચિત્ર જોતાં અસર થાય છે કે કેમ ? મને તો લાગે છે કે જો મારો પ્રિય અહીં જનમ્યો હશે, તો મહોત્સવમાં જોવા આવે એવો સંભવ છે. એ જો આ ચિત્ર



જોશે, તો જરૂર એ જોતાં એને જાતિસ્મરણ જ્ઞાન થઈ જાય, તો એ મૂર્ચ્છા ખાઈ જાય, અથવા એના મિત્રો સાથે આ અંગે વાતો કરવા માંડે. એ પરથી સમજી લેજે કે એ મારો પ્રિય હશે. એને તું બરાબર ઓળખી લેજે, અને બને તો પૂછી લેજે કે કેમ મૂર્ચ્છા આવી ?'

**પ્રભુદર્શનમાં શેની જહેમત ? :-**

માણસને કોઈ ચીજની તમન્ના જાગે ને લગન લાગે, પછી એની પાછળ કેટકેટલી જહેમત ઉઠાવે છે ! અને કેટકેટલી તકેદારી રાખે છે ! તો તપાસવા જેવું છે, કે પ્રભુનાં દર્શન આદિ ધર્મ સાધનામાં પણ એવી આપણી જહેમત અને તકેદારી ખરી ? શાકભાજી જેવી સામાન્ય ચીજ પણ ખરીદવી છે તો માણસ તકેદારી રાખે છે, વળી વાસી ન આવે સડેલી ન આવે; એટલે તાજી અને સડા વિનાની શોધવા જહેમત ઉઠાવે છે. શું દર્શનમાં આ નહિ જોવાનું કે હું દર્શન તાજાં સ્ફુર્તિવાળા કરું છું ? એમાં શુભ ભાવો ઉછાળવા જહેમત ઉઠાવું છું ? પૂર્વ પુરુષોને ધર્મથી કામ સિધ્યા છે, તો મારે જહેમત અને તકેદારીવાળા ધર્માનુષ્ઠાન-સેવનથી મારે કામ કેમ ન સીઝે ? પછી દર્શન ક્રિયામાં જહેમત એવી કે પ્રભુ પર આંખ અને હૈયું એવા ચોંટી જાય કે ત્યાંથી આંખ સહેજ પણ બીજે જાય નહિ, પ્રભુને જોયા જ કરું, જોયા જ કરું. એમ થયા કરે દર્શનમાં તકેદારી એવી કે બીજો કોઈ વિચાર આવે નહિ, ને પ્રભુનાં જીવનનાં સુકૃતો સદ્ગુણો પરાક્રમો નજર સામે હૂબહૂ લાવ્યા કરે. તરંગવતીને પતિ સમાગમ જોઈએ છે, તેથી ભારે જહેમતથી ચિત્રપટ્ટ તૈયાર કરેલો, તે સખીને એના પર હવે શું કરવું, એની સમજ આપે છે.

**સખીને કૌમુદીમાં મોકલે છે :-**

કૌમુદી મહોત્સવનો દિવસ આવી લાગ્યો. આજે આગલો ચૌદશનો દિવસ છે, તરંગવતીએ ઉપવાસ કર્યો છે, સાંજના પ્રતિક્રમણ કરે છે. ચોમાસી અતિચારોનું આલોચના પ્રતિક્રમણ કરે છે, સર્વ જીવોને ક્ષમાપના કરે છે. અહીં જોવા જેવું છે કે તરંગવતી એક બાજું સાંસારિક મોહમાં ફસાયેલી છે, છતાં અંતરથી કેવી જાગ્રત છે કે એને શ્રાવકધર્મના આચાર અનુષ્ઠાન બજાવવામાં પ્રમાદ નથી ! પૂછો, એવા મોટા શ્રીમંત ઘરની દીકરીમાં હૈયે ધર્મની આ સુવાસ ? હા, કેમકે ઘરમાલિક સ્વયં મહાન શ્રાવકધર્મનું જીવન જીવી રહ્યા હતા, અને કુટુંબને પહેલેથી જ ધર્મમાં જોડી રહ્યા હતા.

**વડીલપણું કોને કહેવાય ? :-**

આર્યદેશમાં વડીલપણું બજાવ્યું શાને કહેવાય ? શું માત્ર રૂપિયા કમાઈને કુટુંબને ભરણપોષણ કરવું એટલામાં જ વડીલપણું કૃતકૃત્ય થઈ ગયું ? એ તો અનાર્ય માણસો પણ કરે છે. આશ્રિતના ખોળિયાની ચિંતા ઉપરાંત એના આત્માની

ને એના પરલોકની ચિંતા કરવાનું મોટું કર્તવ્ય એના માથે છે. એ ધર્મ કર્તવ્ય બજાવનાર વડીલો આજે જગતમાં ઓછા થઈ ગયા, તો આ ધર્મ કર્તવ્ય નહિ બજાવનારા વડીલ પોતાના સંતાનથી સુખી પણ નથી, તેમ સંતાન પણ સુખી નથી. સુખશાન્તિ ધર્મી જીવનમાં બહુ સુલભ. પૂછો,-

**પ્ર.**- ધર્માત્માને સુખશાન્તિ સુલભ કેમ ?

ઉ.- એનું કારણ ધર્માત્માને સમાધાન કરી લેતાં આવડે છે. માણસ દુઃખી કેમ થાય છે ? બાહ્યની અગવડ કરતાં મનની વ્યાકુળતા માણસને દુઃખી કરે છે. જો વ્યાકુળતા ન હોય તો કશું દુઃખ નથી લાગતું. **ધર્મની સમજ મનને સમાધાન કરી આપી વ્યાકુળતા દૂર કરી દે છે.**

દા.ત. વેપારમાં પૈસા ખોયા. ધર્મસમજથી મનને એમ થાય કે

**અશુભોદયમાં મનને ૪ સમાધાન :-**

(૧) પૈસા મળ્યા હતા તે શુભ કર્મનો ઉદયે, એ સહજ છે. તો હવે અશુભ કર્મનો ઉદય થયો ને પૈસા જાય એ પણ સહજ છે, એમાં હૈયાના ભાવ બગાડવાની જરૂર નથી.

(૨) આમાં કાંઈક કુદરતનો સંકેત હશે કે પૈસા છતે કાંક પાપના કામમાં પહોળો થાત, અથવા કોઈક અનર્થ આવત, તે પૈસા ગયે બચી જવાશે.

(૩) મારા અરિહંત પ્રભુના અચિંત્ય પ્રભાવે ઇષ્ટફળસિદ્ધિ થઈ જવાની છે, અર્થાત્ હું પ્રભુને શરણે રહું તો મારી ચિંતા જાણે મારા પ્રભુ કરવાના છે. પછી હું શું કામ વ્યાકુળતા-વિહ્વળતા કરું ?

(૪) **કર્મના ઉદયે તો મારી બાહ્ય મૂડી બગાડી, મારું હૈયું નહિ. પણ હવે દીનતાના વિચાર કરી હું મારું હૈયું મારી જાતે શું કામ બગાડું ?**

એ બગાડવાથી બીજાં સુખસાધનો હયાત છતાં એની સુખશાન્તિ લોપાઈ જશે...' ઇત્યાદિ મનને સમાધાન કરી લેવાથી ચિત્ત વ્યાકુળ ન થતાં સુખશાન્તિ અખંડ ચાલે છે આમ ધર્માત્માને સુખશાન્તિ સુલભ છે.

**પ્ર.**- પણ કુટુંબી કજિયાળા હોય તો ક્યાંથી સુખશાન્તિ રહે ?

ઉ.- ત્યાંય ધર્માત્મા મનને આ સામાધાન કરી લે છે કે જીવનમાં અનેક મુદ્દા હોય છે, ને મુદ્દા મુદ્દાવાર નડનાર શુભાશુભ કર્મ જુદા જુદા હોય છે. તેથી માનો પૈસા સંબંધી આજે શુભોદય છે, પણ કુટુંબી સંબંધી અશુભોદય હોય, તો પૈસા તો સારા મળી જવા છતાં પણ કુટુંબી અનુકૂળ ન મળે. આમાં કોના પર મદાર બાંધવો ? હમણાં કુટુંબી સારા મળેલા છતાં દુઃખ રહેવાનું. તો નિશ્ચિત સુખ ક્યાં રહ્યું ? માટે આ બધું ગણિત જ ખોટું કે પૈસાથી સુખ યા સરખા કુટુંબીથી સુખ'...



વગેરે સાચું ગણિત આ, કે **મનની સ્વસ્થતા હોય તો સુખ, અસ્વસ્થતા હોય તો દુઃખ,** પછી બાહ્ય પૈસા ગયા છતાં મનને સમાધાન કરી લીધું કે 'ચક્રવર્તીના મોટા, છ ખંડના સામ્રાજ્ય ગયા, મારે તે શું એવું ગયું છે ? ઊલટું મમતા પાપની બલા ઓછી થઈ સારું થયું;' તો એને સુખશાન્તિ રહેવાની.

મૂળમાં, સાચી ધર્મની સમજ જોઈએ, તો સમાધાન કરી લેતાં આવડે. **જેના જીવનમાં ધર્મ નથી, ધર્મની સમજ નથી, એને કલેશનો પાર નથી.**

તરંગવતી એવા કુલમાં જન્મી છે. એવા એને ધર્મિષ્ઠ માતાપિતા મળ્યા છે, તેથી કાલે કૌમુદી મહોત્સવમાં પોતાના પૂર્વ પ્રિયની શોધ માટે ચિત્ર મોકલવું છે, એનો હરખ હોય ને ? છતાં આજે એ ચૌદશ મોટી તિથિની આરાધના ચૂકવાની વાત નહિ! એમની ધર્મચર્યામાં પણ સવારે સંક્ષિપ્ત પ્રતિક્રમણ જિનભક્તિ વગેરે ધર્મસાધનાઓ કર્યે જવાની, એમાં ય ક્યારે વિશિષ્ટ કાર્ય માટે બહાર જવું હોય ત્યારે પણ અરિહંતભક્તિ કરવાપૂર્વક બહાર નીકળવાનું. ચૌદશના બીજે દિવસ કૌમુદી મહોત્સવ નગરમાં દાનનો મહિમા ચાલ્યો. લોકો મકાનના દરવાજે ઊભા રહી ઘોષણા કરે છે. માગો માગો જોઈએ તે માગો. લ્યો આ કપડાં લો અનાજ પાણી લો, લૂલા-લંગડા માટે વાહન લો, એવા પણ દાતારો છે, ને સામાની ઇચ્છા પ્રમાણે દેનારા છે.

આના પરથી એ કાળના લોક જીવનનો ખ્યાલ આવે છે. આજે દેનારના તોટા છે. લેનારના તોટા નથી. એ કાળે લેનારના તોટા, એટલે દેનારાને ઘોષણા કરવી પડતી કે આવો આવો, માગો જોઈએ તે માગો. તે કેમ આ ફરક ? કારણ આ, કે આજે માત્ર આ લોક સામે દૃષ્ટિ રહે છે, એટલે એટલું જ જુએ છે જાતે ખાધું તો સુખી થયા; પણ બીજાને જો દઈ દઈએ તો એટલું આપણે ગુમાવ્યું. ત્યારે પૂર્વ કાળે લોકો પરલોક સામે જોનારા હતા, તેથી લોકોમાં દાનરુચિ પ્રસરેલી હતી.

**દાન શા માટે ? :-**

આર્ય સંસ્કૃતિ આલોક પછી પરલોકને માનનારી એટલે લોકો સમજતા કે અહીંથી ઊઠીને આગળ નવા જનમમાં આત્માએ ચાલવાનું છે, ને ત્યાં અહીનીં **'કરણી તેવી ભરણી'** થવાની છે તેથી અહીં દીધું હશે તો ત્યાં પામવાનું છે. કુદરતનો હિસાબ છે **'વાવો તેવું લણો,' 'દ્યો તેવું પામો.'** અહીં પણ પામ્યા છીએ, કિન્તુ નહિ કે પૂર્વ જનમમાં બીજાનું લુટ્યું માટે પામ્યા; અથવા પૂર્વે માત્ર સ્વાર્થમાયા રાખી કોઈને કશું દીધું નહિ માટે અહીં પામ્યા !' એવું નથી. જો એમ લાગતું હોત તો તો આખું જગત પામી ગયેલું દેખાત. વસ્તુસ્થિતિએ દેખાય છે જગતના ઘણા જીવો દુઃખી છે, સુખ પામ્યા નથી; કેમકે ઘણા જીવો બીજાને સુખ દેવાનું શીખ્યા જ નથી. એ તો પરલોક માનનારા લોકો દે છે. એમાં વળી જે લોકો તપ સંયમને

વહન કરનારા ત્યાગી મહાત્માઓને દે છે, એ વિશિષ્ટ કોટિના પુણ્ય કમાય છે; ને તેથી પરલોકમાં આર્યદેશમાં ઉચ્ચગોત્રના કળોમાં જન્મ પામનારા બને છે, અને આરોગ્ય સંપત્તિ-યશ વગેરેના ભાગી બને છે. પૂર્વ કર્મ ઉચ્ચ કોટિનો પાક આપે છે. એમ ત્યાગી-સંયમી-તપસ્વી મહાત્માઓ એ ઉચ્ચ પાત્ર છે, એમાં દીધેલું ઉચ્ચ કોટિના પુણ્યના વિપાક દેખાડે એ સહજ છે.

શાલિભદ્રનો જીવ પૂર્વભવે મજૂરણનો દીકરો, તે બીજા જન્મે શાલિભદ્ર કેમ બની ગયો ? કહો એણે માસખમણના મહાન તપસ્વી મહાત્માને પારણામાં પોતે ખીર ખાવાનો લોભ પડતો મૂકી તપસ્વી સંયમી મહાત્માને ઉછળતા ભાવથી વહોરાવી દીધેલી. પૂછો,

**પ્ર.**- એટલું થોડું દીધું એનું શું આટલું મોટું ઉચ્ચ ફળ કે રોજની નવી ભોગ સામગ્રીની નવાણું દેવતાઈ પેટી પોતાને ત્યાં ઉતરે ?

**ઉ.**- હા, એણે પોતાની કટોકટીમાં દાન દીધેલું અને દીધા પછી મર્યો ત્યાં સુધી એ દાનની અનુમોદના કર્યે રાખેલી.

**સુકૃતનું સારું ફળ પુણ્ય તો મળે, પણ એની અનુમોદનાથી નવું નવું પુણ્ય બંધાય. કરણ-કરાવણ ને અનુમોદન સરિખા ફળ નીપજાવે** એટલે વારે વારે સુકૃતની અનુમોદના કરતાં કરતાં પુણ્યની થપ્પી થતી જાય.

ધ્યાનમાં રાખી લેવા જેવું કે આપણા જીવનમાં પ્રતિપળ કર્મ બંધાયે જાય છે. ને તે પ્રતિપળ આપણા મનના શુભ કે અશુભ વિચારોને આધારે શુભ કે અશુભ કર્મ બંધાયે જાય છે. મનની મશીનરી કામ કરતી જ રહે છે તેમ કર્મનું પ્રોડક્શન (ઉત્પાદન) થતું જ રહે છે.

શાલિભદ્રના જીવે પૂર્વ ભવમાં દાન એક જ વાર દીધેલું, પણ પછીથી એના મનની મશીનરી દાન અને ગુરુની અનુમોદનાનું કામ કરતી રહી તેથી પુણ્યનાં ઉત્પાદન થયે જ ગયા.

**પ્ર.**- સુકૃતની વારંવારની અનુમોદનાનો આટલો મોટો પ્રભાવ ?

**ઉ.**- હા, સુકૃતની સાચી અનુમોદનામાં જેમ સુકૃત પ્રત્યે સદ્ભાવ તેમ જ દુષ્કૃત્યો પ્રત્યે અભાવ ગર્ભિત છે. આ જગતમાં દુષ્કૃત્યો પ્રત્યે અભાવ થાય, એ બહુ મહત્ત્વનું છે; કેમકે એથી પછી દુષ્કૃતો આચરવાનું મોળું પડે છે, ને તેથી ભવના ફેરા ટૂંકા થાય છે. સમજી જ રાખવાનું કે **દુષ્કૃતો ૧૮ પાપસ્થાનકો એ દુષ્કૃતો છે એને આચર્યે જઈએ તેમ તેમ દુર્ગતિના ભવના ભ્રમણ વધ્યે જાય છે.** શાસ્ત્ર કહે છે,-

**'मुक्खमग्गविग्घभूयाइं दुग्गइ निबंधणाइं अट्ठारस पावठाणाइं'**



અર્થાત્ પ્રાણાતિપાત મૃષાવાદ આદિ અઢાર પાપસ્થાનક, મોક્ષમાર્ગ દર્શન-જ્ઞાન-ચારિત્રનો આત્માને સંબંધ થવાની આડે વિઘ્ન ભૂત છે.

**૧૮ પાપસ્થાનકની દુર્ગતિગામીઓ :-**

અને દુર્ગતિનાં કારણ છે. માછલા ખાઈ જવાના અર્થાત્ હિંસાના વિચાર માત્રથી તંદુલિયોમચ્છ સાતમી નરકે જાય છે !

- રાજા વસુભૂતિ મૃષાવાદના પાપે નરકમાં ગયો.
- રોહિણિયાનો બાપ ચોરીઓ કરી કરી સંસારમાં ભટકતો થઈ ગયો.
- ચક્રવર્તીની પટ્ટરાણી માત્ર પોતાના પતિ સાથેની વિષયવાસનાના જોસમાં છઠ્ઠી નરકે જાય છે.
- મમ્મણશેઠ રત્નના બળદિયાના પરિગ્રહની મમતામાં મરી સાતમી નરકે ગયો.
- બહુભોગી ત્રિપૃષ્ઠ વાસુદેવ મરીને સાતમીએ ગયો અને પછી પણ સંસારમાં બહુ ભટક્યો.
- જિનપ્રતિમા ભરાવી પરભવે બોધિ મળવાનું નક્કી કરનાર સાગરચંદ્ર શેઠ વેપાર ધંધાના આર્તધ્યાનમાં મરીને ભરૂચના રાજાનો અશ્વરત્ન (ઘોડો) થયો.
- સંયમી તપસ્વી સાધુ ક્રોધ પાપસ્થાનક સેવતાં ક્રમશ ચંડકોશિક સાપ થયો.
- માન કષાયના પાપે સમ્યગ્દર્શન પામેલો પણ રાવણ ચોથી નરકે ગયો.
- લોભ કષાયના પાપે સુભૂમ ચક્રવર્તી વિમાન લહાવલશ્કર સાથે લવણસમુદ્રમાં ડૂબી મરી સાતમી નરકે સિધાવ્યો.
- રાજકુમારી સુનંદાના દર્શન મિલાપના રાગના પાપે શ્રેષ્ઠિપુત્ર **રૂપસેનને એજ સુનંદાના એક જ ભવની હયાતીમાં સાત ભવ થયા.** બે મનુષ્યભવ અને સાપ કાગડો-હંસ-હરણ અને હાથીના એમ પાંચ તિર્યંચના ભવ થયા.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૪,અંક-૬,તા.૧૧-૧૦-૧૯૮૫**

ત્યારે દ્વેષ કષાય કેવો ખતરનાક ! અભાગિયો ખેડુત ગૌતમ મહારાજથી પ્રતિબોધ પામી સાધુ થવા છતાં એને મહાવીર ભગવાન પાસે લઈ આવતાં પ્રભુ પ્રત્યે દ્વેષ-કષાય ઊછળ્યો, પ્રભુ પર એને અરુચિ અભાવ થયો, તે ચારિત્ર મૂકીને રવાના થઈ ગયો ! ભગવાન બહુ પૂર્વે ૧૮મા ભવે ત્રિપૃષ્ઠવાસુદેવ હતા ત્યારે આ ખેડૂત સિંહ હતો, અને એને વાસુદેવે ચીરેલો, તેથી સિંહને વાસુદેવ પર અભાવ થયેલ, દ્વેષ થયેલો, તેના ઝેરના કણિયા આટલે લાંબે ચાલી આવીને એવા નડ્યા

કે ભગવાન પર બહુમાન ધરી જગત તરતું હતું ત્યારે આ બિચારા ખેડૂત મુનિને ભગવાન પર દ્વેષ અરુચિ સૂગ થઈ !

કોઈના પ્રત્યે દ્વેષ સૂગ-તિરસ્કાર કરતાં પહેલાં આ વિચારવાનું છે કે આગળ જઈને કદાચ આ કોઈ મહાન ગુણનિધિ અને તારક આત્મા થશે ને એમના પર લોક બહુમાન ધરી તરશે, ત્યારે મને એ વખતે અહીંના આના પર કરેલ દ્વેષ અભાવ સૂગનું પુનરાવર્તન થઈ મારે ડૂબવાનું થશે ! બીજા પર આવા દ્વેષ સૂગ તિરસ્કાર એ દુષ્કૃત છે, એ જીવનમાં ન આવે માટે સુકૃતની અનુમોદના છે. જ્યાં દ્વેષ થવા જાય ત્યાં એનામાં કોઈ સદ્ગુણ સુકૃતો છે ને ? એજ જોવાનું બસ, એના પર દૃષ્ટિ રાખી એની અનુમોદના જ મનમાં લાવવાની. સુકૃતની અનુમોદના જ મનમાં લાવવાની સુકૃતની અનુમોદનામાં જેમ સુકૃત પર ને સુકૃતકારક પર સદ્ભાવ છે, એમ એના પ્રતિપક્ષી દોષ-સુકૃતો પ્રત્યે અભાવનો લાભ થાય છે.

તરંગવતી જે નગરીમાં રહેતી ત્યાંના લોક ભારે દાનરુચિવાળા હતા, તેમજ એમાં ય વિવેકી માણસો. દેવાધિદેવના મંદિરમાં પ્રભુના પૂજન સત્કાર ઉપરાંત સુપાત્ર મુનિઓની ભક્તિ સત્કાર ભારે કરતા. લોકોની આ માન્યતા હતી કે

**અહિંસા સંયમ અને તપને આરાધનાઓની દાન ભક્તિ કરવાથી સારા કુળમાં જન્મ મળે છે. આરોગ્ય મળે છે; માટે આપણે સુપાત્રદાન ખાસ દેવું.**

બાકી રાજાના અપરાધી ચોર-દુરાચારીઓનું દીધેલું એ અનિષ્ટ ફળ લાવે છે. એવાને દાન ન દેવાય, અહીં એટલું ધ્યાન રહે કે કોઈ પણ દીનદુખિયારાને અનુકંપા દાન દેવાય. એમાં એવા ચોર જેવાય કોઈક આવી જવા સંભવ; પરંતુ અનુકંપાદાન એટલે ભૂખ્યા કે પીડિત આદિ દુઃખીના દુઃખ ફેડવા અપાતું દાન. એવા દાન સમયે યાચકમાં ભેદ નથી પડાતો; નહિતર દુઃખીના દુઃખ પર ઉપેક્ષા કરવા જતાં કરુણા કરવાનું ગુમાવી હૈયામાં કઠોર પરિણામ કરવાનું થાય. સમ્યક્ત્વના પાંચ લક્ષણ પૈકી ચોથું લક્ષણ અનુકંપા છે, ને એમાં દ્રવ્ય દુઃખી અને ભાવદુઃખી બંનેની પોતાની શક્તિ અનુસારે દયા કરવાની કહી છે. એટલે જ કસાઈ જેવો પણ પાણી વિના તરસ્યે તરફડી મરતો હોય તો એને પણ પાણી પાવું જોઈએ. નહિતર એ બિચારો તરસથી ભારે અસમાધિમાં મરી વિશેષ હલકી ગતિમાં રખડી પડે.

**સુપાત્રદાનનું મહત્ત્વ :-**

બાકી સુપાત્રદાન માટે લોક સમજતા કે સુવિહિત અર્થાત્ જેમનો સર્વજ્ઞ કથિત જ્ઞાનાચાર દર્શનાચાર ચારિત્રાચાર તપાચાર અને વીર્યાચારમાં સારો પ્રયત્ન છે, એવા તપસ્વી સંયમી મુનિમહાત્માઓને કરેલું દાન એટલે સુપાત્રદાન છે; અને સુપાત્રદાનનો નાશ થતો નથી, અર્થાત્ સુપાત્રદાન સફળ જ બને છે, તેમજ એથી



ભવાંતર માટે દાનના સંસ્કાર ઊભા થઈ દાન આગળ ચાલે. અલબત દાન દેવાય તે ખૂબ શ્રદ્ધા સત્કાર અને વિનયપૂર્વક દેવું જોઈએ.

**શ્રદ્ધા** એ કે, આ ત્યાગી મુનિઓ એ જ દાન માટે ખરેખરા સુપાત્ર છે, ને એમને દીધેલું આપણા પોતાના આત્માના મહાકલ્યાણ માટે થાય છે, ભવનાં બંધન છેદનારું બને છે, એવો અટલ વિશ્વાસ.

**સત્કાર** એ, કે મુનિઓને ખૂબ આદર, સંભ્રમ યાને નિધાન પ્રાપ્તિ જેવો હર્ષ, તથા બહુમાનથી આવકારાય, અને એમને ખપે એવા વિશિષ્ટ પદાર્થનો લાભ આપવા આગ્રહ કરાય. તથા ગદ્ગદ દિલથી દાન દેવાય, એ દેતાં રોમાંચ સાથે હર્ષ અનુભવાય, એ... સત્કાર.

**વિનય** એ, કે પોતે નમ્રભાવ-સેવકભાવ મનમાં રાખીને દાન કરવાનું. દાન દેતાં મનમાં થાય કે, 'આ મુનિ મહારાજ મારા કરતાં ઉચ્ચ જીવન જીવનારા છે. હું એમનો સેવક છું, એ મારા સેવ્ય-પૂજ્ય છે.' દિલના આ ભાવ સાથે હાથ અંજલિ જોડેલા અને મુખમુદ્રા પણ નમ્ર ભાવની રખાય.

આવી શ્રદ્ધા-સત્કાર અને વિનય સાથે પૂર્વ-તપ સંયમમાં ઝીલતા મુનિઓને દાન કરાય એનું ફળ ઊંચું ગોત્ર, નિર્મળ યશ, ને નિર્મળ સંપત્તિ લાવી આપનારા પુણ્યનો બંધ થાય...

શુભ પાત્રથી આવા શુભ પુણ્યનો બંધ થાય, અને અશુભ પાત્રથી હલકા પુણ્યનો બંધ થાય. એના પર પૂર્વનું એક દૃષ્ટાન્ત,-

**નંદીષેણ અને સેચનક હાથીનું દૃષ્ટાન્ત :-**

નંદીષેણ તે શ્રેણિકરાજાના પુત્ર, જેણે પૂર્વ જન્મમાં શ્રાવકપણે મુનિઓને ખૂબ ભાવથી દાન દીધેલું, તે પણ મુનિઓને શોધી શોધી લાવીને દાન દીધેલું, ત્યારે સેચનક હાથીએ પૂર્વભવે બ્રાહ્મણોને ચોર્યાશી જમાડેલી.

ફળમાં કેટલો ફરક ? ખૂબી કેવી થઈ ? શ્રાવકને દાન માટે માલ એજ ચોર્યાશી જમાડનાર બ્રાહ્મણને મળેલો ! તો પૂછો, -

**પ્ર.**- શું પારકા માલથી સુપાત્રદાનનો આવો મોટો લાભ ?

**ઉ.**- ના, પારકો માલ પોતાનો થઈ ગયેલો, પછી દાન કરેલું, વાત એમ હતી કે બ્રાહ્મણને ચોર્યાશી જમાડવી હતી, એમાં વ્યવસ્થામાં મિત્ર શ્રાવકની સહાય લીધેલી. જમણનો યશ મળેલો તેથી બ્રાહ્મણે જમણમાં વધેલો માલ લાડુ-ઘી વગેરે શ્રાવકને ભેટ કર્યા. ત્યારે શ્રાવકે વિચાર્યું કે

**ભેટના માલ પર સુંદર ભાવના :-**

"આ આયતો માલ છે, મુનિ મહારાજો માટે નિર્દોષ છે. એમના માટે બનાવેલો

કે ખરીદેલો નથી, તો આવા શુદ્ધ નિર્દોષ માલથી મુનિઓની જે ભક્તિ થાય, તે ઉચ્ચ ફળ લાવનારી બને. માલને દાનના બદલે ઘરમાં રાખી દઈ દિવસો સુધી ખાઉં એમાં કયો આત્મિક લાભ થવાનો હતો ? ઊલટું, રાગ આસક્તિ મમતા અને આહાર વિષય પરિગ્રહ સંજ્ઞાનાં પોષણ થશે, ને એથી અઢળક પાપ બંધાશે. એના બદલે અઢળક પુણ્ય બંધાવનારું સુપાત્રદાન શું ખોટું ? જાત-ભોગમાં તો પાછું ખાધેલું ખોવાઈ જવાનું. બીજે જ દિવસે જીવ પાછો ભુખારવો થવાનો. ત્યારે **દાનમાં દીધેલું પુણ્યરૂપે સદ્ધર મૂડી સ્વરૂપ બની જશે.''**

આમ વિચારી શ્રાવકે જે રાગ મમતા તોડ્યા, પાપ સંજ્ઞા દબાવી, ને એની સાથે દાન દીધાં, એનું મૂલ્ય ઘણું ઊંચું, એટલે એ મગધ સમ્રાટને ત્યાં નંદીષેણ રાજકુમારનો જન્મ પામ્યો ! તે પણ એવો કે ભગવાન મહાવીરદેવની વાણી સાંભળી મહાવૈરાગી બન્યો ! સાધુ બન્યો અને મોહને તોડવા મહાતપસ્વી બન્યો !

**તપસ્વી એવો કે એનાથી દુર્લભ અને મહાકિંમતી લબ્ધિઓ ઊભી થઈ ગઈ !**

નંદીષેણ મુનિની લબ્ધિઓ કેવી ? આંખના મેલથી આકાશમાંથી સાડા બાર ક્રોડ સોનૈયા વરસાવી દે એવી !

તેમજ વેશ્યાને ત્યાં બેઠા બેઠા વાણીની લબ્ધિથી રોજ દશ જણાને પ્રતિબોધ પમાડી મુનિપણું લેવા મોકલે એવી લબ્ધિ !

આ શાનું ફળ ? નિરાશંસ ભાવે અને શ્રદ્ધા સત્કાર અને વિનયભાવથી સંભ્રમ-અપૂર્વ હર્ષોલ્લાસથી સુપાત્ર દાન દીધેલું, તેથી અદ્‌ભુત પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જેલું, એનું એ ફળ.

**તરંગવતીનો ચિત્રપટ્ટ બજારમાં :-**

તરંગવતી કહે છે 'કૌમુદી મહોત્સવના દિવસે નગરમાં આવા દાન ચાલેલાં મેં પણ સવારે ઉઠી આવશ્યક વિધિ અને પરમાત્મા ભક્તિ કરી, સુપાત્ર દાન દીધાં, પછી ઉપવાસનું પારણું કર્યું.

હવે એ સારસિકાને, પોતે જે તૈયાર કરેલ ચિત્રપટ્ટને કૌમુદી મહોત્સવમાં ખુલ્લો મૂકવાનું ધારેલું, તે કહી બતાવતાં કહે છે,-

''જો સખી ! આ ચિત્રપટ્ટ જાહેર કોઈ જગાએ જ્યાં બધાનું આગમન હોય ત્યાં ખુલ્લો મૂકી તું બાજુમાં ઊભી રહેજે અને ચિત્રપટને ધારી ધારીને જોનારના મોંના ભાવ પરખજે. ત્યાં ખાસ આ ધ્યાનમાં રાખજે કે જેને આ જોતાં પોતાના પૂર્વ જન્મનું સ્મરણ થશે તેના મોં પર ને આંખોમાં અવનવો હરખ ઊભરાતો દેખાશે ! અને એ પૂર્વના અનુભવ યાદ કરીને પોતાની પૂર્વ પ્રિયા ચકોરીને મળવા ઉત્કંઠિત થશે. એ વસ્તુ એની આંખમાં રાગ ઊભરાતો દેખાવાથી સમજાશે.



**વિવિધ દૃષ્ટિઓ :-**

''જો દૃષ્ટિનો નિયમ સમજી રાખ, અંતરમાં ભારે રુક્ષતા હોય એની દૃષ્ટિ સાવ લુખ્ખી હોય છે. ત્યારે જો પ્રસન્નતા હોય તો એની દૃષ્ટિ ઉજળી સફેદ હોય છે. પણ જો વીતરાગ હોય તો એમની દૃષ્ટિ મધ્યસ્થ હોય છે, ન ઉપરની ભમ્મર તરફ ખેંચાયેલી, કે ન નીચેની પાંપણ તરફ ઢળેલી. જો અંતરમાં સામા તરફ દયા ઊભરાઈ હોય તો એની દૃષ્ટિ સહેજ નીચી ઢળેલી ને કરુણાભીની હોય છે. અસ્તુ.

''એટલું ધ્યાનમાં રાખજે સખી ! કે જો આ ચિત્રપટ્ટ જોતાં કોઈ ભાઈ મૂર્ચ્છા ખાઈ જાય, તો સમજવું કે એને ચિત્રપટ્ટ જોતાં પૂર્વ જન્મનું સ્મરણ થવું હોવું જોઈએ. પછી એની મૂર્ચ્છા ઊતરી ગયે એની આંખ શોકભીની દેખાશે, અને પૂછશે કે આ ચિત્ર કોણે તૈયાર કર્યું છે ? જો આવું બને તો તું જાણી લેજે કે એજ મારા હૃદય નાથ છે; અને તું એના રૂપરંગ આકૃતિ વગેરે ધારી લેજે, જેથી પછી મળવાનું કરાય તો તું ઓળખી શકે કે આ એ જ છે. સાથે સાથે તું સાથેવાળાને પૂછી લેજે કે આ મૂર્ચ્છા આવી એ કોણ છે ? કોના દીકરા ? ક્યાં રહે છે ? વગેરે વગેરે...

''બસ, લઈ જા ચિત્રપટ્ટ, અને કાલે મને અહેવાલ આપજે કે શું શું બન્યું. જો આ કામમાં બરાબર સાવધાન રહેજે; કેમકે મારે તો જો એ પૂર્વ પ્રિયનો યોગ બની આવ્યો, તો તો મારા શોકનો અંત આવશે; અને જો હું મંદભાગિની હોઈશ અને યોગ નહિ બની આવે, તો મારો નિર્ધાર મોક્ષમાર્ગ ચારિત્ર અપનાવવાનો છે; કેમકે એવું જીવતર નિરર્થક છે કે જ્યાં પ્રિયનો સમાગમ ન હોય, અથવા ધર્મનું આચરણ ન હોય.''

તરંગવતીના એકેક બોલ વિચારવા જેવા છે. અલબત એણે જે સખીને ચિત્રપટ્ટ જાહેરમાં ખુલ્લું મુકવા અંગે ભલામણો કરી, એ બધી સંસારની રામાયણ છે, પરંતુ એમાં તરંગવતીની ચોકસાઈ જોવા જેવી છે. જેથી ખ્યાલ આવે કે જીવની જો આત્મા અને એના ધર્મ બાબતમાં આવી ચોકસાઈ આવી જાય તો જીવ ન્યાલ થઈ જાય !

**આર્દ્રકુમારની ચોકસાઈ :-**

અનાર્ય દેશના રાજપુત્ર આર્દ્રકુમારને અભયકુમારે મોકલેલ જિનમૂર્તિને ચોકસાઈથી જોતાં એને પૂર્વ ભવનું સ્મરણ થયું, ને આ ચોકસાઈ આવી ગયેલી, તેથી હવે એ આર્યદેશમાં ભાગી ન જાય એ માટે એની સેવામાં રખેવાળ તરીકે ગોઠવેલા ૫૦૦ માણસોને કુનેહથી વિશ્વાસ પમાડવાનું કર્યું કે આ ઘોડેસવારીએ જાય છે પણ પાછો આવે છે, અને એમ કરી આગળથી ખાનગી રીતે વહાણ તૈયાર રખાવી એક દિવસ પોતે ઘોડા પર ભાગી છૂટી સમુદ્રતટે પહોંચ્યો. તરત વહાણમાં બેસી પલાયન થઈ ગયો, અને આર્ય દેશમાં આવી ગયો.

પ્ર.- માણસોનો આમ વિશ્વાસભંગ કરાય ?

ઉ.- ચાલુ જીવન અર્થે ન કરાય, પરંતુ આત્માના કલ્યાણ માટે કરાય. કહ્યું છે.

**'ધમ્મે માયા નો માયા'** ધર્મ ખાતર માયા કરવી પડે એ માયા દોષ નથી

જો આમ ન કરે તો તો જીવને કદીય આત્મહિતનો માર્ગ લેવાય જ નહિ; કેમકે નાનપણમાં માતાપિતા વિશ્વાસ રાખીને બેઠા છે કે 'આ મોટો થયે અમને સંભાળશે' મોટો થયે પત્ની વગેરે વિશ્વાસ રાખીને બેઠા છે કે આ અમને ઠેઠ સુધી સંભાળશે પછી ઘરડો થયે તો પુત્ર પૌત્રો વિશ્વાસ રાખી બેઠા છે કે આ અમને ઉપયોગી થશે, અમારું સંભાળશે આમ બધીય ઉંમરમાં કોઈ ને કોઈ વિશ્વાસ ધરી બેઠા હોય એટલે એમના વિશ્વાસનો ભંગ ન કરાય એમ કરી ચારિત્ર ન લે, તો પછીથી મોહમાયા ને સર્વપાપ છોડી ચારિત્ર લેવાનો અવસર જ ન રહે. અલબત ચારિત્રમાં સંમતિ લેવા માટે એમને સમજાવાય, પરંતુ સંમત ન જ થાય તો એમને જીવન નિર્વાહની શક્ય ચિંતા સગવડ કરી રાખી ખાનગી ચારિત્ર લેવું પડે, ને એમાં વિશ્વાસભંગ કોઈ દોષરૂપ નહિ.

આર્દ્રકુમાર આમ જ અનાર્યદેશમાંથી આર્યદેશમાં આવી ગયા ને ચારિત્ર લઈ લીધું, એવા મહાન ઉત્તમ વૈરાગ્ય અને ઉચ્ચ ચારિત્રપાલન અર્થે ભવી જીવોને આલંબનરૂપ નીવડ્યા. વિશ્વાસભંગ જોવા રહ્યા હોત તો આ કાંઈ નીપજત ? જોવાનું આ છે,- આત્માના હિત સંબંધમાં આર્દ્રકુમારની ચોકસાઈ કેવી તકેદારી અને ઉદ્યમ કેવા ?

**મિથ્યાત્વ અને અવિરતિનો ફરક :-**

તરંગવતીનો અંતિમ નિર્ણય એના હૃદયમાં રહેલ સમ્યક્ત્વનો ઉજાળો સૂચવે છે. અલબત અવિરતિના ઉદયે પૂર્વ પ્રિય પર રાગ છે, પૂર્વ પ્રિયનું સુખ ગમે છે, એ મળે તો સુખ થાય એમ એને લાગે છે, પરંતુ મિથ્યાત્વનો ઉદય નથી એટલે એ સુખ ભુંડું એમ સમજે છે, તેથી જો એ સુખ ન મળે તો જીવન પાપમાં વેડફી નાખવાનું માનતી નથી. સમ્યક્ત્વના પ્રતાપે અંતરમાં સુખ ખોટું પાપ ખોટાં એ બેઠું છે, તેથી જો કે પૂર્વના સ્નેહરાગની પ્રબળતાએ પૂર્વ પ્રિયના સમાગમનું સુખ ઈચ્છે છે, છતાં પણ વાસ્તવમાં સંસાર સુખો ખોટાં એમ અંતરમાં બેઠું હોવાથી, હવે પૂર્વ પ્રિય ન મળે તો બીજા કોઈને પ્રિય કરવો નથી, ને સર્વ પાપ ત્યાગરૂપ ચારિત્ર લઈ માનવ જનમને અને જીવનને સાર્થક કરવા એજ વાજબી માને છે. આ સમ્યક્ત્વનો જળહળતો પ્રકાશ છે. સમકિતી અવિરતિને ઈન્દ્રિયોને સુખ ગમે છે સારા લાગે છે, પરંતુ એના અંતરને હૈયાને સુખ ભૂંડા લાગે છે. મિથ્યાત્વીને હૈયાને પણ સુખ સારા લાગે છે.



**મહાન આત્માઓના હૈયા મહાન હોય છે;**

તેથી એમનામાં એક બાજુ ભલે કોઈ રાગની પ્રવૃત્તિ દેખાય, પણ બીજી બાજુ હૈયામાં સંસારની અસારતાનું દર્શન જાગતું હોય છે, સંસાર પ્રત્યે અંતરના ઉંડાણમાં સૂગ પડેલી હોય છે, આ તો જ બને કે અહીં મળેલ અતિ દુર્લભ જિનશાસનની કિંમત સમજાય, જૈનધર્મની પ્રાપ્તિની કિંમત સમજાય, કે જગતમાં ઘણું બધું કિંમતી કિંમતી પણ પ્રાપ્ત કરવું સહેલું છે, પરંતુ જૈનધર્મ પ્રાપ્ત કરવો અતિ અતિ મોંઘો છે, અતિ દુષ્કર છે; ત્યારે જૈનધર્મ-જિનશાસન મળ્યા પર જીવનમાં કેટકેટલું અદ્ભૂત પણ સુલભ બન્યું છે !

**જિનશાસનની વિશિષ્ટ બક્ષીઓ :-**

કેવા અનંતા અરિહંત ભગવાન મળ્યા ! ત્યારે જગતને એક અરિહંત મળવાનું ભાગ્ય ક્યાં છે ? ત્યારે આપણને અનંતા અરિહંત મળ્યા તેથી 'નમો અરિહંતાણં' 'નમો જિણાણં' બોલીએ ને જો માનસિક ઉપયોગ હોય તો આપણો નમસ્કાર ભૂત ભવિષ્ય વર્તમાનમાં અનંતા અરિહંત ભગવંતોને પહોંચે છે ! આ તો એક પરમેષ્ઠી, એવા બીજા ચાર પરમેષ્ઠી અને નવકાર મંત્ર એ જૈનધર્મની બક્ષીસ છે. કેવી ત્રસ જીવોની પણ શક્ય દયા ! કેવા અલૌકિક વ્રત-નિયમો અને પર્વ તિથિએ તપ ! કેવો સ્યાદ્વાદનો સિદ્ધાન્ત ! તીર્થાધિરાજ શત્રુંજય વગેરે કેવા મહાન તીર્થો ! કેવા ઐતિહાસિક મહાન પૂર્વ પુરુષો અને સતીઓનાં ચરિત્ર ! વગેરે વગેરે બધું જ અદ્ભુત ! એ મળ્યાનો હૈયે હરખ હરખ રહેવો જોઈએ. વારે વારે મનની સામે આ આવ્યા જ કરવું જોઈએ, તો જ પછી જીવનમાં એની આરાધના કરી લેવાની મુખ્ય ઉલટ રહે. મનને એમ થાય કે,

**જીવન તો જવા બેઠું છે, પાણીના રેલાની જેમ વહી ચાલ્યું છે, એટલે જ્યાં જ્યાં અવસર હોય ત્યાં ત્યાં એ જિનશાસનના અંગોની આરાધના કમાઈ લેવી છે.**

આ ભાવનાનુસારે આરાધના કરનાર કદાચ કોઈ સાંસારિક ઈચ્છા પૂરવા પ્રયત્ન કરે એ વસ્તુ પર રાગ કરે, તેથી કાંઈ એ ધર્મનો અશ્રદ્ધાળુ કે વિષક્રિયા કરનારો નથી બનતો; એમ **યોગબિન્દુ શાસ્ત્ર** કહે છે, અને પૂર્વના ધર્મપ્રિય શ્રાવકોનાં જીવનમાં આવું દેખાય પણ છે. 'ભક્તામર'-સ્ત્રોતની એકાદ એકાદ ગાથાનું આલંબન લઈને ભક્તોએ સાંસારિક ભયંકર વિઘ્નો ટાળ્યા છે, ને લૌકિક સિદ્ધિઓ પણ પ્રાપ્ત કરી છે. વિશેષતા તો એ થઈ છે કે ઈષ્ટસિદ્ધિ થઈ જતાં એમણે ધર્મને પડતો નથી મૂક્યો, ઊલટું ધર્મશ્રદ્ધા અને ધર્મપ્રવૃત્તિ વધારી છે. આવા ઢગલાબંધ દાખલા શાસ્ત્રમાં અંકિત છે. તેથી 'સંસારના હેતુ માટે ધર્મ કરનારો એકાંતે દુર્ગતિગામી છે' એવું બોલવું એ કેટલું શાસ્ત્રસંગત અને વાજબી કહેવાય ?

તરંગવતી સાધ્વીજી કહી રહ્યા છે, 'ગૃહિણી ! સારસિકા ચિત્રપટ્ટ લઈને ગઈ. અલબત હવે એ શું કરી લાવે છે ? પૂર્વ પ્રિય પતિ મળી જશે ને ?'- એવી આતુરતા નહિ કે જે ધર્મ ભુલાવી દે. એટલે સૂર્યાસ્ત થયે ઘરની પોષધશાળામાં માતાપિતાની સાથે એણે પ્રતિક્રમણ કર્યું. જીવનમાં બીજું બધું તો કર્મ સંયોગના અનુસારે ચાલ્યા જ કરવાનું છે, પરંતુ શ્રાવકપણાની દિનરાતની ધર્મચર્યામાં શા માટે ખામી રાખવી ? કહો,

**સમકિતીને દુન્યવી વિષયની આતુરતા ધર્મ ન ભુલાવે.**

**મંત્રીનું યુદ્ધભૂમિ પર પ્રતિક્રમણ :-**

તમને યાદ હશે પૂર્વકાળની આ વાત છે, રાણીનું રાજ્ય હતું, દિવાન જૈન હતો કુશળતાથી રાજ્ય સંભાળતો, એમાં સીમાડાના રાજાને મનને થયું કે આ બાઈ માણસ શું રાજ્ય સંભાળી શકે ? એને મારી હકુમતમાં લઈ લઉં,' એમ ધારી લશ્કર લઈને એ ચડી આવ્યો.

સીમાડા પરના માણસોએ રાણીને ખબર આપ્યા. એણે તરત દિવાનને વાત કરી પૂછ્યું 'કેમ કરશું ?' દિવાન કહે 'મહારાણી સાહેબ ! જરાય મુંઝાવાની જરૂર નથી, લડી લઈશું.

રાણીને જોવું હતું કે દિવાન કેવી રીતે યુદ્ધ ગોઠવે છે, તેથી રાણી કહે તો હું યુદ્ધ જોવા આવું ? દિવાન કહે 'આપને યુદ્ધમાં કાપાકાપી જોતાં ગભરામણ ન થાય તો ખુશીથી પધારો; અને આપણા તરફથી સામંતરાજાઓને પણ મદદે આવવા કહેવરાવી દઉં છું'

સેના તૈયાર કરી, સામંતરાજાઓ પણ પોતપોતાની સેના સાથે આવી ગયા. દિવાન બધા સરંજામ અને રાણીને સાથે લઈ ઊપડે છે. નગરની બહાર નીકળ્યા, લશ્કર વ્યુહ ગોઠવાઈ ગયા. પડાવ પડ્યો, વહેલી સવારે પરોઢિયે દિવાન પ્રતિક્રમણ કરવા બેસે છે. પ્રતિક્રમણની જયણાની ક્રિયા જોતાં અને ઈરિયાવહિયં વગેરે સૂત્ર સાંભળતાં સામંતરાજા અને નાના મંત્રીઓ સ્તબ્ધ થઈ ગયા કે અહીં યુદ્ધભૂમિ પર આ ધર્મક્રિયા ! પરંતુ માનવ જન્મમાં ધર્મનું કેટલું ઊંચું મહત્ત્વ છે એ નહિ જાણનારા ને યુદ્ધ ઉપર જ દૃષ્ટિવાળા એ જઈને રાણીને કહે છે. મહારાણી સાહેબ ! માફ કરજો, આ યુદ્ધ તમે જીતી રહ્યા !'

રાણી કહે,- કેમ શું છે ? આપણાં દિવાન એવા બાહોશ અને શૂરવીર છે કે વિજયમાં શંકા નથી.'

પેલા કહે 'પરંતુ મારા સાહેબ ! એ શું લડશે ? હમણાં જુઓ તો દેખાશે કે લુગડાના છેડાથી હાથ વગેરેને અને પોચા ઉનના સાધનથી ભૂમિને જીવ ન મરે,



જીવાત ન મરે એમ પૂંજે પ્રમાર્જે છે, અને એગિંદિયા બેઇંદિયા કહી સૂક્ષ્મ જીવ માર્યાનો સંતાપ કરે છે ! એ શી રીતે મોટા હાથી ઘોડા અને માણસોના સંહાર કરી શકે ? યુદ્ધમાં તો આ બધું કરવું પડશે.

રાણીને દિવાન પર પૂરો ભરોસો છે કે આ મને વફાદાર એવો છે કે મારું કામ કદી બગાડે નહિ,' એટલે મંત્રી પર શંકા કરનાર પેલાઓને કહે છે 'ચૂપ રહો, હું મંત્રીને એના પરાક્રમને અને એની નિષ્ઠાને બરાબર જાણું છું'

એ તો પછી મંત્રીનું પ્રતિક્રમણ પુરું થયું, સૂર્યોદયે ખૂનખાર યુદ્ધ શરૂ થયું, પ્રતિક્રમણ કરનાર એ મુખ્ય મંત્રીએ મોખરે રહી વિજય સાધ્યો ! પરંતુ એમાં એના શરીર પર ઘા સારા પડી ગયા. એને ખાટલામાં નાખી છાવણીમાં લઈ આવ્યા. ઘા પર મલમપટ્ટા કરવામાં આવ્યા. રાણી પાસે બેઠી છે, મંત્રીને શાંતિ વળતાં રાણી કહે છે,-

'મંત્રીશ્વર ! તમે તો ગજબ પરાક્રમ બતાવ્યું ! મારા કાર્યમાં આ તમારી નિષ્ઠા ? જીવ સટોસટનાં ખેલ સાથે ઝઝુમવાનું ?'

'મંત્રી કહે, મા ! તમારું અન્ન ખાઉં છું એટલે તમારું કાર્ય મારે પ્રાણના ભોગે પણ બજાવવું જ જોઈએ, એમ મારો ધર્મ મારા ભગવાન શીખવે છે.

રાણી કહે પણ મંત્રીશ્વર ! એક સવાલ પૂછું ? તમે પરોઢિયે ઊઠીને તો ઝીણો પણ જીવ ન મરે, જીવ ન મરે, એવી ક્રિયા કરતા હતા ! ને એગિંદિયા બેઇંદિયા બોલી અજાણતા પણ ઝીણો પણ જીવ મર્યાનો ખેદ પ્રગટ કરતા હતા ! તો તમે આવી મોટા જીવોની હિંસાની લડાઈ શી રીતે લડી શક્યા ?'

**માનવકાયા દિવસના અન્નદાતાની સેવામાં, અને રાતના સ્વાત્માની સેવામાં :-**

મંત્રી કહે, 'માં ! જુઓ, વાત એમ છે કે આ કાયા તમારું અન્ન ખાય છે એટલે એ દિવસના તમારી સેવામાં હતી, તેથી દિવસના એણે તમારું કામ કર્યું. અને રાતના આ કાયા મારા આત્માની સેવામાં હતી તેથી રાતના એણે મારા આત્માનું જીવદયા અને પાપનાં પશ્ચાત્તાપ વગેરેનું કાર્ય કર્યું.

રાણી સાંભળીને સજડ બંમ થઈ જાય છે, ને પાસે બેઠેલા સામંતરાજા અને અમલદારોને કહે છે 'જુઓ, આ નરોત્તમના શબ્દ સાંભળ્યા ? કેટલું ઉમદા અને નિષ્ઠાવાન એમનું હૃદય ! ત્યારે,

**ક્ષુદ્ર દિલવાળા આપણે એમના ઉમદા દિલને શું સમજી શકીએ ?**

આવું ઉમદા અને નિષ્ઠાળું દિલ બનાવનાર એમનો જૈનધર્મ કેટલો બધો ઉચ્ચ કોટિનો !' સામંત રાજા વગેરે કહે છે, 'વાત આપની સાચી છે. અમે અમારી ભૂલની ક્ષમા માગીએ છીએ, એમ કહીને રાણી અને મંત્રીને વંદન કરે છે.

વાત આ હતી, તરંગવતીએ ચિત્રપટ્ટ લઈને સખીને ઉત્સવમાં મોકલી છે

એટલે એને; ભારે આતુરતા હોય કે મારો પૂર્વ ભવનો પ્રિય મળી ગયાના સમાચાર સખી ક્યારે લઈ આવે ? ક્યારે લઈ આવે ? એવી આતુરતા હોય ત્યાં પ્રતિક્રમણ કરવાનું સૂઝે ? પરંતુ ધર્માત્માને સાંસારિક ગમે તેવા અગત્યના કામ હોય, છતાં એને મન-ધર્મ-કર્તવ્ય એ બહુ અગત્યના લાગે છે, એટલે રોજિંદા ધર્મસાધના એ ચૂકે નહિ.

**તરંગવતીને સ્વપ્ન :-**

તરંગવતી માતાપિતા સાથે પ્રતિક્રમણ કરી લે છે, અને પછી રાતના ઊંઘમાં એને સ્વપ્ન આવે છે. સ્વપ્નમાં એ જુએ છે કે હું એક પર્વત પર ચઢું છું અને શિખરે જઈ પહોંચું છું. સવારે એ જાગ્યા પછી માતાપિતાને પગે પડવા જાય છે, અને પગે પડીને નમસ્કાર કરી પિતાને કહે છે,-

'બાપુજી ! આજે રાતના ઊંઘમાં મેં પર્વતના શિખર પર ચડી ગયાનું સ્વપ્ન જોયું, એનું શું ફળ મળશે ?'

પિતા ઋષભસેન કહે છે, 'જો બહેન ! સ્વપ્નમાં હાથી, બળદ, મકાન, પર્વત કે ક્ષીરવૃક્ષ પર ચડી જવાનું દેખાય, અથવા સમુદ્ર કે નદી તરી ગયાનું જોવામાં આવે, તો કોઈ પણ પ્રકારના દુઃખમાંથી છૂટકારો થાય છે; તેમજ પુરુષને સ્ત્રીલિંગ નામની ચીજનો લાભ થાય છે, ને સ્ત્રીને પુલ્લિંગ નામની ઇષ્ટ વસ્તુનો લાભ થાય છે.

એમાં ય જો પહેલી રાત્રે સ્વપ્ન જોયું હોય તો એ છ મહિનામાં ફળે છે. મધ્યરાત્રિનું સ્વપ્ન ત્રણ મહિને, પાછલી રાતનું દોઢ મહિને અને બ્રાહ્મ મુહૂર્તનું સ્વપ્ન એક સપ્તાહમાં ફળે છે. કન્યાએ આ સ્વપ્ન જોયું હોય તો એને સારા પતિનો ને ધનનો લાભ થાય છે તો પુત્રી ! તને ઉત્તમ પતિનો લાભ થશે. એવું તારું ઉત્તમ સ્વપ્ન કહે છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૭,તા.૧૯-૧૦-૧૯૮૫**

ઋષભસેન શેઠનો બોધ કેટલો વિશાળ હશે એનો આ પરથી ખ્યાલ આવે છે. પૂછશો,-

**પ્ર.**- ગૃહસ્થને આટલો બધો બોધ ?

**ઉ.**- આ પ્રશ્ન થવાનું કારણ વાતોડિયાપણાનો સ્વભાવ લાગે છે. જો એવો સ્વભાવ ન હોય તો એવી વાતોચીતોમાં વેડફાઈ જતા સમયનો સારો ઉપયોગ થાય, શાસ્ત્ર વાંચનનું કામ રખાય, અને એથી નિરંતર બોધની વૃદ્ધિ થતી રહે. પરંતુ

**વાતોડિયાપણું એ મૂર્ખ રહેવાનો ધંધો છે.**



એ કેમ ચાલુ છે ? તો કે જીવને જ્ઞાનની ભૂખ નહિ, અને મનની નિઃસત્ત્વતા એવી કે વાતો વગેરે ફજુલ ક્રિયાની લાલચને વશ થઈ જવાય, એટલે જ્ઞાન પ્રાપ્તિનો વ્યવસાય શી રીતે કરી શકે ?

**જ્ઞાનપ્રાપ્તિનાં ૩ સાધન :-**

જ્ઞાનસંપત્તિ પ્રાપ્ત કરવા ત્રણ ચીજ જોઈએ,

- (૧) જ્ઞાનની ભૂખ જાગતી રહેવી જોઈએ,
- (૨) વાતોચીતોની લાલચ ફગાવી દેવાનું સત્ત્વ જોઈએ, અને
- (૩) શાસ્ત્રોનો વ્યવસાય જોઈએ.

**સતી દમયંતીએ સાત વરસ ગુફામાં શું કર્યું ? :-**

જંગલમાં પતિએ એને ઊંઘતી મેલીને ચાલી જવાનું કર્યા પછી, સવારે એ આગળ ચાલતાં ચાલતાં ગુફા મળી તો સાત વરસ એમાં શી રીતે કાઢ્યા હશે ?

સીતાજીએ પતિ સાથે વનવાસમાં બાર વરસ શી રીતે પસાર કર્યા હશે ? એમાં પણ રામચંદ્રજી બહાર જાય ત્યારે સીતાજી ઝુંપડીમાં કલાકોના કલાકો એકલા બેસી રહે, અને લક્ષ્મણજી બહાર ચોકી ભરે, પતિની ગેરહાજરીમાં સીતાજીને દિયરિયા સાથે કશો વાતવીસામો કરવાનું મન થાય નહિ ! તો એકલા બેઠા બેઠા શી રીતે સમય પસાર કરતા હશે ?

કહો, પૂર્વે માતાપિતા પાસે ઊછરતાં શાસ્ત્રબોધ, તત્ત્વબોધ અને મહાપુરુષોના ચરિત્રોનો બોધ મેળવવાનો પાકો વ્યવસાય રાખ્યો હશે, તેથી મળેલા જ્ઞાનના ભંડારને ઉથલાવવામાં વનવાસમાં વર્ષો કાઢ્યા હશે. ત્યાં કશો કંટાળો ય નહિ, એવો શાસ્ત્ર પદાર્થોમાં નવા નવા ચિંતનમાં આરામથી સમય પસાર કરી શકે.

મૂળ વાત આ છે, કે

બીડીના વ્યસન જેવાં વાતોચીતોનાં વ્યસનને તો મનનું સત્ત્વ ખીલવીને બંધ જ કરી દેવું જોઈએ.

**વાતોના વ્યસનમાં કેટલા મોટાં નુકસાન ?**

(૧) જ્ઞાનપ્રાપ્તિનો સમયનાશ, (૨) જ્ઞાનપ્રાપ્તિની અટકાયત, (૩) બાહ્યરસની વૃદ્ધિ, (૪) આભ્યન્તર હિતમાં નીરસતા.

(૧) વાતોચીતોનું વ્યસન સંતોષવા જતાં એટલો સમય શાસ્ત્રવાંચન-મનનો શુભ વ્યવસાય ગુમાવવાનું થાય છે, એથી

(૨) એટલો શાસ્ત્રબોધ પ્રાપ્ત કરવાનો રહી જાય છે. જો વાતોમાં ન પડત તો શાસ્ત્ર-શ્રવણ-વાંચન-પારાયણનો શુભવ્યવસાય થાત; તેથી બોધ વધત.

(૩) વાતોચીતોનું વ્યસન સેવવામાં બાહ્યનો ને તે પણ તુચ્છ બાહ્યનો રસ

પોષાય છે. જે અનાદિની ચાલને મજબૂત કરે છે.

(૪) બાહ્યરસ પોષાવાથી પછી શાસ્ત્ર-શ્રવણ-વાંચન-પારાયણ આદિમાં એટલો રસ જામતો નથી; નીરસતા આવે છે.

તરંગવતી કહે છે મારા પિતાજીને આવી વાતોચીતો વગેરેનો રસ નહિ તેથી શાસ્ત્રબોધ વધારતા રહેતા, એને વાગોળતા રહેતા, એટલે એ બોધના આધારે મને સ્વપ્ન-ફળ કહેતા, કહ્યું દીકરી સાત દિવસમાં તને સારા પતિનો લાભ થશે.

**તરંગવતીની ચિંતા :-**

અલબત પિતાજીએ વાત તો સારી કરી, પરંતુ મારા મનને ચિંતા થઈ કે શું સારા પતિ તરીકે પૂર્વ પ્રિય નહિ મળે ? જો પૂર્વ ભવનો પ્રિય મળે તો તે જ મારે સ્વીકાર્ય છે, બીજો કોઈ પુરુષ નહિ, ને જો બાપુજી કોઈ બીજો મને વળગાડવાનું કરે, તો મારે શું ? મારે તો જીવવું જ ભારે થઈ પડે. એવું થાય તો તો જીવવા જ ઇચ્છતી નથી. મારે તો પૂર્વ પ્રિયની અથવા ચારિત્રની જ ઇચ્છા છે. આ બેમાંથી એકેય ન બને તો જીવવાનો કશો અર્થ નથી.

આમ મને ચિંતા તો થઈ પરંતુ હજી તો 'ભેંસ ભાગોળે... જેવો ઘાટ' મારે એ ચિંતા બહાર વ્યક્ત ન કરતાં છુપાવી રાખી. માતાપિતાએ મારા સારા સ્વપ્ન પર મારું અભિનંદન કર્યું. અહીં તરંગવતીની હૃદયની પરિણતિ ખુલ્લી થાય છે અલબત પૂર્વભવના પ્રિયનો મોહ છે, એટલે એની સાથે સંસાર માંડવાની વાસના છે, પરંતુ એ સંસારવાસના મર્યાદિત છે, અંકુશિત છે. એટલે જ જો એ પ્રિય ન મળે તો સંસારની ઇચ્છા નથી પરંતુ મોક્ષમાર્ગ ચારિત્રની જ ઇચ્છા છે. તે પણ ઇચ્છિત પતિ ન મળ્યાની નિરાશા કે શોકમાં નહિ. **કિન્તુ એ જ્ઞાન-દર્શન-ચારિત્રના માર્ગ સર્વ દુઃખનાશક અને સર્વ કલ્યાણકારક છે,** માટે ચારિત્રની ઇચ્છા છે. ત્યારે જોવાનું છે કે મનગમતો પ્રિય મેળવવાની તીવ્ર તાલાવેલી એના સમ્યક્ત્વને અટકાવતી નથી. એનું કારણ આ જ કે મૂળ તો દિલમાં સચોટ બેઠેલું છે કે

**સર્વ દુઃખનાશક અને સર્વ હિતકારક જો કોઈ હોય તો તે જિનેશ્વર ભગવાને કહેલું સમ્યગ્દર્શન-જ્ઞાનયુક્ત સમ્યક્ ચારિત્ર જ છે, સંસારના વિષયો તો વ્યાધિરૂપ વિટંબણા રૂપ છે. આ એની સમ્યક્ત્વની ભાવના છે.**

આ જો દિલમાં બરાબર અંકિત થઈ જાય તો પછી પ્રશ્ન ન રહે કે તો પછી તરંગવતી કેમ પૂર્વ પ્રિય માટે વલખા મારી રહી છે ? કેમકે સમ્યક્ત્વ હોવા છતાં અવિરતિનો ઉદય હોય તો સહજ છે કે

**અવિરતિ આસક્તિ કરાવે, રાગ કરાવે, છતાં સાથે સમ્યક્ત્વ હોવાની વિશેષતા એ છે કે એને હૈયાના ઊંડાણમાં એ પ્રિય પર પ્રેમ વગેરે બધું ય કર્મે સરજેલી**



**વ્યાધિ-વિટંબણા-બિમારીરૂપ લાગતું હોય.**

જેને સમકિત ન હોય એને તો હૈયામાં પણ સંસારસુખ મીઠાં મીઠાં લાગે છે. એની ઇચ્છા થાય એ ય સ્વાભાવિક લાગે છે. પછી એને સુખની ઇચ્છાને બિમારી શાનો માને ?

સમરાદિત્યકુમારને પિતાએ પરાણે બે રાજકુમારી પરણાવી, પરંતુ કુમાર એ લગ્નને અને પછીના સુખરાગને આંતરિક બિમારી સમજે છે. તેથી જ પરણીને હજી પહેલી મુલાકાત છે ત્યાં બે નવોઢા પત્ની તરફથી કુમારને એની સખી પાનનું બીડું આપતાં જ્યાં કહે છે કે

**કુમાર-સખીનો સંવાદ :-**

"કુમાર સાહેબ ! આ મારી બે સખીઓએ આપના પર અથાગ પ્રેમથી તૈયાર કરેલું આ તંબોલ છે, તે લ્યો, સ્વીકારવા કૃપા કરો."

એજ વખતે કુમાર પૂછે છે "તમારી સખીને પૂછી જુઓ એમને ખરેખર મારા પર પ્રેમ છે ?" કેમ આમ પૂછે છે ? એ સમજે છે કે **સંસારમાં પ્રેમ એમની વાતો તો માત્ર ટાયલાં છે, કેમકે અસલમાં તો એ પ્રેમ રાગ વગેરે આત્માના રોગ છે, વ્યાધિ છે, બિમારી છે. બિમારી તે પાછી કેવી ? કે**

**શરીરની બિમારી બહુ તો કદાચ એક મોત આપે, ત્યારે આ રાગની આત્માની બિમારી અનેક જન્મ અનેક મોત આપે.**

સમરાદિત્ય કુમારનો 'તારી સખીઓને પૂછ કે એમને મારા પર પ્રેમ છે ? એવો સવાલ સાંભળતાં ચોંકી ઉઠે' કે કુમાર આવું શું પૂછે છે ? પ્રેમ વિના પરણવા આવી છે ?

સખી કુમારને કહે કુમાર સાહેબ ! પ્રેમનું શું પૂછો છો ? આપને પ્રત્યક્ષ તો હમણાં જોયા, પરંતુ જ્યારે દૂર દેશમાં આપને જોયા પણ નહોતા ત્યાં મારી સખીઓ આપના ગુણ સાંભળીને આપના પર પ્રેમથી એવી ઓવારી ગયેલી કે ત્યારથી આપની સેવાની ઝંખના કરી રહી છે !'

ત્યારે સમરાદિત્યકુમાર આ સેવાની ઝંખનાને પણ બિમારી સમજે છે, તેથી એ સાંભળીને લહેવાઈ જતા નથી કે 'ઓહો ! એમ છે ? એટલી બધી એમની સેવાની ઝંખના છે ?' લહેવાઈ નહિ જવાનું કારણ કે પત્નીની પતિ પ્રત્યે આ સેવા શું છે ? પતિને કાયા વાણીથી એના કામરાગ-સ્નેહરાગને પોષવાની પ્રવૃત્તિ. કુમારને આત્માની બિમારીની વ્યાકુળ ચેષ્ટા જ હોવાનું લાગે છે, એમાં કુમાર શાના લહેવાય ?

સખીના વચન પર કુમારે ત્યાં તરત જ એક એવો પ્રશ્ન પૂછી માર્યો કે સખી બિચારી એવી મુંઝવણમાં મુકાઈ ગઈ કે જવાબ દેવો જ ભારે પડી ગયો ! અને

ખરેખર કુમારનો સવાલ તમને પણ મુંઝવણમાં મૂકી દે એવો છે. માત્ર મુંઝવણ જ નહિ, કિન્તુ જો એ પ્રશ્નને સમજણપૂર્વક વિચારાય તો તમારી જીવનની તાસીર ફેરવી નાખે એવો છે.

**વ્યાખ્યાનમાંથી કશું ગાંઠે બાંધી જાઓ ? :-**

વ્યાખ્યાન તો સાંભળી જાઓ છો, પરંતુ કોઈ એવી રહસ્યમય આત્મહિતની વાત આવે તો એને ગાંઠે બાંધી જાઓ છો ખરા ? એક આઠ દહાડા પહેલાં જેવા હતા, આઠ દહાડા વ્યાખ્યાન સાંભળ્યા પછી તમને લાગે છે ખરું કે જીવનમાં જીવનની વિચારસરણીમાં લાગણીઓમાં મનોરથોમાં ફેર પડ્યો છે ? શું આઠ દહાડાના વ્યાખ્યાનોમાં હૈયાને ધક્કો લગાડે એવું કોઈ રહસ્યભર્યું આત્મહિત-વચન એક વ્યાખ્યાનમાં પણ આવ્યું જ નથી ? કેમ માનસિક વલણ લાગણીઓ મનોરથોમાં પરિવર્તન નહિ ?

કહો, એક નહિ અનેક માર્મિક વચનો તો આવેલા, પરંતુ એને ગાંઠે બાંધીને ઘરે લઈ જવાનું અમે શીખ્યા જ નથી. ગાંઠે બાંધી લઈ જવાનું હોય તો જ ઘરે એને મમરાવાય ને ? દિલમાં બરાબર જચાવાય ઠસાવાય ને ? જચાવી-ઠસાવીને પરિવર્તન કરાય ને ?

ત્યારે શું આમ ને આમ વ્યાખ્યાનના એકાદા પણ કિંમતી જિનવચનને ગાંઠે બાંધ્યા વિના હજારો વ્યાખ્યાન-શ્રવણથી ઊંચે અવાશે ? બહુ મન પર લેવા જેવી આ વસ્તુ છે. વ્યાખ્યાન સાંભળવાનો સમય તો કાઢો જ છો.

**આ માનવ સમય, જાણો છો, કરોડો રૂપિયા કરતાં પણ વધુ કિંમતી છે ?**

**માનવ સમય મહા કિંમતી હોવાનાં બે કારણ, -**

(૧) એક તો કરોડો રૂપિયા આપવા છતાં વીતેલા માનવ સમયની એક મિનિટ પણ પાછી વાળી શકાતી નથી. એ મિનિટ તો ગઈ તે ગઈ જ.

(૨) બીજું કારણ એ છે કે માનવ સમયની એક મિનિટ જો મનમાંથી સંસાર વોસિરાવી અરિહંત ધ્યાનમાં લગાવી દેવાય, તો એના પર સ્વર્ગ-સુખનાં ધ્યાનમાં લગાવી દેવાય, તો એના પર સ્વર્ગ-સુખનાં અસંખ્ય વર્ષની સ્થિતિવાળા પુણ્ય-કર્મ ઊભાં થાય છે. આ હિસાબે વિચારો માનવ સમય કેટલો બધો કિંમતી ?

**એ મહા કિંમતી માનવ સમય તમે વ્યાખ્યાન શ્રવણમાં કાઢો ને જીવનમાં વિચારસરણીમાં, આદર્શમાં, ભાવના-લાગણીમાં પરિવર્તન ન લાવો એ કેટલું બધું ગુમાવવાનું ? કેટલી મોટી મૂર્ખાઈ ?**

માટે આ કરવા જેવું છે. વ્યાખ્યાન શ્રવણમાં કિંમતી માનવ સમય કાઢ્યા પછી એમાંથી એવા રહસ્યભર્યા વચન સાંભળ્યા પર એને ગાંઠે બાંધવા જોઈએ.



સમરાદિત્ય રાજકુમાર, નવી પરણેલી બે રાજકુમારીની સખીએ જ્યારે એમ કહ્યું કે આપના પર મારી સખીઓને પ્રેમ એટલો બધો છે કે આપને જોયા નહોતા, માત્ર આપના ગુણો સાંભળ્યા હતા, ત્યારથી માંડીને આપની પાછળ એ ઝૂરી રહી છે,' ત્યારે કુમાર એવો પ્રશ્ન કરે છે કે જે સાંભળતાં સખી મુંઝવણમાં મૂકાય છે કે હવે આનો ઉત્તર શો કરવો ? કુમારનો પ્રશ્ન એવો રહસ્યભર્યો છે. તમે પણ એ સાંભળીને ગાંઠે બાંધી લઈ જવાના ને ? લઈ જશો અને એનો અમલ કરશો તો તમારા અને કુટુંબના દેદાર ફરી જશે. હવે પૂછો,-

**પ્ર.- કુમારનો રહસ્યભર્યો શો પ્રશ્ન હતો ?**

**ઉ.- કુમારે આ પ્રશ્ન કર્યો કે જેને કોઈના પર પ્રેમ હોય તો એ એની પાસે શું એવું કામ કરાવે કે જેથી એનું બિચારાનું કાટલું જ નીકળી જાય ?**

તારી સખીઓને પૂછે કે એને મારા પર પ્રેમ છે, તો એ મારી પાસે શું કરાવવા આવી છે ? એ જે કરાવવા આવી છે, એ કરવાથી આ સંસારમાં મારું નિકંદન નીકળવાનું ! તો પ્રેમપાત્ર દુર્ગતિઓમાં ભટકતો થઈ જાય, તો એવું કરાવનારે પ્રેમપાત્ર પ્રત્યે એ પ્રેમીનું કામ કર્યું ગણાય ? કે મહા દુશ્મનનું કામ કર્યું ગણાય ? પૂછો તમારી સખીઓને કે એ મારી પાસે પ્રેમીનું કામ કરાવવા આવી છે કે દુશ્મનનું કામ કરાવવા આવી છે ?"

બોલો, સખીઓ પાસે આનો ઉત્તર હોય ? શું એમ કહે કે ના, મારી સખીઓ આપની પાસે એવું કામ કરાવવા નથી આવી ? ઉઘાડી દીવા જેવી સ્પષ્ટ વાત છે કે નવોઢા રાજકુમારીઓ પોતાની સાથે સમરાદિય રાજકુમાર રંગરાગ ભોગ ખેલે, એ માટે આવી છે. અર્થાત્ કુમાર પાસે વિષયભોગ કરાવવા આવી છે. એ ન કરાવવું હોત, તો પરણત શું કામ ? ચારિત્ર જ લઈ લેત ને ? ત્યારે સખીથી એમ કહેવાય એવું નથી કે કુમાર ભલે રંગરાગ ભોગવે, પણ પછી એનાથી એમને સદ્‌ગતિ સ્વર્ગગતિ મળશે. કેમકે સખી પણ આર્યદેશની છે, આત્મ પરલોક પુણ્ય પાપ વગેરેને માનનારી છે, એ કેમ બોલી શકે કે દુનિયાના રંગરાગ ખેલવાથી સદ્‌ગતિ મળે ? એ તો સમજનારી હોય છે કે એનાથી તો દુર્ગતિ મળે. ત્યારે તમે કદાચ અહીં ઉતાવળિયા થઈને પૂછવા જશો,-

**શું રંગરાગથી દુર્ગતિ મળે ? :-**

**પ્ર.-** એમ તો સાહેબ ! આખી દુનિયા રંગરાગ ખેલે છે, તો શું બધા દુર્ગતિમાં જશે ?

ઉ.- આ પ્રશ્ન હૈયાનો ભાવ બતાવી રહ્યો છે કે તમારા હૈયામાં એમ બેઠું છે કે ભલે વિષયોના રંગરાગ ઉડાવીએ પણ એથી કાંઈ દુર્ગતિ જ મળે એવું નહિ,

પરંતુ આ તમારી ભ્રમણાં છે. સંસારમાં દુર્ગતિમાં જીવો કેટલા ? ને સદ્ગતિમાં કેટલા ? કહો, દુર્ગતિમાં અનંતાનંત જીવો; સદ્ગતિમાં માત્ર અસંખ્યાતા. એમાં ય સંજ્ઞી-મનુષ્યગતિમાં તો પેલા અસંખ્યની અપેક્ષાએ બહુ જ અલ્પ ! એટલે કે નહિવત્ સંખ્યામાં ત્યારે દુર્ગતિમાં અનંતાનંત જીવો ક્યાંથી આવ્યા ? કહો, સંસારમાં રંગરાગ ખેલનારા જીવોમાંથી જ આવ્યા. આ જો માનવાની સુજ્ઞતા હોય તો હવે નહિ બોલો કે શું વિષયોના રંગરાગ ખેલવાથી દુર્ગતિ જ મળે ? હવે તો છાતી ઠોકીને કહેશો કે

**વિષયોના રંગરાગ ખેલવાથી દુર્ગતિ જ મળે.**

સમરાદિત્ય કુમારે પેલી સખીને આ પૂછી માર્યું પૂછો તારી બે સખીઓને કે એ મારી પાસે શું કરાવવા આવી છે ? વિષયોના રંગરાગ ખેલીને હું દુર્ગતિમાં જાઉં એ નિશ્ચિત વાત છે, તો આવું મારી પાસે કરાવનાર તમારી સખીઓએ મારા પ્રેમીનું કામ કર્યું ગણાશે કે મારા દુશ્મનનું કામ કર્યું ગણાશે ?

તમારે પણ તમારા જીવનમાં આ પ્રશ્ન વિચારવા જેવો છે કે,-

'તમે તમારા કુટુંબ પ્રત્યે જો એકલા રંગરાગ ખેલાવવાનું કર્તવ્ય બજાવવું હોય તો તમે એ કુટુંબના પ્રેમીનું કામ કરી રહ્યા છો ? કે દુશ્મનનું ?

એમ તમારું કુટુંબ પણ તમારી પાસે એકલા રંગરાગ ખેલાવવાનું કામ કરાવતું હોય તો એણે તમારા પ્રેમીનું કામ કર્યું ગણાશે ? કે દુશ્મનનું ?

**કુમારવાણીની નવોઢા પર અસર :-**

સમરાદિત્ય રાજકુમારની નવોઢા પત્નીઓ શાણી હતી, સખીની મુંઝવણ સમજી ગઈ કે એ શી રીતે જવાબ આપે ? અને પોતે પણ કુમારના પ્રશ્નો મર્મ સમજી ગઈ, તેથી પોતે જ જવાબ કરે છે કે,

"આર્યપુત્ર ! ખરેખર તમે આજે અમારું અજ્ઞાન હટાવી દીધું ! અમે તમારી પાસે જે કામ કરાવવા આવી છીએ, એમાં અમે તમારી સેવા કરવાનું માનતા હતા, પણ જરાક દીર્ઘદૃષ્ટિથી વિચારતાં લાગે છે કે અમે તમારા પ્રેમી નહિ પણ દુશ્મનની ગરજ સારવા જેવું કરવા આવી છીએ. તો હવે અમારે તમારા દુશ્મન નહિ પણ સાચા સ્નેહીનું કામ કરવું છે માટે અમને કર્તવ્ય ફરમાવો કે અમારે શું કરવું ? જેથી અમે તમારા પ્રેમી બન્યા રહીએ ?"

સમરાદિત્ય રાજકુમાર મહાન સમકિતી જીવ છે, આ ભવમાં મોક્ષગામી જીવ છે, એ સમ્યક્ત્વના અજવાળામાં દેખે છે કે આ રંગરાગ વિષયભોગો એ સુખરૂપ નથી પરંતુ પરિણામે મહા દુઃખરૂપ જીવને દુઃખદ દુર્ગતિમાં ભટકાવનારા છે. તેથી **વિષયભોગો એ અવિરતિ કર્મે સરજેલી એક વિટંબણા છે, વ્યાધિ છે, રોગ છે.**



પૃથ્વીચંદ્રના અધિકારમાં આવે છે ને કે એ રંગરાગ ભોગવિલાસને એક રોગ ગણે છે.

**ભોગને રોગ ગણેશ, મેરે લાલ.**

એટલે પેલી નવોઢાના 'અમે શું કરીએ, તો તમારા સાચા સ્નેહીનું પ્રેમીનું કાર્ય કર્યું ગણાય ?' એ પ્રશ્નના ઉત્તરમાં સમરાદિત્યકુમાર કહે છે,-

**તમે જીવનભરનું બ્રહ્મચર્ય લઈ લો;'**

અને ત્યાં સમજદાર અને સુયોગ્ય પેલી નવી પત્નીઓએ તરત જ ઊભી થઈ કુમારના ચરણે માથું મૂકી નમસ્કાર કર્યો, ને પછી ઊભી થઈ હાથ જોડીને બોલી અમારે આજથી જીવનભર માટે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા છે. આર્યપુત્ર ! આજે આપે અમારા પર અનંત ઉપકાર કર્યો, અમને અનંત સંસારમાંથી ઉગાર્યા. આપનો પુનઃ પુનઃ આભાર માનીએ છીએ. રંગરાગ ખેલતા જે આનંદ થાત એના કરતાં આજે અને આપના ઉપદેશથી અને બ્રહ્મચર્યથી અનંતગુણો આનંદ થાય છે.

**સમ્યક્ત્વનો પ્રકાશ અને અવિરતિનો ઉદય :-**

વાત આ હતી કે સમ્યક્ત્વના અજવાળામાં રંગરાગ-વિષયભોગો અને વિષયો એ વિટંબણારૂપ વ્યાધિરૂપ દેખાય છે. પરંતુ અવિરતિનો ઉદય હોય એથી રંગરાગ વિષયભોગ કરે છે.

મોટા તીર્થંકર ભગવાનની પણ ઘરવાસમાં આ સ્થિતિ હોય છે એમને ય રાજાશાહી સુખ ભોગવવાનું બને છે. લગ્ન કરવા પડે છે. એ સમજે છે કે સુખ તૃપ્તિનો આ નીચ ઉપાય છે, પરંતુ નિકાચિત નીચ કર્મરૂપી ખંધા દુશ્મનને નીચ ઉપાયથી જ તુષ્ટ કરી રવાના કર્યે છૂટકો છે. અવિરતિનું નાટક જબરૂં છે. એ પરમ પુરુષને પણ સ્પષ્ટ વિટંબણા સમજવા છતાં વિષયભોગની ક્રિયામાં જોડે છે. અલબત એ લોકોત્તર પુરુષ અંતરમાં સાવધાન છે, એટલે પામર જનની જેમ એમને વિષયભોગનો અંતરમાં આનંદ નહિ, પણ ખેદ છે; કેમકે એને એ લોકોત્તર પુરુષ આત્માની વ્યાધિ-વિટંબણારૂપ દેખે છે.

પેલી તરંગવતી અંતરમાં સમ્યક્ત્વની આ ભાવના ધરનારી છે કે સંસારના વિષયભોગ આત્માની વ્યાધિ વિટંબણારૂપ છે. પછી એને કદાચ અવિરતિના ઉદયે સંસારના ભાવ જાગે, તો તેથી કાંઈ એની શ્રદ્ધાનો ઈનકાર ન કરી શકાય. કારણ એક જ, કે સમકિતીનું મન સંસારના ભાવોમાં પામર જનની જેમ તદ્દન અંધ નથી બનતું. એટલે જ એ સંસારના ભાવોની વચ્ચે વચ્ચે જિનેશ્વર ભગવંતને, જિનવચનને અને જિનોક્ત ધર્મક્રિયાને ભૂલતું નથી.

**સંસારના ભાવોમાં જે તદ્દન અંધ બની આસક્ત થતો હોય એ પહેલાં કે પછીથી પણ જિન-જિનવચન-જિનોક્ત આચારને શું યાદ કરે ?**

જુઓ, શ્રીપાળકુમાર ધવલશેઠની સાથે રત્નદ્વીપે પહોંચ્યા છે. ત્યાં એ તો મોટા સામિયાણામાં બબ્બર દ્વીપના રાજાએ પરણાવેલી રાજકુમારી અને દાયજામાં આપેલા માલ પરિવાર સાથે નિરાંતે આનંદ મંગળ કરતા બેઠા છે; એટલામાં ધવલ કાકો આવ્યો, ને કહે છે કુમાર ! કુમાર અહીં વેપાર સારો જામ્યો છે તો તમારા ૨૫૦ વહાણના માલનો વેપાર કરી લો. અહીં બેસી રહે શું વળશે ?'

શ્રીપાળકુમાર સંસારના ભાવની વચ્ચે પણ જિનવચન યાદ કરનારા છે એટલે સમજે છે અંતે તો પોતાના ભાગ્યાનુસાર મળવાનું અને રહેવાનું છે, તો ખોટી હાયવોય ને ફોગટિયો ઉધમાત શા સારુ કરવા ? એટલે ધવલશેઠને કહે કાકા ! તમે જ આપણા માલનો વેપાર સંભાળી લેજો ને ? હું તો અહીં આરામથી બેઠો છું પૂછો,-

**પ્ર.**- શું આમાં ભય ન લાગે કે આ ધવલશેઠ આપણા માલના વેપારમાં ઘાલમેલ કરશે તો ?'

**ઉ.**- ના, કહ્યું નહિ કે એમના મનમાં અંતે તો પોતાના પુણ્યાનુસાર જ મળવાનું ને રહેવાનું એવું જિનવચન રમી રહ્યું છે. આ શું છે ? સમ્યક્ત્વની ઝલક. સંસારના કાર્યોમાં એવા આસક્ત અને તદ્દન અંધ નહિ બનવાનું કે જિન-જિનવચનનું સ્વપ્નું ય ન આવે કિન્તુ એ કાર્યોની વચમાં વચમાં અરિહંત અને અરિહંતના ધર્મને મનમાં ને આચરણમાં લાવવાના.

જુઓ, રાવણ સમ્યગ્દૃષ્ટિ હતો, અને નીકળ્યો હતો દિગ્વિજય કરવા,- પરંતુ વિમાનમાં જતાં વચમાં અષ્ટાપદતીર્થ આવ્યું અને ફૂલ સ્પીડમાં જતું વિમાન ખચકાયું, ત્યાં નીચે જોતાં તીર્થ દેખીને નીચે ઉતર્યો અને ભગવાનની ભક્તિ-પૂજામાં લીન થઈ ગયો ! પૂછો ને,-

**પ્ર.**- પણ રાવણને દિગ્વિજયના મહાન કાર્યની ઉતાવળ ન હોય ?

**ઉ.**- સમકિતીને ધર્મકાર્યની આગળ સંસાર કાર્યની ઉતાવળ નહિ; કેમકે સમજે છે કે

**જેને ધર્મ-કાર્યની ઢીલ અને સંસાર કાર્યની ઉતાવળ છે, એને સદ્‌ગતિની ઢીલ અને દુર્ગતિની ઉતાવળ છે.**

એથી ઊલટું, જેને ધર્મકાર્યની ઉતાવળ અને સંસાર કાર્યમાં ઢીલ, એને સદ્‌ગતિની ઉતાવળ અને દુર્ગતિની ઢીલ છે. અર્થાત એને દુર્ગતિ જલ્દી તાણવા ન આવી શકે.

રાવણને સંસાર કાર્યની એવી ઉતાવળ નહોતી, જેવી ધર્મ કાર્યની ઉતાવળ હતી; એટલે દિગ્વિજયની યાત્રામાં વચમાં તીર્થ મળ્યું તો ઊતરી પડ્યા તીર્થ પર; અને ભક્તિ કેવી જમાવી ? તો કે એ વખતે તીર્થ-દર્શનાર્થે આવેલ ધરણેન્દ્રે ઓફર કરી કે



'રાવણ ! તમારી આવી અદ્‌ભુત અર્હદ-ભક્તિ જોઈ હું પ્રસન્ન થઈ ગયો છું. તો ભક્તિના બદલામાં માગો હું શું તમને આપું ?'

ત્યારે રાવણ કહે છે 'ભક્તિના બદલામાં મારે કાંઈ જોઈતું જ નથી' ઇન્દ્ર આગ્રહ કરે છે ત્યારે રાવણ કહે છે,-

'જુઓ ધરણેંદ્ર ! તમે અરિહંતના ભક્ત અરિહંતની ભક્તિથી પ્રસન્ન થાઓ અને એની કૃતજ્ઞતારૂપે તમે કાંઈ આપવા ઇચ્છો એ તમને શોભતું છે, અને અરિહંતનો ભક્ત હું ભક્તિના બદલામાં કશું ન ઇચ્છું એ મને શોભતું છે. બાકી મારે ભક્તિના બદલામાં મોક્ષ જોઈએ છે, એ તમે આપી શકો એમ નથી, અને તમે આપી શકો તે મારે અરિહંતભક્તિના બદલામા જોઈતું નથી. દુન્યવી તુચ્છ અને નાશવંત પદાર્થ ખાતર અરિહંતભક્તિ વટાવવાની ન હોય."

શું રાવણને દિગ્‌વિજય ઝટપટ સાધી વિદ્યાધર રાજાઓ વશમાં આવી જાય એવું નથી જોઈતું ? જોઈએ છે, પણ તે ભક્તિના બદલામાં નહિ. શું રાવણને સાંસારિક કાર્ય દિગ્‌વિજયની ઉતાવળ નહોતી ? હતી, પણ તે એવી નહિ કે જે વચમાં આવતી પરમાત્મ-ભક્તિ ભુલાવે; અને પરમાત્મ-ભક્તિ પણ આવી નિરાશંસ ભાવની જોઈતી હતી, કેમકે ધર્મકાર્ય કરવાનું ખરું પણ તે શા માટે ? દુન્યવી સ્વાર્થ સાધવી માટે નહિ કિન્તુ

**જીવનમાં ખરેખર ધર્મ જ કરવા જેવો છે માટે ધર્મ કરું છું એવી સૂઝ જાગતી રહે, એ માટે ધર્મ કરવાનો,**

આવા આત્માઓને સાંસારિક કાર્ય વખતે પણ અરિહંત અને અરિહંત-વચન જિનશાસન અંતરમાં રમતું જ રહેતું હોય, સમ્યક્ત્વ જાગતું હોય એમાં નવાઈ નથી.

તરંગવતીને પિતા તરફથી સ્વપ્નના ફળાદેશરૂપ આનંદદાયક આગાહી તો મળી કે તને સાત દિવસમાં સારો પતિ મળશે. પરંતુ પોતે ઓર ચિંતામાં પડી કે જો મારા પૂર્વ પ્રિયને છોડી બીજો કોઈ મારા માથે પડે તો તો મારે જીવવું જ મુશ્કેલ થાય. પરંતુ હજી પેલી સારસિકા જે અહેવાલ લાવવાની છે, એમાં આશા છે તેથી એના પોતાના મનને મનાવી રાખે છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૮, તા.૨૬-૧૦-૧૯૮૫**

પછીથી તરંગવતી સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરી રાત્રિના લાગેલા દોષ અતિચારોની આલોચના પ્રતિક્રમણ કરે છે, બૃહદ્‌ગુરુવંદન કરે છે, પરમાત્માના ભક્તિ-સ્ત્રોત ભણે છે, અને એટલામાં સૂર્ય ઉદય પામે છે.

જોવાની ખૂબી છે કે ગઈ સાંજના સખી સારસિકાને ચિત્રપટ્ટ લઈને કૌમુદી મહોત્સવમાં મોકલ્યા પછી આતુરતા તો છે જ કે 'ત્યાં લોકો જોઈ શકે એ રીતે ચિત્રપટ્ટ ખુલ્લો મૂક્યા પછી એમનાં કોઈ માડીના લાલ પર આ ચિત્રપટ્ટ જોયાની અસર પડે છે કે કેમ ?' છતાં સાંજનું પ્રતિક્રમણ ને પ્રભાતનું પ્રતિક્રમણ ચૂકતી નથી ! આ બતાવે છે કદાચ સાધુ ન થઈ શક્યા, તો પણ દિલમાં સમ્યગ્દર્શન કેવી રીતે ઝગમતું રાખી શકાય ! અને ધર્મના શક્ય કર્તવ્ય આચારોનું પાલન કોઈ સાંસારિક ચિંતાની વચમાં પણ કેવું અખંડ રાખવાનું ! **સમ્યગ્દર્શન વાતોની વડાઈથી ન આવે, ન ટકે.** મૂળ,

**'હૈયામાં વસ્યું હોય કે સંસારને પછી, ને શાસનને પહેલું સ્થાન આપું,' તો જ દિલને ધર્મ ગમ્યો ગણાય. અને સંસાર પર અભાવ રહ્યો ગણાય.** ખબર છે ને કે મહારાજા શ્રેણિકની ઉંમર થઈ હતી એટલે અભયકુમારને કહે છે ભાઈ અભય ! હવે તું રાજ્યગાદી સાંભળી લે, હું નિવૃત્તિ લઉં !' ત્યાં અભયકુમાર કહે છે,- બાપુ ! ઊભા રહો હું જરા પ્રભુને પૂછી આવું; પછી નક્કી કરું કે મારે રાજ્યગાદી લેવી કે કેમ ?'

ત્યાં શ્રેણિક રાજાએ એમ ન કહ્યું કે આમાં ભગવાનને શું પૂછવાનું હતું ? મોટા પુત્ર તરીકે તારું કર્તવ્ય છે કે વૃદ્ધ પિતાને હવે રાજ્ય સંભાળવાની ચિંતાથી મુક્ત કરવાના.'

આવું પિતા શ્રેણિકે પુત્ર અભયને કેમ ન કહ્યું ? કહો, શ્રેણિક દઢ સમકિતી આત્મા છે, ધર્મના પ્રેમી છે, તેથી જ્યારે બે બાબત સામે આવીને ઊભી રહી ત્યારે ધર્મનું કામ પહેલું કરવું, સંસારનું પછી, એવા ધોરણવાળા છે. અત્યારે એમની સામે બે બાબત આવી,-

(૧) એક, પુત્ર અભયકુમાર પ્રભુને પછી આવવાનું કહે છે; ને

(૨) બીજી બાબત, પોતાને નિવૃત્તિ માટે અભયને રાજ્યગાદી ભળાવવી તે. આ બેમાં પહેલી બાબત પ્રભુને પૂછી આવવાની, એ ધાર્મિક બાબત થઈ. બીજી પોતાને નિવૃત્તિ લેવાની બાબત એ સાંસારિક બાબત થઈ. મહારાજા

**શ્રેણિકના હૈયામાં ઝળહળતા સમ્યક્ત્વના પ્રકાશમાં આ દેખાય છે કે**

'સાંસારિક બાબત ગમે તેવી ઈષ્ટ હોય. પરતુ એની આગળ ઉપસ્થિત થયેલ સમોવડિયા ધર્મની બાબત અતિ અતિ મહત્ત્વની છે; તો એને જ મુખ્ય કરાય, આગળ કરાય. તરત અભયને કહી દીધું કે ખુશીથી પ્રભુને તારે જે પૂછવું હોય એ જરૂર પૂછી આવ. શ્રેણિકને આમ કહેવામાં ભય નથી કે "અભય એવું કાંક પૂછી આવે ને પ્રભુ એને ચારિત્રનો નિર્ણય પકડાવી દેશે તો ? 'રાજ્ય તો બહુ



પાપનું કારણ, માટે દીકરા અભય ! ચારિત્ર જ લેવું સારું પ્રભુ આવું કાંક પકડાવી દે તો મારી નિવૃત્તિ આશાએસનું શું થાય ? ના, રાજાને આવો કાંઈ ભય નથી, માટે નિશ્ચિતપણે અભયને રજા આપી કે જા, પ્રભુને પૂછી આવ !' આ તો શ્રેણિક રાજાની ધર્મની બાબતને પ્રધાન રાખવાની વાત.

હવે અભયકુમારની ધર્મને મુખ્ય કરવાની વાત એ પણ આવા પિતાનો પુત્ર છે ને ? એણે ય ધર્મને પ્રધાન રાખવાનું કેવું કર્યું છે; એ જુઓ. એને જ્યારે એક બાજુ મોટા મગધ દેશના સમ્રાટ, બનવાની લોભામણી સાંસારિક બાબત ઊભી થઈ છે, ત્યારે ત્યાં તરત જ એને વિચાર આવે છે કે મોટી રાજ્યગાદી તો લેવાય, પરંતુ એમાં ફસાયા જો ચારિત્ર ન મળે તો ? ચારિત્ર તો માનવ જીવનનો સાર છે, (i) Essence of Human Life એ ચારિત્ર મેળવ્યા વિના માનવ અવતારે કેમ મરાય ? માનવ અવતાર એળે કેમ જવા દેવાય ? આ વિચાર ધાર્મિક બાબતનો છે. એ બાબત પણ સામે આવી. પહેલી કઈ સંભાળવી ? (૧) ચારિત્ર વિના ન મરવાની ધાર્મિક બાબત ? કે (૨) બીજી મોટા મગધદેશની રાજ્યગાદી લેવાની સાંસારિક બાબત ?

અલબત મહાન સમ્યગ્દષ્ટિ અભયકુમારને રાજ્યગાદીનો મોહ નથી, પરંતુ પિતાની ઈચ્છા મુજબ એમને હમણાં પૂરતી નિવૃત્તિ આપી શકાતી હોય, અને પોતાને ચારિત્ર પણ પછીથી મળી શકે એમ હોય, તો હાલ ઠહેરી જવું; કિન્તુ જો પ્રભુ કાંક એવું બતાવે કે રાજ્યગાદી લીધા પછી તને ચારિત્ર નહિ મળે તો રાજ્યગાદી ન ખપે, કિન્તુ ચારિત્ર જ ખપે, એટલા માટે શું કરવું, એ નક્કી કરવા પ્રભુને પૂછવા ગયા.

શું પૂછ્યું ભગવાનને ? પ્રભુ ! હું પિતાજી કહે છે તેમ રાજ્યગાદી લઉં ? લઉં તો પછીથી મને ચારિત્ર મળશે ને ? આવું પૂછ્યું ? ના, બહુ બુદ્ધિમાન છે ને ? પ્રભુને પૂછ્યું ભગવન્ ! આપના શાસનમાં છેલ્લા રાજર્ષિ કોણ ? અર્થાત્ રાજા થયા પછી પણ ચારિત્ર લેનાર રાજા થનાર કોણ ? પ્રભુએ કહ્યું જો, સાધુ પર્ષદામાં પેલા ઉદાયન રાજર્ષિ બેઠા છે ને ? એ છેલ્લા રાજર્ષિ ! અભયકુમાર તરત જ ભાવ સમજી ગયા કે છેલ્લા રાજર્ષિનો મતલબ એ, કે હવે કોઈ રાજા થઈને દીક્ષા નહિ લે. તેથી જો હું પણ રાજા થાઉં તો મને પણ દીક્ષા ન જ મળે. તો તો પછી ઘેર ગયું રાજ્ય લેવાનું, ને ઘેર ગઈ બાપાજીનું મન રાખવાની વાત.

બાપાજીનું મન રાખવું એ સાંસારિક બાબત છે, ચારિત્ર લેવું એ ધાર્મિક બાબત છે. બેમાં પ્રધાન બાબત કોને કરવી ? કહો, ધાર્મિક બાબતને જ,

**પ્ર.-** પણ પિતાનું મન દુભાવીને દીક્ષા લેવાય ?

ઉ.- આના જવાબમાં બે વાત વિચારવી પડે,-

(૧) પિતા ધાર્મિક છે ? કે (૨) બિનધાર્મિક ?

(૧) પિતા જો ધાર્મિક છે, તો ત્યાં પુત્ર કહેશે કે 'પિતાજી ! તમારે ને મારે બંનેને મનુષ્ય જન્મ મળ્યો તે કર્મનો નિકાલ કરવા માટે મળ્યો. **કર્મનો નિકાલ કરવા માટે સંયમ-જીવન જેવું જીવન નહિ.**

તમે જો નીકળી શકતા હો તો હું જીવનભર સાથે જ છું, જીવનભર તમારી સેવા કરીશ; જો તમે ન નીકળી શકતા હો તો મને કર્મનો નિકાલ કરવા સંયમ જીવનની રજા આપો. એમ સમજાવતાં ધાર્મિક પિતા માની જાય, એમનું મન દુભાય નહી, રાજી થાય.

(૨) ત્યાં જો પિતા ધાર્મિક નથી, તો એમનું મન પુત્રની દીક્ષાથી નહિ, પણ પોતાના મોહમિથ્યાત્વથી દુભાય છે.

ઋષભદેવ પ્રભુએ દીક્ષા લીધી, મરુદેવા માતાનું મન દુભાયું, તે શું પ્રભુની દીક્ષાથી દુભાયું ? ના, તો તો પ્રભુને નિર્દય ગણવા પડે, અજુગતું માતાને દુખિત કરનાર અજુગતું કરનાર કહેવા પડે. જ્યારે ખરેખર તો પ્રભુ જગત દયાળુ છે, એમની જગતની જેમ માતા પ્રત્યે પણ દયા છે. તીર્થંકરના જીવનમાં એક પણ અનુચિત વાત નથી હોતી. માટે કહેવું પડે કે પ્રભુએ માતા રડતા દુભાતા છતાં દીક્ષા લીધી, એ જરાય અનુચિત નથી કર્યું. તો માતા દુભાતા હતા એનું શું ? એ પોતાના મોહથી દુભાતા હતા. માટે જ કોણ પુત્ર, કોણ માતા ?' એમ માતાએ વિચારતાં મોહ કાઢી નાખ્યો, તો માત્ર દીક્ષા નહિ, પરંતુ ઠેઠ કેવળજ્ઞાન પામ્યા ! જો દુભાવાનું પ્રભુની દીક્ષાથી હોય તો પ્રભુ દીક્ષા ન લે, પણ એમ બન્યું નથી, છતાં અન્યત્વ ભાવનાથી મોહ કાઢી નાખ્યો તો રાજી નહિ, મહારાજી નહિ, વીતરાગી બની બેઠા ! વાત આ છે કે અભયકુમારે પ્રભુ પાસેથી છેલ્લા રાજર્ષિ થઈ ગયાનું જાણી તારવણી કાઢી કે હું રાજા થાઉં તો મને દીક્ષા ન મળે; અને માનવ જનમમાં જ શક્ય એવી સંયમ સાધના પામ્યા વિના કેમ રહેવાય ? માટે રાજા નહિ બનતાં મારે મુનિ બનવાનું. આના પર પ્રશ્ન છે,-

**પ્ર.**- તો પિતા નહિ દુભાય ?

ઉ.- ના, પિતા ધાર્મિક છે, વળી પ્રભુ-ભક્ત છે, તેથી એ પોતાના સ્વામી પ્રભુ પાસે પોતાનો દીકરો જાય, એ તો 'ધન્ય ઘડી ! ધન્ય ભાગ્ય ! માને. પોતાની વસ્તુ પિતાના સ્વામીના ઉપયોગમાં આવે એમાં ખેદ શાનો ? એટલે અભયકુમારે પ્રભુને પૂછી આવ્યા પછી ઘરે પિતાને કહ્યું, શું કહ્યું ?

પિતાજી ! પ્રભુ કહે છે મારા શાસનકાળમાં રાજા થઈને દીક્ષા લેનાર પતી



ગયા. હવે જે રાજા થશે, તે દીક્ષા નહિ પામી શકે. તો તમે પ્રભુના ભક્ત એવા તમારો પુત્ર દીક્ષા વિના દુર્ગતિમાં જાય એવું ઇચ્છો છો ? કે તમારો પુત્ર તમારા માલિકની સેવામાં જઈ સદ્ગતિમાં જાય એવું ઇચ્છો છો ?

શ્રેણિકે સ્વામીની સેવાની વાત આવી ત્યાં તરત જ પોતાની નિવૃત્તિ આરામ ગૌણ કરી નાખ્યા અને વિચાર્યું,- 'મને ક્ષણિક અને તુચ્છ નિવૃત્તિ મળે, અને પુત્ર દુર્ગતિમાં જાય તદ્દન અસમંજસ અનુચિત્ત છે, તો મારી નિવૃત્તિ ઘેર ગઈ. એવી નિવૃત્તિ મારે નથી જોઈતી. તરત અભયકુમારને દીક્ષાની રજા આપી દીધી ! અભયકુમારને પણ પિતાએ રાજ્યગ્રહણની વાત નહોતી કાઢી ત્યાં સુધી એકદમ જ દીક્ષા લઈ લેવાની ચટપટી નહોતી થઈ, પરંતુ હવે વાત નીકળી ત્યાં એકદમ જ ચટપટી થઈ, પિતા પાસે તરત દીક્ષાની રજા માગી, રાજા શ્રેણિકે તરત વરઘોડો કાઢી અભયને પ્રભુને સોંપી આવ્યા, દીક્ષા અપાવી દીધી.

રાજ્યગાદી એ સાંસારિક બાબત, દીક્ષા એ ધાર્મિક બાબત, બંને સાથે ઉપસ્થિત થતાં અભયકુમારે ધાર્મિક બાબત આગળ કરી. દિલમાં સમ્યગ્દર્શન ને ધર્મભાવના કેવીક ઝાકઝમાળ !

**ધર્માત્માને મન ધર્મ પ્રધાન હોય છે.**

આપણા પૂર્વજો જુઓ કેવા કેવા નમુનેદાર થયા છે. આ અભયકુમારને મગધસમ્રાટ બનવાનું મળતું હતું ત્યારે એ જતું કરી ચારિત્ર લઈ મુનિ બન્યા ! એટલી બધી તાકાત ન હોય તો ય તમે ધર્માત્મા બની પ્રસંગ પ્રસંગમાં ધર્મ ન ભૂલો, ધર્મને સ્થાન આપી જ દો.

નાસ્તિક પ્રદેશીરાજા કેશીગણી મહારાજથી બુઝ્યો ! જીવનભરનાં કારમા પાપોનું શ્રેષ્ઠ પ્રાયશ્ચિત્ત કરવા માટે સંયમ લેવું જરૂરી છે એ સમજ્યો પણ ખરો, પરંતુ હમણાં સંયમની તાકાત દેખાતી નથી તો ગુરુએ બતાવેલ બાર વ્રતનો શ્રાદ્ધ-ધર્મ ત્યાંજ લઈ લીધો ! હવે જીવનના પ્રસંગ પ્રસંગમાં ધર્મને આગળ કરવાનો એટલે દા.ત.

**ધર્મ પામ્યા તો ચાલ બદલાય :-**

પહેલાં પોતે બહારથી મહેલ તરફ પાછા આવે ત્યારે ઝરુખે રાહ જોતી બેઠેલી પ્રાણથી અધિક પ્રિય રાણી સૂર્યકાંતાના સામે જોવા ઊંચું જોઈને ચાલતા હતા, તે હવે ધર્મ પામી ધર્માત્મા બન્યા છે માટે ધર્મને આગળ કરવા રસ્તા પર જીવજંતુ ન મરે એ રીતે નીચે મૂંડીએ જોતાં જોતાં ચાલ્યા આવે છે. વળી મહેલમાં આવ્યા પછી પહેલાં તો રાણી સાથે મોહના ટાયલાં કરતા હતા, તે હવે ધર્મ મુખ્ય કરવાનો છે ને, એટલે એ ટાયલા બંધ કરી ગંભીરતાથી વાત કરે છે. પ્રસંગ પ્રસંગમાં ધર્મ આગળ કરવાનો.

**યુદ્ધભૂમિ પર પ્રતિક્રમણ :-**

પેલા મંત્રીની વાત આવે છે ને ? રાણીનું રાજ્ય હતું, સીમાડાનો રાજા બાઈ માણસ શું રાજ્ય ચલાવતી હતી ? એમ કરી રાજ્ય કબ્જે કરવા લશ્કર લઈ ચડી આવ્યો, જૈન મંત્રી વફાદાર અને બાહોશ છે, એટલે રાણી રાજાને કહી દીધું નિશ્ચિત રહેજો, લશ્કરના મોખરે રહી હું લડી લઈશ દુશ્મનને કાં ખત્મ કાં ભાગતો કરી દઈશ.

લશ્કર લઈ યુદ્ધભૂમિ પર પહોંચ્યા, રાણી પણ યુદ્ધ જોવા સાથે ગઈ છે. રાતનો પડાવ પડ્યો છે, સૂર્યોદય થાય એટલે યુદ્ધ શરૂ કરવાનું છે. અહીં કયો પ્રસંગ છે ? યુદ્ધ લડી લેવાનો, એટલે ? એક માત્ર સાંસારિક બાબતનો પ્રસંગ છે. ત્યાં ધર્મ યાદ આવે ? પરંતુ મંત્રી ધર્માત્મા છે તે હજી સૂર્યોદયને વાર છે, તો પરોઢિયે ઉઠીને પ્રતિક્રમણ કરવા બેઠા.

ક્યાં અને કયા અવસરે પ્રતિક્રમણ ? તમે બહારગામ જાઓ ત્યાં પણ પ્રતિક્રમણ અવસર સાચવી લઈ પ્રતિક્રમણ કરો છો ખરાને ? કે બહારગામ નહિ સહી, પણ ઘરે રહ્યા પ્રતિક્રમણનો અવસર યાદે ય નહિ કરવાનો ! શ્રાવકે પ્રતિક્રમણ કરવું પડે ? ''ના, કેમકે એને કાઈ પાપ લાગે નહિ એટલે પાપ ધોવાના હોય નહિ ! એ તો સાધુ મહારાજને બચારાને પાપ લાગે તેથી એમણે પ્રતિક્રમણ અવશ્ય કરવું જ પડે'' આમ જ માન્યતા રાખી છે ને ?

આ એના જેવું છે કે સદાચારીને ક્યારેક દૃષ્ટિ-દોષથી પણ શીલ ભંગ થયો તો એણે પાપ ધોવા પ્રાયશ્ચિત્ત કરવું પડે, કિન્તુ અનેક પરસ્ત્રીઓમાં રખડનારાને પાપ શાનું લાગે તે એણે પ્રાયશ્ચિત્ત પ્રતિક્રમણ કરવાનું હોય ? 'સાધુને રોજનું પડિક્કમણું, અમારે શ્રાવકને શાનું રોજનું પડિક્કમણું' આવું માનનાર એ પેલો અનેક પરસ્ત્રીઓમાં ભટકનાર જેમ માને કે સદાચારીને ક્યારેક ભૂલ થઈ ગઈ. તો એને પ્રાયશ્ચિત્ત કરવું પડે, મારે શાનું પ્રાયશ્ચિત્ત પ્રતિક્રમણ ?' એના જેવું માનનારો નથી ?'

વાત આ હતી; ધર્માત્મા સાંસારિક જીવનની વચમાં વચમાં ય ધર્મને ભૂલે નહિ. આ માટે બરાબર યાદ રાખો,-

**પેલો મંત્રી યુદ્ધભૂમિ પર પરોઢિયે પ્રતિક્રમણ કરવા બેઠો હતો !'**

આજના જડવાદમાં અંજાઈ જઈ આત્મદૃષ્ટિ ગુમાવી બેઠેલાને આ તારણહાર તત્ત્વો મગજમાં બેસતા જ નથી. ટી.વી. રોજ જોશે ! પ્રતિક્રમણ મહિને એક વાર પણ નહિ !

પેલી તરંગવતીએ પ્રભાતની ધર્મસાધનાઓ કરી લીધી, સૂર્યનો ઉદય થયો અને સારસિકાની રાહ જોતી હતી. એમાં એ આવી પહોંચી અને તરંગવતી પોતાના આવાસમાં એકલી રાહ જોતી બેઠી હતી ત્યાં આવી. એ દરવાજામાં પેસતાં જ ખૂબ



ઊભરાતા હરખથી કહે છે. સખી ! ખુશખબર ! કામદેવ તારી કામના પૂરી કરે ! તારો પ્રિય મળી ગયો છે. એમ બોલતી બોલતી પાસે આવીને ઊભી રહી. આ સાંભળતાં જ

તરંગવતીને હરખનો પાર નથી રહેતો ! ને એને છાતી સરસી ભેટી પડે છે, અને કહે છે,-

'વાહ વાહ સખી ! તારા મોંમાં ગોળ ! તે શી કમાલ થઈ ? બોલ બોલ સખી ! જલ્દી બોલ શું શું બન્યું ? કેવી રીતે તેં મારા પ્રિય ચકોરને ઓળખી લીધો..?' એમ પૂછતાં એના ખૂબ હરખમાં એમ દેખાય કે જાણે પ્રિય ચકોર પોતાની સામે આવીને ઊભો છે !

જીવને જ્યારે પહેલપહેલું સમ્યગ્દર્શન પ્રગટે છે ત્યારે શાસ્ત્ર કહે છે એને આખા સંસારકાળમાં નહિ થયેલો એવો અપૂર્વ આનંદ થાય છે. એમાં એને પ્રિય પરમાત્માનું દર્શન અને ભવકેદમાંથી મુક્તિ થવાનું દેખાય છે. સમકિતીના આનંદ-ઉદ્વેગ જુદા, મિથ્યાત્વીના જુદા.

તરંગવતી અત્યારે પ્રિય મળવાના આનંદમાં છે. એ ને દાસી નીચે બેઠા, સારસિકા કહે,- ''સાંભળ શું બન્યું એ હું કહું છું.

''હું અહીંથી ચિત્રપટ્ટ લઈને ગઈ જ્યાં કૌમુદી મહોત્સવનો મેળો જામ્યો છે, ત્યાં એવી જગાએ જઈ પટ્ટ ખૂલ્લો મૂકીને ઊભી રહી કે રસ્તા પરથી રથો અને બીજા વાહનો પસાર થઈ રહ્યા છે. લોકો પણ ટોળેટોળાં જઈ રહ્યા છે, એ બધાને નજરમાં પડે એ રીતે પટ્ટને ખોલીને ઊભી રહેલી.

''જોનાર લોકો આશ્ચર્ય પામે છે કે આ વળી કેવુંક ચિત્ર ! ધારી ધારીને જુએ છે, પણ ચિત્રનો પરમાર્થ નથી સમજી શકતા. સ્ત્રીઓ જુએ છે, પુરુષો જુએ છે, હું બધાના મોં પર શી અસર થાય છે એ જોયા કરું છું પરંતુ એમાં કોઈના મોં પર ખાસ અસર થતી દેખાતી નથી. પૂનમની રાત્રિ પસાર થઈ રહી હતી મારા મનને અધીરાઈ થતી હતી કે મારી સખીનો પૂર્વ પ્રિય કોઈ પ્રેક્ષક અહીં મળશે કે કેમ ?''

**કાર્ય સિદ્ધિના ઉદ્યમમાં સ્થિતપ્રજ્ઞતા :-**

સહજ છે કે કાર્ય-સિદ્ધિને માટે નીકળેલ માણસને જ્યાં સુધી કાર્ય થવાને અનુકૂળતા ન દેખાય, ત્યાં સુધી મનને અધીરાઈ થાય. પરંતુ કાર્યની અનુકૂળતા ન દેખાય ત્યાં સુધી નાસીપાસ નહિ થવું જોઈએ. નહિતર નાસીપાસી તો તો પ્રયત્નમાં આગળ વધતાં અટકાવી અધવચ્ચે ઉદ્યમ છોડાવી દે, તો કાર્યસિદ્ધિ થવાના સમય સુધી પહોંચી ન શકે. એટલા માટે સ્થિતપ્રજ્ઞતા જોઈએ, કાર્ય પાર પાડવાની પ્રજ્ઞા-બુદ્ધિ સ્થિર રાખવી જોઈએ. આ સ્થિરપ્રજ્ઞા ઊભી કરીને ઉદ્યમ ઉપાડ્યો; તે એ

પ્રજ્ઞા સ્થિર રાખીને પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. વેપારમાં શું કરો છે ? દુકાન ખોલી ચાર ઘરાક એવા જ આવ્યા કે સોદો ન કર્યો, તો શું એવું કરો કે બંધ કરો દુકાન, આમાં કાંઇ નહિ વળે ? ના, ત્યાં તો બુદ્ધિ સ્થિર રાખી દુકાન ચાલુ રખાય છે, તો પછી ધર્મની બાબતમાં જરાક પાછા પડતાં કેમ પ્રયત્ન મોળા ?

જુઓ, ગુણસ્થાનકની પાયરી ઉપર શી રીતે ઊંચે ઊંચે ચડાય છે ? પ્રજ્ઞા સ્થિર રાખીને ઉપર ઉપરના ગુણસ્થાનકનો પ્રયત્ન ચાલુ જ રાખ્યે જાય તો ઉપર ઉપરના ગુણસ્થાનકના પગથિયે ચડતા જવાય છે. દા.ત. પહેલે ગુણસ્થાનકે મિથ્યાત્વ-અવસ્થા છે. એમાં મિથ્યાત્વને અને અનંતાનુબંધી કષાયો રાગ-દ્વેષાદિને મંદ પાડતા જવાની બુદ્ધિ સ્થિર રાખીને આગળ આગળ પ્રયત્ન ચાલુ રાખે, તો જ મિથ્યાત્વ મંદ મંદ બનતું આવે છે. પૂછો,-

**મિથ્યાત્વ મંદતાના શા ઉપાય ? :-**

**પ્ર.**- મિથ્યાત્વ મંદ કરવાના શા પ્રયત્ન હોય ?

**ઉ.**- એ માટે વિવિધ પ્રયત્ન કરવાના છે, પહેલું તો આ જ સુધી પાપાચરણમાં જે હોંશ ખુશમિશાલતા અને રાચવા-માચવાપણું હતું, તે હવે એમાં મંદતા કર્યે જવાની. અર્થાત્ પાપાચરણ પરલોકનો ભય રાખ્યા વિના જે તીવ્રભાવે અર્થાત્ ખૂબ હોંશથી કરતા હતા, તે હવે પરલોકથી ડરતા રહીને કરવાના, ને તે ય તીવ્રભાવથી નહિ કરવાના. એથી મિથ્યાત્વ મંદ પડતું આવે. પ્રશ્ન થાય,-

**પાપપ્રિયતાનો સ્વભાવ બદલવાના શા ઉપાય ? :-**

**પ્ર.**- હિંસાદિ અને કષાયોનાં પાપો રાચી માચીને કરવાનો જીવનો સ્વભાવ એટલે કે પાપપ્રિયતાનો સ્વભાવ છે, તે કેમ છૂટે ? કેમ બદલાય ?

**ઉ.**- એ બદલવાના ઉપાય અનેક છે, દા.ત.

(૧) પહેલો ઉપાય આ, કે મનને વિચાર થાય કે 'આ મારો આર્ય ઉત્તમ માનવ અવતાર, એમાં કેવી વિશિષ્ટ કાયશક્તિ, વાણીશક્તિ અને બુદ્ધિશક્તિ વગેરે મળી !

**વિશિષ્ટ મન-વચન-કાય-શક્તિનો વિનિયોગ (ઉપયોગ) પૂર્વના અનંતા અજ્ઞાન-મોહમૂઢતા માનવભવોમાં જેવો કર્યો, એવો શું કચરાપટ્ટી પાપોમાં પાપકાર્યોમાં કરવાનો ?'**

રોજ પરોઢિયે ઊઠીને આ વિચાર દિલમાં ઠહેરાવવામાં આવે, તો એની દિલ પર અસર થાય, અને પાપકાર્યોમાં તન મન અને વાણીને તદ્દન નહિ તો અંશે પણ જતા અટકાવાય,

(૨) બીજો ઉપાય આ છે કે કદાચ બધા પાપકાર્યોમાં ન બને તો પણ



રોજના કમમાં કમ ૪-૫ પાપકાર્યોમાં મન મારીને પણ હોંશ-હરખ રોકી રાચી માચીને આપણી શક્તિઓનો ઉપયોગ યાને પ્રયત્ન નહિ કરવાનો. આવો રોજને રોજ પ્રયત્ન થાય તો અનાદિના સ્વભાવ પર અસર પડે, સ્વભાવ બદલવાની શક્યતા ઊભી થાય. રાચવા માચવામાં જો મંદતા ઊભી થાય; તો તેથી મિથ્યાત્વમાં મંદતા આવે.

(૩) મિથ્યાત્વની મંદતા માટે વળી એક ઉપાય એ છે કે, ઘોર સંસાર પર ઘૃણા સૂગ ઊભી કરવાની. ઘોર સંસાર પર આદર બહુમાન નહિ ધરવું,

આમ ગુણસ્થાનકની અવાંતર પાયરીએ ચડવાનું થાય.

આ ભવનિર્વેદ ભવોદ્વેગ ભવ-વૈરાગ્યનું કાર્ય વધારે સતેજ બનાવવા અને આગળ વધવા માટે એક અગત્યનો ઉપાય આ કરવાનો છે,

**ભવનિર્વેદનો અગત્યનો ઉપાય :-**

આપણે તો વીતરાગ અરિહંત ભગવાનને પામ્યા છીએ, એટલે દરેક કાર્ય કરતાં અરિહંતને આગળ કરવાના, એમના અચિંત્ય પ્રભાવને આગલ કરવાનો છે. અર્થાત્ મનને થાય કે, પ્રભુ ! ભવનિર્વેદ લાવવા વધારવા ઉપાયો તો કરું છું પરંતુ તે આપના પ્રભાવે જ ફળવાના છે. આપના પ્રભાવે જ આપના ઉપકારથી જ આટલે ઉચ્ચે આવ્યો છું, અને હજી પણ આગળ જઈશ. તે આપના પ્રભાવે જ જઈ શકવાનો.

**આમ વાતવાતમાં અરિહંતને આગળ કરીએ એમાં ભવનિર્વેદના કાર્યરૂપે સમ્યક્ત્વ સુલભ થાય છે;**

કેમકે વાતવાતમાં અરિહંતને મુખ્ય કરવાથી અરિહંત ઉપર પ્રેમ-શ્રદ્ધા બહુમાન વધે છે. રોજના માટે અને દિવસમાં અનેક વાર જયવીયરાય સૂત્રમાં ભગવાન આગળ હોઉ મમં તુહપ્પભાવઓ ભયવં ! ભવનિવ્વેઓ...ઈટ્ઠફલસિદ્ધિ' ની પ્રાર્થના શા માટે કરવાનું રાખ્યું ? કહો, રોજ ને રોજ માંગવાનું આટલા જ માટે કે, જ્યાં સુધી ભવનિર્વેદ માર્ગાનુસારિતા ઈષ્ટફળસિદ્ધિ વગેરે કાર્યો સિદ્ધ ન થાય, ત્યાં સુધી એ માટે વીતરાગ ભગવાનના અચિંત્ય પ્રભાવની શ્રદ્ધા વધારતા રહો, અને ભવનિર્વેદ વગેરેની માગણી કરવાનો પ્રયત્ન ચાલુ રાખો' એ સૂચવવું છે. કાર્ય સિદ્ધ નથી થતું માટે નાસીપાસી ન કરો. નિરાશા ન કરો. સામે પૂર્વ કર્મોનું જોર હોય તો કાર્ય સિદ્ધ થવામાં વિલંબ થાય, પરંતુ પાકો વિશ્વાસ રાખો કે મારા અરિહંતદેવના અચિંત્ય પ્રભાવથી ને મારા યોગ્ય પ્રયત્નથી પૂર્વકર્મ તૂટી જ રહ્યા છે. તે આગળ જતાં સારા પ્રમાણમાં તૂટીને કાર્યસિદ્ધિ થનાર જ છે.

**ચિત્રપટ્ટ ઓળખનાર મળ્યો :-**

પેલી સારસિકા કહી રહી છે કે રાત વીતી રહી હતી, ચિત્રપટ્ટની અસર

લેનારો કોઈ દેખાતો નહોતો. મનને નિરાશા થતી હતી. પરંતુ બેન ! એમ માંડવાળ કર્યે કેમ ચાલે ? વળી કઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે. એ કવિની ઉક્તિ છે. એટલે આશા ઊભી રાખીને ચિત્રપટ્ટ ખુલ્લી રાખીને ઊભી છું. એટલામાં સખી ! તારા પ્રખર પુણ્યે શું મનમાન્યું બન્યું તે તું સાંભળ, સારસિકાના આ બોલપર તરંગવતીનું હૈયું નાચી ઊઠ્યું ! મનને થયું હાશ ! હવે લાગે છે કે, પૂર્વના મારા પ્રિયનો પત્તો લાગ્યો લાગે છે !'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''** **વર્ષ-૩૪,અંક-૯,તા.૨-૧૧-૧૯૮૫**

**યુવાનનો આશ્ચર્યકારી હેવાલ**

સારસિકા આગળ ચલાવે છે કે,''ત્યાં એક તરુણ માણસ પોતાના ગોઠિયામિત્રો સાથે આવી પહોંચ્યો. શી એની કાયા ! ભારે સુંદર રૂપ ! વિશાળ છાતી ! હાથ લાંબા અને લષ્ટપુષ્ટ ! મુખ તો એનું પૂનમના ચંદ્ર જેવું ! ચંદ્ર જેમ રાત્રિ વિકાસી કમળોને વિકસ્વર પ્રફુલ્લિત કરે, એમ આ એના મિત્રોને પ્રફુલ્લિત કરે છે ! મતલબ, એના મુખારવિંદનું દર્શન કરી કરી મિત્રો ખુશી ખુશી થઈ જાય છે ! ત્યારે યુવતીઓની તો બિચારીની દુર્દશા જ થાય છે, એવી કોઈ યુવતી નહિ મળી હોય કે જેના મનમાં આ ન પેઠો હોય, તથા આ યુવાનને જોઈ જે કામ વિહ્વળ ન થઈ હોય, અને જેણે મનમાં ને મનમાં આને વરી લેવાની પ્રાર્થના ન કરી હોય !

''આવો એ યુવાન ચિત્રપટ્ટ પાસે ઊભો રહી જોતો જ રહ્યો, અને પોતાના મિત્રમંડળ આગલ પ્રશંસા કરી રહ્યો છે કે, દોસ્તો ! જુઓ જુઓ, આ ચિત્રમાં શું સુંદર પદ્મસરોવર આલેખેલું છે ! પાસે નદી કેવી મજેની આલેખેલી છે ! વળી નદીના પટમાં કેવી સરસ સફેદ રેતી પથરાયેલી પડી છે ! પાસે શું આણે આબેહુબ જંગલ આલેખેલું છે ! એમાં ફૂલોની લતાઓ કેવી અદ્‌ભૂત છે ! ત્યારે સરોવરમાં આ ચકોર-ચકોરીનું જોડલું કેવું પરસ્પરના પ્રેમમાં ગરકાવ છે ! એમાં કોને અધિક પ્રેમવાળો કહેવો એ મુશ્કેલ છે. ત્યારે આ જુઓ પેલો હાથી, નદીમાંથી સૂંઢમાં પાણી ભરીને નદી બહાર આવી સૂંઢ ઊંચી કરીને ચારે બાજુ પાણી કેવું ઉરાડી રહ્યો છે ! તે પાણીના સપાટામાં કેટલાક પંખેરા બિચારા આવી આવીને ગુલાંટ ખાઈ રહ્યો છે !

''તરુણ પોતાના ગોઠિયાઓને કહે, જુઓ- જુઓ મિત્રો ! ચિત્રમાં હાથી પર પેલી બાજુ ઝાડ પરથી એક શિકારી બાણ તાકીને છોડે છે ! અરેરે ! પણ આ જુઓ, બાણ ત્યાં સુધી ન પહોંચતાં બિચારા આ વચ્ચે ઊડીને જતા એક ચકોરને



વીંધી નાંખે છે ! હાય ! જીવનાં કર્મની કેવી ગતિ ! એમાં વળી જુઓ ચિત્ર દેખાડે છે કે, પેલી ચકોરી બાણે વીંધાઈને પડેલા ચકોરના શરીર પર માથું પછાડી કલ્પાંત કરતી દેખાય છે ! અહીં જુઓ ચકોરની અગ્નિ ચિતા ભડભડ સળગતી દેખાય છે. એમાં ચકોરી ઝંપલાવે છે !

''સ્વામીની ! એ રૂપાળો યુવાન ગોઠિયાઓને કહે છે,- 'ભાઈઓ ! ચિત્ર તો સુદંર છે પરંતુ શેમાંથી આ ચિત્રની કલ્પના ઊઠી હશે એની ખબર નથી પડતી...' એમ બોલતાં બોલતાં યુવાન ઊંડા ચિંતનમાં પડી જાય છે. એમાં થોડીવારમાં તો એ મૂર્છિત થઈ ગયો. એ જઈ થોડેક દૂર ઊભેલી હું ત્યાં પહોંચી ગઈ, એ જોવા કે હવે શું થાય છે ? યુવાન શું બોલે છે ? એના દોસ્તારો ગભરાઈ ગયા કે મિત્રને એકાએક આ શું થઈ ગયું ? એને પવન નાખે છે, ભાનમાં લાવવા પ્રયત્ન કરે છે.''

સારસિકા તરંગવતીને કહે છે. ''જો બેન ! તું ય ઉદ્યાનમાં ચક્રવાક ચકોરીના જોડલાને જોઈ મુર્ચ્છિત થઈ ગયેલી ને ? એમ અહીં પણ એનું ચિત્ર જોઈ આ સમૃદ્ધ યુવાન મૂર્ચ્છિત થઈ ગયો, મને વહેમ પડ્યો કે, 'શું આ ચક્રવાક તો ન હોય ? પરંતુ મારાથી એકદમ એને પૂછાય કેમ ? છતાં આ પરિસ્થિતિ જોઈ હું પ્રસન્ન તો થઈ ગઈ અને મને લાગ્યું કે, નથીને જો આ યુવાન જ પૂર્વનો ચક્રવાક હોય, તો તો મારી બાળીભોળી સખીને એનો મનગમતો પતિ મળી જાય !'

તરંગવતી ખૂબ આતુરતા અને ધ્યાનપૂર્વક સાંભળી રહી છે, એમાં આ સાંભળતાં તો એને એટલો બધો હરખ ઉભરાયો કે, એનાં હૈયામાં શ્વાસના ધબકારા વધી ગયા. પૂર્વનો પ્રિય મળવાની આશા બંધાણી એમાં એને લાગે છે કે, જાણે મોટું સામ્રાજ્ય કે કોઈ અપૂર્વ નિધાન મળવાનું છે ! પાંચ વરસથી ગુમ થયેલો દીકરો હવે એકાએક મળવાની આશા બંધાય તો એના માતા પિતાને કેટલો બધો અવર્ણનીય આનંદ થાય છે ! એ તો પુત્ર; ત્યારે અહીં તો પોતાનો અત્યંત વહાલો પ્રિયતમ મળવાની આશા બંધાય, પછી અત્યંત હર્ષનું પૂછવું જ શું ?

**પરમાત્મા મળવાની આશા રહે છે ? :-**

હવે અહીં આવો. આ હિસાબે વિચારો કે આપણને પરમાત્માના અનંત અનંત કાળના વિરહ પછી સાધના દ્વારા એ અરિહંત પ્રભુ મળી જવાની સુખદ આશા બંધાય, તો એનો આનંદ કેટલો ઊભરાય ? પરંતુ પહેલું તો પ્રભુ નિકટમાં મળવાની જીવને આશા રહે છે ? કહોને 'ના;' કેમકે પ્રભુના વિરહનું દુઃખ નથી, પ્રભુ ન મળે તો કશી ખોટ નથી લાગતી

**પ્રભુનું અંદરમાં દર્શન :-**

અરિહંત પ્રભુ મળવા એટલે શું એ સમજો છો ? પ્રભુ પહેલાં ભેદ અને પછી અભેદભાવે દેખાય.

**અરિહંત પ્રભુને ભેદભાવે જોવા માટે આ કરો, :-**

આંખ મીંચીએ ને સહેજ મનનો ઉપયોગ લઈ જઈએ ત્યાં ઝટ પહેલાં તો કોઈ અત્યંત પરિચિત કરેલા જિનપ્રતિમા અંતરમાં આબેહુબ દેખાય ! અને એ દેખવાનો અભ્યાસ થઈ ગયા પછી અષ્ટપ્રાતિહાર્ય સહિત જીવંત અરિહંત ભગવાન આબેહુબ દેખવાના તે પણ આપણી સામે કરુણા નજરથી જોતા હોય એવા દેખાય. ઈલેક્ટ્રિકની સ્વીચ દાબો ને ફટ અજવાળું થાય, એમ આંખ મીંચી આપણા મનનો અંદરમાં ઉપયોગ જાય ને તરત જ અંદરમાં ભગવાન દેખાય.

**પ્ર.**- આ શી રીતે બને ?

**ઉ.**- કહો, પ્રભુને બહારમાં જોઈ જોઈ તરત અંતરમાં આ રીતે પ્રભુને જોવાના. બહુ અભ્યાસથી બને. પ્રભુ અત્યંત પરિચિત થઈ જાય. એટલે પછીથી પ્રભુ સહેજમાં આબેહુબ દેખાય. પ્રયત્ન જોઈએ પ્રભુને બહારમાં જોઈ પછી મીંચેલી આંખે અંદરમાં જોવાના. ક્ષણવાર અંદરમાં દેખાય પછી પ્રભુ અંદરમાં દેખાતા બંધ થાય એટલે પછી આંખ ખોલી પાછા બહારમાં પ્રભુને જોઈ મનમાં બરાબર ધારી લઈને પછી બંધ આંખે પ્રભુને અંદરમાં જોવાના. પ્રભુને જોવાના એટલે ખાસ તો પ્રભુનું મુખારવિંદ જોવાનું. તે પણ લલાટ કેટલું ઊંચું છે ? નાસિકા કેટલી ઊંચી ? આંખ કેવી ? હોઠ કેવા પહોળા ? ગાલ કેવા માપના ને કેવી આકૃતિ ? દાઢી મુખની પછી નીચે કેટલા અંતરે ? તે ગોળાકાર ? કે ચપટી ?...વગેરે વગેરે બરાબર ધ્યાન રાખીને જોવાના. જેવા બહારમાં દેખાય એવા જ આપણને અંતરમાં દેખાવા જોઈએ.


**પ્રભુને આ અંતરમાં જોવાના વારંવાર અભ્યાસ થાય ને પછી એ સહેજે દેખાવાનો મહાવરો પડે, એ આપણા આત્મા માટે એક મહત્ત્વની મૂડી બને છે.**

પછીથી આંખ મીંચીને વારંવાર જોતાં આનંદનો પાર નથી રહેતો, એનો નાદ લાગે છે. એક નમુત્થુણં સૂત્ર આંખ મીંચીને બોલીએ ત્યાં પદેપદે આ પ્રભુ દેખાયા કરે, તે ક્રમશ : ગોઠવાયેલા દેખાય એ આવી તે દેખાયા કરે,-

૩૩ પદોમાં ૩૩ તીર્થંકર દેખાય. એમાં ય છેલ્લે સિવ મયલ મરુઅ...' વાળા પદમાં આઠ વિશેષણમાં આઠ ભગવાન દેખાય.



એવું લોગસ્સસૂત્રમાં નીચે પ્રમાણે ચોવીસ ભગવાન જોવાના,-



આમ અંતરમાં ભગવાન આબેહુબ જોવાનાં અભ્યાસ વધારતા જઈએ,. એટલે ભગવાન સાક્ષાત્ દેખાવાની આશા બંધાય, ને ત્યાં એનો આનંદ એવો અદ્ભુત રહે કે બીજાં બાહ્યદર્શનનાં આનંદ ફિક્કા પડી જાય.

સારસિકાનાં વચન પર તરંગવતીને પ્રિય મળવાની આશા બંધાણી છે. એટલે તરત એને કહે છે હાં કહે, કહે, એ યુવાનને મૂર્ચ્છા આવી પછી શું થયું ?'

સારસિકા કહે, 'બેન ! એના મિત્રોએ એને પવન નાખ્યો. પાણી છાંટ્યું એટલે એ ભાનમાં તો આવી ગયો, પરંતુ એના મોં પર ઉદાસપણું વ્યાપી ગયેલું તે જોઈ મિત્રો પૂછે છે,-

'મિત્ર ! આ તને શું થયું ? કેમ એકદમ બેભાન થઈ ગયો ? શું મગજ પર કશી મોટી ચિંતા આવી ?'

યુવાન કહે છે. ભાઈઓ ! શું કહું મારા કર્મની કહાણી ?' એમ કહીને એણે ત્યાં રસ્તા વચ્ચે રહ્યા રહ્યા કરુણ રૂદને રડવા માંડ્યું.

તરંગવતીને સારસિકા કહે છે, 'બેન ! એણે આવું આક્રંદ કરવા માંડ્યું કે 'અરેરે ચકોરી ! તું ક્યાં ગઈ ? ઓ મારા પ્રેમની પેટી ! ઓ મને હંમેશા બહુ જ પ્યારી ! તેં કેટલો ગજબ કર્યો કે તેં મારી ખાતર તું અહીં (ચિત્ર તરફ આંગળી ધરી) બળી મરી !' એમ વારંવાર વિલાપ કરે છે. 'તું હવે ક્યાં મળે ?'

આ એનું શરમ મૂકીને કલ્પાંત કરવાનું જોઈ એના મિત્રો આભા બની

ગયા ! કાંઈ સમજ્યા નહીં, એટલે એને કહે છે, અરે મિત્ર ! તું શું કાંઈ ભૂલો પડી ગયો ? આ તું શું બોલે છે ? શાની ચકોરી ? શી રીતે તારી પ્રિય ?'

અહીં વિચારો, તરંગવતીને પદ્મસરોવરમાં ચક્રવાક ચક્રવાકીની પ્રેમી જોડલું જોતાં જાતિસ્મરણજ્ઞાન થયું; આને પોતાના પૂર્વ ભવના પ્રસંગનું ચિત્ર જોતાં જાતિસ્મરણજ્ઞાન થયું બંનેને એનું ફળ શું આવ્યું ? જાતિસ્મરણજ્ઞાન થતાં તો દેખાય કે પોતાનું એક શરીર ગયું, ને બીજું ઊભું થયું, એટલે બંને શરીરમાં સંલગ્ન એવો શરીરથી જુદો પોતાનો આત્મા સ્પષ્ટ રીતે નક્કી થયો. પોતાના એ જુદા આત્માને પૂર્વ ભવના શરીરમાં ત્યાંના અનુભવો ય ભાસે છે, ને આ ભવના જુદા જ શરીરમાં ય પોતાને જ અનુભવો વર્તાય છે. **આમ ભવભવમાં પસાર થતાં પોતાનો આત્મા ભાસ્યા પછી શું મમત્વ આત્માનું થાય ? કે શરીરનું ?**

આત્માને બિચારાને ભવ ભવના ખોળિયા મૂકી મૂકીને ચાલવું પડે છે, એની કોઈ દયા આવે ? એ આત્માની કશી ચિંતા થાય છે ? ના, શરીરનું મમત્વ, શરીરની દયા, ને શરીરની જ ચિંતા રહ્યા કરે છે, પણ પોતાના પ્રિય આત્માની જ નહિ ! આત્મા કર્મ પરવશ હોવાથી ગુલામી ભોગવે છે. કર્મપીડિત બને છે, કર્મજનિત વિટંબણાઓથી સીદાયા કરે છે, એની કશી ચિંતા નહિ કરવાની ?

આ બે ઉત્તમ આત્માઓને પણ આ આત્મચિંતા નહિ ? કારણ ? કારણ આ જ, કે કર્મની વિચિત્રતા છે, મોહની વિટંબણા છે. અત્યારે એ મોહની અસર નીચે છે. માટે જ

**ઉત્તમ માનવભવનું મહાન કર્તવ્ય કર્મ અને મોહની ગુલામી ઘટાડવાનું છે.**

**કર્મ ને મોહ ઘટ્યાનું પ્રમાણપત્ર ? :-**

**પ્ર.**- કર્મ અને મોહની ગુલામી ઘટે છે એની ખાતરી શેના પરથી થાય ?

**ઉ.**- બાર પ્રકારનો તપ જેટલો કરીએ એના પરથી ખાતરી થાય કે એટલા પ્રમાણમાં આપણાં કર્મ અવશ્ય ક્ષય પામે છે, મૂડીમાંથી ઓછા થાય જ છે. એમ અરિહંત ભગવાનનું દ્રવ્ય-ગુણ-પર્યાયથી ચિંતન કર્યા કરીએ, અરિહંતની પિંડસ્થ-પદસ્થ-રૂપાતીત અવસ્થાનું ચિંતન કરીએ, અનિત્યતા આદિ બાર ભાવના, મૈત્રી આદિ ચાર ભાવના, જ્ઞાન-દર્શન-ચારિત્ર-વૈરાગ્યની ભાવના,... આવા બધા ચિંતનો કરતા રહીએ; એમ, ૨૪ તીર્થંકર ભગવાન વગેરેનાં ચરિત્રોનું શ્રવણ વાંચન-ચિંતન મનન કરતા રહીએ, તો ખાતરી થાય કે મોહ અવશ્ય ઘટતો આવે છે. એમ, જૈન ધર્મના આચાર-વિચાર પાળીએ, ધર્મ અનુષ્ઠાનો સેવતા રહીએ, તો વિશ્વાસ પડે કે મોહ જરૂર ઘટતો આવે છે, અલબત અહીં ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે, 'જાતિસ્મરણજ્ઞાન થવા છતાં બંનેએ વર્તમાનસ્થિતિ પરસ્પરના રાગની દૃષ્ટિએ જોઈ,



એમણે આત્માની દૃષ્ટિએ કેમ વિચાર ન કર્યો ?' એમ આપણે સવાલ ઉઠાવ્યો, અને એનું સમાધાન કર્મની વિચિત્રતા તથા મોહની પરવશતાથી કર્યું, છતાં એ ભૂલતા નહિ, કે ચકોર-ચકોરી બંનેના આત્મા ઉચ્ચ કોટીના છે. જગતના પામર જીવોનાં ગાંડિયા પ્રેમ હોય છે. એવા પ્રેમમાં એ સબડતા નથી, એમના કરતાં આ ઊંચા સ્તર પર રહેલા ઉત્તમ આત્માઓ છે. એ આગળ-આગળ એમની જીવન-ઘટનાઓ જોતાં જોતાં સમજ્યા એવું જ છે. અસ્તુ.

જ્યાં પેલા યુવાનને એના મિત્રોએ એમાં 'ઓ મારી ચકોરી ! ઓ મારા પ્રેમની પેટી !...તું મારી ખાતર બળી ?' એના કલ્પાંત પર પૂછ્યું કે તું શું ભૂલો પડી ગયો કે છે શું ? ત્યારે એ યુવાન કહે છે મારા ભાઈઓ ! હું કાંઈ ભૂલો નથી પડ્યો. મારું મગજ ઠેકાણે છે. મારા રુદનનું કારણ આ ચિત્રપટ્ટની વિગતો છે તે વિગતો દુઃખદ છે, એનું રહસ્ય હું જાણું છું. તેથી મને આ કલ્પાંત થાય છે. તમે નથી જાણતા તેથી તમને હું ભૂલો પડી ગયો લાગું છું.

મિત્રો પૂછે 'તો તને ચિત્રના રહસ્યની શી રીતે ખબર પડી ?

યુવાન કહે છે, 'મને મારા પૂર્વભવનું સ્મરણ (જાતિસ્મરણ) જ્ઞાન થવાથી ખબર પડી. એ જ્ઞાનમાં મને અનુભવ થાય છે કે આ ચિત્રમાં ચિતરાયેલ ચકોર હું પોતે જ હતો. અને આ અગ્નિમાં બળી મરવા પડતી ચકોરી મારી પ્રાણ પ્રિયા હતી,'...

**સારસિકાનો અહેવાલ :-**

અહીં એમ કહીને સારસિકા તરંગવતીને કહે છે.

બેન ! જે તમે જાતિસ્મરણ થયા પછી તેં મને તારા પૂર્વભવનો આખો ચિતાર આપેલો, ફિટ બરાબર એ જ ચિતાર આ યુવાને મિત્રોને પોતાના પૂર્વભવનો આપ્યો, એમાં ય એણે જે ચકોરીના અવિહડ પ્રેમ અને એના ગુણોની વિશેષતાનું વર્ણન કર્યું, એ પરથી તું સમજી શકે છે, જો તને ચકોરના વિયોગનું ભારે દુઃખ રહે છે., તો હવે એને ચકોરીના વિયોગનું કેટલું દુઃખ હોય ? આ હું એટલા માટે કહું છું કે હવે તું વિયોગનું એટલું બધું દુઃખ કરવું રહેવા દે, કેમકે દુઃખિયાને દુઃખિયારા મળ્યાતો મનને રાહત થાય છે; અને ખરું જોતાં તું મારી જેમ પરમ આનંદ માન. યુવાને ભલે આક્રંદ કર્યું પરંતુ મને તો બેન ! પારાવર આનંદ થયો કે હાશ ! મારી સહિયરને એનો પૂર્વપ્રિય પતિનો પત્તો મળી ગયો ! તો પછી એટલા માટે તારે પણ ખુશી થઈ જવા જેવું છે. બાકી તો સખી ! તારે એના પર જે પ્રેમ છે એના કરતાં એનો તારા પર પ્રેમ કેટલો બધો હશે એ એની હવે પછીની હકીકત પછી તું સમજી શકશે. એ જ્યારે મિત્રો આગળ તારા ગુણોની પ્રશંસા કરતો હતો ત્યારે એના મોં પર 'હાય ! આવી ગુણિયલ પ્રિયા મેં ખોઈ ?' 'વિષાદ

એના મુખ પર તરવરી ઊઠતો હતો !'

વળી સખી ! જોતો ખરી કે, આટલા તારા વખાણ અને આટલો વિષાદ કરીને એ બેસી ન રહ્યો, પરંતુ એણે મિત્રોની આગળ પોતાનો ભીષ્મ સંકલ્પ જાહેર કર્યો.-

"જુઓ ભાઈઓ ! એ મારી પૂર્વ જન્મની ચકોરી સિવાય બીજું કોઈ આ ચિત્ર ચિતરી શકે નહીં, જરૂર એ અહીં મનુષ્ય અવતાર પામી હશે. તેથી હવે મારો આ દૃઢ સંકલ્પ છે, કે જો મારે એની સાથે સંબંધ થશે તો જ હું સંસારસુખની અભિલાષા રાખું છું, નહિતર જીવનભર માટે નહિ, એટલે હવે તો આપણે તપાસ કરવી રહી કે આ ચિત્રપટ્ટ ચીતરનારી કોણ ? એ જાણવા મળે તો નક્કી વાત છે કે એ જ મારી પૂર્વની પ્રિયા ચકોરી એના વિના બીજાનું આબેહુબ અને પૂર્ણ વિગતો સાથે આ ચિતાર ચિતરવાનું બીજાનું ગજું નહિ.

**પરમાત્માની ખોજ છે ? :-**

એક દેહના સંબંધનો પ્રેમ કેટલો તલસાટ જગાવે છે ! ત્યારે એ પરમાત્મા સાથે આપણો આત્માનો પ્રેમ બંધ બાંધ્યો હોય તો પરમાત્માને ખોજવાનો, પરમાત્માનું સ્વરૂપ સમજવાનો આપણને કેટલો તલસાટ હોય ?

અરિહંતપ્રભુનું સ્વરૂપ સમજવા માટે એમના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયથી વિચારણા એક સચોટ ઉપાય છે. આની વિસ્તૃત વિચારણા કોઈ અવસરે કરશું.

પેલી સારસિકા તરંગવતીને આગળ કહે છે કે, યુવાનને જિજ્ઞાસા જાણીને હું ત્યાંથી ખસી અને ચિત્રપટ્ટ પાસે આવી ઊભી રહી કારણ કે મને લાગ્યું કે, આ યુવાન ! ને પેલો મિત્ર ચિત્રપટ્ટ પાસે આવશે અને મને પૂછશે કે આ ચિત્ર કોણે કર્યું, તો મને ખુલાશો કરવો ફાવશે. અને બરાબર એજ પ્રમાણે બન્યું મિત્ર આવ્યો અને મને પૂછે છે કે આખી નગરીના લોકોને વિસ્મય પમાડી દે એવું આ ચિત્ર કોણે તૈયાર કર્યું ?

ત્યારે મેં એને કહ્યું અહીં નગરશેઠ ઋષભસેન છે ને ? એમના તરંગવતી નામની કન્યાએ આ જાતે તૈયાર કર્યું છે આમાં એણે જે જે ચીતર્યું છે, એ કશું ખોટું નથી, કાલ્પનિક નથી, પણ એણે હકીકત પ્રમાણે ચીતર્યું છે.

એ રહસ્ય સમજીને પોતાના એ મિત્ર પાસે ગયો, મને પણ એ જાણવાની તાલાવેલી થઈ કે એ લોકો હવે શી વાતચીત કરે છે, એટલે હું પણ એ મિત્રની પાછળ પાછળ ત્યાં ગઈ.'

તરંગવતી પૂછે છે, તને શરમ ન લાગી કે કદાચ એ લોકો તને કહે કેમ અહીં આવી ?

સારસિકા કહે 'બેન ! તને ખબર નથી લાગતી કે માણસ જ્યારે કોઈ અતિ ઈષ્ટ કાર્યમાં ગુંથાયેલા હોય ત્યારે એમને બીજી કશી તથાજ હોતી નથી કે કોણ



આવ્યું ને કોણ ગયું ?

**હૃદયને બહુ ગમતા કાર્યનો મન પર કબજો હોય છે. મનને એમાં એવું ઓતપ્રોત કરી દે છે કે મન બીજે જાય નહિ.'**

સારસિકાનું આ કથન ધ્યાનમાં રાખવા જેવું છે. જેથી ધર્મક્રિયામાં મન ચંચળ રાખીએ છીએ તે ચંચળતા મિટાવાય.

મન ધર્મક્રિયામાં કેમ ચંચળ ?

કહો, ધર્મ ક્રિયા જીવને એટલી બધી ઈષ્ટ નથી લાગી હોતી, તેથી એ મનનો કબજો નથી કરતી.

**ધર્મને બહુ ઈષ્ટ કરીએ, તો એ મનને પકડી રાખે,**

સારસિકા કહે છે,- મિત્રે ત્યાં જઈને કહ્યું કે, તું દોસ્ત ! હવે ગભરાતો નહીં,- સમજી લે કે નગરશેઠ ઋષભસેનની બાળા તરંગવતી તારા ઉપર તુષ્ટમાન થઈ છે ! એણે આ ચિત્ર જાતે તૈયાર કર્યું છે. પેલી ચિત્રવાળી બાઈને પૂછતાં એણે મને આ ખુલાસો આપ્યો, અને તેથી એ કન્યાને હવે પ્રાપ્ત કરવાની આશા છે. તારા પિતાજી પણ મોટા શેઠિયા છે, એ માગણી કરે એટલી વાર, તારા મોટા ઘરના હિસાબે અને તારી લાયકાતના હિસાબે નગરશેઠ જરૂર કન્યાને આપે.'

ત્યાં આ યુવાન કહે 'અરે ભાઈ ! તને શું ખબર નથી કે આ નગરશેઠ બહુ અભિમાની છે ? એની પાસે કેઈક શેઠિયા પોતાના દીકરા માટે તરંગવતીની માગણી કરવા ગયેલા, પરંતુ નગરશેઠે બધાયને કન્યા આપવા ના પાડેલી. એની નજરમાં બધાય ઉમેદવાર નપાસ ! એ એનું કેટલું બધું અભિમાન ગણાય ?'

ત્યારે મિત્ર કહે છે, 'તેથી આપણને પણ નપાસ કરશે એવું કેમ માની લેવું ? જો, કન્યાને જ્યાં સુધી કોઈને દીધી નથી, ત્યાં સુધી એ તો સમાજની સાધારણ વસ્તુ છે, અને સમાજમાંથી કોઈ પણ વ્યક્તિ એને માગી શકે છે. આપણે તારા પિતાજી દ્વારા માગણી મુકાવશું; અને કદાચ નગરશેઠ જો ના પાડશે, તો અમે ચોર બનીને એ કન્યાનું અપહરણ કરીને તારી પાસે લાવી દેશું. બોલ, હવે કોઈ ગભરામણ ?'

ત્યાં આ સાંભળતાં, યુવાન ખુલાસો કરતાં કહે છે,-

જુઓ ભાઈ ! આપણે તરંગવતી જોઈએ છે એ વાત સાચી, પરંતુ આપણી ઉચ્ચકુળની પરંપરા, ઉચ્ચશીલની પરંપરા અને ઉચ્ચગુણ પરંપરાને તોડીને એને આવી છુપી રીતે ઉપાડી લઈ આવવાની રીત ખોટી. ક્યારે ય પણ આપણી ઉત્તમ ખાનદાનીને બટ્ટો લાગે એવું કરવાનો વિચાર કરતા નહિ.'

મિત્ર કહે પણ એના પિતા સીધે સીધા હા ન કહે, કન્યા આપવા મંજુર ન થાય, તો પછી શું કરવું ?'

યુવાન કહે એના બાપને આપણા ઘરનું સર્વસ્વ અર્થાત્ બહુ મોટી કિંમતના જર ઝવેરાત વગેરે માલ આપીને પણ કન્યાની માંગણી કરી શકાશે.

**હંમેશા ન્યાયના માર્ગે ચાલવામાં નિર્મળ યશ મળે, ને પુણ્યની વૃદ્ધિ થાય. એ થવાથી ઈષ્ટ ફળની સિદ્ધિ થાય.**

સારસિકા તરંગવતીને કહે છે,- બસ, સખી ! હવે તારા પ્રિયની તારે મેળવા ઝંખના નહિ કરવી પડે. તારો પ્રિય જ સામેથી માગતો આવશે.'

અહીં યુવાનનું સાંભળીને મિત્રો ડઘાઈ ગયા, એમ વિચારીને કે વાહ ! આ આપણા મિત્રને આ પૂર્વભવની પૂર્વ કન્યા લેવાનો ઉછરંગ ઘણો છે છતાં એનું દિલ કેટલું બધું ઉમદા છે કે અન્યાયના માર્ગે જવા એ ચાહતો નથી !

**આવા ઉમદા જ આત્માઓ જગતને અજવાળી રહ્યા છે, ને જગતમાં પ્રશંસા-પાત્ર બને છે.**

હલકટ માણસોની પ્રશંસા નથી થતી. જગતમાં જુઓ કે કોઈ માણસ કૃપણ હોય, તે પણ એવો, કે જાતે સુકૃતમાં પૈસા વાપરવાની તો વાત જ નહિ, પરંતુ લાગ ફાવે તો કાંક ઓઠ-કોઠ કરીને બીજાનું પડાવી લેવાનું સમજ્યો હોય. એક માણસ આવો છે, ત્યારે માનો બીજો માણસ એથી ઊલટા સ્વભાવવાળો છે. એટલે કે, કૃપણ નહિ પણ ઉદાર છે, બીજાને સહાયક થનારો છે. હવે બોલો, બેમાંથી કયો માણસ લોકમાં પ્રશંસા પામે ? કહો, ઉદાર અને ઉમદા સ્વભાવવાળો જ જગતમાં પ્રશંસા પામે છે.

શ્રીપાળકુમાર સંજોગવશાત્ કોઢિયાના ટોળા ભેગા હતા, અને એમના બાળરાજા તરીકે ગામગામ ફરતા. ત્યારે એમને કન્યા તો જોઈતી હતી અને પ્રજાપાળ રાજા પોતાની ઈચ્છા પોતાની રૂપાળી મયણાસુંદરી કન્યા આપવા તૈયાર હતા, પરંતુ શ્રીપાળનું દિલ એટલું બધું ઉમદા હતું કે મનને લાગ્યું કે, કન્યાનું એવું અનુપમ સૌંદર્ય પોતાના કોઢિયાપણાના સંગમાં બગડી નષ્ટ થઈ જાય ! તો તે કેમ બગાડાય ? કેમ નષ્ટ કરાય ? એટલે રાજાને પોતાના ઉમદા દિલથી કહે છે,

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૧૦,તા.૯-૧૧-૧૯૮૫**

મહારાજા ! આ તમારી રૂપાળી કન્યાને માટે હું કોઢિયો યોગ્ય નથી. કાગડાના કોટે કંઠી કાં પહેરાવો ? જો આપવી હોય તો કોઈ કાણી કૂબડી દાસી-કન્યા આપો. જો એ ન જ આપી શકો તો પણ અમે બહારમાં તમોને, મહાન ઉદાર અને એક વચની તરીકે જાહેર કરશું.' શ્રીપાલનું કેટલું ઉમદા દિલ !



ત્યાં મિત્રોએ યુવાન પદ્મદેવના ઉમદા દિલની પ્રશંસા કરી. હવે મિત્રો ત્યાંથી જવાની તૈયારીમાં દેખાયા, એટલે (સારસિકા તરંગવતીને કહે છે કે,-)

એ જ વખતે મેં એક મિત્રને પૂછ્યું કે આ ભાગ્યશાળી યુવાનનું નામ શું ? એ કોના સુપુત્ર છે ? અને ક્યાં રહે છે ?

એણે મને કહ્યું 'બેન ! જેમના વિના આ પૃથ્વી રત્નરહિત કહેવાય એવા પૃથ્વીના એકમાત્ર રત્ન ધનદેવ નામના સાર્થવાહના આ પુત્ર છે; ને જેમનું દર્શન સૌ કોઈને પ્રિય છે એવા આ રૂપે કામદેવ જેવા આમનું નામ પદ્મદેવ છે; ને એ અમુક જગાએ રહે છે.

સારસિકા જ્યારે તરંગવતીને કહે છે ત્યારે તરંગવતી બોલી ઊઠે છે, 'સખી ! તું પણ બહુ ભાગ્યવાન કે મારો પ્રિય તને પહેલો જોવા મળ્યો ! હવે મને જલ્દી એનાં દર્શન કરાવ. બાકી કામ તું અવ્વલ કરી આવી ! તને શું ઈમામ આપું ?

તરંગવતીને આનંદનો પાર નથી, પૂર્વનો શોક બધો નીકળી ગયો, ઈષ્ટ મળવાની આશામાં પણ માણસને કેટલો બધો આનંદ થાય છે ? ત્યારે ઈષ્ટ ખરેખર મળે ત્યારે આનંદનું પૂછવું જ શું ?

**અરિહંતના ભક્ત બન્યાની નિશાની :-**

આપણે એટલું જ વિચારવાનું કે, આવા આનંદ તો પૂર્વભવોમાં આપણે માણવાના ઘણા ય જોયા, પરંતુ હવે જ્યારે આપણે શાસન પામ્યા છીએ અને મોક્ષદષ્ટિવાળા તથા અરિહંતના ભક્ત બન્યા છીએ, તો આપણને ઈષ્ટ અરિહંત પરમાત્માનો આપણા અંતરમાં યોગ થવાની ને અંતરમાં અરિહંત એકમેક થવાની આશા કેટલી મોટી ! એનો આપણને અપાર આનંદ ખરો ? જો એ આનંદ હોય તો એની સામે દુન્યવી કોઈ વસ્તુઓ મળવાની આશા બંધાય ત્યાં જે આનંદ થાય, એ આ આનંદ કરતાં કેટલા પ્રમાણમાં થાય ? એને એ જે કાંઈ પેલા આનંદ કરતાં મામૂલી આનંદ થાય એના પર દેવાધિદેવનો ઉપકાર માની દેવાધિદેવની ભક્તિનો આનંદ લૂંટવા કેટલું કરાય ?

અહીં તરંગવતી પ્રિય મળવાની આશાના આનંદમાં, રાત્રિ પૂરી થઈ ગઈ છે એટલે પ્રતિક્રમણ કરી નહાઈ ધોઈ પૂજાના ઉત્તમ દ્રવ્યો લઈ ઘરદેરાસરમાં અરિહંત પ્રભુની પૂજા ભક્તિ કરે છે.

**પ્રભુનો જીવનમાં સર્વત્ર ઉપકાર માની, પ્રભુ પૂજામાં લયલીન બને છે.**

પછી પારણું કરે છે. કર્મની વિચિત્રતા જુઓ કે હમણાં તો કર્મે સારી અનુકળતા કરી આપી હોય એટલે એના આનંદ મંગળ અને ધવલગીત ગવાતા

હોય, પણ પછી કર્મ કોઈ એવું પ્રતિકૂળ ઊભું કરી મૂકે કે, બધો આનંદ મંગળ સુકાઈ જાય ! અહીં તરંગવતીને એવું બને છે. ત્યારે વિવેકી જીવને એમ થાય, કે-

આ સંસારમાં આવી કર્મની વિચિત્રતા તો ઠામઠામ પ્રસરેલી છે. કહે છે ને કે 'ઘેર ઘેર માટીના ચૂલા, કર્મની મોકાણ !' તો પછી આવા સંસારમાં ઠરીને બેસવાનું ? કે હવે પછી આવી કર્મ વિચિત્રતાઓ વિટંબણાઓ ન વેઠવી પડે એના ઉપાય કરવાના ?

ઉપાય જાણો છો ?

**કર્મની વિચિત્રતા અને વિષમતા ટાળવા માટે એકમાત્ર ઉપાય પાપાચરણ બંધ કરી ધર્મ-સેવન કરવું એ જ છે.**

એટલે કોઈ પૂછે કેમ કાંઈ વાતવાતમાં વ્રત ને નિયમ ? સામાયિક ને સ્વાધ્યાય, સાધુની ભક્તિ અને અરિહંતદેવની ઉપાસના ? આ બધું કેમ કરો છો ? તો કહીએ આત્માના ખજાને પાર વિનાના વિચિત્ર કર્મો છે, એને તોડવા માટે ધર્મ સિવાય બીજો ઉપાય નથી, માટે ધર્મ કરું છું.

**અદૃશ્ય કર્મક્ષય પર શ્રદ્ધા કેમ થાય ? :-**

**પ્ર.**- ધર્મ તો કરીએ છીએ, પણ કર્મ તૂટતા હોય એવું દેખાતું નથી ને ? પછી શી રીતે કર્મ તોડવાનો ઉદ્દેશ મનમાં આવે ?

**ઉ.**- એમ તો તમે ખોરાક ખાઓ છો, એવું અંદર કેવુંક લોહી માંસ વગેરે બને છે, એ ક્યાં દેખાય છે ? એમાં ય દૂધ વગેરે પૌષ્ટિક આહારથી સારું લોહી માંસ વગેરે બને છે, એ પણ ક્યાં દેખાય છે ? છતાં એ બનવાની શ્રદ્ધાથી ખોરાક પૌષ્ટિક વસ્તુ વાપરો છો ને ? આ ન દેખાવા છતાં કેમ એની શ્રદ્ધા રહે છે ? કહો, ડોક્ટર વૈદ, આયુર્વેદ શાસ્ત્ર વગેરે કહે છે માટે શ્રદ્ધા રહે છે કે, તે તે આહાર ખાવાથી લોહી માંસ વગેરે બને છે. તો પછી અહીં

(૧) અનંતજ્ઞાનીઓ કહે છે કે તે તે ત્યાગ-તપ જિનભક્તિ શાસ્ત્ર-સ્વાધ્યાય, વ્રત, નિયમ, ચારિત્ર વગેરે ધર્મ સાધવાથી ભરપૂર કર્મોનો ક્ષય અને પુણ્યની કમાઈ થાય છે, પછી એના પર શ્રદ્ધા થવી શી કઠિન છે ?

**કર્મ-કર્મ ક્ષય પર શ્રદ્ધા કેમ થાય ? :-**

(૨) બીજી રીતે વિચારો કે ગયા ભવમાં જીવે શું કરેલું તે પશુયોનિમાં ન જતાં અહીં મનુષ્ય જન્મ પામ્યો ? શું હિંસા, જૂઠ, ચોરી, લબાડી વગેરે પાપો કરેલા તેથી આ ઉચ્ચ અવતાર મળ્યો કે એ પાપો બંધ કરી ધર્મ કરેલો માટે ઉત્તમ મનુષ્ય જન્મ મળ્યો ? પૂછો,-

**પ્ર.**- એ શી રીતે ખબર પડે ?



**ઉ.**- ખબર એ રીતે પડે, કે દુનિયામાં દેખાય છે કે, અનંતાનંત જીવો છે એમાં મનુષ્ય તો બહુ જ અલ્પ સંખ્યામાં છે, કહો મોટા સમુદ્રની સામે એક નાના ખાબોચિયાના ટીંપા જેટલા ય નહિ. ત્યારે હવે એ જુઓ કે દુનિયામાં ધર્મ કરનારા જીવો કેટલા ? કહો, એ તો બહુ અલ્પ; બાકી તો લગભગ ઘણા નરદમ પાપો આચરનારા ! આ પરથી ગણિત માંડો તો સ્પષ્ટ દેખાય છે કે, મનુષ્યો થોડા, અને ધર્મ કરનારા પણ થોડા તેથી ધર્મ કરનારા જીવો મનુષ્ય અવતાર પામ્યાં. બાકી પાપ કરનારા જીવો અપરંપાર, તેથી મનુષ્ય સિવાયની હલકી ગતિના જીવો ય અપરંપાર ! એ સૂચવે છે કે, પાપો કરવાથી ખરાબ કર્મ બંધાય. ધર્મ કરવાથી પાપકર્મો તૂટે અને પુણ્ય કર્મ બંધાય.

હવે જો નજર સામે આ રહે કે ધર્મ કરું છું તો મારા ઢગલો પાપકર્મ તુટે છે, તો ધર્મ-સાધનામાં વેગ કેટલો બધો રહે ? આત્માના કોથળામાં કેઈ જાતના વિચિત્ર કર્મ કેટલા બધા પડ્યા છે ? એમાંથી ધર્મ દ્વારા પાપકર્મોનો જેટલો ક્ષય કરતા રહીએ, એટલી ભવિષ્ય માટે નિર્ભયતા.

**ધર્મથી કર્મક્ષય કરવાની અમૂલ્ય તક માનવભવે.**

કર્મોની વિચિત્રતા તોડવા માટે એક માત્ર ધર્મ એ જ શ્રેષ્ઠ ઉપાય છે, અને આ ધર્મ કરી કરીને આ વિચિત્ર પાપકર્મોનો ક્ષય કરતા જવાનું છે. બાકી સમજી રાખો કે,- એ પાપક્ષય ન કરતાં ઊભા રહી ગયેલા વિચિત્ર કર્મોથી આત્માની વિટંબણા ભારી ! હમણાં શુભકર્મે કાંક સારું અનુકૂળ દેખાડ્યું, પરંતુ પછી જોતજોતામાં અશુભકર્મ ઉદયમાં આવતાં કાંક એવું પ્રતિકૂળ દેખાડે છે કે આનંદ મંગળમાં મહાલતો જીવ, તેલમાં માંખ ગરી ગયા જેવો બની, શોક ઉદ્વેગ પામે છે. આ એક જ જીવનમાં નહિ, પણ જન્મે જન્મે શુભને Null and Void યાને રદ બાતલ કરનારા અશુભકર્મના દારુણવિપાક જીવ પર વિટંબણાઓની દીર્ઘ પરંપરા વરસાવતા આવ્યા છે.

**જીવને કર્મની એ વિટંબણાઓ ગમતી નથી, તો માનવ અવતારે એ વિટંબણાઓને લઈ આવનારા પાપોનો ક્ષય કરવો અને પાપક્ષયકારી ધર્મ કરવો. સારાંશ, ધર્મ જ એકમાત્ર કર્તવ્ય છે.**

આ સમજીને જ પૂર્વે મોટમોટા રાજા મહારાજા અને શેઠ શાહુકારો તથા સુકોમળ કાયાની રાજાની રાણીઓ, શેઠાણીઓ અને શ્રીમંત ઘરની કુમારિકાઓ પણ સંસાર ત્યાગ કરી કઠોર ચારિત્ર પંથે નીકળી પડતી દા.ત. જુઓ, ઋષભદેવ ભગવાની પાટ પરંપરાએ અસંખ્ય રાજાઓએ શું કરેલું ? આજ, સત્તા અને સમૃદ્ધિ ભરી રાજગાદી પરથી ઊભા થઈ જઈ સંયમ લઈ લીધું. ત્યાગ-તપસ્યાથી કર્મોના

ભુક્કા બોલાવ્યા ! સનતકુમાર ચક્રવર્તી, રાજા દશાર્ણભદ્ર, ઉદાયન રાજા, એમ મેઘકુમાર, જંબૂકુમાર ગજસુકુમાલ - શાલિભદ્ર-ધનાજી, ધન્નો, વગેરેએ અઢળક સંપત્તિઓ છોડી સંયમ પંથે સિધાવ્યું ! કૃષ્ણવાસુદેવની રુકમણિ વગેરે રાણીઓ અને ચંદનબાળા, રાજીમતી, બ્રાહ્મી, સુંદરી વગેરે રાજકુમારીઓએ શું કર્યું ? કુટિલ કર્મોનો કચ્ચરઘાણ કાઢનાર કઠોર-સંયમ માર્ગને અપનાવી ઉચ્ચકોટીના ત્યાગ-તપ-જ્ઞાન-ધ્યાન, ઉપશમભાવ વગેરેમાં ખૂંચી ગયા. બધાનો એક હિસાબ **વિચિત્ર કર્મોના વિધ્વંસનો ભેખ લો'** નહિતર હમણાં અનુકૂળ કર્મ, અનુકૂળ સુખ ઊભું કરી દેખાડશે, પરંતુ પછી જોતજોતામાં પ્રતિકૂળ કર્મ રુદન કરાવે એવાં દુઃખ ખડા કરી દેશે !

તરંગવતીને આવું જ થાય છે, હમણાં તો સખી સારસિકા પાસેથી કૌમુદીની રાત્રિનો અહેવાલ સાંભળીને, તથા એનો ચિત્રપટ્ટ જોનાર પૂર્વ પ્રિયને મૂર્ચ્છા જાતિસ્મરણજ્ઞાન થવાનું, ને પછી રસ્તા વચ્ચે શરમ મૂકીને ઓ મારી ચકોરી ! ના હૃદયફાટ રુદન કરવાનું, પાછો એનો ચકોરીના જીવને (અર્થાત્ ચિત્રપટ્ટ ચિતરનાર તરંગવતીને) જ પરણવાનો નિર્ધાર કરવાનું...વગેરે જાણીને તરંગવતીને અપાર આનંદ થઈ આવેલા, પરંતુ પછીથી દાસી દોડતી આવીને જે વેદનાભર્યો અહેવાલ આપ્યો એથી તરંગવતીને ખેદનો પાર ન રહ્યો ! આ જોતાં મન મુંઝવણમાં મૂકાય કે,-

**ત્યારે શું જીવે કર્મોના નચાવ્યા નાચ્યા જ કરવાનું ? પોતાની સ્વસ્થતાનો પોતે માલિક જ નહિ ?** કર્મોની આ નચામણનું શું જીવને કશું દુઃખ જ નહિ ? કશી નાલેશીની શરમ જ નહિ ? કર્મ નચામણની શરમ આવે, અસહ્ય દુઃખ થાય, તો તો હવે એનો ફેંસલો કરવાના ભારેખમ ઉપાય વિચારાય અને એમાં લાગી જવાય. પણ વો દિન કહાં ?

**કર્મની નાલેશી પર કોણ કોણ બુઝ્યા ? :-**

કાકા રાજાઅજિતસેન પરદેશથી સમૃદ્ધ થઈને આવેલ ભત્રીજા શ્રીપાળ કુમાર સામે યુદ્ધ લડવા નીકળી પડ્યા, પરંતુ એમાં હાર્યા ત્યાં કર્મ નચામણની ભારે નાલેશી જોઈ મનને થયું-

''હાય ! યુદ્ધ પહેલાં હું એને કહેનારો કે, 'જા, જા, રાજ્ય પાછું માગનારા નાદાન ! હજી તું બાળક છે. તારું શું છે અહીં ? પાછો ચાલ્યો જા, નહિતર વગર મોતે મરીશ. મારી સાથે યુદ્ધનું તારું શું ગજું ?- આમ કહેનારો હું અત્યારે હારીને ઊભો ? હવે દુનિયાને શું મોઢું દેખાડું પરંતુ આ મારા જ ઊભા કરેલ કર્મ તરફથી નાલેશી છે, તેથી ચારિત્રથી કર્મોને તોડી નાખ્યું બસ, કર્મ તરફથી આ પોતાની નાલેશી થઈ દેખી, કર્મ જાળ તોડી નાખવા માટે ત્યાં યુદ્ધભૂમિ પર જ ચારિત્ર સ્વીકારી લીધું !



સગર ચક્રવર્તીના ૬૦ હજાર પુત્રો દેવના પ્રકોપમાં એકી સાથે બળી મરી ગયા, એવી ભારે કર્મનાલેશી જોઈ સગર ચક્રવર્તી કર્મોનો વિધ્વંસ કરવા ચારિત્ર માર્ગે ચડી ગયા !

મદનરેખા-મહાસતીના રૂપમાં લોભાઈ એના જેઠે (મણિરથે) એના પતિ યુગબાહુનું અર્થાત્ પોતાના ભાઈનું મોત નીપજાવવા વિનયથી નમેલા એ યુગબાહુની પીઠ પર તલવારનો ઘા ઝીંકી દીધો. હવે યુગબાહુની લાલ આંખ પરથી મહાસતીએ એનો ગુસ્સો જાણી એને કહે છે,

**મદનરેખાનો ઉપદેશ :-**

''જુઓ, ભાઈ પર ગુસ્સો ન કરશો. ભાઈ તો નિમિત્ત માત્ર છે. અસલમાં આ જુલમ કરનાર તમારા પૂર્વનાં કર્મ છે. પૂર્વે તમે કોઈને માર્યા હશે, એનાં ઊભા થયેલા કર્મ તરફથી આ તમારી નાલેશી છે. પણ હવે ધ્યાન રાખજો, આ પ્રસંગે ભાઈ પર ગુસ્સો અને એની હિંસાની ભાવના કરી નવાં કર્મ ન ઊભા કરશો; ને એ માટે નવકારસ્મરણ અને ચારશરણને સ્વીકાર કર્યા કરો. કર્મસત્તાની આ વિટંબણા છે. જીવ એમાં ફસી અજ્ઞાનતાથી કષાય કરે છે. તેથી કર્મ જીવને જકડે છે, ને પછી જીવને ધાર્યા નચાવે છે. નાચ્યા, નાચ્યા ઘણું નાચ્યા, હવે નિર્ધાર કરો કે કર્મના નચાવ્યા નાચવું નથી. માટે કર્મને ઊભા કરનાર કષાયોને વોસિરાવો, ભાઈને ક્ષમા આપી દો, ભાઈની ક્ષમા માગી લો.''

મહાસતીએ પતિને આ નિર્યામણા કરાવી. પતિને કર્મસત્તાથી સાવધાની બતાવીને ભાઈ પરના તીવ્ર ગુસ્સાથી પાછો વાળ્યો. નરક તરફ મીટ માંડી ચૂકેલા પતિને પાંચમા દેવલોકે ચડાવી દીધો !

ત્યારે મહાસતીને પોતાનું શું થયું ?

**મહાસતી પર વિટંબણાઓ કેટલી ? :-**

જીવનમાં કર્મની અનેક વિટંબણાઓ ! જોઈ,- પહેલી તો અકાળે આ પતિ-મૃત્યુની વિટંબણા ! પછી પોતે ગર્ભિણી અવસ્થામાં શીલ રક્ષાર્થે જંગલમાં એકલી અટુલી ભાગવું પડ્યું એ વિટંબણા ! પછી પુત્રને વનમાં જન્મ ! સરોવરમાં શુદ્ધિ કરતી એને હાથીએ ઊંચે ઉછાળી એ વિટંબણા; એમાં વિદ્યાધરે વચમાંથી ઝીલી. પણ કહે, તું મારી રાણી થવાનું કબૂલ કર; તો જ તારા તરત જન્મેલા પુત્રને લાવી આપું. એ વિટંબણા, એમાંથી નંદીશ્વરદ્વીપમાં પહોંચી ત્યાં પૂર્વ પતિ દેવ થઈને આવ્યો; ને વંદન કરી ઓળખ આપી કહે છે. મારા પર તારા ઉપકારની અવધિ નથી. અંતકાળે તેં નિર્યામણા ન કરાવી હોત તો હું નરકમાં ચાલ્યો ગયો હોત ! તેં મને દેવલોક દેખાડ્યો ! એક સદ્ગતિ ઉપર કેટકેટલી સારી વસ્તુ બક્ષીસ કરી !

હું આનો બદલો શો વાળી શકું ? બોલ તારું શું પ્રિય કરું ? કહો, ઉપકૃત પતિ દેવ થયેલો પોતે જ માગવાની ઓફર કરે છે ! કેવી લાલચ સામે છે ? છતાં મહાસતીએ શું માગ્યું ? કર્મની ઘણી વિટંબણાઓ થયેલી ભૂલી નથી, તેથી કર્મનો જ નિકાલ કરનારું ચારિત્ર લેવા માટે ઉત્તમ ગુરુણી માગી લીધી !

**કર્મ તરફથી નાલેશી ક્યાં સુધી ચલાવવી ?**

આવા દેવતાઈ વરદાન મળવા પ્રસંગે કઠોર ચારિત્ર માગવાનું ? હા, કર્મોના નચાવ્યા ન નાચવું હોય, તો ધર્મનો સહારો લેવાય.

**કર્મની વિટંબણાઓ મિટાવવાની તાકાત અને કર્મની વિચિત્રતાના ભોગ બનવામાંથી છોડાવવાની તાકાત કોઈનામાં હોય, તો એકમાત્ર ધર્મમાં છે.**

તરંગવતી પર કર્મની વિચિત્રતા કેવી કામ કરી રહી છે કે હજી હમણાં તો દાસી પાસેથી પૂર્વ ભવનો પ્રિય અહીં મળી ગયાના સમાચાર મળવાથી એને આનંદ મંગળ વર્તાઈ ગયો હતો, એટલામાં થોડીવાર પછી સારસિકા ઊન્હા શ્વાસ લેતી આવીને રડમસ ચહેરે કહે છે,-

**તરંગવતી માટે પિતાની માગણી :-**

"સ્વામીની ! જુલ્મ થયો, સાર્થવાહ ધનદેવ પોતાના પુત્ર પદ્મદેવ માટે પોતાના સગા-સ્નેહી, વહાલા-વાલેસરી સાથે તારી માગણી કરવા આવેલા, અને એમણે ઔપચારિક વાતચીત પછી તારા બાપુજીને કહ્યું, એક વિનંતી છે શેઠજી ! મારા પુત્ર પદ્મદેવને વેરે તમારી કન્યા તરંગવતી આપો. જેમ તમારી કન્યા-કળા-વિજ્ઞાન વગેરેમાં હોશિયાર છે. એમ મારો પદ્મદેવ પણ સારો હોશિયાર છે. વળી એ તમારી કન્યાની જેમ રૂપાળો પણ છે, અને ધર્મિષ્ઠ પણ છે. એટલે જુગતે જોડું થાય એમ છે. તો આટલી અમારી વિનંતી માન્ય કરો !' ઋષભસેન શેઠ કાંઈ ન બોલ્યા, એટલે ધનદેવ શેઠ કહે છે, જુઓ શેઠજી, અમારાથી બોલાય નહિ, પણ તમારી કન્યા એટલી બધી લાયક છે, એને મારા સુયોગ્ય પુત્ર માટે ગમે તેટલી મોટી રકમ કે ઝવેરાત આપવું પડે તો તે પણ આપવાની મારી તૈયારી છે. અહીં જોવા જેવું છે કે શું પોતાના પુત્ર માટે કન્યા પૈસાથી ખરીદી લેવી છે ? ના, એને એમ લાગે છે કે પુત્રના પનારે કાંઈ ગમે તેવી કન્યા ન પડે, પણ એની સહચારિણી પત્ની તરીકે જો ગુણગણના ભંડાર ભૂત શ્રેષ્ઠ કન્યા બનતી હોય તો એની આગળ પૈસાની કશી કિંમત નથી.

એથી વિશેષ તો એ છે, કે પદ્મદેવે કૌમુદી મહોત્સવમાં ચિત્રપટ્ટ જોયા પછી જે જાતિસ્મરણજ્ઞાનથી પોતાની પૂર્વ ભવની પ્રિયા મેળવવાની ઝંખના ઊભી કરી છે, એ વાત એણે ઘરે આવ્યા પછી તરત જ મિત્રો દ્વારા પોતાના માતાપિતાને



પહોંચાડેલી, અને સાથે કહેવરાવેલું કે જો લગ્ન કરવાનું થશે તો નગરશેઠ ઋષભ-સેનની કન્યા તરંગવતીની સાથે જ લગ્ન કરીશ, નહિતર આ જીવનમાં બીજી કોઈ કન્યા મારે ખપશે નહિ, મિત્રોએ એ હકીકત એના માતાપિતાને કહ્યા પછી કહેલું કે આ નક્કી ન થાય ત્યાં સુધી પદ્મદેવ ખૂબ જ દુઃખી છે માટે જલ્દી આ માટેની તજવીજ કરો.'

ધનદેવશેઠને પુત્ર પદ્મદેવ ખૂબ લાડકો હતો, એટલે એની મનસા પૂરી કરવા હંમેશા તૈયાર હતો. એમાં વળી નગરશેઠની સુયોગ્ય કન્યાની જ વાત છે, એટલે તો એમાં કશો મનને સંકોચ નહોતો. એવા અતિશય પ્રિય અને સુયોગ્ય પુત્રની યોગ્ય મનસા પૂરી કરવા જરૂર પડે તો પોતાનું સર્વસ્વ ત્યજી દેવા તૈયારી હતી.

**પ્રેમપાત્ર ખાતર ૮માં એડવર્ડે રાજ્ય છોડ્યું ? :-**

માણસ પ્રેમપાત્ર માટે શો ભોગ દેવા તૈયાર નથી હોતો ? વિલાયતના રાજા આઠમાં એડવર્ડને લેડી સિમ્પ્સેન સાથે લગ્ન કરવા હતા, પણ પાર્લામેન્ટે કહ્યું, "લેડી સિમ્પ્સેન આમ કુટુંબની છે. બ્રિટિશ સલ્તનતના રાજા અમીર કુટુંબના હોઈ અમીર કુટુંબની જ કન્યાને પરણી શકે. તેથી આ કન્યા નહિ પરણી શકાય અને આ જ પરણવાનો જો આગ્રહ હોય તો બ્રિટિશ રાજ્યની ગાદીના હકદાર તમારે રાજ્યગાદી છોડવી પડશે ! આઠમા એડવર્ડને લાગતું હતું કે મેં લેડી સિમ્પ્સેનને પરણવાનો વિશ્વાસ આપ્યો છે, તે વિશ્વાસનો ભંગ કેમ કરાય ? પછી ભલે બ્રિટિશ સલ્તનતની રાજ્યગાદી જતી કરવી પડે તો કરવાની.' એણે રાજગાદીનો ત્યાગ કર્યો શું એને અમીર કુટુંબની કન્યા મળે એમ નહોતી ? આવા મોટા સમ્રાટ રાજાને કન્યા દેવા કોણ તૈયાર ન હોય ? યા કઈ કન્યા પરણવા તૈયાર ન થાય ? અવ્વલ રૂપ, હોશિયારી અને સમૃદ્ધિવાળી કન્યા તૈયાર થઈ જાય, પરંતુ સામાને આપેલ વિશ્વાસનો ભંગ નહિ કરવો એ નિર્ધારમાં પોતાની અત્યંત પ્રીતિપાત્ર સિમ્પ્સેન ખાતર એણે રાજ્યગાદીનો ત્યાગ કરી દીધો.

**ધરણશાહે પ્રભુપ્રેમ ખાતર ૯૯ ક્રોડના ખર્ચે :-**

ધરણશાહ પોરવાળને નલિનીગુલ્મવિમાનનું સ્વપ્ન આવ્યું પોતાને અરિહંત પરમાત્મા પર અતિશય પ્રેમ હતો. તેથી મનને મનોરથ થયો કે મારા ભગવાનનું આ વિમાન જેવું દેરાસર બને તો કેવું સારું ! એમાં એવા જ સ્વપ્નવાળો કારીગર મળી આવ્યો. એણે પ્લાન બનાવ્યો ને ધરણશાહને લાગ્યું કે,- ફિટ-બરાબર આ વિમાન જેવું જ દેરાસર થઈ શકશે.

કારીગરને કહે, આપણે આવું દેરાસર બનાવવું છે.

કારીગર ચોંક્યો ! શેઠને કહે, આ શું વાત કરો ? આ ઉંચા ત્રણ મજલાનું

દેરાસર જેમાં કેટલાય મંડપો જોખઝરુખા, તોરણો, ઘુમટ્ટો, ચોર્યાશી તો ભોંયરા, ૧૪૪૪ જંગી થાંભલા, આ બધું બનાવવાનું, આનો ખરચો શું સમજો છો ? આવું મહાજંગી દેરાસર તમારે એકલાએ બનાવવું છે ?'

ધરણશાહ કારીગરને કહે, તારા પેટમાં શું દુઃખે ? કારીગરી તારી, ને પૈસા મારા. ભલે અબજ રૂપિયા લાગે, તો ય મારા પ્રભુની ખાતર એ ખરચવા તૈયાર છું.'

દેરાસર બનાવરાવ્યું. જે આજે રાજસ્થાનમાં રાણકપુરજી મંદિર તરીકે પ્રસિદ્ધ છે. એમાં એ સસ્તીવારીના કાળના રૂપિયા ૯૯ ક્રોડ લગાડી દીધા ! પ્રેમપાત્ર ખાતર ગમે તેટલો ભોગ આપવો પડે તો આપવાનો આ હૃદય હતું.

ખૂબી કેવી છે કે, આઠમાં એડવર્ડે લેડી સિમ્પસેન ખાતર મોટા સલ્તનતની ગાદી છોડી, પણ એ ત્યાગ મોહના પલ્લે પડ્યો ! મોહના પોષણ અને કર્મબંધ માટે થયો ! ત્યારે ધરણશાહ પોરવાળને ૯૯ ક્રોડ રૂપિયાનો વ્યય જિનભક્તિના પલ્લે પડ્યો ! જિનભક્તિરાગ અને લખલૂટ પુણ્યાનુબંધી પુણ્ય માટે થયો !

**પત્ની ખાતર સંપત્તિ ત્યાગ; પ્રભુ ખાતર સંપત્તિ ત્યાગ : બેમાં ફરક :-**

પ્રેમપાત્ર ખાતર ગજબનો ભોગ ! ચીજ એક, પરંતુ એક ભવના ફેરા વધારે, બીજી ભવના ફેરા ટૂંકાવી નાંખે. એકથી ભવિષ્યની સલામતી નહિ કિન્તુ બિન-સલામતી; ત્યારે બીજી ચીજથી ભાવી અનંતકાળ સલામતી ભર્યો બને ! ૮મા એડવર્ડનો પત્ની ખાતર સંપત્તિ ત્યાગ, એ વચ્ચે આટલો મોટો ફરક છે. એક મારક છે, બીજો તારક છે, પરંતુ એટલું ખરું કે, માણસ પ્રેમપાત્ર ખાતર મોટો ભોગ આપવા તૈયાર હોય છે. આ પરથી એ સૂચિત થાય છે કે,

**જો એવો ભોગ આપવાની તૈયાર ન હોય તો સમજવું પડે,- સામી વ્યક્તિ એટલા બધા પ્રેમની પાત્ર નથી, જેટલી પ્રેમની પાત્ર સંપત્તિ છે.'**

વ્યવહારમાં દેખાય છે કે, પત્ની પુત્રો પર અતિ પ્રેમ છે તો એમની પાછળ પૈસાનો જે ભારે ભોગ અપાય છે, ને શરીર સુખશીલતાનો જે ભોગ અપાય છે, એટલો પ્રેમ સગાભાઈ, બહેન કે કાકા પ્રત્યે નથી, તો એમની પાછળ એવો ભોગ નથી અપાતો. એમ આપણને દેવ-ગુરુ-ધર્મ પર અનહદ પ્રેમ હોય તો એમની પાછળ ભારે તન-વ્યય, ધન વ્યય, સમય વ્યય કરાય.

મંદિર ઉપાશ્રય તારણહાર છે માટે એમના પર જો અતિ પ્રેમ છે તો એના સાધારણ ખર્ચ માટે સારો ધનભોગ અપાય એમાં નવાઈ શી ? પણ જો ત્યાં પૈસા ખરચતાં સંકોચ થાય છે, તો એનો અર્થ એ કે એમના પર એટલો પ્રેમ નથી. પૂછશો,-

**પ્ર.**- સાધારણ ખાતામાં પૈસા ન ખરચ્યા એમાં એના પર પ્રેમ ઓછો છે એમ



શી રીતે ગણાય ?

ઉ.- મંદિર-ઉપાશ્રયના સાધારણ ખર્ચમાં સારો ભોગ કોણ નથી આપવા દેતું ? કહો, પૈસાનો પ્રેમ.

**સાધારણમાં ન ખર્ચ્યાનો અર્થ એ, કે દેવગુરુ મંદિર-ઉપાશ્રય જે ગમ્યા એના કરતાં પૈસા વધુ ગમ્યા.**

એટલે એ પૈસા ખાતર દેવ-ગુરુ વગેરેની ભક્તિ ગૌણ કરી, એ ભક્તિને ઓછા મૂલ્યની ગણી, અને પૈસાનું મૂલ્ય ઊંચું ગણ્યું, કેમ જાણે પ્રભુને કહેતા હોઈએ કે, પ્રભુ તમે મને બહુ ગમો છો; પરંતુ તમારા કરતાં **પૈસા વધારે ગમે છે; તેથી તમારી પાછળ મારા પૈસા ન તોડી નાખું; કદાચ પૈસા ખાતર તમારો ઉપયોગ કરી લઉં.**

આનો પડઘો ક્યાં દેખાય ? વાણિયો શંખેશ્વરજી જઈ પ્રભુની બે હજાર રૂપિયાની આંગી રચાવે, પણ પછી પ્રભુને અરજ ગુજારે કે શંખેશ્વર દાદા ! બાપજી ! આજે બે હજાર ખરચીને તમારી આંગી રચાવી છે, તો ઉપર બે મીંડા ચડાવીને મને દઈ દેજો, એટલે પ્રભુ પાસેથી આંગીના ખર્ચ કરતાં કેટલા ગણા આંચકવા છે ? કહો, આંગી બે હજારની અને આંચકવાના બે લાખ ! આવું બધું નાટક ભગવાન કરતાં દુનિયા વધુ ગમવાનું છે. પ્રભુ ખાતર એવો મનનો ભોગ આપવાની તૈયારી નથી.

ધનદેવ શેઠને દીકરા પદ્મદેવ પર અતિશય પ્રેમ હતો તેથી એના માટે તરંગવતી કન્યા મેળવવા તરંગવતીના બાપને ખુશ કરવા એ અંગે ગમે તેટલા પૈસા ખરચવા પડે, આપવા પડે, એની તૈયારી બતાવે છે.

ત્યાં ઋષભસેન મોટો નગરશેઠ છે ને ? એ ગુસ્સે થઈ જાય છે, કહે છે,"આ શું બોલ્યા ? શું મેં દીકરીને વેચવા કાઢી છે ?"

ધનદેવ કહે "ના, ના, શેઠ ! એમ મારે કહેવું જ નથી. મારે તો એ કહેવું છે કે, દીકરીના નામે જુદા પૈસા મૂકવા હોય તો તમે કહો એટલા મૂકવા તૈયાર છુ. એમ પણ મારા પદ્મદેવને તમારી દીકરી આપો !

**ઋષભસેન દીકરી દેવા કેમ ના કહે છે ? :-**

ઋષભસેન કહે,-"જુઓ, તમે રહ્યા સાર્થવાહ, એટલે તમારો દીકરો પણ સાર્થવાહગીરી કરવાનો, એટલે દેશ દેશાવરનો વેપાર અર્થે પ્રવાસ ખેડવાનો. એમાં મારી દીકરીને તો ઘરે બેઠી રહી પતિના સહવાસ વિનાનું જ જાણે એક પ્રકારનું વિધવાપણું જ મળે. એવા ગામ ગામ ભમનારા ઉમેદવારને દીકરી આપી દીકરીને જાણી જોઈને કૂવામાં નથી ઉતારવી. માટે એમ મારે દીકરી આપવાનો વિચાર નથી."

બાપની દીકરીને સાચી સુખી કરવા માટે કેવી દીર્ઘદૃષ્ટિ છે ! કદાચ દીકરી આપે તો શું વેવાઈને ત્યાં પૈસા ભરપૂર નથી ? હવેલી નથી ? વાહનો નથી ? શું નથી ? પણ **એ કાળ જીવનાં સુખ માલ મિલકત પર નહોતા મપાતાં, કિંતુ સદ્‌ગુણ, શીલ રક્ષા, મર્યાદા પાલન, સદ્ આચાર-પ્રવૃત્તિ અને શાંતિ પર મપાતાં.**

જમાઈ પ્રવાસી હોય તો દીકરીની શીલરક્ષા કેમ થાય ? અનંત અનંત કાળનો વાસના વાસિત જીવ મનુષ્ય ભવ તો પામ્યો પરંતુ વાસના રહિત થોડો જ બનેલો છે ? એ તો સારા સંયોગ-સામગ્રી સત્સંગ વગેરે હોય તો જ વાસનાને અંકુશમાં રાખી શકે, ને શીલવંત જીવન જીવી શકે.

**ઉત્તમ મનુષ્ય જન્મ મળ્યો છે એ, શીલ સંયમ અને સદાચારોથી જીવન મઘમઘતું હોય, તો દિવ્ય દૈવી જનમ છે.**

નહિતર તો શીલ વિહોણો જનમ પશુ કરતાં ય બદતર એક પ્રકારનો દાનવ જનમ છે.

ઋસભસેનશેઠે દીકરી આપવાની ઘસીને ના પાડી, તેથી ધનદેવ શેઠ અત્યંત ખિન્ન અને નિરાશ થઈને નીકળી ગયો. ઘરે જશે એટલે પુત્ર પદ્મદેવને ખબર તો પડશે જ ? ત્યારે ત્યાં એવી સ્થિતિ અને અહીં તરંગવતીને ખબર પડતાં એની સ્થિતિ કેવીક થવાની ? એનું શાસ્ત્રકાર હવે કેવું વર્ણન કરે છે, એ જોવા જેવું છે; તે એટલા જ માટે કે સંસાર કેવા સ્વરૂપનો છે અને મોહ જીવને પરવશ કરી કેવાંક ખતરનાક કામ કરાવે છે એ સમજમાં આવે. તરંગવતીને સારસિકા આ બધો અહેવાલ આપી રહી છે, એમાંથી જ્યારે એણે સાંભળ્યું કે ધનદેવ શેઠ નિરાશ થઈને ચાલી ગયા,'

**તરંગવતીની દશા ! :-**

ત્યાં જ તરંગવતીના મનમાં નિશ્ચિત થઈ ગયું કે મને પતિ તરીકે મારો પૂર્વ પ્રિય આ પદ્મદેવ, અહીં જન્મેલ હોવા છતાં, અને મને ચાહતો હોવા છતાં, મને મળે નહિ !' ત્યાં જ એના દિલને ધ્રાસકો પડ્યો અને એકદમ રડી પડી ! કરુણ રુદન કરે છે, ત્યાં સારસિકા કહે બેન ! રોવાનું હોય ? રોવાથી શું વળે ?

તરંગવતી કહે છે, તું જાણે છે ખરી કે હું કેમ રોઉ છું ? હું એટલા માટે રોઉં છું કે હવે એ મારો પ્રિય તો અત્યંત નિરાશ થઈ જઈ ક્યાંક આપઘાત ન કરી બેસે ? એ જો આમ કદાચ જીવનનો અંત લાવી દેશે તો તો પછી મારે તો જીવવું જ ભારી પડે !



''એક, જો મેં તિર્યંચ પંખીના અવતારે પ્રિયની પાછળ એના પ્રેમની કદર રૂપે આગમાં ઝુકાવી પ્રાણ ત્યાગ કરી નાખેલો, તો પછી આ તો વિશેષ બુદ્ધિનો અવતાર, એમાં પ્રિયના પ્રેમની કદર ન કરું ? પ્રિયનાં વિરહમાં જીવી જ કેમ શકું ? એમ જીવીને જીવનભર હૃદય-બળાપો કરવો એનાં કરતાં એકજ વાર મૃત્યુનું દુઃખ વેઠી લેવું શું ખોટું ?''

ત્યાં સારસિકા કહે છે, 'હજી તું ચિંતા ન કર અને બીજું તને ખોટું ન લાગે તો પૂછું ?

'પૂછ.'

દાસી કહે 'આ તું તો પૂર્વે કહેતી હતી કે સાત વરસ રાહ જોઈશ. બાકી મારે તો જો પૂર્વ પ્રિય નહિ મળે, તો સંસાર ત્યાગ કરવાનો છે. તો હવે અહીં આવો મરવાનો કનિષ્ઠ વિચાર શું કામ કરે છે ?

**સંસાર ત્યાગને બદલે આપઘાત કેમ ? :-**

તરંગવતી કહે બાઈ ! તું સમજતી નથી. એ વાત હતી એ પ્રિય મળવાની આશા જ નહોતી, તે વખતની હતી. પૂર્વ ભવનો એ ચકોર મારી માફક અહીં મનુષ્ય થયો હોય અને તે મને મળે, એની સંભાવના જ શી રીતે કરાય ? પરંતુ હવે જ્યારે એ અહીં જન્મી ગયા, એને ય જાતિસ્મરણ જ્ઞાન થઈ ગયું, એ ઓળખાઈ પણ ગયા, તેમજ મળવાનાં સંયોગો પણ ઊભા થઈ ગયા, અને છતાં હવે જ્યારે એ મળવાનો અસંભવ થઈ ગયો, અને હવે એ જો પ્રાણત્યાગ કરે તો પછી મારાથી કેમ જીવતા રહેવાય.

**સારસિકાનું ડહાપણ :-**

સારસિકા કહે છે,- ''તો મારી સહિયર ! હવે તું કાંક એવું કર કે એ મરે જ નહિ. પછી તો ભલેને તારા પિતાજીએ હમણાં ના પાડી, પરંતુ જો એ જીવંત છે, તો મળવાની આશા ઊભી છે. માટે આ કામ કર કે એ હાલ તરત નિરાશ થઈને જીવન ન ગુમાવે.'

તરંગવતીને મુખ્ય તો એનો સમાગમ મેળવવો હતો, તેથી દાસીની વાત એ મંજૂર કરે છે, ને કહે છે, તારી વાત બરાબર છે, એ માટે હું ઉપાય કરું, પરંતુ તું જાણે છે ને કે આપણે રહ્યા બાઈ માણસ, આપણી જિંદગી કેટલી બધી પરાધીન છે ? આપણે બાપુજીને આપણી સ્થિતિ કહી શકીએ નહિ, તેમજ હજી જે મૂરતિયા તરીકે નક્કી થયો નથી એને ન તો મળી શકીએ, ન કશું કહી શકીએ.'

**સ્ત્રીવેદ કેવા ખતરનાક !**

જીવની સંસારમાં કેવી પામર દશા છે ! માયા વગેરે એવા કોઈ દોષ

હોંશથી સેવે એમાં જો સ્ત્રીવેદ જેવા પાપ બાંધી લીધા, તો પછી કરમ કહે છે, હવે તું ક્યાં જાય ? આવ, બીજી વાતે તું ઘણો ય હોંશિયાર અને વૈભવાદિની પુણ્યાઈવાળો હોય, છતાં હું તને સ્ત્રીનું જ શરીર આપું.'

**જીવની સંસારમાં કેવી પામર દશા ?**

મહાસતી સીતાજી, ચંદનબાળા,...વગેરે કેટલી બધી ઊંચી કોટિના આત્મા ! છતાં એમને અવતાર મળ્યો સ્ત્રીનો ! તો પરાધીનતા કેવી કે સીતાજીની જંગલમાં રખેવાળી રામ લક્ષ્મણને કરવી પડે ! રામ લક્ષ્મણની રખેવાળી કોઈને ય ન કરવી પડે એમાં રખેવાળી કરતાં રામ જરાક આઘા પાછા થયા કે રાવણ સીતાજીને ઉપાડી ગયો ! જેના પર રામ-રાવણનું મોટું યુદ્ધ થયું ! ચંદનબાળાની પરાધીનતા કેવી કે એક વખત રાજકુમારી છતાં સ્ત્રી અવતારના કારણે ઊભે બજારે વેચાવું પડ્યું...

દ્રૌપદી મહાસતી મહાગુણિયલ, મહાપુણ્યવંતી છતાં સ્ત્રી અવતારના કારણે જુગારની હોડમાં મુકાવું પડ્યું ! અને ભરી રાજસભામાં ચીર ખેંચાવાનો મહા શરમજનક દુઃખદ પ્રસંગ આવીને ઊભો ! કેમ આમ ? કહો સ્ત્રી અવતાર ! બ્રાહ્મી સુંદરી બંને ઋષભદેવ ભગવાનની સુપુત્રીઓ, બંને વૈરાગી, પણ બ્રાહ્મીને ભરતે દીક્ષાની રજા આપી, સુંદરીને ન આપી, કેમ ? સુંદરીનો સ્ત્રીઅવતાર એટલે પુરુષની પરાધીનતા !

**જીવને તેવા તેવા કર્મ બાંધતાં વિચાર નથી રહેતો 'આના ફળમાં એવી કોઈ ગુલામી વેદના વિટંબણા આવીને ઊભી રહેશે ! પછી બાપરે બાપ કરતાં એ નહિ અટકે, નહિ ટળે; ત્યારે તું શું કરીશ ?'**

તરંગવતી સારસિકાને કહી રહી છે, આપણો સ્ત્રીનો અવતાર તેથી કેટલી પરાધીનતા !

ત્યાં પેલી સારસિકા કહે છે, મારી સ્વામીની ! એમ કર, તારા પ્રિય પર ચિઠ્ઠી લખી આપ. હું લઈ જઈ એને આપું જેથી એ તારી **મનસા**ની અજાણમાં એકાએક મરવાનું સાહસ ન કરી બેસે !

તરંગવતી એ રીત મંજૂર કરે છે; કેમકે એમ કાંઈ કિંમતી જનમ વ્યર્થ ખોઈ નાંખવો નથી, સાધના દ્વારા કિંમતી જીવન જીવી જન્મને સફળ કરવો છે, ને એ માટે જનમ તો ઊભો જ રાખવો જોઈએ; એમ માને છે અને સાથે એ માટે કોઈ પણ રીતે પૂર્વ પ્રિય પણ જીવતો રહે એ કરવું જોઈએ, અને તે કરવું શક્ય છે, એમ સમજે છે.

**કલંક અટકાવવા આપઘાત**



રુક્મી રાજપુત્રી પરણીને તરત રાંડી ! પિતા રાજાને કહે 'બાપુજી ! નગર બહાર ચિતા તૈયાર કરાવો, મારે એમાં બળી મરી જીવનનો અંત લાવવો છે.

રાજા કહે 'દીકરી ! આ શું બોલે છે ? હું જાણું છું કે તને મોટું દુઃખ આવ્યું છે પણ એનાથી આવો કંટાળો લાવીએ, એ ચાલે ? કેમકે અહીં જ્યાં સુધી જનમ હાથમાં છે, ત્યાં સુધી એનાથી મહાન સુકૃતો-સાધનાઓ કરવાની તક છે, અવકાશ છે. તારે કર્મના ઉદયે એક વિપત્તિ આવી, સૌભાગ્ય નંદાયું. પણ એના

**એક કર્મોદયના વાંકે આવા મહાકિંમતી જનમને આપણી જાતે જ ખોઈ નાખવો એટલે કેટલું બધું ખોવાનું ?**

કહો, જીવન હાથમાં છતે, જે જે સાધનાઓ ને જે જે સુકૃતો કમાઈ લેવાની ઉત્તમ તક છે, તે તક આ જનમ હાથમાંથી ચાલી ગઈ ! માટે તારે દૌર્ભાગ્યનું દુઃખ આવ્યું છે. પણ તે સહન કરી લે. કિન્તુ એથી કાંઈ નિરાશ થઈને મહાકિંમતી જનમ હારવાનો વિચાર ન કર."

ત્યારે રુકમી કહે છે, 'બાપુજી ! મારે સંસારસુખ ગયા, દુઃખ આવ્યું એટલા માટે નથી મરવું, પરંતુ મારી ખીલતી યુવાન ઉંમર છે, ને હવે પતિ છે નહિ એટલે અહીં રાજકુળની ઉદ્‌ભટ સગવડોમાં વાસના વિફરે ને અકાર્ય કરી બેસું, તો તમારા ઉત્તમ કુળને કલંક લાગે ! માટે જીવતા રહી કલંક લગાડવું એના કરતાં જીવનનો ત્યાગ કરી દેવો સારો.'

બાપ સાંભળીને બહુ પ્રસન્ન થઈ ગયો, "વાહ દીકરી વાહ ! આટલી બધી તારી કુળને કલંક ન લગાડવાની ઉચ્ચ ભાવના છે માટે તું આપઘાત ઇચ્છે છે ? તો એના કરતાં તને વાસનાને ઉત્તેજન ન મળે એવા સંયોગ કરી આપું. તારો મુકામ અલાયદો; તારી પાસે કોઈ પુરુષ નોકર ન ફરકે; ખાનપાન રાજાશાહી નહિ, પણ તારી નિર્વિકાર ભાવનાને અનુકૂળ આવે એવા તદ્દન સાદા; તેમજ સાધ્વીજીઓના સંપર્ક અને શાસ્ત્રાધ્યયન-પારાયણ-ચિંતન-મનન વગેરેમાં વ્યગ્ર રહેવાનું તેથી તારે મન બગડવાને કોઈ અવસર જ નહિ, પછી કુળ કલંકની વાત જ નથી રહેતી."

આ સાંભળીને રુકમીને સંતોષ થયો, અને એ પ્રમાણે ચિતામાં આપઘાતનો વિચાર માંડી વાળી એ રીતે સુકૃત સાધનાઓ કરવા લાગી.

તરંગવતીએ પણ આ જ વિચાર્યું કે હજી પ્રિય જીવતો છે ત્યાં સુધી મને ઉપાય કરી લેવા દે, કે જેથી એ જીવન ત્યાગ ન કરી બેસે ! એટલે એ સારસિકાને રોતી રોતી કહે છે, જો સારસિકા ! તિર્યંચના અવતારે પણ જે પ્રિયની પાછળ હું મરી, તે અહીં પણ જો જીવન ત્યાગ કરે તો હું કેમ જીવી શકું ? તો તું પ્રિય પાસે મારો પત્ર હાથો હાથ દઈ કહેજે,-

**તરંગવતીનો પત્ર અને સંદેશો :-**

"બહુ અલ્પ અક્ષરમાં લખેલા પણ મહાન અર્થ ભરેલો આ મારી સખી તરંગવતીના તમારા પરનો પત્ર લો. તિર્યંચ જાતમાં પણ જે તમારી પ્રિયા હતી એ જ ચકોરી હું છું. આજે શેઠની દીકરી થઈ છું. તમને શોધી કાઢવા માટે ચિત્રપટ્ટ તૈયાર મેં જ કર્યો, ને એમાં ચકોર તરીકે તમને દર્શાવેલા છે. હવે તમે મળી ગયા છો, તો મારો પ્રયત્ન સફળ થયો છે. તો હે વીર ! મને હવે એ જ સ્નેહ, સદ્ભાવ ને એ જ દિલ આપો. પૂર્વના અખૂટ સ્નેહના સંબંધો યાદ કરો. અહીં કોઈ પણ શામ-દામ-ભેદ વગેરે ઉપાય કરવા પડે તે કરો, પણ મિલનકારી ઉપાય કરીને મને દર્શન આપો."

આમ કહેવાનું કહીને લેખ આપી દાસીને રવાના કરી. તો હવે તો મન નિશ્ચિંત બને ને ? ના, હવે તો તરંગવતીનું મન વધુ ચિંતાતુર બન્યું ! એના મનને વિચારો આવવા લાગ્યા કે આ અજાણી દાસીને પ્રિયના ઘરમાં પેસવા દેશે કે કેમ ? જો પેસવા જ ન દે, તો તો પ્રિયને સંદેશો ક્યાં પહોંચવાનો ? અથવા માનો પેસવા દે અને જઈને એ સંદેશો આપે, તો એના પ્રત્યાઘાત કેવા પડશે ? શું એ શીઘ્ર મીલનનું કહેશે કે લાંબો વાયદો નાખશે ? જાતિસ્મરણ પછીની પ્રિયની સ્થિતિ જે થયેલી એ એટલું તો સૂચવે છે કે એ મને ચાહે તો છે જ; પરંતુ હવે એ પુરુષ છે અમો સ્ત્રીજાત, સ્ત્રીજાતને પ્રિયના વિરહનું જે દુઃખ હોય, એ પુરુષો પ્રિયાના વિરહનું તેટલું દુઃખ નહિ કરનારા શી રીતે સમજી શકે ?...વગેરે વગેરે કેઈ ચિંતાના વિચારોમાં તરંગવતી ચડી ગયેલી.

**માણસ ખોટી ચિંતામાં ચડી જાય તો એને શું મળે છે ? કેવળ આર્તધ્યાન કે બીજું કાંઈ ?**

દાસી ગઈ છે, પરિણામ શું લાવે છે એનો આધાર કાંઈ આ ચિંતા પર નથી કે ચિંતા કરવાથી પરિણામ સારું આવશે, ને ચિંતા ન કરે તો પરિણામ બગડી જશે,'- એવું કાંઈ નથી, છતાં ચિંતા મુકાતી નથી એ આશ્ચર્ય જેવું છે પૂછો,-

**પ્ર.- ખોટી ચિંતા અટકાવવા કોઈ ઉપાય ?**

ઉ.- ઉપાય છે, જરૂર છે પણ તેનો અમલ કરવો જોઈએ,

ખોટી ચિંતા ટાળવા અટકાવવા એક ઉત્તમ ઉપાય આ છે કે

(૧) પહેલાં તો મનને આ નક્કી કરવું કે આ ઉત્તમ જીવનું એક મહાન લક્ષ્ય આ છે કે

**અહીં જે મનની મહાન મૂડી મળી છે એનાથી શક્ય એટલા વધારે ઉત્તમ વિચારો, પવિત્રભાવનાઓ, ને વિશુદ્ધ અધ્યવસાયોનું સર્જન કરવાનું છે.**



પરંતુ મનની મૂડીને અધમ, ક્ષુદ્ર, તામસી, ને પાપ વિચારો ચિંતાઓમાં વેડફી નાખવાની નથી. જીવનનું આ એક લક્ષ્ય જો નક્કી કરી રખાય. તો પછી વારંવાર એ લક્ષ્ય મન પર લવાય તો ઘણો ફેર પડી જાય, ખોટા વિચારો દોઢ-ડહાપણના વિચારો, ખોટી ચિંતાના વિચારો,...વગેરે પર કાંઇક અંકુશ આવે.

બસ, ઉત્તમ ઉપાય આ, કે અહીં મળેલ મહાન મન મૂડીની કદર કરી નિર્ધાર રાખો **કે આ મન મૂડીથી લેવાના, તે દેવાના નથી કરવાના.** જો ખોટી ચિંતા કરું તો (૧) મન મૂડીથી સારું કમાવાનું તો જાય, (૨) વધારામાં આર્તધ્યાન અસમાધિથી નવાં પાપના પોટલાં બંધાય (૩) વિશેષમાં મલિન વિચારસરણીની કુટેવ વધી જતાં (૪) પછીથી એ કુટેવ હેરાન કર્યા જ કરે. એવા ખોટા ટેવાયેલા મનને અંટ-સંટ વિચારણા, આચડ-કુચડ ચિંતવવાનું ને ઇધર ઉધરના વિચારો સુલભ થઈ જાય.

મનમૂડીથી સારા વિચારની કમાઈ કરવા માટે મસાલો પૂરતો જોઈએ એ મસાલો કયો ? આ,-

**મન મૂડીથી સદ્વિચાર-કમાઈનો મસાલો,-**

(૧) જીવ વિચાર પ્રકરણ, તત્ત્વાર્થ આદિ શાસ્ત્રોનો સંગીન બોધ, જેમાંથી વિચારવા માટે તાત્ત્વિક પદાર્થો એ મસાલો, એ મનમાં ક્રમસર લાવ્યા કરાય.

(૨) અરિહંત પ્રભુના ૩૪ અતિશય, તીર્થંકર પદની પુણ્યાઈ ઊભી કરનાર ૨૦ સ્થાનક, સકલાર્હત્ વગેરે સ્તોત્રોમાં મૂકેલા અરિહંતના વિશેષણો, આ મસાલો; ક્રમશઃ એને વિસ્તારથી વિચારી શકાય.

(૩) એમ સમ્યક્ત્વના ૬૭ પ્રકારે વ્યવહાર; માર્ગાનુસારીના ૩૫ ગુણ, શ્રાવકના ૨૧ ગુણ, ભાવ શ્રાવકના લક્ષણ ક્રમશઃ એકેક વિચારી શકાય. એમ

(૪) જીવનમાં જેટલા તીર્થો દેરાસરો સ્પર્શ્યા હોય એને ક્રમસર મનમાં લાવી શકાય એમ

(૫) ભરહેસર સજ્ઝાયના ક્રમસર એકેક મહાપુરુષના ખાસ જીવન પ્રસંગ મનમાં લવાય.

આવું બધું મનમાં રમતું રાખવું એ મન મૂડીથી સુંદર કમાણી છે એ કરવા માટે જે માનવ મનની મહાન મૂડી મળેલી છે અને આ જનમમાં મારે આ જ કરવું છે. આવું જીવનનું સાધના-લક્ષ્ય હોય, તો પછી ખોટી ચિંતા કરી મન મૂડીને વેડફી નાખતાં બહુ વિચાર થઈ પડે. એવી ચિંતા મગજમાં પેસતાં જ દિલને આંચકો આવે. મૂળ આ કરવાનું છે કે એવા સાત્ત્વિક ચિંતનનો ખૂબ અભ્યાસ રાખવો જોઈએ. ખૂબ અભ્યાસ હોય તો બીજી ત્રીજી ખોટી ચિંતા યા ખોટા વિચાર ઉઠવા

જાય ત્યાં ઝટ એ સારા અભ્યસ્ત તાત્ત્વિક ચિંતન મનમાં શરૂ થઈ જાય !...

વાત આ છે કે માણસને આવી વ્યવસ્થિત તાત્ત્વિક ચિંતન મગજમાં ચલાવવામાં શ્રમ લાગે છે. પરંતુ એને ખબર નથી કે જેમ **આપણને કાયા મળી છે, એ આરામ માટે નહિ પણ કામ માટે, શ્રમ માટે મળી છે.**

તે કાયાને શ્રમ આપવાથી સારી તંદુરસ્ત રહે છે એમ મનને સારા તાત્ત્વિક ચિંતનનો શ્રમ આપવાથી મન સારું તંદુરસ્ત રહે છે. ને એ મોટી ઉંમર સુધી કાયાની જેમ સારું કામ આપે છે. ઉપયોગી વસ્તુ કે કાર્ય માટે સારી વ્યવસ્થિત વિચારણા કરી શકે છે સ્મરણ શક્તિ સતેજ રહે છે.

**કુબેરની સંપત્તિ પર કુમારપાળની તત્ત્વ વિચારણા :-**

મહારાજા કુમારપાળ જેમને કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી મહારાજે 'પરમાર્હત્' અર્થાત્ અરિહંત પ્રભુના પરમભક્ત એવું બિરુદ આપ્યું છે, એ સાત્ત્વિક વિચારણા મનમાં કેવી રમતી રાખતા હશે કે જ્યાં સામાન્ય માણસ કોઈનો વૈભવ જોતાં હરખાઈ જાય, ત્યાં કુમારપાળ રાજા વૈરાગ્યના વિચારમાં ચડે છે ! એક પ્રસંગ જુઓ,-

મહારાજાની રાજધાની પાટણમાં ક્રોડો રૂપિયાની મિલકત ધરાવનારો મોટો કુબેરશેઠ પરદેશ ગયેલો. એમાં ઘરે સમાચાર આવ્યા કે વહાણ સમુદ્રમાં ડૂબી ગયા, એમાં કુબેરશેઠ પણ ડૂબી ગયો,

ઘરે સમાચાર આવતાં મહાજન ગયું, રાજા કુમારપાળ પાસે અને કહે છે. "મહારાજા ! આપના નગરમાં કુબેરશેઠ દેશાવરમાં મરી ગયા છે. એમને પુત્ર છે નહિ, રાજાઓનો પરાપૂર્વથી રિવાજ ચાલી આવે છે કે અપુત્રિયાનું ધન રાજા લઈ લે, બાકી પાછળવાળાને વર્ષાસન બાંધી આપે; એટલે એમાં આપને વિનંતી કરીએ છીએ કે આપ પહેલાં માણસો પાસે શેઠની મિલકતનો કબજો લેવરાવો, પછી અમે શેઠનું ઉત્તરકાર્ય કરીએ. આપે કબજો લેવરાવ્યા પહેલાં જો અમે ઉત્તરકાર્ય કરીએ તો કદાચ અમારા પર આરોપ ચડવા સંભવ કે મહાજને મિલકતમાંથી ઘોલમાલ કરી."

રાજા તરત મનમાં વિચારે છે કે 'અહો ! આ કેવો દુઃખદ પ્રસંગ ! જ્યાં એક બાજુ માલિક મરી જતાં પાછળ એની મા, વિધવા પત્ની વગેરેનાં હૈયા ફાટી પડ્યા હોય અને કરુણ કલ્પાંત કરતા હોય. ત્યાં એની લાખોની મિલકત રાજા ઉઠાવી જાય ! એ પાછળવાળાના કેટલા ઉના નીસાસા રાજાએ લેવાના ? કેટલું બધું કરપીણ કૃત્ય ! અને બીજી રીતે જોઈએ તો રાજાએ કેટલાને બાપ કરવાના ? કેમકે દીકરો બાપનું ધન રાજા ભોગવે જેટલા અપુત્રિયા મરી જાય ને એ જેટલાનું ધન રાજા ભોગવે એટલા બધાને રાજાએ બાપ કરવા પડે. મારે કાંઈ આવું અપુત્રિયાનું ધન ખપે નહિ. ભલે કરોડો અબજો રૂપિયા જતા કરવા પડે. એ હું સંકલ્પ કરું છું."



કુમારપાળ મહારાજાએ આ સંકલ્પ શેના પ્રતાપે કર્યો ? કહો, તાત્ત્વિક વિચારણા પર. હજી આગળ જુઓ તાત્ત્વિક વિચારણાનો પ્રતાપ રાજા મહાજનને કહે છે, ચાલો હું કુબેરશેઠને ત્યાં જાતે આવું છું એમ કહીને મંત્રીઓ અમલદારો મહાજન વગેરેની સાથે રાજા ત્યાં ઊપડ્યા. જ્યાં દૂરથી કુબેરશેઠની હવેલીઓના માથે ધજાઓ ફરકતી દેખાઈ. ત્યાં હજુરિયા હરખાતા હરખાતા કહે,-'જુઓ જુઓ મહારાજા સાહેબ ! આ સામે પેલી ધજાઓ ફરકતી દેખાય છે. એ કુબેરશેઠની હવેલીઓ પરની ધજાઓ છે."

**હવેલીની ધજા પર તત્ત્વ વિચારણા :-**

તરત મહારાજા મોં જરાક બગાડીને કહે "એમ ? તો તો આ ધજાઓ તો ફરતી કહી રહી છે કે જો જો આ હવેલીઓમાં મોહી ન પડતા, કેમકે એક દિ એ 'ફરર ફુ ફરર ફુ' થઈને ઊડી જવાની છે, તમારી થઈને રહેવાની નથી. જુઓને એ કુબેરશેઠની હવે રહી ? પછી કુબેરનો મોહ શો કામ લાગ્યો ? સાંભળીને હજુરિયા ને અમલદારો સ્તબ્ધ થઈ ગયા કે જ્યાં દુનિયા રાગમાં મરે છે ત્યાં મહારાજાનો કેવો જ્વલંત વૈરાગ્ય સ્ફુરે છે !'

**હાથીઓ શું કહે છે ? :-**

આગળ ચાલતાં કૂબેરના મોટા જંગી કંપાઉન્ડમાં પેઠા ત્યાં એક બાજુ હાથીઓની કતાર હતી. ત્યાં વળી હરખાતા હરખાતા હજુરિયા બાપડા કહે,- "જુઓ જુઓ મહારાજા સાહેબ ! આ કુબેરશેઠના હાથીઓની કતાર છે !" આ સાંભળીને મહારાજા જરાક મોં બગાડી બોલી પડ્યા "અરરર ! તો તો આ હાથીઓ નિષેધ કરવા કાન અને સૂંઢ હલાવતા હલાવતા એમ કહી રહ્યા છે કે 'અમે તમારા નહિ,' 'અમે તમારા નહિ' તો શું જોઈને માણસ એના પર મોહ મમતા કરી કરી ચીકણાં પાપ બાંધતો હશે ?"

વળી આ પણ સાંભળીને હજુરિયા વગેરે મહારાજાની વૈરાગ્યવાણી ઉપર મુગ્ધ થઈ ગયા; કેમકે એમ તો સમજે છે કે આખી દુનિયા જાણે છે કે આપણી ગમે તેટલી સંપત્તિ હોય, પરંતુ આપણા મર્યા પછી એ આપણા જીવને કશી જ કામની નથી રહેતી.

હજુરિયા કહે છે 'મહારાજા સાહેબ ! આવું તો આપ જ વિચારી શકો અમારે તો આવો મહાવૈભવ જોતાં મોંમાં પાણી છૂટે છે !

કુમારપાળ શી રીતે આ ચિંતવી શકતા હશે ? કહો, **એમનો ખોટી ચિંતા ખોટા વિચારો છોડી તાત્ત્વિક જ વિચારણા કરવાનો અભ્યાસ આવા અવસરે આવું ચિંતન આપી શકે છે.**

**પ્ર.**- એવું તાત્ત્વિક ચિંતન અઘરું કેમ લાગે છે ?

ઉ.- પહેલાં કહ્યું તેમ કારણ આ છે કે જેવી રીતે શરીરને બેઠાડુ રાખવું ગમે છે, એમ મનને પણ બેઠાડુ રાખવું ગમે છે. અરે ! એક ચૈત્યવંદન જેવી નાની ક્રિયા કરતો હશે તો ય એમાં સૂત્રો પોપટપાઠની જેમ બોલી જશે પરંતુ એને સૂત્રના પદ પદ પર મન પરોવવાનું નહિ ગમે,

અરે ! ત્રણ નવકાર જ ગણી જવાના હશે તો ય એમાં એકે એક પદ પર મન પરોવવાનું નહિ ગમે. કેમ જાણે એટલામાં મનને થાક લાગે છે ! થોડાક જ સૂત્રપદો પર મન પરોવવામાં સુસ્ત અને એદી માણસો ખોટી ચિંતા અને ખોટા વિચાર અટકાવવા માટે તાત્ત્વિક વિચારણા શી રીતે કરી શકે ? શી રીતે મનને તાત્ત્વિક પદાર્થમાં પરોવી શકે ? માટે કહો,-

**મનને અવસરે અવસરે તાત્ત્વિક જ વિચારસરણીમાં રમતું રાખવા માટે આ ઉપાય કે એને વારે વારે સૂત્રના પદ પદમાં પરોવતા રહો.**

આજના માનસશાસ્ત્રીઓએ શોધી કાઢ્યું છે કે

**"જેટલા નિષ્ફળ વિચાર કરો એટલી મનની શક્તિ હણાય છે. મન નિર્બળ બને છે. ને જેટલા સફળ વિચાર કરો એટલી મનની શક્તિ વધે છે. મન સબળ બને છે."**

તાત્ત્વિક વિચારણા એ સફળ વિચારણા છે, ખોટી ચિંતા, ખોટા વિચાર એ નિષ્ફળ વિચારણા છે. તાત્ત્વિક વિચારણા એ સફળ વિચારણા એટલા માટે કે પૂર્વે બતાવેલ જેવી તાત્ત્વિક વિચારણાથી.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૧૨,તા.૩૦-૧૧-૧૯૮૫**

(૧) મન તંદુરસ્ત અને પ્રસન્ન પ્રફુલ્લિત બને છે;

(૨) મનમાં પ્રભુ ભક્તિ વગેરે શુભ ભાવો જન્મે છે;

(૩) એના શુભસંસ્કાર પડે છે;

(૪) મનની અનંત અનંત કાળની ખોટી ચિંતા, ખોટા વિચારોની કુટેવ મટે છે;

(૫) મન પ્રસન્ન પ્રફુલ્લિત રહે એની શરીર પર સારી અસર પડે છે;

(૬) 'હૃદય હેમખેમ રાખો' બુક પ્રમાણે મન ફોરું પ્રસન્ન પ્રફુલ્લિત રાખવાથી મગજમાંથી એક પ્રકારનું પ્રવાહી વહે છે, જે શરીરની નાડીઓમાં ફરી વળે છે, ને હાર્ટએટેક જેવા પણ દર્દ મટાડી દે છે.

વાત આ છે કે ખોટા વિચારો અટકાવવા તાત્ત્વિક વિચારણા અને તાત્ત્વિક



ચિંતનનો અભ્યાસ રાખો

પેલી તરંગવતી ખોટી ચિંતામાં પડી છે કે દાસી ગઈ તો ખરી, પરંતુ પદ્મદેવને ત્યાં એને પ્રવેશ મળશે ? પદ્મદેવની સાથે વાતચીત થશે ? ત્યારે પદ્મદેવે કોઈ ખોટું સાહસ તો નહિ કર્યું હોય ને ? મને મળશે ખરા ?...કેવી ખોટી ચિંતા છે ? વિચારવું તો એ જોઈએ કે જો અમને બંનેને મનુષ્ય જન્મ મળ્યો છે, ઉપરાંત જાતિસ્મરણજ્ઞાન થયું છે, બંનેને પરસ્પરની જાણ થઈ છે. જ્યારે ગાડી આટલે સુધી આવવાના પુણ્યોદય જાગ્યા છે, તો પરસ્પરને મળવાનું કેમ નહિ થાય ? આમ આશાસ્પદ વિચારણા કરે, તો મન પ્રફુલ્લિત રહે. તેથી આર્તધ્યાન ન થાય, અને બીજા કર્તવ્ય ઉલ્લાસથી થાય, કામ બગડે નહીં અસ્તુ.

તરંગવતીને બહુ ઝાઝો સમય ચિંતા ન કરવી પડી સારસિકા આવીને પોતે શું કરી આવી એનો અહેવાલ આપે છે, કહે છે,-

**સારસિકાનો અહેવાલ**

'સ્વામી ! હું અહીંથી ગઈ, તારા પ્રિયના આવાસે પહોંચી. મોટી હવેલી હતી. દરવાજે જઈને ઊભી રહી ત્યાં હવેલીની દાસીઓ અવર જવર કરતી હતી, એમાં હું નવી જ હતી એટલે મને દ્વારપાલ પૂછે છે,-

બેન ! ક્યાંથી આવી છે ?'

મારે તારી કે તારા ઘરની વાત તો કરવી જ નહોતી, અને ખરી વસ્તુ છુપાવવી હતી, એટલે જૂઠું જ બોલવું હતું, અને સ્ત્રીઓને જૂઠ બોલવાનું તો હંમેશા સ્વાધીન જ હોય, એટલે તરત જ મેં કહ્યું આર્યપુત્ર પદ્મદેવની પરિચિત છું, અને મને એમણે બોલાવી છે, એટલે હું અહીં આવી છું.

સ્ત્રીસુલભ જૂઠ હંકાર્યું તો ખરું પણ ચાલાક માણસ આગળ એ કેટલું ચાલે ? તરત દ્વારપાળ મને કહે બાઈ ! તું પરિચિત હોવાનું કહે છે, પણ અહીં તો તું તદ્દન નવી લાગે છે. અમે તને અહીં પહેલાં કદી જોઈ નથી, શાની પરિચિત હોવાની વાત કરે ?' દ્વારપાળે મને અપરિચિત તરીકે પકડી પાડી.

ત્યારે જૂઠ બોલતાં જો પકડાઈ જાય તો શું માણસ એ ભૂલનો ઈકરાર કરે ? માફી માગે ? સુધરી જાય ? ના, એ તો પકડાઈ ગયા તો નવું જૂઠું ! અંગ્રેજીમાં કહેવત છે,-

'One lie begets a score of lies'

**એક જૂઠ કડીબંધ જૂઠને તાણી લાવે છે.**

એટલે ? તો પહેલાં જૂઠથી જ પાછા વાળ્યા, જૂઠ ન બોલ્યા, તો પછી ૨૦ જૂઠ્ઠાણાથી બચી જવાય.

પેલી સારસિકાએ એક જૂઠ્ઠાણું હલકાર્યું કે હું પદ્મદેવને પરિચિત છું, ને મને એમણે બોલાવી છે. ત્યાં દ્વારપાલ કહે છે.

'બેન તમે તો અહીં નવા જ છો. પરિચિત હો, તો પહેલાં ક્યારે ય દેખાવા જોઈતા હતા ને ?'

ત્યાં સારસિકા બોલી હું જાણું છું કે તમને નવી લાગું પરંતુ હું આર્યપુત્ર પદ્મદેવ માટે અજાણી નથી...'

એમ કહીને હસતી હસતી દ્વારપાળની પ્રશંસા ચાપલુસી કરવા કહે છે બાકી, હા, હા, હા... સાર્થવાહના કુળને ધન્યવાદ ઘટે છે કે જ્યાં તમારા જેવા આર્યપુત્ર દરવાજા પર જ આવી ચોકસાઈ કરે છે. જરા મારા પર મહેરબાની કરીને આટલી કૃપા કરો. ને એકવાર તમે આર્યપુત્ર પદ્મદેવની મને ભેટ કરાવો.

ત્યારે દ્વારપાળ રાજીથી કહે છે, જરૂર તને ભેટ કરાવું છું. માત્ર મારે તો પરસ્ત્રીના પ્રવેશ પર પ્રતિબંધ રાખવાનું મારું કર્તવ્ય છે, એ કર્તવ્યને મારા હાથે ભંગ ન થાઓ.

દાસી કહે 'એમાં તમે બે ફિકર રહો, હું કોઈ એવી હલકી કે અજાણી પરસ્ત્રી નથી.'

જોવાની ખૂબી છે કે પદ્મદેવના પિતા ધનદેવ શેઠે ઘરમાં કેવી તકેદારી રાખેલી છે ! કોઈ અજાણી સ્ત્રીનો ઘરમાં પ્રવેશ ન થાય પૂછો,-

**પ્ર.-** શું શેઠને ઘરના પુરુષવર્ગ પર અવિશ્વાસ છે કે એવા સંયોગ મળે તો શીલભંગ કરી નાખે ?

ઉ.- આવો સવાલ સંસારના નિયમનું અજ્ઞાન સૂચવે છે.

**સંસારનો સામાન્ય નિયમ આ છે કે સંસારી જીવ નિમિત્તવાસી છે, જેવું નિમિત્ત તેવું પરિણામ.**

એટલે ? સારા નિમિત્તોમાં જીવ સારો રહે અને ખરાબ નિમિત્તમાં બગડી જવા પૂરો સંભવ છે. સંભવ એટલા માટે કહેવાય છે કે આમાં અપવાદ અર્થાત્ નિમિત્ત ખરાબ મળવા છતાં કોઈ જીવ ન પણ બગડે. પણ તે અપવાદ તો કેવો ? દસ હજારે એક. સુદર્શન શેઠ ઝાંઝરિયા મુનિને ખરાબ નિમિત્ત મળવા છતાં પોતાના બ્રહ્મચર્યમાંથી ડગ્યા નહિ ! બાકી તો જુઓ અરણિક મુનિને પરદેશ ગયેલા પતિવાળી પત્નીએ ચારિત્રથી ભ્રષ્ટ કર્યા. બોલીએ છીએ ને

સજઝાયમાં,-

**'વયણ રંગીલીએ નયણે વીંધીઓ, ચંદ્રવદનીએ ચારિત્રથી ચૂકવ્યો,**
**સુખ વિલસે દિન રાતોજી; અરણિક મુનિવર ચાલ્યા ગોચરી,'**



એવું નંદીષેણમુનિને થયું, વેશ્યાએ પાડ્યા ! એ તો રહનેમિમુનિની સામે રાજીમતી સાધ્વી જબરા હતા, તે રહનેમિના કામવાસનાના બોલરૂપી ખરાબ નિમિત્ત મળવા છતાં સંયમમાં જાતે મક્કમ રહ્યાં ! બાકી જો રાજીમતી લોભાયા હોત, તો બંનેનું પતન થાત. પરંતુ ખરાબ નિમિત્તની અસર ન થવી એવા દાખલા કેટલા ? અતિ જુજ. બાકી તો જીવ નિમિત્તવાસી છે.

સિંહગુફાવાસીમુનિ કેવા પરાક્રમી ! સિંહની ગુફા આગળ ચાર મહિનાના ઉપવાસ કરી ચોમાસું રહેલા ! કશી બીક ન લાગે ? સિંહ બહારથી આવે ત્યારે તો માનો પેટ ભરીને આવ્યો હોય તે ગુફામાં પેસતાં મુનિ પર ન ત્રાટકે; પરંતુ પેઠા પછીથી સમય વીત્યે ભૂખ્યો થઈને શિકારની શોધ માટે ગુફામાંથી બહાર નીકળે ત્યારે મુનિને ભય ન લાગે કે 'હાય ! નથી ને હમણાં જો આ સિંહ મારા પર ત્રાટક્યો તો એના મોઢામાં જામફળની જેમ ચવાઈ જઈશ ?'

**મુનિને કેમ સિંહનો ડર નહિ ?**

**કહો,** પહેલેથી સમજી મૂકીને આવ્યા છે કે સંભવ છે કદાચ સિંહ આપણા શરીર પર ત્રાટકે ય ખરો, ને જીવતા ચાવી ય ખાય. માટે આપણે પહેલેથી સમજીને જ જંગલમાં ચાલો કે આ શરીર આપણા આત્માનું ભૂષણ નથી, પણ ગુમડા જેવું દૂષણ વળગેલું છે.

**'શરીરરૂપી ગુમડાનું નસ્તર થઈ જાય તો સારું; ગુમડાની વેઠ મટી.' ઉપસર્ગમાં આ જ ભાવના રાખવાની કે શરીર ગુમડા ! તું કપા કપા, તું કપાય એમ મારાં કર્મ કપાય.'**

આવું પહેલેથી નક્કી કરીને જંગલમાં સિંહની ગુફા આગળ આવી ઊભા રહે એમને ડર શાનો કે 'હાય ! સિંહ મારા શરીરને ચાવી ખાશે તો ?' શરીર ચાવી ખાય ભેગાં કર્મ ચવાઈ જવાના છે, એટલે ચાવી ખાય એ લાભમાં છે. આમ ચવાઈ જવામાં પહેલેથી લાભની દૃષ્ટિ જીવંત રાખી હોય પછી ચવાઈ જવાનું કદાચ આવે તો ગભરામણ શી ? કશી જ નહિ.

મૂર્ખ માણસ દુઃખમાં તો રુએ છે. પરંતુ ભાવી દુઃખની કલ્પાનામાં ય રુએ છે ! એને કોણ કહે 'અલ્યા ! દુઃખ આવશે ત્યારે આવશે. ત્યારે રોવું હોય તો રોજે, પણ અત્યારથી શાનો રોવા બેઠો ?' પણ ત્યાં એ કહેશે 'ભાઈ સાહેબ ! દુઃખ તો કંપાવી મૂકે જ છે ! પરંતુ દુઃખનું નામ પણ કંપાવી મૂકે છે !' તમે પણ આ જ કહો છો ને ? તો સમજી રાખો,-

**દુઃખમાં ન ગભરાવાની આ ચાવી છે કે ત્યાં વિશિષ્ટ લાભની દૃષ્ટિ ઊભી કરો, ને એને જીવતી જાગતી રાખો.**

સિંહગુફાવાસીમુનિએ આવું કાંક કર્યું હશે, દા.ત.

(૧) 'શરીર ચવાય એમ મારાં કર્મ ચવાશે.' એવી કોઈક દૃષ્ટિ રાખી હશે; અથવા

(૨) 'શરીર ચવાશે એમાં દેહ-દેહમમતા-દેહાધ્યાસ ઓછો થઈ મારા આત્માનું મમત્વ વધશે.' યા

(૩) 'શરીર સંયમનું ખૂની છે, માટે ખૂનીને સજા મળે એ એણે ભોગવવી જ જોઈએ;'

(૪) 'નરકના એકેક ભવમાં શરીરના છેદન-ભેદનની પીડા અસંખ્ય વાર ભોગવી. ત્યારે આ સંયમ જીવનમાં તો શરીરનું ભેદન થશે તો તે માત્ર એક જ વાર થશે. એ શી વિસાતમાં ?'

(૫) 'નરકાદિની ઘોરાતિઘોર પીડા પર અકામ-નિર્જરા અને સંકલેશ માટે થઈ ત્યારે અહીંની એની અપેક્ષાએ સામાન્ય પીડા પણ સકામ-નિર્જરા અને વિશુદ્ધિ માટે થવાનું છે. એમાં દુઃખ શાનું કરવાનું ?'

(૬) 'કાયરતાના મોત અનંતી વાર પામ્યો એમાં જગતના ચિક્કાર અધમ પુરુષોની હરોળમાં રહ્યો; ત્યારે જો આવી સિંહના મોંમાં ચવાઈ જવાનું મોત મળે છે, ને તે વધાવી લઉં તો ઉત્તમ પુરુષોની હરોળમાં બેસવા મળે છે ! ને આ ફક્ત એકજ વાર બને તો પણ તે આત્માને ન્યાલ કરી શકે છે ! આ લાભ જેવો તેવો નથી.'

(૭) 'આમે ય કોઈ અકસ્માત વગેરે થાય, તો ય પીડા અપરંપાર પણ જીવને ભોગવવી જ પડે છે. (આજે ય ઇસ્પિતાલોમાં એવા કેટલાય દેખાય છે) તો એના કરતાં સ્વેચ્છાએ આવા મૃત્યુની પીડા. ધર્મપરાક્રમ માનીને, સમાધિથી સહન કરી લઉં તો સમાધિમરણ-પંડિતમરણનો લાભ મળે છે.

આવી આવી લાભની દૃષ્ટિ રાખી હોય પછી સિંહગુફાવાસીમુનિને ગભરામણ શાની થાય ?

**દુનિયાના સમસ્ત દુઃખોમાં ધીર વીર સહિષ્ણુ બનવા માટે આ લાભની દૃષ્ટિ રાખવી એજ ખરી બુદ્ધિમત્તા છે.**

જો લાભની દૃષ્ટિ નથી રાખવી, અને રોદણાં જ રોતા બેસવું છે, તો તેમાં બુદ્ધિ હીનતા અને નિઃસત્ત્વતા છે.

પેલા સિંહગુફાવાસીમુનિ આમ તો બુદ્ધિમાન હતા, એટલે એમણે લાભની દૃષ્ટિ ઊભી રાખી સિંહની ગુફા આગળ ધ્યાનમાં રહેવામાં આવી પડતા સંભવિત સિંહના આક્રમણનું દુઃખ વિસાતમાં નહિ ગણેલું.

હવે કોઈ પૂછે કે આવા મહાન આત્મા વેશ્યાના ઘરે પતન પામે ? તો સહેજે આપણે ખચકાતા વિના કહીએ કે 'આવા જંગે બહાદુર તે વળી શાના પતન



પામે ?' છતાં જૈન ઇતિહાસ કહે છે કે 'એ પડ્યા હતા' કેમ વારું ? કહો,

**જીવ નિમિત્તવાસી છે, કલ્પના બહારના રૂપવાળી વેશ્યાનાં દર્શનરૂપી નિમિત્તે સિંહગુફાવાસી મુનિને ઢીલા પાડી નાખ્યા.**

સિંહના મોંમાં ચવાઈ જવું પડે એની પીડા એમને સહ્ય હતી, પરંતુ કામની પીડા અસહ્ય હતી. તેથી વેશ્યાને જોતાં મનમાં કામરાગ ઊઠ્યો ! તો સમજી જઈને પાછા ગુરુ પાસે સીધા પહોંચી જવું ડહાપણભર્યું હતું, કિન્તુ એ પીડા જ અસહ્ય તેથી ગુરુ પાસે ન જતાં વેશ્યા પાસે જઈ ભોગની નફ્ફટ માગણી કરી ! વિચારો, આજે પિક્ચર ટી.વી. વીડિયો જોનારા કેટલા કામરાગમાં મરતા હશે ? નરકનાં પાપ બંધાવે એવા જાલિમ રાગના કેવા સંકલેશ અનુભવતા હશે ? જો આવાં અસદ્ દર્શનનાં નિમિત્ત ન સેવે, તો કેટલા બધા બચી જાય ?

પેલા ધનદેવશેઠનો દ્વારપાળ તરંગવતીનો સંદેશ લઈને ગયેલી સારસિકાને કહી રહ્યો છે કે 'હું અહીં પરસ્ત્રીને પ્રવેશ આપવામાં ગુનેગાર ન થાઉં એ મારે ખાસ જોવાનું છે, તેથી તને અજાણીને અહીં પ્રવેશ કેમ અપાય ?' આ પરથી શેઠની તકેદારી ધ્યાન પર લેવા જેવી છે. આમાં કુટુંબના માણસો પર અવિશ્વાસનો સવાલ નથી, કિન્તુ કુટુંબને અસત્ નિમિત્તોથી બચાવી લેવાનો હિસાબ છે. કેમકે

**સંસારી જીવો નિમિત્તવાસી છે નિમિત્તથી વાસિત થઈ જાય, ભાવિત થઈ જાય; સારાં નિમિત્ત મળે તો સારી ભાવના જાગે, ખરાબ નિમિત્તમાં ખરાબ.**

એટલા જ માટે મંદિર-ઉપાશ્રયની મોટી કિંમત છે, ધર્મપ્રવૃત્તિની મોટી કિંમત એ બધાં સારા નિમિત્ત છે.

જીવન જીતી જવું છે ? તો સારા જ નિમિત્ત સેવો. જીવન હારી જવું છે ? ધ્યાન રાખો, **ખરાબ નિમિત્તોથી જીવન હારી જવાશે**

પેલા દ્વારપાલે સારસિકાની પૂછપરછ કરી લીધી, અને ઘરની એક દાસીને બોલાવી કહ્યું આ બેનને ઉપરના માળે કુમાર સાહેબ છે ત્યાં મૂકી આવ. દાસી લઈ ગઈ ઉપર, અને કુમારને દૂરથી બતાવી દઈ ચાલી ગઈ પાછી. સારસિકા ત્યાં જ ઊભી રહી જુએ છે તો અદ્ભુત જોયું.

હવે સારસિકા તરંગવતીને પોતે પદ્મદેવની સામે ઊભી થઈ. પછી શું બન્યું, એનું જે વર્ણન કરે છે એ તરંગવતીને ઊંચી નીચી કરી મૂકે છે; કેમકે એ ઘટનામાં મોહની જીવ પર શિરજોરી કેવી છે !' એ જોવા મળે છે.

**સારસિકાએ વર્ણવેલ પદ્મદેવની મહાવ્યથા :-**

સારસિકા કહે છે સ્વામિની ! જ્યાં હું તારા પ્રિયની સામે જોઉં છું ત્યાં હું સ્તબ્ધ થઈ ગઈ ! તને એમ થતું હશે કે મને મારા પ્રિય પર કેટલો બધો પ્રેમ

છે ! પરંતુ ત્યાં હું જોઉં છું તો તારા પ્રિયને તારા કરતાં વધુ તારા પરનો પ્રેમ દેખવા મળ્યો !'

તરંગવતી પૂછે છે એવું તે શું દેખવા મળ્યું કે મારા કરતાં એમને વધુ પ્રેમના ટકા આપે છે ?'

સારસિકા-'સખી ! હું જ્યાં ઉપર ગઈ ત્યાં હજી એમનું ધ્યાન મારા પર ગયું નહોતું, એટલે હું એમ જ ઊભી રહી જોતી હતી કે એ શા વિચારમાં હશે? પરંતુ સખી ! તને શું કહું ? એમણે એક પાટિયા ફલક પર ચક્રવાક ચકોરીને પ્રેમ આપી રહ્યો છે એવું ચિત્ર દોરેલું, અને એ ચિત્ર ફલક પોતાના ખોળામાં રાખેલ, વારે વારે એ હાથમાં ઉઠાવી પોતાની છાતી સરસું ચાંપતા કેમ જાણે પોતાની પ્રિય ચક્રવાકીને પ્રેમથી મનાવી રહ્યા હતા ! એ મનાવવામાં ઊછળતી અત્યંત પ્રેમની લાગણીથી આંખમાંથી શ્રાવણ-ભાદરવાની જેમ આંસુની ધારા વહાવી રહ્યા હતા ! એવી એમની મુદ્રા અને ગમગીની જોતાં મારું તો કાળજું જ પીગળી ગયું, હું ય એમના ભારે દુઃખની અસરમાં આવી ગઈ. સખી ! તારા કરતાં એમનો વધારે પ્રેમ અને વધારે દુઃખ એટલા માટે કહું છું કે એ પુરુષ છે, મોટા શ્રીમંતના દીકરા છે, મોટી હવેલીમાં રહેનારા છે, અને એમનું કુટુંબ તથા નોકર-ચાકરોમાં કેટલું બધું માન છે, આ બધું છતાં એને ભૂલી તારા પર એ જે પ્રેમનું પૂર ઊભરાવી રહ્યા હતા એ આશ્ચર્ય છે ! એમણે જાતિસ્મરણજ્ઞાન થયા પછી અને એમના પિતા તારા પિતા કન્યા આપવાની ના પાડી તો એમના પર હવે એની જે દશા જોઈ તે પરથી મને લાગે છે કે એમનો પ્રેમ તારા પ્રેમને આંબી દે એવો છે !... એમના આંખના આંસુ ચિત્રપાટીને પખાલી રહ્યા છે, એ પરથી મને લાગ્યું કે તારો સમાગમ કરવાનો એમના હૃદયને મનોરથ પૂરાયો નહિ તેથી એમના દિલમાં અપરંપાર શોક હતો, એટલે જ મોં પરથી હાસ્ય ઊડી ગએલું, એટલું બધું ઉદાસ એમનું મોં દેખાતું હતું. એમનું ધ્યાન મારા તરફ નહોતું, પરંતુ હવે મારે એમને તારી સ્થિતિ જણાવ્યે છુટકો હતો એટલે જરા પાસે જઈને વિનયપૂર્વક નમીને મેં એમને કહ્યું,-

**સારસિકા કુમારને મળે છે :-**

'ચિરંજીવો આર્યપુત્ર !'

તરત મારા તરફ જોઈ મને પૂછે છે 'કલ્યાણી ! તું ક્યાંથી આવી છે ?'

મેં કહ્યું "હે કુળચંદ્ર ! હે વિનયરૂપી આભૂષણવાળા ! હે ગુણોએ કરીને મોટા ! હે યશસ્વી ! હું ઋષભસેન શ્રેષ્ઠિની અપ્સરા જેવી કન્યા તરંગવતી પાસેથી આવી છું. એના હૃદયમાં તમારા પર ચક્રવાક જાતિમાં કરેલો પ્રેમ-સંબંધ હજી આજે પણ એવો જ સ્ફુરી રહ્યો છે, અને એ પ્રેમની પાછળ હવે એનું જીવંત રહેવાનું



તમારા હાથમાં છે, તમારો સંબંધ ન મળે તો એને જીવવાનું મુશ્કેલ છે. એણે તમને વચનથી આ પ્રમાણે સંદેશો કહેવરાવ્યો છે કે હું એજ ચક્રવાકી છું, જે ચિત્રપટ્ટમાં આલેખેલી. ચક્રવાકના અવતારે તો તમે મને પ્રેમનું અમૃત પાયું છે, તો હે નરવીર ! અહીં પણ મને એ જ સદ્ભાવ ને એજ સ્નેહભર્યું દિલ મને આપો. શામ-દામ-ભેદ વગેરે ઉપાય કરી જે ગુણકારી બને તે કરો.' લો આ રહ્યો એનો તમને આપવાનો વિનંતી પત્ર."

એમ કહીને હે તરંગવતી ! મેં એમને તારો પત્ર આપ્યો. એ જ્યારે હું પત્ર આપવાનું કરતી હતી, ત્યારે એ પદ્મદેવકુમાર એટલા બધા લાગણીવશ હતા કે એમનાં શરીરના સર્વ અંગો કંપાયમાન થઈ ગયેલા તારા પરના પ્રેમના હરખના, અને તું નહિ મળવાથી થયેલ શોકના, મિશ્ર લાગણીના આંસુ આંખમાં ભરાઈ આવ્યા ! એ પરથી મેં જોયું કે એના અંગે અંગમાં આટલો બધો લાગણીનો ધ્રુજારો અને આંખમાં ઊના આંસુ સૂચવી રહ્યા છે કે તારા પરનો એમના દિલમાં રાગ ભારે પુષ્ટ થઈ ગયો છે ! નહિતર પૂર્વ ભવના વિયોગનું દુઃખ હળવું કરવા પાટી પર પૂર્વ ભવનું ચિત્ર દોરીને એને છાતીએ લગાડી લગાડી એના પર આંસુ કેમ સાર્યા કરે ?"

**તરંગવતી પર અસર :-**

તરંગવતી જેમ જેમ સાંભળતી જાય છે, તેમ તેમ પોતાના પર પદ્મદેવનો પ્રેમ જોઈ જોઈ હરખાતી જાય છે. એનો અર્થ એના દિલમાં પદ્મદેવ ઉપર રાગ વધુ પુષ્ટ થતો જાય છે. આ સૂચવે છે કે આ 'સંસારમાં કોઈની પર રાગ કર્યો પછી એના અંગે જેમ જેમ સારું સાંભળવા મળે તેમ તેમ રાગ વધતો જવાનો.' તો કહો,

**સંસાર કેમ અસાર ? :-**

આટલા જ માટે કે સંસારના જડ ચેતન ભાવો પર રાગ કરવા જતાં એના અનુકૂળ ઉત્તેજક સંયોગો આવી આવીને એ રાગમાં એવી વૃદ્ધિ થતી જાય છે, કે સાંસારિકપદાર્થો પરનો રાગ અને એમાં મુગ્ધ મન વીતરાગ અને એમના ધર્મમાંથી ખસી જવા મોટો સંભવ ! આ નુક્શાન જેવું તેવું નથી. સંસારના માલ મિલકત પૈસા પરિવાર વગેરે વિષયોના ને એના રાગના દુર્ગતિમાં ભયંકર પરિણામ આવે છે, એ વાત પર માણસને હજી એવી શ્રદ્ધા નથી બેસતી કે 'જે એને વિષયોને એના રાગમાં ભડક લગાવે કે હાય બાપ ! આવા ગોઝારા વિષયો ? ને એવો ગોઝારો એનો રાગ ?' શ્રદ્ધા ન બેસવાનું કારણ કે એ ગોઝારાં પરિણામ એ પરભવની વસ્તુ છે, ને તે અહીં નજરે દેખાતી નથી. તો પછી પૂછો,-

**વિષય મનમાં પેઠાનું પ્રત્યક્ષ મહાનુક્સાન :-**

**પ્ર.**- શું એવી કોઈ પ્રત્યક્ષ વસ્તુ છે કે જેથી વિષયોની ભડક લાગે ?

ઉ.- હાં, વિષયોથી પ્રત્યક્ષમાં તરણતારણ ભગવાન અને માર્ગ ભૂલવાનું થાય એ મોટું નુક્સાન છે. એ જોઈને વિષયોની ભડક લાગે. આપણે જાણીએ છીએ કે આ સંસારમાં અનેક પ્રકારના જીવો જોઈએ, યાવત્ અનાર્ય જેવા મનુષ્યો જોઈએ, તો એમની પાસે ભગવાન નથી, ભગવાને ફરમાવેલો પવિત્ર માર્ગ નથી, જે આપણને મળેલ છે, માટે એ બિચારા જીવોનો ભગવાન અને એમના માર્ગની આરાધના સાધના કરી લેવાનો કોઈ કલાસ નથી. આપણો એ કરવાનો કલાસ છે, તેથી આપણા માટે એ આરાધના કરી લેવાની સોનેરી તક છે.

**મનમાં સંસાર પેસતાં ભગવાનની હકાલપટ્ટી :-**

હવે જો આપણે મન દઈ એ આરાધના કરતા હોઈએ, એમાં જો મનમાં સંસાર, સંસારની કોઈ વસ્તુ પેઠી, તો ખલાસ, તરત જ એ બીજી વસ્તુ મનમાંથી ભગવાન ભગવાનના માર્ગને હડસેલી દે છે ! દા.ત. પ્રભુના દર્શનમાં મન લગાડ્યું, એજ વખતે જો કોઈક એવું મન પર લાવ્યા કે દા.ત. શાક લેવા જવાનું મોડું થયું છે તો તરત જ મનમાંથી ભગવાનની હકાલપટ્ટી થાય છે. એવું માળા ગણતી વખતે મનમાં સાંસારિક કાંઈક આવતાં મનમાંથી માળાના પદ છુટી જાય છે. મનમાં સારી વિચારણા ઊભી તો કરી, પરંતુ જો ત્યાં વિષયની વિચારણા ઘાલી, તો પેલી સારી વિચારણા ઝટ બંધ પડી જાય છે ! ત્યારે વિચારવા જેવું છે કે આ દુન્યવી વિષયો કેટલા ખતરનાક કે એક બાજુ આપણને અનંત અનંત કાળ પછી મનમાં ભગવાન, ભગવાનનો માર્ગ અને સારી વિચારણા લાવવાની આ ઉત્તમ ભવમાં તક મળી, ત્યાં એ બધાને ક્ષણવારમાં મનમાંથી હકાલપટ્ટી કરવાની દુષ્ટતા આ વિષયો કરે છે ! મોટા ભગવાનને ય કેવા ભુલાવે ?

એક ભાઈ સિદ્ધગિરિ યાત્રાએ ગયા. નવા પરણેલા તેથી સજોડે ગયા, ત્યાં દાદાની પૂજા કરતાં હજી તો ભાઈની આંગળી પ્રભુને ખભે તિલક કરી રહી છે,. ત્યાં યાત્રિકોમાંથી કોઈ બેન આગળ ઘૂસી જઈ આમના મિસીસને પાછળ પાડ્યા, ભાઈની નજર ત્યાં જતાં શું કરે ? 'ના, મારે તો મારા ભગવાનના નવ અંગે તિલક પૂરા કરવામાં જ મન રાખવાનું. હમણાં મિસીસમાં કે એને પાછી હડસેલનાર બેનમાં મન નહિ લઈ જવાનું, એવું ધોરણ રાખે ? કે મનમાંથી ભગવાનને હટાવી દઈ મિસીસને અને બીજી બાઈને ઘાલવાનું કરે ?



ત્યારે જોવાનું એ છે કે 'દુનિયાના વિષય કેટલા જોરદાર કે મનમાં પેસી તરણતારણ પરમાત્માને પણ મનમાંથી બહાર કાઢી દે ?'

બસ, માણસ આટલો વિચાર કરે કે આ દુન્યવી માલ-મિલ્કત-પૈસા, વેપાર-ઘર-પરિવાર, એકેક એવા પટ્ઠા છે કે એ મનમાં માંડ માંડ લાવેલા ભગવાનને, ને ધર્મને યા ધર્મની વિચારણાને તત્કાલ પૂરતા સાવ લોપ જેવા કરી નાખે ! વિષયોની કેવી દુષ્ટતા !

આવા ઊંચા ભવમાં આવ્યા અને ઊંચા દેવ-ગુરુ-ધર્મનાં આલંબન મળ્યાં છતાં જો વિષયો એ તારકતત્ત્વોની હકાલપટ્ટી કરી નાખે, તો શું એ વિષયો ગોઝારા નહિ ? શું એના પર ભારોભાર નફરત, તીવ્ર અભાવ ને જ્વલંત વૈરાગ્ય ન થઈ જાય ? કેવી વિચિત્રતા છે ! મનમાં સંસારની ગડમથલ ચાલતી હશે, ત્યાં મનમાં ભગવાન કે ધર્મની વિચારણા નહિ આવે ! પરંતુ મનમાં ભગવાન કે ધર્મ લાવ્યા ત્યાં વચમાં વચમાં વિષયો ટપ કૂદી પડવા તૈયાર છે ! વિષયોની આ ધર્મમાં વચ્ચે કૂદી પડવાની તાકાત ખરી પણ કેમ જાણે ભગવાન કે ધર્મની વિષયોના વિચારમાં વચ્ચે કૂદી પડવાની તાકાત નહિ ! પૂછો,-

**પ્ર.**- આવું ઊંધું વેતરણ કેમ ચાલે છે ?

ઉ.- કારણ એ છે કે મનને વીતરાગભગવાન અને એમના ધર્મની સાથે ઓરમાયાનો સંબંધ છે અને વિષયોની સાથે પોતિકા તરીકેનો સંબંધ છે ! એટલે ?

**''વિષયો પોતાના !**
**વીતરાગ પરાયા !''**

પોતાનાની વાતમાં પરાયો ન ઘૂસી શકે. પરાયાની વાતમાં પોતિકો ઘૂસી શકે. માતાના પોતાના અને શોક્યના છોકરા પ્રત્યેના વલણમાં કેવો ફરક હોય છે ? પોતાના છોકરાની ચિંતામાં શોક્યના છોકરાનો વિચાર નહિ ઘૂસે, અને કદાચ ક્યાંક ઘૂસશે તો દ્વેષ ભરેલા હૃદયે; ત્યારે શોક્યના છોકરાની ક્યારેક ચિંતા કરવાની આવશે, તો એની વચમાં પોતાના છોકરાના વિચાર સહેલાઈથી ઘૂસી જશે !

ત્યારે તમારી દશા વિચારો. ધર્મનો વિચાર લઈ બેસો ત્યારે સંસારના વિચાર ન જ આવે ને ? ને સંસારના વિચાર લઈ બેઠા હો, ત્યાં વચમાં ધર્મનાં વિચાર ઘૂસી જાય છે ને ? તો સમજાય કે ધર્મ પોતાનો અને સંસાર ઓરમાયો લાગ્યો છે.

ના, જો આવું નથી પણ ઊલટું છે, સંસારના વિચારમાં વચ્ચે ધર્મનો વિચાર નથી ઘૂસતો, ધર્મના વિચારમાં સંસારના વિચાર ઘૂસી જાય છે, તો એમ જ થયું ને કે સંસાર પોતિકો અને ધર્મ ઓરમાયો !

**દિશા ફેરવવાની જરૂર છે. વીતરાગ ભગવાન પોતિકા, ધર્મ પોતિકો, અને**

**સંસાર પરાયો, - આ ભાવ-પરિવર્તન લાવવા જેવું છે.**

**અનુપમાદેવીની અદ્ભુત સલાહ :-**

**વસ્તુપાળ** ગુજરાતના રાજા વીરધવલના મંત્રી બન્યા પછી પહેલીવાર સિદ્ધગિરિ યાત્રાએ નીકળ્યા. પહેલા મુકામે તંબૂ તાણવા જમીનમાં ખીલો ઠોકવા ખોદતાં સૌનૈયા-રત્નો ભરેલો ચરુ નીકળ્યો. તેજપાલના બહુ બુદ્ધિશાળી પત્ની અનુપમાદેવીની વસ્તુપાલે સલાહ માગી, હવે આને સાચવીને રાખવા માટે પાછું કાંઈ ઘરે જવાય નહિ. તો કયાં દાટીએ ?'

અનુપમાદેવી કહે ઊંચે દાટો, જેથી આખું જગત જુએ પણ કોઈ આમાંથી લેશમાત્ર ચોરી શકે નહિ,

વસ્તુપાલ સમજ્યા નહિ, મુઝાયા કે આ શું કહે છે ?' પૂછે છે ઊંચે શી રીતે દટાય ?

અનુપમાદેવી કહે 'ક્યાં જાવું છે ? સિદ્ધિગિરી ભેટવાને ? ત્યાં મંદિરોમાં જીર્ણોદ્ધારની જરૂર હશે. શિખરો કાળા પડી ગયા હશે. એમાં નવી રોનક લાવવા આ ધન લગાવી દો. એ ઊંચે દાટ્યું ગણાય. પછી કોઈ એમાંથી કશું ચોરી શકશે નહિ.

**ઊંચે સ્વર્ગમાં જવું હોય એ ધનને આમ ઊંચે દાટે; અને નીચે અધોગતિમાં જવું હોય એ નીચે ધરતીમાં દાટે.**

તરત જ વસ્તુપાળે મંજૂર કરી લીધું. કેમ ? એમણે ભગવાન, ભગવાનના મંદિર ભગવાનનો ધર્મ પોતિકા માન્યા હતા, સંસાર, સંસારની લીલા લહેરને પરાયા માન્યા હતા. માટે તો રાજાની નોકરીમાં રહેતા પહેલાં કહી દીધું હતું.-

'જુઓ, મહારાજા ! તમારી નોકરીમાં રહીએ ખરા, પરંતુ પહેલી સેવા અમારા દેવ ગુરુ ધર્મની હશે, એને બાધ ન પહોંચે એવી પછી તમારી સેવા રહેશે. આ શરત મંજૂર હોય તો રહીએ !'

રાજા ડાહ્યો હતો એણે તરત વિચાર્યું કે જે એના દેવ-ગુરુ-ધર્મને વફાદાર રહે એ મને અવશ્ય વફાદાર રહેવાના, કેમકે દેવ-ગુરુ-ધર્મની આજ્ઞા હોય છે કે અન્નદાતાને બેવફા નીવડશો નહિ. દેવ-ગુરુ-ધર્મની વફાદારી હોવાથી એમની આજ્ઞા જરૂર માને. તરત શરત મંજૂર કરી રાજાએ નોકરીમાં રાખી લીધા.

**ધર્મ પોતાનો કર્યો હોય, અને સંસાર પરાયો કર્યો હોય, એ સંસારની વાતમાં પણ ધર્મને આગળ કરે, ધર્મ પર પહેલા નંબરનો રાગ રાખે.**

**ધર્મી બનવું છે ?**

તો ધર્મ પોતિકો અને સંસાર પરાયો કરો. આ સમજીને કરજો કે-

(૧) ધર્મને બાધ કરે એવો સંસાર ન જોઈએ.



(૨) સંસારની વાતમાં ય ધર્મને આગળ કરવાનો.

(૩) ધર્મ પર રાગ પહેલા નંબરનો, સંસાર પર બીજા નંબરનો.

આવા ધર્મી બન્યા પછી શું થશે ? ધર્મ પરના રાગને લીધે ધર્મની વાત સાંભળવાની આતુરતા રહેશે. એટલું જ નહિ, પણ એ વાત સાંભળતા ધર્મ પર રાગ ઉત્તેજિત થશે, વધશે, કોઈ માણસ કોઈ ધર્મ ઉત્સવ, દીક્ષા, ઉપધાન, તપસ્યા-યજ્ઞ વગેરેની વાત કરે છે, તો તે સાંભળવા આતુરતા રહેશે, એમાં ખૂબ રસ રહેશે, અને એ સાંભળતાં અંતરનો ધર્મરંગ ધર્મરાગ ઉત્તેજિત થશે. આ નિયમ,-

**જેને જેનો રાગ, એને એનું સારું સાંભળતાં રાગ વધે.**

અત્યારે, પેલી તરંગવતીની આ દશા છે, પોતાના પ્રિય પદ્મદેવ પાસે જઈ આવેલી સખી સારસિકા અહેવાલ આપી રહી છે એમાં એણે પદ્મદેવની રાગે ઝુરવાની વાત કરી, પદ્મદેવ પાટી પર પૂર્વ ભવનું ચક્રવાક-ચક્રવાકીનું ચિત્ર બનાવી એને વારેવારે છાતી સરસું લગાડી રોઈ રહ્યો હતો...વગેરે વાત કરી, એ સાંભળતાં તરંગવતીને પ્રિય પરનો રાગ ઉછાળા મારવા લાગ્યો. એટલે હવે અહેવાલ આગળ સાંભળવાની ઈંતેજારી ખૂબ વધી રહી છે, તેથી સારસિકાને પૂછે છે,-

'તેં મારો પત્ર એમને આપ્યો પછી શું થયું ?'

**પદ્મદેવની પત્ર વાંચતાં સ્થિતિ :-**

સારસિકા કહે 'બેન ! એનું હું શું વર્ણન કરી શકું ? એમણે તારો પત્ર લેતાં અને એને ફોડીને વાંચતા એમના આખા શરીરે ઝણઝણાટી હતી ! અને આંખોમાંથી આંસુ ટપકતા હતા ! અરે ! એ તો એક હાથમાં એમની ચિત્રપાટી, ને બીજા હાથમાં તારો પત્ર લઈ ઊભા થઈ નાચવા લાગેલા. નાચતાં મારી શરમે ય ન લાગી ! મને કહે 'અલી એ સારસિકા ! આ તું શું લઈ આવી ! તને વધારે શું કહું ? ટૂંકમાં કહું છું કે જો તું અત્યારે અહીં ન આવી હોત, અને આ પત્ર સાથે તરંગવતીનો સંદેશો ન લાવી હોત, તો સમજી લે કે આજે મારું મોત હતું ! પણ તારા આવવાથી મારા દિલમાં ધમધમેલો ઉકળાટ શાંત થયો. નિરીક્ષણથી મને પૂર્વ જન્મનું સ્મરણ થઈ આવ્યું." એમ કહી એણે રસ્તા પર બનેલી હકીકત કહી. પછી મને કહે છે,-

"સારસિકા ! ત્યાંથી ઘરે જઈ શું બન્યું એ તને કહું મારા દિલમાં એ મારા ચક્રવાકના ભવમાં ચકોરી પર જે ગાઢ અનુરાગ હતો તે અહીં પાછો એવો ઊભરાઈ આવ્યો કે હવે તો મને કશું ચેન જ ન પડે, આખી રાત મેં ઊના નીસાસા નાખતા પસાર કરી ઊંઘ તો વૈરિણી થઈ ગઈ. મને લાગ્યું કે હું અશરણ નિરાધાર બની ગયો છું, એટલે કેટલું તો મને રોવું આવી ગયું. મને લાગ્યું કે હું તરંગવતી વિના જીવી નહિ શકું."

અહીં બંનેની કરુણ સ્થિતિ જોવા જેવી છે. કોણ કરાવે છે એ ? મોહનીય કર્મ. એમાં કશું ય ડહાપણનું કામ ?ના, આત્માને કશું લાભકારી નહિ. છતાં જીવો કેમ એવું કરે છે ? સંસારના રંગ એવા છે. એટલા માટે અંગ્રેજી કવિ સેક્સપિયરે પણ કહ્યું છે,-

'This world is a stage,

Men and women are the actors and actresses.'

'આ સંસાર એક રંગભૂમિ છે; (એમાં) પુરુષો અને સ્ત્રીઓ નટ અને નટીઓ છે.'

કેવુંક આધ્યાત્મિક વાક્ય ! માણસ સમજે તો દેખાય કે સંસારની બધી ખટપટ કરું છું એ બધી નટ-નટીના ખેલ ખેલવા જેવું છે. વાસ્તવિક રીતે જોઈએ તો બધી હાસ્યાસ્પદ ચેષ્ટાઓ છે. નટનટી જુદા જુદા પાર્ટ ભજવે છે, પરંતુ એની પાછળના એમના ચાલુ જીવન કેવાં ? એ જીવનને આ ખેલ ખેલામણની સાથે શો મેળ ? કશો નહિ. તો ચાલુ જીવનની અપેક્ષાએ આ ખેલ (પાત્ર) ભજવવાનું એ ઢોંગ-ધતુરો જ ને ?

બસ, એ રીતે આત્માની દૃષ્ટિએ ચાલુ સાંસારિક જીવન એ ઢોંગ ધતુરો નથી ? પૈસા કમાયા, પોતાના માન્યા પણ, પછી આયુષ્ય ટૂંકું નજીકમાં મોત સામે આવ્યું ! ડોક્ટરો એ વખતે કશું સારું થવાની ઘસીને ના પાડતા હોય, ત્યાં પોતાના કરીને રાખેલા પૈસા કેવા દેખાય ? શું એમ ન લાગે કે આ પૈસા મારા કર્યા એ ઢોંગ ધતુરો જ થયો ?

અહીં ધડો લેવાનો છે કે જીવનની બધી માયાજાળ અને એની પાછળની દોડધામ એ જો નાટકિયાનો ખેલ છે, તો એવી માયાજાળ પાછળ દિવાનાની જેમ આખો ઓતપ્રોત થઈ મારું પરભવ હિત સાધી લેવાનું કેમ ગુમાવું ? શક્ય સાધના સાધી લઉં.'

આ હિસાબ પર લઘુકર્મી જીવો જીવનને વ્રત નિયમથી ભર્યું ભર્યું રાખે. ત્રિકાળ જિનભક્તિ, ઉભયટંક પ્રતિક્રમણ, જિનવાણી-શ્રવણ...વગેરે સાથેનુ શ્રાવકના ૧૨ વ્રતનું જીવન જીવે દાનરુચિવાળા સુખી માણસો મોકે મોકે મહાન દાન સુકૃતો કરે. ત્યાગ તપસ્યાની શક્તિવાળા ધર્માત્માઓને તો હાલતાં ને ચાલતાં અનેક પ્રકારના ત્યાગ અને તપસ્યાની આરાધના ! મૂળમાં શું ?

દિલમાં વસી ગયેલું કે વેપાર ધંધા ખાનપાન, સ્નેહી-કુટુંબીના વ્યવહાર...બધું ય એક પ્રકારની વિટંબણા છે. સ્વસ્થ જીવન ધર્મનું છે.

પેલો પદ્મદેવ આમ તો મોહમાયાને વિટંબણારૂપ સમજનારો છે, પરંતુ અત્યારે એના મન પર મોહનો એવો હલ્લો આવ્યો છે કે એ પોતાની જાતે જ વિટંબણા ભોગવી રહ્યો છે. એ પોતાની દુઃખદ સ્થિતિ સારસિકાને જણાવતાં કહે છે,-



'જો સખી ! જાતિસ્મરણથી ચક્રવાકનો ભવ જોયા પછી એ ભવની ચક્રવાકી અને આ ભવની તરંગવતી પર એટલો બધો રાગ ઉભરાયો હતો કે સવારે મિત્રોને મેં કહી દીધું કે તમે જાઓ મારા માતાજીને કહી દો કે ''પદ્મદેવને ઋષભસેનશેઠની કન્યા તરંગવતી પર એટલો બધો રાગ ઉભરાયો છે કે જો તમો તમારા દીકરા માટે હમણાં જ તરંગવતીની માગણી નહિ કરો, તો તમે દીકરો ગુમાવશો, એ પરલોકનો મહેમાન થઈ જશે ! એવું અમને લાગે છે''

**પ્ર.-** શું પૂર્વનાં ઉત્તમ કાળે પણ આવું ચાલતું હતું કે અમુક કન્યા ન પરણવા મળે તો આપઘાત કરી નાખે ?

ઉ.- હા, પૂર્વનો કાળ ગમે તેટલો ઉત્તમ, પરંતુ એ ય સંસારનો કાળ તો ખરો જ ને ? એ કાળે પણ સંસારી જીવો કાંઈ મોક્ષ પામી ગયેલ નહોતા, સંસારમાં ફસાયેલા જ હતા, એટલે કર્મથી પીડિત જ હતા, ત્યારે જ્ઞાની ભગવંતો કહે છે,- **સર્વકાળ માટે સંસારી જીવોની કર્મપરિણતિ વિચિત્ર હોય છે, તેથી તેવી તેવી કર્મપરિણતિ-વશાત્ જીવ કર્મે દીધી ચિત્રવિચિત્ર વિટંબણા ભોગવે એમાં નવાઈ નથી.**

એટલે તો આપણને સમરાદિત્ય કેવળીના ચરિત્રમાં ઠામ ઠામ જોવા મળે છે કે દુશ્મન બનેલો અગ્નિશર્માનો જીવ ભવિતવ્યતા વશાત્ સમરાદિત્યના બીજા ભવના જીવતા સંબંધમાં આવે છે, ને દુશ્મનનું કામ કરે છે ! છતાં ત્યાં સમરાદિત્યના જીવ કે જેણે ગુણસેન રાજાના ભવથી ધર્મની ચઢતી કળા ખીલવી છે ને જે ઉત્તરોત્તર ભવમાં વિશેષ સમતાભાવવાળા બને છે, એ આ દુશ્મનનું કામ કરનાર અગ્નિશર્માના જીવ પ્રત્યે આટલું જ વિચારે છે.

**'ખરેખર ! જીવોની કર્મ-પરિણતિ વિચિત્ર છે; એના લીધે બિચારા અનુચિત રાગ-દ્વેષથી પીડાય અને અનુચિત આચરે એમાં નવાઈ નથી.'** તત્વ સમજનારે એના પર જરાય દ્વેષ-અરુચિ ન કરાય માત્ર ભાવકરુણા જ વિચારવાની.

સમરાદિત્યના જીવની કેટલી બધી ઊંચી તત્ત્વદૃષ્ટિ છે !

ઊંચી તત્ત્વદૃષ્ટિ લાવવી હોય તો ગમે તેવા વિરોધી કે અયોગ્ય જીવો માટે પણ આટલું જ વિચારવાનું કે,

**'विचित्ता खलु कम्म परिणई'**

અર્થાત્ ખરેખર જીવોની કર્મપરિણતિ ચિત્રવિચિત્ર છે, તેથી એનાં ચિત્રવિચિત્ર સર્જન દેખાય. કર્મપરિણતિને પરવશ પડેલો સંસારી જીવ બિચારો ત્યાં શું કરે ? આમ વિચારવામાં કર્મ દોષિત દેખાય, અને જીવ નિર્દોષ દેખાય ! તેથી ગુસ્સો કર્મ પર આવે, પણ જીવ પર ગુસ્સો ન આવે.

આમ જો વિચિત્ર કર્મપરિણતિ ને તત્ત્વ પર શ્રદ્ધા હોય તો પછી પ્રશ્ન નહિ

થાય કે પૂર્વના ઉત્તમ કાળે પણ ઇચ્છિત કન્યા પરણવા ન મળે એટલા માત્રથી કેમ આપઘાતનું વિચારે ? કેમકે તે જીવની મોહનીય કર્મની વિચિત્ર પરિણતિ જ એવી કે એવા અસમંજસ અનુચિતભાવ મનમાં લાવી મૂકે.

રામાયણમાં આવે છે ને કે વનવાસ દરમ્યાન લક્ષ્મણજી એક નગરની બહાર જંગલમાં પહોંચે છે ત્યાં રાજકુમારી વિશલ્યા ઝાડે ફાંસો ખાઈ રહી હતી ! લક્ષ્મણજીએ દૂરથી એ દેખતાં ઝટપટ ત્યાં પહોંચી ઝાડ પર ચઢી ફાંસાનો છેડો છોડી નાખી કન્યાને સાચવીને નીચે લીધી.

**વિશલ્યા કેમ ફાંસો ખાઈ રહી હતી ?**

ખૂબી કેવી થયેલી કે એ રાજકન્યા વિશલ્યાએ લક્ષ્મણજીના જ વિશિષ્ટ ગુણાનુવાદ સાંભળેલા, તેથી મન સાથે નક્કી કરેલું કે 'પરણીશ તો લક્ષ્મણજીને, નહિતર જીવનભર કુંવારી રહીશ !' એણે સખીઓ દ્વારા પોતાની આ ઇચ્છા માતાને પહોંચાડેલી. માતાએ એના પિતા રાજાને વાત જણાવી. રાજાએ ખુશી થઈ રામચંદ્રજી પાસે માણસો મોકલી માગણી કરવા પ્રયત્ન કર્યો પરંતુ એમાં જાણવા મળ્યું કે રામચંદ્રજી ને લક્ષ્મણજી તો વનવાસે નીકળી ગયા છે.

આ વાત વિશલ્યાના જાણવામાં આવતાં એને લાગ્યું કે હવે કાંઈ લક્ષ્મણજી મળે નહિ. એ મળવાની આશા જ નથી; તેથી ધીરજ ગુમાવી બેઠા, અને જંગલમાં આવી આપઘાત કરવાનો પ્રયત્ન કર્યો.

**વિશલ્યાની આપઘાતની કોશીશ :-**

ફાંસો ખાતા પહેલાં ઝાડ પર ચડી એણે મોટેથી જાહેર કર્યું કે "હે વનદેવતા ! હું મન-વચન-કાયાથી ગુણ-ગણનિધિ લક્ષ્મણજીને પતિ તરીકે ચાહું છું, એ વનવાસે નીકળી પડ્યા હોવાથી એમનો પત્તો મળ્યો નહિ. છતાં મેં બહુ રાહ જોઈ, પણ મળવાની આશા નથી. તો એમના વિના હું હવે વધારે વખત રહી શકું એમ નથી, તેથી હે વનદેવતા ! હવે તમને એ મળે તો એમને કહેજો કે આ વિશલ્યા એકમાત્ર તમને ચાહે છે. તમે મળ્યા નહિ તેથી એણે આત્મહત્યા સ્વીકારી, ને ઇચ્છે છે ભવાંતરે તમે જ મને સ્વામી તરીકે મળજો."

સંસારમાં જીવની કેવી મોહમૂઢદશા છે ! એક દુન્યવી માણસ ખાતર પ્રાણ છોડવા અને ઉત્તમોત્તમ માનવભવ ગુમાવવા તૈયાર થઈ જાય છે, પરંતુ એ નથી વિચારતો કે

**'આમે ય જ્યારે ઇષ્ટ પતિ મળવાના નથી અને જિંદગી ગુમાવી જ દેવી છે, તો એના કરતાં જીવતા રહીને ચારિત્ર અને કઠોર તપસ્યા માર્ગની આરાધના કાં ન કરી લઉં ?'**



**લક્ષ્મણનો ભેટો :-**

આપઘાતથી મરીને ખલાસ જ થવું છે, તો એના કરતાં તપસ્યાથી કાયાને ઓગાળી નાખી ખલાસ થવું શું ખોટું ? પરંતુ મોહમૂઢતાને લીધે મનને આ સૂઝતું જ નથી.

વિશલ્યાના શબ્દો લક્ષ્મણજી સાંભળ્યા હશે, એટલે એ દોડતા આવ્યા, ફાંસો છોડી એને બચાવી લઈ પૂછે છે, શા માટે આવું આપઘાતનું અધમ કૃત્ય કરવા તૈયાર થઈ ગઈ ?

વિશલ્યા કહે 'તમે ફાંસો છોડનારા કોણ છો ? તમે આઘા જાઓ; મને ફાંસો ખાઈ મરી જવા દો !'

લક્ષ્મણ પૂછે, પણ એવું તે શું દુઃખ આવ્યું તારે ?'

વિશલ્યા કહે, લક્ષ્મણજીને મેં હૃદયથી પતિ ધાર્યા છે, પણ સાંભળ્યું કે એ તો વનવાસે ચાલ્યા ગયા; તો એમના વિના હવે હું સમય કાઢી શકું એમ નથી.

ત્યાં લક્ષ્મણજી ખુલાસો કરે છે કે 'અહો ! અહો ! તો તો તારે મરવાની જરૂર જ નથી. જો હું પોતે જ લક્ષ્મણ છું. અહીં બાજુમાં મોટાભાઈ રામચંદ્રજી બિરાજમાન છે. એમની સાથે હું વનવાસે નીકળેલો છું.

વિશલ્યા સાંભળીને ખુશીનો પોટલો થઈ ગઈ ! પગમાં પડીને હાથ જોડી વિનંતી કરે છે કે તો પછી હવે તમે મને હમણાં જ ગાંધર્વ વિવાહથી પરણી લો, અને મને સાથે લઈ ચાલો; નહિતર હું તમને સ્ત્રી હત્યાનું પાપ આપીશ.

**વિશલ્યાની મહાનતા :-**

આ વિશલ્યાનો આત્મા કેટલો ઊંચો છે એ જાણો છો ? જુઓ, આગળ પર, જ્યારે રામ રાવણનું યુદ્ધ થાય છે, અને ત્યાં રાવણ, રામની સેના પર 'જરા' વિદ્યા મૂકીને આખી સેનાને મૂર્છિત કરી દે છે, ત્યારે રામચંદ્રજી મુંઝવણમાં પડી જાય છે કે હવે શું કરવું કેમકે સેનાની મૂર્છિત દશામાં આમ ને આમ જો રાત નીકળી ગઈ, તો સવારે રાવણની સેના આ આખી સેનાની લણણી જ કરી નાખે !'

રામચંદ્રજી ને લક્ષ્મણજી ગમે તેવા બળવાન, પરંતુ વિદ્યાદેવીના પ્રભાવ આગળ શો સામનો કરી શકે ? તો માણસ પોતાના બળનું ગુમાન રાખીને ફરે એનો શો અર્થ ? અહીં મુંઝવણનો પાર નથી, કેમકે સવારે અનર્થ ભયંકર દેખાય છે. ત્યાં કોઈએ કહ્યું વિશલ્યા એવા શુદ્ધ બ્રહ્મચર્ય સદાચારની નિષ્ઠાવાળી છે, અને પૂર્વ ભવની વિશિષ્ટ આરાધનાવાળી, છે, કે એના શરીરના સ્નાન જળને સેના પર છાંટવામાં આવે, તો જરાવિદ્યા પરાસ્ત થઈ ભાગી જશે !

રામચંદ્રજીને આશ્ચર્ય સાથે વિશલ્યા માટે માન ઊપજ્યું, અને દિલને ઘણી

રાહતનો અનુભવ થયો. તરત વિદ્યાધરોને મોકલવામાં આવ્યા, અને એ વિશલ્યાના પિતાને હકીકત કહી એમની રજા લઈ મહાસતીને અહીં લઈ આવ્યા, ને એના સ્નાન-જળને સેના પર છાંટતાં સેના તરત જ સચેતન થઈને યુદ્ધભૂમિ પર શસ્ત્રો સાથે ખડી થઈ ગઈ !! વિશલ્યાનો ત્યાં અદ્ભુત પ્રભાવ પ્રસરી રહ્યો.

આ હિસાબે વિચારો આવી પ્રભાવવંતી અને શીલ સદાચારના ઊંચા ભાવવાળી વિશલ્યા કેમ આપઘાત માટે ફાંસો ખાવા તરફ જંગલમાં ગઈ ? શુદ્ધ ભાવવાળી છતાં સંસારસુખની વાસનાથી એ મુક્ત નહોતી. એ બતાવે છે કે.

**સંસારસુખની વાસનાથી મુક્ત થવું એ સહેલું નથી. માટે,**
**સંસારવાસનાથી જે મુક્ત થાય છે એ મુનિઓને ધન્ય છે.**

એમના પર જિનશાસનની એવી પ્રભા પડેલી હોય છે કે એમના હૈયાને સંસાર ચેષ્ટાઓ નરી પાશવી જનાવરની ચેષ્ટા, પાગલની ચેષ્ટા લાગે છે, એનાથી મહાપવિત્ર માનવભવ અભડાઈ જતો દેખાય છે, કલુષિત-કલંકિત થતો ભાસે છે ! એથી એમને શરમ લાગે છે કે હાય ! આવા ઊંચા માનવભવે આ હલકટ-કૃત્ય ! તેથી જ મુનિપણું પાળતાં નિરંતર પવિત્ર પરમાત્માનાં સ્વરૂપ તથા આત્માના વિશુદ્ધ જ્ઞાનમય સ્વરૂપને વિચારતા રહે છે, વિશુદ્ધ જ્ઞાતૃ-દૃષ્ટભાવમાં રમતા રહે છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૪,અંક-૧૪,તા.૧૪-૧૨-૧૯૮૫**

સ્થૂલભદ્રસ્વામીએ આવી જ કોઈક શુદ્ધ આત્મસ્વરૂપની રમણતા જીવંત જાગ્રત રાખી હશે, તો જ વેશ્યાના ગીત-નૃત્ય-હાવભાવની સામે અણનમ અવિકૃત પત્થર જેવા થઈને બેઠા હશે ને ? ત્યારે તો કોશાવેશ્યાના બધા પ્રયત્ન નિષ્ફળ ગયા ! સંસારવાસની વાસનાને હજી સમૂળ નષ્ટ નથી કરી, ત્યાંસુધી પોતાની આંતરિક સ્થિતિ એટલી પરવસ્તુને પરવશ રહે છે. વિશલ્યા એટલે જ લક્ષ્મણજીમાં લોભાઈ હતી. પરંતુ એમને છોડીને પરપુરુષમાત્રની તરફ અનાસક્ત હતી, કહો મહાશીલવંતી હતી, એટલે એનું સ્નાન-જળ આવું પ્રભાવવંતુ બન્યું કે દૈવી જરા વિદ્યાને એણે હટાવી દીધી ! પરંતુ લક્ષ્મણજીને પતિ કરવા અંગે એ પરવશ મોહવશ હતી, તેથી એ ન મળે તો આત્મહત્યા સુધીના વિચારમાં ચડી ગયેલી ! અસ્તુ.

અહીં પદ્મદેવ મહાન સદ્ગુણી અને શીલવાન મર્યાદાવાન યુવાન છે, પૂર્વ ભવની પ્રિયા અહીં તરંગવતી બનેલી જાણી તો એવી જ કોઈક પરવશતાથી એને મેળવવા મોહાસક્ત બની ગયો છે.

એ તરંગવતીની સખી સારસિકાને કહે છે,- મેં મિત્રો દ્વારા માતાને તરંગવતીનું



માંગુ કરવા સૂચવ્યું, અને માતાએ મારા પિતાને વાત કરતાં પિતાજીનો મારા પર અત્યંત પ્રેમ હોવાથી માંગુ કરવાનું મંજૂર કર્યું. મંજૂર કરીને પોતાના નિકટના સ્નેહી વર્ગ સાથે તરંગવતીના પિતા ઋષભસેન શેઠ પાસે જઈ માગણી કરી પરંતુ ઋષભસેન શેઠે તરંગવતી આપવાનો ઇનકાર કર્યો, પિતાજી પાછા આવ્યા, અને મને એની જાણ થતાં મારા ખેદનો પાર રહ્યો નહિ; હું ભારે ઉદાસ બની ગયો.

''માતાપિતાએ મારી ભારે ઉદાસ સ્થિતિ જોઈને મને સમજાવતાં આશ્વાસન આપ્યું કે

''વત્સ ! તું જરાય ચિંતા ન કરીશ.

**આ તો બધા કર્મના હિસાબ છે. આપણા કર્મ એવા અનુકૂળ ન હોય તો ધારી વસ્તુ ન મળે, ન બને, તેથી કાંઈ આપણે ખેદ કરવાનો ન હોય.**

એક નહિ તો બીજી સારી કન્યા; જગતમાં સારી કન્યા એક જ થોડી છે ? અનેક કન્યાઓ દુનિયામાં હોય છે. તું જરાય ચિંતા સંતાપ ન કરીશ; આપણે તરંગવતી સિવાય તું ઇચ્છે તે બીજી સારામાં સારી કન્યા તને પરણાવશું.

''ચેટી ! માતાપિતા ખૂબ પ્રેમભરી લાગણીથી મને આ આશ્વાસન આપી રહ્યા હતા, એટલે એ વખતે મારે એમને હતાશ નહોતા કરવા તેથી મારા દિલનો નિર્ધાર કહેવાને અવસર નહોતો. કેમકે નહિતર તો મારો બીજી કન્યા નહિ અને માત્ર તરંગવતી જ પરણવાનો નિર્ધાર કહેવા જતાં અવિનય થાય, મોટાની આમન્યા તોડવાનું થાય; અને સારસિકા ! આપણે ખાનદાન કુળના, તે વિનય-આમન્યા-મર્યાદાપાલન એ આપણી ખાનદાની તે કેમ ચૂકાય ? મેં તરત વિનયભાવે એમને કહી દીધું કે જેવી તમારી આજ્ઞા એમ કરીને વડીલજનને વિશ્વાસ તો આપી દીધો. પરંતુ મારું અંદરથી દિલ બિલકુલ માનતું નહોતું.''

અહીં પૂછો,-

**પ્ર.**- અંદરખાને એવું દિલ ન માને, તો શું બહારમાં સારા દેખાવાનો ઢોંગ-ધતુરો કરાય ?

**ઉ.**- ખાનદાનીની મર્યાદા જાળવવી હોય તો એકવાર તો વડીલ વચન તહત્તિ કરવું જ જોઈએ; નહિતર તો અનાર્ય વ્યવહાર ચલાવવા પડે. મોટાને, કોઈકની સામે, તડાકભડાક ઉત્તર દઈ દીધો, દા.ત. બોલી નાખ્યું. 'માફ કરજો, મારાથી નહિ બને.' એ અનાર્ય વ્યવહાર છે.

સાધુને માટે પણ કહ્યું ને કે ગુરુ કહે 'એય ! જો પેલો સફેદ કાગડો બારી પર બેઠો છે ને ? તો શિષ્યે તરત તહત્તિ કરવાનું,' અર્થાત્ કહેવાનું કે 'હાજી બેઠો છે.' આવું ધરાર જૂઠું તહત્તિ કરવાનું ? હા, એમાં વિનયધર્મનું પાલન થાય;

નહિતર 'કાગડો ક્યાં સફેદ છે ?' આવું ખોટું કેમ બોલો છો ? એમ જવાબ દઈ દેવામાં અવિનય ઉદ્ધતાઈ ને અધર્મ થાય.

અલબત પછી અવસર પામીને ગુરુને વિનયપૂર્વક પૂછી શકે કે 'ગુરુદેવ ! આપે કાળા કાગડાને સફેદ કહ્યો, એમાં કાંઈક રહસ્ય હશે, પણ મને સમજ ન પડી, તો કૃપા કરીને મને સમજાવો. એમ બોલવાનું શું રહસ્ય છે ?' તો ત્યાં ગુરુ સમજાવી પણ શકે કે કાગડો શરીરના વર્ણે કાળો છે, પરંતુ એનું દિલ સફેદ ઊજળું છે. તેથી જ કાંક ખાવાનું પડેલું દેખ્યું તો ત્યાં પોતાના ૫-૫૦ જાત ભાઈ કાગડાઓને ભેગા કરીને એમની સાથે જ ખાશે. માણસ જાતને આ આવડતું નથી, તેથી મારું તો હું જ ખાઉં, પણ બીજાનું ય હું ખાઉં' એવી અધમ મનોવૃત્તિ રાખે છે !

**સ્વાર્થી પરદ્રોહી માણસ હૈયાથી કાળો છે; કાગડો હૈયાથી ઊજળો છે.**

પેલો પદ્મદેવ કહી રહ્યો છે, "બાઈ ! તરંગવતીના બાપે એમની પાસે સામા પગલે ચાલીને આવેલા મારા પિતાને ઘસીને ના પાડેલી. એથી દુ:ખિત થયેલા મારા પિતાના બોલનો મારે વિરોધ કેમ કરાય ? અમારું ન સ્વીકાર્યું માટે એમને વધુ દુ:ખિત કેમ કરાય ? એમનું વચન 'ભલે એમ હો' કહીને માથે ચડાવવાનો દેખાવ કર્યો.

"પરંતુ સખી !' દિલ માનતું નહોતું. તેથી મેં જોયું કે હવે તરંગવતી મલે એમ નથી તો પ્રિયા વિના જીવીને શું કામ છે ? જીવતા રહીને પ્રિયાનો અ-સંપર્ક સહેવાનું મારે મુશ્કેલ છે તેથી મેં આત્મહત્યાનો નિર્ણય કરી લીધો."

સાંસારિક કોઈ વાતમાં હતાશ નિરાસ થયેલો જીવ ક્યાં સુધી પહોંચે છે ? કેવા ઘેલા નિર્ણય લે છે ! **અમૂલ્ય મનુષ્ય જિંદગી એટલે સુકૃતો કમાઈ લેવાનો અને પૂર્વના પાપોનો ભુક્કો કરવાનો અમૂલ્ય કાળ !**

એને શું એક કોઈ વસ્તુની નિરાશામાં **વિણસાડી** નાખવાનો ? બાળ વિધવા બનેલી રાજપુત્રી રુકમી બાપને કહે મને ચિતા સળગાવી આપો મારે એમાં બળીને મરી જવું છે.

બાપે ત્યારે આ જ કહેલું દીકરી ! હું જાણું છું તારે મોટું દુ:ખ આવ્યું છે. પરંતુ તેથી કાંઈ હતાશ થઈને અમૂલ્ય માનવ જિંદગી નષ્ટ કરાય ? માનવ જિંદગી હાથમાં છે, ત્યાંસુધી ભગવાનના નામ સ્મરણથી માંડી કેટકેટલા સુકૃતો થઈ શકે ? ત્યાગ-તપ વગેરેથી કેટકેટલાય જન્મોનાં પાપ નષ્ટ કરી શકાય ? આ બધો વિચાર કરીશ તો દુ:ખ આવ્યું માટે હાથે કરીને અણમોલ જિંદગી ખોઈ નાખવાનું નહિ કરાય."

અલબત અહીં રુકમી પિતાને ડહાપણનો ખુલાશો કરે છે. કે 'બાપુજી ! હું દુ:ખની મારી બળી મરવા નથી ઇચ્છતી પરંતુ મારી યુવાની ફાટફાટ ખીલી છે,



મારે પતિ ગયા, અહીં વળી રાજાશાહી ખાનપાન બિછાનાં, પુરુષોનાં બહુ દર્શન..., વગેરેથી વિકારો સળવળવાનો મોટો સંભવ, એમાં કાંક અજુગતું કરી બેસી તમારા ઉત્તમ કુળને કલંક લગાડું એના કરતાં હમણાં મરવું સારું, મારે મરવાનું આ કારણ છે કે કુળકીર્તિ અખંડ ચાલે.'

ત્યાં બાપ રાજા સ્તબ્ધ થઈ કહે છે અહો દીકરી ! તારો આ કેટલો ઊંચો વિચાર છે ! હવે તારે મરવાની ય જરૂર નથી. ને વાસના વિકારોથી બીવાની ય જરૂર નથી. તને વાસના વિકારો ન જાગે એવો બંદોબસ્ત કરી આપું છું. તારે તદ્દન અલાયદા આવાસમાં રહેવાનું, જ્યાં કોઈ પુરુષ-નોકર પણ ન ફરકે; માત્ર દાસીઓ જ આવે, તારાં ખાનપાન તદ્દન સાદાં વિગઈઓ વિનાનાં રાખજે. સંથારે સૂજે, અને આખો દિવસ તારે ધર્મક્રિયાઓ અને શાસ્ત્રસ્વાધ્યાયમાં પરોવાયેલા રહેવાનું. સાધ્વીજી મહારાજાનો યોગ મળે તો એમનો સત્સંગ રાખજે. બસ, મન આખો દિવસ ધર્મ અને પવિત્ર વિચારોમાં રમતું રહેવાથી તારે કોઈ અકાર્ય મનમાં ય આવી પડવાનો ભય નહિ રહે. તારું શીલ અખંડ રહેશે. રાજાની વાત સાચી છે.

**જીવન અને મન બગડે છે ખોટા નિમિત્તોનાં સેવનથી.**

નિમિત્તો સારાં પવિત્ર સેવો, નરસાથી આઘા રહો, તો જીવન અને મન બંને સુધરી જશે.

રુકમીને ખૂબ આશ્વાસન મળ્યું ને એણે મરવાનો વિચાર પડતો મૂકી, એ પ્રમાણે જીવન બનાવ્યું, ને એ મહાન ખ્યાતિ અને પ્રભાવવંતા બ્રહ્મચર્યવાળી બની ગઈ.

**દૃઢપ્રહારી :-**

દૃઢપ્રહારી ચોર પણ ચાર મહાન હત્યાના પાપથી ત્રાસી જઈ આપઘાત કરવા ચાલેલા ! એમાં મુનિ મળ્યા અને મુનિએ વાત જાણી, એને આ જ કહ્યું,- "માનવજીવન ખો નહિ. જીવન હાથમાં છે ત્યાં સુધી પાપોને ધોવા માટે, અને ભાવી સલામતિકારક પુણ્યાનુબંધી પુણ્યની મૂડી એકત્રિત કરવા માટે, ઉત્તમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપની આરાધના કરતો રહે., જીવતો રહીશ તો એ કરવાને તક છે. મરીશ તો તક ગઈ સમજ."

દૃઢપ્રહારીને ગળે વાત ઊતરી ગઈ, ત્યાં જ ચારિત્ર લઈ ઘોર અભિગ્રહ કર્યો કે આ જ નગરના ચારે પૈકી એકેક દરવાજા બહાર ૧ાા-૧ાા માસ કાયોત્સર્ગ ધ્યાને રહેવું, અને જે દિવસે પેલું ચાર હત્યાનું ઘોરપાપ યાદ આવે તે દિવસે ઉપવાસ કરવો.' બસ,

**કેમ આવો ઘોર અભિગ્રહ ? :-**

એ પ્રમાણે ધ્યાનમાં રહેવા લાગ્યા છ મહિનાના ઉપવાસ ખેંચ્યા ! કેમકે રોજ સવારે લોક નગરની બહાર ઝાડે ફરવા જાય ત્યારે આને ધબ્બો ધોલ ધપાટ કરતા

જાય ને બોલતા જાય જુઓ આ પાપિયા પેલા બ્રાહ્મણ કુટુંબનો હત્યારો ! આમ ધોલ ધપાટા સહિત ગાળો, ત્રાસ, અપમાન, તિરસ્કાર સહતાં ૬ મહિના કાઢ્યા ! શું બગડી ગયું ? દૃઢપ્રહારી અનંત સંસાર તરી ગયા ! આ ક્યારે બન્યું ? જીવતા રહ્યા તો બન્યું. અલબત આરાધના કર્યા પછી મર્યા, પણ મરતા પહેલાં પાપોને મારી મર્યા આ હિસાબ છે,-

**''પાપોને માર્યા વિના મરે તે પરભવે બેહાલ થાય**
**પાપોને મારીને પરભવે ન્યાલ થઈ જાય.''**

પેલો પદ્મદેવ તરંગવતીની સખીને કહી રહ્યો છે,- 'માતાપિતાએ બીજી સારી કન્યા પરણવાનું આશ્વાસન આપી તરંગવતીની ઇચ્છા પડતી મૂકવાનું કહ્યું, ને તે મેં એમના દાક્ષિણ્યથી જેવી આપની આજ્ઞા એમ કહીને સ્વીકારી તો લીધું, પરંતુ મારું મન થોડું જ માને એવું હતું ? હવે તરંગવતી આ જનમમાં મળે એમ નથી એવી નિરાશાથી આત્મહત્યા કરવાનો નિર્ધાર કરી લીધો; ને એ કામ રાતે કરવાનો નિર્ણય કર્યો, કેમકે દિવસના તો એવા આત્મહત્યાના કામમાં કાંઈ ને કાંઈ વિઘ્ન આવે, તેથી એ કાર્ય રખડી પડે. આમ હું આજે રાતે જીવતરની તદ્દન સ્પૃહા વિનાનો અને અવશ્ય મોત સ્વીકારી લેવાના નિર્ણયવાળો બનેલો, એમાં તું તરંગવતીનો સંદેશો લઈને આવી, એ બહુ સારું કર્યું ! કેમકે આ કિંમતી જનમ નકામો ખોઈ નાખતાં બચ્યો ! હવે મારે મરવાની કોઈ જરૂર નથી.

હવે તું એક કામ કર,-

**પદ્મદેવનો સંદેશો :-**

''તું જા જઈને મારા વચનથી એ મારી પ્રાણથી અધિક પ્રિયાને મારા તરફથી કહે કે હું તારો સર્વ પ્રકારે દાસ છું. તારા ચિત્રપટ્ટના દર્શનથી મને પૂર્વ જન્મનું સ્મરણ થતાં ત્યાં તેં જે મારા પર અનહદ પ્રેમભર્યા સત્કાર સન્માન કરેલાં એ વીસર્યા વીસરાય એવા નથી, અને હવે તો આજે યાદ આવતાં રોમાંચ ખડા થાય છે, દિલ ગદ્ગદ થઈ જાય છે, તું નથી મળી ત્યાં સુધી મારા મનને વિષાદનો પાર નથી. હવે તો તું મને ક્યારે એ પૂર્વના અવિસ્મરણીય ભારોભાર પ્રેમથી વિનોદના મીઠા મીઠા બોલ સંભળાવી મારા ઊકળતા દિલને શાંતિ આપે ?''

આમ કહીને એણે તારા પત્રના જવાબરૂપે પત્ર લખી નાખ્યો અને તે તને આપવા માટે મને આપ્યો; ને મને વિદાય આપી.

સખી સારસિકાએ આ પ્રમાણે તરંગવતીને કહી એને એના પૂર્વપ્રિયનો એ પત્ર આપ્યો, એમાં શું લખ્યું હતું ? એવું લખ્યું હતું કે જે વાંચીને તરંગવતીનું હૃદય રાગના ઊભરાતા હરખથી જાણે ફાટ ફાટ થવા માંડે છે !



એમાં શું લખ્યું હતું એ જોવા પહેલાં જરાક પદ્મદેવની સ્થિતિ અને સંદેશા પર આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ તો દેખાય છે કે,-

**રાગાધિન પર આધ્યાત્મિક દૃષ્ટિપાત :-**

આ જગતમાં જીવ જ્યારે મોહને પરવશ બને છે ત્યારે કેવી કેવી ઘેલી વિચારણા ઘેલા નિર્ણય અને ઘેલી પ્રવૃત્તિ કરે છે ! કોણ માનવી કે દેવતા આ ઘેલી વિચારણા નિર્ણય અને પ્રવૃત્તિ કરવા બળાત્કાર કરે છે ? કોઈ જ નહિ. મોહના ઘેરાવામાં પોતે જ આ બધું કરી રહ્યો છે. ખૂબી તો એ છે કે જગત પર જિનશાસનની તાત્ત્વિક સુંદર સમજ હયાત છતાં એને બાજુએ મૂકી ઘેલી વિચારણા ઘેલા નિર્ણય અને ઘેલી પ્રવૃત્તિમાં જાતે ફસાય છે. કારણ ? મોહની પ્રબળ પરવશતા.

જુઓ, પદ્મદેવ કેવો ફસાયો ? ધારેલી કન્યા નથી મળવાની, એવું લાગવા પર ઠેઠ આપઘાત યાને મહાકિંમતી માનવભવનો નાશ કરવાના નિર્ણય સુધી પહોંચ્યો ? એ વખતે એ ધ્યાનમાં ન આવ્યું કે આવી મહાકિંમતી માનવભવ નષ્ટ કરવા છતાં શું પરલોકે ધારી કન્યા મળવાનું નક્કી છે ? અરે ! મૂળ પાયામાં માનવભવ મળવાનું ય ક્યાં નક્કી છે ? કદાચ મળી જાય તો ય પોતે કયા સ્થાને હોય ? અને કન્યા કયા સ્થાને હોય ? કદાચ માનો કે બંનેને એક સ્થાને જન્મ મળ્યો તો ય બંને એકબીજાને જાતિસ્મરણ દ્વારા પૂર્વની સગાઈથી ઓળખશે એ ય ક્યાં નક્કી છે ?

**આનંદઘનજી મહારાજે** 'ઋષભપ્રભુના સ્તવન'માં કહ્યું ને,

**• પ્રીત સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન કોય;**
**પ્રીત સગાઈ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોય.**
**• કોઈ કંથ કારણ કાષ્ટભક્ષણ કરે રે, મિલશું કંથને ધાય;**
**એ મેળો નવિ કહીએ સંભવે રે, મેળો ઠામ ન ઠાય.**

કવિ કહે છે,- 'ઋષભદેવ ભગવાન મારા પ્રીતમ છે, પ્રીતિપાત્ર છે, પરંતુ એમની સાથે પ્રીતસગાઈ કેવી કરવી ?...જગતમાં એમ તો મેં પ્રીતસગાઈ બહુ કરી, પરંતુ એકેય નિત્યસ્થાયી પ્રીતસગાઈ ન બની, કેમકે જગતમાં દેખાય છે કે કોઈ હજી પતિ મરી જતાં, હું દોડીને પતિને ભેગી થઈ જઈશ' એમ કરી કાષ્ઠભક્ષણ કરે છે, અર્થાત્ પતિની ચિતામાં પડી બળી મરે છે, પરંતુ તેથી શું પતિના બીજા જનમમાં પતિ પહોંચેલા સ્થાને એ પહોંચી જાય છે ? ના, કેમકે **'મેળો ઠામ ન ઠાય.'** પતિના અને પોતાના કર્મ જુદા જુદા છે; કોનાં કેવાં કર્મ એને કયા સ્થાને લઈ જાય, ને બીજાનાં જુદા કર્મ એને ક્યાં લઈ જાય, એનું શું કહેવાય ? એટલે કહો, બંનેનો મેળો કોઈ એક સ્થાનમાં વારેવારે મેળા થતા નથી. એટલે પ્રભુ સાથે

મેળો એમ ન થાય

જો આ હકીકત છે તો પદ્મદેવ શું જોઈને આપઘાતનો નિર્ણય બાંધી બેસતો હશે ? એમ શું પ્રિયાનો મેળો થવાનો હતો ?

**માણસ દીર્ઘદૃષ્ટિથી વિચાર કરે, તો આવા અનુચિત સાહસના આંધળિયા ન કરે.**

**પ્ર.**- શું પદ્મદેવમાં એટલી દીર્ઘદૃષ્ટિ નહિ હોય કે આપઘાત તો કરી શકીશ, પરંતુ તેથી શું આગળ પર તરંગવતી મળવાનું નક્કી છે ? આ વિચાર કરતો નથી તો શું જોઈને આપઘાતનો નિર્ણય લીધો ?'

ઉ.- અહીં મોટું કારણ આ લાગે છે કે આને પૂર્વભવનો મેળાપ દેખાઈ ગયો, અને આ ભવમાં પણ મેળાપ થવાની પૂરી શક્યતા ઊભી થઈ ગયેલી અને પદ્મદેવની પોતાની પાછળ પ્રેમથી ઝુરતી જાણવા મળી, એટલે એના પર રાગ અનહદ વધી ગયો એ રાગની પ્રબળતા, એણે અત્યારે આપઘાત પછી શું એનો વિચાર જ ન આવવા દીધો.

રાગની પ્રબળતા ભારે કામ કરી જાય છે ! **'શાસ્ત્રવાર્તાસમુચ્ચય'**ની ટીકામાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ લખે છે કે સમકિતી જીવ વિષયોને નરકાદિના કારણ તરીકે દેખે છે. ત્યાં પ્રશ્ન ઉઠાવ્યો કે તો પછી સમકિતી કેમ વિષય સેવનમાં પ્રવૃત્ત થતો દેખાય છે ? નિયમ તો એ છે કે પ્રવૃત્તિમાં ઈષ્ટ સાધનતાનું જ્ઞાન કારણ છે, પણ પ્રબળ અનિષ્ટ સાધનનું જ્ઞાન પ્રવૃત્તિનું પ્રતિબંધક છે; ત્યાં પ્રવૃત્તિ અટકી જાય એટલે દા.ત. આ મારા ઈષ્ટસુખનું સાધન છે, એવું સાધન જેને દેખે, એમાં એ એ પ્રવૃત્ત થાય; પરંતુ ત્યાં જો એમ લાગે કે આનાથી તો પ્રબળ અનિષ્ટ દુઃખ ઊભું થાય છે, તો એમાં પ્રવૃત્તિ નથી થતી. દા.ત. માણસને મીઠાઈ ઈષ્ટ છે, તો ખાવાની પ્રવૃત્તિ થશે; પરંતુ જો એમ માલુમ પડે કે આ મીઠાઈમાં ઝેર ભળેલું છે. તો એ ખાવાની પ્રવૃત્તિ નહિ કરે, પ્રવૃત્તિ અટકી જશે; કેમકે ખાવામાં પ્રબળ અનિષ્ટ મોત દેખે છે. એમ અહીં સમકિતી જીવ ઈષ્ટ વિષયોને સુખનું કારણ દેખી પ્રવૃત્તિ જશે; કેમકે ખાવામાં પ્રબળ અનિષ્ટ મોત દેખે છે. એમ અહીં સમકિતી જીવ ઈષ્ટ વિષયોને સુખનું કારણ દેખી પ્રવૃત્તિ કરવા લલચાય, પરંતુ ત્યાં જિનવચનની શ્રદ્ધાથી સમજે છે કે આ તો નરકાદિનાં દુઃખનું એટલે કે પ્રબળ અનિષ્ટનું કારણ છે, તો પ્રવૃત્તિ અટકવી જોઈએ, છતાં સમકિતી જીવ કેમ પ્રવૃત્તિ કરે છે ? એના જવાબમાં લખ્યું કે ત્યાં પ્રબળ રાગ કામ કરી જાય છે,

**પ્રબળ રાગ ભાવી નરકાદિ દુઃખ તરફ આંખ મિંચામણા કરાવે છે.**

ત્યારે વિચાર થાય કે સંસારમાં જીવની કેવી રાગની પરાધીનતા ! એટલુ સમજી રાખવાનું કે આ રાગની પ્રબળતા વિષયોનાં નિમિત્ત મળવા પર જીવને



પરાધીન બનાવે છે. જો એ વિષયોના નિમિત્તથી આઘા રહો, તો તે રાગ નહિ ઊઠે. અંતરમાં વિવેકનો દીવડો જાગ્રત હોય, તો રાગના સંસ્કાર અંદર પડ્યા પડ્યા સડવા માંડે દુર્બળ થતા ચાલે. એટલા માટે તો ભગવાને રત્નત્રયીનો મોક્ષમાર્ગ બતાવ્યો. રત્નત્રયી દર્શન જ્ઞાન ચારિત્ર એનાં જીવનને સ્વીકારી લો, તો એવા જીવનમાં વિષય-નિમિત્તો સહેજે દૂર થઈ જાય છે. એટલે ગમે તેવો પ્રબળ રાગ પહેલાં હતો. પરંતુ હવે એને સક્રિય થવા નથી મળતું. એટલે રત્નત્રયીની નિર્મળ સાધના કરતાં કરતાં પ્રબળ રાગ મરી પરવારે છે; પછી કદાચ દેવીઓ સામે આવે છતાં આત્મા એની સામે ન જોતાં અણનમ રહી ધ્યાનમાં સ્થિર રહે છે; એટલે એનો કશો વિચાર જ મનમાં નહિ લાવે.

રામચંદ્રજીએ દીક્ષા લીધી; પછી સીતાજી જે બારમા દેવલોકના ઈન્દ્ર થયેલા છે, એમને લાગ્યું કે 'આ રામચંદ્રજી વહેલા વહેલા મોક્ષે જશે તો મારે એમનો ભાવી યોગ થઈ, એ ગુણનિધિના આલંબને આરાધના કરવાનું નહિ મળે. માટે થોડો વખત એમને એમના ત્વરિત મોક્ષપ્રયાણમાં જરા વિલંબ કરાવું,' આવા કોઈક મોહમય આશયથી એ મુનિ રામચંદ્રજી જે ધ્યાનમાં રહેતા હતા, એમની આગળ સીતાનું રૂપ લઈને અનુકૂળ ઉપસર્ગ કરવા આવ્યા ! એમની આગળ પોતે સીતાજીનું રૂપ કરી અનેક વિદ્યાધર કન્યાઓ વિકૂર્વી ગીત નૃત્ય કરે છે, અને પ્રાર્થના કરે છે, સ્વામીનાથ ! આ તમને જ એક સ્વામી તરીકે ધરનારી હું સીતા તમારા વિના ઝૂરી રહી છું. એને જરા રહેમનજરથી નિહાળો ! વાતાવરણ પણ વસંતઋતુનું અને દિવ્યદશ્યોવાળું એવું ખડું કરી દીધું. કે એ દેવતાઈ ગીત નૃત્યભર્યા મોહક વાતાવરણમાં પવૈયાને પાનો ચડી જાય ! ભડવીર મહામુનિરામચંદ્રજીએ ચારિત્ર લીધા પછી તપ-સંયમ અને ધ્યાનની પ્રખર આરાધનાથી રાગના ટાંટિયા જ ભાંગી નાંખ્યા છે. હવે રાગની પ્રબળતા પરાધીનતા મરી પરવારી છે. તે પણ આ ક્યારે બન્યું ? જો વિષયોના સરંજામના ઘેરાવાનું નિમિત્ત પડતું મૂકી, સંસાર ત્યજી અણગાર બન્યા, અને સદ્ નિમિત્ત રત્નત્રયીની આરાધનામાં જ લાગ્યા રહ્યા ત્યારે, નહિતર તો વિષયોના નિમિત્ત સેવતા રહો તો તો રાગની પ્રબળતા જામતી જાય. રામચંદ્રજીએ વિષય-નિમિત્તો ત્યજી દઈ અદ્ભુત ચારિત્ર પાળવાનું કર્યું હતું તો રાગ મૂઓ પડ્યો હતો. એટલે અહીં સીતેન્દ્રના અનુકૂળ ઉપસર્ગમાં જરાય પીગળ્યા નહિ, ને આગળ જતાં ધ્યાનમાં ઊંચે ને ઊંચે ચડતાં ચડતાં શુક્લધ્યાન અને કેવળજ્ઞાનમાં ચડી ગયા ! ત્યાં સીતેન્દ્રને પોતાના પ્રબળ રાગ ઉપર ધિક્કાર છુટ્યો કે 'હાય ! જલ્દી મોક્ષ જવા તૈયાર સ્વામીને મારી સાથે મોડા મોક્ષે જવાના મિથ્યા રાગમાં એમને સંસારમાં રોકી રાખવાની કેવી દુર્બુદ્ધિ અને બાલિશ ચેષ્ટા કરી ! ત્યાં ક્ષમા માગે

છે. વિષયાસક્તિ ન આવવા દેવી હોય તો રાગના પ્રેરક-પોષક નિમિત્તોથી અર્થાત્ વિષયોથી આઘા રહો. એ માટે જીવનને ત્યાગ અને વ્રત-નિયમોથી મઘમઘતું રાખો.

**'રાગની પ્રબળતા પરાધીનતા, રાગનાં નિમિત્તભૂત વિષયોના સંપર્ક છોડવાથી, કપાય મોળી પડતી આવે.'**

એ સમજીને જ મોટા થાવચ્ચાકુમાર, મેઘકુમાર, જંબુકુમાર, ગજસુકુમાળ, શાલિભદ્ર, ધનાજી વગેરેએ સંસારત્યાગ કરેલા; જેથી પછી પૈસા પરિવાર માલ મિલકત વગેરે વિષયોના સંપર્ક જ નહિ, એટલે રાગને પોષાવાનો અવસર જ ન મળે.

પેલા પદ્મદેવને કેમ તરંગવતી પર એવા રાગની પ્રબળતા ઊઠી કે હવે એ નથી મળવાની એવી કલ્પનામાં આપઘાત કરવાનો નિર્ણય કરે છે ? કહો, ચિત્રદર્શનથી પૂર્વભવનું સ્મરણ થઈ આવતાં, પૂર્વભવની પ્રેમલીલારૂપી વિષયોનું સ્મરણ થઈ આવ્યું. એજ વિષયસંપર્ક થયા, અને અહીં પૂર્વપ્રિયા જન્મી ગઈ છે અને એણે જ આ ચિત્ર કર્યું છે એ જાણવા જોવા મળ્યું, એ વિષયસંપર્ક વધ્યો. એના પર રાગની પ્રબળતા વધી ગઈ, એટલે આપઘાત કરવાના ઘેલા વિચારમાં ચડી ગયો.

આ જાણીએ ત્યારે આપણા મનને એમ થવું જોઈએ કે 'એક રજોવીર્યથી ઉત્પન્ન થયેલી અને એકભવ માત્રની સગી કન્યા પર અતિરાગ થાય, અને એ અતિરાગની પાછળ મૃત્યુ જેવું ભારી કષ્ટ વધાવવા તૈયાર થવાય, તો અનંતજીવની કરુણા ભાવનામાંથી ઉત્પન્ન થયેલ અને વીતરાગતા કેવળજ્ઞાન સુધીના ઉત્કૃષ્ટ ગુણોનાં ભંડાર બનેલા પરમાત્મા પર આપણને અતિરાગ કેમ નથી થતો ? એ ક્યારે થવાનો ? અને એ અતિરાગમાં મૃત્યુ જેવું મહાકષ્ટ તો નહિ, પરંતુ એનાથી નાનાં નાનાં ત્યાગ-પરિષહનાં કષ્ટ વધાવવાની આપણી તૈયારી ક્યારે ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૧૫,તા.૨૧-૧૨-૧૯૮૫**

**પેલો વિષયોનો અતિરાગ તો પાગલતાનો છે, મોહ-મૂઢતાનો છે; ત્યારે વીતરાગ પર અતિરાગ એ પ્રકાશમાન સમ્યગ્દર્શનનો વિવેક છે.**

**ઘાણીમાં બાળમુનિ :-**

પાલક પાપીની ઘાણીમાં **નાના બાળમુનિ** ય હોંશે હોંશે કૂદી પડ્યા ને પીલાયા ! એ કયા બળ પર ? કહો, પ્રભુ પરના અતિરાગના બળ પર. બાકી એમની ઉંમરના પ્રમાણમાં તો એટલો શાસ્ત્રોબોધનો સંચય એમની પાસે હતો નહિ, ઊંડા તત્ત્વોની સમજ હતી નહિ, તો ક્યાં બળ ઉપર આ મહાપરાક્રમ કર્યું ? કહો, પરમાત્મા મુનિસુવ્રતભગવાન પરના અતિ રાગથી ભગવાનની વાણી મનમાં ધરી,



ભગવાન ! તમારી ખાતર એમ કરી સહર્ષ ઘાણીમાં પીલાઈને મૃત્યુનું કષ્ટ પણ વધાવી લીધું ! દુનિયાનો માણસ જો કોઈની ઉપરના અતિ રાગથી આત્મહત્યા સહર્ષ વહોરી શકે છે, તો ભગવાનના સેવકને ભગવાન પરના અતિરાગથી એવા કોક અવસરે મોત વધાવી લેતાં શાનો આંચકો આવે ? બોલો, બાળમુનિ બુદ્ધિમાન ? કે આપણે ? બાળમુનિ નાદાન ? કે આપણે નાદાન ? ભગવાન પરના અતિરાગથી એમણે ઘાણીમાં પીસાઈ જવા સુધીનું કષ્ટ ઉપાડ્યું તો ઇનામમાં કેવળજ્ઞાન અને મોક્ષ !

**બાળ અઈમુત્તાની ઊંચી સમજ :-**

નાના રાજકુમાર **અઈમુત્તા** માત્ર છ વરસની ઉંમરના રાજમહેલની બાહર ખેલતા હતા. એમાં મહાવીર પ્રભુના પ્રથમ ગણધર ગૌતમ સ્વામીજી મહારાજ ગોચરીએ નીકળેલા, એમને જોતાં જ અઈમુત્તો તરત રમત છોડી એમને આગ્રહ કરી ઘરે વહોરાવવા માટે લઈ ગયો, જાતે લાડુ વહોરાવ્યા, અને માતાને પૂછી ગૌતમમહારાજને વળાવવા ચાલ્યો. ગૌતમમહારાજની સાથે આવ્યો ભગવાન પાસે, ભગવાને બે અક્ષરનો બોધ આપ્યો એટલે અઈમુત્તો સીધો ઘરે દોડતો આવી રાણીમાતાને કહે છે, 'મા ! મા ! મારે ભગવાન પાસે દીક્ષા લેવી છે.

મા કહે 'બેટા ? તું દીક્ષામાં શું સમજે ?'

અઈમુત્તો કહે છે,-

**"હું જે સમજુ તે નવિ સમજુ,**
**નવિ સમજુ તે સમજું."**

માતા આનો કાંઈ ભાવ સમજી શકી નહિ; પૂછે છે કનૈયા ! આ તું શું બોલે છે ?

છ વર્ષનો બાળ અઈમુત્તો કહે, મા તું મને કહેતી હતી કે બચ્ચા ! તું તો નાદાન, દીક્ષામાં તું શું સમજે ? એનો અર્થ એ કે હું તો નાદાન તે દીક્ષામાં ન સમજી શકું, પણ તું સમજુ, તે તું દીક્ષામાં સમજનારી, તો પછી જે હું કહું છું એનો અર્થ કેમ સમજતી નથી તે મને નાદાનને પૂછે છે ?

બોલો, કોણ નાદાન ? ને કોણ સમજુ ? બહુ નાની વયે છતાં વૈરાગ્યથી રાજાશાહી સુખો ન ગમ્યા, અને એ છોડી દેવાનું મન થયું, શું એ નાદાન ? શું એ અકલ વિનાનો અણસમજુ ? કે મોટી વય થઈ ગયી છતાં, ને સંસાર સુખને ખાસાં જોઈ લીધા છતાં, એની ગુલામી હજી છોડવાનું મન નથી થતું, શું એ નાદાન નહિ સમજદાર ? કોણ નાદાન કોણ સમજુ ?

**પરણીને ત્યાગી વજ્રબાહુ :-**

રામાયણમાં આવે છે,- વજ્રબાહુ રાજકુમારનો બાપ રાજા વજ્રબાહુ પરણીને કન્યાને લઈ આવતાં રસ્તામાં થયેલી એની ચમત્કારિક દીક્ષા સાંભળી પોતાની

જાતને ખરેખર નાદાન સમજે છે. બનેલું એવું કે રાજકુમાર વજ્જબાહુ અપ્સરાસમી રાજકન્યા મનોરમાને પરણીને રથમાં લઈ જાન સાથે ચાલે છે, તે રસ્તામાં સારથિ બનેલા સાળાને કહે,

'શ્યામસુંદર ! રથ ઊભો રાખો, આપણે પેલા ડુંગર પર દેખાતા પૂજ્ય મહાત્માને વંદન કરીને પછી જઈએ.

સાળો, મશ્કરી કરે છે, શું વૈરાગ્ય-બૈરાગ્ય થઈ ગયો છે ?

વજ્જબાહુ કહે વૈરાગ્ય નવો શો થવાનો હતો ? શ્રાવિકાના દીકરાને તો જનમથી વૈરાગ્ય હોય.

તો સાળો મશ્કરીમાં આગળ વધે છે, કહે છે, "વેરાગ્ય છે તો સંસારમાં કેમ બેસી રહ્યા છો ? તમને કોણ અટકાવે છે ? લાવો હું તમારો સહાયક થાઉં,

સાળો આમ બોલે છે તે એમ સમજીને કે જે આ મારી રંભા ઉર્વશી જેવી બેનને પરણવા મોટા રાજા રાજકુમારો ઝંખતા હતા, એમને કોઈને મારા પિતાએ પાસ ન કર્યા, ને આ ઈક્ષ્વાકુ વંશના વારસદાર વજ્જબાહુને પસંદ કરી, સામે ઊઠીને બોલાવી, બેનને પરણાવી એ આ વજ્જબાહુ એને છોડી દીક્ષા શું લે ?

પરંતુ અહીં તો વજ્જબાહુ પૂછે 'તમે સાચું બોલો છો ? જરૂર સહાય કરો ?'

સાળો કહે 'હા, હા, સાચું જ.'

ત્યાં વજ્જબાહુ બધા સાથે ડુંગર પર ગયા. એમણે કેશનો લોચ કરવા માંડ્યો !

સાળો ચોંક્યો ! રાડ પાડી ઊઠ્યો, 'અરે અરે ! વજ્જબાહુ ? આ શું કરો છો ? હું તો મશ્કરી કરતો હતો ?

વજ્જબાહુ  કહે ક્ષત્રિય બચ્ચો મશ્કરી કરે નહિ, તમે તો મારા ઉપકારી કે ઊંઘમાં ઊંઘતા મને તે જગાડી ઊભો કર્યો ! હવે તમે કબૂલ્યા મુજબ તમારે મારી સહાયમાં ઊભું રહેવાનું.

સાળો કહે ઓ ભાઈસાહેબ ! પણ આ મારી બેનનું શું થાય ?

વજ્જબાહુ કહે તમારી બેન કુલિન છે કે ? અકુલિન હોય તો રાશિ માલ વેપારીને પાછો; લઈ જાઓ એને ઘરે, કુલિન હોય તો એના માટે કશી ચિંતા કરવાની હોય નહિ. કેમકે કુલિન બાળા તો પતિના માર્ગને અનુસરનારી હોય; ને એ તાકાત ન હોય તો ઘરમાં બેસી પ્રભુના નામની માળા જપનારી હોય.

તો ય સાળો કહે, ના, ના, ભાઈસાહેબ ! એમ કાંઈ કરાય ? માફ કરો, મારી બેનની જિંદગી રખડાવો નહિ. એના પર દયા કરો'

ત્યાં બેન ભાઈને કહે છે 'અરે કાયર ! તું મારી દયા ખાય ? લે આ,...એમ કહી બેને પોતાના કેશનો લોચ કરવા માંડ્યો !'



આ જોતાં સાળાને પણ શરમ લાગી કે 'હવે હું શું જોઈને ઘરે જાઉં ? ત્યાં બધા મને પીંખી નાખે, મારી નાલેશી જ કરે કે આવા કોડિલા બેન-બનેવીએ સુખદ સંસાર હાથમાં આવેલો છતાં છોડી દીધો, તો તું શું અહીં ઠીકરા ચાટવા પાછો આવ્યો ?

એ યુગ હતો, ઘરે ઘરે દીક્ષાના મંગળ નાદનો ! એટલે સાળાએ ગભરાઈ પોતે પણ પોતાના કેશનો લોચ કરી નાખ્યો ! આ જોતાં લગ્નની જાનમાં આવેલા ૨૫ રાજકુમારોએ પણ પોતાના કેશનો લોચ કરી નાખ્યો ! બધાએ દીક્ષા લીધી, હવે સાથેના માણસો ઘરે પહોંચ્યા.

ત્યાં વજ્જબાહુના પિતા રાજા પૂછે 'કુમાર ક્યાં છે ? પેલાઓએ બનેલી હકીકત કહી; ત્યારે રાજાને કુમાર પર ગુસ્સો ન ચડ્યો પરંતુ કુમારને ધન્યવાદ આપી પોતાની જાત માટે શરમ લાગી કે

કુમારે સંસાર જોયા વિના વૈરાગ્ય કેળવ્યો, અને એણે સંસાર-મોહમાયાનો લોભ-મમતા છોડી, ત્યારે હું આટલા વરસો સંસાર ખેડી વળવા છતાં, હજી રાગના મોહના કીચડમાં પડ્યો રહ્યો છું ? આ કઈ અક્કલ પર ? કઈ સમજ પર ? આ મારી મોહ મૂઢતા ? મોટી વય છતાં હું નાદાન, અક્કલ વિનાનો છું, અને કુમાર નાની વય છતાં સમજદાર બની ગયા ! 'બસ, એમ વિચાર કરી પોતે પોતાની નાદાનિયત છોડી, રાજયગાદી નાના દીકરા પુરંદરને સોંપીને પોતે ચારિત્ર માટે ઊભા થઈ ગયા !

અઈમુત્તાને માતા કહે તું હજી નાદાન છે, તને ચારિત્રની શી સમજ હોય ? જોજો, કોણ નાદાન ? ને કોણ સમજુ ?

ત્યારે બાળ અઈમુત્તો કહે,-

**'હું જે સમજું, તે નવિ સમજું, નવિ સમજું તે સમજું,'**

માતા આનો ભાવ ન સમજી શકી, પૂછે છે, આ તું શું બોલે છે ? હું સમજી શકતી નથી. બોલો, માતા અઈમુત્તાને દીક્ષાની બાબતમાં અણસમજુ નાદાન કહેતી હતી તો અહીં અઈમુત્તાના ગંભીર બોલનો ભાવ નહિ સમજી શકનારી માતા સમજુ ? કે ભાવ સમજી શકનારો અઈમુત્તો સમજુ ?

**અઈમુત્તાના બોલ 'હું જે સમજુ જ' બોલેનો અર્થથી.**

અર્થ અઈમુત્તો કહે- મા !

**'હું જે સમજું તે નવિ સમજું'** એટલે કે હું જે સમજુ છું કે એકવાર મરવાનું ચોક્કસ છે, તે જ વસ્તુ હું નથી સમજી શકતો કે ક્યારે મરવાનું છે ? એમ હું-

**'નવિ સમજું તે સમજું'** એટલે કે એ નથી સમજતો કે અહીંથી આવતા ભવે હું કઈ ગતિમાં જઈશ ? પરંતુ એટલી વસ્તુ હું સમજી શકું છું કે પાપજીવન જીવીને

નીચી ગતિમાં જવાય, અને ધર્મજીવન જીવીને ઊંચી ગતિમાં જવાય

'તો મા ! હવે જ્યારે મરવાનું ક્યારે તે આપણે જાણતા નથી કે, વહેલું કે મોડું ? તો પછી એ કદાચ વહેલું ય આવી જાય, તો એ આવે એ પહેલાં ધર્મ-જીવન લઈ લેવું સારું ને ? ગફલતમાં રહીએ ને મોત આવી જાય, તો અહીંના પાપજીવનથી પરભવે નીચી ગતિમાં જવું પડે ! ને નીચી ગતિમાં ગયા પછી તો ત્યાં ધર્મજીવન મળે જ ક્યાંથી ? નીચીગતિમાં તો પાપજીવન જ મળે; એટલે તો પછી મા ! પાપ ને દુર્ગતિ, પાપને દુર્ગતિ,... એમ પાપ અને દુઃખ ભરી દુર્ગતિઓમાં ભટક્યા જ કરવું પડે ! માટે મા ! મને હમણાં જ દીક્ષા અપાવી દે.'

અઈમુત્તાનો કેવો વિવેક ! કેવીક દીર્ઘદૃષ્ટિની સમજ ! કોણ નાદાન ? નાદાન મોટા તમે ? કે માત્ર છ વર્ષનો ટેણિઓ બાળ અઈમુત્તો નાદાન ?

કોણ નાદાન ? નાદાન આપણે ? કે ઘાણીમાં ખુશીથી પીલાઈ જનાર બાળમુનિ નાદાન ? ખબર છે ને કે પેલા પાલક પાપીની ઘાણીમાં ૪૯૯ મોટા મુનિઓ પછી નાના બાળમુનિ પણ હોંશે હોંશે કૂદી પડી પીલાઈ ગયા ! આ બાળમુનિ નાદાન ? કે સમજદાર ? કોઈના તરફથી આવેલા નાનકડા દુઃખમાં આપણે ભગવાનને ભૂલી જઈએ અને કષાય- અસમાધિ આર્તધ્યાન કરવા લાગીએ, એ આપણે નાદાન નહિ ? સમજુ ? અને આ બાળમુનિ ઘાણીમાં પીલાઈ શરીરનો છુંદો છુંદો થઈ જવા છતાં પાપી પાલક પર કોઈ કષાય ન કર્યો ! અસમાધિ આર્તધ્યાન ન કર્યા ! કેમકે ભગવાનને ભૂલ્યા નહિ; ઊલટું ભગવાન પર રાગ અતિ પ્રબળ બનાવી દીધો ! જેથી એ રાગની આગળ શરીર પર લેશમાત્ર રાગ ન રહે, તો શરીરની ઘોર પીડા પણ વિસાતમાં ન લાગે. તેથી જરાય અસમાધિ અસ્વસ્થતા વ્યાકુળતા ન થાય. લખી રાખો,-

**કાયાદિનો રાગ મિટાવવા વીતરાગ ભગવાન પર અતિ પ્રબળ રાગ ઊભો કરવાનો.**

પેલો પદ્મદેવ તરંગવતી પરના પ્રબળ રાગમાં તણાયો, હવે એ મળવાની આશા જવાથી આપઘાત કરવા તૈયાર થયેલો ! એ તો સારું થયું કે તરંગવતીની ચેટી સખી સારસિકા ત્યાં પહોંચી ગઈ, એણે તરંગવતીની પણ આશા પડી ભાંગવાથી એને થયેલ પારાવાર દુઃખનું વર્ણન કર્યું, એનો પ્રેમપત્ર આપ્યો, એટલે પદ્મદેવ આપઘાતના વિચારથી અટક્યો ! હવે એ સારસિકાને મૌખિક સંદેશો આપી તરંગવતીને આપવાનો એક પત્ર આપે છે.

સારસિકા ઊપડી તરંગવતી પાસે, અને કહે છે,- 'સ્વામીની ! જરાક મોડું થયું, કેમકે નીચે દ્વારપાળને સમજાવીને મારે એક પરસ્ત્રીને ઉપર તારા પ્રિય પદ્મદેવકુમાર પાસે જવું મોઘું હતું; કારણ, એ ઘરમાં એટલી બધી શીલ મર્યાદાનાં પાલન, કે સ્ત્રીઓને જેમતેમ પ્રવેશ ત્યાં ન મળે. એટલે મકાનમાં પેસતાં જ



દરવાને મારી જડતી લીધી કે બાઈ તું કોણ છે ? ક્યાંથી આવી છે ?'

**સારસિકાની ચતુરાઈ :-**

હવે મારે દરવાનને વહેમ ન પડે એટલા માટે ખચકાતો જવાબ દેવો ચાલે નહિ, એટલે મેં બંડલ ઠોક્યું કે 'હું આર્યપુત્ર પદ્મદેવની પરિચિત છું, ને એમને મળવા આવી છું,' ખૂબ ઉલ્લાસથી કહ્યું, પાછી દરવાનની થોડી ચાપલુસી કરી, કે આર્યયુત્ર ! તમને ધન્ય છે. કે ગમે તે ગમે તે સ્ત્રીને અંદર જવા દેતા નથી ! આ ઘરની શીલ મર્યાદા પ્રશંસનીય લાગે છે, સારું સારું, કુળવાન ઘરોમાં આ જરૂરી જ છે, નહિતર લો, હવે તમે મને કુમારસાહેબ પાસે લઈ ચાલો. સખી ! એ તો એવો પ્રભાવિત જ થઈ ગયો કે તરત એણે એક દાસીને હુક્મ કર્યો જા રે ! આ બેનને ઉપર કુમારસાહેબ પાસે મૂકી આવ... ''વગેરે વગેરે બધી હકીકત સારસિકાએ તરંગવતીને એવી રીતે કહી કે એની જિજ્ઞાસા આતુરતા ચાલુ રહે કે હાં પછી શું બન્યું ? પછી શું બન્યું ?

**વ્યાખ્યાનશૈલી :-**

વ્યાખ્યાનની ઉપદેશ આપવાની પણ આ શૈલી કે એવી રીતે બોલાય કે શ્રોતાને આતુરતા બની રહે કે હાં, પછી શું ? પછી શું ? તો જ શ્રોતા સુસ્ત ન બને કે ઝોંકા ન ખાય. નહિતર જો શ્રોતાની જિજ્ઞાસા જ મરી જાય, તો પછી વક્તા બોલ્યે રાખે એ બહેરા કાને અથડાવા જેવું, યા ભીંતની આગળ ભાષણ કરવા જેવું થાય. કેટલીકવાર એવું બને છે- વક્તા પોતે ધારી લાવ્યો હોય એ હકીકત વર્ણનની જેમ બોલ્યે જાય, પણ શ્રોતાને એ સાંભળવામાં રસ જ ન પડે સાંભળવા પર કસી ઝણઝણાટી જ ન થાય, કે અહો ! અહો કેવી અદ્ભુત વાત !' એવો ચમકારો જ ન લાગે. અસ્તુ.

તરંગવતીને સારસિકાએ અહેવાલ એવી રીતે આપ્યો કે બહુ રસપૂર્વક એ સાંભળતી રહી, છેલ્લે એ કહ્યું કે તને આપવા માટે કુમારસાહેબે પત્ર આપ્યો છે. તે લે આ પત્ર અહીં કદાચ કહેશો,-

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૪,અંક-૧૬,તા.૨૮-૧૨-૧૯૮૫**

**વ્યાખ્યાનમાં રસ શી રીતે આવે ? :-**

**પ્ર.**- તરંગવતીને તો પોતાના પ્રિયતમ પર અતિશય રાગ હતો એટલે એને અંગેની વિગત ભલેને કોરી હકીકત રૂપ છતાં એ તો બહું રસપૂર્વક સાંભળે, પણ માત્ર હકીકતોવાળું વ્યાખ્યાન સાંભળીએ એમાં શી રીતે રસ આવે ?

ઉ.- રસ એ રીતે આવે કે એટલો વિચાર કરો કે એ હકીકતો કોના અંગેની

છે ? કાં તો અરિહંત પરમાત્મા અંગેની હોય, યા એમનાં ભક્ત અંગેની હોય, અથવા એમના કહેલા તત્ત્વ કે માર્ગ અંગેની હોય.

**આમાં બધે જ અરિહંત ભગવાન સાક્ષાત્ કે પરંપરાએ સંકળાયેલા છે.**

હવે જો આપણે હૈયામાં આ ભાવ મુખ્ય રાખીએ કે 'અહો ! આ વાતો મારા પ્રાણપ્રિય પરમાત્મા અંગેની છે, તો સહેજે એમની સાથે સાક્ષાત્ કે પરંપરાએ સંકળાયેલી વાતો સાંભળવામાં રસ આવે. મૂળમાં અરિહંત ભગવાન ઉપર, જેમ તરંગવતીને પોતાના પ્રિય પર અતિશય રાગ હતો, તેવો અતિશય રાગ જોઈએ. તરંગવતીને જેમ લાગતું હતું કે પ્રિય વિનાનું આખું જગત કૂછ નહિ, પ્રિયની આગળ જગત માલ વિનાનું છે, એમ આપણને મૂળ પાયામાં અરિહંત પરમાત્મા માટે લાગવું જોઈએ કે **'મારા અરિહંત વિનાનું જગત કૂછ નહિ, અરિહંતની આગળ જગત માલ વિનાનું છે.'** આવું જો હાડોહાડ લાગી જાય તો પછી એમનાં સાથે સાક્ષાત્ પરંપરાએ સંકળાયેલ વ્યાખ્યાનની વાતો વિગતો સાંભળવામાં ખાસો રસ રહે. વાત આ છે કે જેમ પ્રેમીને પોતાના પ્રેમી પર અતિશય પ્રેમનો અનુભવ છે એવો.

**આપણને પરમાત્મા પર અતિશય પ્રેમનો અનુભવ નથી, એટલે એમના અંગેની વસ્તુમાં રસ નથી.**

એટલે આવા સવાલ ઉઠે છે કે વ્યાખ્યાનમાં ખાલી હકીકત જેવી વસ્તુ કહે યા ખાલી શ્લોક ને એનો અર્થ કરે, એમાં શો રસ આવે ?

પેલી તરંગવતીને પોતાના પ્રિય પર અતિશય પ્રેમ છે, તેથી એના અંગેની એકેક વાત સાંભળવામાં રસ છે. દાસી પાસેથી પદ્મદેવનો પત્ર મળ્યા પર એનું હૈયું એકદમ પુલકિત થઈ ગયું ! અને પત્રને નમન કરી ફોડે છે. પત્રના મરોડદાર અક્ષર પરથી એના લેખક પોતાના પ્રિયનું સુંદરરૂપ કલ્પી લે છે. આમ તો હજી પ્રિય જોવા નથી મળ્યો, એટલે અક્ષર પરથી એનું રૂપ કલ્પીને ખુશી થાય છે. ખુશી થઈને પત્ર વાંચે છે.

**કોઈનો પ્રેમપત્ર વાંચતાં વૈરાગ્ય જગાવો.**

જ્ઞાનીઓની દૃષ્ટિએ આવા પ્રેમપત્ર એ મોહની પાગલતામાંથી લખાયેલા હોય છે. તેથી એવો કોઈનો પ્રેમપત્ર વાંચતાં સાંભળતાં મનમાં કોઈ અસર રાગની ઉર્મિ નહિ જગાડવાની, કિન્તુ સંસારિઓનું હાસ્યાસ્પદ નાટક જોઈ ભવવૈરાગ્ય વધારવાનો કે હે આ પાગલ સંસાર ! એમાં ફસેલા જીવ કેવા કેવા ગાંડા પ્રલાપ અને ગાંડી ગાંડી પ્રવૃત્તિ કરે છે !' આવો વૈરાગ્યભાવ જાગતો કરવામાં આવે પછી પ્રેમપત્રનાં ગાંડપણભર્યા ઉલ્લેખ વાંચતાં મનને કશો કામરાગ સ્પર્શે નહિ; ઊલટું એમાં ઉત્તમોત્તમ મનુષ્ય ભવની વિટંબણા થતી દેખાય.



પદ્મદેવ પત્રમાં તરંગવતીને લખે છે કે,- "મારી હૃદયવાસિની તરંગવતીને મારી સ્મૃતિ પહોંચે, તારું આરોગ્ય સુચારું હશે, હાલ તો તારી અને મારા સ્નેહભર્યા પરસ્પરના સ્મરણ-ચિંતનથી કુશળતા સમજવી. અહીં મારે બધું કુશળ છે. માત્ર કામદેવના બાણના પ્રહારથી ઘવાયેલ હું, તને નહિ પ્રાપ્ત કરીને, ધીરજ ધરી શકતો નથી. તારી પણ એ જ સ્થિતિ હશે; કેમકે પૂર્વ ભવના રાગ અહીં વારસામાં ઊતરીને આપણને બાળી રહેલ છે.

**"પરંતુ** હે સુંદરાક્ષિ ! આ જગતની સ્થિતિ જોજે.

**અજ્ઞાન અને મોહના અંધકારથી વ્યાપ્ત આ જગતમાં જીવો વિવિધ યોનિઓમાં જન્મ પામીને આવા ઘેલા રાગ કરી કરી પરલોકને નષ્ટ કરે છે.**

"આપણે એવા આંધળા મોહમાં તણાવાનું નહિ, કશું અજુગતું કરી બેસવાનું નહિ માટે હે સુજ્ઞ બાળા ! હું તને પ્રાર્થના કરુ છું કે આપણે પરસ્પર રૂબરૂ મળીએ નહીં ત્યાંસુધી, તારે ધીરજ ધરી કાળ પસાર કરવાનો, તારી ખાતર થઈને હું મિત્રો સગા-સ્નેહીઓ દ્વારા તારા પિતાજીને રાજી કરવા, સમંત કરવા જોરદાર પ્રયત્ન કરું છું. ત્યાંસુધી થોડો કાળ વિલંબ થશે. એટલી તું રાહ જોજે. બસ, આટલી આ તારા દાસની વિનંતી છે."

આ પત્રમાં પદ્મદેવનું કેટલું બધું ડહાપણ તરવરે છે ! તરંગવતી વિલંબ થવામાં ફોગટ રોઈ ન મરે કે આત્મહત્યા જેવું કાંક અજુગતું કરી ન બેસે, એની શિખામણ આપે છે.

પરંતુ વિધિની વક્રતા જુઓ કેવી છે ! તરંગવતી પત્રનો ભાવાર્થ એવો તારવે છે કે પ્રિયને મારા પર એટલી બધી પ્રેમની લગન નથી. નહિતર જો ભારે લગન હોત તો એક ક્ષણ પણ વિલંબની વાત ન કરત.' આવું પત્ર પરથી સમજી તરંગવતી ખિન્ન થાય છે.

**આશય નહિ સમજવાના અનર્થ.**

પ્રિયના હાર્દિક આશયને નહિ સમજવાના કારણે પ્રિયનો પ્રેમ અને શાણપણ ભર્યો પણ વ્યવહાર એને દુઃખરૂપ બને છે. પોતાના મનથી પોતે જ અઘટતું વિચારી જાતે જ દુઃખ ઊભું કરે છે !

આ સંસારની કેવીક વિચિત્રતા છે !

**માણસને કર્મ કે બીજાં કોઈ દુઃખ આપે એના કરતાં વધુ દુઃખ પોતે પોતાની અસત્ કલ્પનાથી ઊભા કરે છે.**

દા.ત. (૧) અશાતા વેદનીય કર્મ ઉદય આવ્યા, તાવ ખાંસી થઈ, એ કર્મથી દુઃખ તો આવ્યું, પરંતુ હવે એના પર એમ વિચારવા બેસે કે 'હાય ! આ

ક્યાં તાવ આવ્યો ? મારે કેટલાં કામ બગડશે ?' યા 'આ દિવાળીમાં તૈયાર કરેલા માલ મેવા ઉડાવવાના રહી જશે ! આમ કર્મે આપ્યા દુઃખમાં બળાપામાં દુઃખ વધી ગયું. એમ (૨) કોઈના તરફથી આપણને કશું દુઃખ આવ્યું, કશી પ્રતિકૂળતા થઈ, તો એના પર જો એમ વિચારવા બેસીએ કે આ નાલાયક સમજે છે શું ? એના બાપનું મેં શું બગાડ્યું હતું તે આમ મારું બગાડવા આવ્યો ? આવા હરામીઓને તો બતાવી દેવું જોઈએ !' તો સામાએ આપેલા દુઃખમાં આમ અસત્ વિચારો કરી વધારે દુઃખી થઈએ છીએ.

આ તો કદાચ સામા તરફથી પ્રતિકૂળતા આવી એના પર અસત્ વિચારણાથી સંતાપનું દુઃખ, પરંતુ કેટલીકવાર સામાએ આપણું કશું બગાડ્યું નથી, છતાં ય પોતે સામાના આશયને નહિ સમજી અસત્ કલ્પના કરાય, તો એનું દુઃખ મફતિયું ઊભું થાય છે.

**આશયની ગેરસમજથી દુઃખ આનંદકુમાર :-**

દા.ત. સમરાદિત્ય કેવળી બીજા ભવમાં રાજા સિંહકુમાર છે, તે એકવાર નદીના કીનારે જુએ છે તો એક દેડકાએ મોંમાં જીવડું પકડ્યું છે; ને દેડકાને સરટાએ મોંમાં પકડ્યો છે, તેમજ સરટાને વળી એક સાપે મોંમાં પકડ્યો છે, તો સાપને એક જંગલી પ્રાણી તરછાએ પકડ્યો છે !...' આ 'મત્સ્ય-ગલાગલ ન્યાય' દેખીને રાજાને સંસાર પર ભારે વૈરાગ્ય જાગી ગયો, તુરત મુકામે આવી દીકરાને રાજ્ય સોંપી ચારિત્ર લેવાની તૈયારી કરે છે. એ માટે દીકરાને બોલાવવા એના આવાસે માણસ મોકલે છે. માણસ જઈને કહે છે કે તમને રાજ્યગાદી સોંપવાની છે, તો પધારો, બાપાજી બોલાવે છે, ત્યારે છોકરો આનંદ પિતાના આશયને ઊંધો સમજે છે. તેથી કહે છે, શું હું ગરીબડો દયાદાન પર જીવનારો ? તે બાપાજી મને રાજ્યનું દયાદાન કરે, ને તે મારે લેવાનું છટ્ હું કાંઈ ભિખારી નથી તે બાપાજી રાજ્યની ભિક્ષા આપે ને તે હું લઉં. હું તો મારા બાહુબળથી રાજ્ય લઈશ.' આટલું કહીને ય એ જપ્યો નહિ, પરંતુ માણસે જઈને બાપ રાજાને આ વાત કરી ત્યારે રાજા પોતે સમજાવવા અને ગેરસમજ હોય તો કાઢી નખાવવા આવ્યા, ત્યારે એ રાજાના આશયને ઊંધો સમજનાર કુમારે શું કર્યું જાણો છો ? એણે સીધી તલવાર હાથમાં લઈ બેઠેલા રાજાના શરીર પર તલવારનો ઘા ઠોક્યો !

'આશય ન સમજવામાં કેવું પાપ ? સામાનો શુદ્ધ આશય ન સમજવામાં કેવાક અનર્થ થાય છે ! પછી, ન છાજતા વિચાર કરશે, અણછાજતા બોલ બોલશે, અને અઘટતાં આચરણ કરશે !

એક ગામમાં બહારથી સાધ્વીજી આવ્યા, પુરુષોના ખાલી ઉપાશ્રયના મેડા



પર ચડવા જતા હતા, ત્યાં સામણ શ્રાવિકા નીચેથી બોલી 'ગરણીજી મહારાજ નીચે ઉતરો. એનો આશય એવો હતો કે નીચે એટલે કે નીચેના ભાગમાં ઊતરો' પણ સાધ્વીજી સમજ્યા કે મને નીચે ઊતરી ચાલી જવા કહે છે, તેથી ખોટું લાગ્યું, અને ત્યાંથી નીકળી જઈ બીજા ઉપાશ્રયે મોટા સાધુને ફરિયાદ કરી, ને એમાંથી કલેશ ઊભો થયો ! આશય ન સમજવામાં કેટલો ગોટાળો ? નાહકનું દુઃખ ઊભું થયું.

**ત્રિશલામાતાને આશય ન સમજાતાં દુઃખ :-**

જુઓ, મહાવીરપ્રભુ ગર્ભમાં હતાં ત્યારે એમને માતૃભક્તિ ઊભરાઈ આવી. એમને એમ થયું કે 'હું આ શરીરથી હાલ હાલ કરું છું એમાં માતાને કષ્ટ પડે છે, માટે હું મન મારીને શરીરને સ્થિર નિષ્કંપ રાખું' એમ વિચારી પ્રભુ સ્થિર બની ગયા, ત્યારે માતાને ગર્ભના જીવનો આશય સમજાયો નહિ. એટલે એમને ઊંધો વિચાર આવ્યો કે હાય ! પહેલાં મારો ગર્ભ સળવળતો હતો, હવે એ સળવળાટ દેખાતો નથી તો શું મારો ગર્ભ ચ્યવી ગયો ? ગળી ગયો ?...' એમ કરી માતા ભારે ગમગીનીમાં પડ્યા; પ્રભુએ એ જાણીને જોયું કે મેં માતા પ્રત્યેની ભક્તિથી એમને શાતા માટે સ્થિર રહેવાનું કર્યું, તો માતાને અશાતા માટે થયું ! તેથી મારે પૂર્વવત્ સળવળતા રહેવું જ ઉચિત છે.' એમ કરી ગર્ભમાં સહેજ સળવળ્યા એટલે માતાને સંતોષ થયો કે હાશ ! મારો ગર્ભ પડી ગયો નથી,' પ્રભુના ભક્તિભર્યા આશયને નહિ સમજી શકવાથી માતાને સ્વમતિ કલ્પનામાં દુઃખ થયું !

**તરંગવતીને આશય ન સમજવાથી દુઃખ :-**

એવું અહીં તરંગવતીને બને છે. પોતાના પ્રિય પદ્મદેવનો ગંભીર આશય નહિ સમજી શકવાથી ઊંધું માની બેસે છે કે એ વિલંબનું કહે છે એ સૂચવે છે કે એમની મારા પ્રત્યે પ્રેમ-લગન ઓછી છે,' ને તેથી એ ખિન્ન થઈ જાય છે. સંસારમાં આવું કેટલું ય ચાલતું હોય છે કે સામાનો આશય ન સમજી શકવાથી માણસ કષાયની પરિણતિમાં પડે છે, જો સામાના આશયનો વિચાર કરે અને આશય સમજે, તો ખોટા દુઃખ ખોટા કષાય ઊઠવાનું ન થાય.

**કૌશલ્યાને આશયની ગેરસમજ :-**

દશરથ રાજાએ શાન્તિસ્નાત્ર કરાવ્યું, અને પછીથી એનું ન્હવણ જળ બધી રાણીઓને જુદા જુદા માણસ સાથે મોકલ્યું. પરંતુ એમાં કૈકેયી વગેરે રાણીઓને એ ન્હવણ જળ સમયસર પહોંચી ગયું ત્યારે કૌશલ્યાને ન પહોંચ્યું, તેથી કૌશલ્યાએ માની લીધું કે રાજાને બીજી રાણીઓ માનીતી છે, ને હું જ અણમાનીતી છું, તેથી મને ન્હવણજળ ન મોકલ્યું ! એથી એને ગુસ્સો ઊઠ્યો, ને પોતે રીસના ઘરમાં જઈ

બેસી ગયા. રાજાનો એવો કોઈ આશય હતો જ નહિ, છતાં આશયની અસત્ કલ્પનામાં કૌશલ્યા રીસમાં ચડ્યા દુઃખમાં પડ્યા. પછીથી રાજાને એની ખબર પડી એટલે કૌશલ્યાને સમજાવવા ગયા. સમજાવે છે, પણ કૌશલ્યાને ગળે ઊતરતું નથી. એટલામાં ન્હવણજળ લઈને કંચુકી આવ્યો.

રાજા પૂછે 'કેમ ભાઈ મોડો ?'

પેલો કહે કે 'સાહેબ ! બીજી રાણીઓ માટે ન્હવણજળ લઈ જનાર યુવાન નોકરો હતો, ને હું ઘરડો થયેલ છું એટલે પગમાં એવી દોડી પોકવાની શક્તિ નહિ, તેથી અહીં પહોંચતા જરાવાર લાગી. ક્ષમા કરજો.....'

કૌશલ્યાને રાજા કહે જુઓ, ન્હવણજળ તમારા માટે પણ બીજાની હારોહાર મોકલેલું છે કે નહિ ?' રાણી કૌશલ્યા હવે સમજ્યા કે રાજાનો પોતાને ટાળવાનો કોઈ આશય હતો જ નહિ, એટલે રીસ મૂકી હસતા થઈ ગયા, ને ખોટી કલ્પના કર્યા બદલ ક્ષમા માગે છે.

**આશયની ઊંધી સમજમાં દુઃખ; અને સીધી સમજમાં દુઃખ પલાયન.**

તરંગવતી, પદ્મદેવનો વિલંબ થાય એટલી ધીરજ ધરવાની એ કથનનો આશય ઊંધો સમજી બેઠી ! કે મારા પર હવે એવો પ્રિયનો જ્વલંત પ્રેમ નથી, તેથી દુઃખી થાય છે. ત્યાં સારસિકા કહે,- અરે મારી સ્વામીની ! દુઃખી શાને થાય ? જરા એમણે આપેલા પ્રેમ પ્રીતિ ભર્યા પત્રના લખાણને જો. તારા મનોરથને પૂરે એવી કેટલી બધી પ્રીત એમાં ઠાલવી છે ! અને તારા સમાગમની કેટલી બધી આતુરતા બતાવી છે !'

તરંગવતી કહે 'તો પછી એ સમાગમના વિલંબનું કેમ લખે છે ? જો જોરદાર પ્રીત હોય, તો સમાગમમાં વિલંબનું લખે ?'

**ઉત્તમ પુરુષ કેવા હોય ? :-**

સારસિકા કહે 'અરે ! સ્વામિની મારી ! એ ઉત્તમ પુરુષ છે, ને ઉત્તમ કુલમાં જન્મેલા છે, એટલે ઉત્તમ કુળમર્યાદાને પાળનારા હોય, તેમજ પોતાને મળેલ શાસ્ત્ર-બોધનો ઉપયોગ કરનારા હોય. તેથી પોતે કાંઈ પ્રવૃત્તિ કરવી હોય તે આ બધો વિચાર કરીને કરે, પણ આંધળું સાહસ ન કરે.

**વગર વિચાર્યે કામ કરનાર, અને કાર્ય સાધક ન હોય એવામાં પ્રવૃત્તિ કરનાર અંતે પસ્તાય છે.**

એટલે વિચારીને કામ કરનાર અને ચોક્કસ ઉપાયમાં પ્રવૃત્તિ કરનાર આવા ઉત્તમ પુરુષ ચોક્કસ કાર્યસાધક ઉપાય અને સમયની રાહ જુએ. તો એટલા માત્રથી માની લેવાની જરૂર નથી કે એમના પ્રેમમાં મંદતા આવી છે. હું મારી નજરે જોઈને



આવી છું કે તારા પરના અથાગ પ્રેમના લીધે તો તારા વિયોગમાં ઝૂરી રહ્યા છે, પરંતુ કુળવંશના નિર્મળ યશને કલંક લાગે એનાથી ડરે છે, તેથી કામના બાણથી અતિ પીડિત છતાં એવાં કલંકના ભયથી સન્માર્ગને છોડતા નથી. આવા ઉત્તમ પુરુષને પ્રિય તરીકે પામીને તું તો મહાન ભાગ્યશાળી બની છે.

ઇત્યાદિ સમજાવટથી તરંગવતી એ વખતે તો સમજી ગઈ, ભોજન કરી લીધું, પણ પછીથી પાછો રાગનો ઉછાળો આવ્યો તે દાસીને કહે અલી એ સારસિકા ! જો હું બહુ દુઃખિત છું. હવે મારે પ્રિયના દર્શન વિના રહેવાય એવું નથી. હૈયું સંશયથી બળી રહ્યું છે. માટે તું મને જલ્દી એમનાં દર્શન કરાવ.'

**સખીની શાણપણભરી વાત :-**

સખી કહે "બેન ! તારા કુળના પર્વત જેવા ઊંચા યશને ધક્કો ન લગાડ. હમણાં ને હમણાં એનાં દર્શને જવાની વાત એક સાહસ છે. એમ કરવામાં તો બીજાની દૃષ્ટિએ હાંસીપાત્ર થવું પડે. પહેલાં તારા પિતાજી જ હાંસી કરે કે જુઓ અમે જેને નપાસ કર્યો, જેના સાથે સગાઈ પણ નથી થઈ. એને આ ગાંડી મળવા દોડી. લોકમાં પણ કુલીન કન્યાનું સગાઈ-સંબંધ વિના પ્રિયને મળવા જવાનું પગલું ગેરવાજબી ગણાય છે, અને તારા પ્રિય પદ્મદેવની દૃષ્ટિમાં પણ તું આવું કરે એ અનુચિત હોઈ હાંસીપાત્ર લાગે. માટે શું કામ આવા સાહસનો વિચાર કરે છે ?

"તું શું કામ અધીરી થાય ? તારા પ્રિયતમે તો તને જીવિત અર્પણ કર્યું છે. હવે શા સારું ઉતાવળી થઈને અપયશ મળે એવું પગલું ભરવાનો વિચાર કરે છે ? દેવ-ગુરુ-ધર્મ પર શ્રદ્ધા રાખ કે એમના પ્રભાવે તારી ધારણા સફળ થવાની જ છે.

તરંગવતી સાધ્વીજી પોતાની આત્મકથા પેલી શેઠાણી આગળ કહી રહી છે, એમાં એ કહે છે, ગૃહિણી ! દાસીની શિખામણ યથાર્થ હતી કે સાહસ કરવું એમાં ઉત્તમ કુળને અપયશ લાગે, વડીલ ને બીજાઓની દૃષ્ટિમાં હાંસીપાત્ર બનવું પડે. પોતાના પ્રિયને પણ આ વાત અણગમતી લાગે...વગેરે વગેરે નુક્સાન બતાવેલા તો એનું કથન વાજબી હતું, પરંતુ તમે જાણો છો ને કે

**સ્ત્રીનો સાહસનો સ્વભાવ હોય છે; અને એને વિવેક હોતો નથી કે આનું કેવું સારું-નરસું પરિણામ આવે ?' એટલે,**

**અતિરાગ મારે : આપઘાતનો વિચાર :-**

મેં તો દાસીને કહી દીધું કે સારસિકા ! ભલે તું સાહસ ન કરવા કહેતી હોય, પરંતુ સાહસ કર્યા વિના મોટા કાર્યની સિદ્ધિ નથી થતી; અને તું જાણે છે ખરી કે મને આજે દિલમાં પ્રિયતમના સમાગમની ઇચ્છાની કેવી આગ લાગી છે ! આજ હું એના પ્રત્યેના રાગથી એનું દર્શન પણ નહિ મળવાથી અંગે અંગમાં બળું બળું થઈ

રહી છું. તારે બધી ડહાપણની વાતો કરવી છે, પરંતુ મારા દિલમાંની આગ તારે જોવી નથી. ભલે ને જો, પણ હું તને કહી દઉં છું કે હમણાં જ મને તું પ્રિયનું દર્શન કરાવ, નહિતર હવે મારે જીવવું મુશ્કેલ છે. જો તું મને પ્રિય પાસે નહિ લઈ જાય, તો તું મને હવે જીવતી નહિ જોઈ શકે. મારે હવે એક જ રસ્તો છે આત્મઘાતનો.''

**રાગ ઊઠ્યા પછી કાબૂ બહાર :-**

આ ઉપરથી રાગ અતિ થઈ જાય ત્યારે એનો કેવો પ્રત્યાઘાત જીવન ઉપર પડે છે, તે અહીં જોવા મળે છે. એટલા જ માટે જ્ઞાની ભગવંતો જીવનમાં પૌદ્ગલિક રાગ કરતા પહેલાં બહુ વિચાર કરવાનું કહે છે; કેમકે રાગ ઊભો કર્યા પછી કાબૂમાં રહેતો નથી, ને એવાં એવાં ન કરવાનાં કામ ને ન કરવાના સાહસ કરાવે છે, કે પછીથી એમાં પસ્તાવાનો પાર નથી રહેતો.

**રાજા કનકકેતુની દુષ્ટમતિ :-**

કનકકેતુ રાજાને પોતે જીવે ત્યાંસુધી રાજા બની રહેવાનો લોભ લાગ્યો, રાગ જાગ્યો, તો એણે વિચાર્યું કે ''જો મારો છોકરો મોટો થઈ જાય તો મારે એને રાજ્ય સોંપી નિવૃત્ત થવું જ પડે; કેમકે એ મોટો થયા પછી રાજ્ય કુશળ થયો હોય, એટલે એ પછી મારા જેવા ઘરડાને રાજા બન્યો રહેવા ઈચ્છે જ નહિ...તેથી મારે એને રાજ્યગાદી સોંપવી જ પડે; ને પછી તો જે સત્તાના હોદ્દે, એની જ બોલબાલા! એટલે મારે ગુલામી જ રહે અને જો રાજગાદી એને ન સોંપું તો તેથી કાં તો એ મને પૂરો જ કરી નાખે અથવા જીંદગી સુધી જેલના સળિયા પાછળ સડતો રાખે. આવું કાંઈક બને એ પહેલાં જ છોકરો જન્મે કે તરત એના એકાદ અંગોપાંગમાં એવી ખોડ ઊભી કરી દઉં કે એ રાજા બનવાને લાયક જ રહે નહિ. કેમકે એવો નિયમ છે કે રાજા બનાવતા પહેલાં એના બધા જ અંગ અક્ષત છે ને ? એ જોઈ લેવું પડે. આમ એકે એક છોકરાને જનમતાં જ ક્ષત અંગવાળો બનાવ્યા પછી હું નિશ્ચિતપણે જીવું ત્યાંસુધી રાજા બન્યો રહું.''

આ વિચારથી રાણીને છોકરો જનમતો કે તરત એના કાનની બુટમાં છેદ કરાવેલો. પછી વળી બીજો છોકરો જન્મયો તો એની આંગળીમાં સહેજ છેદ કરાવેલો. આવું થવા માંડ્યું, એટલે રાણી નવો ગર્ભ રહેતાં વિમાસણમાં પડી ગઈ કે શું રાજા આને પણ જનમ્યા પછી આવી રીતે અંગ છેદ કરાવશે ? આમાં રાજાની દાનત એ લાગી છે કે અંગ છેદ કરાવીને છોકરાને રાજા થવાનો યોગ્ય ન રહેવા દેવા, અને પોતે જીવે ત્યાંસુધી રાજા બન્યા રહેવું. પરંતુ એમાં તો રાજાના પોતાના મર્યા પછી રાજા કોણ રહેશે ? પ્રજાનો રક્ષણહાર કોણ ? આ વિસામણથી એણે દિવાનને બોલાવીને આ વાત કરી કે આનો કોઈ ઈલાજ કરવો જોઈએ. દિવાન તેતલીપુત્ર



ડાહ્યો હતો. એટલે એણે પણ જોયું કે મહારાણીની વાત તો સાચી છે. રાજાની આ અતિ રાગમૂઢ દશા છે. નહિતર પોતાના જ છોકરાનું જનમતાં જ અંગ કેમ છેદાવે ? તેથી રાણીને કહે છે,-

''જુઓ, મહારાણી સાહેબ ! આમાં કાંઈ રાજાને સમજાવી શકાય એવું નથી; કેમકે હું દિવાન છતાં ગમે તેમ તો ય રાજાનો એક નોકર માણસ, એથી રાજા કાંઈ મારું કહ્યું માને નહિ. ઊલટું. આમાં પોતાના અતિ લોભના કારણે તો જુએ કે આ દિવાન દોઢ ડહાપણ કરે છે માટે એને હટાવી દેવો, અને બીજાને દિવાનગીરી સોંપી દેવી, પણ બીજાની દિવાનગીરીમાં એ કાંઈનું કાંઈ કરી નાખે; મને કાંઈ દિવાન બન્યા રહેવાનો લોભ નથી. પરંતુ જો હું ખસી જાઉં તો તમારી ધારણા કે 'પુત્રનું અંગ ન છેદાય' એ સફળ થાય નહિ. માટે મને એક રસ્તો દેખાય છે પરંતુ એમાં તમારે થોડો મોહ જતો કરવો પડે. રાણી કહે છોકરો જો અખંડ અંગવાળો રહેતો હોય, તો ભલે મારે કોઈ મોહ રાખવો નથી. બોલો શું કરવું જોઈએ ?

**દિવાનની રાજપુત્ર-રક્ષાર્થે યુક્તિ :-**

ત્યારે દિવાન કહે છે,- જ્યારે પુત્રનો જન્મ થવાનો હોય તે પહેલાં મને ખબર આપજો એટલે તમારા પુત્રની જગ્યાએ હું બીજા તરત જન્મેલા બાળકને મુકાવી દઈશ. અને તમારા પુત્રને લઈ જઈ મારા પુત્ર તરીકે ઊછેરીશ. આમ તમારે તમારા પુત્રનો તમારી પાસે જ રાખવાનો મોહ જતો કરવો પડે; પછી તો જ્યારે રાજાની હયાતી નહિ હોય, ત્યારે તમારા આ જ પુત્રને હું રાજગાદીએ બેસાડી દઈશ,'' ખરેખર એ રીતે જ કરી રાણીના બાળકને પોતાને ત્યાં પોતાના પુત્ર તરીકે ઊછેરી મોટો કર્યો, હવે કનકકેતુ રાજાના મરી ગયા પછી હવે રાજા કોને બનાવવો ?' એની મુંઝવણમાં બીજા મંત્રિઓ પડી ગયા, કેમકે રાજાના પૂર્વના દીકરા બધા જ કોઈને કોઈ અંગે ક્ષતવાળા હતા ત્યારે આ મુખ્ય દિવાન તેતલીપુત્રે પોતાને ત્યાંથી પાળેલા રાજપુત્રને હાજર કર્યો અને એની માતા મહારાણીને પણ બોલાવી, બીજા મંત્રીઓને બધો ખુલાસો કરી ખાતરી કરાવી આ એનો જ પુત્ર છે...

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૪,અંક-૧૭,તા.૪-૧-૧૯૮૫**

**તરંગવતીનો ભારે નિર્ણય :-**

વાત આ હતી કે કનકકેતુ રાજાને જીવનભર રાજા બની રહેવાનો કેવો જાલિમ રાગ કે એના અંધાપામાં પોતાના જ છોકરાના અંગમાં છેદ કરાવતો ! પેલી તરંગવતી પ્રિયમિલનના અતિરાગમાં સારસિકાને કહે,-

"જો તું મને પ્રિય પાસે નહિ લઈ જાય, તો તારી સમક્ષ મારા પ્રાણ ગયા સમજજે. માટે હવે કાળ વિલંબ ન કર. ભલે અત્યારે પ્રિયના દર્શને જવું મારા માટે અકાર્ય હોય તો ઊઠ લઈ જા મને એમની પાસે." આવું જ્યારે તરંગતી બોલી ત્યારે એમાં દાસીએ જોઈ લીધું કે હવે વિલંબ કરવા જેવો નથી કોણ જાણે શું નું શું કરી બેસે ?' તેથી તરંગવતીને કહે સ્વામીની તારો બહુ આગ્રહ છે તો ચાલ લઈ જાઉં તને.'

પ્રિયને મળવાની કેવી તાલાવેલી ! આપણે આ પરથી આપણા આત્મા માટે આ તપાસવા જેવું છે કે **'આપણા પ્રિય પરમાત્માને મળવાની તાલાવેલી કેવી ? અને કેટલી ?**

**પ્ર.**- પરમાત્મા જીવંતરૂપે તો અત્યારે સીમંધરભગવાન મહાવિદેહક્ષેત્રમાં વિચરે છે, એમને આપણો આ જીવંત દેહે મલી શકવાની શક્યતા જ ન હોય, પછી એમને મળવાની તાલાવેલી રાખ્યે શું વળે ?

ઉ.- આ સવાલમાં જૈનશાસનની રીતિ-નીતિ ભૂલી ગયા. જૈનશાસન નાના રૂપમાં સ્થાપના જિનને મળવાનું પણ પરમાત્માને મળવાનું માને છે. એટલે જ રોજિંદા કર્તવ્યમાં પ્રભુદર્શન-પૂજનને અવશ્ય કર્તવ્ય બતાવે છે. ત્યાં આ તપાસો કે પ્રભુદર્શને જવાની તાલાવેલી કેવી રહે છે ? કહેતા નહિ,-

**દર્શનની તાલાવેલી કેવી ? વકીલને મળવા જવા જેવી ? :-**

**પ્ર.**- રોજ પ્રભુદર્શને તો અમે જઈએ જ છીએ; તે શું તાલાવેલી વિના જઈએ છીએ ?

ઉ.- તાલાવેલી સમજો છો ? કોરટની કેસની મુદ્દત હોય અને વકીલે કહ્યુ હોય "તમે વહેલી સવારે મને મળવા આવજો એટલે તમારી પાસે બધી વિગત સમજી લઈ બપોરે કોરટમાં કેમ રજુઆત કરવી તે ગોઠવી દઈશ." હવે બોલો, વકીલને મળવાની પેલાને તાલાવેલી કેવી હોય ? કેટલી હોય ? અને સવારે વેળાસર ઊઠીને જાય, વકીલ મળી જાય, અને પોતાની વાત વકીલ સાંભળી લે, ત્યાં એને કેટલો બધો સંતોષ થાય કે 'હાશ ! વકીલ તરત મળી ગયો ને મારી વિગત બરાબર સાંભલી લીધી ! સારું થયું.'

આપણને સવારે પ્રભુનાં દર્શને જવાની આવી તાલાવેલી ખરી ને ? પેલાને રાત્રે સૂવા જતાં આ ખણજ કે મારે વહેલા વકીલને મળવાનું છે,' એમ આપણને

**રાત્રે સૂવા જતાં ખણજ ખરીને કે મારે સવારે વહેલા પ્રભુને મળવા જવાનું છે ? ને મારે મારી વિગત સંભળાવવાની છે ?'**

આ ખણજ, આ તાલાવેલી છે ખરી ? એમ કહો રાતની કાં માંડો ? ઠેઠ



સવારે દર્શનના સમય પહેલાં પણ એવી તીવ્ર ખણજ તીવ્ર તાલાવેલી ક્યાં છે ? બસ, રોજના રાબેતા મુજબ સવારે પ્રભુદર્શન કરી આવવાના, એટલી જ ગણતરી છે. દર્શનની કોઈ તેવી તીવ્ર ખણજ તીવ્ર તાલાવેલી કશી જ નહિ ! એટલે પ્રભુદર્શને પ્રભુને આપણું કશું દરદ સંભળાવવાની પણ તીવ્ર તાલાવેલી નથી કેમ એમ જ ને ? કારણ કાંઈ ? કહો, અમે પેલા વકીલની જેમ પ્રભુ પ્રિય નથી બનાવ્યા ! આ તો માત્ર દર્શન વખતની તાલાવેલીની દિવસમાં પ્રિય પ્રભુનાં દર્શનની, પ્રભુને મળવાની, અને આપણી વાત સંભળાવવાની તાલાવેલી તો નહિ, પણ સંભારણું ય ક્યાં છે ?

આ તો બાહ્યમાં નાનારૂપમાં પ્રભુદર્શનની (મૂર્તિદર્શનની) તાલાવેલીની વાત થઈ, પરંતુ તેથી ય મોટા દર્શન આભ્યન્તરમાં કરવાનાં છે. આપણે પરમાત્માને મનમાં લાવીએ, હૃદયમાં ધારીએ, અને એ જાણે જીવંત બેઠા છે. અને એમને આપણે વિનંતી કરીએ છીએ, તથા આત્મસાત્ કરવા પ્રયત્ન કરીએ છીએ; એમ ધારવાનું છે. આમાં દા.ત. ભલે સીમંધર પ્રભુની હજુરમાં આજે આપણે ન પહોંચી શકીએ, કિન્તુ **આભ્યંતરમાં પ્રભુની સાથે મળવાનું ગમે તે સમયે સાક્ષાત્ જેવું કરી શકીએ છીએ,**

યાવત્ કષ્ટમય અંતિમ મૃત્યુ સમયે પણ આપણા અંતરમાં સીમંધર પ્રભુને હાજરાહજુર જેવા મળી શકીએ છીએ, ને એમને વાત વિનંતી કરી શકીએ છીએ. સવાલ થશે.

**પ્ર.- આભ્યન્તરમાં પ્રભુની શી રીતે ધારણા કરી શકીએ ? :-**

ઉ.- આનો ઉપાય સરળ છે,- મંદિરમાં પ્રભુનું દર્શન કરતાં હોઈએ ત્યારે એક બે મિનિટ પ્રભુને ઉઘાડી આંખે જોઈ લીધા પછી બંધ આંખે મનથી જોવાના. એ પણ પહેલાં બહારમાં ધારવાના અને પછી અંદરમાં હૃદયમાં બિરાજમાન ધારવાના. ખૂબી એ થશે કે કે ઉઘાડી આંખે પ્રભુને જોઈએ ત્યારે પ્રભુની સાથે આસપાસનું ય દેખાતું રહે છે, એટલે પ્રભુ ઉપર એટલી બધી એકાગ્રતા કોન્સેન્ટ્રેશન કરવાનું મુશ્કેલ પડે છે; પરંતુ જ્યાં પ્રભુને બંધ આંખે જોવાનું કરીએ, ત્યાં આસપાસનું બધું દેખાતું બંધ થાય છે, અને માત્ર પ્રભુને ધારીએ એટલે પ્રભુ જ દેખાય છે.

અલબત અંતરમાં પ્રભુને ધારવા માટે, મગજ પર બાહ્યદર્શનનાં બહુ ભાર, ટેન્શન નહિ રાખવા જોઈએ. નહિતર અંતરમાં પ્રભુને ધારવા જઈએ ત્યારે ય એ ભૂતડાં અંતરમાં સળવળ્યા કરે એટલે પ્રભુને ચોક્કસ રૂપે ધારવા ન દે. બાકી તો ફોરા મનથી અંતરમાં પ્રભુને ધારીએ એટલે તો અંતરમાં પ્રભુ જાણે આપણી સામે આપણી અરજી સાંભળવા હૂબહૂ બેઠેલા દેખી શકાય. પછી ત્યાં પ્રભુને આપણાં દિલદર્દ કહી શકીએ કે

**પ્રભુને પ્રાર્થના :-**

"નાથ ! હું કર્મોથી અને મોહની રાગ-દ્વેષાદિ લાગણીઓથી ઘણો ઘણો પીડિત છું. ભૂતકાળની ભૂલો યાદ આવી આવી મનને વ્યથિત કરી દે છે. મનને એમ થયા કરે છે કે અમુક વખતે મેં આમ કર્યું હોત તો ઠીક રહેત ! અથવા કરવા જેવું અમુક ન કર્યું તો બાજી ભારે બગડી ગઈ ! એના દુઃખદ પરિણામ મારે હજી ભોગવવા પડે છે ! આ બધાં સંભારણાં પ્રભુ ! ખોટાં છે, વળતું કાંઈ નથી, ખોટાં કર્મબંધન થાય છે. એટલે હવે મારે તમારું જ શરણ છે

**"તુમે જિમ જાણો તિમ કરોજી, હું નવિ જાણું રે કાંઇ**
**દ્રવ્ય ભાવ સવિ રોગનાજી, જાણો સર્વ ઉપાય....કૃપાનિધિ.**
**હું એક જાણું તાહરુંજી, નામ માત્ર નિરધાર; (નમન માત્ર નિરધાર)**
**આલંબન મેં તે કર્યું જી તેહથી લહું ભવપાર...કૃપાનિધિ."**

"પ્રભુ ! મારી મુશીબતીઓમાં મને સમજ નથી પડતી કે મારે શું કરવું ? એ બધા મારા આત્માના રોગ છે. એ બધા દ્રવ્યરોગ ભાવરોગો મિટાડવાના સર્વ ઉપાય તમે જાણો છો. એ ઉપાયોની મને ખબર નથી. હું તો ઉપાય ગણો કે જે ગણો તે, એક માત્ર તારું નામ હું જાણું છું તારું માત્ર નમન જાણું છું.

અને પ્રભુ ! બધી મુશીબતોની કે ઇચ્છિતોની ચિંતાનો ને આર્તધ્યાનનો ભાર મારા માથે ન રાખતાં સુખશાન્તિ માટે એકમાત્ર તારા નામનો અને નમન વંદનનો આધાર મેં રાખ્યો છે. એથી બધી જ ચિંતાઓને પાર કરી જઈશ, એવો મને વિશ્વાસ છે."

આમ, પ્રભુની સાથે અંતરમાં મળવાનું થાય, અને પ્રભુને આપણી પ્રાર્થના અરજી સંભળાવવાનું થાય. આવી અરજીનો મોટો પ્રભાવ પડે છે; કેમકે અરિહંત પ્રભુની અચિંત્ય શક્તિ છે. પંચસૂત્ર શાસ્ત્ર કહે છે **'અચિંતસત્તિજુત્તા હિ તે મહાણુભાવા ભગવંતો વીયરાગા સવ્વણ્ણુ'** અર્થાત્ તે વીતરાગ સર્વજ્ઞ ભગવંતો અચિંત્ય શક્તિવાળા છે. અચિંત્યશક્તિ એટલે કે એમના શરણે જવાથી એને આપણો બધો કેસ સોંપી દેવાથી અચિંત્ય એટલે કે આપણી કલ્પના બહારની સિદ્ધિઓ કરી આપવાની એ શક્તિ ધરાવે છે.

**પ્રભુની આ અચિંત્ય શક્તિ પર અથાગ શ્રદ્ધા જોઈએ.**

અંતરમાં પ્રભુ આગળ રજુઆત કરીએ કે "હે વીતરાગ સર્વજ્ઞ પ્રભુ ! તમે અચિંત્ય શક્તિના માલિક છો, મને પૂરો વિશ્વાસ છે કે તમારી એ શક્તિના પ્રભાવે મારાં કાર્ય સિદ્ધ થવાના જ છે, મારી મુશ્કેલીઓ મટી જ જવાની છે મારે માત્ર તમારું એક શરણ છે."



આવી આવી અંતરમાં પ્રભુને વિનંતી કરી શકીએ, આત્માની વેદના કહી શકીએ; પણ પહેલી વાત આ છે કે આ રીતે પ્રભુને વાત મળવા અને વાત કરવા માટે અંતરમાં તાલાવેલી છે ખરી ?

પેલી તરંગવતીને પોતાના પ્રિયને મળવાની તીવ્ર તાલાવેલી છે, તેથી દાસીને કહે, તું હમણાં ને હમણાં મને પ્રિય પાસે લઈ જા, નહિતર હું તારી નજર સામે પ્રાણ ત્યાગ કરીશ.

દાસી હવે સમજી ગઈ કે આ કાંઈનું કાંઈ કરી બેસે એના કરતાં એને લઈ ચાલવા દે. કહે છે, "તારી બહુ ઇચ્છા છે તો ચાલ ચાલ હું તને લઈ જાઉં છું. ઉઠ.'

**તરંગવતીના પ્રિય દર્શન અંગેના તરંગો :-**

તરંગવતી સાધ્વી જ્યાં વહોરવા ગઈ છે તે ઘરની શેઠાણીની માગણીથી પોતાની આત્મકથા કહી રહી છે. ત્યાં એ કહે છે,- ગૃહિણી ! મારી દાસી સારસિકાએ જ્યાં મને લઈ જવા મંજૂર કર્યું ત્યાં મને એટલો બધો અત્યંત આનંદ થયો કે કહેવાની વાત નહિ ! મનમાં તરંગો ચાલ્યા, "અહાહા ! હવે મને પ્રિયનાં દર્શન મળશે ! ને એમને જોઈ જોઈ મારાં નેત્ર ધરાશે નહિ ! જઈને સીધી એમને જયનાદથી વધાવીશ. જય હો જય હો મારા અંતર્યામી સ્વામિનાથનો,' અને વધાવીને સીધી એમના પગમાં પડીને આંખના આંસુથી એમના ચરણનું પ્રક્ષાલન કરીશ. અને કહીશ કે 'નાથ ! નાથ ! મારા પૂર્વના પ્રાણનાથ ! ઘણા વખતે આપનાં દર્શન મળ્યા ! આપે દર્શન આપી મારા પર અસીમ ઉપકાર કર્યો ! હવે ભાઈસાબ ! મને કૃપાદૃષ્ટિથી નવરાવી નાખો. તમને જોઈ જોઈ મારું હૈયું ઊછળે છે કેવી ભગવાનની અપરંપાર દયા કે તમારો ફરીથી યોગ કરાવી આપ્યો ! લાખ લાખ ધન્યવાદ પ્રભુને ! હવે મારે હૈયાનો પ્રેમ ઠાલવવા મનમાન્યું મહાપાત્ર મળી ગયું ! ધન્ય ભાગ્ય મારાં કે ચોવીસે કલાક તન મન મોડીને સેવા કરવા સેવ્ય મારા નાથ મળી ગયા ! હવે મારે શી ખોટ છે ? મારા પ્રભુ ! મારા નાથ ! ચિરંજીવો ! ચિરકાળ જયવંતા વર્તો, તમારું આરોગ્ય-કૌશલ્ય ચિરકાળ સુખરૂપ ચાલો...'

**પરમાત્મદર્શન અંગેના તરંગો :-**

તરંગવતી કેવા તરંગોમાં ચડી છે ! શેના પર ? હવે નાથ મળશે એના હરખ હરખ ઉપર તરંગવતીના હૈયાના આ ભાવ આપણે આપણા હૈયામાં પ્રભુ પ્રત્યે ઉતારવાના છે જોઈ જોજો એ બધા સંબોધન પરમાત્મા પ્રત્યે લાગું કરતાં કેવો હરખ હરખ થશે જુઓ, ભગવાનને આપણે પણ સંબોધી શકીએ **"જય હો, જય હો, જય જય, મારા અંતર્યામી સ્વામીનાથનો જય હો !** ક્યારે જાઉં મારા પ્રભુ

પાસે અને એમના પગમાં પડી આંખનાં આંસુથી એમના ચરણને પ્રક્ષાલન કરું ! ને કહું નાથ ! મારા પ્રાણનાથ ! અનંત કાળે આપનાં દર્શન મળ્યાં ! આપે દર્શન આપી મારા પર અપરંપાર ઉપકાર કર્યો ! હવે પ્રભુ ! મને કૃપાદૃષ્ટિથી નવરાવી નાખો, જેથી મારા રાગદ્વેષ કામક્રોધાદિ મેલ સાફ ધોવાઈ જાય. અહાહા ! પ્રભુ તમને જોઈ જોઈ મારી આંખો ધરાતી નથી. કેમ જાણે પ્રભુ તમને જીવનભર ક્ષણનું આંતરું પાડ્યા વિના તમને જોયા જ કરું. કેવીક તમારી વીતરાગી મુદ્રા ! તમને ને તમારા ઉપકારોને જોઈ જોઈ અને તમારા ગુણ ગાઈ ગાઈ મારું હૈયું ઉછળું ઉછળું થાય છે. મારા નાથ ! બસ, હવે એટલું જ માગું છું કે મારે ભારોભાર અનન્ય પાત્ર બની રહો; અને મારે તનતોડ મનમોડ સેવા કરવા તમે જ મારે અનન્ય સેવ્ય બની રહો. જય હો જય હો પ્રભુ ! આપ સદા મારા દિલમાં જયવંતા વર્તો !"

પરમાત્માનાં દર્શને જવા પૂર્વે શું આપણને પ્રભુને મળવાની ભારે તાલાવેલી સાથે આવા આવા તરંગો થાય છે ખરા ? જો એ થતા હોય, તો પછી આપણે વીતરાગના મંદિરે જઈ કેવાંક પ્રભુદર્શન કરીએ ?

દાસીએ તરંગવતીને એના પ્રિય પાસે લઈ જવાનું મંજૂર કર્યું ત્યારે તરંગવતીના મનમાં કેવા કેવા હરખના તરંગો ઊછળ્યા એ પરથી પ્રભુદર્શને જતા પહેલાં કેવાક તરંગો હૈયે ઉછળતાં કરવાના એનો આ સામાન્ય વિચાર કર્યો.

તરંગવતી સાધ્વી શેઠાણીને આગળ કહી રહી છે કે પ્રિય પાસે જવા હું અને સારસિકા બંને ઊઠ્યા, એમાં હું મારા પ્રિયના મુકામે હૃદયથી તો પહેલા પહોંચી ગઈ, અને પગેથી પહોંચતા વાર લાગી. અમે બંને એકબીજાનો હાથ પકડી મકાનના ગુપ્ત દરવાજેથી નીકળ્યા, રસ્તા ઉપર ચાલ્યા, ત્યાં તો કૌમુદી તહેવાર ચાલતો હતો એટલે રસ્તા પર બહુ મનોહર પેખણાં-દૃશ્યો જોવાના ગોઠવાયેલા હતા. આખો રાજમાર્ગ વિવિધ રમણીય પેખણાંની હારમાળાથી વ્યાપ્ત હતો. દૃશ્યો ખરેખર જોવા જેવા સુંદર હતા. પરંતુ પ્રિયપુરુષનાં દર્શન મીલન માટે ભારે ઉત્સુક મારું મન એ કોઈ દૃશ્યમાં જતું નહિ.

યોગી પુરુષોની આ સ્થિતિ હોય છે.

**યોગીજનોને અંતરમાં પરમાત્મ-તત્ત્વ શોધવાની ભારે ઉત્સુકતામાં એમની આંખ કાન કે મન બીજા કશામાં જતું નથી.**

એટલું બધું લીન ક્યારે બને ? એના પર અથાગ પ્રેમ હોય ત્યારે બને. આ બતાવે છે કે આપણી ધર્મસાધનામાં બીજા ત્રીજા વિચાર રોકવા હોય ડાફોડિયા અટકાવવા હોય તો એ સાધનાનો ભારે પ્રેમ ઊભો કરો. સાધનામાંથી તેવી આંતર પરિણતિ બનાવવાની ઉત્સુકતા ઊભી કરો. દા.ત. બહારથી જિનભક્તિ યા



દેવદર્શનની સાધના કરી રહ્યા છીએ. તો એમાંથી અંતરમાં જિનેન્દ્રદેવ પ્રત્યે અનન્ય શરણભાવ ઊભો કરવાનો પ્રભુ ! તું જ મારે સર્વેસર્વા છે. તારા વિના મારે કોણ આધાર રાખવા લાયક છે ? કોઈ જ નહિ. તું જ અહીં જીવનભર, અંતે, અને પરલોકમાં આધાર છે.'- આવા વિચારથી પ્રભુ પ્રત્યે ભક્તિ ઝુકાવટની આંતર પરિણતિ ઊભી થાય. તરંગવતી દાસીની સાથે જઈ રહી છે, પેખણાં કશા જોવામાં મન નથી, વાહનમાં ફરનારી એને અત્યારે ચાલવાનો શ્રમ લાગતો નથી ! જઈ ઊભી પદ્મદેવની હવેલી પાસે. ત્યાં જુએ છે તો હવેલી આગળ પદ્મદેવ મિત્રો સાથે ગોષ્ઠી કરી રહ્યો છે. સારસિકા જરાક આઘે ઊભી રહી ને તરંગવતીને દેખાડે છે કે જો, પેલો મિત્રોથી વિંટળાઈને બેઠેલ યુવાન એ જ તારો પ્રિય પદ્મદેવ છે. તરંગવતી એને જોઈને ઠરી જાય છે ! શું એનું રૂપ-લાવણ્ય-કાન્તિ ! જોઈને જ માતાનાં ઓવારણાં લે છે 'માડી ! આવા ધન્ય પુત્રને જન્મ આપનાર તું ? તારા હું ઓવારણાં લઉં ! એને મનોમન થાય છે કે આવા ગુણગણ-ભંડાર સ્વરૂપ પુત્રને જન્મ આપનાર માતાપિતાને કેટલો બધો ધન્યવાદ ઘટે છે !

**"ધન્ય માતા જેણે ઉદરે ધરિયા, ધન્ય પિતા જસ કુલે અવતરિયા."**

પૂર્વભવમાં પ્રિય કરેલો ચક્રવાક જ અહીં લાંબા કાળે દેખવા મળ્યો, તે આંખ હરખના આંસુથી ભીંજાઈ ગઈ. દાસી કહે છે 'અહીં એક બાજુ આપણે ઊભા રહીએ એમ કરી તરંગવતીને બાજુએ ઊભી રાખે છે. તે એમ ઊભી ઊભી તરંગવતી પ્રિયનું મુખદર્શન કરી રહી છે. દાસી એનાથી જરાક આગળ ઊભી છે, તે પદ્મદેવની નજરે ચડી. એણે એને તો પહેલાં જોઈ છે, કેમકે પોતાને એ મળી છે, વાતો કરી છે, તેથી એને જોતાં જ પદ્મદેવ સમજી ગયો કે કાંઈક મહત્ત્વનો સંદેશ લાવી લાગે છે. એટલે એને મળવા માટે પહેલાં એણે પોતાના મિત્રોને કૌમુદી મહોત્સવ જોવા નિમિત્તે રવાના કર્યા.

પદ્મદેવ પછી હરખભેર ઊઠ્યો જ્યાં હું શરમાતી ઊભી છું ત્યાં એની નજર બાજુએ ઊભેલી દાસી પર રાખી દાસીને હરખભેર બોલાવે છે; બાજુમાં ઊભેલી તરંગવતીને એ ઓળખી શકતો નથી, તેથી દાસીને કહે છે,-

'બોલ, બોલ, મારા જીવનતળાવની પાળ સમાન, મારા સુખને કરનારી, મારી સહચરી, એ તારી સ્વામિની કુશળ છે ને ? હું તો કામદેવના બાણથી વિંધાયેલો હોઈ મને જરાય ચેન નથી. આ તો તને જોઈ એટલે મને કાંઈક ચેન પડ્યું કે એ પ્રિયાના કોઈ ખબર લાવી હશે. તેથી મારો શોક ઊડી ગયો; અને મને આનંદ થતાં મિત્રોને મેં બહાનું કાઢીને અહીંથી રવાના કર્યા, હવે પ્રિયાને મળવા અતિ ઉત્કંઠિત બન્યો છું, તેથી તારી સાથે આવવા ઇચ્છું છું. પરંતુ તે પહેલાં તને

પ્રિયાએ શું કહી મોકલી છે, તે સાંભળવા ઇચ્છું છું.

માણસને પ્રિય હૈયે વસી ગયા પછી પ્રિયના ખુશી સંદેશા માટે બહુ જિજ્ઞાસા હોય છે.

**આપણા દિલને પ્રભુ પ્રિય તરીકે હૈયે વસી ગયા હોય તો એમના ખુશી ખબર અને સંદેશાનો કેવા જિજ્ઞાસુ હોઈએ ?**

ત્યાં દાસી કહે છે, એના સંદેશાને શું ઝંખો છો ? એ ખુદ પોતે અહીં આવી છે, આવો આ તમારી પ્રિયાને હાથેથી જ ધારણ કરો. જેમ સમુદ્રને ગંગા જઈ મળે એમ તમને તરંગવતી મળવા આવી છે,- એમ કહી પદ્મદેવને દાસી તરંગવતી પાસે લઈ જાય છે ત્યાં તરંગવતીની સામે જઈને ઊભા, ત્યાં તરંગવતી કોઈ અપૂર્વ હર્ષવશ શરીરે કંપ અનુભવે છે, અને પદ્મદેવના પગે પડી જાય છે. પદ્મદેવ ઊભરાતા પ્રેમથી કહે છે,-'સુસ્વાગતં તને !' એમ કરી અનિમેષ નયને એના સામે જોઈ રહે છે ત્યાં તરંગવતી પણ એને એ રીતે જોવામાં લીન બને છે.

પદ્મદેવ તરંગવતીને કહે,- "આટલું બધું સાહસ શું કામ કર્યું ? કેમકે તારા પિતાને જો આ ખબર પડે, તો જુલ્મ થાય ! કારણ તારા પિતાજી રાજાને વહાલા છે. નગરશેઠિઆઓમાં અગ્રણી છે, સર્વમાન્ય વચનવાળા છે. એ જો આપણા બંનેનો આ અવિનય જાણે તો રોષાયમાન થઈ જાય, અને આપણા બંનેના કુળને ધક્કો લાગે એવું કરી બેસે ! માટે જ્યાંસુધી એમને ખબર નથી પડી ત્યાંસુધીમાં તું તારા ઘરે પાછી પહોંચી જા, અને વિશ્વાસ રાખ કે હું તેવા કોઈ પ્રયત્ન કરું છું, જેથી તારા પિતા જ તને મારી સાથે વરાવી દે. બીજા શેઠિયા દ્વારા તારા પિતાને સમજાવવા હું પ્રયત્ન કરીશ."

કેટલી ન્યાય પુરસ્સર અને ધીરજથી વાત કરે છે ! શું એને તરંગવતી નથી ગમતી ? ગમે છે,' અને વળી એ સામે ચાલીને આવી છે. પરંતુ પોતે કુલવાન માણસ, તે જોઈ વિચારીને પગલું ભરવું એમ માનનારો છે.

**ઊગતી યુવાનીમાં યૌવનના ઉન્માદને દાબીને પ્રૌઢ વિચારસરણી રાખવી એ આત્માની વિશિષ્ટ યોગ્યતા સૂચવે છે.**

પદ્મદેવને પૂર્વ ભવનો પ્રેમ છે, તે અહીં વિશેષ ઉત્તેજિત થયો છે, આમ યોગ્ય પાત્ર મળ્યું છે, પરંતુ કુળકલંક લોકનિંદા થાય એવું એને કરવું નથી.

**જીવ હૈયાથી ધર્મ કેવોક પામ્યો છે, એનું અનિંદ્ય વ્યવહાર પર માપ નીકળે છે.**

દુન્યવી રાગની ફસામણી ખરી, પરંતુ એમાં વિવેકશૂન્યતા નહિ, અંધ આવેશ નહિ; એટલે પદ્મદેવ તરંગવતીને કહી રહ્યો છે કે આંધળિયા ન કર, હમણાં ઘરે પાછી પહોંચી જા, હું તને મેળવવા પ્રયત્ન કરું છું તું ચિંતા ન કરીશ.'



આ જ્યાં કહી રહ્યો છે ત્યાં કુદરતી બાજુમાં કોઈ ગીતનો અવાજ આવ્યો, જેમાં એ વાત હતી કે જે સામે ચાલીને આવેલા પોતાના પ્રિય પાત્રને ઇચ્છતો નથી, તે પ્રેમી જ નથી. એ પરથી તરંગવતી કહે છે, જોયું ? કુદરતે આ કેવો સંવાદી સૂર મળ્યો ?

પદ્મદેવ કહે હા, તો પછી એ જ સારું છે કે આપણે બીજી જ દિશામાં ચાલ્યા જઈએ શુક્ન કરતાં શબ્દ આગળ એમ કહેવત છે. બહાર કોઈ કામ માટે નીકળવા જતા હોઈએ અને કુદરતી બાજુમાંથી કોઈ શબ્દ સંભળાય કે કશો ભલીવાર નહિ આવે તો પછી સમજી રાખવાનું કે કાર્ય માટે જવામાં સફળતા નહિ મળે. એથી ઊલટું જો છેલ્લા શબ્દ સાંભળવા મલે કે ફતેહના ડંકા બેડા પાર તો સમજવું કે સફળતા મળશે એમ સારા શુકનમાં પણ

**'શુકન કરતાં શબ્દ આગળ, શુકન શુકનનો ભાવ ભજવે'**

ઈત્યાદિ કહેતીઓ એટલા માટે યાદ રાખી અવસરે અવસરે એનો ઉપયોગ કરવાનો છે કે જો એ શુકનવંતા શબ્દો કે અન્ય શુભ શુકનોની અવસરે અવગણના કહી હોય છે તો સારા મહાન લાભ ગુમાવવાનું થાય છે. જો એ લાભ ન ગુમાવ્યા હોત તો એ લાભથી ચિત્તની સમાધી-સ્વસ્થતા-સ્ફૂર્તિ એવી ઊભી થાત કે એના પર વિશેષ તેજસ્વી ધર્મસાધના બનાવી શક્યા હોત; નવી કોઈ સાધના યા સુકૃત કરવાની પ્રેરણા ઊભી થાત. એમ જો અપશુક્ન યા અપશુકનના શબ્દની અવગણના કરી કામ કરવા નીકળ્યા હોઈએ, તો પછી આફત વહોરીને પસ્તાવાનું થાય છે, ને જરૂર પડ્યે એ પસ્તાવો અવારનવાર યાદ આવી આવીને ભવિષ્યમાં ય દુઃખ થતું રહે છે.

**ચંદ્રકુમારને અપશૂકન કેવાં નડ્યાં ? :-**

વ્યવહારમાં તો આના ઘણા દાખલા; પરંતુ શાસ્ત્રમાં ય દાખલા મલી આવે છે. દા.ત. ચંદ્ર નામનો શ્રેષ્ઠિપુત્ર એકવાર રસ્તામાં ચાલતાં ડાફોળિયું મારવા ગયો ત્યાં એક વેશ્યા સાથે અથડાઈ પડ્યો. વેશ્યા ચડભડી ઉઠી. એને કહે બેસ ને હવે બાપની કમાઈ પર તાગડધિન્ના કરી અભિમાન કરતો કરતો ચાલે છે તે ? રસ્તે ચાલતાં બીજાને ધક્કા મારતા ચાલવાનું ? આપકમાઈની હોંશ નથી ને બાપના પૈસા પર અભિમાન કરવા છે ?'

થયું ચંદ્રકુમાર શું બોલે ? ભૂલ પોતાની હતી. ચાલતાં આડું અવળું જોવા ગયો એમાં ટેઢો ચાલીને વેશ્યાને અથડાઈ પડ્યો હતો. રસ્તા વચ્ચે લોકોના સાંભળતા વેશ્યાનો ટોણો સાંભળવો પડ્યો, ને કાંઈ બોલી શક્યો નહિ. મૂંગા ચાલી જવું પડ્યું, પણ હૈયામાં શલ્ય ખૂંચી ગયું કે આવું અપમાન કેમ સહન કરાય ? હવે તો પરદેશ જઈ મોટી આપકમાઈ કરી લાવું અને પછી અહીં મોટું દાન દઈ બાઈને

દેખાડી આપું કે જો બાપકમાઈ-બાપકમાઈનો ટોણો શું મારતી હતી, આ જો આપકમાઈ પર મારી સુકૃતની હોશિયારી !'

ચંદ્રકુમારને આ કેમ સૂઝ્યું ? કહો, પૂર્વના કાળે આ રિવાજ ચાલતા કે શેઠિયાના દીકરા પરદેશ કમાવા જતા, જરૂર પડ્યે દરિયાપાર પણ જાય, સારા પૈસા કમાઈ લાવે, અને પછી પોતાના નગરમાં આવી બજાર વચ્ચે ચોરા પર ઊભા રહી લો દાન, લો દાન'- એમ જાહરે કરી યાચકોને છૂટે હાથે દાન દેતા. એમાં પાછી હરિફાઈ ચાલે ! 'પેલા શ્રેષ્ઠીપુત્રે દાન દીધેલું, એના કરતાં હું સારું સવાયું દાન દઉં.'

**કહો જોઉં, હરિફાઈથી દાનધર્મ કરાય ? એનાથી કલ્યાણ થાય ?**

જે એમ કહે ''ધર્મ તો એક માત્ર મોક્ષના આશયથી જ થાય. મોક્ષ સિવાય બીજી આશયથી ધર્મ કરે તે ધર્મ અધર્મ કરતાં ભૂંડો છે, કેમકે એવા મલિન આશયથી ધર્મ કરનારા દુર્ગતિમાં પાપ બાંધે અને એથી ભવમાં ભટકતો થઈ જાય. ધર્મ તો શુદ્ધ નિર્મળ આશયથી જ થાય.'' આવું કહેનારના હિસાબે જુઓ આફત,- હરિફાઈથી ધર્મ કરી દુર્ગતિમાં ભટકવું પડે; એટલે હરિફાઈથી દાનધર્મ કરવાને બદલે એ પૈસાથી બેફામ વિષયવિલાસ કે મહા આરંભ-સમારંભ કરનારો સારો ઠરે !

શું આવું બોલી શકાય કે 'પૈસાથી ભરચક વિષયવિલાસ અને આરંભ-સમારંભના કારખાનાં ચલાવે, એમાં પાપ તો લાગે, પરંતુ એ પૈસા વડે હરિફાઈથી દાનધર્મ કરે એમાં ભયંકર પાપ લાગે ! એ દાનનો ધર્મ પેલા વિષય-વિલાસના અધર્મ કરતાં મહાભૂંડો !' શું આવું બોલી શકાય ?' ના એવું બોલવું એ જૈનધર્મનું વચન નથી.

એમ તો કેટલીય બાઈઓને મોક્ષનો આશય નથી હોતો, છતાં કુળની લજ્જાથી અને લોકવ્યવહારના ભયથી શીલ સદાચાર ધર્મ પાળે છે. તો શું એ મોક્ષ સિવાયના આશયથી એણે પાળેલો શીલ-ધર્મ એ અધર્મ કરતાં ભૂંડો ? અને એ દુર્ગતિઓમાં ભટકાવે ? શું એવું પાળેલા શીલ ધર્મ કરતાં દુરાચારનાં પાપ સેવે એમાં ઓછું પાપ લાગે ? મહાવીર ભગવાને શાસન સ્થાપ્યું એ ૨૫૦૦ વર્ષથી અવિચ્છિન્ન ચાલ્યું આવે છે. તેમ શીલ-સદાચારો અખંડ ચાલ્યા આવે છે. શું એ બધી શ્રાવિકાઓએ તે એક માત્ર મોક્ષના જ આશયથી જ પાળેલા એના પર ચાલી આવે છે ?

લજ્જાથી હરિફાઈથી કે ભયથી ધર્મ કરે એમાં મોક્ષનો આશય નથી માટે એ શીલધર્મ-દાનધર્મ દુરાચારના અધર્મ ચોરીના અધર્મ કરતાં ભૂંડો આવું કઈ જીભે બોલાય ? આવા કુસિદ્ધાન્તવાદીઓના હિસાબે તો પર્યુષણામાં કે બીજી બોલીઓમાં કેટલાય લોક હરિફાઈથી બોલી બોલે છે. એ બધા એમ બોલીઓ બોલીને દુર્ગતિમાં ભટકનારા થઈ જવાના !



જૈન શાસ્ત્રકારો તો આ કહે છે,- ધર્મ મોક્ષના આશયથી કરો એ શુદ્ધ ધર્મ છે, પરંતુ જીવનમાં કયાંય આફત આવી, દુઃખ આવ્યું, તો તે ટાળવા ત્યાં શરણું ધર્મનું જ લો, અર્થાત્ ધર્મપ્રવૃત્તિ કરો, પરંતુ પાપપ્રવૃત્તિ નહિ.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૪,અંક-૧૮,તા.૧૧-૧-૧૯૮૫**

આની સામે 'સંસારી જીવનમાં કોઈ આપત્તિ આવી કે કોઈ વસ્તુની જરૂર પડી, તો એ આફત ટાળવા કે દુન્યવી વસ્તુ મેળવવા ધર્મ કરીએ તો દુર્ગતિ મળે ! એના કરતાં જૂઠ અનીતિ હિંસામય આરંભ-સમારંભ કરીએ એમાં ઓછાં પાપ લાગે,' આવું કોઈ જ જૈનશાસ્ત્ર શીખવતું નથી.

**અહીં તો મોક્ષ માટે ધર્મ કરવો, પરંતુ સાંસારિક વસ્તુ માટે શું કરવું ? પાપ કે ધર્મ ? તો જૈનશાસ્ત્રો કહે છે આના માટે પણ ધર્મ જ કરવો, પાપ નહિ.**

પેલો ચંદ્રકુમાર વેશ્યાના ટોણાથી પરદેશ જઈ આપકમાઈ કરી લાવવા અને ઈર્ષાથી મોટો દાનધર્મ કરી વેશ્યાને બતાવી આપવા બાપને કહે છે, મને વેપાર આદિનો માલ સામાન અને પરદેશ જવાની સાધન-સામગ્રી આપો.'

બાપ કહે, 'કનૈયા અમારાથી આઘો જાય એ કેમ ખમાય ? તું અહીં જ રહી આપણી દુકાન પર વેપાર કરી આપકમાઈ કર.

પરંતુ છોકરે હઠ પકડી બાપની પાસે પરદેશ જવાની સાધન-સામગ્રી અને માલ સામાન તૈયાર કરાવ્યા. હવે જવા માટે જ્યાં ઊભો થવા જાય છે ત્યાં પગના અંગુઠામાં ધોતીઆની કિનારી ફસાઈ, તેથી ઊભો થતા ખટકો લાગ્યો ! ત્યાં બાપ કહે ભાઈ ! આ અપશુકન થાય છે, હમણાં જવાનું રહેવા દે. પણ હઠી માને શાનો ? એ ઓરડામાંથી બહાર નીકળવા ગયો ત્યાં ઉંબરે ઠેસ લાગી. ફરીથી બાપ કહે જો આ બીજું અપશુકન થયું એમાં જવું સારું નહિ,' તો ય ભાઈ ઘર બહાર નીકળવા જાય છે; એમાં ભલીવાર નહિ આવે એવા બાજુમાંથી શબ્દો સંભળાયા. ત્યાં બાપ કહે છે જો ભાઈ શુકન કરતાં શબ્દ આગળ. માટે હાલ જવાનું માંડી વાળ.' તો એ હઠવાદી છોકરો દલીલ કરે છે,

**સારું નરસું થવામાં શુકન-અપશુકનનો શો ફાળો ?**

'બાપુજી ! સુખ દુઃખ સંપત્ આફત શું શુભ અશુભ કર્મના આધારે મળે છે ? કે શુકન-અપશુકનના આધારે ? આપણા કર્મમાં સંપત્તિ મળવાનું ન હોય તો શું સારા શુકન કે અનુકૂળ શબ્દ એ સંપત્તિ લાવી આપે ? અગર કર્મમાં આફત ન લખી હોય તો શું અપશુકન આફત લાવી આપે ? અસલમાં સારું નરસું થવામાં

આપણાં શુભ-અશુભ કર્મ જ બળવાન છે, ત્યાં શુકન અપશુકન શું કરતા હતા ?

ઉ.- બાપ કહે છે ભાઈ ! ખોટા કુતર્ક ન કર. જો આપણને ખબર નથી કે આપણા આત્મામાં શુભ કે અશુભ કેવા કર્મ ઉદયમાં આવવા તૈયાર છે ? પરંતુ શુકન અપશુકન એના સૂચક બને છે. જો અપશુકન લઈ નીકળીએ, તો એ અશુભ કર્મની એંધાણી મળે છે.

જો અપશુકન મળવાથી પાછા વળી જઈએ, અને નવકારસ્મરણ વગેરે ધર્મસાધનામાં લાગીએ, તો એના બળે સંભવ છે પેલી આફતના અશુભ કર્મનો સ્થિતિ રસ ઘટી જાય, તેથી એવી આફતનું ફળ ન દેખાડી શકે,

એમ શુકન સારું જોઈ શુકનની દિશામાં જઈએ, તો ત્યાં લાભ થવાની એંધાણી મળે છે, એટલે અચિંત્ય લાભ મળે. પરંતુ શુકન વિનાની દિશામાં જઈએ, તો યોગ્ય નિમિત્ત વિના એ કર્મ પાકે નહિ

**કર્મના ઉદય બે પ્રકારે, સનિમિત્તક-અનિમિત્તક :-**

**'પન્નવણાશાસ્ત્ર'** કહે છે, કર્મ બે જાતના હોય છે,- (૧) એક સનિમિત્તક ઉદયવાળા, અને (૨) બીજા નિર્નિમિત્તક ઉદયવાળા, આમાં પહેલી જાત એવી કે તમે નિમિત્ત આપો તો એ કર્મ ઉદયમાં આવે દા.ત. ચાલતાં ભાન ન રાખો અને ઠોકર ખાઓ તો વાગે એ અશાતાવેદનીય કર્મ સનિમિત્તક ઉદયવાળા હતા તે ઉદયમાં આવ્યા. ત્યારે નિમિત્ત આપ્યા વિના ઉદયમાં આવ્યા તે નિર્નિમિત્તક દા.ત. સનતકુમાર ચક્રવર્તીએ કોઈ નિમિત્ત આપ્યા વિના એકાએક એને ૧૬ રોગ ઉત્પન્ન થઈ ગયા, તે એવા નિર્નિમિત્તક ઉદયવાળા કર્મના લીધે.

શુકન ! અપશુકન તેવાં તેવાં કર્મના સૂચક છે. દા.ત. ધનાજી પર એમના ત્રણ ભાઈઓ ઈર્ષ્યા કરતા હતા. બાપે એકવાર ચારેય ને ૧૦૦-૧૦૦ રૂા. આપી વેપાર કરી આવવા કહ્યું. ત્રણ મોટા તો શુકન જોયા વિના એક દાણા બજારમાં ગયો, બીજો કોલસા બજારમાં, ત્રીજો લાકડા બજારમાં ગયો, ત્રણેયે બબ્બે ત્રણ ત્રણ રૂા. કમાવી લાવ્યા.

ધનાજી કુશળ, તે ઘર બહાર નીકળતા પહેલા દરવાજામાં ઊભા રહી નવકાર ગણે છે, અને શુભ શુકનની રાહ જુએ છે. એમાં ભંગાર બજારની દિશામાં સુંદર શુકન જોયું, તો **'નમો અરિહંતાણં'** કરી ભંગાર બજાર તરફ ઊપડ્યા ! ત્યાં મશાણનો ભંગી કોઈ મરેલાને ખાટલીમાં ઉપાડી લાવેલા, તેની ખાટલી પરાણે માગી લઈ અહીં વેંચવા લઈ આવેલો, ધનાજીએ ભંગીની એ બધી વાત સાંભળી કે મરનાર ડોસાએ છોકરાઓ પાસેથી મરતાં વચન લીધેલું કે તમને મર્યા પછી ખાટલીમાં જ મશાણે લઈ જઈ ખાટલી સાથે જ બાળીશું,' આ પરથી ધનાજીએ અનુમાન કર્યું કે ''મરનાર ડોસાએ હિસાબ માંડ્યો હશે કે ખાટલી સાથે શરીર



બળવાથી પરભવે શરીર મળે છે, તો પછી એ ખાટલી સાથે એમાં છુપાવેલા રત્નો પણ બળીને પરભવે મને રત્નો પણ મળશે. આ હિસાબે ડોસાને ખાટલી સાથે બાળવા લઈ આવ્યા. હવે ભંગી છોકરાઓને કહે તમે વચન આપ્યું એટલે ડોસાનો જીવ તો સદ્‌ગતિએ પહોંચી ગયો. હવે તમે મને ગરીબને ખાટલી આપી દો; તેથી કાંઈ ડોસાની ગતિ નહિ બગડી જાય કે નહિ બદલાઈ જાય એટલે છોકરાઓએ દયાથી ભંગીને ખાટલી આપી દીધી.' બસ આ અનુમાનથી ૧-૨ રૂા.માં ધનાજી ખાટલી ખરીદી ઘરે લાવ્યા અને ઘરના ચોકમાં ઊંચેથી ખાટલી જોરથી નીચે પટકતાં ઇસો ભાંગી, અને એ પોલી ઇસોમાંથી રત્નો નીકળી પડ્યા ! શુકન શું કામ કરે ? આ ! અલબત ધનાજીના શુભ કર્મ ઉદયમાં આવ્યા. પરંતુ શુકન પર વિશ્વાસ રાખી એની દિશામાં ચાલ્યા, તો એ નિમિત્ત મળ્યું અને સનિમિત્તક કર્મ ઉદયમાં આવ્યા.

ત્યારે પેલો ખોટી દલીલ કરનારો ચંદ્રકુમાર અપશુકન પર અપશુકન થવા છતાં બાપની ના પર ઘરની બહાર નીકળ્યો. ત્યાં બિલાડી આડી ઊતરી, એ નવું અપશુકન થયું. આગળ ચાર ડગલાં ચાલતાં રાખોડી ચોળેલા બાવાનું અપશુકન મળ્યું, છતાં ચાલ્યો, તો આગળ દરિયાની મુસાફરીમાં એનું વહાણ ખરાબે અથડાઈ ભાંગ્યું ! પોતે દરિયામાં પડી ગયો, પણ ભાગ્યવાન તે પાટિયું હાથમાં આવ્યું, ને એને બાથમાં પકડી લઈ એના આધારે ડૂબ્યો નહિ. સાત દહાડે સમુદ્રનાં મોજા સાથે દરિયા કિનારે ફેંકાયો ને કિનારે ઊતરી ગયો. આ સાત દહાડા દરિયામાં કેવા કાઢ્યા હશે ? ભૂખ્યા ને તરસ્યા એમાં આરામ લીધેલા ? ના, પાટિયું બાથમાં મજબૂત હાથે પકડી એના પર તરતા રહેવાનું. એમાં જો એક ઝોકું ય ખાયને ? તો હાથની પકડ ઢીલી પડી જાય તો હાથની પકડમાંથી પાટિયું નીકળી જાય, ને ભાઈબંધને દરિયામાં ડૂબી જવાનું જ મળે. એટલા માટે તો મહાવીર ભગવાન કહે છે,-

**'समयं गोयम मा पमायए'**

'હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કરીશ.' કેમ વારું ? એટલા જ માટે કે

**એક સમય પણ પ્રમાદ થતાં ધર્મનું પાટિયું છૂટી જાય, અને જીવને પાપના દરિયામાં ડૂબી જવાનું થાય...**

પેલા પદ્મદેવે સામે પગલે ચાલીને પોતાને ત્યાં આવેલી તરંગવતીને ઘેર પાછી જવા કહ્યું, પણ તરંગવતીએ પાછી જવા ના પાડી ત્યાં સંવાદી શબ્દ ગવાતા સાંભળ્યા કે ''જે માણસ સામે પગલે ચાલી આવેલી પ્રિયતમાને મૂકી દે છે, તે એનો પ્રેમી જ નથી,'' એ શબ્દોને શુકન કરતાં શબ્દ આગળ' એ ન્યાયે તરંગવતીને ઘરે પાછી જવા આગ્રહ ન કર્યો પરંતુ પોતે જ હવે કહે છે,-

'તો તો પછી બહેતર છે કે આપણે કોઈ અન્ય દેશમાં ચાલ્યા જઈએ. પરંતુ એમાં તમને કષ્ટ બહુ પડશે.'

અહીં તરંગવતી પતિ-વિયોગના દુઃખને અને પતિ વિના બાપને ઘરે એકલી અટુલી સોસાઈ મરવાના દુઃખને મનમાં લાવી રોઈ પડે છે, ને રોતી રોતી કહે છે, 'કષ્ટ ? કષ્ટ ગમે તેટલા આવો, પણ તમારી સાથે રહીને એ કષ્ટ સહી લેવા હું તૈયાર છું, એ કષ્ટને હું ઘી-કેળાં માનું છું તેથી એ સહીશ, પણ હવે પાછી ઘેર જવા મારી શક્તિ નથી. હું તમો જ્યાં જાઓ ત્યાં તમારી સાથે રહીશ તમો જ્યાં કહો ત્યાં આપણે જઈએ.' સાંસારિક જીવોના આવા પ્રસંગ આપણને ભવ્ય બોધપાઠ આપી જાય છે, કે-

**પરમાત્મા સાથે અથાગ પ્રીત લાગી જાય પછી અંતરમાં પ્રભુનો સંગ ન છૂટે.**

**એ માટે દુનિયાનું બીજું બધું વહાલું પણ છોડવાની કેટલી બધી ઉત્કંઠા હોય ?**

તરંગવતીની એ દશા થઈ કે પોતાના પ્રિયનો હવે સંગ ન છૂટે, વિયોગ ન રહે, એ માટે પોતાના અત્યંત વહાલા માતાપિતા અને પિતાના ઘરની સુખ સગવડ-સન્માન છોડી જવા તૈયાર, તેમજ ઘરે વાત ભેગા વાહનમાં જ બહાર જવાની અનુકૂળતા છોડી પ્રિય સાથે ચાલી નીકળવા તૈયાર થઈ ગઈ છે !

**અવંતીસુકુમાળે કેમ એકાએક બધું છોડી દીધું ? :-**

અવંતીસુકુમાલને પૂર્વ જન્મ યાદ આવી નલિનીગુલ્મવિમાન અને એનો વસવાટ અતિ સુખદ લાગ્યા પછી એનો તલસાટ એવો લાગ્યો કે રાત્રિના તરત મહેલની ઊંચી અટારીએથી નીચે ઊતરી નલિનીગુલ્મવિમાનના વર્ણનનો શાસ્ત્ર સ્વાધ્યાય કરતા આચાર્ય ભગવંત્ શ્રી આર્યસુહસ્તિ મહારાજ પાસે જઈ પૂછે છે 'ભગવન ! આ વિમાનમાંથી આયુષ્ય ક્ષયે હું અહીં આવેલો છું. ત્યાંના સુખ અને સામગ્રી જોતાં અત્રેનું બધું મનોરમ પુષ્પો ફળો આદિના ઉદ્યાનની સામે ગંદવાડાભર્યા ઉકરડા જેવું લાગે છે. માટે હવે જલ્દી મારે ત્યાં પાછું જવું છે. તો શી રીતે જવાય ? એનો ઉપાય બતાવો.'

આચાર્ય મહારાજ કહે

**"સંયમથી સુખ પામીએ, સ્વર્ગ મોક્ષના શ્રીકાર, કુંવરજી !'**

ત્યારે અવંતીસુકુમાળ કહે, 'તો પ્રભુ ! મને સંયમ આપો. હું માતાજીને કહીને હમણાં જ આવું છું. કુમારે ઉપર જઈ સંયમની રજા માંગી ત્યાં માતા અને ૩૨ પત્નીઓ બેફાટ રુદન કરે છે. કુમારે એ બધાને સંસારની અસારતા, માનવ જનમની એક માત્ર ઉદ્દેશ સંયમ-સાધના આદિ અંગે સમજાવવા છતાં માતા કહે છે, 'અહી કોઈ તને સંયમની રજા આપનાર નથી.'

હવે શું કરે અવંતીસુકુમાલ ? હશે ત્યારે, હવે બેસો ઘેર, એમ ? ના,



અંતરમાં સંયમનો તલસાટ છે, તેથી પોતે અંદરના ઓરડામાં ગયો અને જાતે પોતે જ કેશલૂંચન કરી લઈ સાધુવેશ સજી લીધો ! અને પછી ઓરડાની બહાર નીકળે છે ! ત્યારે માતા અને પત્નીઓ સ્તબ્ધ થઈ જાય છે. અવંતીસુકુમાલનું એકદમ જ આ પગલું ? કહો, જેને જેનો ઉત્કટ તલસાટ લાગ્યો પછી એની ખાતર જે અતિ-પ્રિય પણ છોડવું પડે એ છોડવાની તૈયારી હોય જ છે. **પરમાત્મા સાથે ઉત્કટ પ્રીત પરમાત્મા ખાતર અતિપ્રિયનો પણ ત્યાગ કરાવે છે. કેમકે ખબર છે કે**

**પરમાત્મા સાથે એવી ઉત્કટ પ્રીત કરવા માટે શ્રેષ્ઠ એકમાત્ર મનુષ્ય ભવ છે.**

એટલા જ માટે અષ્ટમી ચતુર્દશી જેવી પર્વ તિથિએ તપ કરવામાં મન અચકાતું હોય ત્યારે આ વિચાર જોમ આપે છે 'પ્રભુ ! તમારા પ્રેમની ખાતર તમોએ બતાવેલ પર્વ તિથિએ યથેચ્છ ખાવાનું છોડી તપ કરીશ ! કહે છે ને,-

**'ભગવાન તેરે નામ પર'** દેવ-ગુરુ-સંઘની ભક્તિમાં નાણું ન છૂટતું હોય, સીદાતા સાધર્મિકનો ઉદ્ધાર કરવા પૈસા ખરચતાં સંકોચ થતો હોય, ત્યારે આ વિચાર આવવો જોઈએ,- 'પ્રભુ ! તમારા પરના અતિપ્રેમની ખાતર મારે આ ત્યાગ કરવાનો; આજે આ તપ કરવાનો.' વાત આ છે કે પ્રભુ પર એવો પ્રીતિરંગ જામી પડ્યો હોવો જોઈએ, અથવા એવો પ્રીતિરંગ જોડવો હોય. ધરણશાહ પોરવાળે નલિની ગુલ્મવિમાનના સ્વપ્નથી પ્રભુના પ્રેમની ખાતર ૯૯ ક્રોડ રૂપિયાના ખર્ચે એ વિમાન જેવું રાણકપુરનું મંદિર બંધાવી દીધું !

**શાલિભદ્રમહામુનિએ મહાવીર પ્રેમની ખાતર માસખમણો સુધીની ઘોર તપસ્યાઓ આદરી ! ગોરી ગુલાબી લષ્ટ પુષ્ટ કાયાને કાળી હાડપિંજર શી કરી નાખી !**

**વિજય-વિજયાએ** એકેકને અનુક્રમે કૃષ્ણ પક્ષના અને શુક્લ પક્ષના બ્રહ્મચર્યના, પરણ્યા પહેલાં લીધેલાં નિયમ, તે કેમ પાળવા ? "પ્રભુ ! તમારા પ્રેમની ખાતર અમારે બંનેને નિયમ બરાબર પાળવા માટે હવેથી જીવનભરના બ્રહ્મચર્યનો નિયમ."

**જો પ્રભુ પર અથાગ રાગ છે તો એની પાછળ ઈષ્ટનો ભોગ આપવો જોઈએ.**

**દેવપાલ,**-શ્રાવકશેઠના ઢોરાં ચારનારા નોકરને, જંગલમાં વરસાદના કારણે રાતના ભેખડ તૂટી પડવાથી અંદરમાં જોતાં ઋષભદેવ ભગવાન મળ્યા ! તો પ્રભુના પ્રેમ ખાતર નિયમ કર્યો, રોજ દર્શન-પૂજન વિના મોંમાં પાણીનું ટીંપુ ય નહિ નાખું, પછી નિયમ પાળતાં સપ્તાહભર વરસાદ હેલી થઈ. પ્રભુ પાસે જઈ ના શક્યો, સાત ઉપવાસ કર્યા આઠમે દિને દર્શને,-

"પ્રભુ ! ક્ષમા કરજે, મારા સાત દિન તારા દર્શન પૂજન વિના વાંઝિયા ગયા. ભલે સાત નહિ સત્તાવીસ ઉપવાસ કરાવજે, પણ તારી ભક્તિ અટકાવાની સજા ન કરીશ." ચક્રેશ્વરી હાજર થઈ કહે છે.

"દેવપાલ ! તારી ભક્તિથી હું બહુ પ્રસન્ન થઈ છું તો માગ માગ ભક્તિના બદલામાં મનગમતું કશું માગી લે." દેવપાલ સમજે છે, ભગવાન તારા પ્રેમ માટે તારી ભક્તિને દુન્યવી ઠોચરાં ખાતર વેચવી નથી, તે દેવીને કહે

"ભક્તિના બદલામાં મને પ્રભુભક્તિ જ આપ, દુન્યવી બીજું કાંઈ મારે જોઈતું નથી; કેમકે મારી પ્રભુભક્તિ ઐરાવણ હાથી તુલ્ય છે, તું જે કાંઈ દુન્યવી વસ્તુ આપે એ ગધેડા તુલ્ય છે, મને તું શું આ શીખવાડવા આવી છે કે તારો ઐરાવણ હાથી વેચી નાખ, અને બદલામાં ગધેડો ખરીદી લે ? આ જ ને ? દેવી સાંભળીને ઠરી ગઈ ! દેવેપાલને ધન્યવાદ આપે છે, અને સાથે કહે છે,-

"દેવપાલ ! ભલે તું મારું આપ્યું નહિ લે. એમાં તારી વડાઈ છે. પરંતુ એટલું તું સમજી લે, કે તારી આ ભક્તિ અને પ્રભુના પ્રેમની ખાતરની રાખેલી તારી નિસ્પૃહતાએ તેં ઉત્કૃષ્ટ પુણ્ય બાંધ્યું છે ! અને એ હમણાં તત્કાલમાં ફળનાર છે ! તે તને આજથી સાતમાં દિવસે આ નગરીનો રાજા બનાવશે !" એમ કહીને દેવી અંતર્ધાન થઈ ગઈ. દેવપાલ સાંભળીને ખુશી ન થયો ! કેમ વારું ?

**પ્ર.**- એક ઢોરા ચારનાર નોકરને મોટી રાજ્ય સંપત્તિ મળે છે તો કેમ ખુશી નહિ ?

**ઉ.**- કારણ એ છે, કે એના દિલમાં પ્રભુ પર એટલો અથાગ પ્રેમ છે કે એને એમ લાગે છે કે 'હાય ! આ રાજ્યની લોથ જો માથે પડે તો તેથી મારે પ્રભુભક્તિમાં મોટો અંતરાય થાય. પ્રભુ પર પ્રેમ અને ભક્તિ મારે એવા અખંડ જોઈએ છે કે એ પ્રેમ ખાતર મને આ પ્રલોભનો ગમતા નથી.

શું આ ? પ્રભુના પ્રેમ ખાતર દુન્યવી સંપત્તિની લાલચને ઠુકરાવી દીધી ! જુઓ, તરંગવતી પદ્મદેવ પરના પ્રેમની પાછળ એની સાથે અહીંથી ચાલી જવું છે. એ ચાલી જવામાં પછી ગમે તેટલા કષ્ટ વેઠવાનાં આવે, તો તે વેઠવાની તૈયારી બતાવે છે. એ વખતે પદ્મદેવ કહે છે, રહો, હું રસ્તાની ખરચી માટે મારી ઝવેરાતની પેટી લઈ આવું. એમ કહીને એ હવેલીની અંદર પેટી લેવા ગયો. તરંગવતી દાસીને કહે 'જો તું પણ ઘરે જઈ મારો ઝવેરાતનો ડબો લઈ આવ !' દાસી ઉપડી ઘરે, બંનેને ખબર નથી કે આ ઝવેરાત રસ્તામાં ઉપયોગી સહાયક થશે કે ઉપદ્રવકારી થશે ? તમે કહેશો.

**પ્ર.**- એમ તો સંસાર વ્યવહારમાં બેઠા દેશાન્તર જવું હોય તો પૈસા તો સાથે લેવા જ પડે ને ?

**ઉ.**- ભલે લેવા પડતા હોય પરંતુ એના ઉપદ્રવનો સંભવ ખરો કે નહિ ? વધારે પૈસા હોય તો એના જ લીધે કોઈકવાર જાન પણ જાય ને ? એવા ઉપદ્રવ સંભવિત છે, છતાં પૈસાને કેવી નજરથી જુઓ છો ? પૈસા સુખકારી કે ઉપદ્રવકારી ?



**જીવની આ મૂઢ દશા છે કે પૈસા લાવવા હોય ત્યાં દુઃખ નહિ, ને ધર્મ લાવવો હોય ત્યાં દુઃખ દેખાય છે.**

કશીક ધર્મની બાધા લેવી હોય ત્યાં જ શંકા કરે છે કે આમાં કદાચ કાંઈ વિઘ્ન આવે ને બાધા ભાંગે તો ? ક્યારેક અવગડ પડે તો ? અને પૈસા લેવાની વાત આવે ત્યાં એની પાછળના અપાયો-ઉપદ્રવો મન પર નથી આવતા, તેથી ત્યાં તો સીધું એનાથી સુખ સગવડ કેટલી બધી મળે એ જ દેખવું છે. ઝટ મનને થાય છે કે 'પૈસાથી સુખ સગવડ, ને ધર્મથી કષ્ટ અગવડ ! મૂર્ખ જીવને 'ધર્મથી (૧) લાભ કેટલો બધો ? (૨) અનાદિની દુઃખદ પાપવૃત્તિને કેવોક ધક્કો લાગે ! (૩) એટલી પાપવૃત્તિ બંધ થવાથી દુર્ગતિનાં કેવાંક પાપ, પાપની આવક બંધ થાય ?' એવું ચિંતન ધ્યાન પર નથી આવતું ! આ શું બતાવે છે ? પાપનો પક્ષપાત છે, પાપનો પૂરો રસ છે, અને ધર્મ પ્રત્યે નીરસતા છે. એટલે જ કોડ નથી થતા કે 'ક્યારે ધર્મ એવો અંતરમાં ઊતરી જાય કે પાપના નામ પર ત્રાસ છૂટે ! જીવનમાં પાપ ઓછાં થઈ જાય !'

**ધર્મનો પક્ષપાત અને પાપમાં નીરસતા હોય તો ધર્મસેવન અને પાપત્યાગ હોંશે કરાય.**

પદ્મદેવ અને તરંગવતી હવે દોડે છે બહાર સુખના લહાવા લેવા ! પાછું એમાં ઝવેરાત સાથે લઈને જવું છે. ઝવેરાતમાં સુખ ? કે ઉપદ્રવ ? પદ્મદેવ પોતાનું ઝવેરાત લેવા મકાનમાં ગયો, અને અહીં તરંગવતીએ દાસીને કહ્યું, જા તું મારો રત્નનો ડાબડો લઈ આવ, એમ કહી દાસીને લેવા મોકલી, પદ્મદેવ પોતાનું ઝવેરાત લઈને ઝટ આવી ગયો, અને

તરંગવતીને કહે છે,- ચાલ હવે આપણે નીકળી જઈએ.'

ત્યાં તરંગવતી કહે છે, જરાક ખમો, દાસીને મેં મારા આભૂષણ લેવા મોકલી છે, તે લઈને આવતી હશે. એટલે આપણે એ લાવે એટલે એ લઈને જઈએ.'

**પદ્મદેવની અનુભવવાણી :-**

પદ્મદેવ કહે, 'હવે જરાય રાહ જોવા જેવી નથી, કેમકે હજી જ્યાંસુધી આપણા બંનેની પિતાજીને ખબર નથી એટલામાં નીકળી જવું સલામત છે, વળી દાસીનો ભરોસો નહિ કે એના પેટમાં આ વાત કેટલી ટકે ? અર્થશાસ્ત્રમાં તો કહ્યું છે.

**'दूई परिभव दूई, न कज्जस्स सिद्धिकरी मंतमेओ ।'**

-અર્થાત્

**દૂતી તો ઉન્નતિની દૂતી નહિ, પણ અવગતિની દૂતી છે.**

એથી કાંઈ કાર્ય સિદ્ધિ નિયમા થાય એવું નહિ; કેમકે એનાથી જ ગુપ્ત રહસ્ય પ્રગટ થઈ જવા સંભવ છે. દૂતીનું પેટ કેટલું ? કોઈ લાલચ મળે તો આપણી વાત બહાર પાડી દે, અથવા એની હિંમત કેટલી ? કોઈએ જો એને ધમધમાવી કે ક્યાં ચાલી ? બોલ, નહિતર તારું મોત સમજજે, તો ય ઝટ ગુપ્તભેદ બહાર કહી દે. એટલે આપણો ભેદ બહાર પ્રગટ થઈ જાય, તો જવામાં વિઘ્ન આવવા મોટો સંભવ ! ને આપણું ગમન બંધ થઈ જાય. ત્યાં ઝવેરાત સાથે લીધું કે રહી ગયું એની શી કિંમત છે ? અને મેં મારા બધા કિંમતી દાગીના સાથે લઈ લીધા છે, એટલે કશી ચિંતા કરવાને કારણ નથી. પરદેશ જઈને આનાથી મોટો ધંધો ચલાવી શકાય એમ છે. માટે હવે દાસીની રાહ જોયા વિના ઝટપટ નીકળી જઈએ.'

**આધુનિક નારીની વિચારણા :-**

તરંગવતી બાઈ માણસ છે એટલે સહેજે દાગીનાનો મોહ હોય. તેમ, એ જમાનામાં એવું નહિ કે સારા કુળમાં પત્નીને ભય હોય કે (૧) આજે તો પતિ સાથે સારાસારી છે, પણ કાલે ઊઠીને અણબનાવ થાય, અને પતિ આપણને રઝળતી કરી દે તો ? આપણી પાસે આપણી પોતાની માલ મિલકત વિના આપણે ક્યાં જઈને ઊભા રહીએ ? વળી (૨) આપણી પાસે માલ હોય તો પતિ આપણને સારી રીતે બોલાવે ચલાવે. બાકી માલ વિના તો પતિની નજરમાં આપણી શી કિંમત ? પતિની ઓશિયાળી થઈને રહેવું પડે. (૩) જ્યારે કહેવાય છે કે વસુ વિનાનો નર પશું,' તો પછી વસુ વિનાની નારીની તો બિચારીની ઢોર જેટલી જ કિંમત રહે. પુરુષ ફાવે તેમ ઉઠાડે ને ફાવે તેમ બેસાડે.

**ધણી પાસે પશુનું ન ઊપજે એમ પુરુષ પાસે માલ મિલકત વિનાની પત્નીનું કશું ન ઊપજે.**

માટે આપણી પાસે આપણી પોતાની મિલકત તો હોવી જ જોઈએ''

આ આધુનિક યુગની નારીની વિચારણા છે. પૂર્વની કુલીન નારીની આ વિચારણા નહિ; કેમકે

**પૂર્વની કુલીનતા આ શીખવતી કે**

સ્ત્રીએ પતિમાં દૂધમાં પાણી ભળી જાય એમ ભળી જવાનું. પછી પોતાની કોઈ સ્વતંત્ર વિચારણા નહિ, પોતાનો કોઈ સ્વતંત્ર સિદ્ધાન્ત નહિ, સ્વતંત્ર ઇચ્છાઓ નહિ; વિચારણા, સિદ્ધાન્ત ઇચ્છાઓ...બધુ જ જે પતિનું એજ પોતાનું. પતિ સાથે જીવન ગાળવું છે તે પતિને પોતાના ઈષ્ટદેવ તરીકે માનીને ગાળવાનું. જીવનમાં કોઈ ઈષ્ટદેવ પૂજ્ય તરીકે મળ્યા પછી એ ક્યાં જોવાય છે કે એમનો સ્વભાવ તેજ,



એમની આજ્ઞા બહુ કડક. એમને દેવ કર્યા પછી શી રીતે સદા સરખાઈ આવે ?' ના, આવું કાંઈ જોવાતું નથી. એમ નારીએ માથે પતિ ધર્યા પછી પતિ સાથે હંમેશા સરખાઈ આવશે કે કેમ એ શંકા જ નહિ કરવાની. ત્યારે પૂછો,-

**પતિ કરતાં કેમ અનેક વાતની શંકાઓ નથી કરાતી ? :-**

**પ્ર.-** ઈષ્ટદેવ તો ભગવાન છે એટલે સર્વગુણસંપન્ન અને પરમ દયાળુ છે, એટલે ત્યાં શંકા ન થાય કે આમના સાથે સરખાઈ આવશે કે કેમ ? પરંતુ પતિ તો એક સંસારી જીવ છે, એનામાં કેટલાય અવગુણ પણ હોય. અને એ દુન્યવી પતિ કાંઈ દયાના દેવતા ન હોય, તેથી શંકા કેમ ન પડે ?

ઉ.- શંકા ન પડવાનું કારણ સારી સ્ત્રીઓએ સિદ્ધાન્ત બાંધી રાખ્યો હોય છે કે,-

**'આપ ભલા તો જગ ભલા'**

અર્થાત્ આપણે જો હંમેશા બીજા પ્રત્યે સારા રહીએ, સારા વર્તીએ, તો બીજા પણ આપણી સાથે સારું વર્તે, સારી રીતે રહે.

એક દીક્ષાર્થીબેન વાસક્ષેપ નખાવવા આવ્યા. કહે 'મારે દીક્ષા લેવાની છે, વાસક્ષેપ નાખો હિતશિક્ષા આપો.

મેં પૂછ્યું, કોની પાસે દીક્ષા લેવાના છો ?'

એ કહે, તમારા બેન સાધ્વી પાસે.'

'મેં પૂછ્યું તમારે એમનો પરિચય છે ?'

એ મને કહે ''મહારાજ સાહેબ ! પરિચય શો કરવો હતો ? **આપ ભલા તો જગ ભલા.''**

હવે એને શું કહેવાનું ? એણે એવી માર્કાની વાત કરી કે જેમાં જીવનભરની શાંતિની ચાવી હતી. પહેલું એ સમજો કે

**પ્ર.-** આપણને અશાંતિ કેમ થાય છે ?

ઉ.- બીજાઓ આપણી સાથે દુર્વ્યવહારકરે છે માટે નહિ, કિન્તુ આપણા દિલમાં ભલાઈ નથી માટે. ભલાઈ આ કે

(૧) સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ યાને સ્નેહ

(૨) ગુણી પ્રત્યે પ્રમોદ

(૩) દુઃખિત પ્રત્યે કરુણા

(૪) અવિનીત ઉદ્ધત-અસાધ્ય દોષી પ્રત્યે ઉપેક્ષાનું માધ્યસ્થ

હવે જો આપણે આપણી પ્રત્યે દુર્વ્યવહાર કરનાર પ્રત્યે પણ મક્કમ મનથી આપણા દિલમાં સ્નેહ મૈત્રીભાવ રાખીએ છીએ, તો આપણને અશાંતિ થવાને કારણ નથી. સમજીએ છીએ કે આપણું બહારનું બગડે છે તે આપણા અશુભ કર્મના હિસાબે, અને અંદરનું બગડે તે આપણા અશુભ ભાવના હિસાબે. એટલે નિશ્ચિત કરવાનું આ છે કે 'બહારનું બગડે એમાં મારે કષાયાદિ અશુભ ભાવ કરી મારું અંદરનું બગાડવું નથી. આ હિસાબ પર અંતરમાં વૈર વિરોધાદિ અશુભ ભાવ ન લાવીએ, તો આપણને કશી અશાંતી નથી. સામાનો દુર્વ્યવહાર વધારે અસહ્ય લાગે તો ત્યાં સામા પ્રત્યે ભાવ કરુણા લવાય કે એ બિચારો મોહનીય કર્મથી પીડાય છે ! પ્રભુ એને સદ્‌બુદ્ધિ આપો. મારું ચાલે તો હું એને મારા સૌમ્ય અને સહાનુભૂતિભર્યા વ્યવહારથી સદ્‌બુદ્ધિ પમાડું.' આમાં ક્યાં અશાંતિ થાય ?

**'આપ ભલા'** એટલે આપણે આવા સર્વજીવ મૈત્રી વગેરે શુભ ભાવવાળા બન્યા રહીએ તો,

**'જગ ભલા'** એટલે જગત આપણને ભલું જ દેખાય. 'જગતના જીવો ભલા જ છે, પણ એમના પર કર્મની શિરજોરી છે એટલે જ એ દુર્વ્યવહાર કરે છે. એ દુર્વ્યવહાર દુષ્ટ કર્મના ઘરનો છે. ગુસ્સો કરું તો એ દુષ્ટ કર્મ પર કરું, જીવ પર શા માટે ગુસ્સો કરું ? શા માટે ગુસ્સાનો ખરાબ વર્તાવ કરું ? સૌમ્યતાનો જ વર્તાવ વ્યવહાર મારે કરવાનો.'

**'જગ ભલામાં શું વિચારવું ? :-**

પેલા દીક્ષાર્થીબેન આપ ભલાનો આ હિસાબ માંડી રાખ્યો હશે કે "ગુરુણી પ્રત્યે હંમેશા મારે સ્નેહભાવ-મૈત્રીભાવ અને ગુણી તરીકે પ્રમોદભાવ યાને આનંદથી સેવાભાવ જ રાખવાનો, પછી ગુરુણી શું કામ મારી સાથે ભલાઈથી નહિ વર્તે ? ને નથી ને કદાચ ક્યારેક ગુસ્સો પક્ષપાત વગેરે કોઈ અસદ્ વર્તાવ કરે, તો ય મારે તો જગ ભલાના હિસાબે એમને ભલા તરીકે જ જોવાના છે, જે અસદ્ વર્તાવ છે એ દુષ્ટ કર્મના ઘરનો છે. તેથી મને ગુસ્સો કરવાનું મન થાય તો તે કર્મ પર કરવાનો; પણ ગુરુણીના ભલા જીવ પર શા માટે ગુસ્સો કરું ?"

**જીવનમાં શાંતિ 'આપ ભલા તો જગ ભલાના' સૂત્ર પર મળે :-**

કહેતા નહિ કે આ તો બહુ મોટી ફિલ્સુફીની વાત થઈ.' સમજી રાખો આને મોટી ફિલસુફીની વાત ગણો કે નાની ફિલ્સુફીની વાત ગણો જીવનમાં શાંતિ મળશે તો આનાથી જ મળવાની. આપણે માનીએ કે હું રોફ રાખીને વર્તાવ કરું



તો સામા સીધા ઊતરે, તો એ માન્યતા ખોટી છે, કેમકે એમાં બે વાત છે,-

(૧) રોફ રાખવા છતાં આપણું પુણ્ય પહોંચે તો જ એ દબાય ને સીધા ઊતરે; બાકી રોફ રાખનારાના જ્યારે પુણ્ય પરવારી ગયા, ત્યારે એમના રોફ પર એમને પોતાને જ લપડાક પડી !

(૨) બીજી વાત આ છે કે રોફ રાખવામાં આપણા દિલમાં તો અશાંતિ જ આવી.

**શાંતિ તો રોફવાળાને નહિ, પણ નરમ મૃદુ- મુલાયમ સ્વભાવવાળાને જ વરેલી છે.**

કસોટીના પ્રસંગ આવે, પણ પોતે મક્કમ મનથી મૃદુ-મુલાયમ અને સૌમ્ય સ્વભાવ પકડી રાખવાથી પોતાને હૈયે શાંતિ જ રહે છે.

વાત આ હતી,-પૂર્વની સુશીલ પત્નીઓ પોતાની અલગ કમાઈ અને અલગ માલમિલકત નહોતી રાખતી છતાં પતિ સાથે આપ ભલા તો જગ ભલાના સૂત્રથી જીવન જીવતી, તો એમને ક્યારેય ભય નહોતો રહેતો કે કાલે ઊઠીને પતિ આપણને તરછોડશે તો ? આપણને પૈસાના જોર પર દબાવ્યા કરશે તો ? ના આવો કશો ભય જ નહિ, કેમકે

**પત્નીનો પોતાનો સૌમ્ય ભલો વર્તાવ અને પતિ પ્રત્યે સમર્પિત જીવન પતિને એના પ્રત્યે ભલો રાખતું.**

પતિ એવી પત્નીને મહાવિશ્વાસપાત્ર સમજતો. આજની પત્નીની જુદી કમાઈ જુદી મિલકતના જીવનમાં અન્યોન્યની વિશ્વાસપાત્રતા ગઈ, પત્નીની સમર્પિતતા ગઈ, ભલા વ્યવહાર ગયા,

તરંગવતીને પદ્મદેવ કહે છે,- મેં સારું ઝવેરાત લીધું છે એટલે હવે તારા દાગીના ન આવે તો ય કાંઈ ખૂટે એવું નથી. ચિંતા ન કરીશ, અને તરંગવતીએ કાંઈ પોતાની જુદી મિલકત રાખવા પોતાના દાગીના નહોતા મંગાવ્યા. એ તો પદ્મદેવના બાપ નાના શેઠ એટલે પદ્મદેવ કદાચ મોટા પ્રમાણમાં ઝવેરાત ન લાવી શકે, તો તરંગવતીના બાપ મોટા શ્રીમંત તેથી પોતાની પાસે સારા પ્રમાણમાં ઝવેરાત, તે કામ લાગે; તેથી એણે દાસી પાસે પોતાના દાગીના મંગાવેલા. પરંતુ હવે જ્યારે પદ્મદેવ ખુલાસો કરે છે કે મારી પાસે પૂરતું ઝવેરાત છે, તેથી ખૂટવાની ચિંતા કરવાની રહેતી નથી.' એટલે તરંગવતીનું મન નિશ્ચિત થઈ ગયું, ખાસ કારણ તો પદ્મદેવે એ કહ્યું કે દાસીને દૂતી બનાવી, પરંતુ કર્મસંજોગે દૂતી આપણા આ એકાએક ભાગી જવાનું ગુપ્ત રહસ્ય કોઈને કહી દે, તો ગુપ્ત ગમનમાં મોટા અંતરાય આવી પડે, અને પ્રત્યક્ષમાં બીજાની મશ્કરી જોવાની આવે.

**પદ્મદેવ-તરંગવતીનું ગુપ્ત પ્રયાણ :-**

બસ, દાસીની રાહ જોવાની માંડી વાળી, બંને જણ ત્યાંથી તરત જ નીકળી જઈ, નગરની બહાર પહોંચ્યા. રસ્તો કોઈ રાજમાર્ગ લેવો નહોતો; કેમકે ખાતરી હતી કે બંને ઘરે ખબર પડે એટલી જ વાર ! તરત જ 'બંને જણ ભાગી ગયા છે, તો ઘોડેસ્વારો દોડાવો' ના વિચાર પર ગામ ગામના રસ્તાઓ પર ઘોડા દોડે. એમાંથી બચવા આમણે તદ્દન જંગલનો જ રસ્તો લીધો, અને ચાલતાં ચાલતાં યમુના નદીના કિનારે પહોંચી ગયા. ક્યાં પિતાના ઘરે તરંગવતી બહાર નીકળી ત્યારે મ્યાના-પાલખી-રથમાં બેસીને જનારી ? અને ક્યાં અત્યારે દૂર દૂર પગે ચાલતી જનારી ? પરંતુ પાલખીમાં જતાં કદાચ એટલો આનંદ નહિ હોય તે અત્યારે પગે ચાલી કાઢતાં અનહદ આનંદ છે. કેમ વારુ ? કહો, જીવનમાં જેની અતિશય ઝંખના ઊભી કરી છે, એ પોતાનો પૂર્વ ભવનો પ્રિયતમ સાથે છે, ને એની સાથે જીવનભરના સંબંધ સાધવા ચાલી નીકળેલ છે માટે.

બસ, આ જ દશા, જેને પ્રભુની લગન લાગે, એની હોય છે, ભલે અહીં જૈનકુળમાં જન્મ મળ્યાથી અરિહંત પ્રભુને શોધવા જવું પડ્યું નથી. ઊલટું, કહો પ્રભુ સામે આવીને મળ્યા છે. તો પછી પૂછો,

**પ્ર.-** પ્રભુ જનમથી મળી ગયા લગન શી લગાડવાની હોય ? ન મળ્યા હોય તો મેળવવા લગન લગાડવી પડે ને ?

**ઉ.-** લગન આ માટે લગાડવાની છે કે

**પ્રભુ જનમથી મલી તો ગયા, પણ ઓળખાયા નથી.**

તેથી ગુરુ પાસેથી અરિહંત પ્રભુ અંગે ખૂબ જ એના પર ચિંતન-મનન-પરિશીલન કરતાં કરતાં,

**પ્રભુની અનેરી અને મહા કલ્યાણકર-વિશેષતાઓ દેખાય. એના પર જોરદાર શ્રદ્ધા આકર્ષણ થાય, એટલે પ્રભુ ઓળખાયા ગણાય.**

આવી રીતે ઓળખ થાય ત્યારે લગન લાગે કે પ્રભુ એમની અનેરી વિશેષતાઓ સાથે મારા દિલમાં ચોવીસે કલાસ કેવી રીતે વસી જાય ! માટે તો આનંદઘનજી યોગીએ કહ્યું,-

**પરિચય પાતક ઘાતક સાધુશું, ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી,**
**પરિશીલન નય હેત.**

અર્થાત્ સાધુ સાથે પાપઘાતક પરિચય રાખી અધ્યાત્મ-ગ્રંથોનું શ્રવણ, મનન કરીને 'પરિશીલન' કરવું. આ પરિશીલન એટલે શું શ્રવણ પછી મનન કરવાનું તો કહી દીધું, હવે વળી એના પર,



**પ્ર.-** પરિશીલન કરવાનું એટલે ?

**ઉ.-** પરિશીલન એટલે અધ્યાત્મના ગ્રંથોની વાતોને સ્વભાવિક વિચારસરણીમાં ઉતારી દેવાની મહેનત કરવાની 'શીલ' એટલે સ્વભાવ; કહેવાય છે ને કે ક્ષમાશીલ ? ક્ષમાના સ્વભાવવાળા, દાનશીલ ? દાનના સ્વભાવવાળા

**પરિશીલન એટલે પૂરા સ્વભાવમાં ઉતારવાની ક્રિયા-પ્રયાસ-પ્રયોગ**

અધ્યાત્મ-શાસ્ત્રોની વાતોનું પરિશીલન એટલે એ વાતોને સ્વભાવમાં યાને સ્વાભાવિક વિચારસરણીમાં ઉતારવાની મહેનત. આપણી સ્વાભાવિક વિચારસરણી, તપાસો, કેવી ચાલે છે, કહો, લગભગ ભૌતિક શારીરિક વૈષયિક વિચારસરણી જ ચાલે છે. દા.ત. હીરાનો હાર જોયો, તો જોતાં જ આ બહુ કિંમતી હશે ! ઘણો સુંદર લાગે છે. પહેરનારો શ્રીમંત ભાગ્યવાન હશે...' વગેરે વિચારણા સહેજે ચાલુ થઈ જાય છે; કેમકે ભૂતકાલના અનંત અનંત કાળમાં એવું જ ભૌતિક વિચારોનું પરિશીલન કરેલું છે. હવે જો આધ્યાત્મિક વિચારણાનું પરિશીલન ઊભું કરવું હોય, તો હીરાના હાર અંગે એમ વિચારવું પડે કે,-

**હીરાના હાર પર આધ્યાત્મિક વિચારણા :-**

'અરરર ! બહુ બહુ કિંમતી હારને જીવ જેટલી જેટલી વાર રાગથી જુએ છે એટલી એટલી વાર અશુભ તિર્યંચ ગતિનાં કર્મ જયાં બાંધતો રહે છે, તેમજ જ્યાં આત્મામાં રાગના સંસ્કારને ગાઢ કરતો રહે છે, તો પછી શા સારુ એવી ભૌતિક વિચારણા જ કરવી ? વિચારણા એ કાં ન કરું કે

**'અરરર ! આ ચકમકતા હીરા એના જીવનમાં માણસની પેઢીઓની પેઢીઓને ભયંકર રાગ કરાવી કરાવી દુર્ગતિઓમાં ભટકતી કરનારા ! એ જડ છતાં, ચેતન જેવા જીવને નચાવનારા !**

જડનો માલિક જીવ ? કે જીવના માલિક જડ પદાર્થો ?

જેમ વ્યવહારમાં માલિક બેઠો રહે છે ને નોકરને અહીંથી તહીં, ને તહીંથી બીજે મોકલે છે, એમ અહીં હીરા વગેરે જડ પદાર્થ માલિકની જેમ અહી બેઠા રહે છે, ને જીવને દુર્ગતિઓમાં અહીંથી તહીં, તહીંથી બીજે ભટકાવે છે, હીરા અને જીવ વચ્ચે માલિક ગુલામના સંબંધ નહિ તો બીજું શું છે ? મૂર્ખ જીવ એ જોતો નથી કે આ ગોઝારા હીરા કરતાં સૂતરના સામાન્ય કપડાં સારા, કે એટલો બધો રાગ ન કરાવે.'

આમ વિચારો ચાલે એ વૈરાગ્યની આધ્યાત્મિક વિચારસરણી છે.

**અથવા એમ વિચારે કે 'આ હીરાનો હાર જાતે પહેરવામાં જીવની શી વડાઈ છે ? હાર ભગવાનનો આપેલો છે, એ ભગવાનને જ ચડાવવો ન્યાયયુક્ત છે, જેથી**

**કૃતજ્ઞતા ઉપરાંત ભગવાનની ભક્તિ શોભા કરવાનું સુકૃત થાય.....** આવી કોઈ વિચારણા આધ્યાત્મિક વિચારમા બને; કેમકે એ વિચારણા આત્માને શુભ સંસ્કારના લાભમાં ઊતરે છે. આમ ભૌતિક વિચારોને અટકાવી આધ્યાત્મિક વિચારોનો અભ્યાસ બહુ કરવામાં આવે, તો એનું પરિશીલન થાય, સ્વાભાવિક રીતે આધ્યાત્મિક વિચારસરણી ચાલતી રહે, હીરાનો તો એક દાખલો કહ્યો, બાકી ખાનપાન-વસ્ત્ર-અલંકાર, ઘરવખરો. દુકાન-મકાન વગેરે બધે જ ભૌતિકને બદલે આધ્યાત્મિક વિચારસરણીનો અભ્યાસ પાડવાનો છે, પરિશીલન કરવાનું છે.

**પ્રભુની લગન લાગી શાને કહેવાય ? :-**

પ્રભુની લગન લગાડવાની તે આમ બને કે જ્યાં ને ત્યાં પ્રભુનાં જીવન અને સિદ્ધાન્તો મુજબની વિચારસરણીનું પરિશીલન કરાય, સહજ સ્વાભાવિક વિચારસરણી જ એવી બની જાય.

પેલી તરંગવતીને પદ્મદેવની લગન લાગી છે એટલે સહજ પાલખી-રથમાં ફરનારી એ અત્યારે પદ્મદેવની સાથે હોંશે હોંશે પગે ચાલીને જંગલ વટાવી રહી છે. બંને જણ યમુના નદીના કાંઠે પહોંચ્યા, ત્યાં એક નાવડી ભાડે કરી લે છે, અને એમાં બેસી જાય છે.

**અપશુકનના દેખાવ :-**

હવે નાવડી જ્યાં હંકારવાનું થાય છે, ત્યાં જમણી બાજુ શિયાળનો રોવાનો અવાજ આવે છે, આ અપશુકનિઓ અવાજ છે, પદ્મદેવ જરા ખચકાય છે, એ તરંગવતીને કહે છે,-

**શિયાળના અવાજનાં ફળ :-**

**वामा खेमा, धायंति दाहिणी मग्गओ नियत्तंति ।**
**वहबंधणं च पुरओ दिंति सियाला अणुसरंता ॥**

શિયાળ (૧) ડાબી બાજુ અવાજ કરે, તો ક્ષેમ કલ્યાણ માટે થાય; ને (૨) જમણી બાજુ અવાજ કરે તો મારપીટનું કષ્ટ લાવે, (૩) પાછળના ભાગમાં રૂએ તો નિયંત્રણ લાવે; અને (૪) જો આગળના ભાગમાં રૂએ તો વધ-બંધન લાવે. આ હિસાબે અત્યારે જમણી બાજુનું શિયાળરૂદન લાભકારી ન ગણાય; પરંતુ અહીં એક બચાવ છે કે આપણા જીવતરનો નાશ નથી, અને દિશા અનુકૂળ હોવાથી આફતમાં ઓછાશ પણ રહેશે. પણ પાછળવાળા ભયથી હવે પાછા તો નહિ જ જવાય.'

તરંગવતી કહે તમને જેમ યોગ્ય લાગે તેમ કરો. મને ફાવશે નહિ એની ચિંતા જ નહિ કરતાં. મને તો તમારા સાંનિધ્યમાં બધું અનુકૂળ છે. હું તમારી સાથે જ છું,'

સુશીલ સ્ત્રીને પતિ પરના પૂરા વિશ્વાસ અને પૂરી સમર્પિતતાના પ્રભાવે



ગમે તેવા કષ્ટ વેઠીને પણ પતિનું સાંનિધ્ય રાખવું ગમે છે. તો

**સમકિતી આત્માને ભગવાન પરના પૂરા વિશ્વાસ અને સમર્પિતતાના પ્રભાવે ભગવાનના સાંનિધ્ય ન છોડવાની કેટલી બધી ઉમેદ હોય ?**

વિચારજો,- કેવા કેવા પ્રસંગમાં ભગવાનને ભૂલી જઈએ છીએ ? અરે ! મામૂલી મામૂલી પ્રસંગમાં ય ભગવાન કેટલા યાદ આવે છે ? વાતવાતમાં ભગવાન યાદ આવે એ માટે આ એક સરળ ઉપાય છે,- કોઈ પણ કામના પ્રારંભે માત્ર **'નમો અરિહંતાણં'** યાદ કરવું કદાચ ભૂલાય તો પછી દંડમાં ૩ નવકાર ગણી આપવા.' પછી સવારે જાગ્યા નમો અરિહંતાણ,' પથારી બહાર પગ મૂકતાં નમો અરિહંતાણં, પાણી મોંમાં નાખતાં એજ, નાસ્તો શરૂ કરતાં એજ, નહાવા બેસતાં એજ, ઘરબહાર નીકળતાં એજ...

**વાતવાતમાં ભગવાન યાદ લાવવા, સરળ ઉપાય આ, કે દરેક કામના પ્રારંભે 'નમો અરિહંતાણં' બોલવાની પ્રતિજ્ઞા અને અમલ :-**

કહે છે 'પણ યાદ નથી આવતું,' યાદ લાવવા ૫-૧૦ જગાએ મોટા અક્ષરે 'નમો અરિહંતાણં' ની ચિઠ્ઠીઓ ચોડી હોય તો એના પર નજર પડતાં મગજમાં એ ઘુંટાય, એટલે અવસરે સહેજે યાદ આવે.

આનો પ્રભાવ જબ્બર છે. જુઓ,

અંધેરીની સભામાં આ નિયમ આપ્યો, એક યુવાનભાઈ રાતના આવ્યા, કહે સાહેબ ! બહુ ઉપકાર કર્યો આ 'નમો અરિહંતાણં' નિયમ કરાવીને.'

કેમ ? શું થયું ?

**'નમો અરિહંતાણં' થી સ્કુટર બચ્યું. :-**

આજે સાહેબ ઘરની બહાર નીકળી ગાડીમાં બેસતાં પહેલાં નિયમ યાદ આવ્યો, 'નમો અરિહંતાણં' કહીને બેઠો, જાતે જ મોટર હાંકવાની હતી, અને જવાની ઉતાવળ હતી, એટલે સ્પીડમાં વેગમાં ગાડી ચલાવી, આગળ એક ટેક્ષી જતી હતી, પણ જરા ધીરા વેગથી જતી હતી તેથી મારી મોટર અને એ મોટરની વચ્ચેનું અંતર કપાતું જતું હતું. એમાં જરા ત્રણેક હાથ જેટલું આંતરું રહ્યું હશે, અને પાછળનો કોઈ સ્કૂટરવાળો એ આંતરાની વચમાંથી પોતાનું સ્કુટર આડું હાંકી જવા નીકળ્યો. મને કોઈ આનો ખ્યાલ નહોતો, કેમકે મારે પાછળ જોવાનું કોઈ પ્રયોજન નહોતું. વળી સ્કુટરવાળાને ય ખબર નહોતી કે આગલી ગાડી કરતાં મારી ગાડી વધારે વેગબંધ જતી હતી. આનું પરિણામ શું આવત ? મારી ગાડી અને આગળની ગાડીની વચ્ચમાં સ્કુટરના ભૂક્કા બોલાવાના થાત. પરંતુ પેલા ઘર-બહાર નીકળતાં યાદ કરેલ 'નમો અરિહંતાણં' ભગવાનના સ્મરણ અને નમસ્કારનો

અહીં પ્રભાવ કેવોક પડ્યો, કે અજાણ્યે મારી ગાડીનું સ્ટીયરીંગ સહજભાવે જમણી બાજુ વળી ગયું, તેથી સ્કુટરને મારી ગાડી આથડે એ પહેલાં જ મારી ગાડી જમણી બાજુ નીકળી, એમાં સ્કુટરવાળો વચમાંથી ક્ષેમકુશળ નીકળી ગયો ! અને હું પણ જમણી બાજુથી ક્ષેમકુશળ આગળ વધી ગયો ! ખરેખર સાહેબ ! જો આ નીકળતાં 'નમો અરિહંતાણં' યાદ ન કર્યું હોત તો સ્કુટરના ભૂક્કા બોલત, મારી ગાડીના આગલા ભાગને નુક્શાન થાત, તેમજ સ્કૂટરવાળાને બિચારાને ય કેવોક અકસ્માત થાત કે કદાચ મોત સુધીની આપદા આવત ! કદાચ મને પણ સારી ઈજા પહોંચત ! વાહ ! આ બધાથી બચાવી લેનાર 'નમો અરિહંતાણં' થી ભગવાનનું સ્મરણ-નમસ્કાર કેવાક મહાઉપકારક ! ધન્ય નવકાર !'

માટે જ દરેક કામના પ્રારંભે ભગવાનના સ્મરણ નમસ્કારરૂપ નમો અરિહંતાણં વીસરાય જ નહિ.

આનો પહેલાં અભ્યાસ પાડવો પડે, અભ્યાસ પડ્યા પછી તો કેમ ? તો કે વગર કામના પ્રારંભે ય 'નમો અરિહંતાણં' વારેવારે યાદ આવ્યે જાય.

પેલો પદ્મદેવ નાવ ઉપાડતાં જમણી બાજુ શિયાળના રૂદનના અવાજનું અપશૂકન થયું છતાં તરંગવતીને કહે છે ચંદ્રની દિશા શુભ હોવાના હિસાબે તેમજ ભગવાનનાં સ્મરણ નમસ્કાર કર્યા હોવાના ભાવે આપદા મોત કરતાં ઓછી આવશે. આપદાના સંભવમાં શું કામ જવાય ? પરંતુ પાછા ફરાય એમ નથી, કેમકે પાછળથી શોધ કરનાર આવી પહોંચી ઝડપી જ લે ! એટલે નાવડી હંકારી પવન અનુકૂળ હતો તેથી નાવડી વેગબંધ ઉપડી.

પાછળ જુએ છે તો શોધ કરનાર કોઈના આવવાનો અણસારો દેખાતો નથી તેથી પકડાઈ જવાનો ભય નથી, બંનેને મનગમતાનો મેલાપ થઈ ગયો છે. એટલે આનંદનો પાર નથી. તેથી નાવના વેગબંધ ચાલવા વખતે પરસ્પર દિલની વાતો કરે છે.

**દિલની મીઠી વાતો :-**

એમાં તરંગવતી પદ્મદેવને કહે, 'પ્રિય ! ચક્રવાક ચક્રવાકીના અવતાર પછી કેટલા લાંબા કાળથી આપણે છૂટા પડી ગયેલા, તે શી રીતે ભેગા થઈ ગયા ? ભગવાનની કેવીક મહેર વરસી ! જો મને જાતિસ્મરણ ન થયું હોત, ને પૂર્વ ભવનો ચિત્રપટ્ટ ચીતરી બજાર વચ્ચે ન મુકાવ્યો હોત, અને આપણે બંનેએ એકબીજાના પરિવર્તન પામેલ જનમને ન ઓળખ્યા હોત, તો આજે આ સમાગમ શાનો બની આવ્યો હોત ? એમાં નાથ ! તમે તો મારા પર ભારે અનુગ્રહ કર્યો, મોટી મહેરબાની કરી, કે પૂર્વ-જન્મની ઓળખ થયા પછી મને સ્વીકારી લીધી ! એ પણ મને દેવાની મારા બાપાજીની બિલકુલ ઈચ્છા નહિ છતાં મને તમે અપનાવી



લીધી અને મારી ઈચ્છાનુસાર અત્યારે દૂર દેશ લઈ જવા ચાલ્યા છો ! તમારો કેટલો ઉપકાર માનું ? તમારા કેટલા ગુણ ગાઉં ?"

પદ્મદેવ કહે "અરે પ્રિયા ! એમાં તારા પર મારો અનુગ્રહ શાનો ? મને ય તેં જાતિસ્મરણ કરાવ્યા અને તારા ભાવ મળ્યા પછી તારા પર કેટકેટલો પ્રેમ ઊભરાયો છે, એ હું શું કહું ? હું તો માનું છું કે તારા વિના ઝુરતા એવાં મારી સાથે આવા વિકટ પ્રદેશે તું સાથે ચાલી એટલે મારા પર તારો જબરદસ્ત ઉપકાર છે. કે મને તેં સંગત આપી.'

તરંગવતી કહે, 'બેસો, એવું બોલશો નહિ, ખરેખર તો આપણા બંને પર દેવાધિદેવ અરિહંત પ્રભુનો અચિંત્ય અનંત ઉપકાર છે કે એમણે આપણે આટલા ઊંચા મનુષ્યભવે લાવી મૂક્યા ! એમાં વળી પૂર્વના પંખેરાના જનમમાં એવો ધર્મ પણ ક્યાં કરેલો ? છતાં ત્યાંથી અકાળે મરીને અહીં બે મોટા જૈન શેઠિયાઓના ઘરે આપણે બંને માનવીય પુત્ર-પુત્રીપણે જન્મી પડ્યા ! એ અરિહંતની અનંત કૃપા વિના શે બને ?'...

આવી અને બીજી કાનને સુધારસનું પાન કરાવે એવી પરસ્પરની મીઠી મીઠી વાતો ને મનોરમ આલાપમય સંસારમાં શો એવો ભલીવાર છે ? ભૂતકાળમાં જે કાંઈ ભૌતિક જીવનનું અનુભવ્યું એનું પિંજણ છે, એટલે કે પિષ્ટનું પેષણ છે, જેમાં કોઈ આધ્યાત્મિક શુભ અધ્યવસાય જાગવાના નહિ દા.ત. વાત કરી કે તમે તેડવા આવ્યા અને હું કામમાં હતો. પણ મેં ઝટપટ કામ પતાવ્યું, અને તમારી સાથે આવવા તૈયાર થઈ ગયો. પણે તમે સારા ડાહ્યા માણસ કે તમને આટલા ખોટી કર્યા, તો ય તમે ખોટું લગાડ્યું નહિ...' ઈત્યાદિ વાતમાં આધ્યાત્મિક શું આવ્યું ? આમાં આત્માને સારું શું મળ્યું ?

**હજી મહાપુરુષોનાં જીવનના** ગુણોનું વર્ણન કર્યે જાય, તો (૧) એમના ગુણોના સુકૃતના અને પરાક્રમના પિષ્ટ-પેષણ કરવાથી આપણામાં અને સામામાં ગુણાનુરાગ પુણ્યાર્જન વગેરે સારો ગુણ થવાનો લાભ મળે, (૩) સારી સુકૃત સદ્ગુણની પ્રેરણાનો લાભ મળે. એવો ભૌતિક કથલો કરવાથી શું મળે ? બોલ્યા,- 'આજે બજારમાંથી ભીંડા લાવ્યા પણ ઘરડા અને સડેલા નીકળ્યા, કાછિયા કેવા ચોર હોય છે ? અધુરામાં પૂરું દાળ દુણાઈ ગઈ,...' વગેરે વગેરે

**તુચ્છ વાતો કરવામાં ઉચ્ચ ઉમદા માનવજનમમાં મળેલી વનચશક્તિ સરાસર વેડફાઈ જાય છે, કહો કે, શક્તિને કલંક લાગે છે.**

માણસના દિલમાં કોઈ એવી આધ્યાત્મિક વાતોનો જાણો સ્ટોક જ નથી. હૃદય આધ્યાત્મિક વાતોથી સાવ ખાલી ખાલી, અને ભૌતિક વાતોથી ભર્યું ભરેલું

હોય એટલે બિચારો અહીંયાં ભૌતિક વરાળ ખાલી કરે છે !

**એવા કચરાળ હૈયામાંથી વાણી દ્વારા શું બહાર આવે ? એ જ ભૌતિક કચરો બહાર આવે !**

દિવસના ૨૪ કલાકમાં વિચારો કે મોઢાંમાંથી કેટલીય માલ વિનાની અને આત્માને કશોય લાભ નહીં કરનારી કેવી કેવી વાતો બોલાય છે ! આમાં ક્યારે સુધારો થવાનો ? એ ભગવાન જાણે. પરંતુ મૂઢ માણસોને એવી કશી અફસોસી નથી કે હાય ! મારા અમૂલ્ય કલાકો ફોગટિયા ભૂસા કૂટવામાં ગયા ? ઉચ્ચ કુળમાં મનુષ્યજન્મ....વગેરે આરાધનાની સુંદર સામગ્રી પુણ્યે આપી દીધી; પરંતુ આ રીતે વિકથા કૂથલી બિનજરૂરી પિષ્ટ પિંજણ, જેમાંથી કશો જ આત્મિક લાભ નહિ ! એ ય ઘરડો થાય ત્યાં સુધી ચાલે.... આ કેવું છે કે

શ્રીમંત બાપ છોકરાને ૨-૪ દિવસે વેપાર અર્થે સારી રકમ આપતો જાય, જેનાથી બજારમાં સારા સોદા કરી શકે એમ હોય, પણ મૂઢ છોકરો એને જુગારના વ્યસનમાં ઉડાવતો જાય, એના જેવું છે. પૂછો,

**પ્ર.**- વાતોમાં જુગાર શો ખેલ્યો ?

**ઉ.**- પુણ્યે વચનશક્તિ મળી, એને તુચ્છ વાતોમાં વાપરી એટલે એટલું વચનશક્તિ પુણ્ય અને કિંમતી માનવસમય પુણ્ય હારી ગયા; એ જુગાર થયો. નવું પુણ્ય કમાઓ તો વેપાર થયો. **જીવનમાં પૂર્વનું પુણ્ય હાર્યે જ જવાય, અને નવું પુણ્યભેગું ન થાય એવું જીવન જીવવું એ જુગારીનું જીવન છે.**

એના બદલે જેમ સુપુત્ર બાપ પાસેથી પૈસા લેતો જાય અને વ્યાપાર કરતો જાય, નફો કમાતો જાય, એમ લાખની મૂડીના પાંચ લાખ બનાવે, તો એ જુગારીનું નહીં પણ વેપારીનું કામ કર્યું કહેવાય. એવી રીતે પુણ્યથી આવેલી સામગ્રીથી મન વચન કાયાથી શુભ પ્રવૃત્તિ, ને ધર્મ આરાધના કરતો જાય, ને એમ પૂર્વના પુણ્ય કરતાં ૧૦-૨૦-૫૦-૧૦૦ ગણું પુણ્ય ઊભું કરે, તો એ વેપારીનું જીવન જીવ્યો કહેવાય.

**તરંગવતીની એક વિનંતી :-**

તરંગવતી અને પદ્મદેવને મનમાન્યો મેળાપ મળી ગયો એનો એટલો બધો રસ અને આનંદ છે કે અત્યારે પ્રેમના પિંજેલાના પિંજણ કરી રહ્યા છે. એમાં અંતે તરંગવતી કહે છે કે નાથ તમારી સાથે સુખ-દુઃખમાં પૂરી સહાનુભૂતિ કરવાના નિર્ધારવાળી છું. મેં તમારે માટે પિતાનું ઘર છોડ્યું, તો હવે મહેરબાની કરીને મને આઘી મૂકશો મા. તમારા વિના એક મુહૂર્ત માત્ર પણ હું રહી શકું એમ નથી. આ એટલા માટે કહેવાઈ જાય છે કે પુરુષોના હૃદય ચંચળ હોય છે. અલબત તમારા પર જરાય આરોપ કરતી નથી, કિન્તુ મારા દિલની વ્યથા હું તમને કહું છું.'



પદ્મદેવ વાત સાંભળીને કહે છે,- પ્રિયે ! તું લેશ માત્ર પણ આવી વ્યથા કે એવો ભય યા શંકા રાખ મા; હવે તને દુઃખ થાય એવું કાંઈ પણ હું કરીશ નહિ, એની તને ખાતરી આપું છું.....'

આમ પ્રેમની વાતોમાં નદીમાં નાવ ચાલી જતી હતી, ત્યાં દૂરથી એક સફેદ મકાન દેખાયું, એટલે નાવને કિનારે લીધી, અને નીચે ઊતરીને સફેદ મકાનમાં બન્ને પહોંચ્યા. તરંગવતી કહે છે, અહીંથી આપણે કાકંદી નગરી તરફ જઈએ ત્યાં મારા ફોઈ રહે છે. એમને ત્યાં મુકામ કરશું પણ સાંભળો. એ પહેલાં હવે હું તમારી સાથે એક કુમારી તરીકે રહેવા માગતી નથી, માટે મને અહીં જ ગાંધર્વવિવાહથી પરણી લો.'

પદ્મદેવ કહે 'તું આટલી બધી ઉતાવળી કેમ થાય ? તરંગવતી

પેલી કહે 'હું ઉંમરલાયક છું, અને જીવનમાં તમારા સિવાય બીજો કોઈ પતિ નહિ કરવાનો મારે નિર્ધાર છે. વળી ક્યાંક કોક પૂછે તો આપણે આપણી ઓળખ શી આપવાની ? એટલે હવે મારે મારા જીવનસાથીને વરી લેવાનો વિલંબ નથી કરવાનો; અને તમે જો આ વાત વિલંબે નાખવાના હો, તો મારે આહાર-પાણીનો ત્યાગ કરવો પડશે.'

પદ્મદેવને નમતું જોખવું પડ્યું. ગાંધર્વવિવાહથી એની સાથે પાણીગ્રહણ કરવું પડ્યું. તરંગવતી કહે, 'હાશ ! હવે હું નિઃસંકોચ બહાર કોઈને પણ કહી શકીશ કે આ મારા પતિ છે, હું એમની પત્ની છું.

સાંસારિક સંબંધમાં જીવો કેટલા બધા ઓતપ્રોત થઈ જાય છે ! અને ઠેઠ ઉંડા હૈયાથી કેટલી બધી નિકટતાની લાગણી અનુભવે છે !

**સાંસારિક સંબંધીની જેમ માનવઅવતારે જો પરમાત્મા સાથે કે ગુરુ સાથે સંબંધ બાંધી એમનામાં ઓતપ્રોત થતા આવડે, અને હૈયાથી નિકટતાની લાગણી અનુભવાય, તો આપણું કેવું કલ્યાણ થઈ જાય ?**

માનવેતર ભવોમાં આ ન આવડ્યું. ત્યાં અબૂઝ હતા, પરમાત્માની કે સદ્‌ગુરુની કશી ગતાગમ ને ઓળખ પારખ હતી નહી, ત્યારે તો દેવગુરુથી હજારો ગાઉ દૂર રહ્યા ! પરંતુ હવે જ્યારે ઉચ્ચમાનવઅવતાર મળ્યો છે ત્યારે, તેમજ દેવગુરુ માત્ર મળ્યા જ નહીં પણ ઓળખાઈ પણ ગયા છે ત્યારે, જો એમનામાં ઓતપ્રોત થતાં ન આવડે અને એમની જ સાથે હૃદયના અતિ નિકટ સંબંધ બાંધતા ન આવડે તો એનામાં પશુ કે અનાર્ય મનુષ્ય કરતાં શી વિશેષતા છે ? પૂર્વના મહાપુરુષોને જુઓ કે એ નહોતા પામ્યા ત્યાં સુધી કોરા ધાકોર હતા, પરંતુ જ્યાં દેવ-ગુરુ-ધર્મની ઓળખ થઈ કે તરત એમની સાથે હૈયાના નિકટના સંબંધ બાંધતા અને એમનામાં ઓતપ્રોત થતાં વાર ન લગાડી.

**રાજા પ્રદેશી** પરમ નાસ્તિક હતો, પરંતુ કેશીગણી મહારાજના યોગ મળવાથી દેવ-ગુરુ ધર્મની ઓળખ થઈ, તો એ એમાં એવો ઓતપ્રોત થઈ ગયો કે એના હૃદયનો ગાઢ નિકટનો સંબંધ પૂર્વે જે સૂર્યકાંતા રાણી સાથે હતો તે પડતો મૂકીને દેવાધિદેવ અને ગુરુ સાથે અજ્ઞાન મોહના ટાયલાં પડતાં મૂકીને, સારી તાત્ત્વિક આધ્યાત્મિક વિચારણા કરવાનું રાખ્યું, રસ્તે ચાલતા જીવજંતુ ન મરે એટલા માટે ઈર્યાસમિતિ જોતા-જોતા ચાલવાનું કર્યું તેમજ ગુરુ રહ્યા ત્યાંસુધી ગુરુની સારી ઉપાસના, અને ત્રિકાળ જિનભક્તિ હોંશથી કરવા માંડી. એટલું જ નહીં પણ પર્વ તિથિનો પોષધ પણ કરે છે. પછી ભલે એટલે રાણીએ આ પતિને ધર્મનું પૂંછડું બનેલો માનીને પોતાના રંગરાગ માટે નકામો ગણી લીધો, અને અમુક પૌષધના પારણે એને ખોરાકમાં કાતિલ ઝેર આપી દીધું ! ઝેરથી તરત મોત આવતું જોઈ, શ્રાવક રાજા પ્રદેશી સાવધાન થઈ જાય છે. નવકાર સ્મરણ ચાર શરણ, દુષ્કૃતગર્હા અને સુકૃત અનુમોદના સાથે સર્વ જીવ ક્ષમાપના કરી લીધી ! રાણી પર વિશેષ દયાભાવ ચિંતવ્યો અને સમાધિ મૃત્યુ વધાવી લીધું ! તો શું બગડ્યું ! મરીને એ પહેલા દેવલોકમાં સમૃદ્ધિવંતા સૂર્યાભ દેવલોકમાં એના માલિક તરીકે જન્મ્યો ! ક્યાં પૂર્વનાં એના પ્રિય રાણી સાથેના નિકટના સંબંધ ? અને ક્યાં હવે એના દેવગુરુ ધર્મ સાથેના નિકટ સંબંધ ? એકમાં નરકગતિની ટિકિટ ફડાવવાની ! બીજામાં દેવલોકને પાસપોર્ટ કઢાવવાનો ! દેવ-ગુરુ-ધર્મ નહોતા મળ્યા ને એ સંબંધ નહોતા બાંધ્યા ત્યાંસુધી એ અજ્ઞાન રમત રમ્યા; પરંતુ સંબંધ બાંધ્યા પછી એમનાથી પરાયા રહેવાનું હોય ? કે નિકટના સંબંધ બનાવવાના હોય ?

**ઈન્દ્રભૂતિગૌતમને શું બનેલું ?**

આજ કે મહાવીર પ્રભુને ઓળખ્યા નહોતા ત્યાં સુધી અબૂઝપણે ગામેગામ યજ્ઞ-યાગ કરાવતા ચાલ્યા; પરંતુ પાવાપુરીમાં પ્રભુ મળ્યા, અને પ્રભુ સર્વજ્ઞ તરીકે ઓળખાયા, પછી શું એમણે બાકી રાખી ? પ્રભુ સાથે એમણે હૈયાના એટલા બધા નિકટ સંબંધ બાંધી દીધા, અને એ પ્રભુમાં એટલા બધા ઓતપ્રોત થઈ ગયા કે ત્યાં જ પ્રભુ પાસે ચારિત્ર લઈ લીધું ! અને વિનયી શિષ્ય બની બેઠા ! યજ્ઞવાળાને કહેવાય ન ગયા કે 'ભાઈ ! હવે તમે કામ બીજા પાસે કરાવી લેજો. હું છૂટો તેમજ કુટુંબને પણ એવું કહેવા ન ગયા કે હવે તમારા ને મારા સંબંધ પૂરા થયા.

શી રીતે પ્રભુ સાથે આ સંબંધ બંધાય ? આ વિચારથી બંધાય કે

**આ નાશવંત જગતમાં આપણને અવિનાશી બનાવનારા અવિનાશી પરમાત્માનો સંયોગ કયાં મળે ? એવા પ્રભુને ઓળખાવનાર તથા અવિનાશીના પંથે સદ્ગુરુનો સંયોગ ક્યાં મળે !'**



આ જો મનને દેવ-ગુરુનું ઊંચું મૂલ્યાંકન થઈ જાય તો આત્માને એમનામાં મન વચન કાયાથી સર્વે સર્વા ઓતપ્રોત થવામાં લેશ પણ આંચકો ન આવે.

**રોહિણિયો** પ્રખર ચોર હતો. એકવાર સિપાઈઓ પૂંઠે પડેલા, તેથી બચવા સમવસરણની નીચેથી ભાગતો જતો હતો, એમાં પગમાં કાંટો ઘૂસી ગયો, મહાવીર પ્રભુનું એક પણ વચન ન સાંભળવાની બાપે કરાવેલી પ્રતિજ્ઞા પાળનારો છતાં અહીં શું કરે ? પ્રભુનું એકપણ વચન ન સંભળાઈ જાય એટલા માટે તો બે કાનમાં આંગળિયો ખોસીને દોડતો હતો તે પ્રભુના ત્રણ વચન પરાણે સંભળાઈ ગયા ! ત્યાંસુધી પણ પ્રભુને તારણહાર તરીકે સમજતો નથી; કિન્તુ પછી પાછળથી જ્યાં અભયકુમારની દેવવિમાન ને દેવદેવીઓ જેવી ભેદી ચાલમાં સપડાયો. ત્યાંથી છૂટકારો મેળવવા પ્રભુનાં પેલા ત્રણ વચન કામ લાગ્યા, ત્યારે પ્રભુને તારણહાર સમજ્યો.

અભયકુમારની ચાલમાં રોહિણિયો આમ સપડાયો,- અભયકુમારને ત્યાં મીઠાં ભોજન કરીને ઉપર ચંદ્રહાસ દારૂ પીને મસ્તીથી સૂતો છે, એને ઉપાડીને ઉપરના મજલે દેવવિમાન જેવી શોભા ઠઠારો કરેલા હોલમાં પલંગ ઉપર ફૂલની શય્યામાં એને સુવાડવામાં આવ્યો છે. અંગ ઉપર દિવ્ય વસ્ત્ર, હીરાના અલંકાર, આજુબાજુ દેવાંગના જેવી શણગારેલી રમણીઓ ગીત નૃત્ય કરી રહી છે. એટલામાં જ ઘેન ઊતરતાં રોહિણિઓ જાગીને જુએ છે તો એને ભ્રમ થાય છે કે શું હું મરીને દેવલોકમાં જન્મ્યો છું ?'

રમણીઓ પૂછે છે, 'સ્વામીનાથ ! જય જય નંદા ! જય જય ભદ્દા ! આપનો જય હો વિજય હો... આજ તમારો અમારા પુણ્યે અમારા સ્વામી દેવતાતરીકે જનમ થયો છે... કહો તો ખરા કે પૂર્વ ભવમાં શું શું કરેલું ? કયા કયા સુકૃતો કરેલા ?'

રોહિણિયાને મનમાં આવ્યું કે હવે જો હું પૃથ્વી પરથી મરી જ ગયો છું, અને સ્વર્ગમાં જન્મી જ ગયો છું તો કહી દેવા દે કે સુકૃત-બુકૃત કાંઈ નહીં મેં તો અઠંગ ચોરીઓ કરેલી. આમ બોલી નાખવાનું એના ગળા સુધી આવ્યું પણ ત્યાં પ્રભુનાં પેલા પરાણે સંભળાઈ ગયેલા ૩ વચન યાદ આવ્યા કે,-

- (૧) ''દેવતાના ગળામાં ફૂલની માળા કદી કરમાતી નથી.
- (૨) દેવતાની આંખ કદી પલકારા મારતી નથી.
- (૩) દેવતા જમીનને અડીને ઊભા રહેતા નથી.''

અહીં એ જુએ છે તો બધું એનાથી ઊલટું જ દેખાય છે (૧) તૈયારી માટે ૮-૧૦ કલાક પહેલાંથી પહેરાવેલાં ફૂલ-હાર કરમાઈ ગયા છે. (૨) આંખો પલકારા

લે છે; અને (૩) જમીનને ચોંટીને ઊભા છે. રોહિણિયો સાવધાન થઈ ગયો કે નક્કી અભયકુમારે મારા મોંઢે ચોરીઓ કર્યાનું કબૂલ કરાવવા આ પેંતરો રચેલો છે. પરંત એ જો બુદ્ધિનિધાન છે તો હું હવે મહાવીર પ્રભુની ઓળખ થયા પછી બુદ્ધિનો મહાસાગર છું. તો અભયકુમારને બતાવી આપું કે એનો પેંતરાનો પત્તાનો મહેલ કેવો વેરવિખેર થઈ જાય છે !

દેવીઓને રોહિણીઓ કહે 'ઓહો ! સુકૃતોનું શું પૂછવાનું ? પૂર્વ જનમાં કેટલા બધા જિનમંદિરો બંધાવ્યા ! કેટલી ધર્મશાળાઓ દાનશાળાઓ બંધાવી ! તીર્થયાત્રાના સંઘ કાઢ્યા ! ત્યાગ તપસ્યા કરી ! વગેરે વગેરે...

દેવીઓ કહે બરાબર, આ સિવાય બીજું કાંઈ ?

રોહિણીઓ કહે એટલે તમારે શું એમ માનવું છે કે પૂર્વે પાપો કર્યા તેથી આ દેવલોકમાં અવતાર મળ્યો ? ભગવાન ભગવાન કરો. પૂર્વ જનમમાં એમ કાંઈ પાપો કર્યે અહીં અવાય ? પૂર્વે મેં હિંસા જૂઠ ચોરી વગેરે વગેરે એક પણ પાપ કર્યું નથી.

બસ, ખાનગી માણસોએ નીચે જઈને અભયકુમારને ખબર આપી કે એ તો આમ કહે છે, એટલે અભયકુમારે શ્રેણિક રાજાને કહ્યું મહારાજા ! આ ચોરીની કશી કબૂલાત કરતો નથી, તમે એણે ચોરી કર્યાના કોઈ માલમુદ્દા પકડ્યા નથી, એટલે ન્યાયી રાજ્યમાં ગુનો પુરવાર થયા વિના સજા કરાય નહીં. માટે આપને વિનંતિ છે કે આને છોડાવી મૂકો.'

**રોહિણિયાની પ્રભુને વિનંતિ :-**

બસ, રોહિણીઓ ત્યાંથી છૂટીને સીધો સીધો મહાવીર ભગવાન પાસે દોડી ગયો. જઈને ભગવાનના પગમાં પડી ગયો, કહે છે ઓ મારા ભગવાન ! મારો બાપ જરાય મારે વિશ્વાસ કરવા યોગ્ય નહિ એવો અનાડી, એણે એના અંત સમયે મને પ્રતિજ્ઞા કરાવેલી કે મારે વર્ધમાનની કલ્યાણ વાણી સાંભળવાથી જિંદગીભર દૂર રહેવાનું. પરંતુ એ કાંટો કાઢવામાં આપના ૩ વચન પરાણે સંભળાઈ ગયા, અને એણે કેટલો ગજબ ચમત્કાર કર્યો કે એના આધારે શ્રેણિક રાજાની પકડમાંથી નિર્દોષ તરીકે જીવતો છૂટ્યો ! બાપલિયા ! જો આ વચન ન મળ્યા હોત, તો જીવનભરનાં અઠંગ ચોર ગુનેગાર તરીકે પકડાઈ ગયો હોત, ને પછી તો રાજા મને હડકાયા કૂતરાના મોતે મારત ! આપે આપના માત્ર ત્રણ વચનોથી મને અભયદાન આપ્યું, તો જીવનભર આપના વચનો સાંભળતો બેસુ, તો કેટલા બધા આગામી ભવોના મોતથી મને અભયદાન મળે ? કૃપા કરી મને ચારિત્ર આપો. ચારિત્ર આપી જીવનભર મને આપના ચરણમાં બેસાડી દો.' બસ, ચોર રોહિણીયાએ શાહુકારને શરમાવે એવું કર્યું. પ્રભુની સાથે હૃદયના ગાઢ નિકટના સંબંધ બાંધી



દીધા અને પ્રભુમાં ઓતપ્રોત જીવન બનાવી દીધું.

**તરંગવતી** અત્યારે પ્રબળ મોહની અસર નીચે છે તેથી પરમાત્મા કે ગુરુ સાથે ઓતપ્રોત થવાનું નથી સૂઝતું. અત્યારે તો એ પદ્મદેવની સાથે ગાંધર્વવિવાહ કરીને હૃદયના ગાઢ નિકટ સંબંધ બાંધી એનામાં પોતાનું જીવન ઓતપ્રોત કરી લેવાનું કરે છે.

રાત્રિ ત્યાં ગાળીને સવારે સવારે ઊઠી આગળ ચાલ્યા.

**બન્નેના ઉપર મહા આફત :-**

જ્યાં નદીના કિનારે કિનારે કોઈ પણ જાતનો ભય રાખ્યા વગર પૂરી સલામતીના વિશ્વાસથી ચાલી રહ્યા છે, ત્યાં ચોરોએ એમને દૂરથી પડકાર્યા, 'ખબરદાર ! આગળ વધ્યા તો ? છો ત્યાં ઊભા રહી જાવ.'

તરંગવતી આ જોતાં જ એકદમ ગભરાઈ ગઈ, અને પતિને રોતી રોતી કહે છે મારા નાથ હવે કેમ કરવાનું ? મને ભય લાગે છે કે હાય ! આ લોકો કોણ જાણે શું કરશે ?'

પદ્મદેવ એને આશ્વાસન આપતાં કહે છે કે, 'તું જરાએ ગભરાઈશ નહિ. હું જીવતો ઊભો છું ત્યાં સુધી તારું રક્ષણ કરીશ.'

તરંગવતી કહે 'પ્રિય ! આ તો કોઈ ભયંકર ચોરો લાગે છે, અને પાછા શસ્ત્રોવાળા છે !

પદ્મદેવ કહે ગભરાઈશ ના એને હું રોકીશ. અલબત આપણી આ ભૂલ થઈ ગઈ કે વિશ્વાસમાં આપણે કોઈ શસ્ત્ર સાથે લીધું નહિ. પરંતુ સાહસ બુદ્ધિવાળા પુરુષની આગળ એ શું કરી નાખવાના હતા ? એ કદાચ તને ઉપાડવા આવે, તો જ્યાં સુધી એમણે મારી ભુજાનું બલ નથી જોયું ત્યાંસુધી રોફ મારી શકે. મારા હાથમાં એટલી બધી તાકાત છે, અને અત્યારે આ પ્રસંગ જોઈને સાહસિકપણાની મારી તાકાત એટલી બધી વધી ગઈ છે કે આમને હેઠા પાડીને આપણે નાશી છૂટીશું.'

ત્યાં તરંગવતી કહે છે, એ લોકો પાસે શસ્ત્ર છે, તમારી પાસે નથી, તમે શું કરશો ?

પદ્મદેવ કહે પુરુષાર્થ મોટી ચીજ છે. પુરુષાર્થ આ બધાનો મુકાબલો કરી શકશે. એમાં કદાચ મોત આવતું દેખાશે, તો પણ ચોરને તો તને અડવા નહિ દઉં, કેમકે જીવતો છું ત્યાંસુધી ચોરો થકી તને ઉપદ્રવ થતો હું જોઈ શકું જ નહિ. તારા પર તને ભગાડી જવાનો ચોરનો ઉપદ્રવ જોવાનો અવસર આવે એ પહેલા મારે મોત વધાવી લેવાનો નિર્ધાર છે. એ તો હવે આ આફતમાંથી ઉગરવું યા ન ઉગરાય તો મરવું, એજ મારે શોભાસ્પદ છે. હું જીવતો છું ત્યાંસુધી તો તારા શીલ

પર આક્રમણ હું જોઈ શકું તેમ નથી. માટે તું રોઈશ ના, નિશ્ચિંત રહે. હું મરીશ પણ તને અડવા નહિ દઉં.

તરંગવતી સાધ્વી પેલી શેઠાણીને પોતાની આત્મકથા કહી રહી છે, એમાં આ પ્રસંગ વર્ણવતાં કહે છે, 'ગૃહિણી ! એ વખતે મારા પતિના એ બોલ સાંભળી હું એમની શૂરવીરતા પર એમના પગે પડી ગઈ, અને મેં કહ્યું 'સ્વામીનાથ ! આ તમે શું બોલો છો ? તમે મારા શીલની રક્ષાર્થે મરી ખૂટશો ?

**'જે તમે મારું શીલ કોઈ ભાંગે એ જોવા સમર્થ નથી, એમ હું તમારા પ્રાણનો કોઈ નાશ કરે જોવા સમર્થ નથી,**

તમે તો મારા પ્રાણમાં એવા વસાઈ ગયા છો કે મારે જીવતે તમારા પ્રાણનાશને સાંભળવાની કે વિચારમાં લાવવાની પણ મારી શક્તિ નથી, એ તો સમજી લો કે તમારા પ્રાણ જવા પહેલાં જ મારા પ્રાણ નીકળી ગયા હશે, બંને પરસ્પરનો પ્રેમ એવો બતાવે છે કે એની પાછળ પોતાના પ્રાણનો ભોગ આપવાની તૈયારી બતાવે છે. પરંતુ એથી ઊપજ્યું શું ? એમ છતાં સલામતી ક્યાં છે ?

આ સંસારમાં જીવ કેવો કર્માધીન છે !

એટલો બધો પ્રેમ અને ભોગ આપવાની તૈયારી છતાં કર્મને કયાં શરમ છે ? પરસ્પરનો પ્રેમ છતાં જંગલમાં લૂંટારાનું આગમન કોણે કરી આપ્યું ?

સમરાદિત્ય કેવળીના ચોથા ભવમાં પોતે શ્રેષ્ઠિપુત્ર ધન્યકુમાર છે, એને દેશાવર વેપાર અર્થે જવાનું થાય છે, એમાં તામલિપ્તી નગરીમાં પહોંચે છે ત્યાં સામેથી એક સજ્જન શેઠ આવકારે છે, ને પોતાને ત્યાં મુકામ કરાવે છે. આ કોણે સગવડ કરી આપી ? કહેવું જ પડશે કે સામાની સજ્જનતા ભલે એમાં કામ કરી રહી હોય, પરંતુ મુદ્દામ એવા સજ્જનનો ભેટો કોણે કરી આપ્યો ? કહેવું પડે કે ધન્યકુમારના શુભ કર્મે કરી આપી.

**સારા-નરસા બાહ્ય સંયોગો પર જીવના શુભ અશુભ કર્મની જ મોટી અસર પડી હોય છે.**

શુભ કર્મ સારો સંયોગ-સગવડ મેળવી આપે ને અશુભ કર્મ નરસા સંયોગ લાવી દે. જુઓ, અહીં પદ્મદેવ તરંગવતીને અહીં સુધી કશી આફત આવવાની કલ્પના જ નહોતી, ને એકાએક લૂંટારાની ધાડ આવી ! કોણ એમને બોલાવી લાવ્યું ? કહો, બંનેના અશુભ કર્મ લૂંટારાને બોલાવી લાવ્યા...

યુધિષ્ઠિર અને નળ જુગારના ચડસે ચડ્યા, તે પહેલાં બંનેને કલ્પના નહોતી કે આમાં આખું રાજ્ય ગુમાવવાનું થશે ! પરંતુ તેમજ બન્યું. કર્મની શિરજોરી છે. **જુગાર કે વેપાર, બંનેમાં કર્મ અનુકુળ હોય ત્યાંસુધી જ ફાવટ દેખાય; પરંતુ એજ**



**દાવ ને એ જ સોદા કર્મ પ્રતિકૂળ આવીને ઊભા કે બન્નેમાં પછાડ ખાવાની આવે.**

ત્યારે એક પ્રશ્ન થાય

**વેપાર કરતાં જુગાર સટ્ટો કેમ ખરાબ ?**

**પ્ર.-** જો અંતે તો કર્મના હિસાબે જ લાભ નુકસાન છે, તો પછી વેપારને બદલે જુગાર-સટ્ટો ખેલવામાં શો વાંધો ? નરસાં કર્મ હશે તો જેમ જુગારમાં સટ્ટામાં નુક્શાન થાય, એમ વેપારમાં ય તો અશુભ કર્મથી નુક્શાન જ થવાનું છે, પછી વેપાર છોડી જુગારનો સટ્ટાનો આનંદ કેમ ન લૂંટવો ?

ઉ.- (૧) વેપાર અને જુગાર સટ્ટો, બંનેમાં મોટો ફરક છે. સીધી લાઈનના વેપારમાં જુગાર-સટ્ટા જેવા દુષ્ટ ભાવ નથી તેથી તેવાં પાપકર્મ બંધાતા નથી, ત્યારે જુગારમાં ભય છે કે કદાચ પાસા ખોટા પડે તેથી બહુ સીફતથી પાસા નંખાય છે. આ સીફત એટલે માયા. એ દુષ્ટ ભાવ છે. વળી જુગારમાં ચડસ છે; ભલે મોટાં નુકસાનનો સંભવ હોય, છતાં દાવ લગાવાનો, એમ મનને રહ્યા કરે છે, એમાં આત્મહિતને નુક્સાની થવાનો ભય ન રાખી પાપક્રિયામાં ઝંપલાવવાનો ભાવ એ દુષ્ટ ભાવ છે. વેપારમાં એવી પાપની નિર્ભયતા નહિ, ચડસ નહિ, તેથી મોટાં નુક્સાનનો સંભવ દેખાય ત્યાંથી માણસ ખસી જાય છે. એટલે એમાં એવો દુષ્ટ ભાવ નહિ, તેથી તેવો પાપબંધ નહિ. જુગારમાં પાપનિર્ભયતા તેથી ઘોર પાપકર્મો બંધાય છે. એ પાપકર્મ જરૂર પડ્યે અહીં પણ પોતાનો પડચો દેખાડી દે ! તેવા નુક્સાનના ભય વિનાનો જુગાર ચડસ સતત ચાલુ, તેથી જુગારમાં સતત પાપ બાંધવાનું ચાલુ ! માટે કહેવાય કે

**જુગાર ખેલવા જવું એટલે વિનાશના પંથે જવું. 'સટ્ટો લગાડે બટ્ટો.'**

માટે જુગારને તો દૂરથી જ નમસ્કાર કરી દેવો.

(૨) જુગાર ખરાબનું બીજું કારણ એ છે, કે જુગારમાં બેઠા બેઠા માત્ર દાવ લગાવીને હજારો કમાઈ લેવાની વૃત્તિ છે, એ ચોરની જેમ હરામ હાડકાની વૃત્તિ છે, અર્થાત્ હરામનું ખાવાની વૃત્તિ છે. એમાં આંતર પરિણતિ તામસી, ધિટ્ઠી, અને સત્ત્વહીન બને છે.

(૩) જુગારમાં ત્રીજું મોટું નુક્સાન એ છે કે વેપાર એ વ્યસન નથી ગણાતું પરંતુ જુગાર એ વ્યસન ગણાય છે. જુગાર વ્યસન એટલે એનો ચડસ લાગે છે, ને ખરાબ વસ્તુનો ચડસ ભૂંડો ! એમાં એ સર્વનાશ સુધી લઈ જાય ત્યાંસુધી એ ચડસ છૂટે નહિ. વ્યસનને નથી વળગ્યા ત્યાંસુધી સહીસલામત; વળગ્યા પછી દેખવા છતાં પાછા વળી રહ્યા ! હાર્યો જુગારી બમણું રમે. વેપાર માટે એમ નથી કહેવાતું કે હાર્યો વેપારી બમણું રમે, અસ્તુ.

**વાત કર્મની શિરજોરીની હતી,**

(૧) એને કોઈની શરમ ન નડે. (૨) કર્મકોપે ત્યાં લાગવગ ન લાગે.

(૩) ભાઈબાપા ન ચાલે. (૪) ગમે તેવી ગુણિયલતાને એ ન ગણે.

પાર્શ્વનાથ ભગવાનનો જીવ પહેલાં ભવમાં મરુભૂતિ મહાશ્રાવકના ભવથી કેટલા બધા ગુણિયલ ! છતાં એમના દશ ભવમાં આંતરે આંતરે ભવે મહા ગુણિયલ છતાં ભયંકર જીવલેણ ઉપદ્રવ આવ્યા ! શું એ પોતાના અશુભ કર્મ વિના આવ્યા ! ના, પોતાના અશુભ કર્મે જ એ આપદાઓ આવી.

**તરંગવતીની શીલની ભાવના :-**

પેલી તરંગવતી પદ્મદેવને કહી રહી છે કે

'શીલની ખાતર મરવામાં બીજો ગુણ થાઓ કે ન થાઓ, પરંતુ જીવતી છું ત્યાંસુધી શીલને ભાંગવા દેવાનું નથી, તેથી તમારે મારી શીલની રક્ષા કરવાની. દુષ્ટોના આક્રમણમાં પરિણામ આવવું હોય તે આવે, પણ એક વાત નક્કી રાખજો કે આપણે બંનેએ એક બીજાને છોડવાના નહિ, નિર્ધારિત અશુભ કર્મના ઉદય તો આવવાના તે આવવાના, પણ એનાથી ડરીને કર્તવ્ય ચૂકવાના નહિ.

**"કર્તવ્યથી નાસવામાં (ભાગવામાં) અશુભ કર્મ નાસી જતા નથી; એ તો એનો ભાવ ભજવે જ છે.**

"હું જીવતી રહીને શીલ ભાંગું તો તેથી કાંઈ મોત અટકાવાનું નથી તો મોતથી ગભરાઈ કર્તવ્ય શીલ કેમ ચૂકું ? શીલ ખાતર મરીશ."

અહીં પદ્મદેવને તરંગવતીની રક્ષા કરવાનું કર્તવ્ય છે. હવે એ મનમાં ચોરોનો ભય રાખે કે કદાચ રક્ષાનું કર્તવ્ય બજાવવા રહું તો ચોરો મને મારી નાખે તો ? આવો ભય રાખીને જો રક્ષા કરવાનું કર્તવ્ય બજાવવાથી ભાગે, **કર્તવ્ય ચૂકે તો ય ચોરોથી એવા મરણાન્ત કષ્ટ આવવાનાં કર્મ ભાગી જતાં નથી.**

અલબત પદ્મદેવ નિર્ભય છે, અને કર્તવ્ય બજાવવામાં એની પૂરી તૈયારી છે.

**પ્ર.**- તો પછી તરંગવતી કેમ નિર્ભય રહેવાનું કહી રહી છે.

**ઉ.**- તરંગવતી નિર્ભયતા રાખવાનું કહી રહી છે, એ પોતે નિર્ભય રહેવા માટે કહી રહી છે.

**બંને પર ચોરોનું આક્રમણ**

હવે ચોરો આવીને બંનેને ગુપચૂપ પોતાની સાથે આવવા માટે દમ મારે છે ત્યારે પદ્મદેવ એમને પડકારે છે, કંગાળો ! તમે કોણ અમને લઈ જનારા ?'

ત્યાં ચોરો શસ્ત્ર ઊગામી કહે, બહુ પાવર રહેવા દે. આ જોયું છે શસ્ત્ર ? હમણાં ધડથી ડોકું જુદું કરી નાખશું...'



તરંગવતી બિચારી આ આફત જોઈ એકદમ રડી પડી ! ભય લાગ્યો કે ચોરો રખેને પતિને મારી ન નાખે ! એટલે રોતી રોતી એકબાજુ પદ્મદેવને કહે 'આ લોકોને એવા ભારે શબ્દ કહેશો નહિ,' અને બીજી બાજુ ચોરોને રોતી રોતી કહે ભાઈસાબ ! તમારે દાગીના જોઈએ, તો લઈ જાવ પણ મારા પતિને તમે મારશો નહિ,'

ચોરો કહે 'એમ કાંઈ અમારે એકલો માલ નથી લેવાનો, તમને બંનેને અમારી પલ્લીમાં લઈ જવાના છે. ચાલો, લાવો પહેલાં માલ મૂકી દો.'

હવે શું કરે પદ્મદેવ ? ઝવેરાતનો ડાબડો આપી દે ? કે ન આપે ? 'ના, આટલો બધો કિંમતી માલ એમ કેમ આપી દેવાય ?' એમ જો વિચાર કરવા રહે તો સામે મોતનો ભય દેખાય છે. તો મોત વધાવવુ ? કે ઝવેરાત સાચવવું ? કહો ! મોત વધાવ્યા પછી ઝવેરાત કોણ સાચવવાનું હતું ? શું મડદું ઝવેરાત સાચવે ? ના, પોતાના પ્રાણ ગયા એટલે માત્ર ઝવેરાત નહિ, પણ પોતાનું શરીર સુદ્ધા બધું જ જતું કરીને પોતાના પ્રાણ બચાવી લે છે. કેમકે પ્રાણ બચી જીવતો નર ભદ્રા (કલ્યાણ) પામે.

એવું જ અહીં પદ્મદેવને કરવું પડ્યું; ઝવેરાતનો ડબ્બો ચોરોને આપી દેવો પડ્યો ! અને ચોરોને કહે છે, 'લો આ માલ, હવે જાઓ તમે તમારા રસ્તે, ને અમને જવા દો અમારા રસ્તે.'

ચોરો કહે 'એમ શાના જાઓ ? અમારો અને તમારો હવે એક જ રસ્તો છે ચાલો સીધે સીધા પલ્લી તરફ' એમ કહી એકેય પદ્મદેવને પકડ્યો, બીજો તરંગવતીને ઝાલવા જાય ત્યાં તરંગવતી કહે છે, 'મને ઝાલશો નહિ. હું ભાગી નથી જવાની. હું મારા પતિની જીવનભર સાથે જ છું, પતિ જીવતા હોય ત્યાંસુધી એમની સાથે જ રહેવાની.' પત્યું એને ઝાલ્યા વિના ચાલ્યા. તરંગવતી રસ્તામાં પોકેપોક રડે છે, 'હાય ! હાય ! હે ભગવાન ! આ અમને કોણ જાણે આ જંગલમાં ક્યાંય લઈ જશે ? ઓ ભાઈઓ ! અમે તમને અમારો માલ આપી દીધો, હવે તમારું અમે શું બગાડ્યું છે, તે અમને પકડીને લઈ ચાલો છો ? હાય હાય રે !' એમ બોલતી ચીસો પાડીને તરંગવતીને મોટી ચીસો પડી જાય છે. એની એવી રોવાની મોટી ચીસો જોઈને લૂંટારા ગભરાય છે કે શાંત જંગલમાં આ કરુણ ચીસો કદાચ દૂરમાં કોઈને સાંભળવામાં આવે, ને અહીં દોડી આવે તો ? આપણો ભાવીનો ધંધો ય ઊંધો વળી જાય ! એટલે બાઈને ચીસો પાડતી અટકાવવા એને ધમકી આપે છે કે એય ! રોવાનું બંધ કર, નહિતર આ તારા ધણીને તારા દેખતાં હમણાં જ પૂરો કરી નાખશું. જોઈ છે આ તલવાર ? તરંગવતીને રુદન તરત બંધ

કરવું પડ્યું, ન કરે તો ક્યાં જાય ? પેલા દુષ્ટોને દુષ્ટ કામ કરતાં આંચકો કે વિલંબ જ કયાં છે ? ઝટ પદ્મદેવનું ગળું કાપી નાખે. તેથી તરંગવતી રોતી બંધ. જોજો, વ્યવહારમાં પ્રિય પરના મોતના ભયથી રુદન બંધ કરાય છે, તો પછી શાસ્ત્ર કહે છે; 'પ્રિયના મૃત્યુ પર શોક અને રુદન કરવા પર એ મરનાર પ્રિયને ભારે કર્મબંધનો સંભવ છે, તેથી એના ભયથી શોક રુદન કેમ ન બંધ કરાય ?' જેમ તરંગવતીને તેમ અહીં હાય હું રોઉં શોક કરું તો મરનારને મફતિયાં કર્મ બંધાય તો ? એમ ભય રાખી શોક રુદન બંધ કરવા જોઈએ.

તરંગવતી પદ્મદેવ ક્યાં નીકળ્યા હતા ? કયાં મનોરથથી નીકળેલા ? ને કેવી સ્થિતિમાં મુકાયા ? સંસારમાં માણસ ખોટાં સાહસ કરવા જાય, પણ મૂર્ખને કર્મ કુસંગ વગેરેની પરાધીનતાની ખબર નથી રહેતી, તેથી આઘો જઈ પાછો પડે છે. પૂછો, -

**પ્ર.**- એમ તો પછી કશું સાહસ જ ન થાય ?

**ઉ.**- ખોટું સાહસ કરનારા કેટલા ખાટી ગયા ?

ચક્રવર્તી જેવા તો પ્રબળ પુણ્યાઈ લઈને આવેલા તે ચાલ્યા સાહસ કરવા, ને ખાટી ગયા. એ જુદી વસ્તુ. બાકી કેઈ સાહસથી પછડાયા ! સાહસ કરવામાં પ્રારંભે કદાચ થોડો લાભ દેખાયો ય ખરો, પણ પછી પાછળથી ખોટમાં કામ ચાલ્યું તે પછડાયા હા, કહેવાય છે ખરું કે 'સાહસ વિના સિદ્ધિ નહિ.' પરંતુ સાહસ કરીને દુન્યવી સિદ્ધિ કદાચ મેળવી ય લીધી પણ પછી શું ? કાં તો નકરું શ્રીમંતાઈનું અભિમાન અથવા નીતરતા રંગવિલાસ, કે મમ્મણગીરી ! આ જ ને ? એમાં જીવ સરવાળે શું ખાટે ? દીર્ઘ દુર્ગતિ પ્રયાણ કે બીજું કાંઈ ?

**ખોટા સાહસમાં પ્રારંભે નકરાં અભિમાન અને વિષયવિલાસ, અને જીવનના અંતે ?**

પદ્મદેવ અને તરંગવતીને પસ્તાવાનો પાર નથી. ઝવેરાતનો ડબ્બો તો ગુમાવ્યો ! પરંતુ હવે કલ્પનામાં નથી આવતું કે 'લુંટારા અમને ક્યાં લઈ જશે ? શું કરશે ?

ઝવેરાતનો માલ પણ ઓછો નહોતો, લૂંટારાનો આગેવાન ડબો ખોલીને ઝવેરાતના દાગીના જોતાં ચમકી ઊઠ્યો કે ''વાહ ! આટલું બધું ઝવેરાત ! કદાચ કોઈ ઠેકાણે ધાડ પાડી હોય તો ય આટલું બધું ઝવેરાત ન મળે. ચાલો ઠીક થયું દારૂની મહેફિલ સાથે જુગારના દાવ ખેલવા માટે આ માલ લાંબે સુધી કામ લાગશે !

જ્યારે લૂંટારાનો આગેવાન આમ હરખી હરખીને બોલી રહ્યો છે, ત્યારે બીજી બાજુ પદ્મદેવ અને તરંગવતીના પેટમાં તેલ રેડાય છે ! માત્ર ઝવેરાત ગુમાવાનું દુઃખ નથી, એ દુઃખને તો એ બહુ મામૂલી ગણે છે,





પરંતુ હવે આ લૂંટારા ટોળકી શું મનુષ્ય-લોહીનો વેપાર કરતી હશે ? શું આ બધા પરસ્ત્રી લંપટો દુરાચારના અખાડા ખેલતા હશે ?...' ઇત્યાદિ કઈ જાતના ભયાનક વિકલ્પો એમના મનમાં આવે છે, અને એનાથી અંગે અંગમાં ધ્રુજારી છૂટે છે ! મનને એમ થાય છે કે હાય ! ઘરેથી નીકળતાં આવી કોઈ કલ્પના નહોતી; ને આ આપણાં કર્મ કેવાં રુઠ્યાં છે ! ખરેખર કર્મની ખફા મરજી થાય ત્યારે કલ્પના બહારના એનાં ધાડે ધાડાં છૂટે છે ! પ્રભુ ! અમે ઘરે કેવી શાંતિથી બેઠા હતા ? અને આ ક્યાં મુકાઈ ગયા ?...' વિચારતાં વિચારતાં આંખમાંથી આંસુની ધાર છૂટે છે.

જ્ઞાનીઓ આ જ કહે છે.

**પાપચરણમાં પુણ્યોદય છે ત્યાંસુધી શાંતિથી બેસી રહેનારને જ્યાં પાપોદય જાગે છે ત્યારે કલ્પના બહારનાં કષ્ટ આવી પડે છે; અને કમનસીબી હવે એવી રહે છે કે હવે એમાંથી બચવાનો કોઈ માર્ગ જ દેખાતો નથી !**

ચોરો બંનેના હાથ દોરડેથી બાંધી પકડીને દક્ષિણ તરફ ચાલ્યા. આગળ જતાં પર્વતની હારમાળા આવે છે. એની કોતરોની વચ્ચે એમની પલ્લી છે. એ પલ્લીની આસપાસ બહુ પાણી છે. જેથી પાણીની બીજી બાજુથી આવનારને ગમે ત્યાંથી સીધેસીધું આવીને પાણી ઓળંઘી પ્રવેશ કરી શકાય નહિ. ફક્ત પાણીની વચ્ચેથી જવાં આવવા માટે સાંકડો રસ્તો છે, ને જેનો નાકા પર પલ્લીપ્રવેશનો દરવાજો છે, ત્યાં તે દરવાજાની આગળ મજબૂત ચોકી પહેરો અને સંરક્ષક ભડવીર સિપાઈઓ ઊઘાડા શસ્ત્ર સાથે ચોકી કરી રહ્યા છે. એ બે જાતની ચોકી કરે છે. ન તો કોઈ અંદરના માણસને બહાર નીકળી અહીંથી ભાગી જઈ શકાય, કે ન તો કોઈ બહારથી આવી અહીંથી પ્રવેશ પામી શકે.

પલ્લીની અંદર કેવાં દશ્ય છે ? એવાં કે એ જ્યાં આ પદ્મદેવ ને તરંગવતીએ જોયાં, ત્યાં જ એમનાં કલેજા કંપે છે. અંદર શું નું શું કરશે એ તો પછી, પણ દશ્યો જોતાં ધ્રુજારી છૂટે છે ! વિચારો, ઘરેથી નીકળ્યા ત્યારે એમને કશી કલ્પના હતી ? ના, છતાં કર્મ કેવાં અઘટિત ઘટનાઓ ખડી કરે છે ! ત્યારે દેખાય,

**માણસ કર્મનાં આવાં અઘટતાં ઘોર સર્જનની આગળ કેવો રાંક છે !**

માણસની ધારણા બહાર કર્મ ભાવીમાં આવું અઘટતું ઘડી કાઢે ને ? 'ના' કહેવાય એવી નથી, કેમકે જગતમાં ઢગલાબંધ એવા દાખલા જોવા સાંભળવા મળે છે. ઇતિહાસોમાં અને પૂર્વ ચરિત્રોમાં પણ આવું ઘણું સાંભળવા મળે છે. છતાં

આશ્ચર્ય આ છે કે ભાવીમાં કર્મના અઘટતાં ઘોર સર્જન ઊભા થાય અને ત્યાં પછી ધર્મ સાધી લેવાને અવકાશ જ ન રહે, એ પહેલાં અત્યારે સારાસારીમાં ધર્મ સાધી લેવા માટે તૈયાર નથી ! ગુરુઓ ધર્મ કરી લેવાની વાત કરે તો એ વાત બહેરાના કાન પર અથડાય છે; મન ગલોચિયા લે છે કે હજી શી ઉતાવળ છે ? થાય છે, જોઈશું એવી અઘટતી ઘટના તો તરંગવતી પર આવી. બાકી આપણા પર થોડી જ આવવાની છે ?'..... આમાં અજ્ઞાનતા અને મૂઢતાનો પાર નથી ! ભાન નથી કે મોટા ચમરબંધી ઉપરે પણ એવી અઘટિત ઘટના ત્રાટકી પડે ! ને તુચ્છ માણસ પર પણ આવી પડે. રામચંદ્રજીને કાલે નિશ્ચિત થયેલો રાજ્યાભિષેક તો ઊઠી જશે પરંતુ એના બદલામાં રાજ્યમાં રહેવાપણું ય નહિ કિન્તુ વનવાસ ખડો થઈ જશે.

**'ન જાણ્યું જાનકીનાથે, સવારે શું થવાનું છે ?'**

આવું સાંભળતાં આપણે માનવું છે કે એ તો રામ-લક્ષ્મણ-સીતાજીને બને, આપણને નહિ,

નળરાજા રમતમાં ભાઈ સાથે ચોપાટ ખેલી રહ્યા છે, ત્યારે એમને કલ્પના ય નહોતી કે આ રમત એ રમત નથી, રાક્ષસ છે. તારું આખું રાજ્ય ખાઈ જશે અને તને માત્ર પહેર્યે લુગડે રાણી દમયંતી સાથે જંગલમાં હકાલપટ્ટી કરાવશે. અહીં ય શું આ માનવાનું કે 'એ તો નળ-દમયંતીને બને, આપણને નહિ ?'

મોટો માંધાતા રાવણ, એક હજાર વિદ્યાઓનો સ્વામી ! ને હજારો વિદ્યાધર રાજાઓનો અધિપતિ અને અનન્ય શસ્ત્રો ચંદ્રહાસખડગ તથા સુદર્શનચક્રનો માલિક ! એને રામ-લક્ષ્મણ સાથે લડવા આવતાં ક્યાં કલ્પના હતી કે આ લડાઈમાં વિજય તો નહિ, પણ જીતવા રહેવાનું નહિ મળે ?' થોકબંધ દૃષ્ટાન્તો વર્તમાન અને ભૂતકાલ કર્મની અઘટતી ઘટનાઓના જોવા સાંભળવા મળે છતાં જીવને સારાસારીમાં ધર્મ સાધી લેવાનું સૂઝતું નથી ! કેવી અજ્ઞાન અને અત્યંત મોહમૂઢ દશા !

**પલ્લીમાં શસ્ત્રો : કેવો ભય ? :-**

પદ્મદેવ અને તરંગવતી પર હવે નહિ કલ્પેલી ભયંકર ઘટનાઓ ત્રાટકી પડવાની છે, જે સાંભળતાં બાપરે ! થાય એવું છે. બંનેને જ્યારે પલ્લીમાં પેસતાં અંદર લઈ જવાઈ રહ્યા છે, ત્યારે પહેલું તો જુએ છે એવી પડાળીઓ ખુલ્લી મુકાઈ છે, કે જેમાં છરાં, તલવારો, ભાલા, બરછી, ખંજરો, શૂળિયો, ધારિયાં, મોઘરો, સાણસા, કરવતો, ધનુષ્ય બાણ...વગેરે વગેરે જાતજાતના શસ્ત્રો લટકી રહ્યા દેખાય છે. એના પરથી પદ્મદેવ તરંગવતીને કલ્પના આવી જાય છે કે શું માણસો પર આ શસ્ત્રોમાંથી એક યા બીજાનો ઉપયોગ કરી માણસના છેદન-ભેદન થતાં હશે ? તો શું આપણાં પર પણ આવા કોઈ શસ્ત્રનો પ્રયોગ થવા સંભવ ?'...



કલ્પનાથી કંપી ઉઠે છે !

માણસ ખરેખર દુઃખદ પ્રસંગથી ત્રાસ તો પામે ત્યારે પામે, કદાચ કર્મ સીધાં ઊતરે તો પ્રસંગથી બચી ય જાય, પરંતુ એની પહેલાં કલ્પનાથી તો ત્રાસ પામે જ છે; તે ય સામાન્ય પણ નહિ, પણ ભયંકર ત્રાસ !

**રાત્રિભોજન વખતે ઉંદરને કેવો ત્રાસ એ યાદ કરો :-**

બિલાડી જીવતા ઉંદરને ખાય ત્યારે ઉંદરને ત્રાસનો પાર નહિ એ તો ખરુ જ, પરંતુ એ પહેલાં ઉંદરની શી દશા કરે છે એ જાણો છો ? એ ઉંદરને જીવતો મોંમાં પકડી ઘરના માળિયા જેવામાં લઈ જાય છે. ત્યાં બિલાડીના મોંમાં ઉંદર પકડાવાથી જ ઉંદરનું જોમ અડધું ખલાસ થઈ ગયું હોય છે, ને એને તરફડાટનો પાર નથી રહેતો. એવા ઉંદરને માળિયાના ખૂણામાં મૂકી એની આગળ બિલાડી અને એના ગલુડિયાં એક બાજુથી બીજી બાજુ ઉંદરની સામે વિકરાળ મોં ખુલ્લું રાખી ઘુરકિયાં કરતા અર્ધ ગોળાકારે આંટા લે છે ! ઉંદરને લાગે છે કે જાણે હમણાં જ એ બધા બચકાં ભરી લેશે ! ભયાનક આંખોથી ઘુરકિયાં સાથે ચિસિયારી મચાવી મૂકે છે. બોલો, આમાં બિલાડી અને એનાં બચ્ચાં ઉંદરને હજી અડતાં નથી, છતાં ઉંદરના હૈયે ત્રાસ કેટલો ? પૂજામાં બોલો છો ને,-

**"તિહાં રાત્રિભોજન કરતાં થકાં રે લો, માંજાર ઘુવડ અવતારજો"**

રાત્રિભોજન ટેસથી કરતાં કરતાં ઉંદરનું આયુષ્ય જો બંધાઈ ગયું અને મરીને ઉંદર થવું પડયું, તો કદાચ બિલાડીની ઝડપમાં આવી ગયા પછી એ ત્રાસની પૂર્વે કહી તેવી દશા આવતાં જીવનું શું થશે ?

**"અમારે એવી કોઈ દુર્ગતિનો અવતાર થવાનો નહિ" એવું અભિમાન રાખવા જેવું નથી.**

**મરુભૂતિ ક્યાં જનમ્યા ? :-**

ખુદ પાર્શ્વનાથ ભગવાનનો જીવ પહેલા ભવમાં મરુભૂતિ મહાન શ્રાવક, તે એ ભવમાં ભાઈ કમઠે ખોપરી પર ઠોકેલી શિલાથી મર્યો, અને ઉપરાંત વિંધ્યાચળની અટવીમાં હાથણીના પેટમાં તિર્યંચ હાથીનો અવતાર પામ્યો હતો ! જ્યાં એને અલબત પૂર્વ ભવમાં રાજા અરવિંદમહર્ષિ પાસેથી જંગલમાં 'બુજ્ઝ બુજ્ઝ, મરુભૂઈ !' નો લલકાર મળતાં જાતિસ્મરણજ્ઞાન થયું અને મહર્ષિ તરફથી શ્રાવકના વ્રતનો ધર્મ મળ્યો, પરંતુ અંતકાળ કેવો આવ્યો ? એકવાર ઉનાળાના દિવસોમાં ભારે તરસથી પાણી પીવા ગારામાં એના પગ ખૂંચી જાય છે, તે ન આ બાજુ કે ન પેલી બાજુ ચાલી શકે ! ત્યાંથી ખસી શકતો નથી. એમાં એ જ કમઠ મરીને અહીં જળચર સર્પ થયેલો, ગંડસ્થલના મર્મસ્થાનમાં દંશ માર્યા કરી અંદરમાં પોતાનું

ઝેર ઉતારે છે ! એની એવી તીવ્ર વેદનાની અગન ભોગવે છે કે જે અસહ્ય છે. બોલો, મરુભૂતિના ભવમાં જો વિશ્વાસે બેઠો હોય કે 'આપણને કાંઈ શિલાના આઘાત યા સર્પના દંશની વેદના આવે નહિ' અથવા આપણને કાંઈ એવો દુર્ગતિના અવતાર થવાના નહિ, તો એ વિશ્વાસ કેવો ઠગારા?

**કર્મસત્તા રુઠે છે ત્યારે ભલભલાનાં પાણી ઉતારી નાખે છે....**

માટે જ દયાળુ જ્ઞાની ભગવંતોનો આ ઉપદેશ છે કે એવી અઘટતી ઘટના બને એ પહેલાં,

**સારાસારીમાં એવો ધર્મ કરી લો કે જેથી એવી દુઃખદ ઘટનામાં, વખતે પૂર્વે ધર્મ ન કર્યાનો પસ્તાવો ન થાય.**

તરંગવતી અને પદ્મદેવ જેમાં શસ્ત્રો લટકતા હતા,એવા મકાન જોઈને આગળ ચાલે છે, ત્યારે બીજી બાજું ત્યાં લૂંટારાની ટોળકીના રાક્ષસ જેવા દેખાતા માણસો દારૂ પીને ઢોલ ત્રાંસા, શંખ ભેરી વગેરે વાંજિંત્રો વગાડતા હરખી હરખીને નાચગાન કરી રહ્યા છે. જાણે લાગે કે કોઈ કેદ પકડાયેલ માણસો પર ભયાનક કૃત્ય કરી એના આનંદમાં આ મહેફિલ ઉડાવી રહ્યા ન હોય ? વિચારજો, આવું બધું જોવાં મળવા પર પદ્મદેવ અને તરંગવતીના હૈયાને કેટલો બધો ત્રાસ વર્તાતો હશો ?

**આવા ત્રાસની આગાહી વખતે શું કરવાનું ? ચત્તારિ સરણં...**

'અરિહંતા મે સરણં; સિદ્ધા મે સરણં; સાહુ મે સરણં; જિણ ધમ્મો મે સરણં 'પ્રભુ ! મારે તમારું શરણ છે. તમે જ મને ઉગારશો. તમારો અચિંત્ય પ્રભાવ છે. વારંવાર આ યાદ કરવાનો અભ્યાસ હોય, તો કોઈ તકલીફ આપદા સમસ્યા વખતે આનાથી આર્તધ્યાન અટકાવાય.

**ચોરોનું ભવન :-**

ચોરો એમને પકડીને આગળ લઈ ચાલતાં એક મોટું સફેદ વગડા જેવું મકાન આવ્યું ત્યાં અંદર પેઠા. અંદરમાં એક ભાગમાં કાત્યાયની દેવીનું મંદિર બનાવેલું હતું. એમાં લૂંટારા દેવી આગળ નમસ્કાર કરી દારૂનું નૈવેદ્ય મૂકે છે, અને દેવીને પ્રદક્ષિણા દે છે. પછી દેવીને પ્રાર્થના કરે છે. 'હે મા કાત્યાયની ! અમે ચોરો તારા પ્રસાદથી બહુ સુખી છીએ. તને શાબાશી ઘટે છે કે તું અમને ચોરી લૂંટ ધાડ વગેરેમાં રક્ષણ આપે છે ! એટલું જ નહિ, પણ લૂંટમાં સારો સારો માલ પણ અપાવે છે ! તારી અમારા પર દૃષ્ટિ જ એટલી બધી કૃપામય છે કે અમારી સારી સારી ચોરીઓને લૂંટનો ધંધો ધીકતો ચાલે છે. આમ પ્રાર્થના કરી લૂંટારાનો સરદાર ચોરોની સાથે અને તરંગવતી પદ્મદેવની સાથે મકાનની અંદરના ભાગમાં જાય છે...

જો જો, આવા ઘોર કૃત્ય કરનારા પણ દેવીને માને છે, અને સમજે છે કે



દેવીમાતાની દયાથી જ લૂંટ ચોરી વગેરે ભયંકર કૃત્યો સારા પાર પડે છે ! માટે એની પૂજા પ્રાર્થના સારી જમાવવી જોઈએ. ત્યારે આશ્ચર્ય છે કે કદાચ કેટલાક શાહુકાર ગણાતાને ઈષ્ટદેવ પર આવી શ્રદ્ધા નહિ થતી હોય ! નહિતર જીવનમાં સારું સારું મળવા પર ઈષ્ટદેવની દયા ન માને ? ઈષ્ટદેવની પૂજા પ્રાર્થના સ્તવના કરવાના અખાડા કરે ?

**આ ઉત્તમ માનવદેહ વગેરે અનેક પુણ્યાઈનો ભગવાનનો માલ ખાવો છે. ને ભગવાનની પૂજા ભક્તિ નથી કરવી એમાં તો નફટાઈ અને હરામખાઉપણાની હદ છે ?**

બોલો, અહીં આવો ઉચ્ચ આર્યમાનવ અવતાર અને હામ-દામ-ઠામની બધી સુખ સગવડ મળી એ કોની હોશિયારીથી મળી ?

**પૂર્વ ભવે આપણે વીતરાગ ભગવાનને ભજેલા અને ભગવાને કહેલા ધર્મ-સુકૃત કરેલા, માટે આ સંપત્તિ મળી ? કે**

**પૂર્વ ભવે ભગવાનને ભૂલી નકરાં પાપકર્મો કરેલાં, માટે સંપત્તિ મળી ?** માણસ જો હૈયાથી આ વિચારે, તો પૂજા ન કરવાના બહાનામાં મને ટાઈમ નથી મળતો,' 'મને પૂજામાં રસ નથી આવતો,' મારે ઘણી જવાબદારીઓ છે,'... વગેરે કહેવાનું મન થાય ? મનને હાડોહાડ લાગી જાય કે અલ્યા ભૂંડા ! આ ઉત્તમ દેહથી માંડી નાની મોટી સેંકડો હજારો સગવડો ભગવાનના પ્રતાપે પામ્યો, ને હવે ભગવાનને જ ટીકો કરે છે ? કે 'મારી પાસે પૂજાની ૧૦ મિનિટ પણ નથી, અને એક અગરબતીનો ટૂકડો કે ઘીની એક બત્તી પણ ધરવા માટે નથી ?

હવે પદ્મદેવ-તરંગવતી દેવી મંદિરથી આગળ ચાલે છે ત્યારે શું જુએ છે ?

**પલ્લીમાં કેદ પકડાયેલાની દુર્દશા ! :-**

જુદા જુદા વિભાગમાં સારા ખાનદાન કુળના દેખાતા મનુષ્યો દોરડે બંધાઈને જકડાયેલા પડ્યા છે ! જોતાં કમકમી થાય 'હાય આ લૂંટારાએ, આ ધંધો શો માંડ્યો છે ? હવે આ બિચારા જકડાયેલાનું શું કરશે ? એ અહીં કેવી રીતે ફસાયા ? એમજ કોઈને કોઈ રીતે આ લૂંટારાની જાળમાં ફસાઈ ગયા હશે ને ? પણ એમની હવે વલે શી ?'

જ્યારે પદ્મદેવ-તરંગવતી આ વિચારતાં જઈ રહ્યા છે ત્યારે એ બંધાઈને પડેલા એ સ્ત્રી પુરુષોમાં પરસ્પર વાત કરે છે, જુઓ આ લૂંટારા કેવા યુવાન યુગલને પકડી લઈ આવીને આ પલ્લીમાં બંધને બંધાયેલા અનેક યુવાન યુગલોના ભેગા ઉમેરવાના છે ! આમાંનો તરુણ પુરુષ તો જાણે ચંદ્રમાં કામદેવ અને તરુણી જાણે રતિ ! આટલા બધા રૂપાળાને બિચારાને હેં અહીં ફસામણી ? લૂંટારાઓએ

એક રાખ્યું હતું જ્યાં ક્યાંય જંગલમાં એકલા પડેલા કે યમુના નદીના કિનારે કિનારે નાવમાં એકલા જનારને પકડી લેવા એટલે આ બિચારા પણ એ હિસાબે અહીં ફસાઈ ગયા હશે !'

તરંગવતી સાધ્વી શેઠાણીને કહી રહી છે કે ચોર પલ્લીમાં એવું બધું ભયંકર જોતાં અમે આગળ વધી રહ્યા હતા ત્યાં મને અને મારા પ્રિયને ત્યાં પકડાયેલાની સ્ત્રીઓ તો જોઈને રોઈ રહી છે; ત્યારે ચોરોની વહુઓ રૂપાળા પદ્મદેવને જોઈને કામાતુર ચેષ્ટાઓ કરે છે અને એક વહુ બીજીને તરંગવતીને દેખાડતી કહે છે આના જેવા સૌભાગ્યની દેવીને પ્રાર્થના કર કે મને આવતા જન્મે આવો રૂપાળો પતિ મળો ! આ તો રંભા ઉર્વશીનો અવતાર લાગે છે ! મોટા ઋષિઓના મનને પણ ચળવિચળ કરી નાખે ! અલી એ જો તો ખરી એનું સૌંદર્ય ને લાવણ્ય, હજાર આંખોવાળો ઇંદ્ર પણ આને જોઈ જોઈ ધરાય નહિ.

**કેવી દુર્દશા છે.** એક બાજુ પોતે લૂંટારાની પત્નીનું અધમ જીવન જીવી રહી છે ને બીજીબાજું પદ્મદેવના રૂપ પર ઓવારી જાય છે !...

ત્યારે કેદ પકડાયેલાનું પુરુષોનું શું ? એમને ય માથે ભારે વિટંબણા તોલાઈ રહી છે ! દોરડે બંધાઈને પડ્યા છે ! એ વખતે પણ દૃષ્ટિનું પાપ છૂટતું નથી ? તરંગવતીને જોઈને એવા ઓવારી જાય છે કે એ પણ કામવાસનાવશ તરંગવતીના શરીરનાં અંગેઅંગ પર દૃષ્ટિ નાખતાં મનોરથ કરે છે કે આ કોઈ સ્વર્ગમાંથી સરી પડેલી અપ્સરા જેવી સ્ત્રી આપણને ક્યારે મળે ?' એમ વિચારતાં એ બિચારા કામની આગથી બળી રહ્યા છે. એમને ભાન નથી કે આવા મલિન વિચારો કે ઓરતા કરીને શું વળવાનું હતું ?

**ધર્મથી સાધેલા પુણ્ય વિના એવા મનગમતા દુન્યવી સંયોગો મળતાં નથી.** કિન્તુ ભયંકર દૃષ્ટિદોષના પ્રતાપે નરકમાં પરમાધામી આંખમાં ખંજરની અણીઓ ભોંકે,.....' એવી એવી કાતિલ વેદનાઓના પાપ ઊભા થાય છે. પોતાની વર્તમાન સ્થિતિએ જોતા નથી કે પૂર્વના પાપના ઉદયે અહીં આવી રીતે લૂંટારાઓની કેદમાં ફંસાવું તો પડ્યું છે ! અને આગળ પર ઘોર ત્રાસ-વિટંબણાઓ માથે લટકતી ઊભી છે !'

**પરંતુ મોહની વિચિત્રતા છે કે** વર્તમાન દુઃખભરી સ્થિતિ છતાં, વિવેક ન આવવા દે, અને પૂર્વના દુષ્કૃતોનો પસ્તાવો પણ ન આવવા દે ! ઊલટું હજી પણ નવાનવા દુષ્કૃતો કરવાના વિચારો ઊઠે ! તેમજ દુષ્કૃતોનાં એવાં આચરણ પણ થાય,' મનુષ્ય જન્મે ય આ વિવેક નહિ તે છતી બુદ્ધિએ !!

**પશુજન્મ કરતાં મનુષ્યજનમની વિશેષતા આ, કે એમાં બુદ્ધિશક્તિ, વિચારણાશક્તિ ને વિવેકશક્તિ મળી છે !**



પરંતુ આશ્ચર્ય છે કે માત્ર ખોળિયે મનુષ્ય, કિંતુ હૈયાથી પશુ જેવા જ રહેલા મૂઢ મનુષ્યોને પોતાને મળેલી બુદ્ધિશક્તિ વિચારશક્તિનો ઉમદા ઉત્તમ લાભ લેવો નથી, અને જીવનમાં પૈસા ટકા પરિવાર વગેરે કરતાં પણ જે અત્યંત કિંમતી ગણાય એવી આ બુદ્ધિની સંપત્તિને વેડફી નાખવી છે. વેડફી નાખતાં કોઈ લાજ શરમ, સંકોચ કે સંતાપ છે નહિ !

**પરલોકભીરુ કેદીઓ :-**

ત્યારે કેટલાક પરલોકના ભયવાળા અને પરસ્ત્રીભીરુ પુરુષો તરંગવતીને જોતાં જ દૃષ્ટિને સંકોચી લે છે, વધુ ગંભીર બની જાય છે,-'રખેને રૂપાળી પરસ્ત્રીને જોતાં કૂતરા ગધેડા જેવા મલિન ભાવ કરીને હૈયું બગડે તો ?' ત્યાં પણ પરસ્ત્રીદર્શનથી બીનારા માણસ હતા ? એટલે બહારથી સારા કુળના ખાનદાન માણસોને પણ અહીં ઉપાડી લાવતા, અને એ ખાનદાન માણસો, પરસ્ત્રીદર્શનથી ભય પામનારા હોય, એમાં નવાઈ નથી,

તરંગવતી સાધ્વી શેઠાણીને કહી રહી છે કે ગૃહિણી ! એ ચોરોની પલ્લીમાં હૈયે ત્રાસનો ફફડાટ હતો. એમાં વળી જ્યાં બીજા કેદીઓની વચ્ચે અમે પસાર થઈ રહ્યા હતા ત્યાં

**કેદીઓના ભયંકર બોલ સાંભળ્યા કે-**

"આ યુવાન (મારા પ્રિય પદ્મદેવ) ને આ લોકો મારી નાખશે ! કેમકે એમની દેવીની બત્રીસલક્ષણા પુરુષનો ભોગ આપવા જોઈએ છે. પછી આ યુવતીનું તો આ પરદારા-લંપટો કોણ જાણે શું ય કરે ? કારણ કે આમનો સેનાપતિ ભયાનક માણસ છે."

કેદ પકડાયેલા એ પુરુષો અને સ્ત્રીઓ આવા બોલ બોલતા અમે સાંભળ્યા ત્યારે અમે થરથરી ઊઠ્યા ! એમાં મારા પ્રિય પદ્મદેવને જેટલું મરવાનું દુઃખ નહતું, એના કરતાં અત્યધિક દુઃખ મને બચાવી ન શકવાનું હતું. ત્યારે મને તો બેવડું દુઃખ હતું.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૨૨,તા.૮-૨-૧૯૮૬**

**ચોરોથી તરંગવતીને બેવડું દુઃખ :-**

**એક તો ચોરો દ્વારા કરાતા પ્રિયના મૃત્યુ સાથે જીવનભર માટે એમના વિયોગનાં દુઃખથી બળવાનું ! અને બીજી બાજુ એથી પણ મોટું દુઃખ મારા શીલ ઉપર આપત્તિનું આવે !**

આખું શરીર અને ગાત્રો કંપવા લાગ્યા ! મનમાં કંઈ ને કંઈ દુઃખદ વિચાર

ચાલવા માંડ્યા, મનને થયું કે 'હેં' શું આ આફતમાંથી છુટાશે જ નહી ? શું આવી રીતે જ મરવાનું ?

**પ્રભુને પ્રાર્થના :-**

આટલો ઊંચો મનુષ્યજનમ છતાં સંયમ-ચારિત્રની પ્રાપ્તિ જ નહી ? પૂર્વે એવા કેવાં પાપ કરીને અંતરાય કર્મ બાંધ્યા હશે કે સંયમની પ્રાપ્તિ સુધીનું બધું હાથવેંતમાં, છતાં એક માત્ર અત્યારે લૂંટારાની કેદમાં છીએ એટલા માત્રથી બધી જ શક્યતાઓ નામશેષ થઈ જાય છે ! હે પ્રભુ ! હે જીવનનાથ ! કંઈક મહેર વરસાવો ! આ ભયંકર આપત્તિમાંથી છોડાવો'

અંગોમાં ધ્રુજારી સાથે મારી આંખમાંથી આંસુની ધાર વહે છે.

**હજી વધારે કમકમી ભયંકર સેનાપતિના દશ્યને બોલ પર કેવી થાય છે !**

એ જુઓ,- અમને સેનાપતિના મુકામમાં દાખલ કરાય ત્યાં ઊંચો સભામંડપ છે, સભામાં એના સુભટો એટલે ચોર, ડાકૂ, લૂંટારાં જ હોય ને ? એમના રાક્ષસ જેવા મોઢાં જોતાં ગાતર (ગાત્ર) ઢીલાં પડી જાય ! સેનાપતિને બે બાજુ ચામર વીંજાઈ રહ્યા છે. કેમ જાણે શ્રેષ્ઠ સુભટોનો યમરાજ જેવો ચૂડામણિ ન હોય ! મરણના ભયથી ભયંકર ત્રાસ પામેલા અમે એને હાથ જોડ્યા, ચોર સમૂહ એના પગમાં પડી ગયો, ગાય, સ્ત્રીઓ અને બ્રાહ્મણનો ઘાત કરવામાં નિર્ઘૃણ તથા સ્વભાવે કરીને રૌદ્ર ચહેરાવાળો એવો એ સેનાપતિ અમારી સામે જુએ છે, અને જોઈને એક ઘોર પ્રવૃત્તિવાળા સુભટને સેનાપતિએ પાસે બોલાવ્યો, અને એના કાનમાં કંઈક કહ્યું, પરંતુ એવું કહ્યું કે જે નજીક ઊભેલા પદ્મદેવ અને તરંગવતીને સંભળાઈ ગયું અને સાંભળતાં જ મોતિયાં મરી ગયા ! આંખ સામે લાલ પીળાં આવી ગયાં ! મગજ ચક્કર ચક્કર ઘુમવા માંડ્યું, જાણે હમણાં જ બેભાન થઈને પડી જશે ! એવો એ સેનાપતિનો ભયંકર આદેશ હતો.

માણસના કાન પર જ્યારે ભયંકર આદેશ સંભળાય છે, ત્યારે આદેશનો અમલ તો ભલે દિવસો પછી થવાનો હોય, પરંતુ અત્યારથી જ ભારે ગભરામણનો પાર નથી રહેતો. એ જ્યારે કર્મના ભયંકર આદેશ કાન પર સંભળાતા નથી, એટલે ઠેઠ આદેશનો અમલ અત્યંત નિકટમાં આવે ત્યાંસુધી પણ કશી ગભરામણ જ થતી નથી ! એ આશ્ચર્ય છે.

ત્યાં જોઈએ તો ખબર પડે છે કે કર્મસત્તા ભવિષ્યમાં અણધારી ત્રાટકે એવો સંભવ હોવા છતાં માણસ કેવા કેવા આંધળિયા કરે છે ! અને પછી જ્યારે કર્મસત્તા અણધારી ત્રાટકે ત્યારે કેવા લોહીના આંસુ પાડે છે. દાખલા તરીકે,-



**નળરાજાનું આંધળિયું કાર્ય :-**

નળરાજા નાના ભાઈ પુષ્કર સાથે જુગારના ચડસે ચડ્યા ! એ વખતે રાણી દમયંતી મહાસતી ના પાડતી રહી છતાં માન્યું નહીં. તો પરિણામે બધું હારીને દમયંતી સાથે પહેર્યે લૂંગડે રાજમહેલ છોડીને નીકળવું પડ્યું ! એ વખતે રાજા બનેલ ભાઈ **પુષ્કરે** રાજ્યમાં ફરમાન કાઢેલું કે કોઈએ નળ દમયંતીને આશરો આપવો નહી, અને પાણીનો પવાલો પણ ધરવો નહીં.' એ હિસાબે નગરના લોકો ઈચ્છવા છતાં નળ-દમયંતીને પોતાના ઓટલે બેસવા દેવા તૈયાર નહોતા, કે એમની તરસ મિટાવવા લોકો એમને પાણીનો પવાલો ય ધરવા તૈયાર નહોતા ! યાવત્ નગરની બાહર નીકળ્યા પછી જંગલમાં ચોરોએ કપડાં પણ લૂંટી લીધા, માત્ર દમયંતીનો એક સાડલો રહેવા દીધો, તે અડધો દમયંતીએ ઓઢ્યો, અને અડધો નળરાજાએ ઓઢ્યો; ને જંગલમાં માર્ગે ચાલવું પડ્યું !

વિચારો કે,-

**કોને કેવું લૂંટવાનું ? :-**

એ વખતે આ બધા કર્મસત્તાના ભયંકર ત્રાસ વરસાવા માંડયા ત્યારે નળ-દમયંતીને હૈયે કેટલો બળાપો હશે ! એક વખતના મોટા સામ્રાજ્યના માલિક રાજા, જેની તહેનાતમાં મંત્રીઓ અમલદારો સુભટો સેવકોનો પાર નહીં ! એ જંગલમાં એકલા અટુલા પડે ! બંનેને ઓઢવા એકજ વસ્ત્ર ! ખાવા માટે એક ભાતાની નાની પોટલીય નહી ! પીવા માટે પાસે પાણીનો લોટો પણ નહીં ! ત્યારે વિટંબણા કેટલી મોટી ? શું જુગાર ખેલવા માંડ્યો ત્યારે આવા ભવિષ્યની એકઆંકડો ય કલ્પના હશે ? **ડાહ્યા માણસે અયોગ્ય માર્ગ લેતા પહેલાં અને પાપના રસ્તે ચાલતા પહેલાં ભાવી દુઃખદ કર્મસત્તાની આગાહી કરી લેવી જોઈએ.**

**દુઃખદ કર્મસત્તા પોતાનું વિટંબણાનું કાર્ય કરવા માંડશે ત્યારે કશો બચાવ નહીં થાય.**

**એવું જ પાંડવોને ભયંકર બન્યું.**

યુધિષ્ઠિર દુર્યોધન વગેરે કૌરવો સાથે જુગાર ખેલવા બેઠા, એમાં ય દ્રૌપદી વગેરેએ ઘણી ના પાડવા છતાં યુધિષ્ઠિર જુગાર રમતા જ રહ્યા, રમતા જ રહ્યા, તો અંતે બધું હાર્યા ! વધારામાં દ્રૌપદીને પણ હોડમાં મૂકી ! ને એ ય હારી ગયા !! પરિણામ ? ભરી સભામાં દુઃશાસનના હાથે દ્રૌપદીની સાડી ખેંચાણી એ વખતે, વિચારો કે, દ્રૌપદી અને પાંડવોને હૈયે કેટલા લોહી બળાપા હશે ? એથી ય આગળ જુઓ, અલબત શાસનદેવીએ દ્રૌપદીના ચીર પૂરીને લાજ રાખી એટલું

સારું થયું, છતાં બાર વરસ જંગલમાં કુંતા માતા અને દ્રૌપદી સહિત પાંડવોને ભટકવાનું થયું ! એ વખતે એમના પગ કેવાંક ભાંગી ગયા હશે ? અને દુઃખના દરિયામાં ડૂબેલા રહેતા હશે ? એ ધ્યાન પર લેવા જેવું છે, જેથી

**અકળ કર્મસત્તાનો ડર રાખીને અજુગતાં આંધળિયા ન થાય.**

માણસ સીધી લાઈન પર ચાલતો પણ હોય, છતાં કર્મસત્તાના અણધાર્યા ભયંકર આક્રમણ જગતમાં જીવો પર કેવા કેવા આવે છે !' એ જો ધ્યાન પર લેવાય, તો એ વખતે હૃદયને શાંતિ કોણ આપી શકે ? એક માત્ર દેવ-ગુરુ-ધર્મ સિવાય કોઈ જ શાંતિ આપી શકવા ઓથ આપવા સમર્થ નથી.

**સંકટમાં દેવ-ગુરુ-ધર્મની જ ઓથ રહેવાનું લક્ષમાં લઈએ તો જીવન ધર્મપ્રધાન બનાવવું અતિ આવશ્યક લાગે.**

સંસારિક વિષયોના નાદે ચઢેલાને આ કશું જોવું નથી; ધર્મનું શરણું લેવું નથી; અને પછી પાપાચરણમાં પૂરા વેગમાં દોડતા જવું છે. ત્યારે જો ભારે આફત આવીને ઊભી રહેશે. ત્યારે 'માં ! મને કોઠીમાંથી કાઢ' જેવું થાય છે. પછી મા કહેશે "રોયા ? તો કોઠીમાં પડ્યો તો શું કરવા ?" પણ અહીં કોણ કહે કે તો પછી પાપાચરણમાં પડ્યો હતો શું કરવા ?

અહીં જ જુઓને, પદ્મદેવ-તરંગવતીની કેવી દુર્દશા થઈ રહી છે ? એમના હૈયૈ કેવાક ભારે બળાપા થતા હશે કે હાય ! ઘરેથી ભાગી છૂટવાનું આ આંધળું સાહસ ક્યાં કર્યું ? હજી આગળ એમની વિંટબણા જુઓ.

**સેનાપતિનો ભયંકર આદેશ :-**

સેનાપતિ એક લૂંટારા સુભટને હુક્મ કરે છે કે "ચાતુર્માસ સમાપ્ત થયું છે, તેથી દેવીને ભોગ આપવાનો સમય થઈ ગયો છે. માટે સ્ત્રી સહિત આ પુરુષના યુગલનો નોમના દિવસે ભોગ આપવાનો છે. તો જોજે બરાબર ધ્યાન રાખજે આ લોકો ભાગી ન જાય એ રીતે આ બન્નેની બરાબર ચોકી જાળવણી કરજે."

**તરંગવતી કહે છે,-**

સેનાપતિનો આદેશ એટલો બધો ભારે અવાજ સાથેનો હતો કે એમાં એક તો એ સૂચિત થતું હતું કે જેને આદેશ કર્યો એ માણસે પૂરી તકેદારીથી અમને બંધનમાં સજ્જડ બાંધી રાખવાના, - તેમજ બીજું એ સૂચિત થતું હતું કે નોમના દિવસે એ અમારો અવશ્ય ઘાત કરી નાખવાના ! આ સાંભળતાં તો આવા નિકટના ક્રૂર મોતથી રીબાઈ રીબાઈને મરવાનું નિશ્ચિત જાણી, અમારા હોંશકોંશ ઊડી ગયા ! અહીં અમારે ઊંચે આભ અને નીચે ધરતી સિવાય બીજો કોઈ જ આશરો હતો નહિ, ભલે



અમે જૈન ધર્મ પામેલા હતા એટલે આવા પ્રસંગે 'અરિહંતા મે સરણં, સિદ્ધા મે સરણં,...વગેરે મનમાં આવે; પણ આ જીવનમાં દુઃખ જોયું ન હતું, અને જોવાનું આવ્યું ત્યારે લૂંટારાના હાથમાં બધું જ લૂંટાઈ ગયું ! ને ક્રૂર રીતે કપાઈ જવાનું દુઃખ આવવાનું સામે દેખાવા માંડ્યું ! ત્યારે એ વખતે બન્નેના હૈયામાં કેટલો વલોપાત હશે, એ સાજી સારી સ્થિતિમાં બેઠેલાને કલ્પનામાં ક્યાંથી આવે ? દા.ત. મોટરના અકસ્માતમાં હાડકા ભાંગ્યા હોય ચરબી માંસ છુંદાયા જોનારને પણ અનુભવમાં શું આવે ? કર્મસત્તા આવા માત્ર સ્વયંવેદ્ય ભયંકર દુઃખો આપે છે, એમાં કોઈ બચાવનાર કે ઓથ સહારો નથી મળતો માટે જ કવિ કહે છે,

**'બંધ સમય ચિત્ત ચેતીયે રે, શ્યો ઉદયે સંતાપ ?' પદ્મદેવ પર જુલ્મ, :-**

પેલો સુભટ માણસ પોતાના સ્વામીનો હુક્મ બજાવવા અમને પોતાના આવાસમાં લઈ ચાલ્યો ત્યાં અમને બાંધ્યા. એમાં ય મારા પ્રિયતમના તો બંને હાથ પીઠ પાછળ કરી એને એવા કસીને બાંધતો હતો કે તે વખતે મારાથી ન રહેવાયું તે હું છૂટા હાથે એને રોકવા મથતી હતી, અને એને કહેતી હતી કે

'હે અનાર્ય ! તું મારા પતિને રહેવા દે, અને મને બાંધ કે જેની ખાતર આ નરવીરે અહીં સુધી આવવાનું કષ્ટ ઉપાડ્યું છે ! એટલે મોટી ગુનેગાર તો હું છું.'

**પરંતુ કર્મે આપેલી કુદરતી પીડા, માણસ એને અટકાવવા ગમે તેટલો પ્રયાસ કરે તો પણ, અટકતી નથી.**

કહો કે કર્મસત્તા, માણસને જાણે મગતરુ સમજે છે ! એટલે જાણે કર્મને મન મોટો માંધાતા માણસ પણ કાંઈ વિસાતમાં નથી ! એમ અહીં પણ એવું જ બન્યું કે પેલા લુંટારાએ મારી કશી વાત ધ્યાનમાં લીધી નહીં અને મારા પ્રિયતમને બાંધતા અટક્યો નહીં, અને ઊલટું રોષે ભરાઈને પોતાના હાથેથી મને ૨-૪ ધપાટો ઠોકી મને હડસેલી મૂકી ! તે હું જઈને એક ખૂણામાં પડી.

વિચારવા જેવું છે કે એજ ભવમાં તરંગવતીના પોતાના ઘરે ભવ્ય વૈભવી લાલનપાલન ક્યાં ? અને અહીં હલકટ માણસના હાથે પોતાના પતિની જ હાજરીમાં ધપાટો ખાવાનું અને ધકેલાઈને એક ખૂણામાં ધકેલાઈ પડવાનું ક્યાં ? પરંતુ આમાં કાંઈ નવાઈ પામવા જેવું નથી. મહાવીર ભગવાનના સંસારીપણે ઘરે લાલનપાલન કેવાં હતા ! છતાં ય સંયમ જીવનમાં જ્યારે દુષ્ટ સંગમ દેવતા છ મહિના પૂંઠે પડી ગયો હતો, અને ગામેગામ મૂઢ લોકોને ચઢાવી ચઢાવીને એમની પાસે ભગવાનની ભારે વિટંબણા તિરસ્કાર કરાવતો હતો એ કયાં ? એવી રીતે ભગવાન છ મહિના અનાર્ય દેશમાં વિચર્યા ત્યાં પણ અનાર્યોએ ભગવાનને ગાળો ગડદાપાટું વગેરે

વિટંબણા કરવામાં બાકી ન રાખી એ ક્યાં ? **કર્મસત્તાના આ ક્રૂર હુમલા ભગવાન જેવાને પણ આવે, તો આપણા શા કલાસ ?**

**રાજા મુંજ** ભારે અભિમાની હતો. એણે રાજા સિંહલનાં દૂતનું ઘોર અપમાન કરેલું, યા એવો કોઈ અપમાન યા પ્રપંચનું કાંઈ કરેલું, એટલે રાજા સિંહલે એના પર મોટી ચઢાઈ કરીને એને હરાવીને પકડી લઈ જઈ પોતાની રાજધાનીમાં કેદમાં રાખ્યો. પરંતુ જેલમાં પડ્યો પડ્યો રાજા મુંજ સખણો ન રહ્યો. આમ તો મુંજ બકરીની જેમ ગરીબડો દીન હીન રાંક થઈને પડ્યો છે !

રાજા સિંહલે કોકવાર મુલાકાતે આવે ત્યારે કહે કેમ ? તારા અભિમાનનું માન કેટલું રહ્યું ? હવે મારા પગમાં પડી ભાઈબાપા કરવા છે ? તો છૂટાય'

પરંતુ મુંજ અભિમાનનું પૂતળું, તે શાનો ગરીબડાની જેમ ભાઈબાપા કરે ? છતાં ઉદાર અને વિવેકી રાજા સિંહલ એને હલકું ભોજન નહિ, પણ પોતાને માટે બનતી રસોઈમાંથી ભોજન મોકલાવતો.

તો શું રાજા મુંજ એનાથી નિરાંત માની લે ખરો કે 'ચાલો રાજ્ય ગયું, મહા અપમાન નાલેશી થઈ, છતાં આવું ઉમદા ભોજન તો મળે છે ?' એવી નિરાંત વાળે તો મૂર્ખ ગણાય, ક્યાં રાજવીપણાની બાદશાહી ? અને ક્યાં સર્વસ્વ લૂંટાઈ જઈ જેલની બેડીઓમાં જકડાઈ રહેવાપણું ? ત્યાં શું સારા સન્માન સાથેના ભોજનમાં, લૂંટાઈ ગયું, એની અપેક્ષાએ 'તો ય ઠીક મળ્યું' માનવાનું ? મુંજ એવું માને તો મૂર્ખ ન કહેવાય ?

**માનવના સુખોમાં કેમ વૈરાગ્ય ? :-**

ત્યારે તમારે શું છે ? દેવલોકમાં હતા ત્યાંનું બધું લૂંટાઈ જઈ આજે અહીં માનવભવની કેદમાં આવ્યા હવે દેવલોકની સુખ-સમૃદ્ધિની અપેક્ષાએ અહીં કેવુંક મળ્યું છે ? તો ય 'કાંક ઠીક મળ્યું' એમ લાગે છે ને ? જો મુંજ 'રાજ્યપાટ ગયા તો ભોજન સારું મળે છે.' એવું માને તો મૂર્ખ, તો તમે મૂર્ખ નહિ ?

**ઉત્તરાધ્યયન શાસ્ત્ર કહે છે,-**

દેવલોકના ભોગ-સુખ સમુદ્ર જેવડા, ત્યારે એની અપેક્ષાએ અહીં મનુષ્ય લોકના સુખ એક ટીંપા જેવડા !' ત્યાં શાસ્ત્ર કહે છે. તમને ખરેખર ઊંચા ભોગ સુખ ગમતા હોય, તો તે અહીંના બિંદુ જેટલા ભોગસુખનો ત્યાગ કરવાથી અને સંયમ ચારિત્રનાં પાલનથી મળે છે, તો પછી અહીં ગટરકલાસ ભોગસુખમાં રાચીમાચી ચારિત્ર કેમ ગુમાવો છો ? અને પાપપ્રવૃત્તિઓ પાપારંભોમાં કેમ રાચ્યા માચ્યા રહો છો ? એ તમારી સરાસર મૂર્ખાઈ છે.' તાત્પર્ય, 'પાપપ્રવૃત્તિ છોડો અને ધર્મપ્રવૃત્તિ કરો. ત્યાં **ઉત્તરાધ્યયનની ટીકામાં વાદિવેતાલ શાંતિસૂરિજી** મહારાજે લખ્યું કે.



**विषयाभिलाषिणापि धर्मे एव यतितव्यं'**

**અર્થાત્ વિષયસુખની અભિલાષાવાળાએ પણ પાપપ્રવૃત્તિ છોડી ધર્મપ્રવૃત્તિમાં જ લાગવું જોઈએ.**

જ્ઞાનીઓનું તાત્પર્ય એ છે, કે તમે આ મનુષ્યભવમાં પાપપ્રવૃત્તિઓ છોડો અને ભલે વિષયસુખની કામનાથી પણ તમે ધર્મપ્રવૃત્તિઓમાં મગ્ન રહો.

**પ્ર.- શું સંસારના સુખ માટે ધર્મ કરાય ?**

ઉ.- તો શું સંસારના સુખ માટે ધર્મને અવગણીને ધરખમ પાપપ્રવૃત્તિ કરાય ?

'શક્ય વધુ બ્રહ્મચર્ય પાળવાથી શરીરશક્તિ સારી રહે છે, રોગો ઓછા આવે, કામકાજમાં સુસ્તી ન આવે સ્ફૂર્તિ રહે, એ માટે મહિનામાં ૨૫ દિવસના બ્રહ્મચર્યની બાધા લઈ પાળે, તો શું આ બ્રહ્મચર્યનો ધર્મ ભૂંડો ? અને સંસારસુખ માટે ધર્મ ન કરાય એમ માની મહિનાના ત્રીસો દિવસ અબ્રહ્મ સેવાય આ અધર્મ તેવો ભૂંડો નહિ ? કઈ અક્કલના આ મિથ્યા સિદ્ધાંત કે સંસારસુખ માટેનો ધર્મ અધર્મથી ભૂંડો ?

અસ્તુ. મુંજને પીરસવા રૂપાળી કન્યા કે દાસી જતી હશે તે મુંજ એનામાં મોહી પડ્યો; મોહક વાતોથી એનું આકર્ષણ કર્યું, અને એને લઈને ભાગી જવા તૈયારી કરી. પરંતુ પેલીને સારું સૂઝ્યું કે રાજા સિંહલને મુંજની એને લઈને ભાગી જવાના પ્રપંચની વાત કરી. ત્યારે રાજા સિંહલે મુંજનું અભિમાન ઉતારવા માટે જેલના સિપાઈઓને હુકમ કર્યો કે,-

'મુંજને આપણું ખાવાનું આપતા નહીં, પણ એને હાથે પગે બેડીઓ સાથે ઘર ઘર માંગી ખાવા ફેરવજો. એમ માંગી લાવેલું ભલે ખાય.' મુંજ ભાયડા રોફમાં ને રોફમાં ૨-૩ દિવસ તો ખાવા ન મળ્યું એટલે ભૂખ્યા રહ્યા પરંતુ પેટ ક્યાં મૂકી આવે ? પેટ કરાવે વેઠ. તે હાથે બેડીઓ સાથે ઘર ઘર ભીખ માંગવા નીકળવું પડ્યું સાથે ચોકીદાર સિપાઈઓ તો હતા જ, જેથી ભાગી ન જાય. ઘરે ઘરે મુંજ આગળ થઈને ભીખ માંગે'' ઓ માઈ ! ખાવાનું દે, દે.' પ્રજાને પણ મુંજની પૂર્વ કારકિર્દીના એના અભિમાન સંભાળીને મુંજ ઉપર નાખુશી હતી, એટલે કોઈ કોઈ તો એને આવકારતા જ નહીં ! ત્યારે મુંજને વધારે કાકલુદી કરવી પડતી હતી' 'ઓ મા ! દયા કર, ભૂખ્યો છું, મહેરબાની કરીને મને ખાવાનું દે...' ત્યારે વળી ખાવાનું મળતું ! આમ ભિખારીની દીનહીનતા દેખાડી ઘર ઘર ભીખ માંગીને બેડીઓ સાથે ચાલવું પડતું હશે અને તે પાછું આવીને જેલમાં જ બેડીઓમાં જકડાયા રહેવું પડતું હશે, ત્યારે એના મનને વિખવાદ કેટલો હશે ?

**શિર પર કર્મસત્તાના જુલ્મ વરસે ત્યારે માણસને પસ્તાવાનો પાર રહેતો નથી; પરંતુ સારાસારીમાં પાપપ્રવૃત્તિઓ છોડી ધર્મપ્રવૃત્તિઓ કરી લેવાનું મન થતું નથી ! કેવું આશ્ચર્ય ?**

હજી પણ મુંજની વધુ વિટંબણા જુઓ, કે એકવાર એક સામાન્ય સ્થિતિની બ્રાહ્મણીની ત્યાં ભીખ માંગવા ગયો, ત્યારે નીચે આગળ એક ભેંસને વાછરડી બાંધેલા હતા અને મેડી પર ઘરમાં ૩-૪ ભૂલકાં હલબોલ મચાવતા હતા. એના પર અભિમાન રાખી બ્રાહ્મણી મુંજને ગાળોથી ફટકારે છે,-

**બ્રાહ્મણી અને મુંજરાજાના પરસ્પર બોલ :-**

'અલ્યા કૂતરા ! અહીં શાનો ભીખ માંગવા આવ્યો છે ? તારા બાપનું અહીં શું દાટેલું છે ? ગધેડા ? હરામનું માગવા હાલી નીકળ્યો છે તે શરમ નથી આવતી ? મુંજને બહુ જ લાગી ગયું કે ક્યાં એક વખતની રાજાધિરાજની સાહ્યબી ને સત્તાધીશપણું ? અને ક્યાં ટૂકડા રોટલાની ભીખ માગતાં વરસી રહેલો ગાળોનો વરસાદ ?

મુંજ બ્રાહ્મણીને કહે ઓ મારી બહેન ! એક મેડી, એક પાડી, અને ચાર ભૂલકા પર આટલું બધું અભિમાન શું કરે ? જો મારે મોટી મહેલાતો હતી,આંગણે સંખ્યાબંધ હાથીઓની કતાર ઊભી રહેતી, તથા રાણીઓ-પુત્ર-પુત્રીઓ-સુભટો-સિપાઈઓનો મોટો પરિવાર રહેતો ! છતાં એના પર રાખેલું મારું અભિમાન કર્મસત્તાએ રાજા સિંહલ દ્વારા તોડી નાખ્યું ! તું શાના ઉપર આટલો બધો રોફ રાખે છે ? માણસને કર્મની લાતો ખાય ત્યારે ડહાપણ આવે છે, એટલે પાપો રદ કરવા અને જોરદાર દાન, શીલ, તપ, વગેરે ધર્મની પ્રવૃત્તિ કરવા જગા જ નથી હોતી !....

**પદ્મદેવનું દિલદર્દ :-**

તરંગવતીને પૂર્વે મળતા ઘરના બહુમાનભેર લાલનપાલનની સામે અત્યારે આ દુઃખ જોવાના આવ્યા કે પોતાની નજરમાં જ પતિના હાથ અને પીઠ પાછળ મુશ્કેટાટ બંધાય અને પોતે રોકવા જતાં પોતાને હલકા લૂંટારાની ધોલધપાટ ખાવાની આવે ! તેમજ એ દુષ્ટથી ધકેલાઈને ખૂણામાં ફેંકાઈ જવાનું આવે !

અહીં લૂંટારો પદ્મદેવને ભીંતના થાંભલા સાથે બાંધે છે ત્યારે પદ્મદેવને એટલું દુઃખ ન થયું જેટલું તરંગવતીને ધોલધપાટ તિરસ્કાર આદિ થતાં અને ખૂણામાં ધકેલાઈ જતી જોતાં દુઃખ થયું. એ ખૂબ જ રોઈ પડ્યો, અને રોતો રોતો તરંગવતીને કહે છે, 'હાય ! હાય ! મારા કારણે તારું આ અપમાન અને તિરસ્કાર મને મારા મોત કરતાં પણ વધારે દુઃખદ લાગે છે ! પરંતુ હું લાચાર બની ગયો છું કે નથી તો આ નિર્દય ચોરોને કાંઈ કરી શકતો, કે નથી તો તારી પછીની ચિંતામાં મરી શકતો !



**કર્મના અણધાર્યા હુમલા પર ચિંતન**

**વિચારવા જેવું છે કે,-**

'બન્ને જણા અત્યંત કષ્ટમાં મુકાયા છે. લૂંટારા ધારે તેમ એમના પર કષ્ટ વર્ષાવી રહ્યા છે માણસ કોઈ હઠવાદમાં ચઢે અથવા કોઈ લાલસા અભિમાનમાં ચઢે ત્યારે એને ભાવી કર્મના આવા કોઈ હુમલા મનની સામે આવે ખરા ? કેમ જાણે દુનિયામાં જે માણસના જોવા સાંભળવામાં ય આવે છે, એ પોતાને કદી નથી આવવાની ! એટલે પોતાની જાત માટે નિશ્ચિંત બેઠો રહે છે.

ઉત્તમ મનુષ્યજન્મ કે જ્યાં એવાં એવાં ત્રાસને લાવનારા પાપોનો નાશ કરવા માટે વીતરાગ પરમાત્માના ધર્મને આરાધવાની ઉત્તમોત્તમ તક છે, ત્યારે બુધ્ધુ જીવને તેની ગમ જ પડતી નથી ! જનાવરના અવતારે તો ત્રાસ વરસવા છતાં એને બિચારાને ધર્મની ગમ ન પડે એટલે ધર્મ સંભાળવાની વાત નહિ. માત્ર ભયંકર ત્રાસ વેઠી વેઠી પૂર્વના એટલા પાપના જથ્થા ખપાવવાનું થાય; પરંતુ બીજી બાજુ અજ્ઞાનતા અને મૂઢતાથી મનમાં કેટલાય કષાય તથા રૌદ્રધ્યાન કરી કરી પાર વિનાના નવા ઘોર પાપ બાંધે છે !

**નાગદત્ત શેઠનો બાપ** ધૂમધામ વેપાર અને અન્યાય-અનીતિના પાપ કરી, મરીને પાપફળની પાશેરામાં પહેલી પૂણી રૂપે બકરો થયેલો તે કસાઈના હાથમાં બે રૂપિયામાં ખરીદાયો ! કસાઈ બજાર વચ્ચેથી એને લઈ જતાં બકરાએ પોતાની દુકાન જોઈ, અને પૂર્વ જન્મનું એને સ્મરણ થઈ આવ્યું, દુકાન ઓળખી, પોતાનો દીકરો એમાં શેઠ થઈને બેઠેલો એને ઓળખ્યો, એટલે દીકરો મને બચાવશે એમ ધારી હડપ કરતોક કૂદીને દુકાનમાં ઘૂસી ગયો. કસાઈ નાગદત્ત શેઠને કહે શેઠ ! બકરો નીચે ઉતારો ! ન ઉતારવો હોય તો રૂપિયા બે આપી દો, બીજો બકરો ખરીદી લઈશ.

બકરાના ભારે કર્મની લીલા જુઓ, નાગદત્ત શેઠ બકરાને ઓળખતો નથી કે આ મારો બાપ છે એટલે તો કદાચ એને ન બચાવે, છતાં બે રૂપિયા જેવી મામૂલી વસ્તુ ફેંકી દઈ આ એક પંચેન્દ્રિય જીવને બચાવી લઉં ! એટલી દયા પણ એને નથી આવતી ! તે કસાઈને કહે છે,

'શું રૂપિયા ઝાડ પરથી મફતમાં મળે છે ? લે તારો બકરો, હમણાં એને આંકણી ફટકારીને નીચે ઉતારું છું,' એમ કહી બકરાના શરીર પર આંકણી જોરજોરથી ફટકારીને હટ હટ કહેતોક નીચે ઉતારે છે ! ત્યારે બકરો, 'જે દીકરાને પોતે લાખો રૂપિયાની મિલકત આપી છે એ માત્ર બે રૂપિયાથી પણ બચાવતો નથી' એ વાતનું એને બહુ દુઃખ લાગ્યું અને આમ પાછું 'કસાઈના હાથમાં જવું પડશે અને કપાઈ મરવું પડશે !' એની

કલ્પનાથી ધ્રુજી ઊઠ્યો ! અને રોતો રોતો દુકાનની નીચે ઊતરી જાય છે.

વિચારો,

**સંસારમાં જીવનની કર્મ તરફથી આ કેટલી વિટંબણા !**

આમ છતાં સંસારની ખૂબી કેવી છે કે જીવને અહીં પોતાના પાપ નજરે નથી ચઢતાં અને એકવાર જે દીકરા પર ભરપૂર વહાલ કર્યા છે, એજ દીકરા પર ભયંકર ગુસ્સો ચઢે છે ! પણ ગુસ્સો કરીને હવે દીકરાની સાથે શો ઝઘડો કરી શકે ? અથવા દીકરાની નાલાયકી બદલ ક્યાંથી એને દુકાન પરથી હેઠો ઉતારી શકે ? કેમકે કર્મસત્તાએ તંત્ર બધું પોતાના હાથમાં રાખ્યું છે. એટલે જ દીકરાએ એ વખતે તો ન બચાવ્યો; પરંતુ જ્યારે પાછળથી દીકરાને જ્ઞાની સાધુ પાસેથી જાણવા મળ્યું કે એ બકરો તારો બાપ હતો,' એટલે ચોંકી ઊઠીને તરત દોડીને કસાઈના ઘરે પહોંચ્યો અને

કસાઈને કહે 'પેલો બકરો લાવ'

કસાઈ કહે છે, હવે નહીં મળે.'

'અરે ભાઈ ! બે રૂપિયાના બાર રૂપિયા લે, પણ બકરો આપ;'

તો હવે દીકરો બાપ બકરાને બચાવી શકે ખરો ? ના,

**તંત્ર જ્યાં કર્મસત્તાના હાથમાં છે, ત્યાં માણસનું ધાર્યું કાંઈ ચાલતું નથી.....**

**પ્ર.**- કેમ બેને બદલે બાર રૂપિયા આપવા તૈયાર થાય તો પછી કસાઈ બકરો ન આપી દે ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૨૩,તા.૧૫-૨-૧૯૮૬**

ઉ.- હવે મોડું થયું થયું હતું.... કસાઈ કહે છે,- 'બકરો ક્યાંથી આપું ? જુઓ પેલા ચૂલા ઉપર રંધાઈ રહ્યો છે !

શેઠ કહે 'અરરર ! બકરાને તેં આટલો જલ્દી કાપી નાખ્યો ?

કસાઈ કહે 'શેઠ ! આટલા મોડા બચાવવા કેમ નીકળ્યા ? હું તો પહેલાં જ કહેતો હતો કે શેઠ બે રૂપિયા ફેંકી દો, ભલે બકરો તમારે ત્યાં રહે. હવે શું કહેવા નીકળી પડ્યા કે બકરો આટલો જલ્દી કાપી નાખ્યો ? પહેલાં તમારી અક્કલ ક્યાં ગઈ હતી ?'

ત્યારે બકરાને પૂર્વ જન્મનું સ્મરણ થઈ આવ્યું હતું, અને અહીં બચાવનાર પોતાનો દીકરો જ સામે હતો, તો પછી એને બચાવ મળ્યો ? ના,



**એકલી અહીંની તો પોતાની કત્લથી બચવાની વાત નહીં, પરંતુ પોતાની ભાવી અસંખ્ય કત્લોથી પણ બચવાની વાત ક્યાં છે ?**

**કારણ કે, તંત્ર કર્મસત્તાના હાથમાં છે.**

તે જીવને અજ્ઞાન અને મૂઢ રાખે. શુભ વિચાર આવવા જ ન દે, અને જીવને ઊંચકીને નરકમાં પટકી દે !

બકરાને દીકરા પર તો ગુસ્સો ચડ્યો જ હતો, વધારામાં અહીં કસાઈના હાથે ક્રૂરપણે કપાઈ મરતાં કસાઈ ઉપર ભયંકર ગુસ્સો અને રૌદ્રધ્યાન આવ્યું, અને તે મરીને પહેલી નરકમાં ઊતર્યો કે જ્યાં હજારો લાખો કે અસંખ્ય વર્ષો સુધી પરમાધામીઓના હાથે છેદન-ભેદન વગેરે ભયંકર ત્રાસ સહવાના આવ્યા ! **જનાવરના અવતારે અને નરકના અવતારે પણ ધર્મબુદ્ધિ સ્ફુરવાની વાત ક્યાં છે ? કેમકે મનુષ્ય અવતારે ધર્મબુદ્ધિ લાવ્યો નથી.**

નાગદત્ત શેઠ રોતો કકળતો પાછો વળ્યો. પછી એ જ્ઞાની સાધુ પાસે જઈ આ વાત કરી પૂછે છે,- 'પ્રભુ ! મને હવે એ બતાવો કે મારા બાપનો જીવ એ બકરો કપાઈ મરીને હવે એ ક્યાં જન્મ્યો ? જાણું તો ત્યાં જઈ છોડાવી લાવું.'

સાધુ કહે હવે તો ભાઈ ! એ તારો બાપ મરીને એના વેપાર અસત્ય અનીતિ આદિના પાપોથી જ્યાં ગયો છે ત્યાં જવા જેવું નથી. એ પહેલી નરકમાં નારકીના જીવ તરીકે જનમી ગયો છે ! અને એના પર કતલેઆમ ચાલુ છે.

જુઓ, નાગદત્ત શેઠનો બાપ પૂર્વ કર્મનો માર ખાવારૂપે બકરો થઈ કસાઈના હાથે કપાઈ મરવા છતાં નિસ્તાર ક્યાં ? નરકમાં ઉત્પન્ન થયો, ત્યાં હજારો લાખો ક્રોડો કે અસંખ્ય વરસો સુધી કેવી છેદન ભેદન-કુટ્ટન-જ્વલન વગેરેની ઘોરપીડાઓ ? કારણ કપાઈ મરવા છતાં પાપોનો પસ્તાવો નથી. ઊલટું, ઘોર કષાયો અને રૌદ્રધ્યાન છે કે જેના પરિણામે નરકગતિનાં પાપ ઊભા થાય !

**તરંગવતી અને પદ્મદેવ ઉપર કર્મજનિત ન કલ્પેલી આફતો વરસવા માંડી છે.**

તરંગવતી સાધ્વી શેઠાણીને કહી રહી છે કે જ્યાં મારા પ્રિય પદ્મદેવને ચોર મુશ્કેટાટ બાંધી રહ્યો છે તે વખતે તેમને જે દુઃખ ન લાગ્યું તે ચોરે મને ધપાટ મારી ખૂણામાં ધકેલી દીધી ત્યારે દુઃખ લાગ્યું. દુઃખ તો એટલું લાગ્યું કે પોતાને પોતાના મોત કરતાં પણ વધારે દુઃખ લાગ્યું, એવું મને એ કહેતા રહ્યા, અને ચોરે એમને ખીલા સાથે કોરડેથી જકડી દીધા. અન્યોન્યના દુઃખ ઉપર અમે ગમે એટલો વિષાદ કરતા રહ્યા, પણ ત્યાં એમાંથી છોડાવનાર કે આશ્વાસન આપનાર કોણ ? કોઈ જ ન મળે.

**કર્મના મિજાસની સામે માણસનો મિજાજ શો ચાલે ?**

મોટા દેવતાનો મિજાસ કર્મ સામે ચાલતો નથી. દેવતા પણ છેલ્લે છ મહિના આયુષ્ય બાકી રહે ત્યારે એના પર કર્મનો જ મિજાસ ઊતરે છે, અને તેથી જે ગળાની ફૂલની માળા અસંખ્ય વર્ષો સુધી નહિ કરમાનારી, એ કરમાવા માંડે છે ! સાથે વિમાનના રત્નો ઝાંખા પડી ગયા દેખાય છે ! દેવીઓના પ્રેમ ઘટી ગયા દેખાય છે ! પછી ત્યાં દેવતા ગમે એટલા રોદણાં કરે કે હાય હાય કરતો ઝુરતો રહે, એ બધા કર્મોના મિજાસના ખેલમાં કશો ફરક પડતો નથી. એની સામે ચમરબંધી દેવતા પણ શું કરી શકે છે ? કશુ જ નહી...

તરંગવતી આગલ ચલાવે છે કે પેલો નિર્દય ચોર મારા પ્રિયને બાંધીને બીજી પડાલીમાં ગયો, અને સેનાપતિએ મારા પ્રિયનો નોમના દિવસે દેવીને ભોગ આપવાની આજ્ઞા કરેલી, એ પ્રિયનું મોત સાંભળીને હું ત્રાસી ઊઠેલી તે પ્રિયને રોતી રોતી કહું છું કે બાપરે ! શું તમારે આ રીતે કપાઈ મરવાનું ? હાય હાય રે ? શું થશે ? પણ પ્રિય શું બોલી શકે ?

**પદ્મદેવ ચોરને ધનની લાલચ દેખાડે છે :-**

એટલામાં ચોર પાછો આવ્યો, એને મારા પ્રિયે કહ્યું કે

જો હું કોશાંબી નગરના સાર્થવાહનો પુત્ર છું અને આ બાળા પણ મોટા શેઠની પુત્રી છે. તું રત્નો મોતી સુવર્ણ જેટલું ધન ઈચ્છે એટલું અમે તને અપાવા તૈયાર છીએ. તું તારા કોઈ માણસને મોકલ, હું ચિઠ્ઠી લખી આપું. એ માણસ ત્યાં જઈ ચિઠ્ઠી બતાવશે એ પછી ધન લઈને અહીં આવી જાય, પછી અમને છૂટા કરજે.....'

ત્યારે વિચારો, માણસને એટલું બધું અઢળક ધન મળતું હોય તો લલચાય કે નહિ ? પરંતુ અહીં જુદી સ્થિતિ છે. ચોર કહે છે,-

**ચોર લાલચને અવગણે છે :-**

અમારા સેનાપતિ વડે કાત્યાયની દેવીને યજ્ઞમાં હોમવા માટે તમે પશુ તરીકે અર્પિત કરાયેલા છો, એટલે જેમ યજ્ઞમાં પશુનાં અંગ અંગ કાપીને ભોગ અપાય, તેમ તમારો ભોગ આપવાનું નક્કી થઈ ગયું છે. હવે દેવીને જ્વારે વચન અપાઈ ગયું છે, તો જો એ ભોગ ન અપાય તો દેવી રોષાયમાન થઈ જાય ! પછી અમારી શી વલે કરે ? એ કહેવું મુશ્કેલ છે, આ દેવીને તમે ઓળખતા નથી. આ દેવીમાતાની મહેરબાનીથી તો અમારા સઘળાય ઈચ્છિત પૂર્ણ થયા છે, સર્વ કાર્યમાં સિદ્ધિ મળે છે, અને યુદ્ધમાં વિજય મળે છે, તેમ પૈસા અને સર્વ પ્રકારનું સુખ મળે છે. જે દેવીની મહેરબાનીથી આ બધું સિદ્ધ થતું હોય, એને વચન આપ્યા પછી



ભોગ ન આપીને એ દેવીમાતાને રોષાયમાન કરાય ? એ તો જે નક્કી થયું છે, તે જ થવાનું. દેવીને ખુશ કરવાની, દેવીમાતાની એ ખુશી આગળ તમારા હીરા, માણેક, મોતીની કશી કિંમત નથી. માટે તમો છુટવાની આશા જ રાખતા નહીં,- એમ કહીને ચોર ત્યાંથી પાછો ચાલ્યો ગયો.

**તરંગવતીનો કરુણ વિલાપ :-**

**તરંગવતી શેઠાણીને કહે છે,-**

એ વખતે ગૃહિણી ! ચોરના વચન સાંભળી વચનના પરિણામ વિચારીને હું તો ખૂબ રોઈ પડી ! અને પ્રિયના શરીરને દોરડેથી જકડાયેલું મારી નજરે શી રીતે જોઈ શકું ? તેથી હું મારું માથું કૂટવા લાગી, છાતી પીટવા લાગી અને જમીન પર આમતેમ આળોટતી મારા કેશ ખેંચીને પોકાર કરવા લાગી કે હાય હાય ! આ દુષ્ટે પ્રિયને બાંધીને મને કેમ છૂટી રાખી ? પ્રિયને છોડીને મને બાંધે તો મને દુઃખ ન લાગે. શું હું આ સ્વપ્ન જોઈ રહી છું કે સાચું છે ? હે પ્રિય ! તમે મને કેટલી બધી મુસીબતે મળ્યા, તે શું આવી રીતે ઘોર ત્રાસ વેઠતાં તમને હું છુટી રહી જોતી રહું એ માટે મળ્યા ?....' આ અને આવા બીજા કરુણ વિલાપ હું કરતી રહી છું, તેમજ પ્રિયનો બે દિવસમાં જે ભયંકર ઘાત થશે, એના અને પછી જે મારે પ્રિયનો અસહ્ય વિયોગ જોવો પડશે, એના ભારે શોકમાં હું સળગી રહી હતી !! એટલાંમાં ત્યાં કોઈ સુભટોએ ગાયું,-

**હિંમત આપતું ગીત**

**'કોઈ સાહસથી મત બીઓ.**
**સાહસ કરતાં મોતનો સંભવ, અથવા સિદ્ધિનો લાભ લીયો, કોઈ૦ ....૧**
**સાહસ ન કર્યું તો પણ મૃત્યુ, આજ નહીં તો કાલ;**
**પણ સંપત્તિ વિણ જીવનભર, દારિદ્ર દુઃખ વિકરાલ; કોઈ૦ ....૨**
**અગર સાહસ કરતાં સંપત્તિ, આઈ મનગમતી વિશાળ;**
**પ્રિયજનોની સાથે જીવનભર, આનંદ મંગળ માળ..... કોઈ૦....૩**

સાહસથી કોઈ કાર્ય કરવા જતાં કાં વિનાશ આવીને ઊભો રહે અથવા સિદ્ધિ મળે છે. તો પછી સાહસનું કાર્ય કરવું કે નહી ? અગર સાહસ કરો તો સંપત્તિ મળવાનો સંભવ છે, ત્યારે કદાચ સંપત્તિ ન મળી, અને મોત આવ્યુ, તો આમે ય મોત તો આજે નહીં તો કાલે આવવાનું જ છે. પણ સાહસ ન કરવાથી જીવનભર સંપત્તિ વિનાના ગરીબડા નિર્ધન બન્યા રહેવું પડે એ લાંબા ગાળાનું મોટું દુઃખ છે. એટલે જો સાહસ કરીને મનોરથ પૂર્ણ થાય, તો જે લાંબા ગાળાનો આનંદ

મળે છે, એમાં પછી જીવન અંતે ભલેને મૃત્યુ આવે તો પણ એ મૃત્યુ સફળ ગણાય છે, અને જીંદગીમાં સાહસથી ધાર્યા પ્રમાણે સંપત્તિ મળવાથી કશી અફસોસી રહેતી નથી કે 'છતે પુરુષાર્થના અવસર સાહસ ન કર્યું, અને જીવનભરના દુખિયારા ગરીબડા નિર્ધન બન્યા રહ્યા !' માટે વિષમ દશાને પામેલા પણ પુરુષે સાહસનો પુરુષાર્થ કરવો જોઈએ, તો સંભવ છે ધારી સંપત્તિ મળે, અને પ્રિયજનોની સાથે આનંદ મંગળમાં જીવનભર રહી શકાય.....''

આ પ્રમાણે સાંભળીને મારા પ્રિય મને કહે છે, પ્રિયે ! આ સાંભળ આપણે જો સાહસ કર્યું ને ધારી સુખસંપત્તિ ન મળતાં મોત આવ્યું, તો એમાં ખોટું શું થયું છે ? ધારી સુખસંપત્તિ મળી હોત તો તો રાજી રાજી થઈ જાતને ? તો પછી જો આપણાં તેવાં ગુપ્ત કર્મના પ્રભાવે સંપત્તિ ન મળતાં મોત આવ્યું, તો ય રાજી જ રહેવાનું. સાહસ એટલે સાહસ, કાં એકદમ સુખી થાઓ, યા એકાએક ઉડી જાઓ પણ સાહસના અભાવે સંપત્તિ વિના જીવનભર દીર્ઘ કાળ રોતા તો નહિ બેસવાનું, બાકી તો આમાં પ્રિયે ! મુખ્ય તો આપણાં કર્મ જ કામ કરે છે. પૂર્વે કરેલા કર્મથી જે નીપજે છે એમાંથી ભાગી છૂટવાનું શક્ય નથી. કારણ કે

**કર્મનાં નિર્માણ અટળ અફર હોય છે. માણસ ત્યાં પરાધીન છે.** કર્મના પ્રભાવે અનિચ્છાએ પણ જરૂર પડે ઠેઠ જમરાજના દરવાજા દેખવા પડે છે. જોને ચંદ્રમાં અંદર-બહારથી અમૃતમય છે, તો પણ એના પર નિત્યરાહુ અને પર્વરાહુના સંકટ કેવા આવે જ છે ! માટે જો આપણા પર સંકટ આવ્યા, તો તેને આપણાં જ કર્મના વિપાક સમજવાનાં.

**વિચિત્ર વિપાકી કર્મ :-**

કર્મ પણ એવા જ હોય છે કે કોઈ કર્મ ક્ષેત્ર વિપાકી એટલે કે કોઈ અમુક ક્ષેત્ર મળે ત્યાં જ વિપાક પામનારાં, તો અમુક દ્રવ્ય વિપાકી અર્થાત્ અમુક જાતના દ્રવ્યો એટલે કે વસ્તુઓ મળે ત્યારે જ ઉદયમાં આવે. કોઈ વળી એવાં કાળ વિપાકી કે અમુક કાળનું નિમિત્ત પામીને જ ઉદયમાં આવે. એ ગમે તે હોય, પણ **કર્મના ઉદયમાં નિમિત્ત બનનાર બિચારા આ દ્રવ્ય ક્ષેત્ર આદિ ગુનેગાર નથી; ગુનેગાર તો મૂળભૂત કર્મ જ છે.**

માટે સુંદરી ! કાંઈ ખેદ વિલાપ કર નહિ, કે ચોરને દુશ્મન તરીકે દેખ નહિ; એ બિચારો તો નિમિત્તમાત્ર છે અસલમાં આપણા કોઈ એવા પૂર્વનાં કર્મ, એણે જ આપણને ભયંકર સંકટમાં મૂક્યા છે. વિધિના લેખ મિથ્યા થતા નથી કે એને ઓળંઘી શકાતા નથી. વિધિના લેખે સર્જેલું વધાવી જ લેવું પડે છે. પરંતુ જેમ પેલા ગીતમાં સાંભળ્યું તેમ, સાહસ કર્યું છે, તો આફત ટળીને સંપત્તિ મળવાની આશા છે...'



તરંગવતી કહે 'ગૃહિણી ! પ્રિયની આ સમજાવટથી મને આશ્વાસન મળ્યું મારો શોક ઓછો થયો. અહીં જોવા જેવું આ છે કે તરંગવતીને પોતાના પ્રિય પાસેથી અવસરોચિત આશ્વાસન મળતાં, એવા ઘોર કપરા સંયોગમાં પણ શોક હળવો પડે છે. **જગતમાં કલ્યાણ-મિત્રો અને ગુરુઓની આથી જ મોટી કિંમત છે કે એ અવસરોચિત અદ્ભુત આશ્વાસન આપે છે.**

માણસની માથે ગમે તેવી મોટી આફત આવી હોય, તો પણ કલ્યાણ મિત્રના કે ગુરુના બે બોલ ઉપર દુઃખની છાયા ટળી જાય છે ! આનંદની લહેરી આવી જાય છે !....

દઢપ્રહારી ચાર મોટી હત્યા કર્યા પછી ખૂબ નિરાશ થઈ આપઘાત કરવા દોડી રહ્યો હતો. પરંતુ રસ્તામાં સાધુ મળ્યા અને એને આશ્વાસન આપવા સંભળાવે છે કે તું આપઘાતથી મરી શકીશ પરંતુ તારા પાપ નહીં મરે. પાપને મારીને મરીશ તો ન્યાલ થઈ જઈશ, નહીંતર પાપ ઊભા રાખીને મરીશ તો તારા હાલ-બેહાલ થઈ જશે ! એ પાપો ભવાંતરમાં દુર્ગતિના ભયંકર દુઃખો અને નવાં પાપકાર્યોની ફોજ ઉતારશે.

ત્યારે દઢપ્રહારી પૂછે છે કે શું મારા આવા ઘોર પાપ અહીં મરે ખરા ? સાધુ કહે છે 'હાં, એવા તો શું પણ એનાથી ય **ઘોરાતિઘોર પાપ પણ અહિંસા સંયમ અને તપથી મરે છે.**

આ સાંભળીને દઢપ્રહારીનો વિચાર પલટાયો કે 'મરું' એના કરતાં તો જીવતો રહીને આ અહિંસા સંયમ તપ કેમ ના અપનાવું ? અને ખરેખર ત્યાં જ એણે સાધુ પાસે મુનિદીક્ષા લઈ લીધી, અને કામ કાઢી ગયો ! મુનિના બે આશ્વાસન શબ્દોએ કેવુંક ગજબ કામ કર્યું !! હત્યારો ચોર દઢપ્રહારી હવે મહાત્મા દઢપ્રહારી બની ગયો ! તરંગવતીને ભારે નિરાશા આવીને કરુણ કલ્પાંત ઊભા થઈ ગયેલા, તેમાં પેલા સાહસ-ગીતના શબ્દો પદ્મદેવનાં કર્મસિદ્ધાન્તની અટલતા ઉપરના આશ્વાસન-વચનોએ જાદુ કર્યું...

તરંગવતી સાધ્વીજી કહી રહ્યા છે કે 'ગૃહિણી મારા પતિએ મને સુંદર આશ્વાસન આપ્યા પછી હું સ્વસ્થ બની. હવે હું ત્યાં આસપાસમાં જોઉં છું તો બીજા કેદીજનો ત્યાં બંધાયેલા પડ્યા હતા. એમાંના કેટલાક તો પોતાની પૂર્વની જાહોજલાલી યાદ કરીને રોઈ રહ્યા હતા. જીવ પર કર્મની દારુણ સજાઓ ઊતરે છે ત્યાં એ કેવો લાચાર બને છે કે કર્મની સજાઓમાંથી છૂટવા એને કોઈ ઉપાય દેખાતો નથી ! કર્મના ભયંકર ત્રાસ સહન કર્યા વિના એને ચાલતું નથી. એટલે રોવા સિવાય એ બીજું કશું

જ કરી શકતો નથી કે એ કર્મ બાંધેલા હસતે હસતે, અર્થાત્ રાજી થઈ થઈને પાપો આચરીને કર્મ બાંધેલા, તે હવે રોવાનું કરતાં પણ છુટતાં નથી.

**રુક્મિણીએ હસતાં કર્મ બાંધેલ :-**

કૃષ્ણવાસુદેવની પટ્ટરાણી રુક્મિણીને સોળ વરસ પોતાના અતિ પ્રિય રૂપાળા અને હોશિયાર પુત્ર પ્રદ્યુમ્નનો વિયોગ કેમ થયો, તે એને શોકમાં ને શોકમાં સમય કાઢવો પડ્યો ? એનો જવાબ રુક્મિણીને ભગવાન નેમનાથ સ્વામી કહે છે, પૂર્વે રાજાની રાણી તરીકે તું બહાર ગયેલી ત્યાં વિયાયેલી મોરલીનું ઇંડું કંકુવાળા હાથે તેં હાથમાં લીધેલું, તેથી એ ઇંડું લાલ થઈ જતાં તેં એને નીચે મૂકી દીધું. પરંતુ મોરલી ઇંડાને ઓળખી શકી નહિ. એટલે શોકથી બિચારી ઝુરવા લાગી ! એમાં સોળ ઘડી પછી વરસાદ પડ્યો, અને એમાં ઇંડા ઉપરનું કંકુ ધોવાઈ જતાં ઇંડું સફેદ થઈ જવાથી મોરલીએ ઓળખ્યું, એટલે એ સ્વસ્થ રાજી થઈ. આમ સોળ ઘડીના વિયોગથી તેં સોળ વરસના પુત્રવિયોગનું કર્મ બાંધેલું તેથી અહીં પુત્રનો સોળ વરસનો વિયોગ થયો...''એ ખુલાસો કરતા કહ્યું કે

**''હસતા તે બાંધ્યા કર્મ રોતાં તે નવી છૂટે પ્રાણિયાજી.''**

આમ હસી ખીલીને વિષયોના રંગરાગ કે દુષ્કૃતો સેવી બાંધેલા કર્મની ભયંકર સજાઓ લાચારીથી ભોગવવી પડે છે. ત્યાં રોવા સિવાય કોઈ બીજો આરોવારો દેખાતો નથી. એમ કેટલાક કેદીઓ બંધનમાં પડેલા કરુણસ્વરે રોઈ રહ્યા હતા, ત્યારે બીજા વળી આમ રોતા નહીં હોય, પરંતુ અમને જ્યાં ત્યાં લાવવામાં આવ્યા, અને અમારી દુર્દશા કરાયેલી જોઈ, તે જોતાં એય બિચારા રોઈ પડ્યા !

**પલ્લી-કેદી સ્ત્રીનો તરંગવતીને પ્રશ્ન :-**

ત્યાં કેદ પકડાયેલ સ્ત્રીઓ અમને પૂછે છે કે 'તમે અહીં ક્યાંથી આવ્યા ? આ દુષ્ટ ચોરોના હાથમાં શી રીતે તમે ફસાઈ પડ્યા ?

**(ક્રમશઃ)**





# ધર્મથી જ આત્મકલ્યાણ

'ધર્મ હંબક છે, પાપ અને પુણ્ય જેવી ચીજ જગતમાં છે જ નહિ, કર્મ જેવું કંઈ જ નથી વગેરે.' આવું આવું વર્તમાનમાં કેટલાક સારા ઘરના ભણેલા-ગણેલા માણસો માને છે; પણ હમણાં બની રહેલા અકસ્માતના બનાવ જ કહી જાય છે કે જગતમાં ધર્મનું અને પાપ-પુણ્યનું અસ્તિત્વ છે એટલું જ નહિ પણ એ મહત્ત્વનો ભાગ ભજવી રહ્યા છે. પવિત્ર ભારત જેવા દેશમાં અકસ્માતોની પરંપરા વધી ગઈ છે એ આશ્ચર્ય છે. દરરોજ વર્તમાનપત્રમાં નજર કરતાં 'હાવરા બાજુ થયેલ રેલ્વે અકસ્માત...વિમાનને અકસ્માત... ટ્રેઈનને નડેલો અકસ્માત...' આવા આવા કેટલાય સમાચારો વાંચવા મળે છે. ગયા અઠવાડિયાના બુધવારની રાત્રિએ સૌરાષ્ટ્રમાં એક ભયંકર રેલ્વે હોનારત સર્જાઈ ! એમાં વર્તમાન પેપરમાં જણાવ્યા ઉપરાંત વિશેષ માણસોની ખુવારી જાણવા મળે છે. તેમાં જે જાતના કુદરતી રીતે બચી જવાના દાખલા બન્યા તે પુણ્ય-પાપની સાબિતિ માટે વિચારવા જેવા છે. ''અમદાવાદના ડો. એન. એમ. શાહ અને તેમનો પુત્ર મહેન્દ્ર દટાઈ ગયા. જ્યારે તેમનાં પત્ની અને બે બાળકીઓ બચી જવા પામી... ડો. અને તેમના પુત્ર જે જગાએ સૂતા હતા તે જગા પર પહેલાં બીજા વેપારી બેઠેલા. તે જગા બદલી જવાથી બચી ગયા. આજ ટ્રેઈનમાં એક જાન જઈ રહી હતી. તેમાંનું એક બાળક માર્યું ગયું. ફર્સ્ટ કલાસના ડબ્બામાં વરકન્યાનાં મૃતદેહો મળી આવ્યાં. ચાર ભાઈઓમાંનો એક ભાઈનું મોત નીપજ્યું. રાજકોટનું વિશ્વનાથનું આખું કુટુંબ કચરાઈ મર્યું. ફક્ત એક વૃદ્ધ ડોશી હયાત છે. એક શિક્ષક જે ડબ્બામાં બેઠા હતા. ત્યાં ગીરદી વધારે જણાતાં વાંકાનેર સ્ટેશને આ ડબ્બો બદલીને એન્જીનની બાજુના ડબ્બામાં બેઠા, અને પૂર્વના ડબ્બાના ભાંગીને ભુક્કા થઈ ગયા. રેલ્વેના ભારે વજનના ભંગાણને એક કલાક બાદ ખસેડતાં એક નવ માસનું બાળક જીવતું મળી આવ્યું હતું. વળી એક કુટુંબ રેલ્વેના ડબ્બામાંથી બહાર ફેંકાયું, સાધારણ ઈજા થઈ. પછી કળ વળી એટલામાં જ સર્પ તેમના પગ પરથી પસાર થયો અને જરાય નુકસાન થયું નહિ. વળી કેટલાક એક જ ડબ્બામાં બેઠેલા હોવા છતાં જીવતા જ

રહ્યા...'' આવી આવી તો કેટલીય વિચિત્ર ઘટનાઓ બનવા પામી છે. આ વિષે વિચાર કરીશું તો જણાશે કે આની પાછળ કોઈ એવું ગુપ્ત તત્ત્વ કામ કરી રહ્યું છે; એ છે **પાપ અને પુણ્ય, એ છે ભવિતવ્યતા !** એવું કંઈ ન હોત તો ભંગાણમાં પડેલું નાનું બાળક જીવતું રહેત ખરું ? તો શું પેલો સર્પ પગ પરથી પસાર થવા છતાં મૃત્યુ ન થાત ? આ વસ્તુ શું સૂચવે છે ? એજ કે પૂર્વ જીવનમાં કરેલા સુકૃતનાં પુણ્યે રક્ષણ આપ્યું. જેને એથી ઊલટું દુષ્કૃતવશ પાપ હતું તેના ઘાત થયા, અથવા કઠોર ઈજા થઈ.

આ પરથી નવા જમાનાના જડવાદ, ધર્મ-અરુચિ વગેરે પાપોમાં ન ફસાતાં ધર્મશ્રદ્ધા વધારી ધર્મસુકૃતોમાં લાગી જવા જેવું છે. છાશવારે ને છાશવારે બનતા બનાવો સૂચવી રહ્યા છે કે વિશ્વમાં પાપ વધી રહ્યું છે. આવું દેખ્યા પછી સુજ્ઞ પુરુષો માટે ધર્મમાં વિશેષ પ્રયત્ન કર્તવ્ય બને છે. ધર્મથી જ આ લોકમાં અને પરલોકમાં આત્માનું મહાકલ્યાણ સર્જાય.

X

## -: નિર્ગ્રંથપ્રવચનની વિશેષતા :-

'આ નિર્ગ્રંથપ્રવચન કેવલ પરિપૂર્ણ છે, નિર્વાણનો માર્ગ છે, ઉત્તમ ધ્યાનનો માર્ગ છે, મુક્તિનો માર્ગ છે, શલ્યોને દૂર કરનાર છે, દુઃખને દૂર કરનાર છે, પરમ શાંતિને પ્રાપ્ત કરવાનો એ નિઃસંદેહ એક અને અજોડ માર્ગ છે.' આ શાસ્ત્રવાક્ય જો ઊંડો વિચાર કરવામાં આવે તો તે અક્ષરશઃ સત્ય છે એમ જણાયા વિના રહેતું નથી.

જીવનું સ્વરૂપ એ વિષય પર વિચાર કરીએ તો તરત જ માલૂમ પડશે કે વિશ્વમાં એક જ એવું દર્શન છે, જે એમ કહે છે કે આ શરીરમાં નખથી શિખા પર્યંતવ્યાપેલું ચૈતન્ય જે સર્વ જીવો અનુભવે છે તે જ પરિપૂર્ણ આનંદરૂપ શાંતિનું અને સુખનું ધામ છે. અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે બીજા દર્શનો પણ સચ્ચિદાનંદ બ્રહ્મને માને છે તેનું શું ? તો જવાબ એમ છે કે આ વસ્તુ ઉપરથી દેખાય છે તેમ સમજવી સહેલી નથી. બ્રહ્મને માનનાર અદ્વૈતવાદીઓ જીવને ભ્રાંતિનું ફળ માને છે અને જીવત્વનો નાશ થાય ત્યારે મોક્ષ માને છે. શુદ્ધાદ્વૈતી વલ્લભમત, બીજા વૈષ્ણવમતો અને અરવિંદ ઘોષનો અર્વાચીન મત જીવને બહારનું ઈશ્વરી તત્ત્વ



સહાય કરે ત્યારે મોક્ષ મળે છે એમ સ્વીકારે છે. આનંદનું સ્થાન અંતરાત્મામાં કોઈ બાહ્ય તત્ત્વના અવતારને કારણે છે એમ તેઓનું માનવું છે. સાંખ્ય, વૈશેષિક અને ન્યાય મત પ્રમાણે આત્મામાં આનંદગુણ પણ સ્વભાવિકપણે હોતો નથી ! ન્યાય અને વૈશેષિક દર્શનો તો આત્માને જડ માનતાં પણ અચકાયાં નથી. આમ જીવના સ્વરૂપનું નિરૂપણ જે નિર્ગ્રંથ પ્રવચનમાં છે તે અન્ય પ્રવચનમાં નથી. આ નિરૂપણ યોગીઓના સ્વાનુભવ, તાર્કિકોની અખંડ યુક્તિ અને દાર્શનિકોએ નિહાળેલ અબાધિત વસ્તુત્ત્વ દ્વારા કસવામાં આવેલું છે, એ સર્વજ્ઞભાષિત નિરૂપણ હોવાથી ત્રિકાલાબાધ સત્ય ઠરે એમાં આશ્ચર્ય પણ શું છે ?

જૈનદર્શનના નિરૂપણમાં બીજી વિશેષતા છે. તેનો કર્મવાદ. આ કર્મવિચારનું તો એક સંપૂર્ણ વિજ્ઞાન છે. કર્મોના પ્રકારની ગણના તેમજ તેમની અવસ્થાઓનું તેમાં સવિસ્તરણ વર્ણન છે એટલું જ બસ નથી. કર્મનું સ્વરૂપનિરૂપણ જ અનન્ય છે. કર્મો પુદ્‌ગલરૂપ એટલે ભૌતિકપદાર્થનાં બનેલ છે અર્થાત્ સ્થૂલ જડતત્ત્વની સાથે તેઓ સજાતીય છે. બધાં દર્શનો દૃષ્ટની પશ્ચાદ્‌ભૂમિકામાં અદૃષ્ટ અથવા કર્મ માને છે, પણ જૈન મતે તો કાર્મણશરીર સહિત હોય ત્યારે જ જીવ સંસારમાં ભ્રમણ કરે છે. અત્રે કર્મની પ્રકૃતિઓ અને તેના બંધક કારણોનો જ આપણે વિચાર કરીશું.

આ કર્મવ્યવસ્થા એજ એક દૃષ્ટિએ ધર્મવ્યવસ્થાનું નિયામક તત્ત્વ છે. જે કર્મશાસ્ત્રને જાણે છે, તે જીવ અને અજીવને વિવેકપૂર્વક જાણે છે, અને જે જીવ અને અજીવને ભિન્ન જાણે છે તે સમસ્ત જિનશાસનને જાણે છે. કર્મોની મુખ્ય પ્રકૃતિ અથવા મૂળ પ્રકારો આઠ છે. પહેલું જ્ઞાનાવરણીય કર્મ જીવના અનંત કેવળજ્ઞાનને આચ્છાદિત કરે છે એટલું જ નહિ પણ મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યાય જ્ઞાનને પણ આ કર્મ પોતાના રસના સામર્થ્ય પ્રમાણે આચ્છાદે છે. બીજું દર્શનાવરણીય કર્મ જ્ઞાન થવા પહેલાના ચૈતન્ય વ્યાપારથી થનારી પૂર્વની સામાન્ય-બોધની અવસ્થાને આવરે છે. વેદનીય કર્મ શાતા-અશાતા અથવા સુખ-દુઃખની વેદના ઉત્પન્ન કરે છે. મોહનીય કર્મ તો મદિરા જેવું કામ કરે છે. જીવને એને કારણે અહિતકર વસ્તુ હિતકર દેખાય છે. અનિત્ય વસ્તુઓ તેને નિત્ય ભાસે છે, અપવિત્ર વસ્તુઓ તેને પવિત્ર ભાસે છે અને અનાત્મરૂપ વસ્તુઓ તેને આત્મરૂપ ભાસે છે. આમ મોહનીય કર્મ દ્વારા જીવ મૂઢ બને છે, નિદ્રિત બને છે, મિથ્યાસંતુષ્ટ બને છે. પછીનાં ત્રણ કર્મો આયુષ્ય કર્મ, નામકર્મ અને ગોત્રકર્મ તેમજ આગળ

જણાવેલું વેદનીય કર્મ એ ચાર કર્મો અઘાતીકર્મ કહેવાય છે કારણ કે તેઓનું અસ્તિત્વ આત્માના મુખ્ય ગુણોનો ઘાત કરવા સમર્થ નથી. આયુષ્યકર્મ વડે જીવ ચારે પ્રકારે આયુષ્ય બાંધે છે. માનવનું આયુષ્ય, દેવનું આયુષ્ય, તિર્યંચ અથવા માનવેતર જંતુપણે આયુષ્ય તેમજ નારક તરીકેનું આયુષ્ય. નામકર્મ શરીર સાથે મળતી પ્રાકૃતિક સ્થૂલ ઈંદ્રિયો સંબંધોની શુભ કે અશુભ સામગ્રી આપે છે. ગોત્ર કર્મ જે યોનિમાં જન્મ્યા હોઈએ ત્યાંની ઉત્કૃષ્ટતા કે હીનતા અપાવે છે. અંતરાય કર્મ, દાન, લાભ, પરાક્રમ અને ભોગોપભોગમાં વિઘ્ન ઊભાં કરે છે.

હવે આ કર્મોની પ્રકૃતિ બંધાવાનાં કારણરૂપ આશ્રવોનો વિચાર કરીએ. જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયનો દ્વેષ, ગુરુની યોગ્ય પ્રશંસા ઓળવવી, જ્ઞાનજ્ઞાનીનાં ઈર્ષ્યા, અંતરાય અને વિનાશ, એ જ્ઞાનાવરણના તેમજ દર્શનાવરણના આશ્રવનાં કારણ છે. દેવ, શ્રુત, ધર્મ અને સંઘનો અવર્ણ બોલવો તે દર્શનમોહ (મોહનીય)નું કારણ છે. પ્રાણીદયા, વ્રતીદયા, દાન, સરાગ સંયમ, દેશવિરતિપણું, સત્ક્રિયારૂપ યોગ, ક્ષમા અને પવિત્રતા એ શાતાવેદનીયનાં કારણ છે, જે પુણ્યરૂપ છે. કષાયના ઉદયથી થતાં સંક્લિષ્ટ આત્મપરિણામ એ ચારિત્ર્યમોહનાં કારણ છે. બહુ આરંભ (હિંસામય પાપો) અને બહુ પરિગ્રહ તે નરકાયુષ્યનાં કારણ છે. કપટ એ તિર્યંચ-આયુષ્યનું કારણ છે. અલ્પારંભ, અલ્પપરિગ્રહ, સ્વાભાવિક નમ્રતા અને સરળતા તે મનુષ્યાયુષ્યના આશ્રવરૂપ છે. મનવચનકાયાની કુટિલતા, અને (સન્માર્ગનું તેમજ શીલનું) વિસંવાદન-અન્યથાનિરૂપણ એ અશુભ નામકર્મનાં કારણ છે. સરલ અને અવિસંવાદી યોગ એ શુભનામકર્મના હેતુ છે. ઉત્કૃષ્ટ દર્શનવિશુદ્ધિ, વિનયસંપન્નતા, વૈરાગ્ય, યથાશક્તિ દાન અને તપ, તેમજ દેવગુરુધર્મનું વાત્સલ્ય તે તીર્થંકરનામકર્મનાં કારણ છે, તેમજ પરગુણપ્રશંસા અને સ્વદોષનિંદા એ ઉચ્ચ ગોત્રનાં કારણ છે. અન્યને વિઘ્ન કરવું તે અંતરાયનું કારણ છે. આ ઉમાસ્વાતિ જેવા પ્રખર સંગ્રહકારનો મત છે. એટલે દાન એ નિઃશંકપણે પુણ્યબંધનું કારણ છે, તેમજ જિનપૂજન પણ નિઃશંકપણે તીર્થંકરનામ ગોત્રનું કારણ છે. આ વર્ણન પર વિચાર કરવાથી પુણ્યબંધ કોને કહેવો અને પાપબંધ કોને કહેવો તે બરાબર સમજાય છે. પ્રકૃતિઓમાં શાતાવેદનીય, સમ્યક્ત્વમોહનીય, (હાસ્ય, રતિ, પુરુષવેદ) ઉચ્ચગોત્ર, શુભનામ કર્મ અને નરકવર્જિત આયુષ્ય એ પુણ્ય પ્રકૃતિઓ છે.

એક ખંડિત સત્ય પર પોતાની નજર બાંધીને તેને સત્ય કહી દેવાની માનવીની નિર્બળતા સુપ્રસિદ્ધ છે. જૈન દર્શનમાં જ્ઞાનમાત્રની સિદ્ધિ સ્યાદ્વાદ અથવા અનેકાન્ત



વડે કરવામાં આવે છે તેથી એકાંગી પક્ષસ્વીકારનો દોષ-સર્વથા નાબૂદ થાય છે. આ વિશેષતાને કારણે નિઃશંક રીતે ગાઈ શકાય છે કે

**'જિનવરમાં સઘળાં દર્શન છે, દર્શને જિનવર ભજના રે,**
**સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજના રે.'**

વળી કેટલાક લોકોને જૈન પરંપરાની પ્રાચીનતાના વિષયમાં ઘણી શંકા રહે છે. તેમને તો એટલું કહેવું બસ થશે કે આચારાંગ જેવા જૈન ગ્રંથનો અભ્યાસ કરો. આ લેખકનો એવો ખૂબ અનુભવ છે કે ઋગ્વેદના અર્થો પર પ્રકાશ પાડવા માટેનું આચારાંગ એક પ્રબળ સાધને છે. અહીં આ બાબતમાં ફક્ત એક દૃષ્ટાન્ત આપીને આપણે સંતોષ માનવો પડશે. વેદમાં એક વરુણની સ્તુતિ આ પ્રમાણે છે.

**'परा हिमेविमन्यवः पतन्तिवस्य इष्टये वयोनः वसतिरुप ॥'**

(હે વરુણદેવ, જેમ પક્ષીઓ પોતાના માળા તરફ એકઠાં થાય છે, તેમ મારી ઊર્મિઓ, ઉત્તમ જીવનની પ્રાપ્તિને માટે (તારી તરફ) કેન્દ્રિત થાય છે.)

અહીં **वस्य ईष्टये** માં રહેલ પહેલો શબ્દ મતભેદના વિષય છે. સાયણાચાર્ય કહે છે કે **'वस्तु'** ની પ્રાપ્તિ એટલે ઉત્તમ જીવનની પ્રાપ્તિ. પશ્ચિમના જર્મન વિદ્વાનો, જેમાં 'રોથ' નામનો વિદ્વાન સાયણાચાર્યનો ખાસ વિરોધી રહે છે, તેઓ કહે છે કે વસુ એટલે ધન, સ્ત્રીધન, પશુધન કે સોનું રૂપું. અહીં આચારાંગ સાયણાચાર્યનો પક્ષ નિઃશંક સિદ્ધ કરી આપે છે. આ અંગમાં મુનિને વસુમં (=વસુમાન્) કહ્યો છે. હવે નિર્ગ્રંથ મુનિ પાસે ઉત્તમ જીવન સિવાય બીજું કયું ધન રહે છે ? આમ બ્રાહ્મણધર્મના આ પ્રાચીન ગ્રંથ સાથેનો તેની ભાષાનો સંબંધ અનેક પ્રકારે છે અને તેનો લાભ વિદ્વાનો અને ઈતિહાસકારો ધારે તેટલો લઈ શકે છે, આપણે તો માત્ર પવિત્ર નિર્ગ્રંથ પ્રવચનની પ્રાચીનતાને લક્ષમાં લેવા આ એક મુદ્દો રજૂ કર્યો. આ રસિક વિષયને વિસ્તારભયથી અહીં જ વિરમાવીએ છીએ.

જૈનદર્શનમાં જે વસ્તુઓ તરત જ કે અનુક્રમે અહિંસા તપ અને સંયમને જન્માવે તે વસ્તુઓ ઉપાદેય છે, અને બાકીની વસ્તુઓ ગમે તેવી ચમકતી કેમ ન હોય તે હેય છે. જૈનના પ્રવચનમાં તો સાદ્યંત અહિંસાતપ અને સંયમ છે. હિંસા, વિલાસ અને શૈથિલ્ય તેને મતે અધર્મ છે. આમ દર્શનની સાથે જૈનમતમાં આચાર તેને નિત્યસહચારી તરીકે ઊભો જ હોય છે. આવશ્યક નિર્યુક્તિ કહે છે કે-

**'संसारसागराओ उब्बुड्डो मा पुणो निबुड्डिज्जा ।**
**चरणगुणविप्पहीणो बुड्डइ सुबहुं पि जाणंतो ।'**

(સંસાર સાગરમાંથી ઊંચે આવેલ જીવે ફરીને નીચે બૂડવું જોઈએ નહિ. ચારિત્ર્યના ગુણ વગરનો માણસ ઘણું બધું જાણવા છતાં પણ બૂડે છે !)

કર્મોની અવસ્થાઓના વિષયમાં, ગુણસ્થાનોના વિષયમાં, નયનિક્ષેપના વિષયમાં, અન્યદર્શન સાથેના મતભેદ તેમજ આક્ષેપ પરિહાર વિષયમાં ઘણું કહી શકાય. ટૂંકમાં અમૃતની તૃષાવાળો કોઈપણ જીવનનો સંશોધક જિનપ્રવચનની ઉપેક્ષા કરી શકે નહિ. એટલું કહી અત્રે કવિશ્રી રાયચંદભાઈની એક કડી ટાંકી વિરમીશું.

**'અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,**
**અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;**
**સકળ જગત હિતકારિણી, હારિણી મોહ,**
**તારિણી ભવાબ્ધિ મોહચારિણી પ્રમાણી છે;**
**ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,**
**આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે;**
**અહોરાજ ચંદ્ર ! બાલ ખ્યાલ નથી પામતા એ,**
**જિનેશ્વરતણી વાણી જાણી તેણે જાણી છે.'**

(- **'જૈનયુગ'ના સૌજન્યથી**)





## ગુણસમ્પન્ન સૂરિવરજી

**-પૂ.પં.શ્રી શીલચંદ્રવિજય ગણિ મ.**

પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજીનો મને પ્રત્યક્ષ પરિચય નથી થયો. એકાદ-બે વખત અલપ-ઝલપ દર્શન અવશ્ય થયાં છે. એક પ્રસંગનું દૃશ્ય બરાબર યાદ છે. વિ.સં. ૨૦૨૪નું પ્રાયઃ વર્ષ સ્વ. આ.દેવ અમદાવાદમાં અને અમારા પરમ કૃપાળુ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીવિજયનંદ સૂરીશ્વરજી મહારાજના પ.પૂ.આ. દેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. કાળધર્મ પામ્યા. અમદાવાદના તે વખતના પરંપરાગત શિરસ્તા પ્રમાણે કાલુપુર જ્ઞાનમંદિરના ઉપાશ્રયથી દેરક ઉપાશ્રયે દેવવંદન માટેના સમાચાર ગયા. પૂજ્યશ્રી વિજયનંદ સૂરીશ્વરજી મ. સ્વયં જ્ઞાનમંદિરે દેવવંદનમાં પધારતા તેઓશ્રીની નિશ્રામાં જ દેવવંદનની ક્રિયા થઈ. દેવવંદન પત્યા પછી સ્વર્ગીય મહાત્માના ગુણગાનનો અવસર આવતાં સ્વ.આ.દેવ (તે વખતે પંન્યાશ્રી) ભાંગી પડ્યા અને કરુણ આક્રંદ સાથે તેમનું મસ્તક પૂજ્યશ્રી વિજયનંદસૂરીશ્વરજીના તરફ ઢળી પડ્યું. પૂજ્યશ્રીએ પણ અત્યંત આર્દ્ર અને વત્સલ સ્વરે તેમના મસ્તકે હાથ ફેરવતાં-ફેરવતાં તેમને ખૂબ આશ્વાસન આપ્યું, એટલું જ નહિ પરંતુ તેમણે ચોત્રીસ-ચોત્રીસ વર્ષ સુધી કરેલી એકધારી ગુરુભક્તિને શ્રી વીરપ્રભુની શ્રી ગૌતમગુરુએ કરેલી સેવાની આછી ઝાંખી જેવી ગણાવી અને ગુરુગૌતમને પણ અંત સમયે જ પરમાત્માનો વિરહ પડેલો તે રીતે આ ગુરુવિરહ પડ્યો હોવાનું સમજાવી આશ્વસ્ત કરેલા. તેમનો પોતાના ગુરુ પ્રત્યેનો અવિહડ રાગ આ દૃશ્યમાં તાદૃશ્ય થતો જોયેલો.

સ્વર્ગસ્થ આચાર્યદેવશ્રી સાથે વિશેષ પ્રત્યક્ષ પરિચય ન હોવા છતાં વિ.સં. ૨૦૪૨ના પટ્ટકના તથા વિ.સં. ૨૦૪૪ના મુનિ સમ્મેલનના પ્રસંગોમાં તેઓશ્રીના પરોક્ષ પરિચયમાં આવવાનું વારંવાર બનેલું તે ઉપરથી તેઓશ્રીની સમયજ્ઞતા તથા શાસન માટેની દાઝ વગેરેનો પરિચય પ્રાપ્ત થયેલો.

સં. ૨૦૪૯નું અમારું ચાતુર્માસ અમદાવાદ નક્કી થયું ત્યારે મનમાં હતું કે આ વખતે તેઓશ્રી પણ સપરિવાર અમદાવાદ છે તો લાભ મળશે. પરંતુ તેઓશ્રી એકાએક ચાલ્યા ગયા તે સૌ કોઈને આંચકો આપનારો બનાવ બની ગયો. શ્રી સંઘની સધાયેલી એકતા સદૈવ ટકી રહે તે માટે તેઓશ્રી વિશેષ જાગૃત તથા ચિંતિત હતા, તેમ તેઓશ્રીની નિકટનાં વર્તુળોથી જાણ્યું ત્યારે તેમના માટે આદર વધી ગયો હતો.

તેઓશ્રીના ગુણસમ્પન્ન આત્માને કોટિ કોટિ વંદના...